શ્રી વર્ધમાનદેશના



શ્રી
વર્ધમાન દેશના

[ભાષાન્તર]

: મૂળ લેખક :

શ્રી રાજકીર્તિગણિ

ભાષાન્તરકર્તા

મુનિ વિશાલવિજય

: પ્રકાશક :

જસવંતલાલ ગીરધરલાલ શાહ

૧૨૩૮, રૂપાસુરચંદની પોળ

અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન
જસવંતલાલ ગીરધરલાલ શાહ
ઠે. ૧૨૩૮, રૂપાસુરચંદની પોળ,
અમદાવાદ
શ્રી મેઘરાજ જૈનપુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ, કીકાસ્ટ્રીટ **મુંબઈ ૨**

આવૃત્તિ ૧લી
કિંમત ૪-૮-૦
ઇ. સ. ૧૯૫૫

વિ. સં. ૨૦૧૧ વી. સં. ૨૪૮૧
પ્રત ૧૦૦૦ મહા સુદ ૫

મુદ્રક :
શાહ મણીલાલ છગનલાલ
ધી નવપ્રભાત પ્રીં. પ્રેસ
ઘીકાંટારોડ, નોવેલ્ટી સીનેમા
પાસે, અમદાવાદ.

તપોગચ્છાધિપતિ શાસનસમ્રાટ સૂરિચક્ર ચક્રવર્તિ સર્વતંત્ર
સ્વતંત્ર અનેક મહાતીર્થોદ્ધારક પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ



આચાર્ય મહારાજાધિરાજ
શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

બે બોલ

અમો વીર સંવત ૨૪૮૦નું ચોમાસું મુંબઈ પાયધૂની શ્રી નમિનાથ જૈન ઉપાશ્રયમાં પૂજ્ય પંન્યાસ પ્રખરવક્તા ધૂરંધરવિજયજી ગણિવર્યની નિશ્રામાં રહ્યા હતા. પૂનિત પર્વાધિરાજ પર્યુષણાએ માનભેર વિદાય લીધી હતી. ત્યાર-બાદ અમો "માટુંગા" કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ઉપાશ્રયમાં કે જ્યાં પૂજ્ય પંન્યાસ પ્રવર સમર્થ વ્યાખ્યાનકાર યશોભદ્રવિજયજી ગણિવર્ય ચાતુર્માસ વિરાજમાન હતા. ત્યાં આવ્યા.

અમો એક રાત્રિએ ધર્મચર્ચા કરતાં બેઠા હતા. એ અવસરે મુંબઈના જાણીતા બુકસેલર કુંવરજીભાઈ હીરજી છેડા (મેઘરાજ પુસ્તક ભંડાર) એ જૈન સાહિત્યના કથાનક વિષ-યના કેટલાક ગ્રંથોની વાતચીત કરી. અંતે તેઓ બોલ્યા કે મેં ઘણા ગ્રન્થો વાંચ્યા, પરંતુ આજથી ૪૦ વર્ષ પહેલાં એક પુસ્તક વાંચ્યું હતું. જેનું નામ "વર્ધમાન દેશના ભાષાંતર" છે. તે પુસ્તકનું નામ સાંભળતાં મને ફરી વાંચ-વાનું મન થઈ જાય છે, કારણ કે તે મને બહુ ગમી ગયું છે.

પૂર્વે જે વાંચ્યું હતું તે ફક્ત બાળક બુદ્ધિથી જ વાંચેલું. હાલ મને બહુ ઈચ્છા થાય છે કે હું તે પુસ્તક ફરીથી વાંચું. પરંતુ હાલ તે અલભ્ય છે.

આ ગ્રન્થ મૂળ સંસ્કૃત તથા માગધી છે. તે પણ હાલ દુષ્પ્રાપ્ય છે. એ પુસ્તક જેમ રસિક અને આશ્ચર્યકારી છે તેમ બોધક પણ છે. અગર આપ આ ગ્રંથનું સરળ ભાષાંતર કરો તો તે સમગ્ર સંઘને મહા ઉપયોગી થઈ પડશે.

મેં તેમને સંતોષકારક જવાબ આપ્યો, અને સહું વિસર્જન થયા. મેં બીજે દિવસે જ એ ગ્રંથ મંગાવી વાંચવો શરૂ કર્યો. બે એક પત્ર વાંચ્યા પછી એવો રસ પડયો કે પાના હાથમાંથી મૂકવાનું મન ન થયું. થોડીવાર પછી પૃષ્ટ પર નજર નાખી ત્યારે ખબર પડી કે મેં બહુ પત્રો વાંચી કાઢયા છે. આ ગ્રંથમાં તરણતારણ પરમપાવન ચરમ તીર્થપતિ શ્રી વર્ધ્ધમાન સ્વામી ભગવંતે આપેલી દેશનાઓ પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી ભગવંતે ચરમકેવળી શ્રી જમ્બૂસ્વામી ભગવંતની આગળ સવિસ્તાર વર્ણવી છે. આમાં આણંદ–કામદેવ આદિ શ્રાવકોની રિદ્ધિ–સિદ્ધિ–ભક્તિ–ભાવ–શુદ્ધશ્રદ્ધા અને મિથ્યાત્વી દેવોના ઉપદ્રવો વગેરેનું વર્ણન આવે છે. ગ્રંથ વાંચ્યા પછી આ ગ્રંથનું ભાષાંતર મારાથી બની શકશે એવી મને ખાત્રી થઈ ત્યારે મેં પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આબાલબ્રહ્મચારી સર્વતંત્ર સ્વતન્ત્ર સૂરિચક્રચક્રવર્તી જગદ્‌ગુરૂ શાસનસમ્રાટ્ તપગચ્છાધિપતિ ભટ્ટારકાચાર્ય શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો પટ્ટાલંકાર બાલ બ્રહ્મચારી કવિરત્ન પીયૂષપાણિ ભટ્ટારકાચાર્ય શ્રીમદ્વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબની સમક્ષ આ વાત મૂકી અને ભાષાંતર કરવાની અનુજ્ઞા આપી. ત્યારે પર-

મકૃપાળુ પરમ ગુરૂદેવ શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબે મારા ઉપર અસીમ કૃપા કરી મને ઉદાર હૈયે અનુમતિ આપી. કૃતાર્થ કર્યો. ત્યારપછી મેં પરમપૂજ્ય પ્રખર વક્તા દ્રવ્યાનુયોગજ્ઞાતા પંન્યાસ પ્રવર શ્રી ધુરંધરવિજયજી ગણિવર્યને આ હકીકતનું નિવેદન કર્યું તેઓએ પણ મને અનેરો ઉત્સાહ આપ્યો.

પૂજ્ય પંન્યાસ ધુરંધરવિજયજી મહારાજ સાહેબ હરહંમેશ પૂરતી સૂચના કરતા રહેતા અને આ ગ્રંથ કેમ સારો અને આકર્ષક લખાય તેની પૂરતી કાળજી પૂર્વક પ્રેરણા આપતા હતા. આથી પૂજ્ય આચાર્યદેવનો તથા પૂજ્ય પંન્યાસજી મહારાજનો ઉપકાર કદીયે ભૂલાય તેવો નથી.

પછી તો આ ગ્રંથનું ભાષાંતર શરૂ કર્યું અને શાસનદેવની કૃપાએ તે સંપૂર્ણ થઈ આપના કરકમલમાં આવ્યું. આ પુસ્તકમાંથી આપણે એ બોધ લેવાનો છે કે ભગવંતના આણંદ આદિ શ્રાવકો પાસે અઢળક સંપત્તિ હતી. છતાં તેઓ લક્ષ્મીના **દાસ** નહોતા બન્યા, પરંતુ લક્ષ્મીને પોતાની **દાસી** બનાવી હતી. વિચારો કે ભગવંતના ઘણા શ્રાવકો હતા છતાં **આગમમાં** આ દશ શ્રાવકોનાજ અધિકાર કેમ આવે છે? જવાબ સ્પષ્ટ છે કે એમના આચરણો આપણા જીવનમાં ઉતારવાની જરૂર છે. સાતમું ઉપાસક દશાંગ નામનું અંગ સૂત્ર છે. તેમાં આ દશે શ્રાવકોના સવિસ્તારે અધિકાર છે. શ્રી સંઘ આ પુસ્તકને વાંચી બોધ ગ્રહણ કરી અમલમાં મૂકશે. એજ શુભેચ્છા.

પુસ્તક પ્રકાશન કરવામાં શુદ્ધિ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. છતાં આ મારો પ્રથમ પ્રયાસ છે. કોઈ જગ્યાએ મતિદોષ, પ્રમાદવશ કે ભ્રમણાથી શ્રી જિનાગમ વિરૂદ્ધ લખાણું હોય તથા કોઈપણ કારણે સ્ખલના રહી જવા પામી હોય એ બદલ ત્રિકરણ યોગે ક્ષમા યાચી વિરમું છું.

લી.

વિશાલ વિજયના ધર્મલાભ.

શાસનસમ્રાટ સૂરિચક્ર ચક્રવર્તિ સર્વ તંત્ર સ્વતંત્ર બાલ
બ્રહ્મચારી આચાર્ય મહારાજ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી
મહારાજ સાહેબના પટ્ટધર



શાસ્ત્રવિશારદ કવિરત્ન પીયૂષપાણિ આચાર્ય મહારાજ
શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ

પ્રસ્તાવના

માનવી જેટલા પ્રમાણમાં મુક્તિને ચાહે છે તેટલા પ્રમાણમાં તે માર્ગે ચાલી શકતો નથી. માનવી જો સત્યમાર્ગે ચાલે તો જરૂર તે મુક્ત બની શકે છે. શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ મુક્તિના માર્ગો બતાવ્યા છે.

મનુષ્ય જ્યારે માંદો પડે છે ત્યારે ડૉકટર અથવા વૈદ્યની મુલાકાત લે છે. તેવી જ રીતે, મનુષ્યે પોતાનું જીવન ઉન્નત અને કલ્યાણકારી બનાવવા માટે જ્ઞાની સાધુ–પુરૂષોનો સમાગમ–સહવાસ કરવો જોઈએ.

આજે ચારે બાજુ સુધારણાની વાતો બહુ થાય છે. કયાંક શિક્ષણની તો કયાંક સુઘડતાની બાબતમાં, પરંતુ આ બધામાં સૌથી પ્રથમ પોતાના જીવનની સુધારણા કરવાની જરૂર છે. અને જીવનની સાચી સુધારણા તરણતારણ પરમપાવન શ્રી વીતરાગ દેવના સાહિત્યના શ્રવણ કે વાંચન વિના ન થઈ શકે એ બીનાને લક્ષ્યમાં રાખી. પ. પૂ. વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણિના શિષ્ય પ. પૂ. શ્રી રાજકીર્તિગણિની રચેલી ગદ્યબદ્ધ વર્ધમાનદેશનાનો મુનિરાજ શ્રી વિશાળવિજયજીએ સરળ ભાષામાં સુંદર અનુવાદ કર્યો છે. તે પ્રશંસનીય છે.

વર્ધમાનદેશના એટલે ચરમતીર્થાધિપતિ શાસન નાયક ભગવંત શ્રી મહાવીરના ધર્મોપદેશનો સંગ્રહગ્રંથ. આ ગ્રંથમાં ભગવંત મહાવીર દેવે આણંદ કામદેવ આદિ દશે શ્રાવકોને ધર્મોપદેશ આપી વ્રતધારી બનાવ્યાનો ઉલ્લેખ છે. તે સાથે બાર વ્રતો પર બોધદાયક રસિક કથાઓ પણ છે.

ભગવંત મહાવીરને થયા આજે લગભગ ૨૫૦૦ વર્ષ ગયાં છે, છતાં તેમનું જીવન, તેમનું જ્ઞાન આજે પણ આપણને મુક્તિનો માર્ગ બતાવે છે.

મહાપુરૂષોનું જીવન પણ પર્વત પરથી વહેતા મોટા જળપ્રવાહ જેવું હોય છે. જેવી રીતે જળપ્રવાહ મોટા પથ્થરો તોડીને પણ પોતાનો રસ્તો કાઢે છે તેવી જ રીતે ભગવંત શ્રી મહાવીરદેવનું જીવન પણ અજ્ઞાનરૂપી અંધકારના પર્વતોને તોડી નાખે છે. અને ઉપદેશ રૂપી જ્ઞાનના કિરણો વડે ભૂલેલા માનવીઓને માર્ગદર્શન આપે છે.

એ વખતનો જમાનો ઘણો બરાબ હતો, માનવસમાજ વિવેકને ભૂલી બેઠો હતો. ક્ષત્રિય લોકો વિલાસી બની ગયા હતા. વિલાસ માટે તેઓ જીવતા હતા અને ભયંકર યુદ્ધો કરી શોણિતની સરિતાઓ વહાવતા હતા.

મહારાજ શ્રેણિકે ચેલ્લણા માટે યુદ્ધ કર્યું હતું, કોણિકે રાજ્ય મેળવવા માટે પોતાના પિતાને કેદ કર્યા હતા. અઢાર સરનો હાર અને સેચનક હાથી માટે પોતાના માતામહ (માતાના પિતા) ચેટકરાય સાથે ભયંકર યુદ્ધ પણ કર્યું, જેમાં એક કોડ એંશી લાખ માણસોનો સંહાર થયો હતો.

બીજી બાજુ ધર્મનો ઉપદેશ આપનાર બ્રાહ્મણવર્ગ પોતાનો ધર્મ ભૂલી ચૂકયો હતો. તાપસ વિગેરે ધર્મગુરૂ કહેવાતા હતા. પરંતુ તેમનું આચરણ સત્યધર્મથી વિપરિત હતું. વૈશ્યો પણ ભાન ભૂલી આમ જનતાનું શોષણ અને પાપનું પોષણ કરવામાં મસ્ત બની ગયા હતા. શુદ્રોની દશા તો બહુ જ ખરાબ હતી. આ વિષમતા અને ધર્મના નામે થતું પાખંડ–અધર્મમય આચરણ દૂર કરી વિશ્વ કલ્યાણ કરવા માટે ભગવાન શ્રી વીર–વર્ધમાનસ્વામીએ રાજ્યઋદ્ધિ ત્યાગીને દીક્ષા અંગીકાર કરી. અને સાડા બાર વર્ષ સુધી ઉગ્ર તપ કર્યું.

ઘનઘાતી ચાર કર્મોનો નાશ થતાં ભગવંતને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન થયું અને ભગવંતે દેશના આપી. તીર્થ સ્થાપ્યું. વેદાંતના પારગામી વિશ્વવિખ્યાત પંડિતો તેમના શિષ્યો થયા. ચંદનબાળા અને મૃગાવતી જેવી રાજકુમારી અને રાજરાણીઓ સાધ્વી થઇ. આણંદ અને કામદેવાદિ જેવા શ્રાવકો અને સુલસા–ચેલ્લણા–ચંદનબાળા જેવી પરમશ્રાવિકાઓ થઈ.

અર્થાત્ રાજાથી માંડી રંક સુધી સૌ પ્રભુ મહાવીરના અનુયાયી થયા.

આ પ્રકારે ભગંવત મહાવીરે ભાનભૂલેલી જનતાને મુક્તિનો માર્ગ બતાવ્યો. આજે પણ ભગવાન મહાવીરનું શાસન ચાલી રહ્યું છે.

આજે સૌ કોઈએ વિચારવું ઘટે છે કે **"પોતે વિશ્વવંદ્ય વીતરાગ શ્રી વીર–વર્ધમાન સ્વામીના** તીર્થમાં છે કે નહિ ?

સૌથી પ્રથમ ભગવાન મહાવીરે ઉપદેશ આપતા ફરમાવ્યું કે "મા હણો," અર્થાત્ કોઈની હિંસા કરો નહિ. યાદ રાખો કે તમે કોઈને દુઃખ આપશો તો તમારે પણ પણ દુઃખ ભોગવવું પડશે. તમે કોઈને હણશો તો તમારે પણ હણાવું પડશે આ છે ભગવાન મહાવીરનો ઉપદેશ, જે આજે પણ તેટલો જ મહત્ત્વનો છે.

મોટે ભાગે જોવામાં આવે છે કે લોકો જૈન સિદ્ધાંતોને માત્ર સાંપ્રદાયિક મનોવૃત્તિથી જુએ છે, અને તે સિદ્ધાંતોની ગહનતા અને ઉદારતાની મઝા માણી શકતા નથી. કે ધર્મના સિદ્ધાંતો કેટલા વ્યાપક અને સારગ્રાહી છે એ જાણવાની ઇચ્છા હોય તો જૈનધર્મના સિદ્ધાંતોને નિખાલસ ભાવે જોવાની ખાસ જરૂર છે. એજ રીતે મુનિશ્રી વિશાળવિજયજીના પ્રથમ પ્રયાસ રૂપ આ વર્ધમાન દેશનાના અનુવાદને પણ જુએ અને તેને અમલમાં મૂકી અહિંસાના સત્યમાર્ગને સ્વીકારે એજ શુભેચ્છા.

સ્થળ
જૈન ઉપાશ્રય.
જીલ્લો થાણા મું. મુલુંડ
વિક્રમ સં. ૨૦૧૧
વસંત પંચમી

લી.
પ્રાકૃત સાહિત્ય વિશા
આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મ૦ સા૦ ના૦
પં. યશોભદ્રવિજય ગણિ

શાસ્ત્રવિશારદ કવિરત્ન પીયૂષપાણિ ભટ્ટારકાચાર્ય

શ્રીમદ્‌વિજયામૃતસૂરીશ્વરજી

મહારાજ સાહેબના



પ્રશિષ્ય મુનિશ્રી વિશાલવિજયજી મહારાજ

[પ્રસ્તુત ગ્રંથના ભાષાંતરકાર]

પ્રકાશકીય–નિવેદન

અહિંસા અને પ્રેમના મહાદીપકથી વસુંધરાને પ્રકાશ પૂરનાર વિશ્વવંદ્ય પરમાત્મા શ્રી મહાવીર સ્વામી આજથી લગભગ ૧૪૮૧ વર્ષ પૂર્વે આ પૃથ્વી પીઠ પર સપરિવાર વિચરતા હતા. ત્યારની આ હકીકત છે. ચરમતીર્થંકર મહાવીર સ્વામી કે જેમનું 'વર્ધમાન સ્વામી' એવું જગત પ્રસિદ્ધ નામ છે. તેઓએ ભવ્યજીવો પર અપૂર્વ ઉપકાર કરવા માટે આણંદ આદિ દશે શ્રાવકોને સત્યમાર્ગ દર્શનરૂપ આ ઉત્તમ દેશના આપી છે. અને એજ દેશના પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીએ ચરમકેવળી શ્રી જમ્બૂસ્વામી અગ્રે સવિસ્તારે વર્ણવી છે. અને તે ઉપરથી વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણિના શિષ્યરત્ન શ્રી રાજકીર્તિ ગણિએ શ્રી વર્ધમાન દેશના નામક સંસ્કૃત ગ્રંથ ગદ્યબદ્ધ રચ્યો છે આ ગ્રંથમાં પ્રભુની પહેલી દેશના સાંભળી પ્રતિબોધ પામેલા આણંદ આદિ દશે શ્રાવકોના ચરિત્રો તેમજ દૃષ્ટાંત સહિત બાવીશ કથાઓનો સમાવેશ થાય છે. તે પવિત્ર પુરૂષોના ચરિત્રોનું વાંચન જૈન સમાજને અતિ ઉપયોગી તેમજ અનુકરણીય છે.

આ ગ્રંથ માગધી તેમજ સંસ્કૃત ભાષામાં હોવાથી જૈન બંધુઓ તેનો પૂરતો લાભ લઈ શકતા નથી પરંતુ આ ગ્રંથનું

ગુજરાતી ભાષાંતર કર્યું હોય તો તેઓને પૂરતો લાભ મળી શકશે. એમ ધારી શાસન–સમ્રાટ્ સૂરિચક્ર ચક્રવર્તી આબાલ-બ્રહ્મચારી સર્વતંત્ર સ્વતંત્ર આચાર્ય શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજી પટ્ટાલંકાર કવિરત્ન પીયૂષપાણિ ભટ્ટારકાચાર્ય શ્રીમદ્વિજયામૃતસૂરીશ્વરજીના પ્રશિષ્ય મુનિરાજ શ્રી વિશાળવિજયજીએ આ ગ્રંથનું સરળ ભાષાંતર કર્યું છે. પંન્યાસ પ્રવર પ્રખરવક્તા ધુરંધરવિજયજી ગણિવર્ય તથા મુનિરાજ શ્રી કરૂણાવિજયજીએ પ્રુફ સંશોધનમાં જે સમયનો ભોગ આપ્યો તેના માટે અમો તેમના ઋણી છીએ. અમે આશા રાખીએ છીએ કે સમગ્ર જૈન બંધુઓ આ અપૂર્વ ગ્રંથનો લાભ લઈ અમારા શ્રમને સફળ કરશે.

આ ગ્રંથમાં કોઈ ઠેકાણે જિનાજ્ઞા વિરૂદ્ધ છપાણું હોય અથવા દૃષ્ટિદોષથી ભૂલ રહી ગઈ હોય તેનું અમો મિથ્યા-દુષ્કૃત માંગીએ છીએ.

આ ગ્રંથની પ્રસ્તાવના પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિવરે લખી આપી છે તથા આ પુસ્તકનું છાપકામ મર્યાદિત સમયમાં કરી આપવા બદલ નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી મણિલાલ છગનલાલ શાહનો સર્વેનો આભાર માનું છું.

લી. **જશવંતલાલ ગીરધરલાલ શાહ**
૧૨૩૮, રૂપાસુંદરચંદની પોળ, **અમદાવાદ.**

વિષયાનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
પહેલા આણંદ શ્રાવકનું ચરિત્ર	૧—૧૯૦
સમકિતનું સ્વરૂપ	૬
સમકિત ઉપર આરામશોભાની કથા	૭
પહેલા પ્રાણાતિપાત વિરમણ વ્રતનું સ્વરૂપ	૩૯
પહેલા વ્રત ઉપર હરિબલ માછીની કથા	૪૧
બીજા મૃષાવાદ વિરમણ વ્રતનું સ્વરૂપ	૭૫
બીજા વ્રત ઉપર હંસરાજની કથા	૭૬
ત્રીજા અદત્તાદાન વિરમણ વ્રતનું સ્વરૂપ	૮૪
ત્રીજા વ્રત ઉપર લક્ષ્મીપુંજની કથા	૮૬
ચોથા મૈથુન વિરમણ વ્રતનું સ્વરૂપ	૯૫
ચોથા વ્રત ઉપર ભદ્રિાવતીની કથા	૯૬
પાંચમા પરિગ્રહપરિમાણવ્રતનું સ્વરૂપ	૧૦૭
પાંચમા વ્રત ઉપર ધનસાર શ્રેષ્ઠીની કથા	૧૦૮
રાત્રિભોજન વ્રતનું સ્વરૂપ	૧૧૪
રાત્રિ ભોજન ઉપર હંસ તથા કેશવની કથા	૧૧૭
છઠ્ઠા દિગ્પરિમાણ વ્રતનું સ્વરૂપ	૧૩૧
છઠ્ઠા વ્રત ઉપર ચારૂદત્તની કથા	૧૩૨
સાતમા ભોગોપભોગવ્રતનું સ્વરૂપ	૧૫૦
સાતમા વ્રત ઉપર ધર્મકુમારની કથા	૧૫૧
આઠમા અનર્થદંડ વ્રતનું સ્વરૂપ	૧૫૭
આઠમા વ્રત ઉપર સુરસેન તથા વીરસેનની કથા	૧૫૮
નવમા સામાયિક વ્રતનું સ્વરૂપ	૧૬૨
નવમા વ્રત ઉપર કેસરી ચોરની કથા	૧૬૩

વિષય	પૃષ્ઠ
દશમા દેશાવગાસિક વ્રતનું સ્વરૂપ	૧૬૮
દશમા વ્રત ઉપર સુમિત્ર મંત્રીની કથા	૧૬૯
અગિયારમા પૌષધ વ્રતનું સ્વરૂપ	૧૭૪
અગિયારમા વ્રત ઉપર રણશૂરની કથા	૧૭૫
બારમા અતિથિસંવિભાગ વ્રતનું સ્વરૂપ	૧૮૦
બારમા વ્રત ઉપર જિનદત્તની કથા	૧૮૧
અગિયાર પડિમાની માથા અને તેનું સ્વરૂપ	૧૮૭
બીજા કામદેવ શ્રાવકનું ચરિત્ર	૧૯૧ થી ૨૩૫
જિનધર્મ આરાધન ઉપર રત્નસારની કથા	૧૯૩
ત્રીજા ચુલ્લણીપિતા શ્રાવકનું ચરિત્ર	૨૩૬ થી ૨૬૩
જિનધર્મ આરાધન ઉપર સહસ્રમલની કથા	૨૩૭
ચોથા સુરાદેવ શ્રાવકનું ચરિત્ર	૨૬૪ થી ૨૮૬
જિનધર્મ આરાધન ઉપર ધિષ્ટકની કથા	૨૬૫
પાંચમા ચુલ્લશતક શ્રાવકનું ચરિત્ર	૨૮૭ થી ૩૦૪
સુપાત્રદાન ઉપર ધનદેવ તથા ધનમિત્રની કથા	૨૮૯
છઠ્ઠા કુંડકોલિક શ્રાવકનું ચરિત્ર	૩૦૫ થી ૩૨૨
શિયળ વ્રત ઉપર કુલધ્વજકુમારની કથા	૩૦૬
સાતમા સદ્દાલપુત્ર શ્રાવકનું ચરિત્ર	૩૨૩ થી ૩૩૯
તપ ધર્મ ઉપર, દામન્નકની કથા	૩૨૭
આઠમા મહાશતક શ્રાવકનું ચરિત્ર	૩૪૦ થી ૩૫૫
ભાવધર્મ ઉપર અસમંતકની કથા	૩૪૩
નવમા નંદિનીપ્રિય શ્રાવકનું ચરિત્ર	૩૫૬ થી ૩૬૯
જીવદયા પાળવા ઉપર ભીમકુમારની કથા	૩૫૮
દસમા તેતલીપુત્ર શ્રાવકનું ચરિત્ર	૩૭૦ થી ૩૮૮
જ્ઞાન આરાધન ઉપર, સાગરચંદ્રની કથા	૩૭૨

અમારાં પ્રકાશનો

સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્ર સચિત્ર	૦–૪–૦
,, ,, હીન્દી	૦–૪–૦
દેવસિ રાઇ પ્રતિક્રમણાદિ સૂત્ર સચિત્ર કાચું પુંઠું	૦–૮–૦
,, ,, (પાકું પુંઠું)	૦-૧૦ ૦
,, ,, હીન્દી (કાચું પુંઠું)	૦-૧૦-૦
,, ,, ,, (પાકું પુંઠું)	૦-૧૨-૦
પંચપ્રતિક્રમણ મૂળ	૧–૮–૦
,, (સારા કાગળ)	૨–૦–૦
,, પોકેટ	૬–૮–૦
,, હીન્દી	૧–૮–૦
એ પ્રતિક્રમણવિધિ સહિત	૧–૦–૦
પંચ પ્રતિક્રમણવિધિ સહિત	૧-૧૨-૦
પંચ પ્રતિક્રમણ હિન્દી વિધિ સહિત	૨–૮–૮
સ્નાત્ર પૂજા	૦–૪–૦
દેવવંદનમાલા કથાઓ સહિત	૨–૪–૦
જૈન સજ્ઝાયમાળા (સચિત્ર)	૨–૮–૦
વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧ થી ૧૧	૪–૮–૦
નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ	૪–૮–૦
મહાપ્રભાવિક નવસ્મરણ (પાકું પુંઠું) પોકેટ	૧–૪–૦
પચ્ચક્ખાણનો કોઠો	૦–૪–૦
વર્ધમાન તપની ઓળીની વિધિ	૦–૨–૬

જથાબંધ માટે ભાવ પૂછાવો અન્ય પુસ્તકો માટે સૂચિપત્ર મંગાવો.

પ્રાપ્તિસ્થાન

જસવંતલાલ ગીરધરલાલ શાહ

૧૨૩૮, રૂપાસુરચંદની પોળ–અમદાવાદ.

અમારાં અન્ય પ્રકાશનો.

ઉપદેશ પ્રાસાદ ભાગ ૩	પત્રાકાર	૧૦–૦–૦
,, ભાગ ૪	,,	૧૦–૦–૦
હેમલઘુપ્રક્રિયા (સટિપ્પન)	સંપૂર્ણ	૫–૦–૦
જૈન ગરબાવલી	પં. ચંદુલાલ કૃત	૧–૦–૦
ભગવાન આદિનાથ		૨–૮–૦
હોમીયોપેથીક ચિકિત્સાસાર ભાગ ૧–૨		૫–૦–૦

લાયબ્રેરીમાં શોભે તેવાં પ્રકાશનો.

જૈન કથા સાગર ભા. ૧–૨–૩	૧૩–૦	પુણ્યાત્મા અમરકુમાર	૪–૦
		સતીરત્ન કથાસંગ્રહ	૪–૦
જૈન કથામંજરી ભાગ ૧–૨–૩	૯–૦	કુમારપાળ રાસ	૫–૦
		મહામંત્રી શકરાલ	૪–૮
વિક્રમચરિત્ર	૫–૦	સંસ્કારદીપ	૨–૦
પાટમદે	૪–૦	દીપમાલ	૧–૪
દેવકુમાર	૩–૦	ઉજ્જવલવાણી ભાગ ૧	૨–૮
પુરૂષાર્થ	૪–૦	ભગવતીસૂત્રનાં વ્યાખ્યાનો	
ડગમગતું સિંહાસન	૪–૦	ભાગ ૧	૩–૦
સુભદ્રાદેવી	૪–૦	ભાગ ૨	૩–૦
પવિત્રતામાં પ્રભુતા	૫–૦	ત્યાગી કે ભોગી	૧–૦
શીલની આદર્શ કથા	૪–૦	વિદુષી ચરિત્ર	૧–૪
મેવાડનો ઇતિહાસ	૬–૦	અવંતિપતિ વિક્રમાદિત્ય	૯–૧૦
શાલિભદ્ર	૪–૦	ગુણસાર	૦–૮
ગરબીનું ગૌરવ	૪–૦	પોષ દશમી	૦–૯

: પ્રાપ્તિસ્થાન :

જસવંતલાલ ગિરધરલાલ શાહ

૧૨૩૮, રૂપા સુરચંદની પોળ–અમદાવાદ.

શ્રી રાજકીર્તિ ગણિ વિરચિત

શ્રી વર્ધમાનદેશનાનું ભાષાન્તર

वर्धमानं जिनं नत्वा, सद्गुरुं धर्मदायकम् ॥
भाषार्थो वर्धमानस्य, देशनाया वितन्यते ॥१॥

આણંદ શ્રાવકનું ચરિત્ર

જેનો પાર નથી, જેનો અંત નથી, એવા અપાર અને અનંત આકાશ સ્વરૂપ અલોક છે. તે અલોકની મધ્યમાં, અપાર સાગરની મધ્યમાં જેમ બિન્દુ હોય તેમ બિન્દુ સમાન **લોક** છે.

કેડે બે હાથ રાખી પગ પહોળા કરી ઊભા રહેલા પુરુષના આકારે, વૈશાખ સંસ્થાને રહેલો એ લોક ૧૪ રાજ ઊંચો; અને અસંખ્યાતા જોજન પ્રમાણ છે. એ લોકના મુખ્ય ત્રણ વિભાગ છે. ઊર્ધ્વલોક, અધોલોક, અને મધ્યલોક; **મધ્યલોક** ૧ રાજ લાંબો પહોળો અને અઢારસો જોજન જાડો છે.

અને એ મધ્યલોકની મધ્યમાં અગણિત દ્વીપોદધિથી વલયાકાર વિંટળાયેલો એક લાખ જોજન લાંબો અને પહોળો **જમ્બૂદ્વીપ** છે. તેને અડેલો બે લાખ જોજનની પહોળાઈવાળો, અનેક જળચર જીવો અને મહાકાય મોજાં-

એથી જમ્બૂદ્વીપની રક્ષા કરવા જાણે ફરી વળ્યો ન હોય તેમ લવણસમુદ્ર વિંટળાયેલો છે. તે કોઇ દેવાંગનાના શ્યામ અંબોડામાં સફેદ પુષ્પવેણીની માફક પોતાના ફીણથી જમ્બૂદ્વીપને શોભાવે છે.

જમ્બૂદ્વીપના સાત ક્ષેત્રોમાં **ભરત** નામે એક ક્ષેત્ર છે. તેમાં પૃથ્વીરૂપી સ્ત્રીના કંઠહાર સદૃશ આભૂષણ સમાન, સમૃદ્ધિમાં અમરલોક સમાન, હૈયાને આહ્લાદ અર્પનાર, જીવને જન્મ, જરા મરણથી મુક્તિના પંથે પહોંચાડનાર, ગગનચુંબી જિનાલયોથી અને પ્રાણીઓને પાપમાંથી પાછા ખેંચી પ્રગતિના પંથે પગલા મંડાવતી પવિત્ર પૌષધશાળાઓથી અને રળીયામણાં રસ્તાઓની બન્ને બાજુએ હારબંધ મોટી મોટી મહેલાતોથી–જેની મધ્યમાં માનવમેદની એવી દેખાતી હતી કે જેમ બે પર્વતોની વચમાંથી કોઇ મહાનદી ખીલખીલાટ કરતી વહેતી ના હોય!—નાના પ્રકારની વનસ્પતિ અને પુષ્પોથી સુશોભિત ઉદ્યાનો નિર્મળ પાણી અને પંકજથી દીપતાં સરોવરો અનેક પનિહારીઓથી પરિવરેલાં અને ગરેડીના નાદથી જોનારના મનોરંજન કરતા કૂવાઓથી દેદીપ્યમાન **વાણિજ્ય** નામનું નગર છે.

ત્યાં જેમ તારાગણમાં ચંદ્ર શોભે છે, તેમ અનેક બંડીઆ રાજાઓથી પરિવરેલો શશિ સમાન શોભતો ન્યાયથી ચોરીજારી અને જુલ્મરૂપ અંધકારને નષ્ટ કરનાર સૂર્યસદૃશ જેની યશઃગાથા દશે દિશામાં ફેલાઈ છે–જે પોતાની પ્રજાને પુત્રની પેઠે પાળે છે. જેનો કોઈ શત્રુ નથી–અર્થાત્ સર્વે

શત્રુઓ ઉપર જેણે વિજય મેળવ્યો છે. એવા પોતાના ખરેખરા અભિધાનને ધારણ કરનાર **જિતશત્રુ** નામક રાજા સૌધર્મેન્દ્રની માફક રાજ્ય કરે છે. તેના નગરમાં લોકોને આનંદ ઉપજાવનાર, દાન દેવામાં કુબેરને શરમાવે તેવો ધનાઢ્ય, **આણંદ** નામનો શ્રાવક વસતો હતો. તેને રૂપગુણ–લાવણ્યોપેત શીલવંતી **શિવાનંદા** નામની ભાર્યા હતી. તે શ્રાવકને ઘેર ચાર કરોડ સુવર્ણ દ્રવ્ય નિધાનરૂપે ભૂમિમાં દાટેલું હતું, ચાર કરોડ દ્રવ્ય વેપાર માટે અને ચાર કરોડ દ્રવ્ય વ્યાજે આપેલું હતું, તેનાં પાંચસો ગાડાં પરદેશમાં પરિભ્રમણ કરતાં હતાં. પાંચસો ગાડાં ઘાસ અને લાકડાં લાવવા માટે રોકાયેલાં હતાં. ચાર મોટાં વહાણો વ્યાપારાર્થે જળમાર્ગમાં ફરતાં હતાં, વળી દશ દશ હજારની સંખ્યાવાળા ચાર ગોકુળ એ સુશ્રાવકના ઘેર હતાં. ઇત્યાદિ ઘણી સમૃદ્ધિ હતી.

લક્ષ્મીવાન હોવા છતાં તે ગુણ અને કળાથી વ્યાપ્ત હતો, આગામી અવતારને માટે પ્રબળ પુણ્યને ઉપજાવનારો સુદેવ, સુગુરૂ અને સુધર્મ જેના રોમે રોમમાં વાસ કરેલો છે એવો રાજ્યમાન પુરૂષ આનંદ શ્રાવક સ્વસ્ત્રી શિવાનંદા સાથે સંસાર સુખને ભોગવતો—વાણિજ્ય ગ્રામમાં રહીને દિવસો નિર્ગમન કરતો હતો. એનો સર્વે પરિવાર વાણિજ્ય નગરની પાસે **કોલ્લાક** નામના સંનિવેસમાં રહેતો હતો. એક દિવસ દેવ દાનવોથી દીપતાં, દેવોએ રચેલાં સુવર્ણનાં નવ કમળ પર પાદપદ્મ પધરાવતાં, દિશાઓ, વૃક્ષો અને નરનારીઓથી સત્કારને પામતાં, ભવ્ય જીવોના હૃદયમાં બોધિબીજને વાવતાં, ત્રિશલાનંદન કાશ્યપ ગોત્રીય ચરમ શાસનાધિપતિ વર્ધમાનસ્વામી

ચૌદ હજાર સાધુ અને છત્રીસ હજાર સાધ્વીના પરિવાર સાથે વાણિજ્ય ગ્રામના દ્યુતિપલાસ ચૈત્યમાં સમોસર્યા.

તે વખતે પાંચ પ્રકારના પુષ્પોની વૃષ્ટિ કરતા દેવ-દેવીઓ ઉતરતાં અને ચડતાં ત્યારે તેમની કાન્તિ અને કલ-રવથી, દશે દિશાઓ ખડખડાટ હાસ્ય કરતી હોય ને! તેમના મુખમાંથી જ જાણે પુષ્પવૃષ્ટિ ન થતી હોય! એવી આશ્ચર્યકારી લાગતી હતી. દેવોએ મણિ, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢરૂપ સમવસરણ રચ્યું. જાણે રત્નત્રયી અમારા ત્રણમાં પ્રવેશ કરી–તેજ પામે છે એમ જાહેર ના કરતું હોય, એવું જડ છતાં ચેતનાયુક્ત સમવસરણ લાગતું હતું. પ્રભુના મસ્તકે રહેલાં ત્રણ છત્ર, ત્રણ લોકના ત્રણ મુગટ સમાન લાગતા હતા.

પ્રભુના દેહથી બાર ગણું મોટું અશોક વૃક્ષ શોભતું હતું તેની નીચે સિંહાસન ઉપર ગોઠણ સુધી પુષ્પોથી ઢંકા-યેલાં, પૂર્વાભિમુખે શાસનાધિપતિ, દ્વાદશાંગીના અર્થ પાંત્રીસ ગુણયુક્ત વાણી વડે પ્રકાશતા હતા તે જોજન સુધીના સર્વે જીવો પોતપોતાની ભાષામાં સાંભળતાં હતાં. તારકના અતિ અદ્‌ભુત તેજસ્વી સ્વરૂપને જોવામાં અંતરાય ન થાય માટે દેવોએ તેમનું સઘળું તેજ એકઠું કરીને ભામંડળ બનાવ્યું હતું. વિશ્વવલ્લભ વીતરાગ, વિષયપ્રાપ્ત સંસારમાંથી છોડાવી અવ્યાબાધ આનંદને અર્પનાર મોક્ષમાર્ગના દાતાર છે. એમ ઉદ્‌ઘોષણા કરતી દુંદુંભિ, જીવોને જીવતાં શીખવાડતી હતી. પ્રભુની બન્ને બાજુ વિંઝાતા શ્વેત અને ઉત્તમ ચામર અધો-માંથી ઊર્ધ્વમાં કેમ જવાય એ કીમિયો બનાવતાં. કારિગર

લાગતાં દેવેન્દ્રોએ રચેલાં અષ્ટ પ્રાતિહાર્યો અષ્ટ કર્મના ઓઘને હંફાવવા જ જાણે પ્રભુની સાથે રહેતાં ન હોય તેમ પ્રભુની શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં. પ્રભુ પૂર્વાભિમુખે પાદપીઠ પર પદપંકજને સ્થાપી બિરાજ્યા હતા. બાર પર્ષદા સંમિલિત થઈ, તેમાં ગણધરો વૈમાનિક દેવો અને સાધ્વીઓ એ ત્રણ પર્ષદા અગ્નિખુણામાં બેઠી. જ્યોતિષ વ્યંતર અને ભવનપતિની દેવીઓ એ ત્રણ પર્ષદા વાયવ્ય ખુણે બેઠી. વૈમાનિક દેવો, મનુષ્યો, અને માનુષી એ ત્રણ પર્ષદા ઇશાન ખુણે બેઠી. આ તરફ જિતશત્રુ રાજા પણ પૌરજનની સાથે પોતાની ચતુરંગી સેનાથી શોભતો પાંચ અભિગમોને સાચવતો વીતરાગને વાંદવા ઉત્સવોત્સાહ સહિત જતો હતો. આવી ધામધૂમ જોઇ આનંદ શ્રાવકે પાસે ઉભેલા પૌરી પુરુષને પૂછ્યું કે હે ભાગ્યશાળી, હર્ષને હૃદયમાં ધારણ કરતાં તમે કયાં જાઓ છો ? હે શેઠ, દુનિયાના દરેક પદાર્થને જોનાર જાણનાર અને જગતના જીવોને સુખ આપનાર શ્રી વર્ધમાનસ્વામી અહીં પધાર્યા છે તેમને વંદન કરવા અમે જઇએ છીએ, તે પુરૂષના પીયૂષ પ્રમાણ વચન સાંભળી આનંદને અનુભવતો આણંદ શ્રાવક વિચારવા લાગ્યો, નિર્મમ અને નિરાગીને નમસ્કાર કરવાથી મહાન લાભ થાય છે. એમ વિચારીને દ્યુતિપલાસ-ચૈત્યે આવ્યો અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પંચાંગ પ્રણિપાત કરીને પ્રભુ સન્મુખ બેઠો. ત્રૈલોકયગુરુ, ભવ્ય જીવોનાં નેત્રોને આનંદ ઉપજાવનાર શ્રી વીરે મંથન કરનારી આ પ્રમાણે ધર્મદેશના આપી; હે ભવ્યલોકો, જન્મ જરા અને મરણરૂપ જળથી પરિપૂર્ણ, ઇષ્ટવિયોગ અનિષ્ટસંયોગ રૂપ મગરૂર મગરમચ્છોથી અને રોગરૂપ ઝેરી જીવોથી વ્યાપ્ત

થયેલ એવા સંસાર સાગરમાં ચિંતામણિ રત્નની પેઠે, મનુષ્ય ભવ અતિ દુર્લભ છે. તેમાં આર્યક્ષેત્ર, ઉત્તમકુળ અને નિરોગી કાયા મળવી તે ઉત્તરોત્તર અતિ દુર્લભ છે. તે સર્વથી આયુષ્ય અને તેનાથી પણ રૂપની પ્રાપ્તિ દુર્લભ જાણવી. પંચેન્દ્રિયની પટુતા તેમજ સદ્બુદ્ધિ મળવી અતિ દુર્લભ છે. આ બધું હોવા છતાં શ્રદ્ધા ન હોય તો સર્વ સામગ્રી નિષ્ફળ છે. માટે શુદ્ધ શ્રદ્ધા પણ પામવી દુર્લભ છે. અને તેથી પણ ઉત્તમ ગુરુનો યોગ મળવો મહામુશ્કેલ માનવો. ધર્મ શ્રવણની સામગ્રી સાંપડવી તેથી પણ દુર્લભ છે, વિશ્વમાં આ પ્રમાણે એક પછી એક ઉત્તરોત્તર દુઃપ્રાપ્ય છે. તો પણ હે પ્રાણીઓ, પુણ્યપસાયે આ પદાર્થો તમે પામ્યા છો માટે હે પંડિત-જનો ! તમે એ સામગ્રીને નિંદા, વિકથા, ક્રોધાદિ કષાયમાં અને પ્રમાદમાં પાડશો નહીં કારણ કે પતન પામવાનું પહેલું પગથીયું પ્રમાદ છે પ્રમાદને પામેલા પ્રખર પંડિતો અને પૂર્વધરો પણ પાર ન પામી શકાય એવા ભયંકર ભવોદધિમાં ભટકે છે માટે પ્રમાદ વર્જી ધર્મને ધારણ કરો. ધર્મની ધુરાને ધારણ કરનાર તીર્થંકરોએ શ્રમણધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારે ધર્મ કહ્યો છે. પાંચ મહાવ્રત અને અષ્ટપ્રવચન માતા સહિત જે ધર્મ તે સાધુ ધર્મ અને સમ્યક્ત્વમૂલક પાંચ સ્થુલવ્રત–ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બાર વ્રત સહિત શ્રાવકધર્મ. હે ભવ્યજીવો, જો તમે સત્ય શાશ્વત સાદિ અનંત અને અવ્યાબાધ એવા મોક્ષસુખને ઇચ્છતા હોય તો જિનેશ્વરોએ પ્રરૂપેલ સમ્યક્ત્વને વિષે આદર કરો, સિદ્ધાંતમાં કહ્યું છે કે:—

दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ॥

અર્થ:—સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો પુરુષ તે જ ભ્રષ્ટ કહેવાય અને તેને મોક્ષ મળતું નથી. દ્રવ્ય ચારિત્રથી રહિત માનવો મોક્ષમાં નિવાસ કરે છે. પણ સમ્યક્ત્વ વિના પ્રાણીઓ મોક્ષને મેળવી શકતા જ નથી માટે હે જીવો, જે પોતાના હૃદયમાં સમ્યક્ત્વને ઉત્તમ રીતે સ્થાપે છે તે પુરુષ **આરામશોભાની** જેમ આ સંસારથી મુક્ત થઇ અવ્યાબાધ આનંદને મેળવે છે. શ્રી વીરપ્રભુના આવા વચનો સાંભળી આણંદ શ્રાવકે પૂછ્યું, હે ભગવન્ **આરામશોભા** સમ્યક્ત્વના સાથથી શી રીતે શાશ્વત સુખ અને સિદ્ધિ વરી ? અને તે કોણ હતી ? તે હે કૃપાળુ, કૃપા કરી કહો. તેના પૂછવાથી પ્રભુએ કહ્યું;

આરામશોભાની કથા આ સમસ્ત ક્ષેત્રમાં—સર્વ દેશોમાં ઉત્તમ હોવાના ગુમાનને ધારણ કરતો કુશાર્ત નામે દેશ છે. તેમાં સર્વ પ્રકારની સંપત્તિથી પરિપૂર્ણ, સર્વ સ્થળોમાં શ્રેષ્ઠ એવું (સ્થળાશ્રય) પલાસ નામે ગામ છે. તે ગામમાં યજ્ઞ કરવામાં ઉસ્તાદ યજુર્વેદાદિ ચારે વેદોમાં વિખ્યાત સર્વે શાસ્ત્રોનો જાણકાર અગ્નિશર્મા નામનો વિદ્વાન્ વિપ્ર વસતો હતો. તેને ધર્મમાં મગ્ન શીયળથી શોભતી પરપુરુષને માટે અગ્નિસમાન સત્ય અભિધાન ધરતી જ્વલનશિખા નામની ભાર્યા હતી. તેને છીપમાંથી જેમ મોતી ઉત્પન્ન થયું હોય તેમ વિદ્યુત્ જેવી કાંતિને ધારણ કરતી વિદ્યુત્પ્રભા નામની પુત્રી હતી તેના રૂપ લાવણ્ય અને સૌભાગ્ય ચતુરાઈ અને વિનિતપણું લોકોત્તર હોવાથી તે અવર્ણનીય રત્નરૂપ હતી.

અનુપમ અને અદ્વિતીય સૌન્દર્યને ધારણ કરનાર ધરતી પર બીજી કોઈ કન્યા નહીં હતી. વિદ્યુત્પ્રભા કાળક્રમે આઠ વર્ષની થઇ ત્યારે કર્મયોગે તેની માતાએ તેનાથી હરહમેશને માટે વસમી વિદાય લીધી. કહ્યું છે કેઃ—

बालस्स मायमरणं भज्जामरणं च जुव्वणारंभे।
थेरस्स पुत्तमरणं, तिन्निवि गुरुआइं दुक्खाइं ॥

અર્થઃ—"બાળપણમાં માતાનું મરણ, યુવાનીના આરંભમાં ભાર્યાનું મરણ, વૃદ્ધાવસ્થામાં પુત્રનું મરણ, એ ત્રણે સર્વ સંકટો આકરાં–ગહન દુઃખો છે."

પૂર્વકાળમાં જીવે જે જે અધ્યવસાયથી શુભાશુભ કર્મને ઉપાર્જન કર્યા હોય તેને ઉદયકાળે ભોગવવા પડે છે. કર્મના મર્મને ધર્મ જ ભેદે છે. માતાના મૃત્યુ પછી વિદ્યુત્પ્રભા પ્રાતઃકાળમાં ઊઠીને ઘરના આંગણાને વાળી ચોળી લીધા પછી રસોઈ વિગેરે કાર્ય પતાવી દરરોજ ગાયો ચરાવવા ગામ બહાર જતી. મધ્યાહ્નને ગાયો સાથે ઘેર આવતી દુધ દોહી પિતાને જમાડતી, અને પછી પોતે જમતી, પછી ગાયો લઇ વગડામાં જતી, અને સાંજે પાછી વળતી. આખા દિવસનું કામ કરી થાકી ગયેલ હોવા છતાં પિતાશ્રીના સૂઇ ગયા બાદ પોતે નિદ્રાને વશ થતી. આ પ્રમાણે એનો રોજનો કાર્યક્રમ હતો.

આમ એને આખો દિવસ પ્રવૃર્તિ રહેતી. અન્યદા એક દિવસ તે બાળા નિજ જનકને કહેવા લાગી કે હે પિતાશ્રી ? ક્ષણ માત્ર પણ ઘરના ભારને વહેવા માટે હું સમર્થ નથી।

અતિભાર ઉપાડવાથી બળવાન બળદ પણ ખેદ પામે છે, માટે હે પિતા, આપ ઉત્તમ કુળની કોઇપણ કન્યાનો કર ગ્રહણ કરો કે જેથી હું સુખી થાઉં, અને સ્વેચ્છાએ ક્રીડા કરૂં. પોતાની પુત્રીના વચન સાંભળી હર્ષિત થએલો વિપ્ર બોલ્યો કે હે પુત્રી, તેં સાચું કહ્યું, અનેક ગવાક્ષોથી શોભતી આ સાત માળની હવેલી ઉત્તમ પ્રકારની સ્ત્રી વિના શૂન્ય ભાસે છે, એમ વિચારી તેણે એક સારા કુંટુંબની કન્યાનું પાણિગ્રહણ કર્યું, પરંતુ તે નવવધુ સુખની ઇચ્છાવાળી અને બહુ આળસુ હોવાથી તે ઘરનું કોઇ પણ કામ કરતી ન હતી, ત્યારે વિદ્યુત્પ્રભા પોતાના મનમાં વિચારવા લાગી, કે મારા પૂર્વ કર્મોને ધિક્કાર હો! નવી પરિણિત મારી માતા કે જે ઘરકામ માટે આવેલ તે પણ પગ પર પગ ચડાવી રાત દિવસ સુખ પૂર્વક બેસી રહે છે. પહેલાં ફક્ત પિતાનું જ કામ કરવું પડતું પણ હવે આ બીજી આફત ઊભી થઇ છે. મારા કર્મના દોષે દિવસે સુખથી ભોજન અને રાત્રીએ નિદ્રા પણ સુખપૂર્વક મળતી નથી. આવું દુઃખ મારે ક્યાં સુધી ભોગવવાનું લખ્યું હશે? આ પ્રમાણે દુઃખને સહેતી તેણે અગીઆર વર્ષની વયમાંથી બારમા વર્ષમાં પ્રવેશ કર્યો; દૂરના ડુંગર પરથી રશ્મિવન્તે પોતાનું અડધું ડોકું બહાર કાઢી જોયું ત્યારે નગરના સર્વે લોકો પોતપોતાના કામમાં મશગુલ હતાં, ખેતરમાં હળ ચાલતાં હતાં, પક્ષીઓ પોતાના માળા મૂકી મંગળગીત ગાતાં ઊડી રહ્યાં હતાં, મંદિરોમાં ઘંટ, શંખ અને નગારાંનાં નાદ તેનું સ્વાગત કરતાં હોય તેમ તેને લાગ્યું અને સામૈયામાં ગોવાળીઆ ગાયોના ટોળેટોળાંને સામા લઇ આવતાં હોય તેમ તેણે જોયું

વળી જાજ્વલ્યમાન ભાસ્કરે પચરંગી પટોળાં પહેરી પનિહારીઓને પનઘટના પગથાર પરથી પોતાના બે પાણિ (હસ્તે) વડે પાણી ખેંચતી પોતાના બે હાથની સાનથી બોલાવતી જોઇ, ત્યારે સૂર્યે અરુણને કૂચ કરવાનો આદેશ કર્યો, અને વિદ્યુત્પ્રભા ગાયો ચરાવવા વનમાં આવી. એક ઘટાઘન વૃક્ષની નીચે સુખપૂર્વક સૂતી, અને ગાયો પણ ચરવા લાગી, તેટલામાં મોટી કાયાવાળો શ્યામ કાન્તિવાળો અને ભયથી ત્રાસ પામેલો લાલ નેત્રવાળો સર્પ હળવે હળવે તેની પાસે આવ્યો, અને મનુષ્ય વાણીમાં બોલવા લાગ્યો કે હે બાલા, મુજથી ભય પામ્યા વગર તું મારું એક વચન સાંભળ, હું સુખપૂર્વક આ વનમાં લાંબા કાળથી વસુ છું. હમણાં મારાં પાપ પ્રકાશ પામ્યાં છે, તેથી કેટલાક ગારૂડી લોકો મને કેદ કરવાને કીમીઓ કરી રહ્યાં છે, એ વાત જાણવાથી ભયથી નાસીને હે બહેન, હું તારે શરણે આવેલો છું. પાપ કરતાં પાછું વાળી ન જોનાર ગારૂડી લોકો હમણાં અહીં આવશે અને મને કરંડિયામાં કેદ કરશે, તેથી હું દુઃખના દરિયામાં ડૂબીશ. હે કુમારી, તે પાપી પુરૂષોથી મારું રક્ષણ કર. તું પરોપકારનું પ્રબળ પુણ્ય પામીશ.

અશુચિથી અત્યંત અપવિત્ર નાશવંત ગુણવાળા આ હાડપિંજર જેવા દેહથી કોઇનો ઉપકાર ન થાય તો તે શું કામનો ? અર્થાત્ પરોપકાર કરવો એજ કાયાનું ફળ છે. અવસરે સૂર્ય, ચંદ્ર પ્રકાશ કરે છે અને વાદળ વર્ષે છે અને જળધિ મર્યાદા મૂકતો નથી. જાજ્વલ્યમાન અગ્નિ પણ અવસરે–ખુશનુમા થાય છે, અને આ ભૂમંડળને આજ સુધી

શેષનાગે સ્વશિરે ધારણ કરેલ છે તે બધું ફક્ત પરોપકારને માટે જ છે.

કહ્યું છે કેઃ—માણસ નિઃસ્વાર્થ બુદ્ધિથી સામાને આશ્રય આપે. વિપત્તિવ્યાપ્તનો મદદગાર થાય, શરણે આવેલાનું રક્ષણ કરે એવા પુરુષોથીજ આ પૃથ્વી શોભે છે. હે મહાભાગ્યશાલી, પરોપકારના આવા ફળ જાણી ભયભીત થએલા મને તારા ખોળામાં મૂકી વસ્ત્ર ઢાંકી મારૂં રક્ષણ કર. વિસ્મય વ્યાપ્ત વિદ્યુત્પ્રભા વ્યાકુળ થઇ વિચારવા લાગી. મેં પૂર્વે કાંઇ પણ કર્યું નથી તેથી આ ભવમાં દુઃખી છું. અહીંઆ જો પુણ્ય નહીં કરૂં તો આગળ આથી પણ કઢંગા હાલ થશે, એમ ચિંતવી તે વિપ્રકન્યા પોતાના મનને મક્કમ કરી સર્પને પોતાના ખોળામાં સંતાડી વસ્ત્ર ઢાંકે છે, તેટલામાં ગારૂડી લોકો ત્યાં આવી તેને પૂછવા લાગ્યા કે હે બાળા, તેં આ માર્ગેથી જતો કોઈ સર્પ જોયો છે? ત્યારે તેણે જવાબ આપ્યોઃ હે ગારૂડી લોકો? હું અહીં વસ્ત્ર ઓઢી સુતી છું. મને કાંઇ ખબર નથી. કન્યાના આવા વચન સાંભળી પરસ્પર એક બીજાને કહેવા લાગ્યા અરે! કાળા નાગને આ કન્યાએ જોયો હોય તો શું તમે એને અહીં આ પ્રમાણે ભાળત? અરે, એતો કયારની નાસી ગઈ હોત, આમ બોલતા ગારૂડી લોકો ચારે બાજુ નિરીક્ષણ કરતાં ચાલ્યા ગયા, પછી કન્યાએ સર્પને કહ્યું કે હે ભદ્રે, હવે તું બહાર નીકળ, તારા શત્રુ તો જતા રહ્યા છે. આ પ્રમાણે વારંવાર વદતી વિપ્ર કન્યાએ સર્પને ન જોયો ત્યારે વિસ્મયથી વિચારવા લાગી. અહો! તે સર્પ કયાં ગયો? શું મેં ઇન્દ્રજાળ જોઇ કે સ્વપ્ન જોયું?

મને પછી ચિત્તવિભ્રમ થયો કે તે એક હકીકત હતી. એટલામાં કદી ન સાંભળેલી કર્ણપ્રિય આકાશવાણી સંભળાય છેઃ—હે બાળા, તારા ધૈર્યથી હું સંતુષ્ટ થયેલ છું, તેથી તું મનવાંછિત વરદાન માગ. આમ બોલતો દિવ્ય રૂપધારી—હાર અર્ધહાર કુંડળ અને મુકુટથી વિભુષિત એવા દેવને જોઇ તે બાળા નિર્મળ ભાવથી બોલી હે દેવોમાં ઉત્તમ? જો તમે મારા ઉપર સંતુષ્ટ થયા છો તો તડકામાં ચરતી મારી ગાયોની અને મારી પણ રક્ષા થાય તેમ કરો. આ સાંભળી દેવ વિચારવા લાગ્યોઃ—આ બાળા કેવી મુગ્ધ છે કે સાક્ષાત્ કલ્પવૃક્ષ પાસેથી ધતુરાના ફળની માગણી કરે છે. ભલે તેનો મનોરથ પૂર્ણ થાઓ. એમ વિચારી દેવે તેના ઉપર નંદનવન બનાવ્યું પછી વિપ્રસુતાને કહ્યું કે હે પુત્રી! તું જ્યાં જ્યાં જઇશ ત્યાં ત્યાં સર્વ ઋતુઓનાં ફલફુલથી ફુલેલું આ ઉદ્યાન તારી સાથે આવશે આ વનના ફળફુલ મનમોહક તેમ અમૃત સમાન મીઠાં સ્વાદવાળાં તે ઉપરાંત આ વૃક્ષો કલ્પવૃક્ષની જેમ તારી સર્વ ઇચ્છા પરિપૂર્ણ કરશે. હે કુમારી, મેરુ પર્વતની ઉપર આવેલા નંદનવનમાં જેમ દેવાંગના ક્રીડા કરે છે. તેમ તું પણ આ ઉદ્યાનમાં આનંદપૂર્વક ક્રીડા કરીશ. કદી કોઈ કષ્ટ પડે તો તું મારૂં સ્મરણ કરજે એમ કહી દેવ સ્વસ્થાનકે ગયો. ત્યારબાદ સંપૂર્ણ કળાએ ખીલેલાં ચંદ્ર જેવા મુખવાળી વિદ્યુત્પ્રભાએ ઉદ્યાનના ફળફૂલોથી ભૂખ સમાવી હવે તે વિચાર કરવા લાગી કે અહો? મામૂલી ઉપકાર પણ મહામૂલો થાય છે. આવો અદ્‌ભુત આનંદકારી થાય છે. તો જેઓ પૂર્ણ રીતે ઉપકાર કરે છે તેઓ શું પ્રાપ્ત નહિ કરતા હોય? આમ વિચારી વદ્યુત્—વત્ વદનવાળી વિદ્યુત્પ્રભા દિવ્ય ઉપવન સહિત ગાયોને

લઇ સંધ્યા સમયે પોતાને ઘેર આવી. ત્યારે તેની માતાએ કહ્યું; હે પુત્રી, ભોજન કર. કન્યાએ કહ્યું; હે માતા, શરીરની અસ્વસ્થતાને લીધે મને ભૂખ લાગી નથી. પછી તે રાત્રિના છેલ્લા પહોરમાં ગાયો સાથે વનમાં ગઇ. આ પ્રમાણે તે વિપ્ર કન્યા સદા દિવ્ય વનમાં આરામની માફક ક્રીડા કરતી. એક દિવસ તે કન્યા કલ્પવૃક્ષની છાયામાં સૂતી હતી તેવામાં પાટલીપુર નગરનિવાસી જિતશત્રુ રાજા ચતુરંગ સૈન્ય સહિત આવ્યો. તેણે નંદનવન સમાન છાયાવાળા વનને જોઇ ત્યાંજ પડાવ નાંખ્યો અને કલ્પવૃક્ષની છાયામાં સિંહાસન સ્થાપી તેના પર આરૂઢ થયો, અને તેણે હાથી ઘોડા અને બળદ પ્રમુખ પશુઓને તરૂથડ સાથે બાંધવા હુકમ કર્યો સૈનિકોએ શસ્ત્રો પણ શાખા પર લટકાવ્યાં. સૈન્યના અવાજથી વિદ્યુત્પ્રભા જાગી ગઈ. ચારે બાજુ સુસજ્જ સૈનિકો, હણહણાટ કરતાં ઘોડાઓ અને પર્વતસમાન પડછંદ કાયાવાળા હાથી જોઇ વિસ્મયથી વિહ્વળ બનેલી ચારે બાજુ જોવા લાગી. ત્યારે તેણે પોતાની ગાયો કે જે ગજરાજથી ભય પામી નાસતી હતી તેને જોઇ, ગાયોને પાછી વાળવાના ઇરાદાથી તે બાળા દોડી. તેના દોડવાથી વન પણ દોડવા લાગ્યું અને સાથે સાથે ઝાડ સાથે બાંધેલા હાથી, ઘોડા, રથ વિગેરે પણ દોડવા લાગ્યાં આવું કૌતુક જોઇ જિતશત્રુ રાજા વિસ્મયપૂર્વક વિચારવા લાગ્યો કે આવું આશ્ચર્ય કદી મેં જોયું તો નથી–પણ સાંભળ્યું યે નથી. પછી પૃથ્વીપતિના પેગામથી પ્રધાને જોયું કે, એ ઉદ્યાન કન્યા સાથે દોડતું હતું. બુદ્ધિમાન પ્રધાન વિચારવા લાગ્યો કે ગમે તેમ હોય પણ આ કન્યાનો મહિમા અપૂર્વ લાગે છે તે મંત્રી કન્યા પાસે ગયો અને કહેવા

લાગ્યો, હે મનોહર મુખવાળી કન્યા ! તારી ગાયો હું પાછી લાવી આપું છું. તું દોડતી નહીં કારણકે તારી સાથે વનના દોડવાથી અમારા ભૂપાળ તેમજ સકળ સૈન્ય ભયભીત થાય છે માટે તું પાછી વળ. તારા વળવાથી વન વળશે હાથી ઘોડા અમને મળશે અને સર્વે સૈનિકો શાંત થશે. આ સાંભળી વિદ્યુત્પ્રભાને દયા આવી તેથી તે પાછી ફરી. સાથે સાથે વન પણ મુકામે આવ્યું. નૃપતિના આદેશથી તેના સુભટો ગાયો પાછી લાવ્યા અને સર્વત્ર શાંતિ સ્થપાઈ. પછી પ્રધાને કહ્યું; હે પ્રજાપતિ ! આપે જે અદ્‌ભૂત ઘટના દેખી તે આ કન્યાના માહાત્મ્યનો પ્રતાપ છે. રાજા વીચારે છે કે આ કોઇ સ્વર્ગથી ઉતરેલી દેવી તો નહિ હોય ? અથવા કોઈ નાગ કન્યા હશે ? અસુર કન્યા હશે ? નહીતર જ્યોતિષી દેવી હશે ? પણ રાજાએ થોડી જ વારમાં તેના શારીરિક લક્ષણોથી નિશ્ચય કર્યો કે આ માનુષી જ છે. પણ દેવી નથી. વળી દુર્બળ શરીરના ચિન્હો પરથી એવો નિશ્ચય કર્યો કે તે કન્યા કુમારી જ છે. એમ ધારી કપટ રહિત તે રાજા તેના પ્રતિ અનુરાગી થયો. ભૂપતિના ભાવ જાણી પ્રધાને કન્યાને કહ્યું; હે ભદ્રે, આ જિતશત્રુ રાજા સાથે લગ્ન કરી તારા જન્મને કૃતાર્થ કર. ત્યારે કન્યા શરમાઇ ગઇ. એની દૃષ્ટિ ભૂમિમાં કાંઇક શોધવા લાગી અને નીચા મુખે તે બોલી. હે મંત્રીશ્વર, જે તમે કહો છો તે યોગ્ય છે પણ સ્વમુખે વિવાહની વાતો કુળવતી કન્યાને ન છાજે માટે પાસેના ગામમાં અગ્નિશર્મા નામના મારા પિતા રહે છે. તેમને પૂછો. પછી રાજાની અનુમતિ લઇ તે પ્રધાને, અગ્નિશર્મા પાસે જઈને રાજા માટે તેની કન્યાની માગણી કરી. તે સાંભળી

અગ્નિશર્મા ખુશી થયો. અને કહેવા લાગ્યો હે મંત્રીશ્વર, મારા પ્રાણ પણ રાજાના છે તો પછી કન્યાદિ વસ્તુ હોય તેમાં શી નવાઈ? એક તો બ્રાહ્મણભાઇ એમાં વળી રાજા જેવા જમાઇ થાય પછી પૂછવું જ શું? તે વિપ્ર વિદ્યુત્પ્રભા સાથે રાજા પાસે આવ્યો અને રાજાને આશીર્વાદ આપી ઉચિત આસને બેઠો. પછી બ્રાહ્મણે જે કહ્યું હતું તે પ્રધાને પોતાના રાજાને કહ્યું. એટલે કાળ વિલંબ સહવાને અસમર્થ એવા રાજાએ તત્કાળ ત્યાંજ બ્રાહ્મણની સમક્ષ કન્યા સાથે ગાંધર્વ લગ્ન કર્યા. વિદ્યુત્પ્રભાના મસ્તકે નંદનવન સમાન ઉદ્યાન શોભતું હોવાથી રાજાએ તેનું નામ આરામશોભા પાડ્યું. પછી આ વિપ્ર મારો શ્વસુર થયો છે એ દુઃખી ન થાય એમ વિચારી રાજાએ તેને બાર ગામ બક્ષીસ આપ્યા. પછી રાજાએ આરામશોભાને રાજહસ્તિ પર આરૂઢ કરી. પોતાની પુરી પ્રતિ પ્રયાણ કર્યું, ત્યારે અતિશય શોભાવાળું એ ઉદ્યાન છત્રની પેઠે તેઓની સાથે આકાશમાર્ગે ચાલવા લાગ્યું રાજા શહેર સમીપ પહોંચ્યા પહેલા પ્રધાને નગરને ઉત્તમ રીતે શણગાર્યું, પછી ધૂમ ધામધૂમ પૂર્વક રાણી સાથે રાજાએ નગરમાં પ્રવેશ કર્યો, તે નગરનિવાસી નરનારીઓ પરસ્પર વાતો કરવા લાગ્યા કે આ રાજા ધન્યવાદને પાત્ર છે, અને આ પ્રભાવ તે ખરેખર પૂર્વોપાર્જીત પુણ્યનું જ ફળ છે. તેથીજ રૂપ લાવણ્યોપેત પત્નિ પ્રાપ્ત થઇ છે, વળી કોઈ કહેતું મોટા માંધાતા અને ચક્રિ, વાસુદેવોએ આ પ્રકારની સમૃદ્ધિ પ્રાપ્ત કરી નથી તે આ નૃપતિએ પ્રબળ પુણ્યના પ્રતાપે પ્રાપ્ત કરી છે. વળી તેમના મસ્તકે છત્રાકારે રહેલું નંદનવન સમ ઉદ્યાન કયા જોનાર માણસને આશ્ચર્યમુગ્ધ ન કરે?

કેવળ ઊર્ધ્વ આકાશમાં આધાર વગર રહેલા ફળફૂલથી ફૂલેલા વૃક્ષો માનવ માત્રના મનમાં અચંબો ઉત્પન્ન કરનાર નથી શું ? કોઈ કહેતું કે પૂર્વના પ્રબળ પુણ્યના ઉદયથીજ આ ઉદ્યાનના ફળને પ્રાણી માત્ર પ્રાપ્ત કરી શકે અન્યથા નહીં, આ પ્રમાણે લોકોના વિવિધ વાર્તાલાપ સાંભળતો પોતાની ભાર્યા આરામશોભા સાથે હર્ષિત હૃદયવાળો જિતશત્રુ ભૂપતિ પોતાના મહેલમાં આવ્યો. દિવ્ય પ્રભાવવાળું દેવતાથી નિર્મિત તે ઉદ્યાન પણ રાજાના ભવન ઉપર આકાશમાં સ્થિર થઈને રહ્યું. પોતાની પ્રિયા આરામશોભા સાથે ભોગ ભોગવતાં રાજાએ કેટલોક કાળ લીલા માત્રમાં નિર્ગમન કર્યો. અહીં અગ્નિશર્મા વિપ્રની નવ પરિણીત પત્નિએ એક પુત્રીને જન્મ આપ્યો. અને તે શુકલપક્ષના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામતી અનુક્રમે યુવાવસ્થાને પામી, ત્યારે તેની માતા વિચાર કરવા લાગી કે આ આરામશોભા અવસાન પામે તો તેની બહેન જાણીને તેનામાં આસક્ત મનવાળો જિતશત્રુ રાજા મારી પુત્રીને પરણે. માટે શોકય સરખી શોકયની પુત્રીને કોઇપણ ઉપાયથી મારી નાખું, એમ વિચારી તેણે પોતાના પતિને કહ્યું કે, ‘ હે સ્વામિન્ ! મારૂં એક વચન સાંભળો. આપણે આપણી પુત્રી આરામશોભાને માટે કદી પણ મોદક પ્રમુખ મિષ્ટાન્ન વિગેરે કાંઈ પણ વસ્તુ મોકલી નથી ! ત્યારે અગ્નિશર્માએ કહ્યું કે હે ભદ્રે, આપણી પુત્રીને કશી કમી નથી. તેના પુણ્ય પ્રભાવથી હંમેશ કપૂરના કોગળા કરે છે ! તે સાંભળી સ્ત્રીએ કહ્યું, ‘ હે પ્રાણનાથ ! આપ યોગ્ય કહો છો, પણ માતાપિતાની થોડી વસ્તુ પણ ઋદ્ધિવાળી પુત્રી સદંતર ઇચ્છે છે માટે મોદક જેવી કાંઇ પણ ખાવાની વસ્તુ

મોકલી. પ્રિયાના આવા ગાઢ આગ્રહને વશ થયેલા બ્રાહ્મણે કહ્યું; 'હે પ્રિયા! તારા મનમાં એમ હોય તો મોદક વિગેરે બનાવ. પતિની આજ્ઞા મળવાથી તે દુષ્ટાએ ઉત્તમ પ્રકારના દ્રવ્યોથી સિંહકેસરીઆ વિષમિશ્રિત મોદક તત્કાળ તૈયાર કર્યા. પછી સર્વે મોદકોને એક ઘડામાં ભરી તેનું મોઢું બંધ કર્યું, ત્યારબાદ તે પિશાચણીએ પોતાના પતિને કહ્યું કે, 'આ મોદકોનો ઘડો પુત્રી સિવાય કોઈના હાથમાં સોંપશો નહીં અને કહેજો કે આ મોદકો તુંજ ખાઈ જજે; બીજા કોઈને આપીશ નહીં. કારણ કે જો તું બીજાને આપીશ તો તે લાડવા સારા દ્રવ્યોથી બનાવ્યા ન હોવાથી રાજકુળમાં અમારી હાંસી થશે. બીજું અમે ગામડાના રહેવાસીઓને વળી મોદક બનાવવાની ચતુરાઈ કયાંથી આવડે? ભોળો ભટ્ટ ભાર્યાના કપટને જાણતો ન હતો તેથી તે સીલબંધ ઘડો લઈ ચાલી નીકળ્યો. માર્ગમાં મટકાને માથે મૂકી નિદ્રા લેતો અને વાર-વાર તેના સીલબંધ મોઢાંને જોતો, મંઝીલ કાપતો તે બ્રાહ્મણ અનુક્રમે નગર સમીપે આવી પહોંચ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં એક મોટું વડનું વૃક્ષ આવ્યું તેની શીતળ છાયા જોઈ માર્ગમાં ચાલતાં અતિશ્રમથી થાકી ગયેલો તે વિપ્ર વિશાળ વડ વૃક્ષ નીચે વિશ્રામના સબબથી સૂતો. આ તરફ પેલા નાગકુમારે અવધિજ્ઞાનથી બ્રાહ્મણને સૂતેલો જોઈ વિચાર કર્યો, કે આ બ્રાહ્મણ નગરમાં શા માટે જાય છે? તેણે જાણ્યું કે આરામ-શોભાની અપર માતાએ એને વિષમિશ્રિત મોદકોથી મારવા માટે આ બ્રાહ્મણને મોકલેલ છે. પરંતુ એ પુત્રીનો પિતા હું પોતે મૌજુદ છું. અને પૂર્વોપાર્જીત પ્રબળ પુણ્યના પ્રતાપે તેનું અકાળે મૃત્યુ કેમ થશે? તે કન્યાએ પૂર્વ ભવમાં બહુ પુણ્ય

મેળવેલું છે. માટે એને કોઈ મારવાને સમર્થ નથી એમ વિચારી નાગકુમાર દેવતાએ ઘડામાંથી વિષમિશ્રિત મોદકોનું હરણ કરી બીજાં અમૃત સમાન સ્વાદવાળા દિવ્ય મોદકો મૂકયા. પછી બ્રાહ્મણ નિદ્રામાંથી જાગ્યો ઘડો લઈ રાજ-દ્વારે આવ્યો. દ્વારપાળ સાથે સંદેશો કહેવડાવ્યો. પછી પ્રતિહારે પ્રજાપતિને પ્રાર્થના કરી કે હે નાથ, આરામશોભાના પિતા રાજદ્વારે આવ્યા છે. અને એ આપના દર્શનની ઇચ્છા રાખે છે. અગર આપની આજ્ઞા હોય તો આપની સમક્ષ તેડી લાવું. ત્યારે રાજાએ પુછયું, શું અગ્નિશર્મા પોતે આવ્યા છે? તેમને જલ્દી માનપૂર્વક તેડી લાવો. તુરતજ દ્વારપાળ ગયો તેને તેડી લાવ્યો. અગ્નિશર્માએ રાજાને આશીર્વાદ આપ્યા. પછી ઘડો તેમની સમક્ષ મૂકી ઉચિત આસને બેઠો. રાજાએ પ્રથમ કુશળ પ્રશ્ન પૂછીને પછી કહ્યું; હે દ્વિજ, તમે આ ઘડામાં શું લાવ્યા છો? વિપ્રે કહ્યું મહારાજ, તેની માતાએ મોહવશથી આરામશોભા માટે ઉત્તમ પ્રકારના મોદકો મોકલ્યા છે. રાજા ખુશ થયો અને તેણે તે ઘડો આરામશોભાના મહે-લમાં મોકલી આપ્યો. અને વિપ્રનો વસ્ત્રાભૂષણથી સત્કાર કર્યો પછી હર્ષિત હૃદયવાળો રાજા રાણીના મહેલમાં આવ્યો અને રાણીએ આપેલા આસન પર આરૂઢ થયો ત્યારે આરામશોભા રાણીએ પૂછયું કે હે સ્વામિન્, ઇચ્છા થાય છે કે ઘડો ઉઘાડું. આપ અનુમતિ આપશો? ત્યારે રાજા બોલ્યો, હે માનિની? આ સ્થાનકે સ્વામિ સેવક ભાવ નથી. સ્વેચ્છાએ તેને ઉઘાડ. રાણીએ જ્યાં ઘડો ઉઘાડયો ત્યાં ન વર્ણવી શકાય તેવી સુગં-ધીની છોળો છૂટી. અને આખા આવાસને સુવાસમય કરી દીધો. રાજા મોદકો જોઈ વિચારવા લાગ્યો, કે આ મોદકો

અમૃતના રસથી બનાવેલા છે કે કોઈ દેવ સાનિધ્યથી ? પછી રાજાએ આરામશોભાને કહ્યું કે હે સુવદનિ ! દુનિયામાં કદી ન મળેલા આ મોદકો તારી બહેનોને આપ. પતિદેવની આજ્ઞા પ્રમાણે પોતાના કોમળ કરથી એ લાડવા પોતાની બહેનોને આપ્યા. મૃત્યુ લોકમાં મળવા દુર્લભ એવા તે મોદકોને બાધા પછી આરામશોભાની શોકયો તેની માતાના વખાણ કરવા લાગી. અનેરી ચતુરાઈ છે. આરામશોભાની માતાની કે જેણે પોતાની ચતુરાઇથી અમૃત રસના જ મોદકો બનાવેલા જણાય છે. વિદાય વખતે વિપ્રે રાજાને કહ્યું; હે દેવ મારી પુત્રીને મારા ઘેર થોડાં દિવસ માટે મોકલો. તેની માતાનું તેને દર્શન થશે. ત્યારે રાજાએ હસીને કહ્યું; હે ભદ્ર ! જરૂર તમે સરળ સ્વભાવી લાગો છો તમને ખબર નથી કે રાજાની સ્ત્રીઓ સૂર્યને પણ જોઈ શકતી નથી. તો પછી મોકલવાની તો વાત જ શી ? પછી બ્રાહ્મણ વિદાય લઈ ઘેર આવ્યો. અને બધી હકીકત પોતાની પત્નીને કહી. તે દુષ્ટ અધ્યવસાયવાળી બ્રાહ્મણી મનમાં બોલી. ધિક્કાર હો ! ધિક્કાર હો ! મારી બુદ્ધિને. મેં વિચાર્યું હતું કે થોડું વિષ નાખવાથી પણ માણસ મૃત્યુને ભેટે છે. પહેલાં બબર હોત તો.....પણ ચાલો કાંઈ વાંધો નહીં. હવે હું ઉગ્ર વિષ નાખી ઉત્તમ પકવાન્ન બનાવી મોકલીશ, કે જેથી તે તત્કાલ મરણનું શરણ સ્વીકારે. પછી તે દુષ્ટાએ ઉગ્ર વિષમિશ્રિત પકવાન્ન તૈયાર કરી પહેલાંની જેમ સીલબંધ કરી પોતાના પતિને સોંપ્યું. અને કહ્યું; હે પ્રાણ વલ્લભ ! આ ઘડો પણ પુત્રીને આપી આવો. અહો દુષ્ટ દુરાત્માઓનો દુરાચાર દુનિયામાં દેખવા જેવો હોય છે. ક્રમે કરીને બ્રાહ્મણ તો જ વડવૃક્ષના મૂળમાં થાક ઉતારવાના સબબથી સૂતો અને

નિદ્રાદેવીના વશ થયો. પહેલાંની માફક દેવતાએ વિષમિશ્રિત પકવાન્નનું અપહરણ કરી બીજું દિવ્ય પકવાન્ન દાખલ કર્યું. બ્રાહ્મણ જાગ્યા પછી રાજમંદિરે ગયો અને મિષ્ટાન્નનો ઘડો રાજાને અર્પણ કર્યો તેથી તેણે વધારે યશ પ્રાપ્ત કર્યો.

ત્યાંથી પાછો ફરી બ્રાહ્મણ ફરતો ફરતો અનુક્રમે સ્વસ્થાનકે આવ્યો સર્વ હકીકત પોતાની પ્રિયાને કહી. તે સાંભળી તેને અત્યંત ખેદ થયો અને એ દુષ્ટા વિચારવા લાગી, અહો! આ તે શું કહેવાય? ગજબની વાત છે કે જીવોપહારી દ્રવ્યથી પણ તે મરતી નથી માટે હવે તો તાલકૂટ વિષમિશ્રિત પકવાન્ન કરી પહોંચાડું એમ વિચારી તેણે ફરી વિષમિશ્રિત પકવાન્ન બનાવ્યું અને પહેલાંની માફક સીલબંધ કરી પોતાના પતિને કહ્યું કે હે પ્રાણેશ! તમે આ વખતે પુત્રીને સાથેજ તેડતા આવશો. કદાચિત્ રાજા પુત્રીને ન મોકલે તો તેને તમારું બ્રહ્મતેજ દેખાડજો.

આ પ્રમાણે શંખણીની શિખામણ સાંભળી બ્રાહ્મણ ઘડો લઇ ચાલતો થયો. ભવિતવ્યતાના યોગે અનુક્રમે તે વિપ્ર તે જ વિશાળ વૃક્ષની છાયામાં વિશ્રામ હેતુથી સૂતો સૂતાંની સાથે શ્રમને લીધે તેને નિદ્રા આવી ગઇ. અને દેવતાએ વિષમિશ્રિત દ્રવ્યનું અપહરણ કરીને ઉત્તમ દ્રવ્યના પકવાન્ન ઘડામાં ભરી દીધાં બ્રાહ્મણે રાજદ્વારે પહોંચી મિષ્ટાન્નથી ભરેલો ઘડો રાજાને સુપ્રત કર્યો તેથી વિપ્રનો યશ વધારે વિસ્તાર પામ્યો. પછી બ્રાહ્મણે રાજાને કહ્યું:—હે રાજેન્દ્ર, મહેરબાની કરી મારી પુત્રી જે ગર્ભવતી છે તેને મારે ઘરે મોકલો. કારણકે, "લોકોમાં એમ કહેવાય છે કે પુત્રીનો પહેલો પ્રસવ પિયરમાં જ થાય" ત્યારે રાજાએ કહ્યું; હે વિપ્ર! આજ બોલ્યા

તેવું ફરીથી બોલશો નહીં કારણકે રાજસ્ત્રી પોતાના પિતાને ઘેર બાળકનો જન્મ આપે એવું ન બને. રાજાના વચન સાંભળી બ્રાહ્મણે છરી કાઢી પોતાના પેટ ઉપર મૂકી. અને રાજાને કહ્યું અગર આપ મારી પુત્રીને નહિ મોકલો તો હું નિશ્ચય અહીં જ મરીશ અને બ્રહ્મહત્યા આપને આપીશ. પછી પ્રધાનોએ પ્રાર્થના કરી; હે પ્રભો ! આ બ્રાહ્મણનું ચસકયું લાગે છે તેથી તે નિશ્ચય બ્રહ્મહત્યા આપશે માટે દેવીજીને આની સાથે મોકલો પછી રાજાએ મોટી સેના અને સામગ્રી સાથે આરામશોભાને રવાના કરી. અહીં આગળ બ્રાહ્મણીએ પોતાની પુત્રીને એક ભોંયરામાં સંતાડી દીધી. અને ઘરના પાછલા ભાગમાં એક મોટો કૂવો ખોદાવી તૈયાર રાખ્યો. અગ્નિશર્મા બ્રાહ્મણ અને આરામશોભા ઘણી ઋદ્ધિસિદ્ધિ સાથે પોતાના ઘેર આવ્યા. જેના મસ્તકે સદાય છત્રની પેઠે ઉદ્યાન રહે છે. તેવી આરામશોભા પિતાના ઘરમાં સુખપૂર્વક રહેવા લાગી.

જેમ છીપમાં સ્વાતિક નક્ષત્રના યોગથી મોતી ઉત્પન્ન થાય તેમ આરામશોભાને ઉત્તમ દેવસમાન પુત્રનો પ્રસવ થયો. એક દિવસ દાસી વિગેરે સેવકો ઘરમાં હાજર ન હતાં એવામાં આરામશોભા દિશાએ જવા માટે ઓરમાન માતાની સાથે ઘરની પાછળના ભાગમાં આવી. ત્યાં કૂવો જોઇ તેણે પૂછ્યું; હે માતા ! આ કૂવો અહીં શા માટે ખોદાવ્યો છે ? ત્યારે દુષ્ટાએ કહ્યું "હે પુત્રી ! આ કૂવો તારા માટે ખોદાવ્યો છે કારણકે તારે મીઠું પાણી લેવા દૂર જવું પડે છે, અને તારે ઘણા દાસદાસી હોવાથી મને બહુ બીક રહે છે. કોણ જાણે કોનું હૃદય કયારે બગડે ? પાસે કૂવો હોય તો ચિંતા

ન રહે માટે મેં આ કૂવો ખોદાવી તૈયાર રખાવ્યો છે સરળ અને શાંત સ્વભાવવાળી આરામશોભા માતાની દીર્ઘદૃષ્ટિ ને દુષ્ટબુદ્ધિ ન જાણવાથી કૂવા પાસે જઈ નીચું મોં કરીને કૂવો જોવા લાગી. લાગ જોઈને વેરણે તેને કૂવામાં ઉથલાવી પાડી, કૂવામાં પડતાં પહેલાં પૂર્વે વરદાન આપેલા દેવનું સ્મરણ કર્યું તેથી તત્કાળ દેવે ત્યાં આવી તેને ઝીલી લીધી અને તે દેવતા વિપ્ર પત્નીને તેના પાપકર્મનો બદલો આપવા તૈયાર થયો ત્યારે આરામશોભાએ તેને શાંત પાડ્યો. કારણકે ઉત્તમ પુરુષો ગમે તેવી સ્થિતિમાં હોવા છતાં પોતાની સજ્જનતા છોડતા નથી.

પછી નાગકુમાર દેવે કૂવામાં એક પાતાળગૃહ તૈયાર કરાવ્યું. તેમાં આરામશોભા નિવાસ કરવા લાગી. ઉદ્યાન પણ તેની પાછળ કૂવામાં ઊતર્યું. હવે અહીં આગળ વિપ્રાએ પોતાની સાચી કન્યાને આરામશોભાના વસ્ત્રાભૂષણથી વિભૂષિત કરી, પલંગ ઉપર બેસાડી એટલામાં વિરૂપદાસી વર્ગ ત્યાં આવી પહોંચ્યો દાસીઓ ઓછા લાવણ્યવાળી, તેજહિન વર્ણવાળી, અપ્રમાણ શરીરવાળી તેમજ વિચિત્ર નેત્રવાળી, બનાવટી રાણીને આરામશોભા જાણી પૂછવા લાગી. હે મહારાણી, તમારું શરીર શોભા વિનાનું કેમ દેખાય છે. ત્યારે કૃત્રિમ મહારાણી રૂપ બ્રહ્મપુત્રીએ કહ્યું, હે મહાભાગ ! હું નથી જાણતી કે મને શો રોગ લાગુ પડ્યો છે. કે જેથી મારૂં રૂપ વિગેરે સર્વ ચાલ્યું ગયું. આ સાંભળી કેટલીક તેની મા પાસે દોડી ગઈ અને સર્વ હકીકત નિવેદન કરી, કપટના કરંડિયા જેવી તે વિપ્રા છાતી કૂટતી ત્યાં આવી અને વિલાપ કરવા લાગી. હાય, હાય ? મારી મહેચ્છાઓ નાશ થઈ. હે પુત્રી તને આ શું થઈ ગયું ? હે પુત્રી, તને આવો રોગ

શાથી થઇ ગયેા ! કેાઇની નજર લાગી અથવા કેાઇ જાતનેા વાયુ વિકાર થયેા છે કે પ્રસૂતિ–રેાગ થયેા છે. હે પુત્રી, તારા ઉપર તેા મેં કંઇક મનેારથેા સેવ્યાં હતાં પણ હવે બધાં નિષ્ફળ થયાં. વળી તે માયાવીએ ઘણાં ઉપચારેા કર્યા અને કપટપૂર્વક વિલાપ સાથે ઔવારણાદિ અનેક ઉપાયના અભિનય કર્યા પણ કાંઈ ફેર પડયેા નહીં. કારણકે સાચું સ્વરૂપ કેમ નાશ પામે ? પાટલીપુત્રના મહારાજા જિતશત્રુનેા પ્રધાન આરામશેાભાને લેવા માટે સ્થળાશ્રય ગામમાં આવ્યેા. અને બનાવટી આરામશેાભાને દાસદાસી સાથે લઇ પાટલીપુત્રનેા રસ્તેા લીધેા. રસ્તામાં દાસીઓએ પૂછ્યું; હે રાણી સાહેબા, આપની સાથે ઉદ્યાન કેમ આવતું નથી ? ત્યારે તે બેાલી કે એ તેા કૂવામાં પાણી પીવા ગયું છે તમે આગળ ચાલેા, એ પાછળથી આવશે. આ સાંભળી બધેા પરિવાર ખેદ પામતેા આગળ ચાલ્યેા. અનુક્રમે કૃત્રિમ આરામશેાભા નગર નજીક પહેાંચી. પેાતાની પટ્ટરાણીના પ્રવેશ નીમિત્તે રાજાએ મેાટેા ઉત્સવ કર્યેા. જિતશત્રુ રાજા દેવકુમાર જેવા રૂપધારી પુત્રને જોઇને ખુશ થયેા. અને રાણીને જોઇ ખેદ પામવા લાગ્યેા તેથી તેણે પૂછ્યું; હે દેવી ! આ શું થયું છે ? તે બેાલી, મને શરીરે કાંઇક રેાગ લાગુ થયેા છે તેથી મારા શરીરની દુર્દશા થઇ છે. રાજા ખેદ પામ્યેા, તેણે જોયું તેા નંદનવન પણ ન દેખાયું, તેણે ફરી પૂછ્યું કે હે દેવી, નંદનવન જેવું દિવ્ય ઉદ્યાન કેમ દેખાતું નથી ? તેણે કહ્યું; હે સ્વામિન્ ! કૂવામાં પાણી પીવા ગયેલ છે પણ જ્યારે હું તેને બેાલાવીશ ત્યારે તે અહીં આવશે. આવા વિચિત્ર વચનેા સાંભળી રાજા વિચારવા લાગ્યેા કે આ આરામશેાભા પહેલાં હતી તે છે કે

કોઇ અન્ય છે; આમ શંકાશીલવૃત્તિવાળો રાજા આરામશોભા સંબંધી લેશમાત્ર પણ સુખ ન પામ્યો, છતાં પરીક્ષા માટે તેણે આરામશોભાને કહ્યું; હે પ્રિયે, ઉદ્યાનને અહીં બોલાવ. બનાવટી રાણીએ કહ્યું; "એ તો અવસરે બોલાવીશ." આવાં વચનો સાંભળી રાજાએ નિર્ણય કર્યો કે આ સ્ત્રી અસલ આરામશોભા લાગતી નથી કોઇ અન્ય જ છે.

આ બાજુ સાચી આરામશોભા કૂવાનાં પાતાળ-ગૃહમાં સુખપૂર્વક રહે છે. પણ પુત્રના વિયોગથી તે અત્યંત દુઃખી છે. એક દિવસ તેણે દેવતાને કહ્યું; હે તાત! હવે મારાથી પુત્રનો વિયોગ સહન થતો નથી માટે આપ એવું કાંઈ કરો કે જેથી હું મારા પુત્રનું મુખ જોઉં. દેવે કહ્યું કે હે પુત્રી, એક શરત તારે માન્ય રાખવી પડશે. તે બોલી કહો મહારાજ, ત્યારે દેવે કહ્યું; "સુર્યોદય પહેલાં તું પાછી પોતાળગૃહે આવી જજે." અગર તું નહીં આવે તો આજ પછી હું કયારે પણ દર્શન નહીં આપું વળી તારા અંબોડાની વેણીમાંથી નીચે પડતો મરેલો સર્પ તારા જોવામાં આવે ત્યારે તારે સમજવું કે ભવિષ્યમાં મારા દર્શન તને થશે નહિ. આરામશોભાએ તે સર્વ મંજુર કર્યું એટલે દેવતાએ પોતાના પ્રભાવથી તેને તેના પુત્ર પાસે પહોંચાડી. આરામ-શોભાએ ત્યારપછી પુત્રને ખોળામાં ખૂબ રમાડ્યો અને પુત્રને તેના સ્થાને સૂવડાવી ઉદ્યાનમાં જઈને ફળ ફૂલ વિગેરે તોડી લાવી પુત્રની આજુબાજુ મૂકયાં અને સાચી રાજપત્ની પોતાના પાતાળ ગૃહમાં પાછી વળી, પ્રભાતે ધાવ માતા કુંવરની આજુ-બાજુ દિવ્ય ફળફૂલ જોઈ નવાઈ પામી. અને સર્વ હકીકતથી

રાજાને વાકેફ કર્યો. રાજાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેણે કૃત્રિમ પટ્ટરાણીને પૂછ્યું; હે પ્રિયે, આ બધું શું છે? તેણે કહ્યું; હે સ્વામિન્, રાત્રે મેં ઉદ્યાનનું સ્મરણ કર્યું હતું. અને ફળફૂલ તોડીને અહીં લાવી હતી. રાજાએ કહ્યું; જો એમ હોય તો ઉદ્યાનને હમણાં સત્વર બોલાવ. રાણીએ કહ્યું; હું તેને રાત્રીએ લાવી શકું પણ દિવસે લાવવાનું કાર્ય મારાથી અશકય છે. પ્રિયાના આવા વચન સાંભળી વિદ્વાન રાજાએ વિચાર્યું કે ઉતાવળમાં અનર્થ થશે કાલે વાત. એમ વિચારી પોતાના મહેલમાં ગયો. બીજે દિવસે પણ પુત્રની એજ અવસ્થા જોઈ તે ત્રીજે દિવસે ઉઘાડી તલવાર લઈ દિવાલની બોથમાં સ્વસ્થતાથી ઊભો રહ્યો. રાત ઘોર અંધકારથી ભરેલી હતી. નગરનિવાસીઓ નિદ્રાધીન બની નિદ્રાદેવીના બોળામાં સૂતાં હતાં દૂર દૂર શિયાળ, ઘુવડ તથા ચીબરીના ચિત્કાર સંભળાતાં હતાં; કોઈક કૂતરાંઓ ભસતાં હતાં અર્ધરાત્રીના સુમારે તે રાજાએ દિવ્યવન સાથે પોતાની સાચી સખીને સર્વ ક્રિયા કરતી જોઈ અને મનમાં નિશ્ચય કર્યો કે આ જ મારી સાચી આરામશોભા છે. આમ વિચારે છે તેવામાં તે જલ્દીથી ચાલી ગઈ. સવારે ક્રોધના આવેશમાં આવી જઈને રાજાએ રાણીને કહ્યું; હે ભદ્રે! તું હમણાંજ ઉદ્યાનને બોલાવ. નહીંતર તારી દુર્દશા થશે. આવા રાજાના વચનો સાંભળી તેનું મુખ શ્યામ પડી ગયું—સાવ તેજ રહિત થઈ ગયું અને ધડકતી છાતીએ તે વિચારવા લાગી કે વારંવાર રાજાને હું શું જવાબ આપું? ખરેખર મારાં પુણ્ય પરવાર્યા છે. તે કાંઇ બોલી નહીં. કદાગ્રહ—રહિત રાજા જતો રહ્યો. અને રાત્રે સુસજ્જ થઈ પહેલાંની માફક ઊભો રહ્યો. અર્ધરાત્રીએ

પાછી આરામશોભા આવી. હમેશ મુજબ ક્રિયા કરીને પાછી જવા લાગી ત્યારે રાજાએ ઝડપથી તેને પકડી લીધી. અને કહ્યું કે હે દેવી, નિષ્કપટ તારા સ્નેહને વશ એવા મને શા માટે છેતરે છે? આરામશોભાએ કહ્યું; હે સ્વામિન્! આપને છેતરવાનું મારે કોઈ પ્રયોજન નથી. પરંતુ કાંઈ કારણ છે. રાજાએ પૂછયું; "શું કારણ છે?" તે મને સત્વર કહે. રાણીએ કહ્યું કે આજે નહીં પણ કાલે આપને જરૂર કહીશ. માટે હમણાં મને જવા દો. આમ રાણીએ ઘણું ઘણું સમજાવ્યા છતાં રાજાએ તેને પકડી રાખી, અને સસ્નેહભરી લાગણીથી કહેવા લાગ્યો. હે ભદ્રે કયો મૂર્ખ માણસ હાથ આવેલા ચિંતામણિ રત્નને જતું કરે? માટે હે પ્રિયે! શંકા વગર કારણ જણાવ, આરામશોભાએ કહ્યું હે પ્રાણેશ? કારણ સાંભળી આપ પશ્ચાત્તાપ પામશો રાણીએ ઘણું સમજાવ્યાં છતાં રાજાએ લીધી વાત મૂકી નહીં, છેવટે આરામશોભાએ પોતાની ઓરમાન માતાના ચરિત્રની વાત શરૂ કરી. આ વાત ચાલતી હતી તેવામાં સૂર્યોદય થયો કે તરત જ તેનો અંબોડો પણ છૂટી ગયો તેને સરખી રીતે બાંધવા જાય છે તેવામાં મરેલો સર્પ ભોંય પર પડ્યો આ જોઈ હે પ્રિય! હે પિતા! આ નિર્ભાગ્ય બાળાને શા સારૂ ત્યજી? આમ વિલાપ કરતી વજ્રઘાતની માફક રાણી તત્કાળ મૂર્છા પામી પૃથ્વી પર પડી. શીતળ વાયુ વારિના ઉપચારથી સચેતન થયેલી રાણીને રાજાએ પૂછયું હે પ્રિયે! તું શા માટે ખેદ કરે છે? રાજાના પૂછવાથી આરામશોભાએ અથ થી ઈતિ સુધીની નાગકુમાર વિષેની સર્વ હકીકત સંભળાવી. તે સાંભળી રાજાએ દુઃખ અને સુખનો અનુભવ કર્યો પછી

ક્રોધથી છંછેડાયેલો જિતશત્રુરાજાએ કૃત્રિમ રાણી પાસે આવીને તેને દોરડાથી બાંધી અને ચામડાના ચાબુકનો ચમત્કાર ચખાડવાની તૈયારી કરી, તેટલામાં અસલ આરામશોભા આવી રાજાના પગમાં પડીને કહેવા લાગી કે હે દીનાનાથ, મારું એક વચન માનો અને તે મારી ભગિનીને કૃપા કરી મુક્ત કરો. ત્યારે નીતિનિપુણ રાજાએ કહ્યું; હે દેવી! તારું વચન ઉલ્લંઘવાને હું અસમર્થ હોવાથી આને છોડી મૂકું છું નહીં તો આ તારી માયાજાળ જેવી બહેનના બન્ને હાથ, કાપી કેંકી દેવાને લાયક છે. ત્યારપછી રાજાએ સુભટોને હુકમ કર્યો કે સ્થળાશ્રય–નગરમાં જલ્દી જાવ, પેલા કુબુદ્ધિ બ્રાહ્મણને કેદ કરી, તેની સ્ત્રીને નાક, કાન બિ. કાપી દેશપાર કરો. રાજાની આજ્ઞા સાંભળી તેઓ તૈયાર થયા. આરામશોભાને આથી દયા આવી, તે કહેવા લાગી કે "હે પ્રભો! ગમે તેમ હોય પણ તે મારી માતા છે માટે આપ માફ કરો. કૂહાડાથી કપાતું ચંદનવૃક્ષ કૂહાડાના મુખને સુગંધિત કરે છે. તેવી રીતે સજ્જન પુરૂષો ગમે તેવી સ્થિતિમાં મૂકાયા હોવા છતાં પોતાની સજ્જનતાને છોડતા નથી." પછી રાજાના કહેવાથી અનુચરો પાછા વળ્યાં.

ત્યારબાદ તેઓએ કેટલોક કાળ અતિ ગાઢ સ્નેહથી વિષયસુખ ભોગવતાં સુખમાં પસાર કર્યો. એક દિવસે રાણીએ રાજાને કહ્યું કે, હે દેવ! જો કોઈ જ્ઞાની પુરુષ મારા પુણ્ય પ્રતાપે પધારે તો બહું સારુ થાય. નૃપતિએ પૂછ્યું. કેમ કાંઈ સંશય છે? આરામશોભા બોલી; હે સ્વામિન્! હું પૂર્વે બહુ દુઃખી હતી અને પછી ખૂબ સુખી થઈ પાછી વળી

દુઃખી શા માટે થઈ અને કયા કારણથી મને ફરી સુખ સાંપડયું ? આ મને મોટો સંશય છે તેથી મહાન્–જ્ઞાની ગુરૂ આવી ચડે તો મારાં પૂર્વોપાર્જિત કર્મો પૂછું. એ સાંભળી રાજા બોલ્યો, હે પ્રિયે ! જો ખરેખર જ્ઞાની પુરુષ આપણા ગામમાં પધારે તો આપણે કૃતાર્થ થઇએ. આ પ્રમાણે બન્ને આત્માઓ વિચારે છે તેવામાં અતિ આનંદ અને સુખ ઉપજાવનારાં વચન સંભળાયા. હે સ્વામિન, નંદનવન નામના ઉદ્યાનમાં અનેક મનુષ્યો અને વિદ્યાધરોથી પૂજાતા પાંચસે મુનિઓના પરિવારવાળાં, જેમનો મહિમા દશે દિશામા ફેલાયેલો છે. એવા શ્રી **વીરભદ્ર** નામના આચાર્ય ભગવંત બિરાજમાન છે–આ પ્રમાણે વનપાલકે વધામણી આપી. તે સાંભળી વનપાલકને ઘણું દાન આપી સંતુષ્ટ કર્યો. ત્યારપછી રાજાએ રાણીને કહ્યું કે તારા મનની મુરાદો પાર પડી. પછી અંતઃપુર સહિત રાજા વંદન કરવા ઉદ્યાનમાં ગયો. ત્રણ પ્રદક્ષિણા પૂર્વક પંચાંગ પ્રણિપાત કરી ધર્મશ્રવણ કરવા બેઠાં. ત્યારપછી ભવ્યજીવોના પાપરૂપ અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન શ્રી વીરભદ્રસૂરિજીએ આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યોઃ—

હે ભવ્યજીવો, ધર્મથી સુખસંપતિ, સૌભાગ્યતા, નિરોગીતા, લાંબુ આયુષ્ય ઉચ્ચકુળમાં જન્મ, દિવ્યરૂપ, અનુપમ યૌવન, સશક્ત શરીર અને લોકોમાં કીર્તિ એ સઘળું આ લોકમાં જ પ્રાપ્ત થાય છે. વળી પરભવમાં સ્વર્ગ અને મોક્ષસુખની પ્રાપ્તિ પણ ધર્મથી જ થાય છે. માટે તમે ધર્મને આદર સહિત અનુસરો. સૂરિવરની દેશના સાંભળ્યા પછી

આરામશોભા પટ્ટરાણીએ પૂછ્યું, હે ભગવન્! મેં પૂર્વભવમાં કેવા કર્મો કર્યાં હતાં અને મારા મસ્તકે છત્રરૂપે ઉદ્યાન શા માટે રહેતું ? તે કહો. સૂરિજીએ કહ્યું; હે નારિ ! હું તારો પૂર્વભવ કહું છું માટે સ્વસ્થ ચિત્તે સાંભળઃ—

આ ભરતક્ષેત્રને વિષે ઇન્દ્રપુરીને શરમાવે તેવી **ચંપા-નગરી** નામે નગરી હતી. તેમાં કુબેર જેવો સંપત્તિવાળો **કુલધર** નામે વણિક વસતો હતો. તેને શીલ લાવણ્યોપેત અને ઉત્તમ ગુણોથી કુળને આનંદ આપનારી **કુલનંદા** નામની સ્ત્રી હતી. તેને અનુક્રમે સૌંદર્યની પ્રતિમા જેવી સાત પુત્રીઓ હતી.. તેઓના નામ (૧) **કમલશ્રી** (૨) **કમલવતી** (૩) **કમલા** (૪) **લક્ષ્મી** (૫) **સરસ્વતી** (૬) **જયમતી** (૭) **પ્રિયકારિણી** આ પ્રમાણે હતાં. તે કન્યાઓ ઘાર્યા સુખનો અનુભવ કરતી હતી. કારણ કે તે સાતે પુત્રીઓને સારા શેઠીઆઓ જોડે પરણાવી હતી. શેઠને ઘેર એક આઠમી પુત્રી થઇ ત્યારે તેના જન્માવસરે તેના માતાપિતાને ઘણું દુખ થયું તેથી તેનું નામ પણ પાડ્યું નહીં. અનુક્રમે તે બાળા ઉંમરલાયક થઇ પણ શેઠે તેના લગ્ન ન કર્યાં. સર્વ નાતભાઇઓએ ભેગા થઈ શેઠને કહ્યું; હે શેઠ ! તમારી પુત્રી હવે યુવાવસ્થાને પામી છે. માટે તમારે તેને જલ્દી પરણાવવી જોઇએ મૂર્ખપણાને મૂકી દઇને વિચારો, કે નહિ પરણાવેલી કન્યા શું કુળને કલંકિત નથી કરતી ? સ્વજનોના આવાં વચનો સાંભળી પુત્રીને પરણાવવાનો કુલધર શેઠે વિચાર કર્યો. અને ચિંતવવા લાગ્યો કે પુત્રી જેવો જ કોઈ વણિકપુત્ર મળી જાય તો તેને આ આઠમી પુત્રી પરણાવી દઉં. એક દિવસ કુલધર શેઠ પોતાની પેઢીએ

બેઠા હતા તેવામાં ચિંતેલો એક મલિન વસ્ત્ર અને મેલા શરીરવાળો કોઇ પરદેશી વણિક પુત્ર તેની દુકાને આવ્યો. શ્રેષ્ઠિએ પૂછ્યું; તું કોણ છે? કયાંથી આવે છે? તું કયાંનો રહેવાસી છે? અને શા માટે અહીં આવ્યો છે? તે બોલ્યો, હું **કોશલપુર** નગરનો રહેવાસી છું. મારા પિતાનું નામ **નંદીસેન** મારું નામ **નંદન** છે અને મારી માતાનું નામ **સોમા** છે હું ગરીબ થઇ જવાથી પૈસા પેદા કરવા ઉડદેશમાં ગયો હતો. પણ ગરીબાઈ મારી પાછળ હતી. કારણ કેઃ—

" आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निषद्यमानस्य, चराति चरतो भगः ॥ "

બેસેલાનું ભાગ્ય બેસે છે અને ઊભેલાઓનું ભાગ્ય ઊભુ રહે છે. સુતેલાનું ભાગ્ય સૂવે છે. તેમ જ ચાલનારનું ભાગ્ય સાથે જ ચાલે છે. તેમ મારું કર્મ જે પૂર્વે કરેલું હતું તે પણ સાથે જ આવ્યું તેથી હું ધન પ્રાપ્ત ન કરી શક્યો. અને અહંકારને લીધે મારા દેશમાં પણ ન ગયો. આ દેશના શ્રેષ્ઠિ કે જેમનું નામ **વસંતદેવ** છે તેઓ ઉડદેશમાં વસે છે. તેમણે **શ્રીદત્ત** નામના શેઠ ઉપર કાગળ લખી મને અહીં એમની સેવા કરી આજીવિકા ચલાવવા મોકલ્યો છે. તેથી હું આ દેશમાં જ બીજાની સેવા કરી ગુજરાન ચલાવીશ. માટે હે ભાગ્યશાળી, તે શ્રીદત્ત શેઠનું ઘર કયાં છે? તે કૃપા કરી કહો, કે જેથી હું તેમને કાગળ આપું. નંદનના આવા વચનો સાંભળી કુલધર શેઠ વિચાર કરવા લાગ્યો કે આ વણિકપુત્ર મારી પુત્રીને યોગ્ય છે, કારણ કે " એ વણિક,

ધનરહિત અને પરદેશી છે. વળી અભિમાની પણ છે. જો આની સાથે પુત્રીને પરણાવી હોય તો તે પાછી પણ આવી શકશે નહીં આમ વિચારી એણે વણિકપુત્રને કહ્યું, હે નંદન, તારા પિતા મારા મિત્ર છે. માટે તું શ્રીદત્તને કાગળ આપી તુરત જ મારે ઘેર પાછો આવજે. વણિકપુત્રે કબુલ કર્યું. પછી કુલધર શેઠે શ્રીદત્ત શેઠનું ઘર બતાવવા તેની સાથે એક માણસને મોકલ્યો. વણિકપુત્ર નંદન શ્રીદત્ત શેઠને કાગળ આપી પાછો કુલધર શેઠને ઘેર આવ્યો. એટલે શેઠે તેને સ્નાન કરાવી, સારાં કપડાં પહેરાવ્યાં. પછી ભોજન કરાવીને કહ્યું કે હે નંદન, તું મારી પુત્રી સાથે લગ્ન કર જેથી કરીને તારાં પિતાની તેમજ મારી સ્નેહગાંઠ મજબૂત સાંકળ જેવી બંધાય. નંદને કહ્યું, મારે આજે કોઇપણ રીતે ઉડદેશ જવાનું છે. તો પછી પરણું શી રીતે ? શેઠે કહ્યું; તું શા માટે ચિંતા કરે છે ? મારી પુત્રીને સાથે લઇ જા. આજીવિકા પૂરતું દ્રવ્ય હું તને મોકલી આપીશ. નંદને તે વાત મંજુર કરી. એટલે કુલધર શેઠે પોતાની પુત્રીને તેની સાથે પરણાવી.

પોતાના શ્વશુરની અનુમતિ મેળવી તેણે પત્ની સાથે ઉડદેશ જવા પ્રયાણ શરૂ કર્યું. રસ્તામાં ચાલતાં ચાલતાં તે ઉજ્જયિની નગરીમાં આવી પહોંચ્યો. અને રાતવાસો એક દેવ-મંદિરમાં રહ્યો. રાત્રે સૂતાં સૂતાં તે વિચાર કરે છે કે સસરાએ આંધી આપેલ ભાથું મારી સ્ત્રીના ધીરે ધીરે ચાલવાથી ખૂટી ગયું હશે માટે મારે હવે શું કરવું ? વળી પાછી મારે ભિક્ષા માગવી પડશે. તેથી આ સ્ત્રીને અહીં સૂતી મૂકીને જ મારો પ્રવાસ શરૂ કરૂં. આમ વિચારી વણિકપુત્ર નંદન સ્ત્રીને સૂતી

જ મૂકી રવાના થયો, પ્રભાતે તે સ્ત્રી જાગી આમતેમ જુએ છે પણ પતિનો પત્તો ન મળવાથી વિલાપ કરવા લાગે છે અને મનમાં હાય ! હાય !....મારો પતિ આવી રીતે મને તરછોડી દગો દઈને જતો રહ્યો છે. હવે મારે શું કરવું ? પિતાને ઘેર પણ મારા માન સન્માન નથી પતિ વગર હું શું કરૂં ? ક્યાં જાઉં ? હવે મારે શરણ કોનું ? આ પ્રમાણે વિવિધ વિષયના વિલાપ કરતી ધીરજને ધારણ કરતી શિયળનું રક્ષણ કરવા માટે વિશાળ ઉજ્જયિની નગરીમાં આવી અને ભટકવા લાગી. પણ તેની ખબર અંતર કોઇએ પૂછી નહીં. કહ્યું છે કેઃ—

"તિણ દેસડે ન જાઇએ, જિહાં આપણો ન કોઇ;
શેરી શેરી હીંડતાં, બાત ન પૂછે કોઇ."

તે નગરમાં **માણિભદ્ર** નામે એક શેઠ વસતો હતો. તે પોતાની દુકાને બેઠો હતો તેવામાં તે સ્ત્રી ત્યાં આગળ તે ઉત્તમ શ્રેષ્ઠિના પગમાં પડીને કહેવા લાગી કે, " હે તાત ! દીન દુઃખીઓનાં શરણ તમે છો, શેઠે કહ્યું હે બાળા, તું કોણ છે ? તે બોલી હે શેઠ, ચંપાપુરીમાં વસતા કુબેરની હું પુત્રી છું. મારા પતિની સાથે હું ઉડદેશમાં જતી હતી. પરંતુ કર્મ-યોગે માર્ગમાં પતિથી વિખૂટી પડી ગઇ છું. તેથી હું આપના શરણે આવી છું. તેની વિનયયુક્ત વાણી સાંભળી રંજન થયેલો શેઠ બોલ્યો; હે પુત્રી ! તું મારા ઘરે સુખેથી રહે. પછી તે કન્યા શેઠના ઘરનું બધું કામકાજ કરતી. અને સુખેથી રહેતી માણિભદ્ર શેઠે પોતાના માણસોને નંદનની તપાસમાં મોકલ્યાં પણ કોઇ ઠેકાણેથી સમાચાર મળ્યા નહીં. ફરી તે શેઠે પોતાના

એક માણસને કુલધર શેઠ પાસે મોકલ્યો તેણે આવી કુલધર શેઠને કહ્યું, હે શ્રેષ્ઠિવર્ય ! હું માણિભદ્ર શેઠનો માણસ છું. એમણે પૂછાવેલ છે કે આપને કેટલી પુત્રી છે એમાંથી કેટલી કુમારિકા છે. અને કેટલી સૌભાગ્યવંતી છે તે કહો. કુલધર શેઠે કહ્યું કે મારે આઠ પુત્રીઓ છે. તેમાંથી સાત પુત્રીઓને આ ચંપાપુરીમાં પરણાવેલ છે અને સૌથી નાની પુત્રીને એક વણિકપુત્ર સાથે પરણાવી છે. તે દંપતી ઉદ્દેશે ગયા છે આ બીના જાણી તેણે પોતાના શેઠ પાસે આવી સર્વ હકીકત કહી. તેથી માણિભદ્ર શેઠને ખાતરી થઇ કે આ કુલધરવણિકની કન્યા છે. આથી તે શેઠ તેને પુત્રીની જેમ પાળવા લાગ્યો. તે કન્યાએ ઉત્તમ પ્રકારના ગુણ, ચાતુર્ય, વિનય અને વિવેકથી આખા કુંટુંબની કૃપા સંપાદન કરી હતી. તેથી તેના દિવસો સુખેથી પસાર થવા લાગ્યા.

ઉજ્જયિનિ નગરીમાં માણિભદ્ર શેઠે તોરણ અને ધ્વજા પતાકાઓ શણગારીને એક મોટું જિનાલય બંધાવ્યું હતું ત્યાં કુલધર પુત્રી દરરોજ ત્રણે પ્રકારની પૂજા કરતી અને સાધ્વીઓના સમાગમથી જીવાદિ નવતત્ત્વો જાણી તે સુલસા સદૃશ્ય ઉત્તમ શ્રાવિકા થઈ. શેઠ તેને જે જે દ્રવ્ય આપતાં તે બધું ભેગું કરીને દહેરાસરને લગતી વસ્તુઓ તે બનાવતી —(કરાવતી)

જ્યારે તેની પાસે વધારે દ્રવ્ય એકઠું થયું ત્યારે તેણે ત્રણ સુવર્ણમય છત્ર કરી પ્રભુના મસ્તક ઉપર ધારણ કર્યા. વિવિધ પ્રકારના તપ અને ભાવથી ચતુર્વિધ સંઘનું વાત્સલ્ય-પણું કર્યું. ઉજમણાં વગેરે પણ કર્યાં.

એક દિવસે શેઠને ચિંતાતુર જોઇ તે બોલીઃ હે તાત, આપને આજે શી ચિંતા છે? શેઠે કહ્યું; હે પુત્રી; અહીંના રાજાએ મને જે જિનપૂજા માટે ફળફૂલથી ભરપુર વૃક્ષવાળું એક ઉદ્યાન આપ્યું હતું. હું તેના ફળફૂલોથી રોજ જિનેશ્વર દેવની પૂજા કરતો હતો. પરંતુ એકાએક આજે એ ઉદ્યાન સૂકાઇ ગયું છે. સર્વ ઉપાય–યુક્તિ અજમાવી જોઇ પણ તે નવપલ્લવિત થતું નથી, તેથી મને રાજાનો ખરો ભય લાગે છે. તે મને શું કરશે?....તે કાંઇ સમજાતું નથી. આ સાંભળી કન્યા બોલી, હે તાત! તમે ચિંતા કરશો નહીં. હું પ્રતિજ્ઞા કરૂં છું કે મારા શિયળના પ્રભાવે જ્યાંસુધી ઉદ્યાન સાચા સ્વરૂપને ધારણ ન કરે ત્યાં સુધી મારે ચારે આહારનો ત્યાગ છે. શેઠે કહ્યું હે પુત્રી, આવી ઉગ્ર પ્રતિજ્ઞા ન કરાય. તે બોલી. હે તાત, મેં જે પ્રતિજ્ઞા લીધી છે તેમાં કદી ફેરફાર થઇ શકે એમ નથી. આમ કહી જિનમંદિરે ગઇ અને અર્હંતને નમસ્કાર કરી એકાગ્ર ચિત્તે કાયોત્સર્ગમાં રહી, આમ તેણે ત્રણ દિવસ પૂર્ણ કર્યા ત્રીજી રાત્રીએ શાસનદેવી પ્રગટ થઇ કહેવા લાગી. હે વત્સે, મિથ્યાદૃષ્ટિ વ્યંતરદેવે આ વાટિકાનો વિનાશ કર્યો હતો. અત્યારે તે દેવ તારા તપ, શિયળના પ્રભાવથી અદૃશ્ય થયો છે. તેથી ઉદ્યાન પહેલાંની જેમ પ્રભાતે નવપલ્લવિત થશે, એમ કહી તે અદૃશ્ય થઇ ગઇ. સવારે માણિભદ્ર શેઠ ફળફૂલાદિથી નવપલ્લવિત થયેલી વાટિકા જોઈ અત્યંત હરખને ધારણ કરતો મંદિરે આવ્યો. અને કહેવા લાગ્યો. હે બેટી, તારા શિયળ પ્રભાવથી આજે મારા મનોરથો પરિપૂર્ણ થયાં છે. માટે તું સુખેથી પારણું કર, પછી શ્રાવક શ્રાવિકાઓને નિમંત્રણ કરી. ધામધૂમથી તે વણિક પોતાના ઘરે તેડી લાવ્યો

લોકો પરસ્પર કહેવા લાગ્યાં. અહો ! શિયળનો મહાત્મ્ય અપૂર્વ છે કે જેથી સૂકાઇ ગયેલું વન ફરી સર્જન થયું. આ કન્યા અતિ પ્રશંસાવાળી છે તે પવિત્ર પુણ્ય અને ઉત્તમ લક્ષણવાળી છે. વળી એનું જીવતર સફળ છે. આ પ્રકારના જીવોને દેવો પણ નમસ્કાર કરે છે ધન્ય છે ! માણિભદ્ર શેઠને ! જેમના ઘરમાં ચિંતામણિ રત્ન જેવી આ વણિક પુત્રી વસે છે. આ પ્રમાણે જયઘોષણા કરતો સંઘ તે શ્રેષ્ઠિવર્યના ઘરે આવ્યો. તે શ્રાવિકાએ ઘેર જઈ મુનિમહારાજને પડિલાભ્યાં. અને ચતુર્વિધ સંઘને ભોજન કરાવી વિધિપૂર્વક પારણું કર્યું. જૈન ધર્મનો મહિમા અહીં વિસ્તાર પામ્યો.

એક દિવસ તે કુલધરપુત્રી પાછલી રાતે જાગી. અને વિચાર કરવા લાગી. આ જગતમાં તેઓ જ ધન્ય છે કે જેઓ વિષય સુખને ત્યજી, અવ્યાબાધ સુખને આપનાર ચારિત્રને અપનાવે છે. કામભોગમાં આસક્ત એવી હું જ અધન્યને પાત્ર છું હું કામભોગ તો ન પામી. પણ દુઃખના દરિયામાં ડુબકીઓ ખૂબ આધી. એટલો પૂણ્યનો પ્રબળ ઉદય કે હું જૈનધર્મને પામી છું. હું ચારિત્ર પાળવાને અસમર્થ છું. તેથી ગૃહસ્થપણામાં હું ઉગ્ર તપ કરું. જેથી શરીર સાથે સંસાર શોષાય. એમ ચિંતવી કુલધર પુત્રીએ છઠ્ઠ, અઠ્ઠમ પક્ષખમણ, માસખમણ, વિગેરે ઉગ્ર તપ આદર્યાં. જ્યારે તેનું શરીર બહુ જ ક્ષીણ થયું ત્યારે તેણે અનશન લીધું, અને શુભ ધ્યાનથી મૃત્યુ પામી પહેલા સૌધર્મ દેવલોકમાં દેવતા થઈ. ત્યાં આયુષ્ય પુરૂં કરી વિદ્યુતપ્રભા નામની વિપ્રપુત્રી થઇ અને માણિભદ્ર શેઠ મૃત્યુ પામી ઉત્તમ દેવપણે અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયા ત્યાંથી ચ્યવી મનુષ્ય

થયા ત્યાં પણ ધર્મની આરાધના કરી. નાગકુમાર દેવ થયા. અવધિજ્ઞાનથી પૂર્વભવનો સંબંધ જાણી તારા ઉપર તે વાત્સલ્ય રાખે છે. હે ભવ્યા! તે પહેલાં કુલધર શેઠના ઘરમાં અજ્ઞાનતાને લીધે જે પાપ કર્યું હતું તે કર્મ વિપાકથી દુઃખી અને માણિભદ્રશેઠના ઘરમાં રહીને જૈન ધર્મની પ્રભાવના કરવાથી તે મન, વચન કાયાની શુદ્ધિથી જૈન ધર્મનું આરાધન કર્યું તેથી તું અત્યારે અનુપમ સુખ ભોગવે છે. તેં પૂર્વભવમાં જિનેશ્વરની પૂજાના ઉદ્યાનને નવપલ્લવિત કર્યું હતું તેથી જ આ નંદનવન સમ દેવનિર્મીત ઉદ્યાન તારી સાથે રહે છે. પ્રભુના મસ્તકે તે છત્રધારણ કર્યા તેથી તું ઉદ્યાનની છાયામાં નિવાસ કરે છે. વળી જિનપૂજાના પ્રભાવથી તું નિરોગી રહે છે. પ્રભુની ભક્તિ કરવાથી દેવસમાન સામ્રાજ્ય ભોગવે છે. તે ભક્તિ વડે જ હે આરામશોભા ક્રમે કરીને તું શિવસુખ સાધીશ.

જ્ઞાનીના વચન સાંભળી તે રાણી ક્ષણવારમાં મૂર્છા પામી. ધરતી પર ઢળી પડી, શીતળ જળ ચંદનાદિ વડે ચેતના પામી. અને બોલી હે મુનીશ્વર! આપના મુખેથી મારો પૂર્વભવ સાંભળી મને જાતિસ્મરણ જ્ઞાન થયું છે, તેથી મેં જાણ્યું કે આપે કહ્યું તે સર્વ યથાર્થ છે, હું સંસારથી ઉદ્વેગ પામી છું. મુનીશ્વર! જો આપ રાજા પાસેથી રજા અપાવો તો હું આપની પાસે પ્રવજ્યા ગ્રહણ કરૂં. રાણીના વચન સાંભળી રાજા બોલ્યો, હે ભદ્રે! આ પ્રમાણે સંસારની અસારતા જાણ્યા પછી કયો ડાહ્યો પુરુષ ઘરમાં બેસી રહે? માટે હું પણ દીક્ષા લઈશ. પછી રાજા મુનીશ્વર પાસે જાય છે અને

કહે છે. હે મુનીન્દ્ર, ત્યાં સુધી હું મહેલમાં જઈ આરામશોભાના પુત્ર **મલયસુંદરને** સિંહાસનારૂઢ કરીને પાછો આવું ત્યાં સુધી આપ કૃપા કરી સ્થિરતા ધરજો. પછી ગુરુજીને પ્રણામ કરીને રાણી સાથે ઘરે આવ્યો. યુવરાજનો રાજ્યાભિષેક કરી નગરમાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. અને દીન અનાથને ઘણું દાન દીધું સાતે ક્ષેત્રમાં દ્રવ્ય વાવી ઉત્સવપૂર્વક પાછો ફર્યો. અને પત્ની સાથે દીક્ષા અંગિકાર કરી. જિતશત્રુ રાજર્ષિ ઉગ્ર વિહારે પૃથ્વી પાવન કરવા લાગ્યા અનુક્રમે સકલાગમના રહસ્યને જાણનાર જિતશત્રુ રાજર્ષિને આચાર્યપદને યોગ્ય જાણી તેમના ગુરૂ મહારાજે પોતાના પદે સ્થાપન કર્યાં. અને આરામશોભાને પણ પ્રવર્તિની પદ આપ્યું. અનુક્રમે **જિતશત્રુસૂરિ** કહેવાયા. અને અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી આરામશોભા સાથે અનશન લઈ કાળ કરી દેવલોક ગયા ત્યાંથી મનુષ્ય સુખ પામી કેટલાક ભવે મુક્તિસુખ પણ પ્રાપ્ત કરશે.

ઇતિ—આરામશોભા કથા સમાપ્ત ॥

* * *

માટે હે ભવ્યજીવો, તમે પણ આરામશોભાની માફક સમ્યકત્વમાં યત્ન કરો કે જેથી ઉત્તરોત્તર મંગળ માળા પ્રાપ્ત થાય. અસ્તુ.....

આ પ્રમાણે વીર પ્રભુના મુખેથી આરામશોભાની કથા સાંભળી સુશ્રાવક આણંદ બોલ્યો, "હે ભગવંત! પાંચ મહાવ્રતોના ભારને વહન કરવા હું અસમર્થ છું માટે આપ પાંચ

અણુવ્રત મને આપો. એવી ઇચ્છા રાખું છું. આપના મુખથી સમ્યક્ત્વયુક્ત બારવ્રતરૂપ શ્રાવક ધર્મ અંગીકાર કરી મારો જન્મ સફળ કરૂં. આજથી વીતરાગ એ જ મારા દેવ, પંચ મહાવ્રતધારક, બ્રહ્મચારી ગુરૂ અને જિનપ્રણિત એ જ મારો ધર્મ હો!!!" જિનમંદિર સિવાય અન્ય દર્શનીઓએ હરિ-હરાદિ માની બેસાડેલા, મંદિરને પણ મારે નમસ્કાર ન કરવા. પછી આણંદ શ્રાવકે સમ્યક્ત્વયુક્ત ૧૨ અણુવ્રત ગ્રહણ કર્યાં. તે સંબંધી સિદ્ધાંતમાં આલાવો. આ પ્રમાણેઃ—

अहन्नं भंते तुम्हाणं समीपे मिच्छत्तं पडिक्कमामि, सम्मत्तं उवसंपज्जामि नो मे कप्पइ अज्जप्पभिइ अन्नउत्थिए वा अन्नउत्थिअ देवयाणि वा अन्नउत्थिअ पडिग्गहिआणि वा अरिहंतचेइआणि वंदित्तये वा नमंसित्तए वा, पुव्वि अणालित्तेण आ लित्तए वा संलवित्तए वा तेसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पदाउं वा नवरं तत्तत्थ रायाभियोगेणं गणाभियोगेणं देवयाभियोगेणं गुरुनिग्गहेणं वित्तिकंतारेणं कप्पइ मे समणे निग्गंथे फासुएसणिज्जेणं असणपाणखाइमसाइमेणं वत्थपडिग्गहकंबल पायपुच्छणेणं पीढफलग सिज्जासंथारएणं उसहमेसज्जेणं पडिलाभेमाणस विहरित्तए ।

આલાવાનો અર્થઃ—હે ભગવન્ત! હું આપની સમક્ષ પ્રતિજ્ઞા કરૂં છું કે મિથ્યાત્વને પરિહરૂ છું. સમ્યક્ત્વને અંગીકાર કરૂં છું આજથી અન્ય દર્શનીઓને—અન્ય દર્શનીઓના દેવને તેમજ અન્યદર્શનીઓએ ગ્રહણ કરેલા અરિહંત ચૈત્યોને પણ નમસ્કાર નહિ કરૂં. (ન કલ્પે) તથા અન્ય દર્શનીઓ સાથે એકવાર કે બહુવાર બોલવું ન કલ્પે. અને તેઓને ચારે

પ્રકારના આહારમાંથી એક પણ પ્રકારનો આહાર, પાત્ર બુદ્ધિએ, એકવાર કે એથી વધારે વાર (રાજાના રાજસમુહના બળવાન દેવતાના, ગુરૂના, પિતામાતાના આગ્રહથી તેમ જ આજીવિકા માટે આપવું પડે એટલી છુટ) આપવો ન કલ્પે.

પછી પ્રભુએ કહ્યું, હે આણંદ, સમ્યક્ત્વ (દર્શન)ના આ પાંચ અતિચાર જાણવા. પણ તેને કદી આચરવા નહીં. તે આ પ્રમાણેઃ—

(૧) દેવગુરુ અને ધર્મને વિષે શંકા કરવી. (૨) પરમતની અભિલાષા કરવી. (૩) ધર્મ ફળમાં સંદેહ રાખવો. (૪) મુનિમહારાજોની જુગુપ્સા કરવી. (૫) પાખંડીઓની પ્રશંસા કરવી આ પાંચેને દૂષણો જાણી આચરવા નહીં.

વળી હે મહાભાગ ! હવે તું પ્રથમ વ્રત સાંભળ. આ જે મુનિવરો છે તે ત્રસ તથા સ્થાવર જીવોની હિંસા કરતા નથી. અને છએ કાયની રક્ષા કરે છે અને શ્રાવકોએ દેશથી ત્રસ અને સ્થાવર જીવોની રક્ષા કરવી. એવો આગમમાં ઉલ્લેખ છે.


जीवा सुहुम्मथूला, संकप्पारंभ उ दुविगप्पा ।
सवराह निरवराहा साविक्खा चेव निरविक्खा ॥

અર્થઃ—જીવો સુક્ષ્મ અને સ્થૂલ એમ બે પ્રકારના છે હિંસા પણ સંકલ્પથી અને આરંભથી એમ બે પ્રકારે છે. તેમાંથી શ્રાવકને સંકલ્પથી હિંસાનો નિષેધ કહ્યો છે. અપરાધી અને નિરપરાધી બે પ્રકારના જીવોમાં નિરપરાધી જીવોમાં નિરપરાધી જીવોના સંકલ્પોથી હિંસાનો નિષેધ કહ્યો છે. અપરાધી અને નિરપરાધી બે પ્રકારના જીવોમાં નિરપ-

રાધી જીવોમાં નિરપરાધી જીવોના સંકલ્પથી હિંસાનો નિષેધ છે. તેમાં પણ સાપેક્ષ અને નિર્પેક્ષ એમ ભેદ છે. તેમાં સાપેક્ષાએ અપરાધ રહિત પુત્રાદિકને શિક્ષા નીમિત્તે વધ કરવાનો નિષેધ નથી. આ પ્રકારના શ્રાવકના ભાંગાથી જે જીવો થોડી પણ જીવદયા પાળે છે તે પુરુષો **હરિબળ માછીની** માફક મહાન સમૃદ્ધિને પામે છે.

આ સાંભળી આણંદ શ્રાવક બોલ્યો, હે ભગવન્ત ! તે હરિબળ કોણ હતો ? અને તેણે શી રીતે જીવદયા પાળી હતી. તથા ઋદ્ધિ પણ કેવી રીતે પ્રાપ્ત કરી હતી ?'

પ્રભુ બોલ્યા હે શ્રેણિક ? તું સાવધાન થઈને યથાર્થ-રીતે હરિબળનું ચરિત્ર સાંભળ.



હરિબલ માછીની કથા

આ ભરતક્ષેત્રમાં **કાંચનપુરી** નામની નગરી હતી. ત્યાં **વસંતસેન** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **વસંતસેના** નામની રાણી હતી. તેને **વસંતશ્રી** નામની પુત્રી હતી. તે નગરમાં **હરિબલ** નામે માછી રહેતો હતો. તેને પાપી, અતિ ક્રોધવાળી, **ચંડા** નામની સ્ત્રી હતી. પતિ સામે કઠોર શબ્દો બોલતી આ સ્ત્રીથી સ્વપ્નમાં પણ કદી હરિબલે સુખ મેળવ્યું ન હતું. કહ્યું છે કેઃ—

कुग्रामवासः कुनरेन्द्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ।
कन्याबहुत्वं च दरिद्रता च, षड् जीवलोके नरका भवंति ॥

અર્થ :—કુગામમાં નિવાસ, દુષ્ટ રાજાની સેવા, અશુદ્ધ ભોજન, ક્રોધમુખવાળી સ્ત્રી, બહુ પુત્રીઓ અને દરિદ્રતા એ છ વસ્તુ મનુષ્યલોકમાં નરક તુલ્ય છે.

હરિબલ પોતે માછી હતો. તે માછલાં પકડીને વેચતો અને તેથી જ આજીવિકા ચલાવતો. તે દરરોજ માછલાં પકડવા જતો. એક દિવસ હરિબલે નદીના સામા કાંઠા પર આવેલા વૃક્ષની છાયામાં ઉભેલા મુનિવરને જોયા. તેમની પાસે જઈ તે નમસ્કાર કરી બેઠો. મુનિ બોલ્યા; હે ભદ્ર, તું કાંઈ

ધર્મ જાણે છે? તે બોલ્યો, હે સ્વામિન્! હું માત્ર કુળ આચાર એજ ધર્મ જાણું છું. મુનિ બોલ્યાં, હે ધીવર! આ વચન મૂર્ખ અને પામર પ્રાણીઓનું છે. જો કુધર્મમાં ધર્મનું સ્થાપન થાય તો ધર્મ નાશ જ પામ્યો હોત. કેમકે:— કુળના ક્રમથી આવેલા દુઃખ અને દ્વારિદ્ર તારા પુત્રો સુખ સંપત્તિ મળ્યે ન ત્યજી દે તો તારો કુળાચાર ધર્મ સિદ્ધ થાય. કારણ કે દુઃખ અને દરિદ્રતા સંપત્તિથી નાશ પામે છે માટે હે ભદ્ર! જીવદયા એજ ધર્મ જાણવો. હે બુદ્ધિમાન્! જો તું આલમમાં આરામ ચાહે તો ચિત્તમાં જીવદયાને સ્થાપન કર. તે સાંભળી હરિબલ બોલ્યો, હે ભગવન્ આપે કહેલ ધર્મ સત્ય જ છે. પણ રાતદિવસ જીવવધ કરીને આજીવિકા ચલાવનારા એવા અમારા કુળમાં જીવદયાનું નામ નિશાન કયાંથી હોય! એ વાત દરિદ્રના ઘેર ચક્રીના ભોજન જેવી છે. મારાથી તો રાતદિવસ વધ જ થયા કરે છે. ત્યારે મુનિ બોલ્યા, હે ધીવર! જો તું સર્વથા જીવદયા પાળવા અસમર્થ હોય તો પહેલી વખત જળ નાખે તેમાં જે મત્સ્ય આવે તેને તારે છોડી મૂકવું. તે સાંભળી હરિબલે તે વ્રતને હર્ષથી વધાવ્યું. પછી તે મુનિરાજને નમસ્કાર કરી પોતાના રસ્તે પડ્યો. પોતાના વ્રતને ઉત્તમ પ્રકારે પાળતો અને કુળાચાર સેવતો હરિબલ પોતાનો કાળ નિર્ગમન કરતો હતો.

એક દિવસ તે હરિબલ જાળ લઈને નદીએ ગયો અને જાળને સરિતાના જળમાં નાખી તેથી તેમાં એક વૃદ્ધ મત્સ્ય સપડાયો. હરિબલે પોતાના નિયમ મુજબ તેને નિશાન કરી પાણીમાં છોડી મૂકયો. પછી પાછી જાળને પાણીમાં

નાંખી તો ફરીવાર પણ તે જ મત્સ્ય આવ્યો. ફરી મુક્ત કર્યો આ પ્રમાણે સાંજ સુધી તેને તે જ મત્સ્ય આવ્યા કર્યો. તેને હરિબલ બેદરહિત મુક્ત કરતો રહ્યો. આમ સંકટમાં સપડાયા છતાં તેણે વ્રત ભંગ ન કર્યું. " ધીર પુરુષો ગમે તેવી સ્થિતિમાં મૂકાયા હોવા છતાં સત્ય છોડતા નથી, " સંધ્યા સમયે તે વિચારવા લાગ્યો, " મારા વડે વ્રતનું સારી રીતે પાલન થયું તે નિશ્ચય ઘણું સારું થયું. " આમ વિચારે છે ત્યાં કોઇ દેવતા પ્રગટ થઇ કહેવા લાગ્યો. હે હરિબલ ! હું જળ અધિષ્ટાયક દેવ છું. મેં અવધિજ્ઞાનથી તારું વ્રત જાણી માછલાનું રૂપ લઇ સાંજ સુધી તારી પરીક્ષા કરી. પણ તું નિયમથી ચલાયમાન ન થયો. તેથી હે હરિબલ ! તું ધન્ય છે, તું કૃતાર્થ છે. અને તારું જીવન પણ સફળ થયું કે આવા સંકટમાં મૂકાયા છતાં તેં તારા વ્રતની વિરાધના ન કરી. આ સંસારમાં કેટલાક તો વ્રત ગ્રહણ કરતા નથી, જે ગ્રહણ કરે છે તે ઉત્તમ પ્રકારે નિજ નિયમનો નિર્વાહ નથી કરી શકતા. પરંતુ જે પુરુષો વ્રત લે છે અને તેને સારી રીતે પાળે છે તે તારા જેવા સત્ પુરુષો જાણવા. માટે હે ધીવર ! તું મારી પાસે વરદાન માગ કારણકે દેવોના દર્શન નિષ્ફળ ન થાય. તે સાભળી હર્ષિત થયેલા હરિબલે કહ્યું હે દેવ ! જો તમે પ્રસન્ન થયા છો તો વિપત્તિમાં મારું રક્ષણ કરજો, " તથાસ્તુ " એમ કહી દેવ અંતઃર્ધ્યાન થયો. હવે મત્સ્ય ન મળવાને લીધે સ્ત્રીની બીકથી તે હરિબલ ઘરે ન આવ્યો. અને ગામ બહારના દેવળમાં રાત્રિ રહ્યો. મનમાં વિચાર કરે છે. કે મેં એક જીવની રક્ષાથી આવું ફળ પ્રાપ્ત કર્યું ત્યારે જે સર્વ જીવોની રક્ષા કરે તે સર્વ સુખને પામે એમાં શું

સંદેહ ! આમ વિચારી તેણે નિશ્ચય કર્યો કે મારાં ઉપર ગમે તે પ્રકારની આપત્તિ આવી પડે. તો પણ વિષવલ્લી જેવી હિંસાને નહીં આદરું. એમ ચિંતવતો, તે ત્યાં દેવકુળમાં રહ્યો. હવે કોઈ એક દિવસ તે નગરની રાજકુમારી વસંતશ્રી નગરશોભા જોતી ગવાક્ષમાં બેઠી હશે. એવામાં તેણે એક ઉત્તમ રૂપવાળા હરિબલ નામના શ્રેષ્ઠીપુત્રને રસ્તે જતાં જોયો. તેને જોવાથી રાજકુમારીને કામરાગ ઉત્પન્ન થયો. તેથી તેને પોતાની દાસી પાસે બોલાવી મંગાવ્યો. અને સ્નેહે કરીને મધુર વચનો બોલવા લાગી. હે સત્પુરુષ ! સાંભળ. " આજથી મેં મારા પ્રાણ તને અર્પણ કર્યા છે. આથી હે હરિબલ ! આપણે આ નગર મૂકી દેશાંતરે જઇશું અને વિવાહ કરી આપણે બન્ને ભોગ ભોગવીશું. હરિબલે પણ રાજકુમારીના મુખ કમળથી કુલની માફક પડતા વચનો સાંભળી અને તેનું રૂપ લાવણ્ય જોઈ મોહને વશ થઇ કુમારીનું સર્વકથન કબુલ કર્યું કહો, કેવી કારમી કરામત છે કામદેવની ! જેથી તેના ભોળા ભક્તોનો ભય પણ નાશ પામે છે. દૈવયોગે તે બન્નેએ જે સ્થાન અને રાત્રિ પ્રયાણ માટે નિયત કરેલી તે જ રાત્રિએ અને તે જ સ્થાને હરિબલ માછલાં ન મળવાથી આવી રહ્યો હતો. " ગુપ્ત કામો રાત્રિની અંધાર પછેડીમાં જ થાય છે. કારણ કે ગુપ્ત કામો કરનારાઓ ભાસ્કરથી ભય પામે છે. "

કુંવરીએ શ્રેષ્ઠીપુત્રને અર્ધરાત્રિએ દેવકુળમાં નિયત દિવસે આવવાનું કહ્યું; અને પોતે વચન આપ્યું કે હું પણ તે રાત્રિએ સુવર્ણ અને રત્ન આદિ લઇને રથ સાથે આવીશ. આ પ્રમાણે એક બીજા નવી દુનિયા વસાવવાનો મનસૂબો

ઘડીને જુદા પડયાં. તેઓ તે રાત્રિની ઇંતેજાર કરવા લાગ્યા કે જે રાત્રિએ પલાયન થવાનું છે. અને એ રજનિ પણ આવી પહોંચી. અહિં શ્રેષ્ઠીપુત્ર રાત્રે કપડાં પહેરી, સંકેત સ્થાને જવા માટે નીકળે છે. ત્યાં કર્મયોગે તેની બુદ્ધિ ફરી. અને તે પોતાના મનમાં વિચારવા લાગ્યો. કોણ જાણે છે કે આગળ શું થશે? અણવિચાર્યું કાર્ય કરવાથી જીવતર પણ નાશ પામે છે. વળી કદાચ રાજાને ખબર પડશે તો સહુથી પહેલાં મારા કુટુંબનો જ વધ કરશે, માટે આ રાજપુત્રી નિશ્ચય વિષવલ્લી સમાન છે. એની સાથે મારે કાંઈ પ્રયોજન નથી.

કયો પુરુષ જાણી જોઈને ભડભડતા ભડકા સાથે બાથ ભીડે? આમ વિચારી તે પોતાના ઘરે પાછો આવ્યો અને સૂતો. અહિંયા કુંવરી મણિ કનક રૂપુ તેમજ રત્નાદિ લઈ ઘોડા પર સવાર થઈ સંકેતસ્થાને નિર્વિઘ્નપણે આવી.

અહિંયા અનેક પ્રકારના તર્કવિતર્ક કરતા હરિબલે દેવળ બહાર પગરવ સાંભળ્યો. થોડીવારમાં તો એક કન્યા તે દેવળમાં આવી. રૂપાની ઘંટડી જેવા અવાજે બોલી; હે હરિબલ! તું અહીંઆ આવી પહોંચ્યો છે? હરિબલ હુંકાર દઈ વિચારે છે. કાજળ વરસાવતી અંધારી રાતમાં મને બોલાવનારી આ કોણ હશે? એના રૂપ લાવણ્ય અને શણગારથી તે રાજકન્યા જેવી દેખાય છે. પણ આમ અડધી રાતે રાજકન્યા મહેલ મૂકી અહીં શા માટે આવે? માટે આ કોઇ વનદેવી હોવી જોઈએ. રાજકન્યા બહુ નજીક આવીને બોલી, હે હરિબલ! આ વખત આમ ગુમાવવા જેવો નથી માટે ત્વરાથી બહાર ચાલ. ત્યાં આપણો અશ્વ આભૂષણ

સહિત ઊભો છે. હરિબલે વિચાર કર્યો કે આ કન્યાએ મારા જેવા નામવાળા કોઈ પુરુષને સંકેત કર્યો જણાય છે. માટે જ આ કન્યા તેવા નામે પ્રેમથી બોલાવે છે ચોક્કસ આ કન્યાને મારા પુણ્યે અહીં આણી છે. "લક્ષ્મી આવી હોય ત્યારે મોઢું ધોવામાં સમય ગુમાવવાથી તે ચાલી જાય છે." એમ વિચારી તે તેની સાથે જવા માટે તત્પર થયો. જે થવાનું હશે તે થશે. એમ વિચારી તે બહાર આવ્યો. અને **વસંતશ્રી** સાથે ઘોડા પર બેસી ચાલી નીકળ્યો. રસ્તામાં તેને રાજકુંવરી પ્રિય આહ્લાદક વચનથી બોલાવતી પણ તે હુંકાર સિવાય કાંઈ ન બોલતો. રાજપુત્રીએ વિચાર્યું કે નક્કી આને માતાપિતાનો વિરહ સતાવે છે. તેથી એ ઉત્તર નથી આપતો. પછી તે બાળા પણ મૌન રાખી બેસી રહી. પ્રભાતમાં જ્યારે તેણે બીજા પુરુષને જોયો ત્યારે તે હાહાકાર કરતી મૂર્છાને લીધે ઢળી પડી. શીતળ જળ પવનના ઉપચારથી સચેતન થઈને અતિ કરુણાયુક્ત વચનથી વારંવાર રોતી આ પ્રમાણે કહેવા લાગી. "જેમ ઉનાળાની ઋતુમાં દાહથી પ્રચુર અને તૃષાથી વ્યાકુળ એવો ગજરાજ જળથી ભરપૂર તળાવમાં પાણી પીવા ઉતરે પણ જળથી થોડે દૂર રહેલા કાદવમાં ખૂંચી જવાને લીધે જેમ પાણી પણ ન પામી શકે તેમ કિનારો પણ ન મેળવી શકે" તેવી જ રીતે હું પણ વિધિના વશથી તીર અને નીર બન્નેથી ગઇ. જે જે મનોરથો સેવ્યાં હતાં. તે સર્વે નાશ પામ્યાં, હવે મારે શું કરવું ? હું મારી ફરિયાદ કોને કહું ? હે દેવ ! તેં મને શા માટે વિટંબણામાં નાખી. શું, આજે તને બીજું કોઇ ન મળ્યું ? આ પ્રમાણે કોઈ પૂર્વભવના દોષથી આર્ત્તધ્યાનમાં પડેલી હતી.

વળી તે વિચારવા લાગી, દૈવને દોષ દેવાથી શું ? પૂર્વભવમાં જીવે જે શુભાશુભ કર્મ બાંધ્યાં છે. તે ભોગવે જ છૂટકો છે. જ્યારે મારા કર્મે જ આ પુરુષ અહીં આવ્યો છે તો પછી હું શા માટે મારા આત્માને દુર્ધ્યાનમાં નાખું ? આમ વિચારીને તે બાળા હરિબલ સામે જુવે છે. ત્યાં આકાશમાંથી ગંભીર દેવવાણી સંભળાઇ. હે ભદ્રે ! જો તું સંસારમાં સુખ સૌભાગ્યને ઇચ્છતી હો તો આ નરને જ તારા જીવનનિયંતા તરીકે સ્વીકાર. કારણ કે આ પુરુષ જંગમ કલ્પવૃક્ષ સમાન છે. આવી આકાશવાણી સાંભળી વસંતશ્રી હરિબલને ઉત્તમ પુરુષ માની મૃદુ વાણીમાં કહેવા લાગી, હે પુરુષોત્તમ ! હું લાંબા પ્રવાસને લીધે અતિ તૃષાતુર થઈ છું માટે શીતળ જળ લાવી આપો. વસંતશ્રીના વચન સાંભળી હર્ષિત થયેલો હરિબલ એ અરણ્યમાંથી જલ્દી પાણી લઈ આવ્યો. અને રાજપુત્રીને સ્વસ્થ કરી. રાજકુમારીએ તેને આવા ભયંકર ગાઢ વનમાંથી પાણી લાવવાને લીધે ધૈર્યવાન પુરુષ જાણી પ્રેમથી કહ્યું. " હે સત્પુરુષ ! હમણાં શુભ લગ્ન છે. માટે મારી સાથે પાણિગ્રહણ કરો. પછી હરિબલે રાજકુમારી સાથે ગાંધર્વ વિધિએ લગ્ન કર્યાં. " અને પતિપત્ની રૂપે ગામ, નગર, ક્ષેત્ર, નદી નાળા અને પહાડીઓ ઉલંઘતા એક શહેરમાં આવ્યા ત્યાંથી વસંતશ્રીના આગ્રહથી શુભ લક્ષણવાળા ચાર ઘોડાઓ ખરીદ્યા. અનુક્રમે—તેઓ વિલાસપુર નામના શહેરમાં આવી પહોંચ્યાં. નંદનવન જેવા ઉદ્યાનો, કૂવાઓ અને તળાવો તેમજ જિનાલયોથી વિભૂષિત તે નગરને જોઇ તે બન્નેની ઇચ્છા ત્યાં રહેવાની થઈ. તેથી હરિબલે એક સાત માળનું મકાન ભાડે રાખ્યું.

ત્યાં હરિબલ ભોગો ભોગવતો સુખે દિવસ પસાર કરવા લાગ્યો. એક દિવસ હરિબલ મનમાં વિચારવા લાગ્યો. કયાં હું નિંદ્ય-નીય કુળમાં ઉત્પન્ન થયો ? અને કયાં આ રાજકુમારી ? નક્કી પુણ્યના યોગેજ સઘળો સંબંધ જોડાયેલ તે. તેથી હું પણ લક્ષ્મીના ફળને પ્રાપ્ત કરું. એમ વિચારી હરિબલ દીન, અનાથ લોકોને નિરંતર દાન દેવા લાગ્યો. તેથી નગરમાં તેની વાહવાહ થવા લાગી. અથવા દાનથી કોની વાહવાહ ન થાય ? કહ્યું છે કે;—

पात्रे धर्मनिबंधनं तदितरे प्रोद्यदयाख्यापकं
मित्रे प्रीतिविवर्द्धनं रिपुजने वैरापहारक्षमं ।
भृत्ये भक्तिभरावहं नरपतौ सन्मानपूजाप्रदं
भट्टादौ च यशस्करं वितरणं न क्वाप्यहो निष्फलम् ॥

અર્થ :—દાન જો પાત્રને આપ્યું હોય તો પુણ્ય બંધાય. અને પાત્ર વિના બીજાને આપ્યું હોય તો દયા કરનારું થાય છે. મિત્રને આપવાથી પ્રીતિ વધે છે. શત્રુને આપવાથી વૈર દૂર થાય છે. સેવકને આપવાથી સન્માન વધે છે. અને ભાટ ચારણાદિને આપવાથી યશ ફેલાવે છે. ઓહો હો ! દાન કોઇ સ્થાને પણ નિષ્ફળ જતું નથી.

આમ કરતાં હરિબલની પ્રશંસા ત્યાંના રાજા મદનવેગ કને આવી. તેથી તેને સેવક મારફત મહેલમાં બોલાવ્યો અને આદર સાથે ઉચિત આસને બેસાડી. ક્ષેમકુશળ પૂછ્યાં. પહેલી જ મુલાકાતમાં તે બન્નેની પરસ્પર પ્રીતિ બંધાઈ. અને હરિબલ પણ રાજાના અતિ સ્નેહને લીધે રાજદરબારમાં હંમેશાં હાજરી આપવા લાગ્યો. આમ થવાથી

તેઓ પરસ્પર ગાઢસ્નેહના બંધનથી બંધાયા. કારણ કે સંપત્તિમાં સહુ સ્નેહ કરે છે. એક વખત સ્નેહાધીન ભૂપતિએ ભોજન માટે ભાર્યા સહિત હરિબલને આમંત્રણ આપ્યું. સમયાનુસાર હરિબલે પત્નિ સાથે ભોજન ગૃહમાં પ્રવેશ કર્યો. પ્રજાપતિ પોતે પ્રેમપૂર્વક પીરસતાં હતાં. અનુપમ સૌંદર્ય, ચંદ્રનો તિરસ્કાર કરે તેવું મુખ, કમળનો પરિહાસ કરે તેવા નેત્રો, સોનાથી સરસ વર્ણ અને ભ્રમરો ને જીતે એવો શ્યામ કેશ કલાપ, એવી વસંતશ્રીને જ્યારે મદનવેગે આવતી જોઈ, ત્યારે તે રતિપતિના બાણથી ઘાયલ થયેલા સ્નેહરાગથી તેના પ્રતિ વારંવાર નિરીક્ષણ કરવા લાગ્યો અને મનમાં વિચારવા લાગ્યો કે આ કોઈ દેવી કે અપ્સરા લાગે છે. આ સ્વર્ગમાંથી ઊતરી છે કે નાગલોકમાંથી આવી છે? આ કિન્નરી, વિદ્યાધરી છે કે કામદેવની પત્નિ રતિ પોતે જ છેઃ—આવું અદ્વિતીય સૌંદર્ય તો મેં કયાંય જોયું નથી. "આવી પ્રમદા મને ન મળે તો આ તાજતખ્ત અને જીંદગી શા કામની?"

આથી તેણે મનમાં ગાઢ સંકલ્પ કર્યો કે હરિબલને કોઈ પણ રીતે મારી નાખવો જોઇએ, કે જેથી કરીને આ કલ્પ-વલ્લી મેળવી શકાય.

"એ લાજના લુંટારૂંએ એમ ન વિચાર્યું કે આ લલનાના લેબાસમાં લડાઈઓ લડાવી લાશોની ઢગ લગડાવ-નારી અફલાતુન આફતની આંધી છે!" વળી એમ પણ ન વિચાર્યું કે પરસ્ત્રી એ પાયમાલીનું પહેલું પગથિયું–દુર્ગતિનું દ્વાર છે.–"વિનાશકાલે વિપરીત બુદ્ધિ."

ભોજન લીધા બાદ તે દંપતી પોતાના સ્થાને વળ્યાં.

અહિં મહારાજાએ પોતાનો મનસૂબો મંત્રીને જણાવ્યો. પણ જેવાં ને તેવાજ મળે ત્યાં સુબુદ્ધિ સૂઝે કયાંથી? મંત્રીએ પણ તેને દુષ્ટ વિચારમાંથી પાછો ન વાળ્યો અને તેની હાજી; હા ભણવા લાગ્યો તેથી રાજા કામાગ્નિથી વધુ બળવા લાગ્યો.

એક દિવસ સભામાં મંત્રીના શીખડાવવાથી રાજા બોલ્યો, "હે સભાસદો! સાંભળો." મારે મારી પુત્રીના લગ્ન મોટા ઠાઠમાઠથી કરવાનાં છે. એવો કોઈ વીરપુરુષ છે કે જે લંકાધિપતિ વિભીષણ કે જેની સાથે મારે ગાઢ મૈત્રી છે. તેને વિવાહનું આમંત્રણ આપી આવે?"

આવું મોતને બાથ ભીડવા જેવું આમંત્રણ સ્વીકારવા કોણ તૈયાર થાય? બધા નીચું જોઈ ચૂપ બેસી રહ્યાં. પછી રાજાએ હરિબલ સામું જોયું ત્યાં દુષ્ટાત્મા મંત્રી બોલ્યો, હે રાજન્! હરિબલ જેવો વિષમ કાર્ય કરનારો આપણાં રાજ્યમાં બીજો કોઈ નથી. "ગજરાજને વહન કરવા યોગ્ય ગજરાજ જ ઉપાડી શકે." મંત્રીના વચન સાંભળી રાજા બોલ્યો; હે સૌભાગ્યશાળી હરિબલ! આ કાર્ય તારા સિવાય કોઈ કરવા સમર્થ નથી માટે આ કાર્ય તુંજ કર.

દાક્ષિણ્યતાને લીધે હરિબલે તેનું વચન સર્વમાન્ય રાખ્યું. ઉત્તમ પુરુષોની દાક્ષિણ્યતા પણ પ્રધાન હોય છે. દરબાર બરખાસ્ત થયા પછી હરિબલ પોતાને ઘેર આવ્યો અને સર્વ વાતથી વસંતશ્રીને વાકેફ કરી. આથી તે ખેદ પામી બોલવા લાગી હે સ્વામિન્! આપણે જ્યારે રાજાને ત્યાં ભોજન કરવા ગયેલા ત્યારે તેને મારા ઉપર રાગ ઉત્પન્ન

થયેલો તેથી જ તે દુષ્ટે આ અશુભ અનર્થ આરંભ્યો છે. આ સાહસ તમે વિચાર્યા વગર કર્યું તે યોગ્ય નથી. હે નાથ! અણવિચાર્યું કાર્ય મોટા ભાગે પોતાના વિનાશ માટે થાય છે. તેથી તમો તેને કોઈપણ રીતે દૂર કરો તો બહુ સારું થાય. આ સાંભળી હરિબલ બોલ્યો, "હે મુગ્ધે! તું આ શું બોલે છે? સત્પુરુષો પ્રાણાંતે પણ પ્રતિજ્ઞા ભંગ કરતા નથી, તેથી હું જરૂર ત્યાં જઈશ. થવાનું હશે તે થશે. ન્યાયી પુરુષને વિષમ કાર્ય પણ આસાન થાય છે, પણ મને એક તારી જ ચિંતા થાય છે, કારણ કે કામાંધ થયેલો રાજા તારું અશુભ કરશે. આ સાંભળી વસંતશ્રી બોલી હે સ્વામિન્! જો એમ જ છે તો આપ ખુશીથી જાઓ. અને નિર્વિઘ્ને કામયાબી હાંસીલ કરો. પછી જલ્દીથી આ દાસીને દર્શન આપો. મારી ચિંતા કદી કરશો નહીં. કારણ કે કુળવધૂઓ પ્રાણાંતે પણ શીયળ ખંડન કરતી નથી. આપ આપના જીવનનું પ્રયત્નથી રક્ષણ કરશો એટલી જ મારી વિનંતિ છે.

जीवन् भद्राण्यवाप्नोति, जीवन् पुण्यं करोति च ।
मृतस्य देहनाशेन, धर्माद्युपरमस्तथा ॥

અર્થઃ—જીવતો માણસ કલ્યાણ પામે અને જીવતો જ પુણ્ય કરે છે. મરેલા માણસના શરીર સાથે ધર્માદિ પણ નાશ પામે છે.

પ્રિયાના પીયૂષ સમાન વચન સાંભળી હર્ષિત થયેલો હરિબલ તેની રજા લઈ દક્ષિણ દિશા તરફ ચાલતો થયો. અનુક્રમે ગ્રામ, નગર, નદી નાળાં, પર્વતો પાર કરી છેક

સમુદ્ર કિનારે આવી પહોંચ્યો. "ઉદ્યમવંત પુરુષોને કાંઈ દૂર ન હોય." પર્વત સમાન પડછંદ કાયાવાળા મોજાંઓથી ભરપૂર અને ભયંકર ઘૂઘવાટા કરતાં સમુદ્રને જોઈ તે વિચાર કરવા લાગ્યોઃ—પ્રિયાના નિષેધ છતાં પણ હું ભવિતવ્યતાના યોગે અહીં આવ્યો છું. પણ હું શી રીતે સમુદ્ર તરું? અને શી રીતે લંકા જાઉં? ફરી તેણે વિચાર્યું કે કાંતો પ્રતિજ્ઞા પાર પડશે નહીં તો મરણનું શરણ ચોક્કસ છે જ. માટે સમુદ્રમાં પ્રવેશ કરું પછી જે થવાનું હશે તે થશે, એમ વિચારી તે સમુદ્રમાં ઝંપાપાત કરવા તૈયાર થયો ત્યાં પૂર્વે વરદાન આપનાર જળના અધિષ્ઠાયક દેવે પ્રગટ થઈ કહ્યું, "હે હરિબલ! હું તારું શું પ્રિય કરું? તે સાંભળી હરિબલ વિચારવા લાગ્યો, "અહો! પુણ્યનું ફળ આશ્ચર્યકારી છે. હું આ દેવતાને વિસરી ગયો હતો. પણ તે મારા સંકટમાં પોતાની મેળેજ પ્રગટ થયો. આમ વિચારી તેણે કહ્યું; હે પ્રભો! મારે લંકામાં કાર્ય નિમિત્તે જવાનું છે માટે તમે મને ત્યાં લઈ જાવ, આ સાંભળી દેવ મોટા મચ્છનું સ્વરૂપ કરી હરિબલને પીઠ પર સવાર કરી નદીની માફક સમુદ્રને તરતો ક્ષણવારમાં લંકાસમીપે આવી પહોંચ્યો. અને બોલ્યો, "હે હરિબલ! સર્વ ઋતુના ફળફૂલથી શોભતા આ ઉદ્યાનમાં સ્વેચ્છાએ ક્રીડા કર." તેથી હરિબલ નંદનવન જેવા ઉદ્યાનમાં ફરવા લાગ્યો. ત્યાં તેણે વિમાન જેવો કનકપ્રાસાદ જોઇ શીઘ્રતાથી પ્રવેશ કર્યો. મનુષ્ય વગરના સૂમસામ મહેલમાં સુવર્ણ અને મોતીઆદિ જોઈ વિસ્મય પામતો મહેલના સાતમા મજલા પર ગયો ત્યાં તે રૂપ લાવણ્યોપેત એક ઉત્તમ કન્યાને નિશ્ચેષ્ટ જોઈ તે વિચારવા લાગ્યો, "આ

સૂના મહેલમાં અદ્‌ભુત લાવણ્યવાળી કન્યા મરેલા જેવી કેમ દેખાય છે?" આ પ્રમાણે તે વિસ્મયથી આમતેમ જોતો હતો ત્યાં તેણે એક અમૃતરસથી ભરેલું તુંબડું જોયું, તે તેણે શીઘ્ર ગ્રહણ કરી તે કન્યા ઉપર છાંટયું તેજ ક્ષણે મનોહર લાવણ્યના મદથી મસ્ત થયેલી તે કન્યા બેઠી થઈ અને કૃપાની ઘંટડી જેવા કર્ણપ્રિય મધુર વચનથી પૂછવા લાગી, "હે સત્પુરુષ! પરોપકાર કરવાથી તમે ઉત્તમ પુરુષ છો એ મેં જાણ્યું, તમે અહીં શા માટે આવ્યા છો? તમે કોણ છો? કયાંથી આગમન થયું છે? એ તમે મને હરકત ન હોય તો કહો."

હરિબલે કહ્યું હું વિશાલપુર નગરના મહારાજા મદન-વેગનો સેવક છું. લંકાના રાજા વિભીષણને નિમંત્રણ કરવા દેવની કૃપાથી મચ્છ પર બેસી વેગપૂર્વક અહીં આવનાર હું હરિબલ નામે પુરુષ છું. હે ભદ્રે! હવે તું મને તારી હકીકતથી વાકેફ કર.

ત્યારે તે રોમાંચિત થયેલી બાળા બોલી, "લંકાપતિના સુરગૃહ નામના ઉદ્યાનનું રક્ષણ કરનાર પુષ્પ બટુક નામનો માળી છે. તે પ્રકૃતિથી ઘણો કટુ છે. તે ક્રૂરકર્મી મારો પિતા થાય છે ભયંકર વિષધરને જેમ મણિ તેમ હું તેની કુસુમશ્રી નામની પુત્રી છું. એક દિવસ મારા પિતા પાસે કોઈ સામુદ્રિક શાસ્ત્રનો જાણકાર બ્રાહ્મણ આવ્યો ત્યારે મારા પિતાએ તેને પૂછયું, "હે વિપ્ર! તું મારી પુત્રીની હસ્ત-રેખા જો, બ્રાહ્મણ મારી હસ્તરેખા જોઈ બોલ્યો, હે માળી, આ ઉત્તમ રેખા અને શુભ લક્ષણવાળી તારી પુત્રીને જે પરણશે તે જરૂર રાજા થશે." કહ્યું છે કેઃ—

भृंगारासनवाजिकुंजररथ श्रीवत्सयूपैः शुभै-
र्मालाचामरकुंडलांकुशयवैः, शैलध्वजैस्तोमरैः
मत्स्यस्वस्तिकवेदिकाव्यजनक शंखातपत्रांबुजैः
पादे पाणितले नरा नृपतयो राज्ञ्यो भवंति स्त्रियः ॥१॥

અર્થઃ—જેના હાથમાં અર્થાત્ પગમાં કળશ, સિંહાસન અશ્વ, હસ્તિ, રથ, શ્રીવસ્ત, યજ્ઞસ્તંભ, બાણ, માળા, ચામર, કુંડળ, અંકુશ, યવ, પર્વત, ધ્વજા, મચ્છ, સ્વસ્તિક—વેદિકા, વીંજણો, શંખ, છત્ર કમળ વિગેરે શુભ ચિન્હો હોય તો પુરુષ હોય તે રાજા અને સ્ત્રી હોય તે રાણી થાય, વળીઃ—

यद्भाले स्यात् त्रिशूलं सा, स्वामिन्यखिलयोषितम् ।
हसंत्याः स्वस्तिको यस्याः भाले दृश्येत साऽपि च ॥१॥

"જે સ્ત્રીના ભાલ પ્રદેશમાં ત્રિશૂળની રેખા હોય, અથવા હસતાં જે સ્ત્રીના કપાળમાં સાથીઓ પડતો હોય તો તે સ્ત્રી સર્વ સ્ત્રીઓના અધિપતિપણાને પામે છે."

વિપ્રના આવાં વચન સાંભળી રાજ્યના લોભથી મારો મૂઢ પિતા મારી સાથે પાણિગ્રહણ કરવા મારી ઇચ્છા કરવા લાગ્યો. ધિક્કાર છે લોભથી વ્યાકુળ મનુષ્યને !

મારા પિતાનો આવો આશય જાણી મારી માતા વિગેરે સ્વજનોએ તેને બહુ સમજાવ્યો. પણ તે પોતાના વિચારથી પાછો ન ફર્યો. તેથી તેઓએ તેને ઘરમાંથી કાઢી મૂકયો. પછી તે પાપાત્મા મને પકડી આ વનમાં લાવ્યો. અને

પોતાની વિદ્યા વડે પ્રાસાદ બનાવી તે અહીં રહે છે. જ્યારે તેને અહીંથી બહાર જવું હોય ત્યારે તે મને વિદ્યાના બળથી મૃતક જેવી બનાવી દે છે, અને પાછો આવી તુંબડીના રસથી સજીવન કરે છે."

હે સત્પુરુષ! હું મરવાની તમન્નાથી જીવતી દુઃખના દરિયામાં ડૂબેલી અહિં નિવાસ કરું છું. માટે હે સજ્જન પુરુષ! તમે મારા ઉપર કૃપા કરી મને દુઃખના દરિયામાંથી ઉગારો–એટલે કે મારું પાણિગ્રહણ કરી મને કૃતાર્થ કરો.

આ સાંભળી હરિબલ ચીંતવવા લાગ્યો અહો? જીવદયારૂપ કલ્પવલ્લીનું કેવું ફળ છે કે હીન કુળમાં ઉત્પન્ન થયેલા મને વિદ્યાધર પુત્રી પરણવા ઇચ્છે છે. પછી હરિબલે કન્યાની ઇચ્છાને ન હુકરાવતા તેની સાથે લગ્ન કર્યું. કદી ન અનુભવેલા હર્ષને ચિત્તમાં ધારણ કરતી તે વિદ્યાધરીએ હરિબલને કહ્યું, "હે સ્વામિન્! મારો પિતા અહીં આવી કાંઈ ને કાંઈ અનર્થ કરશે માટે આપણે અહીંથી ચાલ્યા જઇએ, તે સાંભળી હરિબલ બોલ્યો. હે પ્રિયે! મહાકષ્ટ વેઠી હું જે કામ માટે અહીં આવેલ છું તે કામ કર્યા પછી જઇએ તો સારું." તે બોલી, "હે સ્વામિન્! વિભીષણને આમંત્રણ આપવાનું કાંઇ પ્રયોજન નથી કારણકે તેઓ વિદ્યાધરોની પેઠે જ્યાં ત્યાં જતાં નથી. હા, તમારા રાજાને વિશ્વાસ માટે વિભીષણની કોઈ નિશાની લાવી આપું. હરિબલની અનુજ્ઞાથી તે વિભીષણના આવાસમાં જઈ તેનું ચંદ્રહાસ નામનું ખડ્ગ લઈ આવી અને હરિબલને આપ્યું;

પછી હરિબલ સારભૂત વસ્તુ તથા અમૃતરસનું તુંબડું

લઈ ભાર્યા સાથે સમુદ્રકિનારે આવ્યો. અને મત્સ્યરૂપવાળા દેવની પીઠ પર બેસી. પત્નિ સાથે વિશાલા નગરી બહારના ઉદ્યાનમાં આવી પહોંચ્યો. તે દિવસે હરિબલપત્નિસાથે ઉદ્યાનમાં રહ્યો.

કુસુમશ્રીને પુછી પોતાને ઘેર શું થાય છે તે જોવા તે પોતાના ઘેર આવ્યો. અને ગુપ્તપણે સંતાઈ રહ્યો. હવે અહિ કામાગ્નિથી વિહ્વળ થયેલો મદનવેગ રાજા દાસીઓને વસંતશ્રીના આવાસમાં મોકલતો અને ક્ષેમ કુશળ પૂછાવતો. એમ કરતાં તે દાસીઓ સાથે વસ્ત્રાભૂષણો પણ મોકલવા લાગ્યો. તેથી વસંતશ્રીએ દાસીઓને પૂછ્યું. હે ભદ્રે! રાજાએ આ બધું શા માટે મોકલ્યું છે? દાસીઓ બોલી, "હે દેવી! શું તમને ખબર નથી? તમારા પતિ રાજાનું મહાન કાર્ય કરવા ગયેલ છે પછી તમારી ચિંતા રાજા ન કરે તો કોણ કરે? ભોળી વસંતશ્રીએ પણ વિચાર્યું કે મારા પતિની ચિંતા રાજાને પણ છે. પછી એણે બધી વસ્તુ લઈ લીધી. આમ, આશામાં રાજાએ કેટલાં દિવસો દુઃખમાં પસાર કર્યા.

એક દિવસ રાજા ઉપર કામદેવ સવાર થઈ જવાથી ભાન ભૂલ્યો અને વિવેકરહિત એકલો જ વસંતશ્રી પાસે આવ્યો. વસંતશ્રીએ તેની દુષ્ટ અભિલાષા જાણી મનમાં ખેદ છતાં ઉપરથી પ્રસન્ન ચિત્તે આસનાદિ આપી સન્માન કર્યું.

તેની ભક્તિથી પ્રસન્ન થયેલો રાજા બોલ્યો, "હે શશિવદને! સાંભળ. તું રૂપે રતિતુલ્ય છે અને હું પણ કામદેવ સમાન સુંદર છું. માટે આપણા બન્નેને સંયોગ થાય તો વિધાતાની મહેનત સફળ થાય."

નૃપતિના આવા વચનો સાંભળી વસંતશ્રી અત્યંત દુઃખી થઈ વિચારવા લાગી; "અરે દૈવ! આ રાજા છે અને હું એકાકી અબલા અશરણ છું. હું શું કરૂં? કયાં જાઉં? કોને કહું? અને મારા શીયળને કેવી રીતે સાચવું???"

"શીયળ વિના સ્ત્રી જન્મ વૃથા કહેવાય" આથી વસંતશ્રીએ મનમાં વિચાર કર્યો, "જો રાજા તુષ્ટ થઈ સંપત્તિ આપે અથવા રૂષ્ટ થઈ મારા પ્રાણ હરે તો પણ નિશ્ચય હું શીયળ ખંડન નહીં કરૂં એમ વિચારી તે કપટથી હસતી કહેવા લાગી, હે સ્વામિન્! મહારાજની મહા મેહરબાની કે મારા મુકામને પાવન કર્યું. પરંતુ આપની ઈચ્છા યોગ્ય નથી કારણ કે ઉત્તમ કુળમાં જન્મેલી સ્ત્રી, પરપુરુષ સાથે વાત પણ કરતી નથી. ત્યારે પતિ છતાં શીયળ શી રીતે ખંડાય?

રાજાએ હસીને કહ્યું. શું તને ખબર નથી? તારા પતિને મારવા માટેજ મોતનો પૈગામ લઈ મેં મોકલ્યો છે. અને કદાચ એ જીવતો આવશે તો તેને હું કોઈપણ ઉપાયથી યમદ્વારે પહોંચાડીશ. એથી હે ગભરુ? બધા વિચાર છોડી દઈ મને ભોગવ. તે સાંભળી વસંતશ્રી વિચારવા લાગી, "કામાંધ પુરુષને ધિક્કાર હો! ધિક્કાર હો કે તેઓ અર્થાનર્થ પણ વિચારતા નથી અશુભ કાર્યમાં વિલંબ કરવાથી તે શુભ થાય છે. એમ વિચારી તે બોલી." હે સ્વામિન્! આપ આટલી બધી ઉતાવળ શા માટે કરો છો? કાર્ય તો આપના હાથમાં જ છે. જ્યાં સુધી મારા પતિની ખબર ન મળે ત્યાંસુધી ઉત્સુકતા નિવારો. ત્યારે રાજાને લાગ્યું કે આ મારા વશમાં જ છે–મારા પર પ્રસન્ન છે એટલે કે તે મને ચાહે છે, તેને

તેના પતિનો ભય છે, પણ એ બિચારો કયારનો મરણને શરણ થયો હશે. આજ નહીં તો કાલે એમ ચિંતવતો રાજા સ્વસ્થાનકે આવ્યો. આફતની આંધીમાં અટવાયેલી વસંતશ્રી વિચારવા લાગી જો પ્રિયતમ આવે તો સારું થાય.

હવે ઉદ્યાનમાં કુસુમશ્રીને મૂકીને આવેલો હરિબલ પોતાના ઘરનું ચરિત્ર જોવા બારણા પાછળ સંતાઈ રહ્યો હતો. તે વખતે વસંતશ્રી પોતાની સખીને કહેવા લાગી, "હે પ્રિય સખી! જો પ્રાણનાથ નહીં આવે તો હું મારા શિયળને શી રીતે સાચવીશ? અને જો તે કુશળપૂર્વક આવશે તો પણ આ દ્વેષી રાજા તેમનું અમંગળ કરશે," હા! હા! હમણાં મારું મૃત્યુ નજીક લાગે છે. એવામાં હરિબલ પોતાની પ્રિયાના કુળને છાજે એવા વચનો સાંભળી તરત પ્રગટ થઈ વસંતશ્રી સામે આવ્યો. પતિને જોઈ રોમાંચિત શરીરે પતિના ક્ષેમ-કુશળ પૂછવા લાગી. ત્યાર બાદ મદનવેગના દુષ્ટ મનો-રથનું સર્વ વૃત્તાંત સ્વામિને કહ્યું. તે શાંત ચિત્તે સાંભળ્યા પછી હરિબલે પ્રિયાને પોતાનું સર્વ વૃત્તાંત સંભ-ળાવ્યું. તે સાંભળી વસંતશ્રી બોલી, "હે સ્વામિન્! મારી ભગિનીને ઉદ્યાનમાં શા માટે મૂકી આવ્યા? તેને મળવાને હું ઘણી ઉત્સુક છું, આપ એમ ન ધારતાં કે શોકયને જોઈ હું ખેદ પામીશ. પછી પત્ની સહિત હરિબલ કુસુમશ્રીને લેવા ઉદ્યાનમાં આવ્યો.

કુસુમશ્રી પણ પોતાના પતિ સાથે વસંતશ્રીને આવતી જોઈ સામે દોડી અને વસંતશ્રીના પગે પડી. પછી બન્ને ભગિનીઓ પરસ્પર ક્ષેમકુશળ પૂછતી રથમાં બેસી ઘેર આવી, તે બન્ને બહેનોને પરસ્પર એવો પ્રેમ થયો કે જોનારને સગી

ખ્હેનોજ જણાય. ઘેર આવ્યા પછી હરિબલે પોતાની બન્ને સહચરી સાથે મંત્રણા કરી, એક સેવકને બોલાવી કહ્યું; તું રાજા પાસે જા, અને કહે કે હે નરેશ્વર ! આપના આદેશથી લંકાનરેશને નિમંત્રણ કરવા ગયેલો હરિબલ લંકાપતિની પુત્રી પરણી આપની કૃપાથી અહીંના ઉદ્યાનમાં આજે આવી પહોંચેલ છે. "જેવી આજ્ઞા." એમ બોલતો તે સેવક રાજમહેલમાં આવ્યો અને હરિબલનો પયગામ પહોંચાડયો. તે સાંભળી રાજાને બહુ દુઃખ થયું. તે વિચારવા લાગ્યો, ધિક્કાર છે ! ધિક્કાર છે ! મેં તેને મોતના મુખમાં મોકલેલો પણ તે લંકાધિપતિનો જમાઈ થયો અને મારાં દુર્દૈવથી અહીં પાછો આવ્યો. એણે મ્હારા મનની મુરાદરૂપી મહેલાતને ચણ્યાં પહેલાંજ જમીનદોસ્ત કરી નાખી. પછી રાજાએ અંતરની ઇચ્છા વગર બાહ્યઆડંબરથી તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. બહુમાન આપી આદરથી પૂછવા લાગ્યો. હે હરિબલ ! તમે લંકામાં કેવી રીતે ગયા તેમજ આવ્યા પણ શી રીતે ? "હરિબલ બોલ્યો," હે સ્વામિન્ ! આપની વિદાય લઈ હું કેટલાક દિવસો પછી સમુદ્રકાંઠે પહોંચ્યો, દુસ્તર દરિયો દેખી દુભાયેલા દીલવાળો હું એક શીલા પર બેઠો હતો તેવામાં મેં એક રાક્ષસને આવતો જોયો, મેં તેને નમસ્કાર કરી વિનયપૂર્વક સુવર્ણ પુરી પહોંચવાનો ઈલાજ પૂછ્યો, તે બોલ્યો, "હે સત્પુરુષ ! જે માણસ કાષ્ઠ ભક્ષણ કરી ભસ્મીભૂત થાય, તેજ લંકામાં પહોંચે," તે સાંભળી મેં નાનાં મોટાં લાકડાં ભેગાં કરીને ચિતા બનાવી તેમાં પ્રવેશ કર્યો પછી મારી રાખને રાક્ષસે વિભીષણ સમક્ષ રજુ કરી, મારી હિમ્મત જોઈ વિભીષણે મને તત્કાળ પોતાની શક્તિથી જીવંત કર્યો પછી પોતાની

કુસુમશ્રી નામની પુત્રી મારા સાથે મોટા ઉત્સવપૂર્વક પરણાવી, દિવ્ય વસ્ત્રાભૂષણો આપ્યા. ત્યારબાદ મેં વિભીષણને કહ્યું, "હે સ્વામિન્! વિશાલાનગરીના રાજાએ મને પોતાની પુત્રીનો વિવાહ હોવાથી આપને આમંત્રણ કરવા અહીં મોકલ્યો છે. અગર આપ ત્યાં પધારશો તો રાજાની શોભા વધશે, ત્યારે તે બોલ્યો કે તમે આગળ જાઓ અને હું વિવાહ ઉપર આવી જઈશ." આપને વિશ્વાસ થાય એ માટે આ ચંદ્રહાસ ખડ્ગ મને આપ્યું પછી તેણે પોતાના વિદ્યાબળથી કુસુમશ્રી સાથે મને અહીં પહોંચાડ્યો છે. એમ કહી હરિબલે ચંદ્રહાસ ખડ્ગ રાજાના હાથમાં મૂકયું."

રાજાએ કુંવરી અને ખડ્ગ વિગેરે જોઇ સર્વ વૃત્તાન્ત સાચું માન્યું, હવે રાજા વિચારવા લાગ્યો કે મેં આને મહામુશ્કેલીમાં મૂકયો છતાં તે મારા વચન ખાતર અગ્નિમાં પડી ભસ્મીભૂત થયો, માટે આ મારે માનનીય છે. આમ વિચારી તે રાજા ગાઢ સ્વરે બોલ્યો, "આ પુરુષ બુદ્ધિમાનની સાથે સૌભાગ્યવાન્ છે, અને પોતાની પ્રતિજ્ઞાને પ્રાણાંતે પણ પૂર્ણ કરનારો, અતુલ હિંમતવાન તેમજ ધૈર્યધર પુરુષ છે." તે આજથી મારો પરમ મિત્ર છે આ પ્રમાણે રાજાએ તેની પ્રશંશા કરી. સત્કારપૂર્વક ઘરે મોકલ્યો. કામબાણના જખ્મ ઉપર આ ચરિત્રે મલમપટ્ટીનું કામ કર્યું, તેથી રાજાનો રાગ મંદ પડયો. હવે રાજાના અતિ પ્રેમને આધીન થયેલા ભોળા હરિબલે પોતાની બન્ને પત્નીઓના વાર્યા છતાં રાજાને ભોજન માટે નિમંત્રણ કરી પોતાને ઘરે બોલાવ્યો. પછી ભોજન વખતે પોતાની ચાતુરી બતાવવા નવા નવા વેષ બદલી હરિબલની બન્ને પત્નિઓ પીરસવા લાગી,

સ્ત્રીઓને જોઈ મદનવેગ પર મદન વેગપૂર્વક ધસ્યો, અને તે કંદર્પપીડિત પાપાત્મા વિચાર કરવા લાગ્યો, " જેને જોઈ લોકોને કુમતિ સૂઝે એવી આ સ્ત્રીઓ આણે કયાંથી પ્રાપ્ત કરી? આવી સ્ત્રીઓ તો મારા અંતઃપુરમાં પણ નથી. ભોજન પછી રાજા પોતાના રાજમંદિરે આવ્યો અને મંત્રીને કહ્યું, હે મંત્રિન્! હરિબલને કેટલી સ્ત્રીઓ છે? ત્યારે તે દુષ્ટ મંત્રી બોલ્યો, " હે સ્વામિન્ તેના ઘરમાં તો બે સ્ત્રીઓજ છે. પણ તેઓ નવનવાં વેષ પહેરી પીરસતી હતી, મંત્રીના આવા વચનો સાંભળી રાજાએ કહ્યું, " હે મંત્રિન્! તમે તમારી બુદ્ધિથી હરિબલના વિનાશનો રસ્તો શોધી કાઢો તો સારું થાય. "

ત્યારે તે દુર્બુદ્ધિ બોલ્યો, " હે સ્વામિન્! શું અગ્નિથી ભસ્મિભૂત થયેલો માણસ કદી જીવતો રહી શકે? આતો આકાશકુસુમ જેવી વાત છે. આને સત્ય કેમ મનાય? માટે તેને યમરાજાને બોલાવવાના હેતુથી અગ્નિમાં નાખીએ. " આ સાંભળી રાજા બોલ્યો, હે મંત્રી? તમે બહુસારી યુક્તિ શોધી કાઢી, તમારી બુદ્ધિ ભવ્ય જણાય છે. પછી થોડાક દિવસો બાદ રાજાએ હરિબલને કહ્યું, " હે સત્પુરુષ! અસાધ્ય કાર્ય કરવા માટે તારા સિવાય કોઈ સમર્થ નથી માટે તું મારું એક કામ કર, તે તારા માટે રમત જેવું છે. તે સાંભળી હરિબલ બોલ્યો, " હે નરેશ! ફરમાવો, તે શું કામ છે.

પછી રાજાએ કહ્યું કે તું અગ્નિમાં પ્રવેશ કરી યમપુરીમાં જા અને યમરાજને સપરિવાર આવવાનું આમંત્રણ

કરી આવ. હે બંધુ ! તારા સિવાય અગ્નિમાં પ્રવેશ કોણ કરી શકે ? તે સાંભળી હરિબલ વિચારવા લાગ્યો કે ચોક્કસ આ પ્રપંચ કુમંત્રીએ જ રચેલો છે. અને પૂર્વે પણ એ દુષ્ટ પ્રધાનના કહેવાથી જ રાજાએ મને લંકા મોકલેલો. " કહ્યું છે કેઃ—

उपकृतिरेव खलानां दोषस्य महीयसो भवति हेतुः ।
अनुकूलाचरणेन हि, कुप्यंति, व्याधयोऽत्यर्थम् ॥१॥

અર્થઃ—મોટા દોષનું કારણ કોઈપણ હોય તો તે દુષ્ટ પુરુષો પર ઉપકાર કરવો એ જ છે. જેમ અનુકૂળ આચરણથી વ્યાધિયો વધારે કોપે છે. "

માટે મેં તેને ઘેર જમવા બોલાવ્યો તે મોટી ભૂલ કરી છે. પણ હવે કોઈ ઉપાય નથી પરંતુ પહેલાંની માફક ખોટી પટ્ટી ભણાવીશ. એમ વિચારી એણે રાજાનું વચન સ્વીકાર્યું. અને ઘેર આવી બનેલી બાબત બન્ને સ્ત્રીઓને કહી, તે સાંભળી બન્ને સ્ત્રીઓ ખેદ પામી—અને કહેવા લાગીઃ—હે નાથ ! અમે તમને પ્રહેલા ના કહેલી તો પણ તમે રાજાનું વચન કેમ માન્ય રાખ્યું ?

હરિબલ બોલ્યો કે તમારે ભવિષ્યની ચિંતા ન કરવી બધું સારું થશે. આ તરફ રાજાએ નગર બહાર એક મોટી ચિતા કરાવી પછી રાજા અને પ્રધાન હરિબલને માન સત્કારથી સાક્ષાત્ ચંડિકા જેવી ચિતા પાસે લાવ્યા. હરિબલે અહીં આગળ જલાધિષ્ઠાયક દેવનું સ્મરણ કર્યું. તેથી તે દેવ ગુપ્ત રીતે આવ્યો, બધી વાત જાણ્યા પછી તે બોલ્યો,

" હરિબલ હું તને મારા પ્રભાવથી તારા ઘરે પહોંચાડું છું અને હરિબલના રૂપમાં તારું કામ હું કરૂં છું. તું સુખેથી ઘેર રહેજે. " પછી દેવે પોતાની ચતુરાઈથી હરિબલને તેના ઘરે મૂકયો અને પોતે તેનું રૂપ લઈ ચિતા પાસે આવીને ગંભીરતાથી અગ્નિમાં પ્રવેશ કરી લોકોના દેખતાં ભસ્મીભૂત થઇ ગયો. લોકોમાં હાહાકાર થઈ ગયો. પરંતુ રાજા અને મંત્રી ન કલ્પી શકાય તેવો આનંદ અનુભવતાં પાછા ફર્યા. લોકો કહેવા લાગ્યાં કે અરેરે ! લક્ષ્મી અને લલનાના લોભીએ લાભાલાભના વિચાર વગર બિચારા હરિબલના પ્રાણ લીધા, આમ અનેક પ્રકારે નગરજનો મહારાજ અને મંત્રીને નિંદવા લાગ્યા. હરિબલ પોતાના ઘરે આવ્યો અને પત્નીઓને બધી વાત કહી સંભળાવી. તે બન્ને સ્ત્રીઓ પોતાને ધન્ય માનવા લાગી અહીં આવા આલાપો ચાલે છે. ત્યાં કામાગ્નિથી તપેલો રાજા હરિબલના ઘરે આશાના આકાશમાં મનની મહેલાતો ચણતો આવે છે.

બન્ને સન્નારીઓ તેને આવતો જોઈ પતિને કહેવા લાગી હે નાથ ? આપ સંતાઈને જુઓ કે અમે કેવું નાટક કરીએ છીયે તે સાંભળી હરિબલ સંતાઈ ગયો.

રાજા આવ્યો એટલે બન્ને સ્ત્રીઓએ તેનું સન્માન-પૂર્વક હર્ષિત વદને સ્વાગત કરી પૂછયું, " મહારાજ ! આપનું આવવું શા સબબથી થયું ? રાજા ગાંડાની જેમ હાસ્ય કરતો બોલ્યો, " હે કમલનયનિયો ! તમને ખબર નથી કે દીપક જોઈ જેમ પતંગ ખેંચાઈ આવે એમ હું પણ તમારા પર આસક્ત થયેલો તમોને લેવા આવ્યો છું. હરિબલ અગ્નિમાં

પડી મરણ પામ્યો છે, માટે તમો અંતઃપુરમાં ચાલો, વસંતશ્રી બોલી સ્વામિન્ આ વાત આપને યોગ્ય નથી, કારણ કે જગતમાં રાજા સેવકો માટે પિતા તુલ્ય છે. એક તો અમે પરસ્ત્રી અને એમાં વળી પુત્રીઓ જેવી માટે હે મહારાજ! એ વિચાર છોડી દઈ આપના મહેલમાં પધારો.

પડછંદ કાય પર્વતના ગગનચુંબી શિખર પરથી કોઈ વિષમ સ્થાનમાં ઝંપલાવી કાયાના કકડા કરવા મંજુર, ઝેરી દાઢવાળા સર્પના મુખમાં હાથ નાખવો મંજુર અને જાજ્વલ્યમાન અગ્નિમાં જંપાપાત કરવો મંજુર છે પણ શિયળ ખંડવું ના મંજૂર છે.

હે રાજન્! ન્યાય પરજ દુનિયા કાયમ છે. અને અન્યાયથીજ પ્રલયકાળના પગલાં મંડાય છે. માટે ન્યાય એજ સર્વ શ્રેષ્ઠ છે. તેથી કલ્યાણ ચાહતા પુરુષોએ હંમેશાં ન્યાયમાંજ વર્તવું અને અન્યાયને ત્યજવો જોઈએ જેથી સર્વ સંપત્તિ મળે છે. ઈત્યાદિ અનેક યુક્તિઓ તે બન્ને ભગિનીઓએ રાજાને હિતશિક્ષા રૂપ વચન કહ્યાં, પણ રાજા સંતોષાયો નહીં. કામદેવના વશ થયેલા માણસને શું ગમે? તેમ તે પણ કામની પ્રાર્થના કરવા લાગ્યો એટલું જ નહિ પણ તે સ્વસ્થતા ખોઈ ન કરવાની ચેષ્ટા કરવા લાગ્યો. ત્યારે કુસુમશ્રીએ પોતાની વિદ્યાના બળથી તેને કસકસાવી બાંધ્યો અને દંડના પ્રહારથી કૂટવા માંડ્યો જેથી તેના કેટલાક દાંત પડી ગયા. ગુન્હેગારની માફક સખત બંધને બંધાયેલો, મારથી અને દાંતના પડી જવાથી અસહ્ય વેદનાને અનુભવતો તે રાજા દુઃખથી આક્રંદ કરવા લાગ્યો ત્યારે કુસુમશ્રી બોલી, "અરે દુષ્ટ! તેં પાપનું ફળ

જોયું ? બરાબર ન જોયું તો બતાવું ? " રાજાએ અપરાધીની માફક માથું ધુણાવ્યું, ત્યારે વસંતશ્રી બોલી, " કાં ઘરાઈ ગયો ? લે, લે, આ એમ કહી બીજી બે ચાર ઠબકારી." પછી રાજાની હાલતપર દયા આવવાથી, " હવે આવું કર્મ કરીશ નહીં " એમ કહી તેને બંધન મુક્ત કર્યો.

પછી શોકથી અને લજ્જાથી અધો મુખ કરી રાજા સ્વસ્થાને આવ્યો, અને આખી રાત્રિ નિદ્રા ન આવવાથી અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પમાં ડુબકી ખાતા દુઃખથી પસાર કરી. સવારે મુખ પર પાટો બાંધ્યો. કોઇ પૂછતું કે આપને આ શું થયું છે ? ત્યારે કોઇ બહાનું બતાવતો.

હવે અહીં હરિબલ પોતાની પત્નીઓનું કૌશલ્ય જોઈ સ્મિત કરતો બહાર આવ્યો અને કહેવા લાગ્યો, " હે પ્રિયે ! તમે જે કર્યું તે બરાબર જ છે, મૂર્ખ માણસ મુખ ભંગાવ્યા વગર સ્વસ્થાને જતાં નથી. વળી રાજાને કુમાર્ગ પ્રેરણા આપનાર દુષ્ટ મંત્રી જ છે, માટે હવે તે દુર્જનને જ જડમૂળમાંથી ઉખેડી નાખવો ઘટે છે. જેમ બે બાહુના મધ્યમાં વક્ષસ્થળ શોભે છે તેમ દેવાંગના જેવી ભાર્યાની વચમાં બેઠેલા હરિબલે વાટાઘાટ કરી દેવનું સ્મરણ કર્યું, હરિબલના કહેવાથી દેવે તેનું દિવ્ય સ્વરૂપ બનાવી પોતાની વિકરાળ આકૃતિ કરી, અને હરિબલનો છડીદાર થઈ તેની આગળ આગળ ચાલવા લાગ્યો અનુક્રમે રાજસભામાં આવી પહોંચ્યા. સભાસદો આવી વિકરાળ આકૃતિ અને કાળી પડછંડ કાયા જોઈ ગભરાઈ ગયા. અને કેટલાક તો બેભાન થઈ ગયાં. કેટલાક ભાગવા માટે આમતેમ રસ્તો જોવા લાગ્યા. આ જોઈ હરિબલે તેમને

ભયરહિત કરી બેસાડ્યાં પછી તે રાજાને નમસ્કાર કરી અદ્ધ-ખેથી ઊભો રહ્યો. આથી રાજા લોકો સાથે વિસ્મય પામ્યો. અને વિચારવા લાગ્યો મારી સામે જ બળીને રાખ થઈ ગયેલો આ અહિ જીવતો શી રીતે આવ્યો ? રાજા બોલ્યો, " હે સાહસિક શિરોમણી ! તું અહીં શી રીતે આવ્યો ? આ તારું રૂપ દિવ્ય કેમ દેખાય છે ? વળી તારી પાસે આ ઊભેલી વિકરાળ વ્યક્તિ કોણ છે ? "

હરિબલે કહ્યું " હે સ્વામિન્ ! સાંભળો. આપની સમક્ષ હું ભસ્મીભૂત થયો કે તરત જ યમરાજના સેવકોએ મારી રાખ યમરાજ પાસે પેશ કરી, યમરાજે પોતાના પ્રભાવથી મને સજીવન કર્યો, તેથી મારા શરીરે દિવ્ય તેજ પ્રગટ્યું. વળી ત્યાં જઈને મેં જે શોભા, સમૃદ્ધિ અને દેવાંગનાઓ જોઈ તેનું વર્ણન હું હજાર મુખેથી પણ કરવા સમર્થ ન થઈ શકું, ત્યાં સંયમિની નામની નગરી છે, તેનું રાજ્ય ધર્મરાજ કરે છે, પુણ્યવાન લોકો ત્યાં વસે છે. શક્રઆદિ સર્વે દેવો તેમની નિરંતર ખિજમત કરે છે. આથી વધારે શું કહું ? પરન્તુ અખિલ બ્રહ્માંડ તેમને આધીન છે." અને જે મારી સાથે છે તે પ્રિયવદન નામનો તેમનો દ્વારપાળ છે. યમરાજ જેના પર ખુશ થાય છે તેના માટે સાક્ષાત્ કલ્પવૃક્ષ અને જેના ઉપર ક્રોધે ભરાય તેના માટે મોત જેવો છે. જ્યારે મેં આપને માટે યમરાજને નિમંત્રણ આપ્યું ત્યારે તે ખુશ થઈને બોલ્યો." હે પુરુષ ! હું નક્કી ત્યાં આવીશ. તારા પૃથ્વી-પતિને એકવાર મંત્રી આદિ પરિવાર સાથે મોકલ તો સારું થાય. " જો તે અહીં આવે તો હું તેને અતિ રૂપરૂપના

અંબાર જેવી કન્યા અને દિવ્ય વસ્ત્રાભૂષણ આપું.” જેથી મને રાજા અને મંત્રી વિગેરેના પરિચયનો લાભ મળે અને આમંત્રણ પણ ફળે. માટે તમે શીઘ્રતાથી પ્રયાણ કરી, રાજાને મંત્રી પરિવાર સાથે મોકલો એમ કહીને મને વિસર્જન કર્યો, આપને લેવા અને મને માર્ગ બતાવવા આ દ્વારપાળને સાથે મોકલ્યો છે. જે પ્રમાણે હરિબલ બોલ્યો તે પ્રમાણે દેવ પણ બોલ્યો તે સાંભળી રાજાદિ સર્વ માણસોએ એ વાત સાચી માની.

આમ તો દંભ ઘણા જીવો કરી જાણે છે. પણ યુક્તિપૂર્વક કરેલા દંભનો અંત બ્રહ્મા પણ પામતા નથી.

હવે રાજા લલના અને લક્ષ્મીના લોભથી વિલંબને સહવા સમર્થ ન હોવાથી હરિબલને કહેવા લાગ્યો, “હે ભાગ્યશાળી ! યમપુરી જોવા તેમજ મારા પ્રિય મિત્ર યમરાજને મળવા મારું મન અતિ ઉત્સુક છે માટે નગર બહાર મોટી ચિતા કરાવો જેથી હું તેની પાસે શીઘ્ર પહોંચું ? હરિબલે સાક્ષાત્ ચંડિકા જેવી ચિતા કરાવી. અહીં નગરજનોએ સાંભળ્યું કે રાજા પરિવાર સાથે ચિતામાં પ્રવેશી યમપુરીની સમૃદ્ધિ અને સુખ લેવા જાય છે. માટે આપણે પણ સાથે સાથે જઇએ જેથી કરીને આપણી દરિદ્રતા નાશ પામે પછી પોતાના પરિવાર અને પૌરજનોથી વીંટળાયેલો રાજા ધામધૂમપૂર્વક નગર બહાર આવ્યો અને સકલ શહેરી સાથે અગ્નિમાં પડવા લાગ્યો, ત્યાં હરિબલે વિચાર્યું કે મેં મૂર્ખાએ આ શું આદર્યું છે ? નિરપરાધી પંચેન્દ્રિય જીવોના વધથી જીવ નરકે જાય છે. એ પ્રમાણે વિચારી હરિબલે રાજાને કહ્યું, “હે રાજન્ ! તમે ઉત્સુકતા ન કરો, અગર

આપ આપની અભિલાષાને પૂર્ણ કરવા ઇચ્છતા હો તો હું કહું તેમ કરો. મહારાજે જતાં પહેલાં વધામણી આપવા માટે વિશ્વાસુ મંત્રીને મોકલવા જોઈએ. આપણા વિશ્વાસુ મંત્રીને મોકલીએ અને પછી અનુક્રમે આપણે જઈએ. કારણ કે તે યમરાજ પાસે જઈ નિવેદન કરશે કે અમે અને અમારા મહારાજ આવી પહોંચ્યા છીએ. તે સાંભળી મંત્રી હર્ષના આવેશમાં નાચી ઊઠયો અને તેણે વિચાર્યું કે હું પહેલો જઈશ તો ખરેખર મને મોટો લાભ થશે. કહ્યું છે કેઃ—

दाने पाने शयने, व्याख्याने भोजने सभास्थाने ।
क्रयविक्रयेऽतिथित्वे, राजकुले पूर्णफलमाद्यः ।।१।।

અર્થઃ—દાનમાં, પાનમાં, શયનમાં, વ્યાખ્યાનમાં, ભોજનમાં સભાસ્થાનમાં, ખરીદવામાં, વેચવામાં, અતિથિમાં અને રાજસ્થાનમાં જે પહેલો પહોંચે તેને પૂર્ણ લાભ મળે છે. વળી :—

शून्येऽरण्ये भवने ग्रामे तोये च संग्रामे ।
आरोहेष्यवरोहे, पाश्चात्यस्य भवेल्लाभः ॥

અર્થઃ—શૂન્ય અરણ્યમાં, સૂના ઘરમાં, સૂના ગામમાં, પાણીમાં, સંગ્રામમાં, ઊંચે ચડવામાં નીચે ઉતરવામાં અને રાત્રે આગળ ચાલવામાં નુકસાન છે. આમ વિચારી પ્રધાન બોલ્યો, " હે પ્રભુ ! આપની આજ્ઞા હોય તો આ પ્રતિહારીની સાથે આગળ જાઉં ? " રાજા બોલ્યો સુખેથી જાવ. તમારી પાછળ હું પણ આવું છું. પછી પ્રધાને ઉલ્લાસ સહિત પ્રતિહારી સાથે ઝળહળતી ચિતામાં હર્ષથી પ્રવેશ કર્યો. માટીની કાયા માટીમાં મળી ગઈ. રાજા પણ ખુશ થતો પતંગીયાની પેઠે પડવા ધસ્યો પણ એવામાં હરિણલને તેના

પર દયા આવવાથી એકદમ તેનો હાથ પકડી પાછો ખેંચી લીધો. "રાજા બોલ્યો મને જલદી જવા દો નહીંતર સાર સાર વસ્તુ પ્રધાન પામશે. અને હું રહીશ મોં જોતો;" હરિબલ બોલ્યો, હે રાજન્ ! આ રાજ્યને વૃથા ન ગુમાવો, અગ્નિમાં પડેલો જીવ જીવતો રહે ખરો ? અને યમરાજ પાસેથી પાછો આવે ખરો ? આ સર્વ જે તમને દેખાય છે તે ધતિંગ છે. હે નરેશ ! તમને દરેક પ્રકારની વિડંબના થઈ માર આપ્યો, દાંત તુટ્યા તે બધી મહેરબાની મહામંત્રીની જ છે. અને અનેક પ્રકારની આફતના આંગણામાં ફેંકનાર પણ તેજ કુમંત્રીની દુષ્ટબુદ્ધિ હતી. વળી કહ્યું છે કે જે પોતાપર વિશ્વાસ રાખનારને દુષ્ટ બુદ્ધિ આપે, બીજાને પીડા પમાડવાની ઇચ્છા કરે અને પરસ્ત્રીને ચાહનાર હોય તે જીવોનું જગતમાં કાંઈ કલ્યાણ થતું નથી. (તે, ન જીવો)

માટે જ કુમંત્રીને ઉપાય કરી અગ્નિમાં નાખ્યો છે. કારણકે વ્યાધિ, વિષવૃક્ષ અને દુશ્મન આ ત્રણને માણસે શીઘ્ર છેદવા જોઇએ. તમે તો મારા રાજા છો તો તમને કેમ અગ્નિમાં પડવા દઉં ? અગર અગ્નિમાં પડતા ન નિવારું તો મેં સ્વામિદ્રોહ કર્યો કહેવાયને ? સ્વામિદ્રોહ તો મહાભયંકર પાપ છે.

તે સાંભળી રાજા ખેદ પામે છે, હાય ! હાય ! મેં બહુ અધમતા કરી છે. આ મારું સઘળું દુષ્ચરિત્ર જાણે છે. શરમથી તેનું મુખ નીચું નમી ગયું—ભૂતકાળની તસ્વીરો તેની સામે તરવરવા લાગી. નિષ્ઠાશૂન્ય જેવો થઇ ગયેલો તે ઊભો છે. ત્યારે હરિબલે મીઠા શબ્દથી કહ્યું, "હે સ્વામિન્ ! આપ ચિંતા શા માટે કરો છો ? હું તો આપનો સેવક છું. તમે મારા નાથ છો. ઇત્યાદિ વચનો વડે રાજાને ખુશ કર્યો.

રાજાએ પૂછ્યું, "હે મહાભાગ્યવાન ? આવી શક્તિ તેં કયાંથી પ્રાપ્ત કરી ? ત્યારે હરિબલે તેને જલદેવની બધી હકીકત કહી. તે સાંભળી બહુ વિસ્મય પામતો રાજા વિચારે છે," બરેબર સજ્જન પુરુષો કોઇપણ સ્થિતિમાં સજ્જનતા છોડતા નથી."

મારી દુષ્ટતા જાણ્યા પછી પણ તેણે મને મોતના મુખમાંથી બચાવ્યો છે. તેની જગ્યાએ બીજો કોઇ હોય તો મારા રાજપાટ, પુત્રી વિગેરે બધું કબ્જે કરી લેત, પણ અહો ! આ મારો મહાન ઉપકારી છે. આ પ્રમાણે હરિબલ માટે મનમાં બહુમાન ધરતો રાજા પોતાને ઘરે આવ્યો અને પૌરજનો પણ વિવિધ વાર્તાલાપ અને હરિબલની પ્રસંશા કરતા સહુ સહુના સ્થાને ગયાં.

અહીં રાજાએ ઉત્તમ રૂપ, ગુણ અને કળાનિધાન જેવી પોતાની કન્યાનું મોટા ઉત્સાહ, અને આડંબરપૂર્વક હરિબલ સાથે લગ્ન કર્યું, અને કન્યાદાન વખતે પોતાનું આખુ રાજપાટ પણ તેને આપી રાજા બનાવ્યો. હવે રાજાનું મન વૈરાગ્યે વળે છે. જીવોનો જીવનપલટો થતાં વાર લાગતી નથી–નિમિત્ત મળવું જોઇએ. સંસારની અસારતા જાણી તે બુદ્ધિમાન પુરુષે સુગુરુ પાસે આવી પ્રવ્રજ્યા લીધી. તે રાજર્ષિએ નિરતિચાર ચારિત્ર પાળ્યું. ઘાતિ કર્મનો ક્ષય થવાથી તેમને અપ્રતિપાતિ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી તેઓ સિદ્ધિગતિને પામ્યા,"

"હરિબલ રાજા પોતાનું રાજ્ય ન્યાયપૂર્વક પાળે છે.... "

હવે અહીં કાંચનપુરનો રાજા વસંતસેન પુત્રીના વિયોગથી બહુ દુઃખી થયો. તેણે ગામેગામ પોતાના માણસો તેની તપા-

સમાં મોકલ્યાં, પણ પત્તો કંયાંય લાગ્યો નહીં. " જેમ કસ્તૂરીની સુગંધ છુપાતી નથી. તેમ હરિબલની આશ્ચર્યકારી ઘટના દશે દિશામાં ફેલાઇ ગઇ.

वार्ता च कौतकवती विषदा च विद्या,
लोकोत्तरः परिमलौघः कुरंगनामेः ॥
तैलस्य बिन्दुरिव वारिणि दुर्निवार
मेतत्त्रयं प्रसरतीति किमत्र चित्रम् ॥ १ ॥

અર્થ :—આશ્ચર્યકારી વાર્તા નિર્મળ વિદ્યા અને કસ્તૂરીની સર્વોત્કૃષ્ટ સુંગધ એ ત્રણ પાણીમાં પડેલા, તેલના ટીપાની જેમ પ્રસરી રહે છે, એમાં આશ્ચર્ય શું ? અર્થાત્ આ વસ્તુઓ જગતમાં વગર જાહેરાતે પ્રસિદ્ધ થાય છે.

પોતાના સેવકોના મુખે આ વાત સાંભળી વસંતસેન રાજાએ પાકી તપાસ કર્યા પછી મંત્રી વિગેરે મુખ્ય પુરુષોને પોતાની પુત્રી તથા જમાઈને તેડવા મોકલ્યાં. પોતે વિચારવા લાગ્યો કે મારી પુત્રી ભાગ્યશાળી છે કે જેને દાનેશ્વરી અને શૂરવીર એવો હરિબલ પતિ મળ્યો. અહીં પ્રધાન વિગેરે. હરિબલ રાજા પાસે આવ્યા અને વિનંતિ કરી. " હે સ્વામિન્ વસંતશ્રીના પિતાએ આપને તેડવા અમને મોકલ્યા છે. તે સાંભળી હરિબલે પોતાના પ્રધાનને ચતુર્વિધ સૈન્ય તૈયાર કરવા આદેશ આપ્યો, અને પોતે મહેમાન સાથે ભોજનગૃહમાં આવ્યો. પછી ચતુરંગી મહાસેના સાથે ત્રણે લોકના ઉત્તમ નમૂના જેવી ત્રણે પત્નીઓને લઇ કાંચનપુર નગર સમીપે આવી પહોંચ્યો. વસંતસેન રાજાએ તેને મહોત્સવ પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં હરિબલ રાજાની બહુ પ્રસંશા થઈ. વસંતશ્રીના માતપિતા વિગેરે સ્વજન વર્ગે તેની શોકચો સાથે તેનો બહુમાન પૂર્વક સત્કાર કર્યો. વસંતસેન ભૂપતિને વસંતશ્રી સિવાય બીજું કાંઈ સંતાન ન હતું. તેથી હરિબલ રાજાને યોગ્ય

જાણી પોતાનું રાજ્ય તેને સોંપ્યું. અને પોતે રાણી સહિત દીક્ષા લઇ આત્મકલ્યાણ સાધ્યું; કર્મના મૂળને છેદી અનંત અવ્યાબાધ શિવસુખને પામ્યા. અહીં હરિબલ રાજા બન્ને રાજ્યનું સારી રીતે પાલન કરવા લાગ્યો. પહેલાંની ત્રણ રાજ્યકન્યા પટ્ટરાણીઓ હતી. બીજી પણ તેને અપ્સરા જેવી ઘણી રાણીઓ હતી. આમ તે પોતાની પત્નીઓ સાથે વિવિધ વિષયના સુખ ભોગવતો કાળ નિર્ગમન કરવા લાગ્યો અન્યથા એક દિવસ હરિબલ ભૂપતિને વનપાલકે વધામણી આપી. "હે સ્વામિન્! આપણા ઉદ્યાનમાં આપના ગુરુ ધર્માચાર્ય પધાર્યા છે, આ સાંભળી ખુશ થયેલા રાજાએ તેને ઘણું દાન આપી વિસર્જન કર્યો. પછી પાંચે અભિગમને સાચવતો મોટા આડંબર પૂર્વક પરિવાર સહિત ઉદ્યાનમાં આવ્યો. ગુરુજીને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક પંચાંગપ્રણિપાત કરી ગુરુ સન્મુખ બેઠો. પછી વિનંતિ કરી કે હે સ્વામિન્! હું હીન કુળમાં જન્મ્યો છતાં આપની કૃપાથી અતુલ સમૃદ્ધિ પામ્યો છું. માટે કૃપા કરી અનંત આનંદ આપનારો ધર્મ ઉપદેશ આપો કે જેથી હું પરભવે પણ સુખી થાઉં. ગુરુ બોલ્યા કે હે હરિબલ! તને ધન્ય છે કે તારી મતિ ધર્મ વિષયમાં થઇ આ સંસારમાં પ્રાણીઓને મોટી મોટી મહેલાતો કંચન અને કામિની વાહનો અને સેવકો નૃત્યો અને વાજિંત્રો વિગેરે બહુ ઘણું ઘણું હોય છે, પરંતુ જેઓ ધર્મમાં પ્રીતિ ધરાવે છે. ' તેઓજ ધન્ય છે. '

હે ભદ્ર! ધર્મના બે ભેદ છે. એમાં પાંચ મહાવ્રત રૂપ યતિ ધર્મ છે. અને બીજું શ્રાવક ધર્મ બાર અણુવ્રત વિગેરે સહિતનો જિનેશ્વરોએ કહ્યો છે. આપણા સિદ્ધાંતનો મૂળ પાયો અહિંસા છે. સર્વવિરતિ વિના જીવદયાનું આરાધન થઈ શકતું નથી. જે જીવ સર્વવિરતિ (ચારિત્ર) પાળવા સમર્થ

ન હોય તે સમ્યક્ત્વ મૂળ બાર વ્રત અંગીકાર કરી ઉત્તમ રીતે પાળે. તેમાં પણ જીવદયા એજ એનું મૂળ છે.

ગુરુ મહારાજનો ઉપદેશ સાંભળી હરિબલ રાજા બોલ્યો, "હે પ્રભો ! હું પાંચ મહાવ્રતના ભારને વહવામાં અસમર્થ છું માટે મને ગૃહસ્થધર્મ ઉચ્ચરાવો. તે સાંભળી ગુરુ મહારાજે તેને બાર વ્રતરૂપી ગૃહસ્થધર્મ ઉચ્ચરાવ્યો. ત્યારબાદ હર્ષિત હૈયે ગુરુને નમસ્કાર કરી પોતાના મંદિરે આવી, હરિબલ રાજા ઉત્તમ પ્રકારે ધર્મારાધન કરવા લાગ્યો તેણે પોતાના દેશમાં અમારીપડહ વગડાવ્યો. તેના દેશમાં "માર" એવો શબ્દ પણ કોઈ નહોતું બોલતું, વળી તેણે પોતાના દેશમાંથી દુર્ગતિના દ્વાર જેવા સાતે વ્યસનોને દેશવટો આપ્યો હતો. મેઘોનું પાણી, ચંદ્રની ચાંદની, વૃક્ષના ફળોને સત્પુરુષની સેવા એ સર્વે જગતના જીવોને સામાન્ય રીતે ઉપકારી છે. વળી તેણે પોતાના ગ્રામનગરોમાં જિનચૈત્યો તેમજ પવિત્ર પૌષધશાળાઓ બંધાવી, અને પોતાની પાસે રહેલી અમૃત રસની તુંબડીથી રોગાદિ ઉપદ્રવનો નાશ કર્યો હતો. તેના પુણ્ય અને ચાતુર્યથી ચારે દિશાઓના રાજાઓ તેની આણ, માનતા. કેટલોક કાળ એણે ચક્રવર્તીની જેમ વ્યતિત કર્યો. એક દિવસ ગુરુ મહારાજ ઉદ્યાનમાં પધાર્યા છે. એમ સાંભળી હર્ષઘેલો રાજવી કુટુંબ સાથે ત્યાં આવ્યો. પ્રદક્ષિણા પૂર્વક વંદન કરી દેશના સાંભળવા બેઠો. ગુરુ મુખથી દેશના સાંભળી વૈરાગ્ય પામ્યો ને ત્રણે સ્ત્રીઓ સહિત દીક્ષા લીધી, અને ઉત્તમ પ્રકારે નિરતિચાર સંયમ પાળી. કેવળ પામી મોક્ષપદ પામ્યાં.

પ્રથમ વ્રત ઉપર

॥ ઇતિ હરિબલ કથા સમાપ્ત ॥

આ પ્રકારે હરિબલની કથાને સાંભળી. હે ભવ્યજીવો! જીવદયામાં આદર કરો કે જેથી હરિબલની માફક ઉત્તરોત્તર મંગળમાળા પ્રાપ્ત થાય. જિણુંદજીના મુખેથી આવાં વચન સાંભળી ખુશ થયેલાં આણુંદે, શ્રાવકના ભાંગા વડે પ્રથમ અણુવ્રત સ્વીકાર્યું. તે આ પ્રમાણે :—

હે પ્રભો! નિરપરાધી જીવોને મારે મારવા નહીં. અપરાધી એવા જીવોની પણ નિર્દયતા રૂપે હિંસા ન કરવી. અને પાંચે પ્રકારના એકેન્દ્રિય જીવોની યતના કરવી. એ પ્રમાણે પ્રથમ અણુવ્રત આણુંદ શ્રાવકે ભાવથી ગ્રહણ કર્યું— તેનો સિદ્ધાંતમા આલાવો આ પ્રમાણે છે:—

थूलगं पाणाइवायं समणोवासओ पच्चरक्खाइ से पाणाइवाए दुविहे पन्नते ॥ त्तं जहा ॥ संकप्पओ अ आरंभओ अ, तत्थ समणोवासओ संकप्पओ अ जावज्जीवाए पच्चरक्खाइ ॥ आरंभओ अ थुलगपाणाइवायवेरमणस्स समणोवासएण पंच अइआरा जाणियव्वा न फासियव्वा ॥ त्तं जहा ॥ वह १ बंध २ छविच्छेए ३ अइभारे ४ भत्तपाणवुच्छेए; पढअवयस्सइयारे पडिक्कमे देसियं सव्वम् ॥ १ ॥:

અર્થ :—શ્રાવક સ્થૂલ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરે છે. તે પ્રાણાતિપાત સંકલ્પથી અને આરંભથી એમ બે પ્રકારે છે. તેમાં સંકલ્પ પ્રાણાતિપાતનું શ્રાવક જાવજ્જીવ સુધીનું પચ્ચક્ખાણ કરે છે, પણ આરંભથી સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતનું પચ્ચક્ખાણ જીવનં પર્યંત નથી કરતાં શ્રાવકે

તેના પાંચ અતિચાર જાણવા પણ આદરવા નહીં. તે નીચે પ્રમાણે છે :—

૧. ત્રસ જીવોને ચાબુક વગેરેથી પ્રહાર કરવો.

૨. દોરડા વગેરેથી દૃઢ બંધને બાંધવાં.

૩. શસ્ત્ર વગેરેથી નાક, કાન, વૃષણ વગેરે કાપવાં.

૪. પશુઓ પ્રમુખની પીઠ પર તેનાથી ન ઊપડે તેટલો ભાર ભરવો.

૫. સમય થયા છતાં પણ તેનો ખોરાક તેને ન આપવો.

આ અતિચાર લગાડનાર શ્રાવક વ્રતનો વિરાધી જાણવો. હવે, બીજા વ્રતમાં જે જીવો **હંસરાજાની** જેમ સત્ય બોલે છે, તેની પ્રશંસા ત્રણે લોકમાં થાય છે. જેઓ પ્રાણાંતે પણ સત્ય છોડતા નથી, તેમની સ્તુતિ દેવો પણ કરે છે. તે સાંભળી આણંદ શ્રાવકે પૂછ્યું, "હે ભગવન્! કોણ હતો તે હંસરાજા? તે વ્રત પાળી શી રીતે સુખી થયો? તે કૃપા કરી કહો."

હંસરાજાની કથા

શ્રી જિનેન્દ્ર બોલ્યા, "આ ભરતક્ષેત્રમાં રાજપુર નામનું નગર છે, ત્યાં **હંસરાજા** રાજ્ય કરતો હતો. તે ન્યાય પૂર્વક પ્રજાને પાળતો હતો વળી તે રાજા જિનધર્મનો નવેતત્ત્વોનો જાણકાર પરમ શ્રાવક હતો તે મૃષાવાદ વિરમણ વ્રતને સારી રીતે પાળતો હતો. ત્યાં **રત્નશૃંગ** નામનો પર્વત છે. તેના ઉપર **આદિનાથપ્રભુનું** એક આહલાદકારી ચૈત્ય છે ત્યાં ચૈત્રી પૂનમના દિવસે યાત્રા માટે ઘણાં માણસો ભેગાં થાય છે. એક દિવસે રાજા પણ પ્રધાનને રાજ્યભાર સોંપી પરિવાર સાથે યાત્રા માટે નીકળ્યો. રસ્તામાં સ્થાને સ્થાને જિનધર્મની પ્રભાવના કરતો આગળ ચાલતો તે અર્ધા રસ્તે પહોંચ્યો ત્યાં દૂરથી દોડતો દોડતો એક દૂત આવ્યો. તેના મુખ ઉપર ગભરાટ હતો. તેનું શરીર ભયથી કંપતું હતું. કપડાંઓ ધૂળથી ભરાઈ ગયાં હતાં અને તે થાકીને લોથપોથ થઈ ગયો હતો. તેની આંખોમાં ઝુસ્સો હતો. તે મગરૂરની સાથે મજબૂર પણ હતો. તે રાજા પાસે આવી વિનંતિ કરવા લાગ્યોઃ "હે પ્રભો! આપના પ્રયાણની ખબર અર્જુન રાજાએ સાંભળી, તેથી તે આપનો શત્રુ, અકસ્માત પોતાના સૈન્ય સાથે આવી

પહોંચ્યો, અને આપણા બળવાન યોદ્ધાઓને મોતને ઘાટ ઉતાર્યા. રાજભંડાર, કોઠાર, હસ્તિ, રથ વગેરે બધું કબજે કર્યું. ભયભીત થયેલા લોકોને તેણે વિશ્વાસ પમાડી તેઓ પર પોતાની આજ્ઞા પ્રવર્તાવી. પોતે સિંહાસન પર આરૂઢ થઈ નગરનું આધિપત્ય ભોગવે છે. આપના સુમતિ નામના મંત્રીએ મને ગુપ્ત રીતે આપની પાસે મોકલેલ છે. હવે આપને જે યોગ્ય લાગે તે કરો.” તે સાંભળી સુભટોનાં લોહી તપી ગયાં. આંખો અંગારા વરસાવવા લાગી અને તેઓની હથેળી તલવારની મૂઠ પર પડી. તેઓ બોલવા લાગ્યાઃ “ હે પ્રભો ! હવે આપ ઉતાવળે પાછા ફરો. આપની સમક્ષ કોઈપણ ઊભા રહેવા સમર્થ નથી. તેઓ ઊભી પૂંછડીએ ભાગી જશે.” માટે હે નાથ ! પહેલા આપણે શત્રુને નગરમાંથી નસાડી, પછી યાત્રા કરવા પાછા આવશું.” રાજા આ બધું શાન્ત ચિત્તે સાંભળીને બોલ્યો, “ હે સુભટો પૂર્વ કર્મના વશથી સંપદા પણ આપત્તિનું રૂપ લે છે. આ બનાવ કાંઈ નવો નથી. આવી ઉથલપાથલ કર્મોએ કંઈક વાર કરી છે માટે તમે જ કહો કે જિનયાત્રા મૂકી કયો મૂર્ખ રાજ્ય માટે પાછો ફરે ? સંસાર સમુદ્રમાં ભ્રમણ કરતાં જીવને ઘણી વાર રાજ્યો મળ્યાં છે. પરંતુ જિનયાત્રા અત્યંત દુર્લભ છે. જિન ઉપર રાગ વગરના રાજવી રાજને લીધે જ દુર્ગતિને પામે છે. માટે હે સુભટો ! ગમે તે થાય પણ હું તો યાત્રા કરીને જ પાછો વળીશ ! અન્યથા નહિ.” આમ કહી રાજા આગળ ચાલવા લાગ્યો. ત્યાં તેની સેનાના માણસો પોતપોતાના કુટુંબનાં પરિણામ જોવા પાછા વળ્યાં. જેમ જેમ રાજાને મૂકી

માણસો પાછા વળવા લાગ્યા તેમ તેમ રાજા મનમાં હસતો આગળ ચાલવા લાગ્યો. આમ કરતાં કરતાં બધા માણસો જતાં રહ્યાં. ફક્ત છત્રધર જ સાથે રહ્યો. તેની સાથે રાજા એક મોટી અટવીમાં આવી પહોંચ્યો. રાજા ચિંતવવા લાગ્યો કે અનાર્ય ભીલો અહીં વાસ કરે છે. તેઓ વસ્ત્રાભૂષણ જોઇ મારા પર હુમલો કરશે. આમ વિચારી તેણે પોતાનાં ઉત્તમ વસ્ત્રાભૂષણ છત્રધરને અર્પણ કરી પોતે એકલો ભયંકર વનમાં ચાલતો થયો. રસ્તામાં એક મૃગલું રાજાની પાસેથી નીકળી ઘનઘોર ઘટાવાળી ઝાડીમાં જતું રહ્યું. તેની પછવાડે એક ધનુર્ધારી ભીલે આવી રાજાને પૂછયું; "હે પુરુષ ! હમણાં એક મૃગ તારી પાસેથી ભાગ્યો છે, તે કયાં ગયો તે કહે. આજ સવારથી હું શિકારની શોધમાં હતો, મહામુશ્કેલીએ આ મૃગ મળ્યું હતું, મને જોઇને જ તે આ તરફ ભાગી આટલામાં જ કયાંક અદૃશ્ય થઈ ગયું છે." રાજા વિચારે છે. જો આને સત્ય કહું તો મૃગનો વધ થાય, ખોટું કહું તો લાંબા કાળથી પાળેલું વ્રત જાય; માટે આની જોડે બુદ્ધિબળથી કામ લેવું પડશે. એમ વિચારી રાજા બોલ્યો. "હે કિરાત ! હું માર્ગ ભૂલવાથી અહીં આવી ચડ્યો છું." ભીલ બોલ્યો કે "હું પૂછું છું કે પેલું મૃગલું કઈ બાજુ ગયું તે કહે." રાજા કહે મારું નામ હંસરાજ છે. ભીલ બોલ્યો : "અરે ! બહેરખાંના બાપ, તારા નામનું મારે શું કામ ? હું તો તને પૂછું કે મૃગ કયાં ભરાઈ ગયું ?" રાજા બોલ્યો 'મારું ઘર રાજપુરમાં છે.' હવે ભીલ બરાબર તપી ગયો ને બોલ્યો, "અરે મૂઢ ! તારું ઘર કોણ પૂછે છે હું પૂછું છું તેનો ઉત્તર આપને, આડું અવળું શા માટે બોલે છે ?"

રાજા બોલ્યો શું મારું કુળ? ઓહ, હું તો ક્ષત્રિય કુળનો છું. ભીલ બોલ્યો એલા તું બહેરો છે કે ચસકી ગયું છે? ભૂપ બોલ્યો: "તું જે માર્ગે જવાનું કહીશ તે માર્ગે જઈશ." ભીલ બોલ્યો; "અરે બહેરા, તું મારી દૃષ્ટિથી દૂર જા. આવાને આવા બહેરા કેટલાક ચાલી નીકળ્યા છે? આમ બબડતો તે ભીલ સ્વસ્થાને ગયો. રાજા પણ ધીરે ધીરે આગળ ચાલવા લાગ્યો. આગળ ચાલતાં ચાલતાં તેણે એક મુનિને આવતા જોયા. તેની પાસે જઈ રાજાએ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કર્યા: આજે મારો અવતાર સફળ થયો, આજે આપનાં દર્શનથી મારી સઘળી ક્રિયા સફળ થઇ." આમ ગુરુદેવની સ્તુતિ કરી જ્યાં થોડે દૂર ગયો ત્યાં તેને ક્રોધથી લાલઘૂમ નેત્રવાળા બે ભીલ સામાં મળ્યાં અને બોલ્યા, "હે પુરુષ! આ વનખંડમાં સુર નામે પલ્લિપતિ રહે છે તે આજ ઘણા દિવસે ચોરી કરવાની બુદ્ધિથી ઘણા ચોરો સાથે પલ્લિમાંથી નીકળ્યો ત્યાં તેણે એક મુંડ (સાધુ) ને સામે આવતો જોયો. તેને જોઈને પલ્લિપતિ બોલ્યો, આ મુંડાના દર્શનથી અમંગળ થયું એમ કહી ક્રોધથી તેને મુંડાને (સાધુ) મારી નાખવાનો આદેશ આપ્યો છે. માટે તે પાખંડી કયાં? અને કઈ દિશાએ ગયો તે કહે." રાજા વિચારે છે. સાચું કહું તો આ દુષ્ટો મુનિનો વધ કરશે અને ખોટું કહું તો મારું વ્રત બંડાશે માટે પહેલાંની માફક આની સાથે વર્તવું પડશે. રાજાએ પૂછ્યું; "તમો શું કહો છો? તે મને બરાબર સમજાતું નથી." ત્યારે ભીલોએ મોટા સાદે કહ્યું. "સાંભળ, તે મુંડ તારી આગળ થઇને કઈ દિશાએ ગયો તે કહે કે જેથી અમે તેનો

વધ કરીએ." રાજા બોલ્યો, "જેઓ જુએ છે તેઓ બોલતા નથી અને જેઓ બોલે છે તેઓ જોતા નથી. ભીલો બોલ્યા, "અરે! અમે પૂછીએ તેનો ઉત્તર આપને! ઊંધું શા માટે ભરડે છે? અમે પૂછીએ છીએ કે પેલો મુંડ ક્યાં ગયો?" રાજા ફરી બોલ્યો. "જે જુએ છે તે બોલતો નથી અને જે બોલે છે તે જોતો નથી. આ પ્રમાણે તે લોકોના પૂછવાથી ત્રણચાર વાર ઉત્તર આપ્યો તેથી તે ભીલો રોષે ભરાયા. એક બોલ્યો, "અરે! આ તો ગાંડો જણાય છે." ત્યારે બીજો બોલ્યો કે અરે મૂર્ખ! જા જતો રહે અહીંથી? તારું મોઢું બતાવતો નહીં. નકામાં હેરાન પરેશાન કર્યા. આવા ને આવા છે કેટલાક?" આમ બબડતા બન્ને રસ્તે પડ્યાં, અને રાજા આફત ટળવાથી પ્રસન્ન ચિત્તે આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં સાંજ પડી ગઈ. તેણે એક વૃક્ષ નીચે મુકામ કર્યો અને નીચે પડેલા પાંદડાં ભેગાં કરી પાથર્યા અને તેના પર બેસી પ્રતિક્રમણ કરવા લાગ્યો. એટલામાં તેને કોઈ ધીમે ધીમે વાત કરતું જણાયું, તેણે સાવધાન થઈ આજુબાજુ જોયું. તેને લતાઓના સમૂહમાં કોઈ બોલતું જણાયું, આજથી ત્રીજા દિવસે સંઘ આવવાનો છે, ઘણું ધન અને સોના સાથે સંઘને લૂંટી લાંબા કાળથી પાછળ પડેલી દરિદ્રતાને તિલાંજલી આપીશું." થોડા બોલ્યા: "આપણે વેશ બદલી સંઘમાં ભળી જવું બીજાએ કહ્યું, અમે ફલાણી જગ્યાએ સંતાઈ રહેશું." આમ સહુએ પરસ્પર યોજના ઘડી. રાજા વિચારમાં પડી ગયો કે ચોરો નક્કી સંઘનું અનર્થ કરશે. સંઘમાં સાધુ–સાધ્વી પણ હશે અને તેમને પણ દુઃખ દેશે.

વળી આ ચોરો પણ ઘણા છે. હું એકલો છું. શી રીતે હું સંઘની રક્ષા કરૂં ? આમ અનેક પ્રકારના વિચાર કરતો ચિંતાતુર ભૂપ બેઠો છે, તેવામાં કેટલાક શસ્ત્રથી સજ્જ થયેલા સુભટો હાથમાં દીપક લઇ આવી પહોંચ્યા અને રાજાને જોઈ પરસ્પર બોલવા લાગ્યા; " આ પણ ચોર દેખાય છે. " કેટલાક બુદ્ધિમાનો તેનું શરીર અને લક્ષણ જોઈ બોલ્યા, " આ કોઇ મહાપુરુષ લાગે છે. પણ ચોર જણાતો નથી. " પછી સુભટોએ રાજાને પૂછયું. " હે સત્પુરુષ ! તમે કોઈ ચોરોને જોયા કે સાંભળ્યાં છે ? સાંભળવામાં આવ્યું છે કે તેઓ સંઘ લૂંટવાના છે. જો તમે આ બાબતમાં કાંઈ જાણતા હો તો કહો. અહીંથી દશ યોજન ઉપર એક શ્રીપુર નામનું નગર છે. ત્યાં રિપુમર્દન નામનો રાજા રાજ્ય કરે છે. અવારનવાર અહીં લૂંટ થાય છે. આ વખતે પણ એ લોકો અહીં જંગલમાં આવ્યા છે, એમ જાણવાથી રિપુમર્દન રાજાએ અમને સંઘની રક્ષા માટે તે ચોરોનો વધ કરવા આજ્ઞા આપી મોકલ્યા છે. જો તમે જાણતા હોય તો બતાવો કે જેથી તેઓને મારીને સંઘરક્ષણનું પુણ્ય પામી પ્રજાપતિની કૃપા સંપાદન કરીએ. તે સાંભળી હંસરાજા વિચારે છે. સાચું કહું તો ચોર વધનું પાપ મને લાગશે – જો હું ખોટું બોલું તો વ્રત ભંગ થશે અને સંઘ લૂંટાશે. પછી બુદ્ધિથી વિચારી બોલ્યો : " હે સુભટો ! ચોરને જોયો ન જોયો એમ પૂછવામાં અહીં ઊભા વિલંબ કરવાથી તમને તમારી કાર્ય સિદ્ધિ પ્રાપ્ત નહિ થાય. માટે તમો ઉતાવળા સંઘમાં જ જાવ અને તેની રક્ષા કરો. કારણ કે ચોરો પણ ત્યાં જ આવવાના છે. તે સાંભળી રાજાને ધન્યવાદ આપતા સુભટો પાછા ફરી સંઘ સમીપ આવ્યાં.

હવે અહીં લતાના ઝૂંડમાંથી બધા ચોરો બહાર નીકળી હંસરાજાને નમસ્કાર કરીને બોલ્યા: "હે સત્પુરુષ! અમે સંતાઈ પરસ્પર વાતો કરતા હતા. એ તમે જાણતા હતાં છતાં તમોએ સુભટોને જણાવ્યું નહિ. માટે તમો અમારા પ્રાણદાતા છો; તમને ધન્ય છે! તમે મહા પુણ્યશાળી છો. આપના હૃદયમાં આવા પ્રકારની દયા છે." તેથી તમે અમારા પિતા તુલ્ય છો. આ પ્રમાણે તેની સ્તુતિ કરતાં ચોરો સ્વસ્થાને ગયા.

અહીં અજવાળું થતાં રાજા પણ રસ્તો કાપવા લાગ્યો. થોડુંક ચાલ્યો ત્યાં તેણે ઘોડાના દાબડા સાંભળ્યા. પાછું જોયું તો કેટલાક ઘોડેસ્વારો આવતા જણાયા. રાજા ઊભો રહ્યો, સૈનિકો ત્યાં આવી પૂછવા લાગ્યાં, "હે પુરુષ! અમારા અર્જુન નામના રાજાએ રાજપુર નામના નગર ઉપર હુમલો કરી જીત્યું છે, રાજપુર નગરનો રાજા હંસ ક્યાંક નાસી ગયો છે, તેનો પત્તો નથી. અર્જુન રાજાએ તેને મારવા અમને મોકલ્યા છે, જો તેં હંસરાજાને જોયો હોય કે તેની કાંઈ ખબર હોય તો અમને કહે, જેથી અમે તેને મારી અમારા પ્રભુનો પ્રેમ અને પારિતોષિક પામીએ." તે સાંભાળી રાજાએ વિચાર્યું: "ફક્ત જીવિત માટે મૃષા કોણ બોલે? મારું મૃત્યુ કાલે થતું હોય તો ભલે આજે થાઓ, પણ હું મિથ્યા નહીં જ બોલું." પછી તેણે સુભટોને કહ્યું; "હે સુભટો, હું પોતે જ હંસરાજા છું. તમારી જે ઇચ્છા હોય તે પ્રમાણે કરો." આમ કહી રાજા મહામંત્ર નવકાર ગણવા લાગ્યો, તે સાંભળી એક સુભટે ખડ્ગનો એક ઝાટકો હંસરાજાના મસ્તકે માર્યો પણ માથાને અડે તે પહેલાં તો ખડ્ગના જ ભુક્કેભુક્કા ઊડી ગયા અને ગગનમાં દેવ દુંદુભિ વાગી, દેવોએ તેના પર કુસુમ

વૃષ્ટિ કરી, અને ગંભીર નાદે આકાશવાણી થઈ કે, "હે સત્યવાદી હંસરાજા ! તું જય પામ ! જય પામ !! " એટલામાં એક સમ્યગ્દૃષ્ટિ યક્ષ પ્રગટ થયો અને કહેવા લાગ્યો, "હે રાજન્ તારી સત્યતા પર હું પ્રસન્ન છું તેથી તારા શત્રુઓને મેં બરાબર ચમત્કાર બતાવ્યો છે. " હે રાજન્ ! જે યાત્રા કરવા તું નીકળ્યો છે તેનો દિવસ આજે જ (ચૈત્રી પૂનમ) છે અને શૃંગશૈલ છેટો છે, માટે તું મારા વિમાન પર આરૂઢ થા. જેથી આદિનાથ દાદાના દર્શનની યાત્રાનો લાભ આપણે બન્નેને મળે. " તે સાંભળી દિવ્યાલંકારથી વિભૂષિત મનોહર વિમાનમાં રાજા બેઠો અને ક્ષણ માત્રમાં શૃંગ પર્વત પર પહોંચ્યો. સ્નાનઆદિ કર્યા બાદ સુગંધી પુષ્પો લઇ ચૈત્યમાં આવ્યો અને સુરભિ જળ વડે પ્રભુનું પ્રક્ષાલન કર્યું; કેશર, ચંદન અને કસ્તુરી આદિ ઉત્તમ દ્રવ્યોથી રાજાએ યક્ષ સહિત જિન પૂજા ત્રણે પ્રકારે કરી; ત્યારબાદ ગીત, નૃત્ય, વાજિંત્રોથી દિવ્ય નાટક કરી યાત્રા મહોત્સવ કર્યો. પછી યક્ષે હંસરાજાને તેની રાજધાનીમાં લાવી મુકુટ મંડિત મસ્તકે સિંહાસન પર બેસાડ્યો અને શત્રુ રાજાને બાંધી હાજર કર્યો, પણ હંસરાજાના કહેવાથી તેણે દુશ્મનોને મુક્ત કર્યા. પછી પોતાના ચાર દેવસેવકોને આજ્ઞા કરી કે તમારે નિરંતર હંસરાજાની સેવા કરવી, દેવ સંબંધી ભોગ ભોગવવા આપવા, અને તેમનું હંમેશ યત્નવડે વિઘ્નોથી રક્ષણ કરવું. દેવોને આજ્ઞા કર્યા બાદ રાજાની અનુમતિ લઈ પોતે સ્વર્ગમાં સ્વસ્થાને ગયો. તે હંસરાજા સત્યના પ્રતાપે મનુષ્ય લોકમાં દેવ સંબંધી ભોગો ભોગવી પરલોકમાં દેવગતિ પામ્યો.

॥ ઈતિ હંસરાજા કથા સમાપ્ત ॥

માટે હે ભવ્યજીવો, હંસરાજાનું ચારિત્ર સાંભળી ચિંતા-મણિ રત્ન જેવા દ્વિતીયવ્રતને નિરંતર આદરો. જો શક્તિ હોય તો મૃષાવાદનો સર્વથા ત્યાગ કરવો અને શક્તિ ન હોય તો પણ યત્ન તો કરવો જ. જો કોઇપણ રીતે નિયમ લેવા અશક્ત હોય તો પણ ૧. કન્યા સંબંધી, ૨. ગાય સંબંધી, ૩. ભૂમિ સંબંધી, ૪. ખોટી સાક્ષી પૂરવા સંબંધી, ૫. થાપણ ઓળવવા સંબંધી, આ પાંચ પ્રકારે અસત્ય વર્જનીય છે.

વળી આ પાંચ અતિચાર છે; તે જાણવા પણ આદરવા નહીં. તે આ પ્રમાણે :—

(૧) અણવિચાર્યું બોલવું, (૨) કોઇના ગુપ્ત વિચારો અન્યને કહેવા, (૩) પોતાની પત્નીની ગુપ્તવાતો ખુલ્લી પાડવી, (૪) કોઇને ખોટો ઉપદેશ આપવો અને (૫) ખોટા લેખ લખવા.

આ સાંભળી આણંદશ્રાવકે પ્રભુ પાસે બીજું વ્રત લીધું. હવે પ્રભુ ત્રીજા અદત્તાદાન વ્રત ઉપર નિરૂપણ કરે છે :— "જે જીવો પરના પૃથ્વી પર પડી ગયેલા અથવા ખોવાયેલા દ્રવ્યને કદી પણ ગ્રહણ કરતા નથી તે પુણ્યવાન પુરુષો ઉભય લોકમાં સર્વ પ્રકારની સુખસંપત્તિ પ્રાપ્ત કરે છે. અને જેઓ પરદ્રવ્ય ગ્રહણ કરે છે તેઓને આ લોકમાં શૂળી પર ચઢવું પડે છે. બંધન, છેદન, ભેદન વગેરે. અનેક પ્રકારે દુઃખ ભોગવવા પડે છે. અને પરલોકમાં પણ નરકની અતિ તીવ્રવેદના ભોગવવી પડે છે. જે ધન્ય પુરુ-ષોને પરદ્રવ્ય ગ્રહણ કરવાનો નિયમ છે, તેઓ **લક્ષ્મીપુંજની**

માફક સર્વ સુખસંપદાના સ્વામી થાય છે.” તે સાંભળી આણુંદે પૂછયું, “હે પ્રભો ! તે લક્ષ્મીપુંજ કોણ હતો ? ત્રીજા વ્રતને શી રીતે પાળ્યું હતું, તે ઉત્તમપુરુષે સુખ સમૃદ્ધિ પણ શી રીતે પ્રાપ્ત કરી હતી ? તે કૃપા કરી મને કહો.”

તે સાંભળી પ્રભુ બોલ્યા, “હે આણુંદ ! તું સાવધાન થઈ જગતને આશ્ચર્ય પમાડનારા લક્ષ્મીપુંજના ચરિત્રને સાંભળ :—”



"લક્ષ્મીપુંજની કથા"

આ ભરતક્ષેત્રમાં સર્વ નગરોમાં શ્રેષ્ઠ એવું હસ્તિનાપુર નામનું નગર છે. ત્યાં **સુધર્મા** નામનો વણિક વસતો હતો. તે જીવાદિ નવેતત્ત્વોનો જાણકાર હતો. તેને **ધન્યા** નામની ગુણવંત ભાર્યા હતી. તેઓ બહુ ગરીબ હોવાને લીધે દુઃખથી આજીવિકા ચલાવતાં હતાં.

એક રાતે ધન્યાએ સ્વપ્નમાં જળથી ભરપૂર અને કમળથી સુશોભિત પદ્મદ્રહની વચમાં સુવર્ણમણિમય કમળ પર હાર કુંડલાદિ આભૂષણોથી દેદીપ્યમાન લક્ષ્મીદેવીને જોયા. સ્વપ્ન જોઈ જાગ્યા પછી તે પોતાના પતિ પાસે આવી અને સ્વપ્ન સંબંધી સઘળી વાત નિવેદન કરી. તે સાંભળી સુધર્મા શ્રેષ્ઠી બોલ્યો, "હે પ્રિયે! તમને શ્રીમાન્, ગુણવાન, કલ્યાણકારી, દુઃખનો હર્તા, કીર્તિવાન અને જિનેશ્વરનો પરમભક્ત એવા પુત્રનો જન્મ થશે." તે સાંભળી ધન્યા ઘણી ખુશી થઇ અને જિનગુણ ગાનમાં રાત્રિ પસાર કરી. તેનો વ્યાપાર સારી રીતે ચાલવાથી કમાણી થવા લાગી અને ગર્ભની સાથે સાથે લક્ષ્મીની પણ વૃદ્ધિ થવા લાગી, તેણે જીવનમાં પહેલવહેલું કાંઇક સુખ જોયું, અનુક્રમે ગર્ભને વધતો જોઇ તે વિચારવા લાગ્યો કે

મારા ઘરમાં ધન ઘણું ઓછું છે. ધન વગર બાળકનો જન્મ મહોત્સવ કેવી રીતે ઊજવીશ ! આમ ચિંતાથી આર્ત્તધ્યાનમાં ડૂબેલો પગના અંગુષ્ઠથી ભૂમિ ખોતરતો બેઠો છે; એ જગ્યા પોલી હોવાથી ખોતરતાં ખોતરતાં તેનો પગ અાડામાં પેસી ગયો અને તેની વિચારમાળા તૂટી, પગ બહાર કાઢી હાથ વડે માટીના ઢેફાં સરકાવ્યાં, ત્યાં તો તેને એક મણિકંચનથી ભરપૂર કળશ દેખાયો તે વિચારવા લાગ્યો ! આ પ્રભાવ ગર્ભનો જ છે. તે દ્રવ્યમાંથી તેણે સાત માળનો મોટો મહેલ બનાવ્યો. તે એટલો બધો ખૂબસૂરત હતો કે તેને જોઈ ભૂપાળોને પણ ઈર્ષા આવે. તેણે ગુણવાન અને બુદ્ધિવાન દાસદાસીઓ પણ રાખ્યા, તે કળશમાંથી ઘણું દ્રવ્ય વપરાયા છતાં કૂપજળની માફક જરાએ ખાલી ન થયો. વળી ધન્ય એવી ધન્યાને જે જે સુદોહદો ઉત્પન્ન થયાં તે તે સુધર્મ શ્રેષ્ઠિએ પૂર્ણ કર્યા. પૂર્ણમાસે શુભલગ્ને અને શુભદિવસે અદ્‌ભુત રૂપવાળા પુત્ર રત્નનો જન્મ થયો, ત્યારે સુધર્મ શ્રેષ્ઠિએ ઘણું દાન દીધું; ગીત વાજિંત્ર અને નૃત્યપૂર્વક ઠાઠમાઠથી પુત્ર જન્મનો ઉત્સવ કર્યો, તે જોઈ લોકો વિસ્મય પામ્યાં. ત્રીજે દિવસે કુળપરંપરાના રિવાજ મુજબ પુત્રને સૂર્ય ચંદ્રના દર્શન કરાવ્યાં, છઠે દિવસે રાત્રી જાગરણ કર્યું. અને અગિયારમે દિવસે અશુચિ દૂર કરી, બારમે દિવસે સગાં સંબંધીઓને ભોજન માટે નિમંત્રણ કરી, તેઓની સમક્ષ લક્ષ્મીના પુંજ જેવા પુત્રનું **'લક્ષ્મીપુંજ'** એવું નામ રાખ્યું. તે સુધર્મ અને ધન્યાનું અનોખું રમકડું હતું. તેઓ બાળકને ક્ષણવાર પણ છૂટો ન મૂકતાં, એક તો પહેલવહેલું બાળક એમાં વળી

દુર્ભાગ્યનો દુશ્મન અને લક્ષ્મીના ઢગલા જેવો, પછી પૂછવું જ શું ? માતપિતાની કોમળ હુથેળીમાં ઉછરતો એ શુકલ-પક્ષના ચંદ્રની પેઠે વધવા લાગ્યો, અનેક પ્રકારના અભ્યાસ અને કળામાં નિપુણ થઈ કામદેવની માફક વધતો, તે ઉત્તમ એવી યુવાવસ્થાને પામ્યો. ચારે તરફથી તેનાં માગાં આવવા લાગ્યાં, કારણ કે તે જોનારના નેત્રને પ્રિય થઈ પડતો. પછી તેના પિતાએ ખાનદાન કુંટુંબની આઠ કન્યાઓ સાથે તેનો વિવાહ કર્યો. કામદેવ જેવો લક્ષ્મીપુંજ, દેવાંગના જેવી પોતાની પત્નીઓ સાથે સુખપૂર્વક દિવસો પસાર કરે છે. તેને ખબર ન હતી કે ટાઢ–તડકો, પ્રકાશ કે અંધકાર નામની કોઈ વસ્તુ દુનિયામાં છે. દુનિયામાં જે જે વસ્તુ પ્રીતિકર હતી તે સર્વે લક્ષ્મીપુંજે ભોગવી હતી, દુઃખ એવું નામ પણ તેણે સાંભળ્યું નહોતું. તે આખો દિવસ પોતાની હવેલીના સાતમા માળે આઠે સ્ત્રીઓ સાથે વાર્તાવિનોદ કરતો. વળી, તેને પોતાની સ્ત્રીઓના બનાવેલ ગાયનો બહુ ગમતાં, જ્યારે તેની પત્નીઓ વાજિંત્ર સાથે ગાતી ત્યારે તેને અનેરો આનંદ આવતો. આમ અનેક પ્રકારે અનુત્તરવાસી દેવોની માફક ઘણો કાળ લીલા માત્રમાં ભોગ ભોગવતાં વ્યતીત થઈ ગયો.

એક રાતે લક્ષ્મીપુંજની બધી પત્નીઓ સૂઈ ગઈ છે, પણ લક્ષ્મીપુંજને ઊંઘ આવતી નથી. તે શય્યામાં કરવટ બદલ્યા કરે છે. એવામાં પોતાની પત્નીઓ અને દીવાનખા-નામાં બીજી પણ કિંમતી વસ્તુઓ અને ભોગોપભોગોની સામગ્રી પડેલી જોઇ વિચારવા લાગ્યો. આ બધી સામગ્રી મને ક્યાંથી અને શાથી મળી. એટલામાં એક દિવ્યરૂપધારી

દિવ્યવસ્ત્રાભૂષણથી વિભૂષિત કોઈ દેવતા પ્રગટ થઇ અંજલિ જોડી કહેવા લાગ્યો, "હે મહાભાગ ! મણિમાણેક અને સુવર્ણની ખાણ જેવું **લક્ષ્મીપુર** નામનું નગર છે, ત્યાં **ગુણધર** નામનો એક શ્રેષ્ઠી હતો. તે ધનાઢ્ય તેમજ સરલ પરિણામી હતો એક દિવસ તે ફરતો ફરતો એક વનમાં આવી પહોંચ્યો ત્યાં તેણે અનેક વિદ્યાધરોથી પરિવરેલા મુનિરાજને જોયા. તે ધર્મોપદેશ આપતા હતા અને વિદ્યાધરો શાંત ચિત્તે સાંભળતા હતા, ગુણધર શ્રેષ્ઠી પણ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરીને બેઠો, મુનિ બોલ્યા, "હે ભવ્યજીવો ! આ સંસારમાં ચોરી કરનાર પુરુષોને મરણ આદિ અનેક દુઃખો આ લોકમાં અને પરલોકમાં નરકના ઘોર દુઃખો ભોગવવા પડે છે. માટે ભવથી ભય પામતાં જીવોએ કદાપિ પરદ્રવ્ય હરણ ન કરવું જોઇએ. તે સાંભળી પુણ્યાત્મા ગુણધર શ્રેષ્ઠીએ ગુરુ પાસે અદત્તાદાન વિરમણ વ્રત લીધું અને નમસ્કાર કરી પોતાને ધન્ય માનતો ઘેર આવ્યો."

એક દિવસ તે શેઠ સાર્થ તૈયાર કરી, પાંચસે ગાડાં કરિયાણાનાં ભરેલા લઈ કમાવા નીકળ્યો. ચાલતાં ચાલતાં સાર્થ મહાઅટવીમાં આવ્યો. શ્રેષ્ઠી હમેશાં અશ્વ પર જ બેસતો, કોઈ વાર પગપાળો પણ ચાલતો. આ વખતે તે ચાલતો હતો, ત્યાં તેણે એક બહુમૂલ્યવાળી રત્નમાળા રસ્તામાં પડેલી જોઈ, પરંતુ વ્રતભંગના ભયથી માળાની મમતા મૂકી માર્ગ પકડ્યો. સાર્થના મનુષ્યોનો અવાજ દૂરથી આવતો સંભળાયો. "અહો ! સાર્થ આટલો બધો આગળ નીકળી ગયો છે ?" એમ બોલતો તે ઘોડા પર ચડ્યો અને તેને પૂરવેગે

ઘોડો દોડાવ્યો. પૂર જોશમાં ઘોડો જતો હતો ત્યાં અચાનક ઘોડાના પગની ખરીથી ધરતીમાં ખાડો પડી ગયો. શેઠ પડતા પડતા રહી ગયા. ઘોડો ઊભો રાખી જોયું તો તે ભૂમિમાં અઢળક ધનનું નિધાન હતું પણ વ્રત ભંગના ભયથી અડયો પણ નહિ અને ઘોડા પર બેસી વેગપૂર્વક ચાલતો થયો. ઘોડો ઝડપભેર રસ્તો કાપે છે એવામાં એકાએક ઘોડો ઊથલો ખાઈ પડયો. અને મરણને શરણ થયો. તે જોઇ ભવભીરૂ શેઠ પાપથી ભય પામતો મનમાં બોલ્યો : " અરેરે ! મેં આ શું કર્યું ? આ નિરપરાધીને વગર કારણે દોડાવી મેં તેનો જીવ લીધો.. હવે, હું કયા ભવે છૂટીશ ?" આમ અનેક પ્રકારે વિલાપ કરી તેણે વિચાર કર્યો, જો કોઈ મારા અશ્વને જીવતો કરે તો, તેને હું મારું બધું ધન આપી દઉં. એમ વિચારી તે ઉત્તમ આત્મા પગપાળો, ભાંગેલા હૃદયે ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તેને બહુ તૃષા લાગી, અટવીમાં પાણીની તપાસ કરતો તે ચાલ્યો જાય છે. કયાં પાણી દેખાતું નથી.. મુખ્ય માર્ગ મૂકી તે અટવીમાં પાણી માટે ભટકવા લાગ્યો.. તેનું ગળું સુકાવા લાગ્યું, આંખે અંધારા આવવા લાગ્યાં, તો પણ તે લથડાતા પગે ચાલ્યો જાય છે. ત્યાં તેણે વિશાળ વડ વૃક્ષની શાખા સાથે લટકતી પાણીથી ભરપૂર એક મશક દેખી, જીવવાની આશાથી તે ત્યાં જઈ ઊંચા સાદે પોકાર કરવા લાગ્યોઃ "હે ભાઇ ! આ પાણીની મશક કોની છે ? મને બહુ તૃષા લાગી છે. આનો માલિક કોણ છે ? "

આ પ્રમાણે ગંભીર અવાજે બન્યાં તે બોલે છે ત્યાં તે વૃક્ષની શાખા પર લટકતા પાંજરામાં બેઠેલા સુંદર પોપટે માનુષી ભાષામાં કહ્યું, " હે સત્પુરુષ ! આ મશક એક વૈદ્યની

છે. તે ઔષધિ લેવા માટે દૂરના ઘનઘોર વનમાં ગયેલ છે. કોણ જાણે તે કયારે આવશે ? હે ભદ્ર ! તું બહુ તૃષાતુર જણાય છે માટે આ પાણી સુખપૂર્વક પી. હું આ વાત કોઈને નહીં કહું, " પોપટના આવાં વચનો સાંભળતા જ તેણે પોતાના બન્ને કાનોમાં આંગળી દાબી દીધી, એને આ વચનો કોઈ મર્મવચનો કરતાં પણ વધુ પીડા ઊપજાવનારાં લાગ્યાં. તે બોલ્યોઃ હે શુકરાજ ! વ્રત કરતાં પ્રાણ કોઈ મોટી વસ્તુ નથી મને પ્રાણની પરવા બિલકૂલ નથી, પરંતુ કોઈના દીધા વગર વસ્તુ લેવાય કેમ ? દીધા વગર કોઈની વસ્તુ લેવાથી મહાકર્મ બંધાય છે. અને તે અનેક ભવે પણ ભોગવાતાં નથી. આમ કહી જ્યાં નજર ફેરવી જુએ છે ત્યાં તો નથી પીંજરૂ, નથી પોપટ, નથી પાણી અરે ! એકાએક આ શું થયું ? એટલામાં એક પુરુષ પ્રગટ થઈ કહેવા લાગ્યોઃ " હે પુરુષોત્તમ ! હું **સુર** નામનો વિદ્યાધર છું, વૈતાઢય પર **વિપુલ** નામની નગરીમાં વસું છું મારા પિતાશ્રીએ દીક્ષા લીધી છે, જે હાલમાં તારા નગરમાં સમવસર્યા છે, તેમને વંદન કરવા હું ત્યાં આવ્યો હતો. ત્યારે હે સત્પુરુષ ! તેં ત્યાં આવી દેશના બાદ અદત્તાદાન વિરમણ વ્રત ધારણ કર્યું. ત્યારે મેં વિચાર્યું આવું વિષમ વ્રત આ શી રીતે પાળશે ? આ હંમેશ દેશ વિદેશ ફરે છે, માલ વેચવો –ખરીદવો એજ તેનો ધંધો છે, તો શું આ પરદ્રવ્ય ગ્રહણનું નિયમ પાળી શકશે ? વેપારીને વળી ઘરનું કેવું અને પરનું કેવું, એટલા માટે મેં વિચાર્યું કે ચાલ આની પરીક્ષા તો કરું. એમ વિચારી મેં આ બધી ઈન્દ્રજાળ રચેલી હતી. મેં તને રત્નમાલા, ધનનિધાન, આદિ દેખાડેલા, પણ તારું મન મક્કમતા મૂકી જરાએ ડગમગ્યું નહિ, અશ્વનું મૃત્યુ પણ,

તેને પગે ચલાવી તૃષાતુર કરવા માટે મેં જ દેખાડયું હતું. પોપટના કહેવાથી જોખમમાં હોવા છતાં, પણ તેં મળેલું પ્રાણી અદત્ત જાણી ન પીધું. આમ કહી તે સૂર વિદ્યાધરે પોતાના સેવકો કે જેઓ, તેની સાથે અદૃશ્ય થઈ રહ્યા હતા તેઓને પ્રગટ કર્યા."

સૂરના કહેવાથી વિદ્યાધરોએ રત્નમાલા, નિધાન, અશ્વ અને બીજું પણ કેટલુંક ધન તેની સામે હાજર કર્યું, પછી સૂરે તે લેવા ગુણધરને આગ્રહ કર્યો અને પછી તેના છૂટા પડેલા સાર્થ સાથે તત્કાળ મેળાપ કરાવ્યો.

પછી ગુણધરે, વિદ્યાધરને પૂછ્યું, " તમે આ બધું દ્રવ્ય અહીં શા માટે લાવ્યા ? " વિદ્યાધર બોલ્યો, " અહો મહાભાગ, મારા પિતાએ મને પરદ્રવ્ય ન હરવા વિષે ઘણો ઉપદેશ આપ્યો અને કહ્યું કે તું નિયમ લે કે મારે પરદ્રવ્ય ન લેવું, પણ હું વ્યસનને લીધે ચોરી ન ત્યજી શકયો અને વ્રત પણ ન લીધું, પરંતુ આજે તારું સ્વરૂપ જોઈ મેં પોતે જ પ્રતિજ્ઞા કરી છે કે આજ પછી અદત્ત વસ્તુ ગમે તેવા સંકટમાં પણ ન લેવી; તેથી આજથી તમેજ મારા ગુરુ છે અને ગુરુપૂજા માટે જ આ દ્રવ્ય અહીં લાવ્યો છું, તેને તમે ગ્રહણ કરો, તે સાંભળી ગુણધર શ્રેષ્ઠી બોલ્યો, " હે ભદ્ર ! આ દ્રવ્ય જેનું હોય તેને તમે પાછું આપી દો."

વિદ્યાધર બોલ્યો, " આ દ્રવ્ય તો મારું જ છે, બીજા કોઈનું નથી " ત્યારે સાર્થપતિએ પોતાનું સઘળું ધન વિદ્યાધરની સમક્ષ મૂકયું, અને કહ્યું કે " આપ આને ગ્રહણ કરો કારણ કે મેં પ્રતિજ્ઞા કરી છે કે જે કોઈ મારા અશ્વને

જીવતો કરશે તેને હું મારું સઘળું દ્રવ્ય આપીશ. તમે મારા ઘોડાને જીવતો કરીને મને સોંપ્યો છે. તેથી આ સર્વ ધન તમારું છે, તેને ગ્રહણ કરો.

વિદ્યાધર બોલ્યો; " હે સત્પુરુષ ! તમે મારે મન પૂજ્ય છો. તમારું દ્રવ્ય હું નહિ જ લઉં, તમે મારું ધન તો લેતા નથી ને ઉપરથી તમારું ધન મને આપી દો છો, એમ તે કોણ લે ? " પહેલો કહે ધન તમારું છે માટે તમે લો, બીજો કહે તમે લો....આમ રકઝક કરતાં ઘણીવાર થઈ ગઈ. પછી વિદ્યાધર બોલ્યો " હે શ્રેષ્ઠીવર્ય, તમારું ધન હું લેવાનો નથી અને મારું ધન તમે લેતા નથી માટે આ ધનનો માલિક કોણ થશે ? "

શ્રેષ્ઠી બોલ્યો, " હે વિદ્યાધર ! આ ધનનો સ્વામી ધર્મ છે, કારણ કે ધર્મ સિવાય કોઈપણ પ્રીતિકર પદાર્થો અલભ્ય છે, માટે આપણે બન્ને આ ધનને સાતે ક્ષેત્રમાં વાપરી પોતપોતાના જન્મને સફળ કરીએ." પછી તે બન્નેએ ઉત્તમ ભાવનાથી સાતે ક્ષેત્રમાં બધું ધન વાપર્યું.

" ત્યારબાદ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી તે શ્રેષ્ઠી ધર્મ-ધ્યાનથી મૃત્યુ પામી, તું લક્ષ્મીપુંજ તરીકે અવતર્યો, અને તે સૂર નામે વિદ્યાધર પણ ધન વગેરે દઈ શુભ ભાવથી મૃત્યુ પામી હું ત્રીજા વ્રતના પ્રભાવથી વ્યંતર દેવોનો અધિ-પતિ થયો છું. હે લક્ષ્મીપુંજ ! તારા પુણ્યના પ્રભાવે, પૂર્વ ભવના સ્નેહને લીધે તું ગર્ભમાં હતો ત્યારથી અવસર ઉચિત સર્વ પ્રકારની સામગ્રી પૂરી પાડી તને અને તારાં કુટુંબને હર્ષિત રાખનાર હું પોતે જ છું." આ પ્રમાણે વ્યંતરાધિપતિએ

કહેલું વૃતાંત સાંભળી લક્ષ્મીપુંજ થોડીવાર મૂર્છિત થયો, અને જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવે પૂર્વભવ જોવા લાગ્યો. સચેતન થઈ વિચારે છે. અહો ! હજી સુધી મને ખબર ન પડી કે હું કોણ છું અને કયાં વસું છું ? આઠે કર્મનાં બારણાં રૂપ આઠે સ્ત્રીએ સાથે, કુસુમાયુધની માફક મેં મારો અણમોલ વખત ગુમાવ્યો.

મદમસ્ત હાથીના ગંડસ્થળ ફોડી નાખે એવા નૂર જવાહર પૃથ્વી પર મોજુદ છે. કેટલાંક પ્રચંડ સિંહોનો વધ કરવામાં પણ કુશળ છે, પરંતુ તે બળવાનોની સમક્ષ આગ્રહથી હું કહું છું કે " કંદર્પનાં દર્પને ઉતારનારાં (મનુષ્યો) પણ વિરલા જ છે."

વૈરાગ્ય રૂપી રંગમાં રંગાયેલો લક્ષ્મીપુંજ દુનિયાના દરેક બંધન મૂકી સંયમ લેવા ચાલી નીકળ્યો.

લક્ષ્મીપુંજ મુનિ દીક્ષા લઈ પૃથ્વી પર વિચરતાં શુભ ભાવે નિરતિચાર ચારિત્ર પાળી, આયુષ્ય પૂર્ણ કરી, અચ્યુત નામના '૧૨' મા દેવલોકમાં દેવ થયા, ત્યાંથી ચ્યવી તદ્ભવ મોક્ષગામી નરભવ પામી દીક્ષા લઈને શિવપદ પામશે.....

॥ ઇતિ 'લક્ષ્મીપુંજ કથા સમાપ્ત ॥

પ્રભુ કહે છે "હે ભવ્ય લોકો! આવા આશ્ચર્યકારી લક્ષ્મીપુંજના દૃષ્ટાંતને સાંભળી, દુર્ગતિના મૂળરૂપ ચોરીને છોડી ઉભયલોકમાં સુખ સંપત્તિ સમર્પનાર અદત્તાદાન વિરમણ વ્રતને ગ્રહણ કરો. તે સાંભળી આણંદ શ્રાવકે ત્રીજું અદત્તાદાન વિરમણ વ્રત સ્વીકાર્યું. તેનો આલાવો આ પ્રમાણેઃ—

थूलगं अदत्तादाणं समणोवासगो पच्चक्खाइ, से अदत्तादाणे दुविहे पन्नते, तं जहा। सच्चितादिन्नादाणे अच्चितादिन्नादाणे, थुलअदत्तादाणवेरमणस्स समणोवासएणं पंच अइयारा जाणियव्वा, न फासिअव्वा तं जहा। तेनाहडे तक्करपओगे, लोअविरुद्धगमण अइआरे कूडतुलकूडमाणं तप्पलिरूवं विवच्चेसु ॥ १ ॥

શ્રાવકને સ્થૂળ અદત્તાદાનનું વ્રત હોય છે. તે બે પ્રકારે છે. (૧) સચિત્ત અદત્તાદાન અને (૨) અચિત્ત. આ વ્રતના પાંચ અતિચાર છે, જે શ્રાવકે જાણવા પણ આચરવા નહિ.

ચોર લોકોએ ચોરેલી વસ્તુ લેવી, ચોર લોકો સાથે વ્યાપાર કરવો, લોક વિરુદ્ધ કાર્ય કરવું, ખોટા માપતોલ રાખવાં, તથા સારી ખોટી વસ્તુનો ભેળસેળ કરવો, આ પાંચ અતિચાર શ્રાવકે વર્જવા.

પ્રભુના વચન સાંભળી આનંદ પામેલો આણંદ શ્રાવક કહે છે, "હે કરુણા સાગર! હવે ચોથા વ્રત વિષે કાંઈ કહો."

પ્રભુએ કહ્યું હે શ્રેષ્ઠી સાધુઓને સર્વ સ્ત્રીઓનો નિષેધ છે અને શ્રાવકોને પોતાની પત્ની સિવાય અન્ય પરસ્ત્રીનો નિષેધ હોય છે. શ્રાવક મન વચન કાયા વડે પરસ્ત્રીનો ત્યાગ કરે છે, આ પ્રમાણે જે સ્ત્રી પુરુષ ત્રિકરણ શુદ્ધિથી ચોથા અણુવ્રતને પાળે છે, તે ત્રણે ભુવનમાં પૂજનીય થાય છે. અને **ભદ્રાવતી**ની માફક સૌભાગ્ય, સુખ સંપત્તિનું સ્થાન અને ઉત્તમ ગતિ પામે છેઃ—

મદિરાવતીની કથા

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં જ ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું રળિયામણું નગર છે, તે જેમ રમ્ય છે તેમ ધન ધાન્યાદિ પદાર્થોથી ભરપૂર છે. ત્યાં નામ જેવા જ ગુણવાળો **રિપુમર્દન** રાજા રાજ્ય કરતો હતો, તેની તહેનાતમાં હરહંમેશ મુકુટ મંડિત મસ્તકો નમાવીને ખંડીઆ રાજાઓ રહેતા હતા, તે રાજાનો પ્રતાપરૂપી દિનકર અંધારામાં પણ અજવાળું કરતો. તેને રૂપ ગુણ લાવણ્યના કોષ જેવી સૌભાગ્યવંતી અને નિર્મળ શિયળથી અલંકૃત **મદનરેખા** નામની પટ્ટરાણી હતી, તે જિનમતમાં પ્રવીણ તેમજ જીવાજીવાદિ નવતત્ત્વની જાણકાર હતી. પૂર્વકૃત પુણ્યના યોગે મનુષ્ય સંબંધી સુખ ભોગવતાં તેમને વિદ્યુત જેવી મનોહર કાંતિવાળી **મદિરાવતી** નામની પુત્રી જન્મી. તે અતિ રૂપવતી કન્યા ચંદ્ર જ્યોત્સનાની માફક વૃદ્ધિ પામતી અનુક્રમે સ્ત્રીની ચોસઠે કળામાં પ્રવીણ થઈ. તે પોતાની માતા પાસેથી ધર્મનો અભ્યાસ કરી કર્મવાદી સમ્યક્ત્વધારિણી અને જિનમતમાં પ્રવીણ થઈ, તે ક્રમે કરી જગતના જીવોને મોહ પમાડનાર યુવાવસ્થાને પામી.

એક દિવસ તેની માતાએ મદિરાવતીને ઉત્તમ પ્રકારના વસ્ત્રાભૂષણથી વિભૂષિત કરી સભામાં બેઠેલા રાજા પાસે મોકલી. મદિરાવતીએ પિતા પાસે આવી નમસ્કાર કર્યા. રિપુમર્દન નરેશે સ્નેહથી પોતાની પુત્રીને ખોળામાં બેસાડી. ગર્વગિરિ પર આરૂઢ થયેલો રાજા મંત્રી આદિને પૂછવા લાગ્યો, "હે અમાત્યાદિ લોકો, શું મારાં જેવી રિદ્ધિ કોઈ રાજાને હશે? ઇન્દ્રસભા જેવી આ, આપણી સભાની સરખામણીમાં કોઈ સભા હોઈ શકે ખરી? અને એમાં વળી મારું કુટુંબ તો અનુપમ સૌંદર્ય અને સુકુમારતા ધરાવે છે. મારા જેવું કુટુંબ, રાજ્યરિદ્ધિ અને આડંબર પૃથ્વીતલ પર કોઈને હશે?" તે સાંભળી સભાજનો બોલવા લાગ્યા, "હે રાજન્! સભા કુટુંબાદિ જેવાં આપને છે તેવા અન્ય રાજા સ્વપ્નમાં પણ જોવા અસમર્થ છે. આવું હુંબક સાંભળી કન્યા હસી પડી અને મસ્તક ધુણાવવા લાગી. ત્યારે રાજા બોલ્યો, હે પુત્રી! તેં મસ્તક કેમ ધુણાવ્યું? કન્યા બોલી, "હે તાત! આ સભાજનો જે કાંઈ બોલે છે તે સર્વ અસત્ય છે, કેમકે આ પૃથ્વીના પટાંબર પર તરતમતાના યોગે એકથી એક ચડે એવા અનેક રાજાઓ છે. રાજાએ ફરી પૂછ્યું, "હે સભાસદો! તમે કોની મહેરબાનીથી સુખે નિવાસ કરો છો?" લોકો બોલ્યા; આપની મહેરબાનીથી જ અમે સુખી છીએ, શું કલ્પવૃક્ષ વિના અન્યવૃક્ષ મનવાંછિત પૂરે ખરૂં?" આ સાંભળી કન્યા બોલી, "અરે મૂઢ લોકો! તમે અસત્ય શા માટે બોલો છો? જે કર્મે બ્રહ્માને બ્રહ્માંડરૂપ ભાંડોની વચમાં કુંભારનું કામ સોંપ્યું છે, જે કર્મે વિષ્ણુને દશ અવતારના મોટા દુઃખમાં નાખ્યા છે. કોને ખબર, હજી કેટલા અવતાર

કરાવશે? જે કર્મો શંકર પાસે નિરંતર ખોપરીમાં ભીખ મંગાવે છે, અને તેજ કર્મના પ્રસાદથી સૂર્ય–ચંદ્રને નિરંતર વિશાળ વ્યોમ પ્રદેશમાં પરિભ્રમણ કરવું પડે છે. પૂર્વે શુભાશુભ અધ્યવસાયથી જે જીવ જેવા કર્મ બાંધે છે તેવા તે ભોગવે છે. જો એમ ન હોય તો હે પિતાજી! તમારા બધા સેવકોને તમારા જેવા કેમ નથી બનાવતા? આપનો એક સેવક હાથી–ઘોડા પર આરૂઢ થઈ ફરે છે. ત્યારે બીજો પગે ચાલતો દેખાય છે. માટે હે પિતા! જેઓએ પૂર્વે શુભ-કર્મ ઉપાર્જન કરેલ છે. તેને જ તમે સુખ આપવા સમર્થ છો, અન્યને નહિ અને હું પણ મારા પૂર્વકૃત શુભકર્મના ઉદયથી જ તમારા કુળમાં ઉત્પન્ન થઈ છું, અને તેથી જ આ સુખ–સામગ્રી મને પ્રાપ્ત થઈ છે.” તે સાંભળી, ક્રોધિત થયેલો રાજા બોલ્યો, “હે મૂર્ખી? ખરેખર તું પુત્રી રૂપે મારી વેરણ દેખાય છે, અને તેથી જ આવા અસમંજસ વાક્યો બોલે છે. હું ધારૂં તો નિર્ધનને તવંગર, ધનાઢ્યને દરિદ્ર કરી શકું છું. માટે મારી કૃપા માનીશ તો તને ઉત્તમ રાજકુમાર જોડે પરણાવીશ, તેથી તું પૃથ્વી પર રહીને દેવની માફક કાળ નિર્ગમન કરીશ, અને જો નહિ માને તો કોઈ દીન, દુઃખી, અનાથ અને કદરૂપા જોડે પરણાવીશ. તેથી તને સાક્ષાત્ નરક અહીં જ દેખાશે.” તે સાંભળી આપકર્મી બાળા હસીને બોલી, “હે પિતા! ગમે તેવા મહારાજા સાથે મને પરણાવશો, પણ મારાં પુણ્યનો ઉદય નહિ હોય તો તે પણ ભીખ માગતો થઈ જશે. જો મારૂં પુણ્ય જાગતું હશે તો દીન દુઃખી અને રોગી પણ મહાસમૃદ્ધિનો ધણી, રાજાધિરાજ થાય એ વાત નિર્વિવાદ છે. માટે સંસારવૃક્ષનાં મૂળ જેવા ગર્વને

પરિહરો, એમાં જ ખરી મોટાઈ છે. લઘુતામાં જ પ્રભુતા અને મોટાઈ એ જ મૂર્ખતા છે.”

હવે રાજાના ક્રોધે સીમા મૂકી, તેની આંખોમાંથી તણખા ઝરવા લાગ્યા, તે દાંત કચકચાવી બોલ્યો, “હે સેવકો! તમે શીઘ્ર જાવ અને અતિ હીનકુળમાં ઉત્પન્ન થયેલા દીન–દુઃખી અને રોગગ્રસ્ત, આજીવિકા ચલાવવાને પણ અસમર્થ એવા પુરુષને પકડી લાવી અહીં જલદી હાજર કરો.” આજ્ઞા-કારની લાલસાવાળા સેવકો રાજાની આજ્ઞા મળતાં જ દોડ્યા, નગરમાં ચારે બાજુએ રાજાએ કહેલી વ્યક્તિને શોધવા લાગ્યા, તે લોકો ક્રમે કરી ચૌટા પર આવ્યા ત્યાં તેઓને તે વ્યક્તિ મળી ગઈ, તેને લઈ તે કુતૂહલ પૂર્વક રાજસભામાં આવ્યા. અંજલિ જોડી રાજાને કહેવા લાગ્યા, “હે સ્વામિન્! આપની આજ્ઞા પ્રમાણે આ પુરુષને અમે લાવ્યા છીએ.” રાજાએ તેની સામે જોયું, તેના ગળેલા કાન, નષ્ટ થયેલી નાસિકા, ઊંટના ઓષ્ટ જેવા લાંબા ઓષ્ઠ, બેસી ગયેલા ગાલ, કોઢના રોગમાં દુષ્ટકાળ, અને હાથપગની આંગળીઓ ગળી ગયેલી જોઈ. પર્વતની કંદરામાંથી જેમ નિરંતર ઝરણું ઝર્યા કરે તેમ તેના મોઢામાંથી લાળ ઝરતી હતી. તેથી તે આકુળ વ્યાકુળ જણાતો હતો, સમસ્ત શરીરે અગણિત ઘા, ફોલ્લા અને ઘસારા હતાં એમાં વળી પડેલા કીડાઓથી તેનું શરીર ભર્ત્સનીય દેખાતું હતું. વળી તે શરીરમાં અસ્થિ અને ચામડી સિવાય બીજું કાંઇ ન હતું. આવા અતિ ભીષણ શરીરવાળા કોઢીઆને જોઈ રાજા મદિરાવતીને કહેવા લાગ્યો, “હે પુત્રી! આ પુરુષ તારાં કર્મે જ અહીં આવેલો છે. માટે તેની સાથે પાણિગ્રહણ કર. તે સાંભળી બાળા ઊઠી અને કોઢીઆ સાથે પાણિગ્રહણ કર્યું. તે જોઈ ને સર્વત્ર હાહાકાર થઈ ગયો, કોપાયમાન થયેલા

રાજાએ મદિરાવતીના વસ્ત્રાભૂષણાદિ કાઢી લઈ તેને કોઢીઆ સાથે નગર બહાર કાઢી મૂકવાનો આદેશ આપ્યો, પરન્તુ મદિરાવતી હર્ષ કે ખેદ ધારણ કર્યા વગર પોતાના પતિ સાથે ચાલી નીકળી. ચાલતાં ચાલતાં એક દેવમંદિર આવ્યું, ત્યાં દંપતીએ મુકામ કર્યો, ત્યાં તે ધર્મધ્યાન કરવા લાગી.

હવે મદિરાવતિને કોઢીયો કહેવા લાગ્યો, "હે ભદ્રે! દુષ્ટ બુદ્ધિ રાજાએ આ સારું ન કર્યું. આ બહુ જ અનુચિત કાર્ય કર્યું છે, કયાં કરેરાનું વૃક્ષ અને કયાં કલ્પવલ્લી? કયાં રત્નમાળા અને કયાં કાગડો? એમ આપણો સંયોગ પણ મેળ વગરનો છે. તું અતિ લાવણ્યયુક્ત છો, રૂપલક્ષ્મી વડે રંભા તુલ્ય છો, હે પુણ્યાત્મા! કમળ જેવા કોમળ અંગવાળી તું કયાં! અને પૂર્વોપાર્જિત કર્મયોગે ભયંકર રોગથી પીડા પામતો હું કયાં? હે દેવી! મારા સંયોગથી અતિ સુંદર તારું આ શરીર વિનાશ પામશે. માટે હે મહાભાગ! તું કોઈ મહા સમૃદ્ધિશાળીને પરણ, તેથી તું રાજહંસીની માફક સન્માન મેળવીશ."

કોઢીઆના વચનો સાંભળી, રાજકન્યાને જાણે કોઈ વજ્ર પ્રહાર કરતો ન હોય? એમ લાગ્યું. તેથી તરત જ તે રડી પડી, અને ગદ્‌ગદ્‌ કંઠે કહેવા લાગી, "હે નાથ! ઉત્તમ કુળમાં જન્મેલી કુલાંગનાઓને આવાં વચન સાંભળવાથી પણ વજ્રના ઘા જેવું થાય છે. પ્રથમ તો અનંતા પાપના ઉદયથી સ્ત્રીવેદમાં જન્મવું પડે છે. તેમાં પણ જો તે શિયળ રહિત હોય તો તેની શી ગતિ થાય? "શિયળ વગર નારી ન શોભે."

આ લોકમાં કે પરલોકમાં, સ્ત્રીને શિયળ વિના કોઈ આભૂષણ નથી. ભલે ગમે એટલાં આભૂષણો પહેર્યાં હોય, તો પણ શિયળ વગર તે વિભૂષિત ન જ કહેવાય. યૌવન, રૂપ અને લક્ષ્મી તો આ જીવે અનન્તવાર પ્રાપ્ત કર્યાં છે પરંતુ શિયળ રત્ન મળવું દુર્લભ છે. નિર્ધન હો કે તવંગર, રોગી હો કે નિરોગી, પણ આ ભવમાં આ શરીરનાં ધણી તો તમે જ છો. એવો વખત આવશે તો હું અગ્નિનું શરણું લઈશ, માટે હે નાથ! આપની દાસી પર કૃપા કરીને આવાં વચન ફરી કદી ન બોલતા. અતિ સંતોષ પામેલો કોઢીઓ મદિરાવતીના વચનામૃત રસથી સિંચાએલો નિદ્રાધીન થયો. આ દંપતીની વાર્તા–સાંભળવા જ જાણે ઊભો ન રહ્યો હોય તેમ વાર્તાલાપ પૂર્ણ થતાં સૂર્ય જતો રહ્યો. દુર્જનના ચિત્તની માફક ઘોર અંધકાર વ્યાપેલો છે. મદિરાવતી પતિના પગ ચાંપતી પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરતી હતી. એટલામાં સોળે શણગાર સજી સુશોભિત થયેલી એક દેવી એક પુરુષ સાથે આવી, અને પ્રસન્ન મુખે બોલી, "હે કન્યા! હું આ નગરની અધિષ્ઠાયક દેવી છું, તારા પિતાએ તને બહુ વિડંબના પમાડી તેથી તારા ઉપર દયા આવવાથી હું અહીં આવી છું. આમ જો, હું તારા માટે સૌભાગ્યવાન, રૂપવાન, અને પુરુષોમાં ઉત્તમ એવા પુરુષને લાવી છું, હે પ્રમદા! તું આને ભોગવ, અને આ કોઢીઆને પડતો મૂક. શા માટે આની જોડે જીંદગી બગાડે છે? આ યુવાની ફરી નથી આવવાની. પાછળથી પસ્તાવું ન પડે માટે સકલસુખના ભવન જેવા આ પુરુષને સ્વીકારી તારો જન્મ સફળ કર. તમારા બન્નેની મનવાંછિત વસ્તુઓ તમે જીવતા રહેશો ત્યાં સુધી હું મોકલીશ." દેવીનાં

વાકયો સાંભળી, સાહસને ધારણ કરી, મદિરાવતી બોલી, "હે માત! આપે મારાં ઉપર મોટો ઉપકાર કર્યો, પરન્તુ ભરસભામાં મારા પિતા સામે મેં આ કોઢીઆનું પાણિગ્રહણ કર્યું છે, તે વાતને આખું ગામ જાણે છે. માટે હે દેવી! હું આને શી રીતે ત્યજું? જેવો છે તેવો, પણ આ ભવમાં મારો પ્રાણવલ્લભ તો આ કોઢીઓ જ છે અન્યથા મરણ જ મારું શરણ છે. આ કોઢીઆ આગળ આ પુરુષ તો શું પણ ઈન્દ્રની સમૃદ્ધિ અને સૌભાગ્ય કંઇ વિસાતમાં નથી. હું એમ જ માનું છું. કે આ કોઢીઓ જ સર્વ સુખસંપત્તિ અને ભોગોપભોગ ભોગવનાર થશે, મને સર્વ પ્રકારની સુખપ્રાપ્તિ આનાથી જ થશે, એ નિશ્ચય છે. માટે હે માવડી! આ પુરુષોત્તમને જેમ લાવી તેમ તેના સ્થાને પહોંચાડ, આ સાંભળતાં જ દેવીનો પિત્તો ખસ્યો. તેણે પ્રચંડ રૂપ કરી, મદિરાવતીનો પગ પકડી આકાશમાં ઉછાળી અને પડતાં પહેલાં જ ત્રિશૂલ પર ઝીલી લીધી. ત્રિશૂલનાં પાંખડા તેની છાતીમાં ભોંકાયા. અને તેમાંથી લોહી ઝરવા લાગ્યું, દેવી ક્રોધપૂર્વક બોલી. "મારું કહેવું કરે છે કે નહિ? નહિંતર હું તને અહીં જ મારી નાખીશ." મક્કમ મનવાળી મદિરાવતી બોલી, હે દેવી! પ્રાણાંતે પણ હું શિયળ નહિ ખંડું, હમણાં નહિ તો પછી પણ, શરીર નાશ પામવાનું છે જ." એમ કહી તે નવકાર મંત્રનું સ્મરણ કરવા મંડી પડે છે, ત્યાં તો પોતાને સુખાવસ્થામાં જોવે છે. ન મળે દેવી કે ન મળે નરશેખર, અને પેલો કોઢીઓ પણ ગાયબ થઈ ગયો. તે બાળા વિસ્મય પામી વિચારવા લાગી; આ બધું શું છે? સત્ય છે કે સ્વપ્ન? દેવી ગઈ તો બલા ટળી, પણ મારા પતિ કયાં ગયા? આમ વિચારે છે, ત્યાં એક દિવ્ય રૂપધારી,

દિવ્ય વસ્ત્રાભૂષણથી વિભૂષિત એક પુરુષને પોતાની સામે ઊભેલો જોયો. તે પુરુષ બોલ્યો. "હે ભદ્રે ! વિસ્મય પામ્યા વગર હું કહું તે સાંભળ," વૈતાઢય પર્વત ઉપર મણિપુર નામે નગર છે. ત્યાં હું મણિચૂડ નામે વિદ્યાધર રાજા રાજ્ય કરું છું, એક રાતે હું નગરચર્યા જોતો ભ્રમણ કરતો હતો ત્યાં મને એક શ્લોક સાંભળાયો :—

सर्वत्र वायसाः कृष्णाः, सर्वत्र हरिताः शुकाः ।
सर्वत्र सुखिनां सौख्यं, दुःखं सर्वत्रः दुःखिनाम् ॥ १ ॥

અર્થ :—જ્યાં જુઓ ત્યાં કાગડા તો કાળા જ દેખાય છે. અને પોપટ લીલા જ હોય છે તેમ હંમેશાં સુખીજનોને બધે સુખ અને દુઃખીજનોને બધે દુઃખ જ મળે છે.

"આ શ્લોક સાંભળી મેં વિચાર કર્યો, શું આ બધું સાચું હશે કે હું બક ? આની પરીક્ષા કરવી જોઇએ, એમ વિચારી હું ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં આવ્યો. અને કોઢીઆનું રૂપ લઈ ચૌટા ઉપર ઊભો રહ્યો. એટલામાં જ રાજપુરુષોએ મને તારા પિતા સમક્ષ હાજર કર્યો—તારા પિતાના કહેવાથી તું ઊઠી અને ત્વરાથી મને વરી. હે સુન્દરી ! હું નથી જાણતો કે આ બધું શાથી બન્યું ? મેં તારી બહુ દુઃખજનક પરીક્ષા કરી, પણ જેમ વાયુથી મેરૂચૂલા ન કંપે તેમ તું પણ શિયળથી જરાયે ડગી નહિ, આપત્તિરૂપ મોટા અગ્નિમાં શિયળરૂપ સુવર્ણને નિર્મળ કરનારી હે પ્રિયા ! તું ધન્ય છે, આ વિશ્વમાં વખાણવા યોગ્ય છે, વળી હે દેવી ! મારું રાજ્ય કૃતાર્થ છે. તથા મારું જીવન પણ સફલ છે."

વિદ્યાધરનાં આવા વચન સાંભળી મદિરાવતી મનમાં ચિંતવે

છે:—" અહો! શિયળનું મહાત્મ્ય મહાન આશ્ચર્યકારી જણાય છે. રાજપુત્રી બોલી: " હે સ્વામિન્! પૂર્વભવમાં મેં મન, વચન અને કાયાથી જિનધર્મ આરાધ્યો હોવો જોઈએ; તેના જ પ્રભાવથી આપ જેવા ભાગ્યશાળી ભરથારની ભાર્યા થઈ છું." આ પ્રમાણે વાર્તાલાપ થયા પછી વિદ્યાના બળથી વિદ્યાધરે ત્યાં જ સાતમાળનો આલીશાન મહેલ તે જ વખતે ખડો કર્યો અને સુખપૂર્વક દંપતીએ સૌભાગ્ય રાત ઊજવી. અને ઉદયાચલ પર્વત પર રશ્મિવંતે પોતાનાં સહસ્ત્ર કિરણોથી પૂર્વ દિશાને જાજ્વલ્યમાન કરી મૂકી, મદિરાવતીની શિયળલક્ષ્મી જોવા માટે જ જાણે કિરણોને તેના મહેલમાં મોકલ્યા હતા..

તે વખતે મણિચૂડ મદિરાવતીને પૂછે છે કે, " હે પ્રિયા! તારા પિતાને અહીં બોલાવવા જોઈએ. તો તું કહે શી રીતે બોલાવીએ?" તે બોલી, " હે સ્વામિન્! મારા પિતાને એવું તના વેશે બોલાવો કે જેથી તેમનો દુર્ગતિના મૂળરૂપ દર્પ દળાય." તે સાંભળી વિદ્યાધરે એક મહાન સૈન્ય વિકુર્વી, ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને ચારે તરફથી ઘેરી લીધું, અને પોતાના વાગ્વિદગ્ધ દૂતને રાજા પાસે મોકલ્યો, તે દૂત રાજા પાસે જઈ પ્રણામ કરી અદબથી ઊભો રહ્યો, અને કહેવા લાગ્યો, " હે રાજન્! વૈતાઢ્ય પર્વતના વાસી વિદ્યાધરોના રાજા મણિચૂડ પોતાના સૈન્ય સામંતો અને સબળ સરદારો સાથે તમારા ઉપર ઘૂઘવતા સાગરની માફક ચડી આવ્યા છે. જો જીવિતવ્ય જરૂરનું જણાતું હોય અને રાજ્ય પર રાગ હોય તો બેદૂતનો વેશ લઈ લોકાપવાદની લાજ મૂકી, અમારા અદમ્ય, અધિનાયક અધિરાજને અંજલિ જોડી પ્રણામ કરો." તે સાંભળી

રિપુમર્દનના ક્રોધે કિનારો છોડ્યો, તે જ્યાં દૂતને ઉત્તર આપવા જાય છે ત્યાં જ બુદ્ધિમાન મંત્રીએ કહ્યું, " હે રાજન્! આ સમયે શાંતિથી કામ લેવાનું હોય, નહિ કે ક્રોધથી. વળી હે રાજન્! કહ્યું છે કેઃ—" બળીઆ સાથે બાથ ભીડાય નહિ, સરખા સાથે જ સંગ્રામ શોભે. "

પરન્તુ આ તો મનુષ્યોથી બળવાન વિદ્યાધરોના પણ રાજા છે, જો આના ઉપર ક્રોધ કરશો તો આપણો સર્વ નાશ જ છે. માટે આપ ક્રોધ રહિત થાવ. આપના પ્રાણની અને રાજ્યની રક્ષા થાય તેવું કાંઈ કરો. "

પ્રધાનની સલાહ સાંભળી, રાજાના ક્રોધે વિદાય લીધી. રાજા ખેડૂતના કપડાં પહેરી સામંતો સાથે મણિચૂડ પાસે આવી પ્રણામ કરે છે, તેવામાં જ ખેચરાધિપતિ તેના વેષનું હરણ કરી નવાં વસ્ત્રાભૂષણથી સત્કારે છે. વિદ્યાધરની ડાબી બાજુએ પોતાની પુત્રી મદિરાવતીને ઊભેલી જોઈ, રાજા મનમાં અત્યંત ખેદ કરવા લાગ્યો; પોતાના પિતાની મુખમુદ્રાને ખિન્ન જોઈને મદિરાવતી બોલી, " હે તાત! આપ ખેદ શા માટે કરો છો? આ એ જ કોઢીઓ પુરુષ છે, કે જેની સાથે આપના કહેવાથી મેં પાણિગ્રહણ કર્યું છે. મારા પુણ્યથી અમને ઇન્દ્ર જેવી રિદ્ધિ મળી છે. આ મારા વિવેકી ભરથારે જ આપનો ખેડૂતી પોષાક દૂર કર્યો છે. મદિરાવતીના વચનો સાંભળી આશ્ચર્યચકિત થયેલા રિપુમર્દન રાજાએ વિદ્યાધરને કહ્યું, " હે ખેચરાધિપતિ! તમે તમારું આશ્ચર્યકારી ચરિત્ર કહો; તે સાંભળવાને મારું મન અતિ ઉત્સુક છે. " ત્યારપછી વિદ્યાધરે પોતાનું આખું ચરિત્ર રિપુમર્દન રાજાને કહ્યું, તે

સાંભળી રાજા ખુશી થયો અને કર્મવાદને માનવા લાગ્યો કે જેનાથી તેનો ગર્વ ગળી ગયો હતો. અને ફરી કહેવા લાગ્યો, "ધન્ય છે તમોને ! તમે સાચું કરી બતાવ્યું કે જે લોકો શ્રી વચન રૂપ નેત્રથી રહિત છે, તેઓ દેવ કે કુદેવ, ગુરુ કે કુગુરુ, ધર્મ કે અધર્મ, ગુણી કે અવગુણી, કાર્ય કે અકાર્ય અને હિત કે અહિત બરોબર જોઈ શકતા નથી."

વિદ્યાધર બોલ્યો, "હે રાજન્ ! ધન્ય તો તમે જ છો. કે આવી શીલવતી પુત્રીએ તમારે ત્યાં જન્મ લીધો. પછી વિદ્યાધરે પોતાની સિદ્ધિ રાજાને દેખાડી અને મદિરાવતીને લઈ વૈતાઢ્ય પર્વત ઉપર આવ્યો.

મદિરાવતિ શિયળના પ્રભાવે, મનુષ્ય સંબંધી વિવિધ પ્રકારના સુખો ભોગવતી, મન વચન કાયાથી જિનપ્રણીત ધર્મનું આરાધન કરતી. અંત સમયે શુભ ધ્યાનથી કાળ કરી દેવલોકમાં ગઈ અને અનુક્રમે શિવસુખ સંપાદન કરશે. જે જિનેન્દ્રો તદ્ભવ મોક્ષાગામી છે તે પણ શિયળને આદરે છે, તો પછી સંસારી જીવોએ તો જરૂર આદરવો જોઇએ.

—: ॥ ઈતિ 'મદિરાવતી' કથા સમાપ્ત ॥ :—

આ પ્રમાણે મદિરાવતીનું ચરિત્ર સાંભળી હે ભવ્યલોકો ! શિયળમાં આદર કરો, જિનેન્દ્ર પ્રભુના મુખેથી આવાં વચન સાંભળી આણંદે કહ્યું, હે સ્વામિન્ ! મારા પર કૃપા કરી મને ચોથું વ્રત ઉચ્ચરાવો. તેથી દુર્ગતિના દ્વાર બંધ થાય. પછી પ્રભુએ આણંદ શ્રાવકને ચોથું વ્રત ઉચ્ચરાવ્યું તે આ પ્રમાણે:—

अहणं भंते तुम्हाणं समीवे परदारगमणं समणोवसओ पच्चख्काइ, सदारसंतोषं वा पडिवज्जाइ से अ परदारगमणे दुविहं पन्नते उरालिअ परदारगमणे वेउव्विअपरदारगमणे

अ सदारसंतोषस्स समणोवासाणं, इमे पंचअइआरा जाणिअव्वा न फासिअव्वा तं जहा ॥ १ भाडिदाणेणिंत्तरंगहिआ २ अपरगहिअविहववेसाइ ३ तासुगमणंपरेसि, विवाहपरिमीलणं मोहा ४ कामभोगेसु तिव्वासत्ति थी थण मुहाइ फासेणं इअ पंचअइयारा चउत्थवये ॥

આ વ્રતના પાંચ અતિચાર જાણવા; પણ આદરવા નહિ, તે આ પ્રમાણે :—

થોડા કાળ માટે રાખેલી વેશ્યાનો સમાગમ, કોઈએ નહિ ગ્રહણ કરેલી એવી વેશ્યા સ્ત્રીનો સમાગમ, પારકા વિવાહો કરવા, કામ ભોગમાં તીવ્ર અનુરાગ, અને અનંગક્રીડા, આ પાંચ અતિચાર ચોથા વ્રતના છે માટે તેને ત્યજી દેવા.

હવે પ્રભુ પાંચમા (પરિગ્રહ પરિમાણ) વ્રત ઉપર પ્રકાશે છે, :—આ વિશ્વમાં પ્રાણી પ્રાયે કરીને પરિગ્રહને માટે અનેક પ્રકારના આરંભ સમારંભ કરે છે, અને તેથી પ્રાણીઓને માટે તે દુઃખની ખાણરૂપ થાય છે. તેથી જીવોએ પરિગ્રહનું પ્રમાણ કરવું જોઈએ. આ પાંચમા અણુવ્રતને જે મનુષ્યો પાળે છે તેઓ શિવસુખ પ્રાપ્ત કરે છે વળી તે ધન્ય પુરુષો આ લોકમાં પણ યશ, કીર્તિ, સુખ અને સંપત્તિ સંપાદન કરે છે.

જેમ ઘણા ભારથી વહાણ સમુદ્રમાં ડૂબી જાય છે તેમ પ્રાણી પરિગ્રહના ઘણા ભારથી સંસારરૂપી સાગરમાં ડૂબી જાય છે. અસંતોષથી જીવો મથુરાનગરી નિવાસી **ધનસાર**ની માફક દુઃખી થાય છે. તે સાંભળી આણંદે પ્રભુને વિનવ્યા કે "હે દયાનિધિ! તે ધનસાર શ્રેષ્ઠિ કોણ હતા? વળી તેને અસંતોષથી શું દુઃખ પડયું?" તે સાંભળી સ્વામિ બોલ્યા, "હે શ્રમણોપાસક! તું સાવધાન થઈને તેનું દૃષ્ટાંત સાંભળ" :—

‘ધનસાર’ રાજાની કથા

આ ભરતક્ષેત્રની મથુરા નગરીમાં **ધનસાર** નામનો શ્રેષ્ઠી વસતો હતો તે ઘણી સમૃદ્ધિનો માલિક હતો, તેની પાસે છાસઠ ક્રોડ સોનામહોરો હોવા છતાં તલભાર ધન તેનાથી ધર્મકાર્ય વગેરેમાં છૂટતું ન હતું. તેણે સ્વપ્નમાંય કોઈ દિવસ દાન કરેલું નહિ. તે તો ન આપે પણ બીજાને આપતાં પણ તે જોઇ શકતો નહિ. આથી લોકોએ તેનું નામ કૃપણશેઠ રાખ્યું હતું.

જગતમાં લક્ષ્મી બે પ્રકારની હોય છે એક પુણ્યાનુબંધિની અને બીજી પાપાનુબંધિની જે પુણ્યશાળીના ઘરમાં પુણ્યાનુબંધિની લક્ષ્મી હોય તે જીવ ઉભય લોકમાં સુખી થાય છે! જે પ્રાણીઓનાં ઘરમાં પાપાનુબંધિની લક્ષ્મીના પગલાં થાય તે પોતાના સ્વામીને અનેક પ્રકારના ભયંકર દુઃખોમાં ઘસડી જાય છે.

હવે એક દિવસ કૃપણશેઠ, પોતાની ભૂમિમાં દાટેલા ચરુ જોવા ગયો. બોદીને જ્યાં જોયું ત્યાં તો તેના હોશકોશ ઊડી ગયા, તેણે ધનને બદલે ચરુની અંદર તેમજ આજુબાજુ ઝરતાં અંગારા અને ફૂંફાડા મારતા ભયંકર ભુજંગો અને વિષ વરસાવતા ભયંકર વીંછી જોયા આથી તેને અત્યંત દુઃખ

થયું અને લથડતા પગે જ્યાં થોડો આગળ ચાલ્યો ત્યાં એક સેવકે આવી કહ્યું, " હે નાથ ! તમારા વહાણો ભરદરિયામાં ડૂબી ગયાં છે. " આ સમાચાર સાંભળી શેઠના હૃદયમાં એક મોટો વજ્રપ્રહાર જેવો આંચકો લાગ્યો, તે શેઠ અહીં વિચાર કરે છે એવામાં એક સેવક દોડતો આવી કહેવા લાગ્યો કે, " સ્થળ માર્ગમાં વ્યાપાર માટે ફરતો તમારો કાફલો ધાડપાડુઓએ લૂંટી લીધો છે, અને ઘણાં માણસોને ઇજા પણ થઈ છે. " આ સાંભળતાં જ જેની આંખમાં અંધારા આવી ગયાં, તેની આંખો સામે અનેક દૃશ્યોની પરંપરા ચાલી, છેવટે વિચારે છે, " હાય ! હાય !! હવે હું મારા કુટુંબનું રક્ષણ –ભરણપોષણ કેવી રીતે કરીશ ? હે દૈવ ! શું આજે કોઈ તારા પંજામાં આવ્યું નહિ, મારી મનની મહેલાતો આમ એકા-એક જમીનદોસ્ત કરી નાખી ! થોડીવારમાં તે સ્વસ્થ થયો. અને વિચારવા લાગ્યો, આમ વિચાર કરવાથી અને હિમ્મત હારવાથી. કાંઈ નહિ વળે માટે ચાલ ઘેર જઈ કાંઈ કરું એમ વિચારી તે ઘેર આવ્યો, અને દસ લાખ મહોરો લઈ પરદેશમાં દ્રવ્ય કમાવા નીકળી પડ્યો. જળસફર કરતાં તે મધ્ય દરિયે આવ્યો ત્યાંપણ પૂર્વકર્મના વશથી તે વહાણ ભાંગ્યું અને તે સમુદ્રમાં પડ્યો પણ તેનું આયુષ્ય બળવાન હોવાથી તેને વહાણનું એક પાટિયું મળી આવ્યું તેથી તે સમુદ્ર તરી એક નિર્જન અને વેરાન વનમાં આવી પહોંચ્યો. અને વિચારવા લાગ્યો; અરેરે ! મારું બધું ધન નાશ પામ્યું, ઘરમાં રહેલું દ્રવ્ય પણ હું ખોઈ બેઠો. હાય ! હાય !! હવે હું શું કરું ? કયાં જાઉં ?? કોને જઈને મારી વ્યથા સંભળાવું આમ ચિંતામાં તેને દિવસે ન મળ્યું સુખે ભોજન અને રાત્રે ન મળી નિદ્રા. કહ્યું છે કે :—

रूपं जरा सर्वसुखानि तृष्णा, खलेषु सेवा पुरुषाभिमानम्
याच्ञा गुरुत्वं गुणमात्मशंसा, चिंता बलं हंति दयां च लक्ष्मीः॥

અર્થઃ—રૂપ અને ઘડપણ, સર્વ સુખોને, તૃષ્ણા, લુચ્ચા પુરુષોની સેવા પુરુષાભિમાનને, યાચના, મોટાઈને સ્વશ્લાઘા ગુણને, ચિંતાબળને અને દયાને લક્ષ્મી હણે છે.

હવે ધનસાર વનમાં ચારે બાજુ પરિભ્રમણ કરે છે. એને આશાનું બિન્દુ પણ કયાંય દેખાતું નથી ચારે બાજુ મુસીબતના પહાડ અને તે પર નિરાશાના શ્યામ વાદળાં ફરી વળ્યાં છે. ગમે તેમ તો એ મોટાં વ્યાપાર ખેડનાર સાહસિક વણિક હતો. તે હિમ્મત ન હાર્યો અને વનમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધવા લાગ્યો, એવામાં તેણે સત્યમાર્ગદર્શક, પાંચજ્ઞાનના ધણી, અનેક વિદ્યાધરોથી સેવાતાં મુનિમહારાજને આમ્રવૃક્ષની શીતળ છાયામાં બેઠેલા જોયા. જેના ચિત્તમાં હર્ષ સમાતો નથી, જેના રોમે રોમ વિકસ્વર થઈ ગયા છે એવો ધનસાર ગુરુજીને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરીને તેમની સામે બેઠો ત્યારે મુનિમહારાજે ધર્મદેશના આપી. તે સાંભળી ધનસારે પૂછ્યું, "હે ભગવન્! કયાં કર્મ કરીને મને અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ, કયા કર્મના પ્રસાદથી તે નાશ પામી અને શી રીતે હું આવો કૃપણ થયો? હે નાથ, કૃપા કરી મને તે બધું કહો."

ત્યારે મુનિ બોલ્યા, "હે ધનસાર! તું નિઃસંદેહ જાણ કે આ બધો પૂર્વકૃત કર્મનો વિપાક છે. ત્યારે ધનસારે કહ્યું; હે સ્વામિન્, મેં પૂર્વભવે શું કર્યું હતું અને તેથી કયા કર્મ બાંધ્યાં હતાં તે કૃપા કરી કહો" તેના કહેવાથી મુનિ કહે છે,

" હે ભાગ્યશાળી ! આ જંબૂદ્વીપને ફરતો લવણસમુદ્ર છે, અને તેને ફરતો જ લાખ લાખ જોજન લાંબો પહોળો ધાતકીખંડ છે. તે ધાતકીખંડમાં ચંપિકા નામની નગરી છે, તેમાં બે ભાઈઓ વસતા હતા, તે ઘણા સમૃદ્ધિશાળી હતા. તેમાંથી મોટો ભાઈ હમેશાં ઘણું દાન કરતો હતો, પરંતુ નાનો ભાઈ કૃપણતાને લીધે જરા પણ દાન ન આપતો, એટલું જ નહિ પણ તેનો ભાઇ દાન આપતો, તે જોઈ તેના પર ઘણો દ્વેષ કરતો. એક દિવસ નાનો ભાઈ વિચારે છે કે " મહામહેનતે ભેગું કરેલું ધન આમ કરવાથી નાશ પામશે માટે મારે મારું ધન વહેંચીને જુદા રહેવું એજ ઉત્તમ છે. નહિતર આ મને ભીખ ભેગો કરશે એમ વિચારી પોતાનો ભાગ વહેંચી જુદો રહ્યો. અહીં મોટો ભાઇ જેમ જેમ દાન કરતો ગયો તેમ તેમ લક્ષ્મી અધિકાધિક વધતી જતી કેમકે સરિતાનું જળ વહેવાથી નિર્મળ રહે છે, કૂવાનું પાણી ન વપરાય તો તે પણ ગંધાઇ જાય છે તેમ ધર્મ કરવાથી ધન ઘટતું નથી પણ વૃદ્ધિ પામે છે.

અહિં આગળ નાનો કૃપણભાઈ એમ સમજતો હતો કે સર્વે ગુણો કાંચનનો જ આશરો લે છે. જેની પાસે ધન છે તે માણસ જ કુલીન, પંડિત અને દર્શનીય છે. એમ સમજી તે જેમ જેમ લક્ષ્મીની સંભાળ કરતો ગયો તેમ તેમ લક્ષ્મી તેનાથી રીસાતી ગઈ. મોટા ભાઈને સુખી અને ધનાઢય જોઈ તેને ઈર્ષ્યા આવી, તે વિચારે છે કે મારી લક્ષ્મી નાશ પામતી જાય છે, અને આની વધતી જાય છે માટે એને કંગાલ કરૂં, એમ વિચારી તેણે રાજા પાસે આવી ફરિયાદ કરી કે,

"હે નાથ! મારો મોટોભાઈ અનેક રીતે લોકોને છેતરી ધન ભેગું કરે છે." આમ અનેક પ્રકારે રાજાના કાન ભંભેર્યા તેથી રાજાએ મોટાભાઇનું સઘળું દ્રવ્ય લઇ લીધું; ક્રમે કરીને મોટોભાઈ નાના ભાઇનું ચરિત્ર જાણી ખેદ પામ્યો, અને વિચારવા લાગ્યો; અહો! શું સંસારની વિચિત્રતા છે, કે મા જણ્યો સગો ભાઈ પણ દુશ્મન બની અનેક પ્રકારનાં કાવત્રાં કરે, એમ તેના વૈરાગ્ય વાસિત હૈયે સંસારની અસારતા જાણી, તેથી તેણે ગુરુ પાસે જઇ ચારિત્ર અંગિકાર કર્યું. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, અને ક્રોધાદિ કષાય રહિત નિરતિચાર **ચારિત્ર પાળતાં,** અનેક અનુકૂળ પ્રતિકૂળ પરિસહો સહન કરી, પ્રાણાંતે કાળ કરી પ્રથમ (સૌધર્મ) દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

હવે અહીં નાનાભાઇનું કારસ્થાન જગજાહેર થયું, લોકો તેને નિંદવા લાગ્યાં, તથા ફિટ્કારનો વરસાદ વરસાવવા લાગ્યા, તેથી તેણે તાપસી દીક્ષા લીધી, અનેક પ્રકારના અજ્ઞાન કષ્ટ અને ક્રિયા આદરી તે મૃત્યુ પામ્યો અને અસુરકુમારનિકાયમાં દેવપણે ઉત્પન્ન થયો, ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતાં તું **ધનસાર** રૂપે ઉત્પન્ન થયો. પૂર્વભવમાં જીવે શુભાશુભ અધ્યવસાયથી જેવાં કર્મો ઉપસ્થિત કર્યા હશે તે તેને ભોગવે જ છુટકો છે. તું પણ દાનાંતરાયના ઉદયથી કૃપણ થયો, વળી પૂર્વભવમાં મોટાભાઈની સર્વ સંપત્તિ તારા કહેવાથી રાજાએ લઇ લીધી તેથી તારી સર્વ સંપત્તિ વિપત્તિમાં બદલાઈ ગઇ.

અહીં તે વડીલબંધુ, દેવલોકમાંથી ચ્યવી તામ્રલિપ્તિ નગરીમાં મહાન ધનાઢ્ય શ્રેષ્ઠીને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. પૂર્વોપાર્જિત પ્રબળ પુણ્યના પ્રતાપે તે અનેક પ્રકારની ઋદ્ધિનો

ભોક્તા બન્યો. આમ લાંબા કાળ સુધી વિવિધ વિષયના સંસારી સુખ ભોગવી દીક્ષા લીધી. નિરતિચાર સંયમ પાળતાં અને ઘોરતપ આદરતા તેમને ક્રમે કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અનેક જીવોને પ્રતિબોધ કરતાં પૃથ્વી પાવન કરવા લાગ્યાં, અને હું જ તે તારો પૂર્વ ભવનો વડીલ બંધુ છું.

મુનિના વચન સાંભળી પૂર્વેના ભાઇને જાણી તે ખૂબ ખુશી થયો, અને પગમાં પડી મિથ્યાદુષ્કૃત આપ્યું, બોલ્યો, "હે ભગવન્! આજથી માંડીને મારાં ઉપાર્જેલા દ્રવ્યનો ચોથો ભાગ રાખી બાકીનું બધું દ્રવ્ય ધર્મમાં ખરચવું, એવો નિયમ હું લઉં છું, તથા મારા મુખે કોઇના દોષ કહેવા નહીં." આ પ્રમાણે નિયમ લીધો અને શ્રાવક ધર્મ આદરી કેવળીને ફરી નમસ્કાર કરી તામ્રલિપ્તી નગરીમાં આવ્યો. ત્યાં રાતે એક શૂન્ય મકાનમાં વિશુદ્ધ પરિણામે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યો. તેવામાં ત્યાં એક દેવતા આવ્યો, અને તેના પર ખૂબ ધૂળ વરસાવી પરંતુ તે સ્થિર રહ્યો. તેથી દેવનો પિત્તો ઊછળ્યો ફરી તેને કીડીઓ, સર્પો અને વીંછીઓ વિકુર્વ્યા, પરંતુ તેનું મન મેરૂશિખર જેમ અચલ રહ્યું. તેથી દેવ તેના પર પ્રસન્ન થયો, તેને પગે લાગી નમસ્કાર કરી કહેવા લાગ્યો; હે મહાભાગ! તું ધન્ય તેમજ પુણ્યવંત છે, વળી ધન્ય છે તારી માતને, કે જેની કુક્ષીને વિષે તારા જેવા મહાપુરુષે જન્મ લીધો, ધર્મમાં તારો દૃઢ સંકલ્પ જોઈ હું પ્રસન્ન થયો છું તેથી તું મથુરા નગરીમાં ખુશીથી જા, ત્યાં તને તારું બધું ધન મળશે. આમ કહી દેવ પોતાના સ્થાને ગયો.

અહીં આગળ તેણે સવારે કાઉસ્સગ્ગ પારીને પારણું

કર્યું; અનુક્રમે તે મથુરા આવી પહોંચ્યો. ત્યાં તેના સર્વ ચરૂ જે અંગારા વીંછીરૂપે દેખાયા હતા, તે ફરી નિધાન રૂપે થયાં. તેણે પોતાના પરિગ્રહ પ્રમાણથી જરાય વધારે ન લીધું અને ભગવંતે ભાખેલા જિનાલય, જિનપ્રતિમા જૈન પુસ્તકો, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ સાતે ક્ષેત્રમાં બાકીનું સર્વ દ્રવ્ય વાપર્યું. આમ હંમેશા પુણ્ય કરતો સુખે રહેવા લાગ્યો, અનુક્રમે આયુષ્ય ક્ષય થયે તે ચારપલ્યોપમના આયુષ્યવાળો મહા સમૃદ્ધિશાળી દેવ થયો. ત્યાં પણ દેવ સંબંધી અનેક સુખો ભોગવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે જનમશે. અને દીક્ષા લઈ કર્મક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે.

આ અનાદિ અનંત સર્વ દુઃખના તંત,
આ સંસારનો એ સંત, છોડી લેશે આનંદ.

—: ॥ ઈતિ 'ધનસાર' કથા સમાપ્ત ॥ :—

પ્રભુ કહે છે; હે ભવ્ય લોકો ! આ પ્રમાણે સંતોષથી સર્વ સિદ્ધિ આવી મળે છે અને અસંતોષથી એ સંપત્તિ વિપત્તિમાં પરિણમે છે; માટે હે જીવો ! પાંચમા અણુવ્રતને વિષે આદર કરો. તે સાંભળી આણંદ શ્રાવકે પરિગ્રહ પરિમાણ વ્રત ઉચ્ચાર્યું.

હે જીવો ! રાત્રિ ભોજન કરવું તે મહાન પાપ છે, રૂપી અને અરૂપી દ્રવ્યના જાણનાર કેવળી પણ રાત્રિભોજન કરતા નથી. તો પછી બીજાની શી વાત ? જે પુરુષો રાત્રિભોજન વ્રતનું પચ્ચક્ખાણ કરે છે તે આ પ્રમાણે પુણ્ય બાંધે છેઃ—

जो पुण करेइ विरइं राइभत्तस्स सत्तसंजुत्तो ।
सो निअआउअअद्धस्स, लहइ उववासफलमउलम् ॥१॥

અર્થઃ—જે પુરુષ સત્વયુક્ત રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરે છે તે પોતાના અડધા આયુષ્યના ઉપવાસ જેટલું ફળ પ્રાપ્ત કરે છે.

અન્ય શાસ્ત્ર પણ કહે છે કે

चत्वारि खलु कर्माणि, संध्याकाले विवर्जयेत् ॥
आहारं मैथुनं निद्रां, स्वाध्यायं च विशेषतः ॥ ॥१॥

અર્થઃ—મનુષ્યોએ આહાર, મૈથુન, નિદ્રા અને સ્વાધ્યાય એ ચાર કામોને સંધ્યા સમયે અવશ્ય ત્યજી દેવા જોઇએ કારણ કેઃ—


आहाराज् जायते व्याधिः, क्रूरगर्भश्च मैथुनात् ।
निद्रातो धननाशः स्यात्, स्वाध्याये मरणं भवेत् ॥१॥

અર્થઃ—સંધ્યા સમયે આહાર કરવાથી વ્યાધિ થાય, મૈથુન સેવવાથી ગર્ભક્રૂર થાય, ઊંઘવાથી ધનનો નાશ થાય અને સ્વાધ્યાય કરવાથી મૃત્યુ થાય છે.

ચારે પ્રકારના આહારરૂપ યોનિથી ઉત્પન્ન થતાં તેમજ ઉપરથી પડતાં ત્રસ જીવોનો રાત્રી ભોજનમાં સર્વજ્ઞોએ વિનાશ જોયો છે. સાથવા વગેરે રાંધેલા પદાર્થોમાં નિગોદની જેમ ઉરણીકાદિ જીવ ઊપજે છે. તે યોનિવાળાં કહેવાય છે. વળી સંપાતિમ (ઉપરથી આવીને પડતાં પતંગીઆં કુંથુઆ, કીડી વગેરે) જીવોનો પણ રાત્રે વધ થતો સર્વજ્ઞ પુરુષોએ જોયો છે. શીતયોનિવાળાં ત્રસ જીવો ભૂમિ, વસ્ત્ર અને આહારાદિમાં રાતે ઉત્પન્ન થાય છે. વળી આકાશ માર્ગેથી દિવસના આઠમા ભાગથી અપકાય જીવોની વૃષ્ટિ થાય છે. તે પ્રભાતથી ચાર ઘડી દિવસ ચડે ત્યાં સુધી રહે છે. માટે

આકાશ સ્થળે બેસીને ભોજન કરવાથી અનંત જીવોનો ઘાત થાય છે. કારણ કે, **जत्थजलं तत्थवणं** જ્યાં જળ ત્યાં વનસ્પતિ હોય જ એમ સિદ્ધાંતમાં કહ્યું છે અને વનસ્પતિ અનંત જીવાત્મક પણ હોય છે ઇત્યાદિ અનેક પ્રકારના દોષ રાત્રિભોજનમાં જાણી જે પુણ્યાત્માઓ તેનું વ્રત–પચ્ચક્ખાણ કરે છે તે ધન્ય પુરુષ **કેશવની** જેમ સુખી થાય છે. વળી જે મૂઢો રાત્રિભોજનનું નિયમ લઈને તેનો ભંગ કરે છે તે **હંસવણિકની** જેમ અત્યંત દુખી થાય છે. તે સાંભળી આણંદે પૂછ્યું, હે ભગવન્! કૃપા કરીને તેનું દૃષ્ટાંત અમને કહો.

પ્રભુ બોલ્યા, હે પુણ્યવાનો! તમો સાવધાન થઈ સાંભળો.



કેશવ અને હંસની કથા

આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં કુંડિનપુર નામનું નગર છે. ત્યાં **યશોધર** નામનો ધનાઢ્ય વણિક વસતો હતો. તેને રૂપગુણ શીલ સંપન્ન **રંભા** નામની ભાર્યા હતી. તેમને **હંસ** અને **કેશવ** નામના બે પુત્રો હતા. તેઓ મનુષ્ય સંબંધી અનેક સુખો ભોગવતાં વૃદ્ધિ પામતા હતા. એક દિવસ તે બન્ને બાંધવ, વનખંડમાં ક્રીડા કરવા ગયા. ત્યાં તેઓએ આમ્રવૃક્ષ નીચે અષ્ટપ્રવચન માતાથી મંડિત પંચ મહાવ્રતને ધારણ કરનાર સાક્ષાત્ ધર્મમૂર્તિ જેવા અને જિતેન્દ્રિય એવા મુનિમહારાજને જોયા. મુનિને જોઈ તેઓ બન્ને પ્રણામ કરીને તેમની સામે બેઠા, મુનિએ ધર્મલાભ આપી રાત્રિભોજન ત્યાગ વિષે ધર્મોપદેશ આપ્યો કે રાત્રિભોજનથી જીવ આલોક અને પરલોકમાં મહા દુઃખ પામે છે. તે સાંભળી રાત્રિભોજનનો નિયમ લઈ બન્ને ઘેર આવ્યા ભોજન કરીને ચૌટા પર આવેલી એમની દુકાને ગયા, અને વ્યાપાર કરવા લાગ્યાં. પછી તેઓ વેળાસર ઘેર આવ્યા, જનની પાસે ભોજન માગ્યું, માતાએ કહ્યું, " અરે પુત્રો ! તમારું આજે ચસકી ગયું છે કે શું ? રોજ તો રાત્રીએ દુકાન બંધ કરીને જમવા આવતા, આજ

કેમ આટલા બધા વહેલા આવ્યા ? હજી ત્રણ ઘડી દિવસ બાકી છે. તમે અત્યારે મારી પાસે શા માટે ભોજન માગો છો ? " ત્યારે તે બન્ને બોલ્યા; " હે માતા ! અમારી ડગળી ઠેકાણે છે, ચસકી નથી. વાત એમ બની કે અમે બન્ને ભાઇઓ આજ સવારે વનમાં ગયા હતા, ત્યાં અમારા પુણ્ય યોગે એક ગુરુમહારાજનો સમાગમ થયો તેમના ઉપદેશથી અમને અમારી ભૂલ સમજાઈ તેથી અમોએ તેમની પાસે રાત્રિભોજનનો નિયમ લીધેલ છે. તેથી અમે રાત્રિભોજન નહિ કરીએ. માટે હુમણાં જે હોય તે અમને ખાવા આપો." માતા બોલીઃ " અત્યારે કાંઈ ખાવાનું નથી. રાતે રંધાશે ત્યારે તમારા પિતા સાથે ખાજો." " પણ માડી ! રાત્રે અમે શી રીતે ખાઈએ ? " આમ માતા સાથે પુત્રો બોલતા હતા તેવામાં તેમના પિતા આવી પહોંચ્યા અને પૂછવા લાગ્યાઃ " અરે ! ઘરાકી વખતે કેમ દુકાન બંધ કરીને અહીં આવતા રહ્યા ? શું બન્નેને એક સાથે જ આવવાની ઇચ્છા થઈ ? ત્યારે તે બન્ને પુત્રોએ પોતાના પિતાને વનખંડની હકીકત કહી, તે સાંભળી યશોધર શ્રેષ્ઠીનો પિત્તો ગયો, અને તે જેમ તેમ બબડવા લાગ્યો, અરેરે ! સવારના પહોરમાં આ મૂર્ખાઓને કયો ધૂર્ત મળી ગયો કે આ બન્નેએ વ્રત લીધું. ધિક્કાર છે કે મારા જીવતાં આ લોકોએ મારો કુળક્રમ મૂક્યો ! જો આ રાત્રે ભોજન નહિ કરે તો મારો કુળધર્મ નાશ પામશે, તે નિશ્ચય છે. આ લોકો રાત્રે નહિ જમે તો હું દિવસે નહિ જમું અને ભોજન પણ રાત્રે કરાવીશ. પછી બેટમજી કયાં જશે ? ભૂખથી મજબૂર થયેલો માનવી શું સ્વીકારતો નથી ? એમ વિચારી તેણે પોતાની પત્નીને બાનગીમાં કહ્યું કે તારે

દિવસે રાંધવું નહિ, અને ચણા જેવી વસ્તુ પણ તેઓને આવા આપવી નહિ. પતિની આજ્ઞાને વશ થયેલી તે રંભાએ બધું સ્વીકાર્યું.

પછી તે બન્ને ભાઈ બોલ્યા: "હે માતા ! જો અત્યારે રાંધવું ન હોય તો અમને પકવાન્ન કે ચવાણું આપો તે બાઈ અમે દુકાને જઇએ." ત્યારે તે બોલી: "અત્યારે પકવાન આદિ કાંઈ ઘરમાં નથી. અને ભોજન તો રાત્રીએ જ થશે. માટે તમો તમારા પિતા સાથે રાત્રે જમજો. કુલીન પુત્ર તો તે જ કહેવાય કે જે પિતાના માર્ગને અનુસરે. તે બોલ્યા." હે માતા ! પિતાશ્રીના સુમાર્ગને તો પુત્ર સેવે પણ બાપને કૂવામાં પડતો જોઈ પુત્રો પણ કૂવામાં ઝંપલાવે ? એવામાં રંભાએ બિજાઈને કહ્યું. માથાફોડ ના કરો, તમને એકવાર કહ્યું કે ભોજન રાત્રિએ રંધાશે. અને જમવા મળશે." માતાનાં મુખેથી આવાં વચનો સાંભળી તે બન્ને બંધુઓ બહાર જતા રહ્યા. અહીં શેઠ પણ રંભાને દૃઢ આગ્રહથી સમજાવે છે કે તારે રાત્રિ સિવાય કદી રાંધવું નહીં અને છોકરાઓને દિવસે કદી કાંઈ પણ જમવા ન આપવું.

હવે અહીં રાત્રિએ ભોજન તૈયાર થયું, બન્ને ભાઇઓ ઘેર આવ્યા, ત્યારે શ્રેષ્ઠીએ પુત્રોને બોલાવ્યા. "એ હંસ ! એ કેશવ ! ચાલો ભાઈ રસોઇ થઈ ગઇ છે. માટે ગરમાગરમ જમી લઈએ." ત્યારે તે બોલ્યા; "હે પિતાજી ! અમે અત્યારે ભોજન નહીં કરીએ." યશોધર શેઠે અને રંભા શેઠાણીએ ઘણું સમજાવ્યું પણ તેઓ ન જમ્યા તે ન જ જમ્યા.

બીજે દિવસે સવારમાં કુટિલ ચિત્તવાળા યશોધરે પુત્રોને

વ્યાપારના એવા કામમાં મોકલ્યા કે તે કામ કરતાં દહાડો ક્યાં ગયો તેની પણ તેમને ખબર ન પડી. કામ પતાવી રાત્રિએ ઘેર આવ્યા, માતાપિતાએ ઘણું સમજાવ્યું પણ તે ગંભીર પુત્રો ન જમ્યા.

આ પ્રમાણે શેઠે તેમને પાંચ દિવસ મોકલ્યા તેઓ પિતાની આજ્ઞા અને સાથે સાથે વ્રત પણ ખેદરહિત હૃદયે પાળતા રહ્યા. છઠ્ઠા દિવસે શેઠ પુત્રોને મિષ્ટ વચનોથી કહેવા લાગ્યા. "હે પુત્રો! સુપુત્રો તો તે જ કહેવાય જે પોતાના પિતાને સુખ આપે માટે મને સુખ ઊપજે તેમ તમારે કરવું જોઈએ, તમે ભોજન શા માટે નથી કરતા? તમે ભોજન કરો તો સારું, કેમકે તમારી સાથે સાથે તમારી મા પણ ખાતી નથી. તેને પણ આજ છઠ્ઠો ઉપવાસ છે. તેના ઉપવાસને લીધે તમારી છ માસની નાની સુકુમાર શરીરવાળી બહેન પણ દૂધ વગર દુબળી થઈ ગઈ છે. હે પુત્રો! જરાક વિચાર તો કરો કે તમારી હઠથી આખું કુટુંબ કલેશમાં મૂકાયું છે. પંડિતો પણ કહે છે કે "રાત્રિના પહેલા પહોરની ચાર ઘડી સુધી જમવામાં કાંઇ વાંધો નહીં. હજી તો રાત્રીની બે ઘડી પણ વ્યતિત થઇ નથી. માટે તમે ભોજન કરો. જો તમે ભોજન નહીં કરો તો તમારી માતા અને બહેન મૃત્યુ પામશે. અને તે દોષના ભાગીદાર તમે બન્ને થશો." ઇત્યાદિ અનેક પ્રકારના જનકનાં વચન સાંભળી ક્ષુધાની અત્યંત વેદનાને અનુભવતા મોટાભાઇ હંસે નાનાભાઇ કેશવ સામે જોયું.

ત્યારે કેશવને જણાયું કે નિશ્ચય મારો ભાઈ સત્યથી ડગશે, એટલે કેશવ બોલ્યોઃ "હે તાત! જેમ મને સુખ

ચશે તેમ હું કરીશ. પુત્રનું માતા પર વાત્સલ્ય ત્યારે જ પ્રગટે કે જ્યારે પુત્ર વડે માતા ધર્મમાં જોડાય. રાત્રિ થવાને અંતમુહૂર્ત દિવસ બાકી હોય ને ભોજન કરીએ તોપણ વ્રતદૂષણ લાગે છે. ત્યારે હમણાં તો અંધકારમય રાત્રિ જ દેખાય છે. માટે હે તાત! તમારે મને ઘડી ઘડી ભોજનનું ન કહેવું." તે સાંભળતાં જ યશોધરની આંખો લાલ અંગારા વરસાવતી થઈ ગઈ અને તે ઊભો થઈ ક્રોધાવેશમાં બોલ્યો, અરે કુપુત્ર! દુષ્ટાત્મા!! જો તારે મારું વચન ન માનવું હોય તો મારે તારું કાંઇ કામ નથી. ચાલ, નીકળ ઘરમાંથી, મારી દૃષ્ટિથી દૂર જા. પિતાના વચન સાંભળતાં જ કેશવ જેમ ગુફામાંથી કેસરીસિંહ નીકળે તેમ ચાલી નીકળ્યો, તેની પાછળ હંસ પણ જવા લાગ્યો. ત્યાં યશોધરે તેના બન્ને હાથ પકડી મીઠી ભાષામાં કહ્યું. "હે હંસ! તે તો બાળક છે, બે દહાડા ફરી પાછો આવશે, તું તો મોટો છું, આખા કુટુંબનો ભાર તારે સંભાળવાનો છે. તું આમ છોકરવેડા કરે તે કાંઈ છાજે? હવે તો તું બાળક નથી." માતાની મમતા અને પિતાના પ્રેમથી પિંજરામાં પૂરાયેલો હંસ લાચાર થઈ જમવા બેઠો.

હવે ઘેરથી નીકળી કેશવ ગામ, નગર, નદી–નાળાં, બાણ, ઉદ્યાન, વગેરેમાં ફરતો ફરતો એક મહા અટવીમાં આવી ચડ્યો. ત્યાં તેણે એક યક્ષનું મંદિર જોયું, ત્યાં ઘણા માણસો યાત્રા કરવા આવ્યા હતાં, કોઈ યક્ષની પૂજા કરતાં હતાં, કોઈ નૈવેદ્ય ધરતાં હતાં અને કેટલાંક નાચગાનમાં મશગૂલ હતાં. કેશવે પણ વિચાર્યું કે રાતવાસો અહીં જ કરવો, એમ

વિચારી તે પણ ચૈત્યમાં આવ્યો. કેશવને આવતો જોઇ ખુશ થયેલા યાત્રિકો બોલ્યા, " હે મુસાફર ! તું ભોજન કરી અમને કૃતાર્થ કર. આજે અમારે યક્ષવ્રતનું પારણું છે. માટે તું પહેલું ભોજન કર. પછી અમે પણ પારણું કરશું. અતિથિને પહેલું ભોજન કરાવવાથી અમને મોટું પુણ્ય પ્રાપ્ત થશે, અમે સર્વ પ્રકારની સામગ્રી તૈયાર કરીને અતિથિના આગમનની રાહ જોઈ ને જ બેઠા હતા એટલામાં અમારા પુણ્યયોગે તું અહીં આવી પહોંચ્યો." યાત્રિકોના આવા વચનો સાંભળી કેશવ બોલ્યો, " હે યાત્રિકો ! આ તમારું દુનિયાથી ઊંધું કયું વ્રત છે કે તમે રાતે પારણું કરો છો?" તેઓ બોલ્યાઃ " હે પથિક ! આ **માણવક** યક્ષનું ચૈત્ય છે. આ યક્ષનો પ્રભાવ જગજ્જનને આનંદાયક તેમજ મહામંગલકારી છે. આજે યક્ષનો યાત્રા દિવસ છે. આજના દિવસે જે પુરુષ પૂજાદિ કરી રાતે કોઈ અતિથિને ભોજન કરાવી પછી પારણું કરે તેને મોટું પુણ્ય પ્રાપ્ત થાય છે. માટે હે સત્પુરુષ ! પહેલાં તું ભોજન કર પછી અમે પણ કરશું." તે સાંભળી કેશવ બોલ્યોઃ " અરે યાત્રીઓ ! હું રાત્રે ભોજન નથી કરતો, રાતે ભોજન કરવું એ ઉચિત કથી. હો યાત્રિકો ! આવા ઉત્તમ દિવસે ઉપવાસ કરવાથી મહાપુણ્યનો સંચય થાય છે. અને રાત્રે ભોજન કરવાથી પર્વત સમાન મહાપાપ બંધાય છે. તે વ્રત જ ન કહેવાય કે જેમાં રાતે પારણું કરવામાં આવે. જે મનુષ્યો દિવસે અપવાસ કરે અને રાતે પારણું કરે તેઓ દુર્ગતિને પ્રાપ્ત કરે છે." તે સાંભળી યાત્રિકો બોલ્યાઃ " હે સત્પુરુષ ! આ યક્ષની આવી જ વિધિ છે. માટે તારે કોઈ

શાસ્ત્ર વિચાર કરવો ન જોઈએ.” આમ કહી બધા યાત્રિકો તેને પગે લાગ્યા, પણ કેશવે તેમનું વચન ન માન્યું.

અહીં યક્ષની મૂર્તિમાંથી એક ભયંકર મહાકાય પ્રચંડ પુરુષ હાથમાં ખડ્ગ લઈને નીકળ્યો અને કેશવને કહેવા લાગ્યો, “હે દુષ્ટાત્મા! તું મારા ધર્મને શા માટે દૂષિત કરે છે? અને મારા ભક્ત યાત્રિકોનું શા માટે અપમાન કરે છે? હે દુષ્ટ! તું જલ્દી ભોજન કર; નહીં તો આ તલવારથી તારા મસ્તકના ચૂરેચૂરા કરી નાખીશ.” યક્ષના આવાં વચન સાંભળી કેશવ કહેવા લાગ્યો, “હે યક્ષ! મને તું શા માટે ક્ષોભ પમાડે છે? મને મૃત્યુનો ભય નથી કારણ કે જ્યાં મરણ નક્કી છે, ત્યાં ભયનું કોઈ પ્રયોજન નથી. પણ ગુરુ સમક્ષ લીધેલા વ્રતને પ્રાણાંતે પણ હું ખંડિત નહીં કરું.” તે સાંભળી, યક્ષે પોતાના સેવકોને કહ્યું કે હે ભૃત્યો, જાઓ અને આ પાખંડીના ગુરુને અહીં લઈ આવો જેથી તે આને ભોજન કરાવે. સેવકો જલ્દી દોડી ગયા, અને માયાથી કૃત્રિમ **ધર્મઘોષ** નામના ગુરુને બાંધી ત્યાં લાવ્યા, કેશવે પણ મુનિને વિલાપ કરતા જોયાં, તે કૃત્રિમ ગુરુને યક્ષ કહે છે, “હે મુનિ! તારા શિષ્યને ભોજન કરાવ, નહિ તો તને પણ યમપૂરી મોકલી આપીશ.” તે સાંભળી મુનિ કહેવા લાગ્યા; “હે કેશવ! દેવગુરુ અને ધર્મના કાર્યમાં ધર્માત્મા પુરુષ અકાર્ય પણ કરે છે માટે તું અત્યારે ભોજન કર, નહીં તો આ લોકો મને મારી નાખશે.” તે સાંભળી કેશવ બોલ્યો, “સાંભળો” જે મારા ગુરુ રાત્રિભોજનનો નિયમ આપે છે, વીતરાગથી નિર્ણીત ધર્મ કહે છે તે શું મૃત્યુના ભયથી પાપનો ઉપદેશ આપે? માટે

જરૂર તું મારો ગુરુ નથી; પરંતુ આ માયાવી યક્ષનો જ અધો પ્રપંચ છે. " તે સાંભળી યક્ષ બોલ્યો, " અરે દુષ્ટ ! તું જલદી ભોજન નહીં કરે તો તારા ગુરુને હતો ન હતો કરી નાખીશ; " કેશવ બોલ્યો અરે માયાવી ! આ મારો ગુરુ નથી, મારા ગુરુ તો પાંચ મહાવ્રતધારી, ષટ્કાય જીવોની રક્ષા કરનારા, અને જગજ્જીવને સાચો માર્ગ દેખાડનારા, એવા શું તારા વશમાં આવે ખરા ? અરે ! તેમના સામે પણ જોવા તું સમર્થ નથી. " ત્યારે તે મુનિ બોલ્યા, " હે કેશવ ! હું તેજ તારો ગુરુ છું માટે રાત્રિભોજન કરી તું મને બચાવ. આમ અનેક પ્રકારે વિલાપ કરતા મુનિના માથા પર યક્ષે એક મુગ્દલ માર્યું, તેથી પ્રાણ રહિત થઇ મુનિ પૃથ્વી પર પડ્યા, તો પણ દૃઢ ચિત્તવાળો કેશવ શોકરહિત રહ્યો. ત્યારે યક્ષ કેશવ સામે મુગ્દલ ઉપાડી બોલ્યો, " હે મુસાફર ! જો હજી પણ તું ભોજન કરે તો તારા ગુરુને હું જીવતો કરી, ધનધાન્યઆદિથી પ્રચુર એવી નગરી તને આપીશ. અને જો મારું કહેવું નહીં કરે તો આ મુગ્દલથી તને મરણને શરણ કરીશ." અડખડાટ હસતો પુણ્યાત્મા કેશવ બોલ્યો હે યક્ષ ! આ તો મારો ગુરુ નથી, પણ જો તું મરેલાને જીવતો કરી શકે છે તો તારા ભક્તો કે જે પહેલાં મરી ગયા તેને જ કેમ જીવતાં નથી કરતો ? મારે તારું રાજ્ય નથી જોઈતું. તે તારા સેવકને જ મુબારક હો. આગળ–પાછળ મરવાનું છે માટે મને મરણની બીક જ નથી." કેશવના આવાં વચન સાંભળી યક્ષ તેના પર પ્રસન્ન થઇ મુગ્દલ આઘું ફેંકી દઇ તેને ભેટી પડ્યો, અને બોલ્યો, " હે કેશવ ! હું તારી ધર્મદૃઢતા જોઇ સંતુષ્ટ થયો છું. હે કેશવ ! મરેલા પ્રાણીને હું કદી પણ જીવતો કરી

શકતો નથી તેમજ રાજ્ય આપવાની શક્તિ પણ મારામાં નથી. આ તારો ગુરુ નથી પણ મારી રચેલી માયાજાળ છે. કેવળ આનાથી જ મેં તારી પરીક્ષા કરી હતી." એમ કહી યક્ષ અદૃશ્ય થઈ ગયો. અત્યંત વિસ્મય પામેલો, યાત્રીગણ કેશવ પાસે આવ્યો, અને ધન્યવાદ આપી તેની હકીકત પૂછી. સાત દિવસનો ઉપવાસી જાણી, કહ્યું, "હે મહાભાગ! સાત ઉપવાસથી તું ખિન્ન થઈ ગયો છે, માટે અમે પણ કાલ સવારે તારી સાથે જ પારણું કરશું. એમ કહી સૂવા માટે તેને એક શય્યા આપી, તેના પર કેશવ સૂઈ ગયો. યાત્રિક લોકો પણ તેને દૃઢ પ્રતિજ્ઞાવાળો જાણી, વખાણ કરતાં સહુ સહુની પથારીમાં સૂતાં કેશવ ઘોરનિદ્રામાં સૂતો હતો ત્યાં યક્ષ પ્રત્યક્ષ થઈ કેશવને જગાડવા લાગ્યો; "હે કેશવ! નિશા ગઇ, સૂર્ય ઉદય પામ્યો છે, માટે શય્યા છોડી સાવધાન થા." આ સાંભળી કેશવ જ્યાં આંખ ઉઘાડી જોવે છે ત્યાં તેણે ચારેબાજુ પ્રકાશ જોયો, નભમંડળ પર સૂર્યને જોઈ વિચારે છે, હું રોજ તો સૂર્યોદય પહેલાં જાગી જઉં છું; પણ આજ તો હજી સુધી આંખમાંથી ઉંઘ ઊડતી નથી, માટે નિશ્ચય હજી સૂર્ય ઉદય પામ્યો નથી. આ પ્રમાણે શંકાશીલ કેશવને જોઇ યક્ષ બોલ્યો, "હે કેશવ! વિસ્મય મૂકીને પ્રાતઃક્રિયા કરી પારણું કર." કેશવ બોલ્યો, હે યક્ષરાજ! તું મને શા માટે છેતરે છે? હજી તો ઘણી રાત છે, કેવળ તારી માયાથી જ દિવસ દેખાય છે. એટલામાં તો આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ, અને હે કેશવ! "વિજય પામ, વિજય પામ," એમ આકાશવાણી થઈ, તરત જ એક દિવ્ય રૂપધારી દેવ પ્રગટ થયો. વિસ્મય પામેલો કેશવ ચારે તરફ જોવા લાગ્યો ત્યાં ન હતો યક્ષ કે ન હતું મંદિર અને યાત્રિકો પણ ગાયબ થઈ ગયા હતા.

ત્યાર પછી તે દેવ બોલ્યો " હે કેશવ ! પુણ્યવાનોની વચ્ચમાં તું જ એક રત્નરૂપ શ્રેષ્ઠ પુરુષ છે. તારા જેવાના જ જન્મથી પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. બે દિવસ પહેલાં સુરેન્દ્રે દેવસભામાં તારી પ્રશંસા કરી હતી કે યશોધર શ્રેષ્ઠીનો તારુણ્ય વિશિષ્ટ દેહવાળો, અત્યંત પવિત્ર આત્મવાળા, કેશવને તેના રાત્રિભોજન વ્રતથી વિચલિત કરવા કોઈ સમર્થ નથી. કેશવ તે વ્રતમાં મેરુ શિખરની જેમ દૃઢ વિશ્વાસવાળો છે તે સાંભળી સર્વ દેવોએ તેમની હામાં હા કરી. પણ વહ્નિસુર નામના દેવે વિચાર્યું કે ઈન્દ્રમહારાજા જે કહે છે. તે અસત્ય છે, કારણ કે મનુષ્યમાં આવી દૃઢતા ક્યાંથી આવે ? તેથી જ મેં અહીં આવી યક્ષગૃહ અને યાત્રિકો બનાવી તારી પરીક્ષા કરી, પણ તારા ચિત્તને વિચલિત કરવામાં હું જરાએ સમર્થ ન થયો, માટે તું ખરેખર ધન્ય છે, કૃતપુણ્ય છે, હે મહાભાગ મેં તારો અપરાધ કર્યો છે, તેને તું પ્રસન્ન થઈ ક્ષમા કર.... હે ભાઈ, દેવનું દર્શન વ્યર્થ થતું નથી. માટે તું કોઈ પણ વરદાન માગ કેશવ બોલ્યો, " હે દેવ ! તારા દર્શનથી મને બધું પ્રાપ્ત થઈ ગયું છે. મારે કાંઈ જોઈતું નથી હે સૌમ્ય ! તું ન માગે તો કાંઈ નહીં, પણ આજથી તારાં ચરણ પ્રક્ષાલિત પાણીના છાંટવાથી રોગી પુરુષ, નિરોગી થશે; તું અભિલાષિક થઈ મનમાં જે જે કામના કરીશ તે તે તરત પૂર્ણ થશે. પુણ્યવાનો માટે કાંઈ અસાધ્ય નથી," એમ કહી દેવ તેને એક નગર પાસે મૂકી ચાલ્યો ગયો. અહીં કેશવ પ્રાતઃકાળમાં ઊઠીને સુસજ્જ રસ્તાઓ, ગલીઓ, ભવ્ય મંદિરો અને મનમોહક ઉદ્યાનોથી વિભૂષિત એક નગર જુએ છે. તે પ્રાતઃકાર્ય કરીને નગરમાં જવા ઊપડે છે, તેવામાં રસ્તામાં તેણે

શ્રી **ધર્મસૂરિ** નામના આચાર્યને ધર્મોપદેશ આપતા જોયા. કેશવ તેમની પાસે જઈ ત્રણપ્રદક્ષિણા પૂર્વક પ્રણામ કરીને. યથોચિત સ્થાને બેઠો. અહિં **સાકેતનગરી**નો રાજા **ધનંજય** ગુરુવંદન કરવા માટે ત્યાં આવ્યો, વંદન કરી ધર્મ સાંભળવા બેઠો. દેશના સમાપ્ત થયા પછી રાજાએ ગુરુને પૂછ્યું, "હે ભગવન્! જરા રૂપ રાક્ષસી આવી પહોંચી છે. તેથી મારું શરીર પરાભૂત છે. આ દુનિયા મને ચારે બાજુથી બાવા દોડતી હોય તેવી લાગે છે. પ્રવજ્યા લેવા ઘણા દિવસથી અભિલાષા છે. પણ શું કરું? પુત્ર વિના રાજ્ય કોને સોંપું? આ ચિંતાથી હું ઘણો દુઃખી છું, પણ હે પુન્યવર! ગઈ રાતે હું સુખપૂર્વક શય્યામાં સૂતો હતો ત્યારે એક દિવ્ય પુરુષે મને કહ્યું હે રાજન્! તું ચિંતા ન કર, પ્રાતઃકાળમાં તું ગુરુવંદન કરવા માટે જજે. ત્યાં ગુરુ સમીપે જે પુરુષ દૃષ્ટિપથ થાય તેને રાજ્ય આપી સુખપૂર્વક દીક્ષા લેજે. આમ કહી તે પુરુષ અદૃશ્ય થયો, હું પણ ત્યારબાદ જાગી નિત્યકર્મ કરી આપની પાસે આવ્યો છું. હે પ્રભુ! કાંઈ સમજાતું નથી કે મારે હવે શું કરવું. હવે તો આપ જ રસ્તો બતાવો." ત્યારે સૂરીશ્વરે કેશવની **વહ્નિદેવે** કરેલી પરીક્ષા સહિત સંપૂર્ણ રાત્રિભોજન વ્રતનું વૃતાન્ત રાજાને સંભળાવ્યું, અને કીધું કે આ રહ્યો તે કેશવ. ગુરુએ બતાવેલા કેશવને જોઈ હર્ષિત થયેલો રાજા ફરીથી ગુરુને પૂછે છે, હે ભગવન્! રાત્રિએ મને પૂર્વોકત વૃત્તાન્ત કોણે કહ્યું. ગુરુએ કહ્યું હે રાજન્! જે દેવતાએ કેશવની પરીક્ષા કરેલી, તેણે જ ખુશ થઈ તને કહ્યું છે, તે સાંભળી અત્યંત પ્રસન્ન થયેલો રાજા કેશવને રાજહસ્તિ પર આરૂઢ કરી બહુ ધામધૂમથી પોતાની સાથે રાજ-

મહેલમાં લાવ્યો, શુભમુહૂર્તે અને શુભ દિવસે રાજાએ કેશવનો રાજ્યાભિષેક કરી પોતાના સ્થાને સ્થાપ્યો, પછી પોતે મહોત્સવપૂર્વક ગુરુ પાસે આવી શુભ ભાવનાથી પ્રવજ્યા સ્વીકારી. કેશવ પણ ગુરુ તથા રાજર્ષિ (નવદીક્ષિત) ને વંદન કરી નગરમાં પાછો આવ્યો. ત્યાં જિનેશ્વરોના બિંબની પૂજા કરી, દીનદુઃખીઓને દાન આપી, પછી પોતે પારણું કર્યું, અને સુખપૂર્વક રાજ્ય પાળવા લાગ્યો. ધીરે ધીરે તેણે પોતાના બાહુબલથી ઘણા દેશો જીત્યા. તેના બળ અને ચતુરાઈની પ્રશંસા ચારે બાજુ થવા લાગી. તે પ્રજાને પુત્રની પેઠે પાળતો, પોતાના કુટુંબને સંભાળતો રાજ્ય કરવા લાગ્યો.

એક દિવસ કેશવ રાજા ગવાક્ષમાં બેઠો હતો તેવામાં તેણે પોતાના પિતાને કફોડી હાલતમાં જોયા. અત્યંત મલિન વસ્ત્રોથી આવૃત, થાકેલા દરિદ્રની જેમ આમતેમ ભટકતાં, અને ચિંતાથી વ્યગ્રચિત્તવાળા પિતાને જોઈ કેશવ મહેલ મૂકી શીઘ્ર પિતા પાસે આવી પગે પડ્યો. આ જોઈ નગર નિવાસી બહુ આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા; અદ્‌ભૂત આશ્ચર્ય ! આવી ઉત્તમ પ્રકારની સંપત્તિથી વિભૂષિત રાજાનો પિતા આવો દરિદ્ર કેમ સંભવે ? એટલામાં રાજાએ પૂછ્યું, " હે તાત ! આપની આવી અવસ્થા શાથી થઈ ! અઢળક સંપત્તિના સ્વામી તમે આજ દરિદ્ર શી રીતે થયા ? યશોધરને ઘણા દિવસો પછી પુત્રનો સંયોગ થયો. એમાં પણ કંગાલ અવસ્થામાં નહીં પણ એક રાજાધિરાજના હોદ્દા પર તેને જોઈ યશોધરની આંખમાંથી હર્ષાશ્રુની ધારા પડવા લાગી.

શેઠ બોલ્યા, " હે પુત્ર ! તારા ગયા પછી રાત્રે મેં હંસને ભોજન કરવા બેસાડ્યો, તેણે થોડું બાધું હશે ત્યાં

તે પૃથ્વી પર ઢળી પડયો. તે જોઇ અમે ગભરાઈ ગયાં, અને દીપક લઈ જેવું ઉપર જોયું ત્યાં એક ભયંકર ભુજંગ જીભના લપકારા કરતો બેઠો હતો. તેના મુખમાંથી જ ભોજનમાં વિષ પડેલું, તેથી હંસ બેભાન થઇ ગયેલો. અમે બધાએ દુઃખી થઇ વિચાર્યું કેશવ ખરેખર ધન્ય છે. જે વ્રત વિષયમાં નિશ્ચળ રહ્યો.

અહીં અમારા ઘૂમઘરાડા સાંભળી આજુબાજુના માણસો એકત્રિત થઇ ગયાં અને હંસનો ઉપચાર કરવા લાગ્યા, પરંતુ તેથી તેને કાંઇ ફાયદો ન થયો. ત્યારપછી એક વિષવૈદ્યને બોલાવ્યો, તેણે પણ કહ્યું કે આ વિષના સંપર્કથી આના અંગેઅંગ ગળી જશે અને આ એક મહિનાથી વધારે જીવી પણ નહિ શકે. વૈદ્યનાં વચન સાંભળીને હું તને શોધવા નીકળી પડયો છું. મેં તને અનેક જગ્યાએ શોધ્યો. પણ તારો કયાંય પત્તો લાગ્યો નહીં. પણ આજે પુણ્યબળથી તું મને મળી ગયો. હે પુત્ર ! મને ઘેરથી નીકળ્યા આજ એક મહિનો થયો છે. માટે તારો મોટોભાઈ આજે મરી ગયો હશે અથવા મરવાની અણી પર હશે.

કેશવ નરેશ વિચારે છેઃ—મારો ભાઈ અહીંથી સો યોજન દૂર છે. તેથી આજે જ જવામાં સમર્થ શી રીતે થઇશ ? એમ વિચારે છે ત્યાં તો પિતા સાથે પોતાને પોતાના ભાઈ પાસે ઊભેલો જોયો. તે સમયે હંસના શરીરમાંથી અત્યંત દુર્ગંધ નીકળતી હતી, તેનાં બધાં અંગ ગળી રહ્યાં હતાં.

આ પ્રમાણે અત્યંત દુઃખી અવરુદ્ધ વચનવાળાં ભાઇને જોઇને ચિન્તાવ્યગ્ર કેશવ હૃદયમાં દુઃખ ધારણ કરતો.

વ્યાધિ નિવારવાના ઉપાયો શોધવા લાગ્યો, તેવામાં તેની પાસે વહ્નિસુરે આવી કહ્યું: "હે રાજન્! તું ચિંતા શા માટે કરે છે? અવધિજ્ઞાનથી તારો અભિપ્રાય જાણી, તને તારા પિતા સાથે હું અહીં લાવ્યો છું. પૂર્વે મેં જે વરદાન આપેલું તે શું તું ભૂલી ગયો? એમ કહી દેવ સ્વર્ગમાં જતો રહ્યો.

અહીં ખુશી થયેલા કેશવે પોતાના પગના અંગુષ્ઠ જલથી હંસના અંગનું સીંચન કર્યું, તે જ વખતે હંસ વ્યાધિ-મુક્ત થયો. તેના અંગોપાંગ સુંદર અને સ્વસ્થ થઈ જવાથી તે અત્યન્ત રૂપવાન થઈ ગયો, તે જોઈ સ્વજનવર્ગ મહોત્સવ કરવા લાગ્યા.

આ પ્રમાણે કેશવનો મહિમા જાણી નગરના બધા રોગી આવી ઔષધિની પ્રાર્થના કરવા લાગ્યા. કેશવરાજાએ પગના અંગુષ્ઠજળથી બધાને સાજાં કર્યાં. આમ કેશવરાજાનો મહિમા દેશ વિદેશમાં ગવાયો, પછી રાજા પરિવાર સાથે પોતાના રાજ્યમાં આવ્યો, ત્યાંના નિવાસીઓએ પણ અંગુષ્ઠ પ્રક્ષાલન જળને સુવર્ણકળશમાં રાખી નિધાનની માફક પોતપોતાના ઘરમાં રાખ્યું.

તે રાજાએ પોતાના દેશમાં પડહ વગડાવી, રાત્રિભોજ-નનો પ્રતિષેધ કર્યો. લોકો પણ રાજાના પ્રભાવને જોઇ રાત્રિ-ભોજન નિયમને પાળવા લાગ્યા, આમ કેશવરાજા ઘણા કાળથી રાજ્ય કરતો સુખે પ્રજાપાલન કરતો આલોક–પરલોકમાં પણ સુખી થયો.

॥ ઇતિ હંસ કેશવ કથા સમાપ્ત ॥

માટે હે ભવ્યલોકો ! હંસની વિપત્તિ અને કેશવની સંપત્તિ જાણી રાત્રિભોજનવ્રતને અંગીકાર કરો. તે સાંભળી આણંદ ગાથાપતિએ રાત્રિભોજન વિરમણવ્રત ગ્રહણ કર્યું. (યદ્યપિ આ રાત્રિભોજન વ્રત ભોગોપભોગમાં સમાઇ જાય છે, છતાં લોકોમાં બહુ પ્રસિદ્ધ હોવાથી જુદું કહ્યું છે.)

હવે આણંદના સામે પ્રભુ ત્રણ ગુણવ્રતોને કહે છે. પહેલું દિગ્વિરમણ નામનું વ્રત શ્રાવકે પાળવું જોઇએ; અન્યથા ત્રસ અને સ્થાવર જીવોનું વિમર્દન થાય છે જે શ્રાવકો આ વ્રતને ગ્રહણ કરતા નથી તેઓ તપ્ત લોહપિંડની માફક જીવોના ઘાતક થાય છે. જે પુણ્યવાન પ્રાણી આ દિગ્વિરતિ વ્રતને સ્વીકારે છે તે ત્રણભુવન સુધી ફેલાયેલા પોતાના લોભ-સમુદ્રનું નિવારણ કરે છે, કારણ કે લોભ રૂપી સમુદ્ર વિવિધ કલ્પના કરવાથી પ્રસરે છે, તે આખા જગતને દબાવે–કારણ કે, જે લોભને વશ થાય છે તેને ત્રણ લોકની સંપત્તિ અને ઈન્દ્ર, ચક્રવર્તી, વિદ્યાધર તેમજ પાતાળપતિ નાગેન્દ્રનું સ્થાન મેળવવાના મનોરથ થાય છે, એવા લોભરૂપી સમુદ્રની સ્ખલના તેજ કરી શકે કે જેણે આ દિગ્વિરતિ વ્રત ગ્રહણ કર્યું હોય. આ વ્રતને પાળનારા પ્રાણી ઉભય લોકમા સુખસંપત્તિ પામે છે, અને જે આ વ્રતનું પાલન નથી કરતા તેઓ **ચારુદત્ત**ની માફક દુઃખી થાય છે. તે સાંભળી આણંદ શ્રાવકે પૂછયું હે ભગવન્! તે ચારુદત્ત કોણ હતો ? તે શી રીતે દુઃખી થયો ?? તે મુજ પર કૃપા કરી કહો. પ્રભુ કહે છે કે—હે આણંદ સાંભળઃ—

ચારુદત્તની કથા

આ ભરતક્ષેત્રમાં **ચંપા** નામની નગરી છે, ત્યાં **ભાનુ** નામનો વણિક વાસ કરતો હતો. તેને રૂપ, ગુણ, શીલસંપન્ન **સુભદ્રા** નામની પત્ની હતી. તે વણિક, ધર્મકાર્ય સાથે મનુષ્યોચિત ભોગ ભોગવતો હતો.

ક્રમે કરીને એ શ્રેષ્ઠીને શુભ મુહૂર્ત યુક્ત શુભવાસરે એક પુત્રનો જન્મ થયો, તેનો જન્મોત્સવ કર્યા બાદ અગિયારમે દિવસે સ્વજન–સંબંધીઓને ભોજન કરાવી તેનું નામ **ચારુદત્ત** રાખ્યું, ક્રમશઃ તે માતાપિતાના કોમળ કરમાં ઉછરતો વૃદ્ધિ પામ્યો; બધી કળામાં નિપુણ થઈ ધર્મશાસ્ત્રનો વિશેષ જાણકાર થયો; અનુક્રમે તે યુવાવસ્થાને પામ્યો. ભવે ભાનુશ્રેષ્ઠીએ સૌન્દર્યની પ્રતિમા જેવી સર્વ કળાને જાણકાર મૃગનયની **મૃગાવતી** (ભાનુશ્રેષ્ઠીના મામાની પુત્રી) જોડે ચારુદત્તના લગ્ન કરાવ્યાં, પણ શાસ્ત્રરસમાં મગ્ન રહેનાર ચારુદત્તને તેનો સંગમ પિશાચિણી જેવો લાગતો. રાત્રે મૃગાવતી શયનગૃહમાં દીપ પ્રદીપ્ત કરતી ત્યારે ચારુદત્ત ત્યાં પુસ્તકો જ વાંચતો. આ વાતની ખબર તેના માતા–પિતાને પડી. દંપતીનો આ વ્યવહાર જાણી તેઓને અત્યંત દુઃખ થયું, માતા–પિતા પરસ્પર

બોલે છે કે જે પુરુષો ગૃહસ્થોચિત વ્યવહાર વગર મૂઢની માફક કેવળ શાસ્ત્રાભ્યાસ જ કર્યા કરે છે તેઓ નિશ્ચય શિંગડા વગરના પશુ સમાન છે, આ પુત્ર વિવાહિત હોવા છતાં સંસારના સ્વરૂપને કાંઈ જાણતો જ નથી, સંસાર સ્વરૂપની સમજ વગર સંતાન શી રીતે થશે ? આમનો સંસાર શી રીતે ચાલશે ? તેથી કોઇ એવો વિચાર કરવો જોઇએ કે જેથી તેઓ આ સંસાર સ્વરૂપ જાણવામાં ચતુર થાય.

શ્રેષ્ઠી બોલ્યો : " જો આને વેશ્યાનો સંગ થાય તો નિશ્ચય આ શાસ્ત્રના રસને મૂકી, વિષયવાસનામાં નિપુણ થશે." આમ વિચારી ચારુદત્તને **વસંતસેના** નામની વેશ્યાને ત્યાં મૂક્યો, જેનું દૈવ પ્રતિકૂળ થાય તે શું શું અકાર્ય ન કરે ? દૈવ પણ કાંઈ કોઇને થપ્પડ મારતો નથી, પણ દુર્બુદ્ધિ જ આપે છે. તેથી તે દરિદ્રતાને પામે છે, કહ્યું છે કેઃ-

विही रुट्ठो जह माणसां नाउं घालइ कूए।
कां वेश्याघरे पाठवे कां रमावे जूए ॥१॥

અર્થ :—મનુષ્ય પર જ્યારે વિધાતા રિસાય છે. ત્યારે તે મનુષ્યને કૂવામાં પાડે કે વેશ્યાને ઘરે મોકલે; અથવા તો જુગાર રમાડે.

પછી વસંતસેનાએ ચારુદત્તને સંભોગની બધી કળાઓમાં નિપુણ બનાવ્યો, તેથી તે પણ કૃતઘ્નની જેમ વેશ્યામાં એવો આસક્ત થયો કે ક્ષણવાર પણ તેનાથી છૂટો ન પડતો, કારણ કે જે કામદેવનો પ્રિય મિત્ર છે, જે શૃંગારવૃક્ષને મેઘ રૂપ છે, જે ફેલાતા ક્રીડારસનો પ્રવાહ છે, જે ચતુરાઈરૂપી

મુક્તાફળનો સમુદ્ર છે, જે સ્ત્રીના ચક્ષુરૂપી ચકોર પક્ષીને પૂર્ણિમાના ચંદ્રરૂપ છે. અને જે સૌભાગ્યની લક્ષ્મીનો ભંડાર છે એવું નવયૌવન પ્રાપ્ત થતાં માનવી મદનના મદમાં મસ્ત રહે છે, પરંતુ જેને વિકાર થતો નથી તે પુરુષને જ ધન્ય છે.

અહીં વેશ્યાના ઘરમાં રહેલો ચારુદત્ત તેના પિતા પાસેથી જેમ જેમ દ્રવ્ય મંગાવે છે તેમ તેમ તેના પિતા મોકલી આપે છે. આમ મોહને વશ થયેલા શ્રેષ્ઠીને પુત્ર માટે દ્રવ્યનો વ્યય કરતાં બાર વર્ષ વ્યતીત થઇ ગયાં. તે બાર વર્ષ દરમ્યાન સોળ કોડ પરિમિત દ્રવ્યનો વ્યય થયો. ક્રમે કરીને એ શ્રેષ્ઠી નિર્ધન થઇ ગયો, તેણે પોતાના નોકરને વેશ્યાને ઘરે ચારુદત્તને બોલાવા મોકલ્યો, પણ ચારુદત્ત વેશ્યામાં અત્યંત લીન હોવાથી તેણે પિતાની વાત પર ધ્યાન ન આપ્યું, કેમકે વેશ્યા તો તેને પ્રાણપ્રિય હતી, પ્રાણ વગર શરીર શી રીતે ચાલે ? આથી તેના માતાપિતાને ઘણું દુઃખ થયું, તેઓ બોલવા લાગ્યા, " અરેરે ! હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. " ધન અને પુત્ર બન્નેના વિયોગે દુર્દૈવના પંજામાં સપડાયેલા ચારુદત્તના માતા-પિતા તેનાથી હંમેશને માટે મોં ફેરવી જતાં રહ્યાં. (મૃત્યુ પામ્યાં).

હવે અહીં વેશ્યા વિચારે છે કે જરૂર આ ભાનુપુત્ર નિર્ધન થઇ ગયો હોય એમ લાગે છે. હવે આના ઘેરથી ધન આવે એવું લાગતું નથી માટે ચારુદત્તને કાઢી મૂકવો જ યોગ્ય છે. સુગંધરહિત પુષ્પને, જળરહિત તળાવને અને જીવરહિત શરીરને જેમ કોઈ સેવતું નથી. તેમ નિર્ધન પુરુષને કોણ સેવે ? આમ વિચારી વેશ્યાએ કહ્યું; " હે શ્રેષ્ઠીપુત્ર ! અમે તો પૈસાના પૂજારી છીએ માટે તમે જાઓ, પૈસો હોય ત્યારે આવજો અમારા ઘરમાં દરિદ્ર માટે કોઈ સ્થાન નથી. "

આથી ચારુદત્ત મનમાં બબડે છે. મનોહર વૃક્ષોથી વ્યાપ્ત ખાંડવ નામના વનને બળવાન અર્જુને બાળી નાખ્યું, પવનપુત્ર હનુમાને રાવણની સુવર્ણમય લંકાને ભસ્મીભૂત કરી નાખી, અને મહાદેવે કામદેવને બાળી નાખ્યો, પરંન્તુ લોકોને પરિતાપ ઉપજાવનાર આ દારિદ્રને કોઈએ ન બાળ્યું. ખરી રીતે આ જ બાળવા જેવું હતું, માટે આ મહાપુરુષોએ મોટી ભૂલ કરી છે; પુત્રરહિત પુરુષનું ઘર શૂન્ય હોય, ભાઈ વિગેરે બંધુઓથી રહિતની દિશાઓ શૂન્ય હોય, મૂર્ખ માણસનું હૃદય શૂન્ય હોય, પણ મારા જેવા દરિદ્રને તો સર્વ શૂન્ય ભાસે છે. આમ અનેક વિચારવમળમાં ગોથાં ખાતો ચારુદત્ત વેશ્યાનું ઘર મૂકી ચાલતો થયો.

નગરવાસીઓને પૂછતો પૂછતો તે પોતાના ઘરે આવ્યો, ત્યાં તે પોતાના ઘરની જીર્ણ અવસ્થા જોઈ વિસ્મય પામ્યો, તેણે કોઈ પુરુષને પૂછયું, "હે ભાઈ ! આ મકાન કોનું છે ?" ત્યારે તે બોલ્યો, આ મકાન ભાનુશ્રેષ્ઠીનું છે, તેમના પુત્ર ચારુદત્ત માટે તેઓએ પોતાનું બધું દ્રવ્ય ખલાસ કર્યું, તે ચારુદત્ત એક વેશ્યાને ત્યાં વસે છે, અંતસમયે ભાનુશ્રેષ્ઠીએ તેને બોલાવ્યો હતો પણ તે ત્યાંથી ન આવ્યો. તેના ન આવવાથી શેઠ-શેઠાણીને ઘણો આઘાત થયો. ચારુદત્ત બોલ્યો; "પણ તેઓ ગયા છે કયાં ?" તે પુરુષે કહ્યું, "જ્યાં વહેલું મોડું બધાને જવાનું છે ત્યાં, "શું મારા પિતા તેમજ માતુશ્રી મૃત્યુ પામ્યા ! ધિક્કાર છે મારા જેવા કુપુત્રને જેણે વેશ્યાના વ્યસનમાં પડી બધું ધન નાશ કર્યું અને પછી તેઓના પ્રાણ પણ લીધાં આમ તે દુઃખના દરિ-

યામાં ડુબેલો ઊભો હતો, તેટલામાં તેની પત્ની મૃગાવતી આવી. પોતાના પતિને આવેલો જોઈ તે ખુશી થઇ બોલી; " હે સ્વામિન્ ! આપ ખેદ ન કરતાં ધીરજને ધારણ કરો. પદાર્થના નષ્ટ થવાથી સત્પુરુષો શોક નથી કરતા, આમ અનેક પ્રકારે પતિને સાંત્વના આપી, ઘેર લાવી સ્નાન ભોજન કરાવ્યાં, ત્યારબાદ તે સ્વસ્થ થયો ત્યારે મૃગાવતી બોલી; હે સ્વામી ! મારાં આભૂષણો વેચી તમારે વ્યાપાર કરવો જોઇએ કારણ કે લક્ષ્મી વ્યાપારમાં જ વાસ કરે છે, હે સ્વામિન્ ! જેમ પક્ષીઓ વૃક્ષનો આશરો લે છે, જેમ નદીઓ સમુદ્રનો અને યુવતીસ્ત્રીઓ પતિનો આશરો લે છે તેમ સર્વ ગુણો કાંચન–ધનનો આશરો લે છે. ધન જ સર્વ પુરુષાર્થનું કારણ છે. " પત્નીના સ્નેહાળ વચનો સાંભળી ખુશ થયેલા ચારુદત્તે આભૂષણો લીધાં. પછી તેણે પોતાના મામાને સાથે લઈ દરિયાઈ સફર શરૂ કરી. અફાટ સાગરના વક્ષઃસ્થળને ચીરતું વહાણ અનુક્રમે સીરાવર્ત નામના નગરે આવી પહોંચ્યું. ત્યાં જઈ મામાભાણેજે થોડું દ્રવ્ય ખર્ચી કપાસના ગાડાં ભર્યાં અને તામ્રલિપ્તી નગરીના રસ્તે ચાલવા લાગ્યા. ક્રમશઃ તેઓ એક અટવીમાં આવી પહોંચ્યા. ત્યાં અકસ્માત આગ લાગવાથી બધું કપાસ બળી ગયું આકસ્મિક ભવિતવ્યતાના યોગે મામાએ વિચાર્યું કે નિશ્ચય આ ભાગ્યહીન છે. આની સાથે વ્યાપાર કરવાથી મારું ધન પણ ગયું. પર્વતો પર અને જ્યાં ન જઈ શકાય એવા વિષમ સ્થાનોમાં જંગલી જાનવરો સાથે ભટકવું ઉત્તમ છે, પરન્તુ સ્વર્ગમાં પણ ભાગ્યહીન પુરુષોનો સંગ સર્વ વિપત્તિનું કારણ બને છે એમ વિચારી ચારુદત્તનો મામો તેને મૂકી

પોતાના પંથે પડ્યો, ચારુદત્ત પણ ફરતો ફરતો પ્રિયંગુ-નગરમાં આવી પહોંચ્યો. બીજા દિવસે સાંજે જ્યારે તે નગર જોવા નીકળ્યો ત્યારે સુરેન્દ્રદત્ત નામના શ્રેષ્ઠીએ ચારુદત્તને ઓળખ્યો તેથી તેની પાસે જઈને બોલ્યોઃ “ અરે ! ચારુદત્ત, તું અહીં કયાંથી ? ” ચારુદત્તે પણ પિતાના મિત્ર જાણી તેમને પ્રણામ કર્યા, અને પોતાની સર્વ હકીકત જણાવી, તે જાણી સુરેન્દ્રદત્તને બહુ બેદ થયો, તેણે ચારુદત્તને ઘેર લાવી સુખ-પૂર્વક રાખ્યો. અહીં ચારુદત્તને રહેતાં કેટલોક કાળ વીત્યો, પછી એક દિવસ કેટલાંક લોકોને વહાણ સજી પરદેશ જવાની તૈયારીવાળા જોઈ તેણે સુરેન્દ્રદત્તને પૂછયું; “ હું પણ આ સાર્થ સાથે વહાણમાં બેસી દેશાંતરમાં જઉં ?” સુરેન્દ્રદત્તે કહ્યું; “ તું અહીંઆ રહીને વ્યાપાર કર, પરદેશમાં જવાની શી જરૂર છે ? ” તો પણ તે દ્રવ્યલોભ અને દુષ્કર્મની પ્રેરણાથી પ્રવહણ પર ચઢી ગયો. ક્રમે કરી સમુદ્ર પાર કરતું પ્રવહણ એક દ્વીપના કાંઠે ઊભું રહ્યું, ચારુદત્તે ત્યાં ઊતરી વ્યાપાર કર્યો તેથી તેને તેત્રીસ કરોડ સુવર્ણમહોરો જેટલું ધન ઉપાર્જન કર્યું. તે વિચારે છે કે તે દ્રવ્ય શું કામનું કે જેનો ઉપભોગ સ્વ-જનની મધ્યમાં ન થાય એમ વિચારી તે પોતાની મિલકત સાથે સ્વદેશ જવા વહાણ પર ચઢયો, પરંતુ દુષ્ટ પવનના યોગે ભરદરિયે વહાણ વૈરી થઈ ભાંગી ગયું, પણ આયુષ્ય બળથી તેને એક પાટિયું મળી ગયું, તેના સહારે કેટલાક દિવસો પછી તે રાજપુર નગરના કિનારે આવી પહોંચ્યો. સમુદ્રમાં તો પ્રાણની ફિકરમાં ધન યાદ ન આવ્યું પણ અત્યારે તે ભવિતવ્યતાની નિર્ભર્ત્સના કરવા લાગ્યો.

જંગલમાં થઈ જતો હતો તેવામાં તેને એક તેજસ્વી

સંન્યાસી આવતો દેખાયો, તે આમતેમ ફરતો ચારુદત્તની પાસે આવ્યો. તેજથી દેદિપ્યમાન એવા સંન્યાસીને જોઈ તેણે નિશ્ચય કર્યો કે આ કોઈ અસામાન્ય પુરુષ છે, આની પાસે કાંઈકિ વિદ્યા કે કળા હશે. એમ વિચારી ચારુદત્તે તેને પ્રણામ કર્યા, સંન્યાસી બોલ્યોઃ "હે વત્સ! આમ આવ. તું શા માટે દુઃખી જેવો દેખાય છે? જંગમ કલ્પવૃક્ષ જેવો હું હયાત છું ત્યારે તારા ઘરમાં દારિદ્રય કેમ નિવાસ કરે?' તે સાંભળી ચારુદત્ત અત્યન્ત હર્ષને ધારણ કરતો બોલ્યોઃ હે ભગવન! આપના દર્શનથી આજ સઘળું દારિદ્રય નષ્ટ થયું છે." આમ કહી ચારુદત્તે તે સંન્યાસીની તન–મનથી ભક્તિ કરી, પછી તે શયતાન રૂપી સંન્યાસી બોલ્યો. "હે ચારુદત્ત તું મારી પીઠ પર બેસી જા, એટલે હું તારું દારિદ્રય નષ્ટ કરું." તે સાંભળતાંજ ચારુદત્ત તેના પર સવાર થઈ ગયો. ચારુદત્તને લઈને સંન્યાસી એક અટવીમાં આવ્યો. ત્યાં એક મોટો પર્વત હતો કે જેનું શિખર આકાશથી ઢંકાવાને લીધે દેખાતું ન હતું, તે પર્વતમાં એક બિલ (ભોયરૂં) હતું. સંન્યાસીએ તેનું દ્વાર ઉઘાડ્યું. પછી બન્નેએ પ્રવેશ કર્યો, આગળ સંન્યાસી અને પાછળ ચારુદત્ત ચાલ્યા જાય છે ત્યાં એક કૂવો આવ્યો તે એટલો બધો ઊંડો હતો કે તેમાં શું હતું તે દેખાતું ન હતું, વળી તે અત્યંત દુર્ગંધથી ભરપૂર અને નરકાવાસ જેવો ભયંકર હતો. પછી સંન્યાસી બોલ્યો; "હે પુત્ર! તું આ કૂવામાં પ્રવેશ કરી, એના રસથી આ તુંબડી ભરીને મને આપ પછી હું તને આ કૂવામાંથી બહાર કાઢીશ. સંસારમાં ઉત્તમ દેવતાઓને પણ આ રસ મળવો અતિ દુર્લભ છે, આના એક બિન્દુથી પણ ઘણું તાંબુ સોનું થઈ જાય છે." તે સાંભળી ચારુદત્ત લોભ વશ થઈ તુંબડી સાથે માંચી પર બેઠો.

સંન્યાસીએ માંચીને દોરડા બાંધી તેને કૂવામાં ઉતાર્યો. તે જ્યાં રસ ભરવા ગયો ત્યાં કોઇ પુરુષ બોલ્યો; "હે પુરુષ! તું રસને અડતો નહીં." તે સાંભળી વિસ્મિત ચારુદત્ત કહ્યું હું ભાનુશ્રેષ્ઠીનો પુત્ર સંન્યાસીની આજ્ઞાથી રસ લેવા આવ્યો છું, તું મને શા માટે રોકે છે? અને તું છે કોણ?" ત્યારે કૂવામાં રહેલો માણસ બોલ્યો; "હે સજ્જન! હું પોતે વણિક છું, મધ્યસાગરમાં મારું પ્રવહણ ભાંગી જવાથી એક પાટિયાના સહારે હું સમુદ્ર કાંઠે આવ્યો, પછી મને આ સંન્યાસી લોભલાલચ આપી તારી જેમ મને પણ અહીં લાવ્યો હતો. જ્યારે હું રસની તુંબડી સાથે બહાર નીકળ્યો ત્યારે તે દુષ્ટે રસથી ભરેલી તુંબડી લઇ દોરડી કાપી નાખી તેથી હું અહીં પડ્યો છું, માટે હે મિત્ર! તને હું કહું છું કે આ દુષ્ટાત્મા સંન્યાસી મનુષ્યને લોભલાલચ આપી આ કૂવામાં ઉતારે છે. પછી રસ લઈ મનુષ્યને આ કૂવામાં નાખી દે છે મારી પણ આવી દુર્દશા આ દુષ્ટે કરી છે. વળી હે ભાઇ! આ રસનો સ્પર્શ તું ન કર. તુંબડી મને આપ તો હું તે ભરી આપું. તે સાંભળી ચારુદત્તે તુંબડી તે પુરુષને આપી. તે પુરુષે ભરીને પાછી ચારુદત્તને આપી. પછી ચારુદત્તે જોસથી સાદ પાડ્યો. હે સંન્યા.....સી.....મેં રસ ભર્યો છે, હવે મને બહાર કાઢો.....ત્યારે સંન્યાસી બોલ્યો તું પહેલાં મને તુંબડી આપ. પછી હું તને બહાર કાઢીશ. ચારુદત્ત બોલ્યો, ના, તું મને તુંબડી સાથે બહાર કાઢ, ત્યારે અત્યંત ક્રોધિત થયેલ સંન્યાસીએ માંચી ખેંચીને તુંબડી સાથે ચારુદત્તને કૂવામાં ફેંકયો. પણ પુણ્યયોગે તે મેખલા પર પડેલો વિચારે છે કે પહેલાં તો મારું સઘળું દ્રવ્ય નાશ પામ્યું, બીજું મારા માતા-પિતાનું મરણ થયું ત્રીજું, પ્રવહણ ભાંગ્યું અને ચોથીવાર

તો પ્રાણ, પીંજર મૂકી ઊડવાની તૈયારીમાં છે. હાય ! હાય ! હવે શું કરું ? પણ પછી સદ્બુદ્ધિ સૂઝવાથી તે અંજલિ જોડી પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરવા લાગ્યો, અને ધૈર્ય ધારણ કરી પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિ-ભોજનનું પ્રત્યાખ્યાન કર્યું, ત્રણ પ્રકારના પ્રમાદને વર્જી ચારે પ્રકારના આહારને ત્યજી અને સાગારી અનશન સ્વીકાર્યું, પછી આત્માને સમાધિમાં સ્થાપી, ચતુર્વિધ શરણ લીધા કે મારે જિનેશ્વર, સિદ્ધ સાધુ, અને કેવળી પ્રરૂપિત ધર્મ જ શરણ થાઓ. માતપિતા, ભાર્યા ભગિની, પુત્ર કન્યાદિ અત્યંત સ્નેહવાળું કુટુંબ પણ મૃત્યુના મુખમાં પહોંચેલાની રક્ષા માટે કાંઈ કામ નથી આવતું. તે જ ધન્ય તથા કૃતપુણ્ય છે કે જે તૃણની માફક ચંચળ લક્ષ્મીને ત્યાગી સંસારથી છૂટી ગયા છે, અર્થાત્ જેણે અવ્યાબાધ આનંદ આપનાર ચારિત્ર્ય લીધું છે. મારા જેવા લૈભાંધ દ્રવ્યની ઇચ્છાથી નિશ્ચય આવી જ અવસ્થા પ્રાપ્ત કરે છે, ચારુદત્તને આવી સ્થિતિમાં જોઇ કૂવામાં પડેલો દયાળુ પુરુષ બોલ્યો, " હે સાધર્મિક બંધુ ! તું ખેદ ન કર. ઇન્દ્ર પણ પૂર્વકૃત કર્મને ટાળવા સમર્થ નથી. મનુષ્યો પૂર્વ-કૃત કર્મના પ્રસાદથી જ દુઃખ અને સુખ પામે છે. હે ભાઈ, હું તને એક ઉપાય બતાવું છું તે તું સાંભળ, દર ત્રીજા દિવસે અહીં રસ પીવા માટે એક ઘો આવે છે. આ સિવાય તારા માટે જીવવાનો એકે ઉપાય નથી. " પોતાના જીવનના ઉપાયને સાંભળી ચારુદત્ત ઘણો ખુશ થયો, હવે તેને ખાત્રી થઇ કે પોતે જીવતો બહાર નીકળી શકશે. અહીં પૂર્વપતિત પુરુષ પંચપરમેષ્ઠિને ધ્યાતો શરીરના ગળી જવાથી મરણને શરણ થયો. પછી ચારુદત્તે નરકાવાસ જેવા તે કૂવામાં બહુ

હિમ્મતથી ત્રણ વર્ષથી કઠિન એવા ત્રણ દિવસ પૂર્ણ કર્યા. તેવામાં સર્ રર્ર્ અવાજ કરતી એક ઘો આવી અને રસ પીવા લાગી. રસપાન કરી જ્યાં પાછી વળી કે ચારુદત્તે તેની પૂંછડી પકડી લીધી, ઘો કૂવામાંથી બહાર નીકળવા લાગી ત્યારે જેમ જીવ ગર્ભાવાસથી નીકળે તેમ ચારુદત્ત પણ અંગોપાંગથી છોલાતો દોજખ જેવા કૂવામાંથી બહાર નીકળ્યો અને ઘો ની પૂંછડી છોડી દીધી. એ પછી નવકાર મંત્રનું સ્મરણ કરી આગળ ચાલ્યો ત્યાં તો એક જંગલી પાડો તેને ખાવા ધસ્યો, તે જોઈ ભયભીત થયેલો ચારુદત્ત નાસીને પર્વત પર ચડી ગયો. તે પણ તેનો રસ્તો રોકી ત્યાં નીચે જ બેસી રહ્યો.

અહીં ચારુદત્ત વિચારવા લાગ્યો, અરેરે ! આ જીવતી જાગતી આફત કયાંથી આવી ? નરક જેવા કૂવામાં ત્રણ દિવસ માંડ માંડ કાઢયા, હવે કોણ જાણે કયાં સુધી આ બલા બેસી રહેશે, મેં એવાં તે શું પાપ કર્યા હશે કે ડગલે ને પગલે મોતના પડઘમ વાગે છે. એટલામાં તો એક ભયંકર અજગર કંદરામાંથી નીકળ્યો, તે જોઈ ચારુદત્તના હાંજા ગગડી ગયા, એનું મગજ ભમવા લાગ્યું, એને કાંઈ યુક્તિ ન સૂઝી, પણ પુણ્યયોગે અજગર સીધો નીચે ઊતરી પાડાને જ સ્વાહા કરી ગયો. પછી ચારુદત્ત પર્વતથી ઊતરી વનને પાર કરી એક નગરમાં આવ્યો. ત્યાં ભાનુશ્રેષ્ઠીનો મિત્ર રુદ્રદત્તશ્રેષ્ઠી વસતો હતો. તે ચારૂદત્તને જોઇ પોતાની ઓળખાણ કરાવી નિજ ઘરે લઈ ગયો. ચારુદત્ત પણ ત્યાં સુખપૂર્વક કેટલાક દિવસ રહ્યો.

એક દિવસ ચારુદત્ત અને રૂદ્રદત્ત ધનના લોભથી સુવર્ણ-ભૂમિ જવા ઊપડ્યા. ક્રમે કરી વેગવંતી નદી ઓળંગી તેઓ ઢંક-

દેશમાં પહોંચી ગયા. ત્યાંનો રસ્તો ઘણો વિષમ હોવાથી તે લોકોએ બે મોટા બકરા ખરીદ્યા. તે પર બન્ને સવાર થઈ પંથ કાપવા લાગ્યા. કેટલાક માઈલ ચાલ્યા પછી રુદ્રદત્તે ચારુદત્તને કહ્યું "હે ભાઈ! અહીંથી આપણે સુવર્ણભૂમિ પહોંચવા અસમર્થ છીએ માટે તું માને તો એક ઉપાય બતાવું." ચારુદત્તના કહેવાથી તે બોલ્યો "અહીં ભારંડ પક્ષી મોટી સંખ્યામાં વાસ કરે છે માટે આ બકરાંઓને મારી તેના બોળિયાંની મસક બનાવી આપણે અંદર બેસી જઈએ. પછી ભારંડ પક્ષી તાજું માંસ જોઈ આપણને ઉપાડી ઊડશે, અને સુવર્ણભૂમિ પહોંચાડશે. તેથી આપણને મનવાંછિત ફળની સિદ્ધિ થાશે:"

તે સાંભળી ચારુદત્ત બોલ્યો. "હે વડીલ! આ બકરાના પ્રતાપે આપણે વિકટ વન વટાવીને અહીં સુધી આવી પહોંચ્યા છીએ અને તમે તેને જ મારવા કહો છો. તે ઉચિત નથી. જેવી પીડા આપણને થાય છે. તેવી જ બીજાના શરીરે પણ થાય છે. માટે હે કાકા? તમે આની હત્યા ન કરો. જેમ પ્રમાદથી વિદ્યા પ્રાપ્ત થતી નથી, કુશીલ વડે ધન મળતું નથી, જેમ કપટ વડે મિત્રતા થતી નથી, તેમ હિંસા વડે મનોરથ ફળતા નથી. વળી હિંસા બીજા અવતારમાં પણ અત્યંત દુઃખદાયી થાય છે." તે સાંભળી રુદ્રદત્ત બોલ્યો, "જો સાંભળ, આ બકરા આપણા પિતા, બાંધવ કે સંબંધી નથી. માટે હું તો આને મારીશ. એમ કહી તે પોતાના બકરાને છરી વડે ફાડી તેનું ચામડું ઉતારવા લાગ્યો, આ જોઈ ચારુદત્ત વિચારવા લાગ્યો, ધનને વિષે જે અત્યંત અનુ-

રાગી છે. તે કલેશ રૂપી હાથીને ઉત્પન્ન થવાનો વિંધ્ય પર્વત છે. ક્રોધરૂપી ગીધ પક્ષીને ક્રીડા કરવા માટે સ્મશાન સમાન છે. દુઃખરૂપી સર્પને વસવાના રાફડા સમાન છે, દ્વેષરૂપી ચોરને ફરવાની રાત્રી સમાન છે. અહો ! આ પૃથ્વી પર લોભનું એક છત્રવાળું સામ્રાજ્ય કેવું છે ? તે જીવને હિતા-હિતનું ભાન ભૂલાવે છે,

પછી ચારુદત્ત પોતાના બકરા પાસે આવીને. દયાથી ધર્મમય વચનો સંભળાવવા લાગ્યો. "હે મહાભાગ ! તેં પૂર્વ જન્મમાં કોઈ જીવનો વધ કર્યો હશે કે જેના પાપથી તું આજે મરણને શરણ થઈશ. મન, વચન અને કાયાથી પ્રાણી જે શુભાશુભ કર્મ ઉપાર્જે છે તે બીજા ભવમાં અવશ્ય ભોગવે છે. માટે તું, પ્રાણાતિપાત મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ પ્રમાણનું પ્રત્યાખ્યાન કર. અરિહંત, સિદ્ધ, સાધુ કેવળી પ્રણિત ધર્મનું શરણ લે.–તને શરણ થાઓ. તું સર્વ જીવોની સાથે ક્ષમાપના કર સર્વજીવો પરથી ક્રોધ મૂકી બધા સાથે મૈત્રીભાવ રાખ. આ પ્રમાણે તેણે બકરાના કાનમાં પોતાનું મુખ રાખી ધર્મ સંભળાવ્યો અને મહામંત્ર નવકાર સંભળાવવા લાગ્યો. એટલામાં રુદ્રદત્તે આવી તે બકરાના પણ પ્રાણ લીધા. તેના ચામડાથી બીજી મશક બનાવી તેમાં ચારુ-દત્તને મૂકી, બીજીમાં પોતે બેઠો.

અહીં થોડીવારમાં બે ભારંડ પક્ષી માંસના લોભથી તે મશકોને ઉપાડી ઊંચે આકાશમાં ઊડવા લાગ્યાં, તે પક્ષીઓ આગળ જતાં બીજા ભારંડોને મળ્યાં તેથી વિશાળ વ્યોમ પ્રદેશમાં તેઓનું પરસ્પર દ્વન્દ્વ જામ્યું તેથી એક પક્ષીની

ચાંચમાંથી ચારુદત્તવાળી મશક છૂટી અને એક મોટા સરોવરની મધ્યમાં પડી* શીઘ્રતાથી મશક ફાડી, જેમ માતાના ગર્ભમાંથી બાળક નીકળે તેમ ચારુદત્ત સરોવર પાર કરી બહાર આવ્યો, સ્નાન કરી વનમાં ભટકતો વિચારવા લાગ્યો; અહો ! વિધિ વિચિત્ર છે. આપત્તિ પર આપત્તિ વગર આમંત્રણે આવતી જાય છે, અહીં કોઈ માણસ દેખાતું નથી, ચારેબાજુ મોટા પર્વતો છે. આ ઘનઘોર વનમાં મારું શું થશે તે કાંઈ સમજાતું નથી. મારી સ્થિતિ ભૂખ્યા ઉંદર જેવી થઇ છે. (કોઈ માણસે પેકબંધ કરંડિયામાં એક સર્પને પૂરી ઘરના એક ખૂણામાં રાખ્યો હતો. તે સર્પની ક્ષુધા તૃષાથી તમામ આશા નિરાશામાં પલટાઈ ગઇ હતી. ઈન્દ્રિયો શિથિલ થઇ ગઈ હતી. તેને લાગ્યું કે હું જીવતો બહાર નહિં નીકળી શકું, તેટલામાં એક ઉંદર ખોરાકની તપાસમાં ત્યાં આવી પહોંચ્યો. કરંડિયાને પેકબંધ જાણી તેણે નિશ્ચય કર્યો કે આમાં કાંઈ આવાનું હોવું જોઈએ. પછી કરંડિયામાં કાણું પાડી તેણે પ્રવેશ કર્યો. ત્યાં સર્પ પોતાના મુખથી ઉંદરને પકડી ગળી ગયો. અને ઉંદરે કરેલા છિદ્રથી પોતાના રસ્તે પડ્યો) આવ્યો હતો સુવર્ણ લેવા અને ગાઢ જંગલમાં ફસાઈ ગયો. આમ વિચાર કરતો ચારુદત્ત ચાલ્યો જાય છે ત્યાં એક પર્વતના શિખર પર બંને બાહુ ઊંચા કરી આતાપના લેતા ધૈર્યવંત મુનિરાજને જોઇ આશાના આકાશમાં મનના મિનારા ચણતો ચારુદત્ત મુનિ પાસે આવી પ્રદક્ષિણા પૂર્વક પ્રણામ કરી બેઠો. કાઉસગ્ગ પારી મુનિ બોલ્યા, " હે મહાનુભાવ તું કોણ છે ? આ વિષમ સ્થાનમાં કેવી રીતે આવ્યો, અને શા માટે આવ્યો ?

* બીજી મશક વિષે કાંઈ જણાવ્યું નથી.

આ કુંભકુંડ નામનો દ્વીપ ભયંકર સમુદ્ર વડે વિંટળાયેલો છે. તેમાં આ કુક્કોડ નામનો પર્વત છે. આ દ્વીપમાં દેવ, વિદ્યાધર જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિ સિવાય કોઇપણ આવવા સમર્થ નથી. આ દ્વીપને ફરી વળેલા મહાસાગરને પાર કરી તું શી રીતે અહીં આવ્યો ?" ત્યારે ચારુદત્તે પોતાની સઘળી કથા ગદ્‌ગદ્ કંઠે કહી સંભળાવી."

મુનિ મહારાજે કહ્યું, "હે ભદ્ર ! સંસારમાં જીવોને વિપત્તિઓ સુલભ અને સંપત્તિઓ દુર્લભ હોય છે, હે ભાગ્યશાળી કર્મને ઉલ્લંઘવા ઇન્દ્ર પણ શકિતમાન નથી. માટે તું તારા હૃદયમાંથી શોકરૂપી પિશાચને કાઢી નાખ." ઇત્યાદિ ધર્મોપદેશ મુનિમહારાજ આપતા હતા ત્યાં બે પુરુષ આકાશમાર્ગેથી ઉતરી વંદના કરી મુનિ પાસે બેઠા; ત્યારે ચારુદત્તે તે બંનેને પૂછયું, "હે ભાગ્યશાળી ! તમે કોણ છો ? અને કયાંથી આવો છો ?" તેઓ બોલ્યા અમે વિદ્યાધરો છીએ, આ મુનિ અમારા પિતાશ્રી છે. અને અમે તેમને વાંદવા જ વતાઢય પર્વત ઉપરથી આવીએ છીએ." આમ વાર્તાલાપ ચાલે છે ત્યાં આકાશમાં દેવદુંદુભિ વાગી.

તે સાંભળી બધાએ આકાશમાં જોયું, ત્યાં એક દિવ્ય વિમાન સર્વ દિશાઓને તેજોમય કરતું આવ્યું તેમાંથી દેવ-દેવીઓથી પરિવરેલો એક મહાન સમૃદ્ધિશાળી દેવ ઊતર્યો. તેણે પહેલાં ચારુદત્તને પ્રણામ કર્યા. અને પછી મુનિજીને વાંદ્યા, તે જોઈ વિસ્મય પામેલા બંને ખેચરો બોલ્યા, "હે દેવ ! ઇચ્છારહિત, અહંકારરહિત, મમતારહિત, સમાન ચિત્તવાળા પાંચ મહાવ્રત ધારણ કરનારા એવા અને દયાના નિધાન

જેવા આ મુનિરાજને મૂકી આ શ્રાવકને શા માટે પહેલાં પ્રણામ કર્યા ?" ત્યારે દેવ બોલ્યો, હે વિદ્યાધરો ! મને ધર્મ સંભળાવનારા આ મારા ધર્મગુરુ છે. આ ધર્મના પ્રસાદથી જ હું આ દિવ્ય સમૃદ્ધિ પામ્યો છું, જે જેને ધર્મ પમાડે તે તેને શું વંદનીય નથી ? બેચરો બોલ્યા " હે દેવેશ્વર, આ શ્રાવક તમારા ગુરુ શી રીતે થયા તે સવિસ્તાર વર્ણવો." ત્યારે દેવ બોલ્યો; હે વિદ્યાધરો સાંભળોઃ—

પૂર્વે **પિપ્પલાદ** નામનો બ્રહ્મર્ષિ પાપમય શાસ્ત્રો પ્રરૂપીને અનેક પ્રકારના હિંસામય યજ્ઞો કરાવી નરકે ગયો હતો તેની ઉત્પત્તિ આ પ્રમાણેઃ—

પૂર્વે **સુલસા** અને **સુભદ્રા** નામની બે તાપસીઓ વિશ્વમાં વિદુષી તરીકે વિખ્યાત હતી. તેમાં સુલસા સાધિક પંડિતા હતી, તે વખતે **યજ્ઞવલ્કય** નામના કોઈ તાપસે પડહ વગડાવ્યો કે જે કોઈ મને વાદમાં જીતશે તેનો હું શિષ્ય થઈને રહીશ. આ સાંભળી સુલસાએ તેની સાથે વાદ કરી તેને જીતી લીધો. અને પોતાનો શિષ્ય બનાવ્યો. સુલસા અને યજ્ઞ વલ્કયનો વધારે પરિચય થવાથી પરસ્પર તેઓ સ્નેહના બંધને બંધાયા તેથી સુલસા સગર્ભા થઈ. સુભદ્રાને આ વાતની ખબર પડવાથી તેણે ત્યાં આવી બન્નેને ઠપકો આપ્યો અને તે વાત સગર રાજાને જણાવી. રાજાના ભયથી સુલસા પુત્રને ગુપ્તપણે જણી એક પીપળાના વૃક્ષ નીચે મૂકી યજ્ઞવલ્કયની સાથે નાસી ગઈ. પ્રાતઃકાળમાં સુભદ્રાએ તે બાળકને જોયું. તે સ્વમેવ મુખમાં પડેલા પીપળાના ફળનું આસ્વાદન ક્ષુધાતુર થઈ કરતું હતું. તે જોઈ સુભદ્રાએ તેનું નામ પિપ્પલાદ પાડ્યું અને

પોતાના ઘરે લાવી સારી રીતે ભણાવી વિદ્વાન્ બનાવ્યો. સુભદ્રા પાસેથી પોતાના જન્મની વાત સાંભળી તે અનાર્ય પિપ્પલાદે અનાર્ય વેદ રચ્યાં તેમાં એવી પ્રરૂપણા કરી કે અરિષ્ટની શાંતિ માટે તેમજ સ્વર્ગની પ્રાપ્તિ માટે અશ્વ, હાથી, પ્રમુખ પશુઓને તેમજ મનુષ્યોને યજ્ઞમાં હોમવાં. તે વાતમાં સગરના શત્રુ મહાકાલ અસુરે સાથ આપ્યો, તે પોતાની માયાજાળથી યજ્ઞમાં બળેલાં પશુ પ્રમુખને સાક્ષાત્ સ્વર્ગ વિમાનમાં રહેલા બતાવતો. અને જ્યાં જ્યાં આવા યજ્ઞો થતા ત્યાં ત્યાં તે અસુર રોગોપદ્રવની શાંતિ કરતો. આવો પ્રત્યક્ષ ચમત્કાર જોવાથી ઘણા રાજાઓ વગેરે, એ યજ્ઞને આદરવા લાગ્યાં. છેવટે તેઓએ મનુષ્યોની હિંસા પણ પ્રવર્તાવી. એક દિવસ પિપ્પલાદે પિતૃમેધયજ્ઞ કરી પોતાના માતપિતાને યજ્ઞકુંડમાં હોમી દીધાં. એવી રીતે લોકોમાં અનાર્ય વેદ પ્રવર્ત્યો આમ અનેક પાપો કરી પિપ્પલાદ નરકે ગયો. તે પિપ્પલાદ ઋષિ નારકીમાંથી નીકળી પાંચભવ સુધી બકરો થયો, અને પાંચે-ભવ તે યજ્ઞમાં હોમાયો. છઠ્ઠા ભવમાં પણ તે બકરો જ થયો. કિન્તુ તે ભવમાં આ ચારુદત્તે અનશન કરાવી નવકાર મંત્ર સંભળાવ્યો તેના માહાત્મ્યથી જ હું બકરામાંથી મહાન સમૃ-દ્ધિશાળી દેવ થયો છું. મહામંત્રનો મહિમા કહેવા અને મારા પર કરેલા ઉપકારના બદલામાં દુનિયાની કોઈ પણ વસ્તુ આપવાથી આ ઋણ ન ચૂકવી શકાય એમ સમજી મેં તેમને સૌ પહેલાં તેમને જ વંદન કર્યું છે.

પછી તે દેવતા ચારુદત્તને કહેવા લાગ્યો. "હે મહા-પુરુષ! હું તમારું શું ભલું કરી શકું? છતાં આપ મારાં

સરખું કાંઈક બતાવો.” ત્યારે વિદ્યાધરો બોલ્યાં. “ હે દેવેશ્વર ! આ શ્રેષ્ઠ પુરુષને તેના સ્થાને પહોંચાડી અમે તેની યથેચ્છ સેવા કરીશું. માટે આપ આની ચિંતા ત્યજી દો.” તે સાંભળી દેવ ચારુદત્તને સ્તુતિપૂર્વક નમસ્કાર કરી સ્વસ્થાને ગયો.

ત્યારબાદ મુનિરાજે કહ્યું “ હે ચારુદત્ત ! દિશાવિરમણ વ્રતને સ્વીકારનારા ગૃહસ્થને, ત્રસ, સ્થાવર જીવોને અભયદાન તથા લોભસમુદ્રની નિયંત્રણા ઇત્યાદિ મહાન લાભ થાય છે. સર્વજ્ઞ ભગવંતે શ્રાવકને તપેલા લોખંડના ગોળા જેવો કહ્યો છે. જીવ પોતાના દેહથી સર્વસ્થાને ગમનાગમન કરતો, નથી, પણ તે અવિરતિ હોવાથી અવિરતિપણાથી બંધાતું પાપ તેને નિરંતર લાગ્યા જ કરે છે.” તે સાંભળી ચારુદત્ત બોલ્યો. “ હે ભગવન્ ! દિશાવિરમણવ્રત નહિ લેવાથી જ ગહન દુઃખોના દરિયામાં ડૂબ્યો. માટે હે ભગવન્ ! હું મારા નગરમાં જઈને તે વ્રત ધારણ કરીશ.” હવે બન્ને વિદ્યાધરો મુનિરાજને વંદના કરી ચારુદત્ત સાથે વૈતાઢ્ય પર્વત પર આવ્યા.

એક વિદ્યાધરે પોતાની પુત્રી ચારુદત્ત સાથે પરણાવી, ચારુદત્ત પણ મનુષ્યોચિત સુખ ભોગવતો કાળ નિર્ગમન કરવા લાગ્યો, એક દિવસ તેને પોતાનું વતન યાદ આવ્યું તેથી તેણે વિદ્યાધરોને વિદાય માટે અરજ કરી. વિદ્યાધરે કહ્યું; “ ચારુદત્ત ! આ મારી બીજી કન્યા માટે મેં એક જ્યોતિષીને પૂછયું હતું કે આનો સ્વામી કોણ થશે ? તે બોલ્યો કે દ્વારિકા નરેશ હરિવંશી રાજા કૃષ્ણ, તમારી પુત્રીનો પતિ થશે. માટે તું દ્વારિકા જઈ મારી પુત્રીને કૃષ્ણ સાથે પરણાવ. ચારુદત્તે કબૂલ કર્યું, તે પત્નીયુક્ત સાળી સાથે બેચરે આપેલા વિમાનમાં બેસી દ્વારિકા આવ્યો, અને બેચર કન્યા કૃષ્ણને પરણાવી.

કૃષ્ણે ચારુદત્ત પર પ્રમુદિત થઈ પુષ્કળ ધન સાથે એક સુંદર આવાસ આપ્યો. ત્યાં તે મૃગાવતી અને વિદ્યાધરી સાથે સંસાર સંબંધી સુખો સેવતો રહેવા લાગ્યો, દિગ્વિરમણવ્રતને સમ્યક્ પ્રકારે પાળતો પોતાનું આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ગયો. જ્યારે ચારુદત્તે દિગ્વિરમણવ્રત નહોતું લીધું ત્યારે તે અત્યંત દુઃખી થયો. અને તે વ્રત ધારણ કર્યું ત્યારે તે સુખી થયો.

॥ ઈતિ ચારુદત્ત કથા સમાપ્ત ॥

માટે હે ભવ્ય જીવો! તમે દિગ્વિરમણ વ્રતને આદરો. જિનેશ્વરના મુખથી ચારુદત્તની કથા સાંભળી આણંદે ઊર્ધ્વ અધો અને તિર્છા એ ત્રણે દિશાગમનનું પરિમાણ કર્યું તે આ પ્રમાણે

अहन्नं भंते समणोवासओ दिसिपरिमाणवयं पच्चक्खाइ तं जहा, उड्ढदिसिपरिमाणे, अहोदिसिपरिमाणे, तिरिअदिसिपरिमाणे करेइ ।

શ્રાવકો દિશાપરિમાણનું પચ્ચક્ખાણ કરે છે તે ત્રણ પ્રકારે છે. ૧ ઊર્ધ્વ દિશાપરિમાણ ૨. અધો દિશાપરિમાણ ૩. તિર્છા દિશાપરિમાણ.

વળી આ વ્રતના પાંચ અતિચાર છે. તે શ્રાવકે જાણવા, પણ આદરવા નહીં. તે આ પ્રમાણે છે ૧, ઊર્ધ્વ દિશાના પરિમાણને અતિક્રમવું. ૨, અધોદિશાના પરિમાણને અતિક્રમવું અને ૩, ત્રાંસી દિશાનાપરિમાણથી અતિક્રમણ કરવું. ૪, એક તરફ પરિમાણ વધારવું અને બીજી તરફ ઘટાડવું ૫, વિસ્મરણ થવાથી ધારેલાં પરિમાણનો ત્યાગ કરવો.

હવે શ્રી વર્ધમાનસ્વામી ભોગોપભોગ વિષે બોધ આપે છે કે હે ભવ્યજીવો ! જે વસ્તુ એકવાર ભોગવ્યા પછી બીજીવાર નથી ભોગવાતી તેને ભોગ અને જે વસ્તુ એકવાર ભોગવ્યા છતાં વારંવાર ભોગવાય તેને ઉપભોગ કહેવાય છે. જે સુશ્રાવક ભોગોપભોગનું પરિમાણ કરે છે, તે ઉભય લોકમાં સર્વ પ્રકારના ભોગોપભોગનું સ્થાન બને છે. વળી જે પુરુષ આ સાતમું વ્રત ધારણ કરે છે તે **ધર્મકુમાર**ની માફક જેનો ધર્મ સિવાય કોઈ વૈદ્ય નથી એવા ભયંકર રોગથી મુક્ત થાય છે.

તે સાંભળી આણંદ બોલ્યો હે પ્રભો ! તે ધર્મકુમાર કોણ હતો કે જેણે સાતમું વ્રત ધારણ કરી કર્મના મર્મને છેદી નાખ્યું.

પ્રભુ બોલ્યા; હે આણંદ ! તું સાવધાન થઈ સાભળ.



ધર્મકુમારની કથા

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **કમલપુર** નામનું નગર છે ત્યાં **સહસ્રાક્ષ** નામનો રાજા પ્રજાને પુત્રની પેઠે પાળતો રાજ્ય કરતો હતો. એક દિવસે તે દરબારમાં બેઠો હતો ત્યાં એક જ્યોતિષીએ આવી રાજાને આશીર્વાદ આપ્યો. રાજાએ તેને સન્માન આપી ઉચિત આસને બેસાડ્યો. રાજાએ પૂછ્યું; "હે નિમિત્તજ્ઞ ! તું નિમિત્તથી શું જાણે છે ? તારા જ્ઞાનથી તું જે જાણતો હોય તે કહે."

જ્યોતિષી બોલ્યો, "હે રાજન્ ! હૃદયને મજબૂત કરી સાંભળો, મારાં નિમિત્ત જ્ઞાનથી જણાય છે કે આ વખતે બાર વર્ષનો દુકાળ પડશે. તે સાંભળીને રાજા વિચારવા લાગ્યો. જો બાર વર્ષનો કાળ પડશે તો નિશ્ચય મારી પ્રજા મરણને શરણ થશે. અરેરે ! હવે મારે શું કરવું ? દુકાળના ભયથી રાજા બહુ દુઃખી થવા લાગ્યો. હવે રાજાએ પરદેશમાં સુવર્ણ, મણિ, રત્ન ઇત્યાદિ વેચી નાખી પોતાના નગરમાં અઢળક અનાજ એકઠું કર્યું. અને પ્રજાને પણ ચેતવણી આપી કે દુષ્કાળથી બચવા સહુ અનાજ ભરવા માંડો. કેટલાક ધનિકોએ

અનાજનો સંગ્રહ કરવા માંડ્યો. કેટલાક માણસો પોતાના કુટુંબ સાથે પરદેશમાં જતાં રહ્યાં. વળી કેટલાક તો વહાણમાં બેસી દ્વીપાંતરે ચાલ્યા અને રાજા આદિ કેટલાંક લોકો ચિંતામય ચિત્તવાળા થઈ ત્યાં જ રહેવા લાગ્યા."

અહીં અષાઢ મહિનાના પહેલા દિવસે જ પૂર્વ દિશામાંથી ઠંડો ઠંડો પવન વાવા લાગ્યો, પશુ–પક્ષીઓ આનંદ કિલ્લોલ કરવા લાગ્યાં. એટલામાં પૂર્વદિશાથી એક કાળું ભમ્મર ગિરિરાજ સમુ વાદળ ઊઠ્યું અને જોતજોતામાં તેણે સૂર્યને પોતાના અંચળમાં સંતાડી તાપનો નાશ કર્યો.

આ બનાવ જોઈ રાજા વિચારવા લાગ્યોઃ નિશ્ચય આ વાદળ શુભ સૂચવે છે. રાજા આદિ નગરજનો મેઘના સંદેશ રૂપ વાદળને જોઈ આનંદ અનુભવતા તેની સામુ મીટ માંડીને ઊભા હતા. એવામાં તે વાદળ આખા નગરનું છત્ર બની ગયું, ગર્જના કરતાં વાદળાંઓ તે બાર વર્ષના દુષ્કાળ પર ત્વરાથી ચઢી આવ્યાં, વીજળી ઝબૂકવા લાગી, પક્ષીઓ મધુર ગીતો ગાતા વ્યોમવિહાર કરવા લાગ્યાં, વૃક્ષોની ડાળીઓ આનંદમાં આવી નાચવા લાગી, જોરશોર કરતો પવન કુદરતી દૃષ્યને ઝાંખો પાડવા લાગ્યો. એટલામાં તો દુષ્કાળને ખાંડવા રૂપ મુશળધાર વરસાદ ગાજવીજ સાથે વરસવા લાગ્યો, ક્ષણ માત્રમાં પૃથ્વી જળમય થઈ ગઈ.

રાજા સાથે લોકો પણ પ્રસન્ન થઈ પરસ્પર હાથને તાળી દઈ જ્યોતિષીનાં વચન પર હસવા લાગ્યા. જળવર્ષા એવી થઈ કે એક વૃષ્ટિથી જ સૃષ્ટિ સૌન્દર્યતાને પામી. ખેતરો ધાન્યથી ભરપૂર થઈ ગયાં, દૂરના ડુંગરો લીલાછમ થઈ ગયાં,

સરિતા કલરવ કરતી પૂરજોશમાં વહેવા લાગી, સરોવરો પણ જળથી છલોછલ ભરાઈ ગયાં. અને વનરાજી વિકસ્વર થઈ. પરદેશ ગયેલા નગરજનો પાછા પોતાના ઘેર આવી રહેવા લાગ્યાં, આખું નગર આનંદથી રંગાઈ ગયું.

એક દિવસ રાજા વાર્તા વિનોદ કરતો સભામાં બેઠો છે ત્યાં વનપાળે આવીને વધામણી આપી; " હે રાજન્, આપણા ઉદ્યાનમાં ચાતુર્માસ રહેલા **યુગન્ધર** નામના મુનિને ચાર મહિનાથી ચારે પ્રકારનો આહાર છોડી મૌનપણે શુભધ્યાનમાં રમતાં અપ્રતિપતિ એવું કેવળજ્ઞાન થયું છે." તે સાંભળી ખુશ થયેલા રાજાએ તેને વસ્ત્રાભૂષણો આપી વિદાય કર્યો. ત્યારપછી રાજા પરિવાર સહિત આડંબરપૂર્વક મુકુટ છત્ર અને તલવાર રહિત ઉઘાડા પગે કેવળી ભગવંતને વાંદવા ઊપડ્યો. ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રણામ કર્યાં. અને યથોચિત સ્થાને બેસી દેશના સાંભળવા લાગ્યો. છેવટે રાજાએ કેવળીને પૂછ્યું.

" હે ભગવન્! નિમિતજ્ઞનું વચન અસત્ય કેમ થયું?" તે મુનિ બોલ્યા; હે રાજન્! ગ્રહયોગથી બાર વર્ષનો દુકાળ થવાનો હતો, પરન્તુ જે કારણથી તે વિઘ્ન ગયું તે કારણને તે નિમિતજ્ઞ જાણતો ન હતો. તે સાંભળી વિસ્મય પામેલો રાજા બોલ્યો, " હે પ્રભો! તે કારણને જાણવા માટે મારું મન ઘણું ઉત્સુક છે, " કેવળી બોલ્યા, હે રાજન્! સાંભળ.

આ ભરતમાંજ **પુરિમતાલ** નામનું નગર છે. ત્યાં ધનાઢય અને એક શ્રેષ્ઠીપુત્ર વસતો હતો. કર્મના યોગે તે હંમેશા રોગગ્રસ્ત રહેતો, તે જે જે રસવાળાં પદાર્થો ખાતો

તેથી તેનો રોગ વૃદ્ધિ પામતો એક દિવસ તે વિચારે છે; અહો! જરૂર ભોગાંતરાય કર્મનો ઉદય થયો છે, સરસ પદાર્થો મને વધારે પીડે છે. વળી રોગ અને ઉપભોગને આડવેર છે. તેથી મારી સ્ત્રી પણ મારાથી દૂર નાસે છે. અહો! આ સ્વાર્થી સંસારનો સ્નેહ સાચો નહિ પણ સ્વાર્થ સધાયા સુધીનો જ છે. એમ વિચારી તેણે ગુરુ પાસે આવી છએ વિગઇનો ત્યાગ કર્યો અને દેવાંગના માનુષી અને તિર્યંકયોનિની સ્ત્રીઓના ત્યાગરૂપ ચતુર્થવ્રત ઉચ્ચર્યું. ઘેર આવી સુખે વ્રતનું પાલન કરતો સંતોષથી રહેવા લાગ્યો. વ્રતના પ્રભાવથી તે થોડા દિવસમાં રોગ મુક્ત થયો. તેના ઘરમાં લક્ષ્મીની પણ વૃદ્ધિ થવા લાગી તેથી તે મહાસમૃદ્ધિ-શાળી થયો. તેની હવેલીમાં અત્યંત સુંદર રૂપ–આકારવાળી દેવાંગનાઓ જેવી ઘણી દાસીઓ હતી પણ વૈરાગ્યવાસિત હૃદયવાળો વણિક વિષયોને વિષથી પણ અધિક દુઃખદાયી સમજતો કારણ કે વિષ એક વખત જ મારે છે. જ્યારે વિષય અનેક વખત મૃત્યુ પમાડે છે. તે પોતાનું દ્રવ્ય સાતે-ક્ષેત્રમાં વાપરી તેનો સદુપયોગ કરતો સમય ગાળવા લાગ્યો.

એક વખત ત્યાં દુર્ભાગ્યે મહાદુઃખદાયી દુષ્કાળ પડ્યો. ગઇ કાલના તવંગર આજે નિર્ધન દેખાવા લાગ્યા. ચારે બાજુ આફ્તના પડછાયામાં ભૂખમરાના ભણકારા વાગવા લાગ્યા. તે વખતે શ્રેષ્ઠીપુત્ર ઉત્તમ પ્રકારના ભોજનોથી મુનિમહા-રાજોની ભક્તિ કરવા સાથે દુઃખીઓને દાન, ભુખ્યાંને અન્ન અને વસ્ત્રહીનોને વસ્ત્ર આપવા લાગ્યો. પોતાના વ્રતને સારી રીતે આદરતો દાનાદિ ગુણોથી પ્રખ્યાતિ અને પ્રશંસાને

પામતો તે પુણ્યાત્મા આયુષ્ય પૂર્ણ કરી પહેલા દેવલોકમાં દેવ થયો. ત્યાં રહીને પણ તે જિનપૂજા સ્નાત્ર વગેરે કરતો સમ્યક્ત્વને નિર્મળ કરવા લાગ્યો.

એક વખત તે વિચારવા લાગ્યો કે હું અહીંથી ચ્યવી જિનધર્મયુક્ત કોઈ શ્રાવકને ત્યાં જન્મું તો સારું. વળી મુનિ બોલ્યા, " હે રાજન્ ! તારા નગરમાં બાર વ્રતને ધારણ કરનાર, પરસ્ત્રીનો ત્યાગ કરનાર, બાવીશ અભક્ષ્યો તેમજ બત્રીસ અનંતકાયોનો ત્યાગ કરનાર અને જિનધર્મારાધન કરનાર **સુબુદ્ધિ** નામનો શ્રાવક વસે છે. તેને યથાર્થ નામવાળી રૂપ લાવણ્યોપેત અને શીલસંપન્ન **ધર્મવતી** નામની પત્ની છે. તે દેવ સ્વર્ગમાંથી ચ્યવી ધર્મવતીના ઉદરથી પુત્ર રૂપે ઉત્પન્ન થયો છે. તે પુણ્યાત્માના પ્રભાવથી બાર વર્ષનો દુષ્કાળ દૂર થયો છે. આ સાંભળી અત્યંત પ્રસન્ન થયેલો રાજા કેવળીને વાંદી સુબુદ્ધિ શ્રેષ્ઠીના ઘેર આવ્યો. અને બાળકને અંજલિ જોડી પગે પડ્યો; તથા બોલવા લાગ્યો " હે દુર્ભિક્ષનું દલન કરનાર ! હે દુઃખીઓના બેલી ! હે સંસારને તારનાર તને તારો સેવક નમસ્કાર કરે છે. તું મારા રાજ્યનો સ્વામી છે. અને હું તારો દાસ છું. નિશ્ચય તું શરીરધારી ધર્મ છે. માટે હું તારું નામ **ધર્મકુમાર** એવું રાખું છું. આમ બાળકની સ્તુતિ કરી રાજા પોતાના નિવાસસ્થાને આવ્યો.

ક્રમશઃ તે ધર્મકુમાર સર્વકળામાં નિપુણ થતો યુવાવસ્થાને પામ્યો, તેના પિતાએ અનેક કન્યાઓ જોડે તેનું પાણિગ્રહણ કરાવ્યું, દેવોની માફક ભોગોને ભોગવતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. આમ લાંબા કાળ સુધી ભોગો ભોગવી


દાન દઈ, સુગુરુ પાસે દીક્ષા લીધી. નિરતિચાર સંયમ પાળતા તે ધર્મરાજમુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. અનેક ભવ્ય જીવોને ઉપદેશી તેઓ મુક્તિ પામ્યા.

॥ ઇતિ ધર્મકુમાર કથા સમાપ્ત ॥

પ્રભુ કહે છે, હે ભવ્યો ! ધર્મકુમારના આવા ચરિત્રને સાંભળી તમો સાતમા વ્રતને વિષે આદર કરો. તે સાંભળી આણંદ શ્રાવકે પ્રભુ સમક્ષ ભોગોપભોગનું પરિમાણ કર્યું. આ પ્રમાણે શરીર લૂછવા માટે સુગંધી સુંવાળો રૂમાલ, જેઠી–મધનું દાતણ કરવું, ક્ષિરામલક સિવાય બધાં ફળ ત્યાગું છું, મર્દન માટે શતપાક અને સહસ્ત્રપાક એ બે તેલ વિના સર્વ તેલનો ત્યાગ કરૂં છું. શિલારસ અને અગરના ધૂપ સિવાય બીજાનો નિયમ, જાઈ અને કમલિની સિવાય બીજા ફૂલોનો ત્યાગ, કાનના આભરણ તથા નામાંકિત મુદ્રિકા વિના બીજા આભરણોનો નિયમ, ઉદ્વર્તન માટે સુગંધી દ્રવ્ય મિશ્રિત ઘઉંનો લોટ, સ્નાન માટે મોટી મોટાં ઉષ્ણ પાણીના આઠ ઘડા, પહેરવા માટે બે રેશમી કપડાં, વિલેપન માટે કર્પૂર મિશ્રિત ચંદન ભોજનમાં મગ–પ્રમુખની બીચડી, ચોખાની બીર તેમજ શ્વેત બાંડથી ભરેલા ઊંચા મેંદાના અને બૂબ જ ઘૃતથી તળેલાં એવાં પકવાન્ન બાવાં ચોખામાં કલમ તથા શાલિ, કઠોળમાં મગ અને અડદ, શરત્કાલ સંબંધી ગાયનું ઘી, શાકમાં બબ્બુક મંડિક અને સોવોચ્છિકનું શાક, જાયફળ, કંકોલ, કર્પૂર, એલચી, લવીંગ અને કસ્તુરી એ પાંચ દ્રવ્ય મિશ્રિત તંબોલ, અને મેઘનું જ પાણી બપે. આ પ્રમાણે હે પ્રભો ! હું ઉપરની વસ્તુ મૂકી ભોગોપ-

ભોગનો જીવન પર્યંત નિયમ કરું છું, એમ કહી આણંદે સાતમું વ્રત ધારણ કર્યું.

હવે પ્રભુ અનર્થદંડ નામના ત્રીજા ગુણવ્રત પર પ્રકાશે છે; હે ભવ્યો ! જે જીવો આઠમા અણુવ્રતને આદરે છે; તેઓ વિશ્વમાં **સુરસેન**ની જેમ સુખી અને જે નથી આદરતા તે **મહાસેન**ની જેમ અત્યંત દુઃખી થાય છે. પછી આણંદના પૂછવાથી પ્રભુ બોલ્યાઃ—



સૂરસેન અને મહાસેનની કથા

પૂર્વે ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં બહાદુરોમાં અગ્રેસર, ન્યાયવાદી અને પ્રજા પ્રેમી પોતાના ખરેખરા અભિધાનને ધારણ કરનારો **વીરસેન** રાજા રાજ્ય કરતો હતો. તેને કોમળ કાયાવાળી **કમલાવતી** નામની પટરાણી હતી. તેની કુખથી બ્રહ્માંડ રૂપી પુરુષના કર્ણ કુંડળ સમાન સૌંદર્યવાન સૌભાગ્યશાળી પરસ્પર ગાઢ સ્નેહવાળા જોઈ કૃષ્ણ–વસુદેવની જોડ જેવા **સુરસેન** અને **મહાસેન** નામના બે પુત્રરત્નો ઉત્પન્ન થયા. જેમ જેમ તેમના અંગો વિકસતાં ગયાં તેમ તેમ તેઓ બળ, બુદ્ધિ, વિદ્યા ચાતુર્ય અને કળામાં પણ નિપુણ થતા ગયા.

એક દિવસ કર્મયોગે મહાસેનની જીભમાં કોઈ વિચિત્ર રોગ ઉત્પન્ન થયો. તેની અત્યંત પીડાથી તે નારકીની જેમ પુકાર કરવા લાગ્યો; એનું આક્રંદ સાંભળી કઠોરહૃદયી માનવ પણ પીગળી જતો. તેને જોનારને તેના પર અત્યંત કરુણા ઉત્પન્ન થતી. રાજાએ તેના રોગના નિવારણ માટે અનેક વૈદ્યોને બોલાવ્યા પણ જેમ જેમ ઉપચાર થતો ગયો

તેમ તેમ તેની જીભ લોખંડ જેવી થવા લાગી. જ્યારે કોઈ પણ પ્રકારે વેદના શાંત ન થઈ ત્યારે વૈદ્યોએ રાજાને કહ્યું:

" હે રાજન્! અમારી સર્વ મહેનત સાથે ઔષધિઓ પણ નકામી ગઈ હવે અમારાથી આનો કાંઈ ઉપચાર થઈ શકે તેમ નથી. આ વ્યાધિનો ઈલાજ કાંઈ દેખાતો નથી. ધર્મૌષધિ જ લાગુ પડશે. માટે અમે જઈએ છીએ." એમ કહી વૈદ્યો રસ્તે પડ્યા.

હવે કુમારની જીભ પાકી ગઈ. તેમાંથી રુધિર પરૂ વગેરે નીકળવાથી બહુ દુર્ગંધ ઊડવા લાગી. તેના માત-પિતા અને બાંધવો તેને ચાંડાલની જેમ તરછોડી તેનાથી દૂર રહેવા લાગ્યા. તેની દુર્ગંધથી તેની પાસે કોઈ ન જઈ શકતું જીભ કૂલી જવાથી તેનું મુખ પણ બંધ નહોતું થતું. આખો દિવસ માખીઓ તેને હેરાન કરતી. તેને સાન્ત્વના આપવા તેની પાસે સૂરસેન સિવાય કોઇ નહોતું. દુર્ગંધનો સામનો કરતો સૂરસેન ભ્રાતૃસ્નેહથી ક્ષણવાર પણ છૂટો નહોતો પડતો. તેણે નિશ્ચય કર્યો હતો કે જ્યાં સુધી મારો ભાઈ ભોજન ન કરી શકે ત્યાંસુધી હું પણ આહાર નહીં લઉં. અને જો તે મૃત્યુ પામશે તો હું પણ અનશન કરીને મૃત્યુને ભેટીશ. એમ પ્રતિજ્ઞા કરી તે વસ્ત્રથી મહાસેનના મુખ પર વારંવાર બેસતી માખીઓને ઉડાડતો હતો. " ભાઈ હોય તો આવો હોજો! " મહાસેન ક્ષુધા અને તૃષાથી બહુ પિડાવા લાગ્યો, પણ તે કાંઈ ખાઈ પી શકતો નહીં. આથી સૂરસેન પ્રાસૂક જળને નવકાર મંત્રથી મંત્રિત કરી મહાસેનના મુખમાં ટીપાં રૂપે નાંખવા લાગ્યો. તેથી તેની વેદના શમવા લાગી. જેમ જેમ

સૂરસેન મંત્રિત જળથી તેની જીભ સીંચવા લાગ્યો તેમ તેમ તેને શાંતિ થવા લાગી. મહામંત્રના પ્રભાવથી તેનો વ્યાધિ દુર્ગંધ સાથે નાશ પામ્યો. રાજાદિ બાંધવ વર્ગ મહાસેનને રોગમુક્ત જોઈ અત્યંત ખુશ થયા અને ધર્મવિષયમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવા લાગ્યા.

એક દિવસ ત્યાં અવધિજ્ઞાનથી અલંકૃત **ભદ્રબાહુસૂરિ** સપરિવાર સમવસર્યા તે સાંભળી સૂરસેન અને મહાસેને ત્યાં આવી સૂરિજીને વિધિપૂર્વક વાંદ્યા અને યથોચિત આસને બેસી દેશના સાંભળવા લાગ્યા. દેશનાના અંતે સૂરસેને પૂછ્યું: "હે ભગવન્! મારા ભાઈની જીભમાં રોગ શાથી થયો?" સૂરિજી બોલ્યા; હે ભાગ્યશાળી! સાંભળ...

આ ભરતક્ષેત્રમાં અખંડ ધનધાન્યના ભંડાર જેવું **મણિપુર** નામનું નગર છે. ત્યાં **મદન** નામનો જિન ધર્માનુરાગી સુભટ વસતો હતો તેને નામ જેવા જ ગુણવાળા **ધીર** અને **વીર** નામના પોતાના બન્ને બાહુ જેવા જ બે પુત્રો હતા તે બન્ને જિનધર્મના મર્મને તેમજ જીવાજીવાદિ તત્ત્વોના જાણકાર હતા. તેઓ ધર્મકાર્યમાં હમેશાં તત્પર રહેતાં.

એક દિવસ તે બન્ને ભાઈઓ ઉદ્યાન તરફ જતાં હતાં ત્યાં રસ્તામાં એક મુનિને પૃથ્વી પર પડેલા જોયા. ઉદાસ ચહેરે આજુબાજુ ઉભેલા કેટલાક માણસોમાંથી એકને તેમણે પૂછ્યું; "હે ભાઈ! આ મુનિરાજને શું થયું છે? તેણે કહ્યું "મુનિ કાયોત્સર્ગમાં ઊભા હતા, તેટલામાં તેમને એક સર્પ કરડી દરમાં પેસી ગયો. તે સાંભળી નાનો ભાઈ વીર બોલ્યો; "હે રંકો! ભાગતા સર્પને તમે પકડીને કેમ મારી ન નાખ્યો?,' ધીર બોલ્યો, હે ભાઇ! જો સર્પ પોતાના

પુણ્યબળથી જીવતો જતો રહ્યો તો તું જીભથી શા માટે પાપ બાંધે છે ?" વીર બોલ્યો; "ભાઈ એ દુષ્ટ સર્પ મુનિને કરડ્યો તેથી તો તેને મારવામાં જ ધર્મ છે. કેમકે અપરાધીને મારવામાં કાંઇ દોષ નથી. દુષ્ટોને દંડ અને શિષ્ટોનું પોષણ એ જ ક્ષત્રિયોનો ધર્મ છે." ધીર બોલ્યો; "હે ભાઈ ! તારે આવું ન બોલવું જોઈએ." પછી ધીરે મણિમંત્રૌષધિઓથી મુનિને સચેતન કર્યા, અને મુનિને વંદન કરી ખુશી થતાં બંને ઘેર આવ્યા. લાંબા વખત સુધી જિનધર્મારાધન કરી પૂર્ણ આયુષ્યે ધીરનો જીવ તું સૂરસેન અને વીરનો જીવ મહાસેન થયો. પૂર્વે કઠોર વચનથી બંધાયેલા કર્મે મહાસેનની જીભ પર ભયંકર રોગ થયો. અસાધ્ય એવા તે રોગને મહામંત્ર નવકારના પ્રભાવે તેં દૂર કર્યો. મુનિનાં વચન સાંભળી તે બન્નેને જાતિસ્મરણ જ્ઞાન થયું; સંસારની અસારતા જાણી શુદ્ધ ભાવે બન્ને જણાએ ગુરુ પાસે પ્રવજ્યા લીધી. સત્તર પ્રકારે સંયમને પાળતા અને શુદ્ધ અન્ન પાણી ગ્રહણ કરતાં આ અવનીને પાવન કરવા લાગ્યા. શુકલધ્યાનરૂપી અગ્નિએ કરી અષ્ટકર્મોના ઓઘને બાળી બન્ને મહા પુરુષો આ આલમને મૂકી અજર અમર પદને પામ્યા.

॥ ઇતિ સુરસેન અને મહાસેન કથા સમાપ્ત ॥



પ્રભુ કહે છેઃ—હે ભવ્ય જીવો ! આ દૃષ્ટાંતને સાંભળી અનર્થદંડરૂપ કઠોર વચનો ન બોલવાં જોઇએ. તે અનર્થદંડ ચાર પ્રકારે છે : (૧) પ્રમાદથી કરેલો (૨) હિંસા પ્રદાન (૩) અપધ્યાન અને (૪) પાપકર્મોપદેશ, પ્રમાદથી હિંસા કરાય તે પ્રમાદાચરણ કહેવાય. પ્રાણીઓનો વધ થાય એવાં યંત્ર–શસ્ત્ર, સાંબેલું, ખાણીઓ, ઘાસ અને કાષ્ઠનું આપવું તે હિંસા-પ્રદાન કહેવાય. આર્તરૌદ્ર ધ્યાનથી જે ચિન્તવન કરાય તે અપધ્યાન કહેવાય અને બીજાને પાપકર્મનો ઉપદેશ આપવો તે પાપકર્મોપદેશ કહેવાય. આવા પ્રકારના અનર્થદંડોને શ્રાવકોએ હંમેશાં ત્યાગ કરવો જોઇએ, તે સાંભળી આણંદ શ્રાવકે પણ અનર્થદંડ નામના ત્રીજા ગુણવ્રતને ધારણ કર્યું.

હવે પ્રભુ અનુક્રમે ચાર શિક્ષાવ્રત કહે છે; હે ભવ્યો ! સાવધાન થઈ સાંભળોઃ—

સાવદ્ય યોગનો ત્યાગ કરી અંતમુર્હૂતયાવત્ શુભધ્યાન-પૂર્વક જે વર્તન થાય તેને સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત કહેવાય. સાધુઓનું લાંબા કાળથી પાળેલું ચારિત્ર સામાયિક વિના યોગ્ય ફળ આપનારું થતું નથી. અત્યંતક્રૂર, બહુ પાપ કરવામાં મગ્ન અને કુત્સિતકર્મ કરનારો પણ સામાયિકથી **કેસરી**ની માફક શુદ્ધિ કરી શુદ્ધ થાય છે. આણંદે પૂછ્યું; "હે સ્વામિન્ ! તે કેસરી કોણ હતો ? શી રીતે તેણે સામાયિક વ્રતનું પાલન કર્યું; તે કૃપા કરી જણાવો.

પ્રભુ કહે છેઃ—હે ભદ્ર ! સાવધાન થઈ સાંભળઃ—

કેસરી ચોરની કથા

આ ભરતક્ષેત્રમાં જ **કામપુર** નામનું નગર છે તેમાં હાથીની સૂંઢ જેવી દીર્ઘ અને ઘાટીલી ભુજાઓથી સર્વ શત્રુઓના ગૌરવને પોતાના ગૌરવમાં પલટાવનાર ન્યાયરૂપી સૂર્યથી અન્યાયરૂપી તિમિરને હણનાર અને ધાર્યા કાર્યમાં વિજય મેળવનાર **વિજયચંદ્ર** નામનો રાજા પ્રજાનું પુત્રની માફક પોષણ કરતો રાજ્ય કરતો હતો. તે નગરમાં જ **સંઘદત્ત** નામનો શ્રેષ્ઠી વાસ કરતો હતો. તેને એકનો એક **કેસરી** નામનો પુત્ર હતો, પણ કુસંગની અસરથી અને કર્મના પરિપાકથી તે ચોરી કરવામાં એવો પ્રવીણ થયો કે શોધી જોડ ન મળે. પોતાની કુટેવોથી લાચાર થયેલો કેસરી રોજ નવાં નવાં મકાનોની મુલાકાત લઈ મહામૂલો માલ લઈ આવતો. તેના પિતા તેને બહુ સમજાવતા પણ ધનની પાછળ ગાંડો બનેલો તે પિતાની કે પોતાના પ્રાણની પણ પરવા ન કરતો. કેસરીએ પિતાનું કહેવું ન માન્યું ત્યારે સંઘદત્ત સ્વયં રાજદરબારમાં પહોંચ્યો. રાજાને પ્રણામ કરી કહેવા લાગ્યોઃ "હે સ્વામિન્ ! મારો કેસરી નામનો પુત્ર નગરમાં રોજ ચોરી કરે છે. મારા વારવાથી તે નથી માનતો. મારે એવા પુત્રનું

કાંઈ પ્રયોજન નથી. તેને પાળીને મોટો કરવાનું મારું કર્તવ્ય મેં બજાવ્યું. હવે એના સંબંધમાં અમે જવાબદાર નથી.”

તે સાંભળી રાજાએ કેસરીને બોલાવીને કહ્યું: “હે પાપી ! મારા નગરથી બહાર નીકળ, જો કોઈ દિવસ મારી પૃથ્વી પર તને ફરતો જોઈશ કે સાંભળીશ, તો હે પાખંડી ! નિશ્ચય તારા પાખંડના ચૂરેચૂરા કરી નાખીશ.” એમ કહી તેને નગર બહાર કાઢી મૂકયો.

રાજાની બીકથી કેસરી સિંહની માફક ફરતો ફરતો એક ઘનઘોર વનમાં આવી પહોંચ્યો. ત્યાં નિર્દોષ હરણ, સસલાં, મોર, પોપટ વગેરે કિલ્લોલ કરતાં સ્વેચ્છાએ વિચરી રહ્યાં હતાં. હજારો વડવાઈઓથી વિંટળાયેલા વિશાળ વડવૃક્ષ નીચે બેઠેલો કેસરી પોતાની સામે શીતળ જળથી પરિપૂર્ણ અને કમળોથી સુશોભિત એવા એક સરોવરને જોઈ ત્યાં પાણી પીવા ગયો. જળપાન કરી વિચારે છે. અરે ! મને ધિક્કાર છે કે આજે મેં ચોરી કર્યા વગર પાણી પીધું, એમ વિચારી તે વટવૃક્ષ નીચે આવી બેઠો. એટલામાં આકાશમાંથી પાદુકાના પ્રભાવે કોઈ પુરુષ સરોવરની પાસે ઊતર્યો. પાદુકા એકાન્તમાં મૂકી તે સ્નાન માટે સરોવરમાં પડયો, અહીં કેસરી ચોર અપૂર્વ પાદુકાને પહેરી આકાશમાં ઊડી ગયો. આખો દિવસ કોઈ સ્થાનમાં રહી રાત્રે ઘેર આવી પોતાના પિતાને કહેવા લાગ્યો: “હે દુષ્ટ ! તેં રાજા પાસે ચોરીનું કલંક મારા પર લગાવી મને નગર બહાર કઢાવ્યો, માટે એનું ફળ જો.” એમ કહી તે પોતાના પિતાને લાકડીથી મારવા લાગ્યો, અને એટલો બધો માર્યો કે તે મરણને શરણ થયો.

પછી પાછલા પહોરે તે ચોર કોઈ ધનાઢ્ય શ્રેષ્ઠીના મકાનમાંથી અમુલ્ય ધન લઈ તે જંગલના એકાંત સ્થાને ઊતર્યો, અને ગુપ્તપણે રહ્યો. આવી રીતે તે દરરોજ તે જ નગરમાંથી ચોરી કરી જંગલમાં સંતાડવા લાગ્યો, તે પાદુકાના પ્રભાવે કેસરી રાત્રે ચોર અને દિવસે રાજાની જેમ ફરવા લાગ્યો.

હવે અહીં નાગરિકોએ ભેગાં થઈ રાજાને ચોર બાબત ફરિયાદ કરી, તે સાંભળી રાજાએ રક્ષકોને બોલાવ્યા. રક્ષકો પણ હાથ જોડી કહેવા લાગ્યા. "હે સ્વામિન્ ! કોઇ મોટો ચોર આકાશમાર્ગેથી આવી ચોરી કરે છે. આપ કહો કે અમે શું કરી શકીએ ? રાજા વિચારે છે; મને ધિક્કાર છે. હું અહીં રાજ્ય કરું છું છતાં પ્રજા ચોરના ઉપદ્રવથી પીડિત છે. ત્યાર-બાદ રાજા ચોરને પકડવા નગર બહાર નીકળ્યો. વનખંડો, પર્વતો, કંદરાઓ, ખંડિયેરો અને જીર્ણમંદિરોમાં ફરી ફરીને કંટાળ્યો, પણ કેસરી ચોરનો કયાંય પત્તો ન લાગ્યો. એક દિવસ મધ્યાહ્ને જ્યારે સૂર્ય અંગારા વરસાવી રહ્યો હતો ત્યારે તે રાજા ફરતો ફરતો એક વનમાં આવ્યો તેવામાં કર્પૂર, કસ્તૂરી અને અગરૂથી ઉત્પન્ન થયેલી ખુશબો આવવા લાગી. આ સુગંધ કયાંથી આવે છે એમ વિચારી રાજા ગંધાનુસારે એક ચંડિકા (દુર્ગા)ના મંદિરમાં આવ્યો. ત્યાં કર્પૂર કસ્તૂરી આદિથી પૂજેલી દુર્ગા પ્રતિમાને અને પૂજા કરનારને દિવ્ય વસ્ત્રોથી વિભૂષિત જોઈ તેને પૂછવા લાગ્યોઃ "હે ભદ્ર ! કોણે આ મૂર્તિની પૂજા કરી છે અને આ મહામૂલાં વસ્ત્રો તને કોણે આપ્યાં છે ?" તે પૂજારી બોલ્યોઃ "હે રાજન્ ! હું વણિકપુત્ર છું. દુઃખી, દરિદ્રી અને દ્રવ્યહીન હોવાથી સુખ અને દ્રવ્યની આશાએ રોજ ચંડિકાની આરાધના કરું છું.

મારી ભક્તિથી દેવી પ્રસન્ન થયાં છે. કેમકે જ્યારે હું પ્રાતઃકાલે પૂજા માટે આવું છું. ત્યારે દેવીના ચરણમાં પડેલા સુવર્ણમણિ આદિ પામું છું, આમ થવાથી મારા ઘરે આનંદ મંગળ પ્રવર્તે છે. તેથી જ હું ઉત્તમ દ્રવ્યોથી દેવીની દરરોજ પૂજા કરું છું. તે સાંભળી રાજાએ નિશ્ચય કર્યો કે તે ચોર જ અહીં રાતે આવે છે. પછી રાજા સંધ્યા સમય સુધી વનમાં સંતાઈ રહ્યો. અને રાત્રિ સમયે મંદિરમાં આવી ગુપ્તપણે ચોરની રાહ જોવા લાગ્યો. અહીં અર્ધી રાત વીત્યા પછી કેસરી ચોર આકાશમાંથી ઊતર્યો, પવન–પાવડી હાથમાં લઈ તે મંદિરમાં આવ્યો. દેવીની પૂજા કરી વિનતિ કરવા લાગ્યો; "હે મારી માવડી ! તારી કૃપાથી હું ધનાઢય થયો છું, હવે તું જ મારી રક્ષા કરજે." એમ કહી તેણે દેવીના ચરણોમાં મોતી માણેક સુવર્ણ દ્રવ્ય વિગેરે મૂકયાં જ્યાં એ પાછો ફરવા જાય છે ત્યાં રાજા મંદિરના દ્વાર બંધ કરી બોલ્યોઃ "હે પાપી ! તું નિત્ય મારા નગરમાં ચોરી કરે છે. હું જોઉં છું કે હવે તને કોણ બચાવે છે ?"

તે સાંભળી કેસરીએ ક્રોધપૂર્વક પાવડી રાજા પર ફેંકી તેથી રાજા બારણું મૂકી બસી ગયો, પછી કેસરી બળપૂર્વક દ્વાર ખોલી નાઠો.

રાજા બોલ્યો, "હે સેવકો ! પકડો આ પાખંડીને નાસવા ન પામે, જલદી પકડો, નહીં તો નાસી જશે." આગળ ચોર અને પાછળ સેવકો સાથે રાજા વેગ પૂર્વક દોડવા લાગ્યો. કેસરી એવા વેગથી દોડયો કે રાજા તથા તેના સેવકો બહુ પાછળ પડી ગયા. ભયભીત થયેલો ચોર વૈરાગ્ય પૂર્વક હૃદયે વિચારે છે. અહો ! મારા કઠોર પાપનાં ફળને મેં આ ભવમાં

પ્રાપ્ત કર્યું, મારા મસ્તકે વિકરાળ કાળ જીભનાં લબકારા મારતો ઊભો છે. જરૂર, આજ મારું મૃત્યુ થશે. વેગથી દોડતો કેસરી ચોર નગર સમીપના ઉદ્યાન પાસેથી નીકળ્યો, ત્યાં તેણે મુનિને એવો ઉપદેશ આપતાં સાંભળ્યા કે, "રાગદ્વેષને મૂકી જે જીવ શુભ ધ્યાનમાં રહે છે તે ક્ષણ માત્રમાં જ ઘોર પાપથી પણ મુક્ત થઈ જાય છે." મુનિના આ શબ્દોએ તેના પર અત્યંત અસર કરી, તે ત્યાં જ મૂર્તિવત્ થંભી ગયો. તે સંસારની અસારતાને ભાવતો વિચારવા લાગ્યો કે, લક્ષ્મી જળના કિલ્લોલ જેવી ચપળ છે. શરીરનું રૂપ સંધ્યાના રંગ જેવું છે પરાક્રમ ધ્વજવસ્ત્રના છેડા જેવું અસ્થિર છે. આયુષ્ય વીજળી જેવું ચપળ છે. આ જગતમાં સર્વ વસ્તુ વિનશ્વર છે. માટે આ દુઃખનાં મૂળરૂપ સંસારમાં રહેવાથી શું ફળ છે? આમ અનિત્ય ભાવના ભાવતો તે ધર્મધ્યાનમાં લીન થઈ ગયો. ગાઢ એવા ઘાતી કર્મનો નાશ થવાથી તેને અપ્રતિપાતિ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

અહીં રાજા તેની તપાસ કરતો. ત્યાં આવી પહોંચ્યો કે જ્યાં કેસરી કેવળી ઊભા હતા. તેમને જોઈ રાજા બોલ્યો, "હે વીરો! આ ચોરને મારી નાખો." રાજાની આજ્ઞાથી સુભટો જ્યાં આગળ વધે છે ત્યાં દિવ્ય શરીરવાળા અને દિવ્ય વસ્ત્રાભૂષણથી વિભૂષિત થયેલા દેવતાઓ આવી કેવળીને નમસ્કાર કરવા લાગ્યા. તે જોઈ સુભટો સાથે રાજા વિસ્મય પામી જોવા લાગ્યો. એટલામાં દેવોએ કેવળીને સાધુવેશ પહેરાવ્યો. અને તેમને સુવર્ણકમળ પર બિરાજમાન કર્યા, તે જોઈ જેના હૈયામાં હર્ષ સમાતો નથી તેવા વિજય રાજાએ કેવળીને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક પ્રણામ કર્યા.

કેવળી ભગવંતે મેઘસમાન ગંભીર નાદે દેશના આપી. આદ રાજાએ પૂછ્યું, "હે ભગવન્! કયાં આપનો દુરાચાર અને કયાં આ કેવળજ્ઞાન? મારા ચિત્તમાં બહુ વિસ્મય છે." કેવળી બોલ્યાઃ "હે રાજન્! આખી જીંદગી પાપ કરવામાં જ ગાળનાર એવા મને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે સમ્યક્ સામાયિકનું ફળ છે. તારે જાણવું જોઈએ કે જે નિબિડ કર્મો કરોડો વર્ષની લાંબી તપસ્યાથી પણ નષ્ટ ન થાય તે સમભાવથી ક્ષણમાત્રમાં નાશ પામે છે.

પછી રાજા કેવળીનાં ગુણગાન ગાતો સ્વસ્થાને આવ્યો.

કેવળી પણ અવનિતલ પર લાંબા કાળ સુધી વિચરી ભવ્યજીવોને પ્રતિબોધી મુક્તિ પામ્યા. પિતાની હત્યા કરનારો, સાતે વ્યસનને સેવનારો, લોકોને ત્રાસ ઉપજાવનારો, કેસરી નામક ચોર આવી રીતે સામાયિકના આચરણથી જન્મ, જરા, મરણના ફેરામાંથી છૂટી સાદીઅનંત અવ્યાબાધસુખનો સ્વામી થયો.

પ્રભુ કહે છે, "હે ભવ્યજીવો! સામાયિકનો મહાન પ્રભાવ જાણી તે વિષયમાં ઉદ્યમ કરવો જોઈએ.

॥ ઈતિ કેસરી ચોર કથા સમાપ્ત ॥

પ્રભુ કહે છે:—હે આણંદ હવે તું દેશાવગાશિક નામનું બીજું શિક્ષાવ્રત સાંભળ જે શ્રાવક યા શ્રાવિકા દેશાવગાશિક વ્રતનું પાલન કરે છે. તે જીવોને અભયદાન આપી નિર્ભય કરે છે. આ વ્રતના પ્રભાવથી જીવોના સર્વ વિઘ્નો નષ્ટ થાય છે. તે **સુમિત્ર મહામંત્રી**ની જેમ ઉભય લોકમાં આનંદ અનુભવે છે તે સાંભળી આણંદ પૂછે છે, "હે ભગવન્! તે સુમિત્ર કોણ હતો, કેવી રીતે તેણે દેશાવગાશિક વ્રતને પાળ્યું? પ્રભુ બોલ્યાઃ "હે ભદ્ર! સાવધાન થઈ સાંભળ:—

સુમિત્ર મંત્રીની કથા

આ ભરતક્ષેત્રમાં સર્વ નગરીમાં પ્રધાન એવી અતિ રમણીય શ્રી **ચન્દ્રા** નામની નગરી **તારાપીડ** નામનો રાજા ન્યાયપૂર્વક ત્યાં રાજ્ય કરતો હતો; તે રાજાને સાચા મિત્ર જેવો **સુમિત્ર** નામનો મંત્રી હતો. તે મહાવિદ્વાન્ હતો, જૈન ધર્મ જેની રગેરગમાં વાસ કરેલો છે એવો તેમજ જૈન-દર્શનમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખનારો અને નવે તત્ત્વોનો જાણકાર હતો. પ્રતિદિન દેવપૂજા, શાસ્ત્રશ્રવણ, સુપાત્રદાન, અને પ્રતિક્રમણાદિ ક્રિયા કરતો તે સંતોષપૂર્વક દિવસ ગુજારતો હતો.

એક દિવસ રાજા મંત્રી સાથે બેઠો હતો તેવામાં રાજા પૂછવા લાગ્યો; "હે મંત્રી! તું આવી રીતે ધર્મકાર્યો કરી આત્માને તકલીફ આપી સમય વ્યર્થ શા માટે ગાળે છે? વળી આવી કૃપાળી કાયાને કઠોર તપ કરી શા માટે શોષે છે, આ દુનિયામાં કોણ શું લઈ આવ્યું અને શું લઈ જશે? ચાર દિવસની ચાંદની જેવી આ યુવાની ગયા પછી પાછી નહિ આવે માટે દુનિયાની મોજ માણી લે. તેથી પાછળથી પશ્ચાતાપ ન થાય. તે બોલ્યો. "હે રાજન્! આપ અને આવી

શિખામણ ? ન શોભે મહારાજ ? આપે તો મને ધર્મકાર્યમાં વધારે ઉત્તેજન આપવું જોઈએ. આ સંસારમાં ધર્મ એ જ સુખદાયી છે. જીવ, સ્વર્ગ સુખ અને મોક્ષ ધર્મથી જ મેળવી શકે છે. ધર્મ વિના જીવ કોઈ જગ્યાએ સુખ નથી મેળવી શકતો. ચાહે તે ગમે તેટલી પ્રવૃત્તિ કરે પણ ધર્મ-રૂપી મૂલ્ય ચુકવ્યા વગર ઈચ્છિતનો સંયોગ થવો અસંભવ છે.

રાજા બોલ્યો; "જો એમ જ છે તો મને ધર્મનું ફળ પ્રત્યક્ષ બતાવ." મંત્રી બોલ્યો; "હે રાજન્ ! આપ જે રાજા થયા, ચતુરંગ સેના સહિત સર્વે આપની આજ્ઞા માને છે. અને સર્વ સેવકો હાથ જોડી નિરંતર આપની સેવા કરે છે તે બધું ધર્મનું જ ફળ છે. એમ આપે જાણવું જોઈએ. રાજા બોલ્યો, "હે મંત્રિન્ ! તું સાંભળ, એક શિલાના બે ખંડ કરીએ તેમાંથી એક ખંડનું સોપાન અને બીજાની કોઈ દેવ-પ્રતિમા બનાવીએ તો શું એક ખંડે પુણ્ય નહોતું કર્યું. અને બીજાએ કર્યું હતું ? પરંતુ એમ નહીં માટે ધર્મ અને અધર્મ એ કોઈ પદાર્થ છે જ નહિ." પ્રધાન બોલ્યો : "હે પ્રભો ! આ તમારો પક્ષ અયોગ્ય છે કેમકે તેમાં ત્રસ જીવોનો અભાવ હોવાથી તે યુક્તિ વગર છે. જો તેમાં ત્રસ જીવો હોય તો તે આત્મશક્તિથી પૂજ્ય અને અપૂજ્ય કર્મ ઉપાર્જે છે, પરંતુ તે પત્થરમાં એકેન્દ્રિય જીવ હોય છે. તેમાં એક ખંડમાં રહેલા જીવોએ પૂર્વે મહાન્ પુણ્ય કરેલું તેથી તે દેવનું પ્રતિ-બિંબ થયો. અને તે હજારો વર્ષો સુધી કાંઈપણ તાડન, ઘર્ષણ, અને નિભાડામાં પાકવું વગેરે ચૂનો થવા પ્રમુખ દુઃખને પામતો નથી. અને બીજા ખંડમાં રહેલા જીવો પૂર્વે પાપ કર્યું હોવાથી અત્યંત દુઃખ અનુભવે છે એ પ્રમાણે સર્વત્ર જાણી લેવું."

ફરી રાજા બોલ્યો: "હે મંત્રિન્! જ્યાં સુધી હું ધર્મના ફળને પ્રત્યક્ષ ન જોઉં ત્યાંસુધી હું કાંઈ માનવાનો નથી.. આવી રીતે દરરોજ સભામાં રાજા અને મંત્રીનો વિવાદ થયા કરતો. એક દિવસ સુમિત્ર મંત્રી દિવસે રાજકાર્ય કરી સાંજે ઘેર આવ્યો તે દિવસે ચૌદશ હોવાથી તેણે ઉપવાસ કર્યો હતો પણ રાજકાર્યાધીન એવો તે પૌષધ કરી શકયો ન હતો, તેણે રાતે દેશાવગાસિક ધારી—આજ મારે ઘેરથી બહાર ન જેવું એવું પ્રત્યાખ્યાન કર્યું, પછી પ્રતિક્રમણ કરી શુભ-ધ્યાનપૂર્વક પંચપરમેષ્ઠી મહામંત્રને ગણવા લાગ્યો.

અહીં વિશિષ્ટ કાર્યના માટે રાજાએ મંત્રીને બોલાવવા દૂત મોકલ્યો. તે મંત્રીને વિનતિ કરવા લાગ્યો, હે મંત્રીજી! આપને મહારાજ યાદ કરે છે. મંત્રી બોલ્યો: "હે મહા-ભાગ! આજે હું પ્રાતઃકાલ સુધી ઘેરથી નીકળીશ નહીં કારણ કે મેં પ્રત્યાખ્યાન કર્યું છે. દૂતે રાજાને આવીને કહ્યું, હે સ્વામિન્! મંત્રીએ વ્રત ગ્રહણ કર્યું હોવાથી તે સવાર પહેલાં નહિ આવે. તે સાંભળી રાજા ઘણો ક્રોધીત થયો. અને બોલ્યો: "હે દૂત! તું ફરી ત્યાં જઇ એને કહે કે તારું જરૂરનું કામ છે માટે વ્રતને મૂકી તું અત્યારે જ ચાલ, જો એ ન આવે તો તેની પાસેથી મંત્રીમુદ્રા લેતો આવજે. તે સાંભળી દૂત ચાલતો થયો. તેણે આ હકીકત મંત્રીને કહી, મંત્રી વિચારે છે કે વ્રતનો લોપ તે મહાપાપનું કારણ છે માટે વ્રત આગળ મુદ્રા શું ચીજ છે! મંત્રીપદથી મારે કાંઈ પ્રયોજન નથી. એમ વિચારી તેણે મંત્રીમુદ્રા તેમ જ પોતાનાં વસ્ત્રા-ભૂષણ દૂતને આપી રવાના કર્યો. અને પોતે ધર્મધ્યાનમાં લીન થઈ ગયો.

હવે અહીં દૂતે કુતૂહલથી મંત્રીમુદ્રા હાથમાં પહેરી એકલી મુદ્રા વસ્ત્રાભૂષણ વગર ન શોભે એમ વિચારી તેણે મંત્રીનો લેબાશ અને આભૂષણ પહેર્યાં, પોતાને મંત્રી તરીકે ઓળખાવતો કેટલાક સેવકોથી વેષ્ટિત તે રાજા પાસે જવા લાગ્યો, મનમાં ખુશ થતો દૂત સ્વયં મંત્રી બની ચાલ્યો જાય છે ત્યાં દૈવયોગે કોઇ સુભટોએ તેને મારી નાખ્યો અને બધું દ્રવ્ય લૂંટી લીધું.

રાજા ક્રોધાંધ થઈ બોલ્યો; "અહો ! મારા પ્રતિહારને નિમકહરામ મંત્રીએ ઇર્ષ્યાના લીધે મારી નાખ્યો, માટે જ્યાં સુધી આ તલવારથી તેના મસ્તકને નહિ કાપું ત્યાંસુધી મને સંતોષ નહીં થાય એમ જોરશોરથી બોલતો જ્યાં પ્રતિહાર સેવકો સાથે પડેલો હતો ત્યાં આવ્યો. ત્યાં તો વિદેશી વીરોને બંધનોથી બંધાયેલા જોઈ વિસ્મયથી રાજા પૂછવા લાગ્યો; "હે વીરો ! તમે કયાંથી આવો છો ? અને તમારી આવી દુર્દશા શાથી થઈ ?" તેઓ બોલ્યા; "હે રાજન્ ! અમારા રાજાના દુર્ભાગ્યયોગે તેમના મનોરથ ન ફળ્યાં." રાજાએ પૂછયું કેમ શાના મનોરથ અને કેવો રાજા ?—

વીરો બોલ્યા, સાંભળો મહારાજ :—

ધારાવાસ નામનું નગર છે. ત્યાં **સુરસેન** નામનો રાજા રાજ્ય કરે છે. તેની પાસે આપનો સુમિત્ર નામનો મંત્રી પ્રતિવર્ષે આપના માટે દંડ લે છે, અમારા રાજાના દુશ્મન જેવા તમને અને તમારી પ્રજાને તે પ્રધાન પોતાની બુદ્ધિ વડે વિઘ્નથી યોજનો દૂર રાખે છે. માટે અમારા સ્વામીની આજ્ઞાથી અમે તેને મારવા આવેલા હતા, પણ હું મંત્રી છું એમ બોલતા પ્રતિહારને મંત્રી સમજી અમે મારી નાખ્યો.

એટલામાં આપના સુભટોએ અમને પકડી બાંધ્યા તેથી અમારા સર્વે મનોરથો નાશ પામ્યાં. તે સાંભળી રાજાએ તેઓને યોગ્ય શિક્ષા કરી. પછી પરિવાર સાથે રાજા મંત્રીના ઘેર આવ્યો.

રાજા મંત્રીની પાસે ક્ષમા માગી બોલવા લાગ્યોઃ "હે મંત્રિન્! જો આજે તેં વ્રત ત્યજ્યું હોત તો નિશ્ચય તારું મૃત્યુ થયું હોત તારા વગર મારા રાજ્યની પણ દુર્દશા થાત. માટે હે મંત્રી! મેં આજે ધર્મના ફળને પ્રત્યક્ષ જોયું છે." પછી તેણે રાતે બનેલી બધી હકીકત મંત્રીને કહી. તે સાંભળી મંત્રી બોલ્યો; "હે રાજન્! ધર્મારાધન કરવાથી સર્વ વિઘ્નો નાશ પામે છે" રાજાએ તેની મુદ્રા તેને પાછી આપી.

પોતે **પૂર્ણચંદ્ર** નામના ગુરુ પાસે આવી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. મંત્રી સાથે રાજા દેવપૂજા, સુપાત્રદાન જિન-ધ્યાન, અને તીર્થયાત્રા વગેરે કરવા લાગ્યો. આવી રીતે મંત્રી યુક્ત રાજા જિનધર્મારાધનમાં સમય ગાળવા લાગ્યો. ધર્મના પ્રભાવે તેના શત્રુ શરણે આવ્યા. આમ અનેક ઉત્તમ કાર્ય કરી રાજાએ પોતાનો જન્મ સફળ કર્યો.

અનુક્રમે અનેક ઉત્તમ કાર્ય કરી તેમજ જિનધર્મ પાળી બન્ને જણા મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી સિદ્ધિ પદને પામશે.

॥ ઇતિ સુમિત્રમંત્રી કથા સમાપ્ત ॥

માટે હે ભવ્યો ! સુમિત્રમંત્રીના દૃષ્ટાંતને સાંભળી દેશાવગાશિક વ્રતમાં આદર કરો. તે સાંભળી ગાથાપતિ આણંદે જિનમુખથી દેશાવગાશિક વ્રતને ગ્રહણ કર્યું હવે આણંદ પ્રભુથી કહેવામાં આવતા પૌષધ વ્રતાધિકારને સાંભળે છે. પ્રભુ કહે છેઃ હે ભવ્યો ! જે ધર્મનું પોષણ અને પુષ્ટિ કરે તે પૌષધ કહેવાય. તે ચાર પ્રકારે છે. આહાર પૌષધ, શરીરસત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ અને અવ્યાપાર પૌષધ વળી તે ચારે દેશથી અને સર્વથી બબ્બે પ્રકારે છે (વર્તમાન સમાચારી પ્રમાણે આહાર પૌષધ જ બે પ્રકારે છે બાકીના ત્રણ પૌષધો માત્ર સર્વથી જ થાય છે.) આ ચારેનો પ્રતિષેધ એટલે પૌષધ પર્વદિવસે જ શ્રાવકો પૌષધ કરે છે તે **રણશૂર**ની જેમ આ લોકમાં તેમજ પરલોકમાં સુખસંપદા પામે છે.

આણંદે પૂછ્યું, "હે નાથ ! તે રણશૂર કોણ હતો ? શી રીતે તેણે વ્રતને આદર્યું ?" પ્રભુ બોલ્યા, હે શ્રમણો પાસક ! સાંભળઃ—



'રણશૂર' ની કથા

આ પૃથ્વીના પટાંગર પર વૈભવ, વિલાસ વીરતા અને વાણિજ્યની ચાર દીવાલોમાં, સુખ સમૃદ્ધિથી ભરપૂર અને મનને મોહનારી **કાંચનપુર** નામની નગરી છે. ત્યાં મહાપરાક્રમી **રણશૂર** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સુવર્ણ જેવા શરીરવાળી, કમળ પત્ર જેવા નયનો વાળી, પૂર્ણ ચન્દ્ર જેવા મુખવાળી મનોહર હંસલીના જેવી સુંદર ગતિએ ચાલનારી મૃદુભાષી અને રૂપ લાવણ્યના બળના જેવી **શ્રીકાન્તા** નામની પટ્ટરાણી હતી. રાજા તે કામિની ઉપર એટલો બધો આસક્ત હતો કે તેને ગુજરતા સમયનું પણ ભાન નહોતું, ધર્મનું નામ તો તેણે સ્વપ્નમાં પણ નહીં સાંભળેલું, તો પછી સુપાત્ર દાનાદિની શી વાત કરવી ?

એક દિવસ રાજા સભામાં બેઠો હતો તેવામાં એક સુભટ ત્યાં અચાનક આવી કહેવા લાગ્યો; નિઃશંક થઈ નિરંતર વિષય વાસનામાં મુગ્ધ રહેનાર હે રાજન્ ! તું જિનધર્મારાધન કેમ નથી કરતો ?

હે પોતાના બળ પર મુસ્તાક થનાર અભિમાની ! શું તું યમરાજના દૂતોથી પણ નથી ડરતો ? અગર તને સેના

આદિ સુભટોનો ગર્વ છે તો આવી જા, મારી સાથે યુદ્ધ કર. તે સાંભળી ક્રોધાન્ધ રાજાના પ્રેરાયેલા રાજવીરો તેને મારવા દોડ્યા, પરન્તુ તે સુભટે પોતાના બળથી એવી રીતે તેઓનું તાડન કર્યું કે તેઓ ઊભી પૂંછડીએ ભાગ્યા. પછી સુભટ રાજાના કેશ પકડી આકાશ માર્ગે ઊડ્યો. અને રાજાને એક વનખંડમાં એકલો મૂકી અદૃશ્ય થઇ ગયો.

હવે રાજા વિચારવા લાગ્યો, ઓહ! આનાથી સૈન્ય કેમ ભાગી ગયું? મને તે આ જંગલમાં મૂકી જતો રહ્યો? હવે શું કરું? ક્યાં જાઉં? કોની આગળ ફરિયાદ કરુ? ક્યાં મારી રાજધાની! ક્યાં મારી પત્ની શ્રીકાન્તા !! અને ક્યાં હું આ નિર્જન વનમાં ભટકતો!!!.....આમ વિચારતો શોકમગ્ન થઇ વનમાં ફરવા લાગ્યો.

અહીં એક આમ્રવૃક્ષની નીચે બેઠેલા મુનિને જોઈ તે નમસ્કાર કરી તેમની પાસે બેસી ગયો. મુનિ તેને ધર્મોપદેશ આપવા લાગ્યા. તે સાંભળ્યા પછી રાજા પૂછવા લાગ્યો. "હે મુનિરાજ! રૂપકાંતિથી યુક્ત છતાં આપે ભરયૌવનમાં દીક્ષા શા માટે લીધી?" મુનિ બોલ્યાઃ "હે રાજન્! આ સંસારમાં વૈભવ-વિલાસ, વીરતા, વિદ્વત્તા, તેમજ અતુલ પરાક્રમી ચતુરંગી સેના પણ જીવને મૃત્યુથી બચાવી શકતી નથી. સર્વ સ્નેહીઓ સ્વાર્થના સંગી છે. સુખમાં ભાગ સહુ લેવા આવે છે, પરન્તુ દુઃખને કોઈ લઈ શકતું નથી. એમ સમજી મેં રાજ્ય છોડી દીક્ષા લીધી. રાજા વિચારવા લાગ્યો કે નિશ્ચય આ મુનિ લોકાલોકને જોનાર જાણનાર. મહાજ્ઞાની જણાય છે. એમ વિચારી તે બોલ્યોઃ "હે મુનિરાજ! કૌડો સુભટોની મધ્યમાંથી હું અહીં શી રીતે આવ્યો? અને મારું અતુલ

એવું બળ કેમ નાશ પામ્યું ?" મુનિ બોલ્યા, " હે રાજન્ ! પાંચમા કલ્પમાં વાસ કરનારો **અમૃતપ્રિય** નામનો એક દેવ છે. તે મને વાંદવા અહિં આવ્યો હતો તેણે પૂછયું હતું કે મારું ચ્યવન થયા પછી મારા વિમાનમાં દેવપણે કોણ ઉત્પન્ન થશે ? ત્યારે મેં તેને કહ્યું કે **રણશૂર** રાજા તારા વિમાનમાં દેવ થશે. તે બોલ્યોઃ " હે પ્રભો ! તે પોતાની શ્રીકાન્તા નામની પત્નીમાં અત્યંત આસક્ત હોવાથી ધર્મનું નામ પણ જાણતો નથી. તેથી તે શી રીતે મારી જગ્યાએ આવશે ?" તે સાંભળી મેં કહ્યુંઃ " હે દેવ અહીં આવવાથી તે રાજા મારાથી પ્રતિબોધ પામી ધર્મ સ્વીકારશે. તે સાંભળી દેવ તને પકડી અહીં લાવ્યો છે માટે હે રાજન્ ! ઉભયલોકમાં કલ્યાણ માટે દેવાધિદેવ જિનેશ્વર પ્રણિત ધર્મને સ્વીકારી તું તારા જન્મને સફળ કર. "

પછી રાજાએ ભાવથી સમ્યક્ત્વ સહિત બાર પ્રકારનો શ્રાવક ધર્મ સ્વીકાર્યો. અહીં તે દેવ પણ પ્રગટ થઈ તેની સ્તુતિ કરવા લાગ્યો, કે હે રાજન્ ! નિશ્ચય તું ધન્ય છે, કૃતપુણ્ય છે ! વળી હે રાજન્ તેં તારો અવતાર સફળ કર્યો. ઇત્યાદિ સ્તુતિ કરી દેવે રાજાને તેના સ્થાનમાં પહોંચાડ્યો. હવે રાજા " હું પર્વ દિવસોમાં જીવીશ ત્યાંસુધી પૌષધ કરીશ. " એવો નિયમ અભિગ્રહ લઈને સમ્યક્ રીતે જિનધર્મારાધન કરવા લાગ્યો.

એક દિવસ તે અંતઃપુરમાં ગયો. ત્યાં પોતાની શ્રીકાન્તાને નહિ જોવાથી ચિંતામાં વ્યગ્ર થઈ સેવકોને શોધવા માટે મોકલ્યા, પરન્તુ શ્રીકાન્તાનો કયાંય પત્તો ન લાગ્યો. ત્યારે હતાશ થઈ

રાજાએ એક જ્યોતિષીને બોલાવી પૂછયું, "હે નિમિત્તજ્ઞ! મારી ભાર્યાનો કાંઈ પત્તો નથી. તે કયાં મળશે તે કહો." જ્યોતિષી બોલ્યોઃ "હે રાજન્! તે ઉત્તર દિશામાં જવાથી મળશે." તે સાંભળી રાજાએ ઉત્તર દિશામાં પ્રયાણ કર્યું. ક્રમશઃ ચાલતો રાજા પાંચમે દિવસે એક મહાઅટવીમાં આવેલા ધનંજય નામક યક્ષ મંદિરે આવી પહોંચ્યો. તે દિવસે ચૌદશ મહાપર્વ હોવાથી રાજા પૌષધ લઈ મૌન પૂર્વક ધર્મધ્યાન કરવા લાગ્યો. એટલામાં એક સુભટે આવી કહ્યું, "હે રાજન! દોડો, દોડો, આ દુષ્ટ પુરુષ તમારી રાણીને લઇ જઈ રહ્યો છે. માટે તમે તેને છોડાવો. તે સાંભળી રાજા વિચારવા લાગ્યો. માતા, પિતા, ભાઇ, ભગિની અને ભાર્યા વગેરે જીવોને વારંવાર મળે છે, પરન્તુ આ વ્રત સંયોગ મહાદુર્લભ છે તે હું શી રીતે ત્યજું?" એમ વિચારી રાજાએ જાણે સાંભળ્યું જ ન હોય તેમ વિશેષ પ્રકારે ચિત્તને ધર્મમાં જોડયું. એટલામાં તો શ્રીકાન્તા એક ભયંકર પુરુષ સાથે ત્યાં આવી કહેવા લાગી કેઃ "હે વલ્લભ! હે પ્રાણનાથ!! આ દુરાત્માથી મને છોડાવો, આ દુષ્ટ મારી પાછળ પડયો છે. પોતાની પત્ની બીજાને આધીન જોઇ કોણ શાંત રહે? હે નાથ! મારા પર જે આપનો અત્યંત પ્રેમ હતો તે કયાં ગયો? આ અબલાની જરાક તો દરકાર કરો. નહીં તો આ દુષ્ટ નિશ્ચય મારું શિયળ ખંડિત કરશે." ઇત્યાદિ સાંભળવાથી પણ જ્યારે રાજાનું મન ચલિત ન થયું ત્યારે તે યક્ષ પ્રતિકૂલ ઉપદ્રવ કરવા લાગ્યો. ધૂળની વર્ષા, મહાસર્પો ફેલી ખાય તેવી કીડીઓ, વાઘ વરુ હાથી વગેરે વિકુર્વી અનેક પ્રકારે પરીક્ષા કરી. પરંતુ તે પુણ્યાત્મા ધર્મધ્યાનથી જરાયે ચલયમાન થયો નહીં ત્યારે તે

યક્ષ પ્રત્યક્ષ થઈ કહેવા લાગ્યોઃ "હે રાજન્! નિશ્ચય તું ધન્ય છે. કૃતપુણ્ય છે, ત્રણે લોકમાં પૂજનીય છે, તારું ચિત્ત પૌષધમાં અત્યંત સ્થિર છે. હે રાજન્ હું આ મંદિરમાં રહેતો ધનંજય નામનો યક્ષ છું. મેં તારી બહુ વિટંબણા કરી છે. માટે તું ક્ષમા કર. વળી હે રાજન્ સાંભળ વૈતાઢ્ય પર્વતના દક્ષિણ ભાગમાં ગગનવલ્લભ નામનું નગર છે. ત્યાંના ખેચરાધિપતિએ તારી શ્રીકાન્તાનું હરણ કર્યું છે. તે દુષ્ટ જ્યાં તેનું શિયળ ખંડન કરવા જાય છે ત્યાં તે, કુદરતી ફટકો પડવાથી મૃત્યુ પામ્યો છે. અત્યારે તારી શિયળવંતી નારી શ્રીકાન્તા એકલી બેઠી વિલાપ કરે છે. હું હમણાં તેને લઈ આવું છું." એમ કહી યક્ષ ગયો. અને શ્રીકાન્તાને લઇ આવ્યો. પછી રાજાએ સવાર થતાં પૌષધ પાર્યો અને પત્ની સહિત યક્ષ સાથે પોતાના નગરમાં આવ્યો.

યક્ષે રાજાને સિંહાસન પર બેસાડી સુવર્ણ મણિની વર્ષા કરી પછી રાજાની સ્તુતિ કરતો સ્વસ્થાને ગયો. અહીં રાજા **રણશૂર, ધર્મશૂર** બની આદરપૂર્વક ધર્મારાધન કરવા લાગ્યો. પર્વતિથિએ પૌષધ કરતો સુખે રહેવા લાગ્યો, પછી અનશન-પૂર્વક મૃત્યુ પામી બ્રહ્મદેવલોકમાં મહાસમૃદ્ધિશાળી **અમૃત-પ્રિય** નામનો દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં કેવળજ્ઞાન પામી મુક્તિએ જશે.

॥ ઇતિ રણશૂર કથા સમાપ્ત ॥

હવે પ્રભુ કહે છે, હે ભવ્યો ! રણશૂર રાજાનું આવું દૃષ્ટાંત સાંભળી તમે પૌષધવ્રતમાં આદર કરો. તે સાંભળી આણંદ પૌષધવ્રત લઈ, બારમું અતિથિસંવિભાગ નામનું

વ્રત સાંભળવા લાગ્યો. પ્રભુ કહે છેઃ "હે ભવ્યજીવો ! જે પુરુષ અતિથિ સંવિભાગ નામનું વ્રત નિરંતર પાળે તે ભોગોને ભોગવી મોક્ષાનંદને પામે છે. જે મહાત્માએ તિથિપર્વ, ઉત્સવ વગેરે સર્વનો ત્યાગ કરેલો હોય, તે અતિથિ કહેવાય. બાકીના અભ્યાગત કહેવાય.

सम् એટલે આધાકર્માદિ બેંતાલીશ દોષથી રહિત **वि** વિશિષ્ટ એવો, **भाग** એટલે પશ્ચાત કર્મ (પાછું ફરી કરવું ન પડે) વિ. દોષોને ટાળીને અન્નનો જે અંશ આપવો તે સંવિભાગ કહેવાય છે. અતિથિને જે પુરુષ દાન આપે છે તે **જિનદત્ત**ની જેમ આલોકમાં સુખસંપત્તિ અને પરલોકમાં શિવસિદ્ધિ સંપન્ન કરે છે. તે સાંભળી આણંદ બોલ્યો, હે પ્રભો ! તે જિનદત્ત કોણ હતો ? અને શી રીતે એણે અતિથિસંવિભાગ વ્રત આદર્યું ? પ્રભુ બોલ્યાઃ "હે શ્રાવક ! એના દૃષ્ટાંતને સાંભળઃ—



જિનદત્તની કથા

પોતનપુર નગરમાં મહાસમૃદ્ધિશાળી **જિનદત્ત** નામનો વણિક વસતો હતો. **પૂર્ણા** નામની તેને સુશીલ પત્ની હતી, તે શ્રેષ્ઠી બહુ સરલ પરિણામી અને દાનરુચીવાળો હતો. એક વખત તે નગરમાં ધર્માચાર્ય સપરિવાર સમવસર્યા, તેમને વાંદવા શ્રેષ્ઠી સપરિવાર ગયો. વિધિપૂર્વક વંદન કરી ઉચિત સ્થાને બેઠો. સૂરિરાજની દેશના સાંભળી તેણે શ્રાવકધર્મ સ્વીકાર કર્યો. વળી એવો અભિગ્રહણ કર્યો કે હે સ્વામી! મારે એકાંતરે ઉપવાસ, ત્રણેકાળ જિનપૂજા, તથા ઉભયકાળ પ્રતિક્રમણ કરવું. તે સાંભળી ગુરુએ તેને અભિગ્રહનું પચ્ચક્ખાણ આપ્યું, પછી ગુરુજીને વાંદી તે પોતાને ઘરે આવ્યો.

શુદ્ધ ભાવથી ધર્મારાધન કરતો તે શ્રેષ્ઠી પોતાનો કાળ વ્યતીત કરવા લાગ્યો. થોડા દિવસ પછી પૂર્વ કર્મના દોષથી તે સાવ નિર્ધન થઈ ગયો. ત્યારે તેની પત્ની પૂર્ણાએ કહ્યું; "હે નાથ! આમ કયાં સુધી ચાલશે! હવે ધન કમાવાની કોઈ આશા નથી. કેમકે ધન વગર ધન પ્રાપ્ત થતું નથી. માટે હે વલ્લભ! તમે જો મારા પીયરમાં જાવ અને મારા પિતા પાસેથી ધન લાવી કાંઈ વેપાર કરો તો આપણો સંસાર

સુખે ચાલે. પણ તે શ્રેષ્ઠી શરમનો માર્યો ત્યાં ન ગયો. પત્નીના બહુ આગ્રહથી સાથવાનું ભાથું લઇ ઊપડયો. તે દિવસે તેને ઉપવાસ હતો, બીજે દિવસે મધ્યાહ્ન સમયે તે એક ગામ નજીક આવી પહોંચ્યો. ત્યાં જળથી પરિપૂર્ણ અને કમળોથી સુશોભિત એક સરોવરના કિનારે વૃક્ષની છાયામાં બેસી તેણે સાથવાને ભીનો કર્યો, મુખશુદ્ધિ કરીને વિચારવા લાગ્યો, મારા ઘેર તો હંમેશાં સાધુ સાધ્વીઓ આવ્યા કરે છે, પરંતુ હમણાં અહીં કોઈ મુનિરાજ આવે તો મારું ભાગ્ય ઊઘડી જાય. આમ વિચારે છે ત્યાં ભાગ્યયોગે નિરંતર માસક્ષમણને પારણે માસક્ષમણ કરનારા એવા મુનિરાજને આવતા જોયા. મુનિરાજને આવતાં જોઈ અત્યંત હર્ષને ધારણ કરતો જિનદત્ત તેની સામે ગયો, વંદના કરી વિનમ્રભાવે વિનતિ કરી કે, "હે મુનિરાજ ! પ્રાસુક આહાર વહોરી મારો નિસ્તાર (ઉદ્ધાર) કરો." મુનિએ શુદ્ધ આહાર જાણી ગ્રહણ કર્યો, શ્રેષ્ઠીએ પણ શુદ્ધભાવથી સુપાત્રદાન કરી અનર્ગલ પુણ્ય ઉપાર્જ્યું, ક્રમે કરી તે ચોથે દિવસે સસરાના ઘરે પહોંચ્યો.

ત્યારબાદ તેણે ત્યાં જિનેશ્વરોએ બતાવેલા વિધિ પ્રમાણે પારણું કર્યું, પછી જિનદત્તને તેના સસરાએ ક્ષેમ-કુશળ પૂછી, આવવાનું કારણ પૂછયું, ત્યારે જિનદત્ત પોતાની બધી હકીકત નિવેદન કરી. તે સાંભળી સમસ્ત પરિવારે વિચાર્યું, જો આને દ્રવ્ય આપશું તો આ પાછો કંગાલ થઈ અહીં આવશે. માટે આ બાબતની સલાહ કુળદેવીથી લેવી જોઈએ. પછી તેઓ કુળદેવીની આરાધના કરવા લાગ્યા. એટલામાં કુળદેવી સાક્ષાત્ થઈ બોલી સાંભળો, આ જિનદત્તે મુનિદાનથી જે પુણ્ય ઉપાર્જન કર્યું છે તેનો ચોથો ભાગ જો તે તમને

આપે તો, તમે તેને જે માગે તે આપજો, અન્યથા નહીં. દેવીનાં વચન સાંભળી જિનદત્તનો સસરો કહેવા લાગ્યો: "હે જમાઈરાજ ! તું મુનિદાનના પુણ્યનો ચોથો ભાગ મને આપે તો તું જે માગીશ તે તને આપીશ." તે સાંભળી જિનદત્ત બોલ્યોઃ "હે સસરાજી ! તમે ઉચિત ન કહ્યું. કારણ-કે કલ્પવૃક્ષનું ઉન્મૂલન કરીને લીમડો કોણ આરોપે ? મદમત્ત ગંધહસ્તીને વેચી ગધેડો કોણ ખરીદે ? કોઈ ચિંતામણિ-રત્ન આપી શું કાચનો કટકો લેતો હશે ? માટે સસરાજી ! મુનિદાનનું ફળ મનુષ્ય સંબંધી દેવ સંબંધી અને મોક્ષ સંબંધી પણ સુખ આપે છે. એવા મુનિદાનના ફળને વેચી કયો પુરુષ વિનશ્વર દ્રવ્યને ઇચ્છે ?

જમાઇના આવાં વચન સાંભળી પૂર્ણનો બાપ બેદરકારી બતાવવા લાગ્યો તેથી જિનદત્તે પણ ફરી યાચના ન કરી, કારણ કે "માનધન પુરુષ પ્રાણના વિયોગે પણ કુલ મર્યાદા નથી મૂકતા." નિરાશાની દારુણ વેદનાથી અંતરની ઊર્મિઓ દારિદ્રતાના પ્રચંડ રૂપમાં ફેરવાઈ ગયેલી જોઈ જિનદત્ત ક્રમે-કરી પોતાના ગામ પાસેના નદીકિનારે આવી વિશ્રામ માટે બેઠો. તે વિચારવા લાગ્યો કે મારી પત્નીએ મને બહુ આગ્ર-હથી પોતાના પીયર મોકલ્યો હતો, પણ મારું આ સ્વરૂપ જોઇ તેને બહુ દુઃખ થશે. એમ વિચારી તેણે નદીનાળાંના ગોળ ગોળ પત્થર ભેગા કર્યા, તેની પોટલી માથે મૂકી તે પોતાના ઘેર આવ્યો.

ત્યારપછી તેની ભાર્યા પોતાના પતિને ધન સાથે આવતો જોઇ તેની સામે દોડી અને પતિના મસ્તક પરથી પોટલી ઉપાડી, એકાન્તમાં મુકી. તેમાંથી એક

રત્ન કાઢી તેણે કોઇ વણિકની દુકાને ગીરો મૂકયું, અને તે દ્રવ્યથી સારું ભોજન બનાવી; પતિને પ્રેમપૂર્વક પીરસ્યું, શ્રેષ્ઠી બાતો જાય છે અને વિચારતો જાય છે, નિશ્ચય આ મારી પત્ની અણસમજુ છે, કે જેથી તે કરજ કરી મારી ભક્તિ કરે છે. અત્યારે તો ભોજન બહુ મીઠું લાગે છે, પણ પાછળથી બહુ મુશ્કેલ પડશે. એમ વિચારી શેઠ બોલ્યો, અરે ગાંડી ! તું નકામી મારા માથે કરજો શા માટે કરે છે ? પાછળથી તે કોણ તારો બાપ ભરશે ? પૂર્ણા બોલી, હે નાથ ! મારા પિતાએ તમને અનર્ગલ લક્ષ્મી આપી છે છતાં આપ આમ કેમ બોલો છો ? તે સાંભળી શ્રેષ્ઠી તો આભો જ બની ગયો. જમ્યા પછી તે જ્યાં પોટલી જોવા ગયો ત્યાં બધા પત્થર રત્ન રૂપે જોયા. શ્રેષ્ઠી વિચારવા લાગ્યો નિશ્ચય આ સુપાત્રદાનનું જ માહાત્મ્ય છે. આ લોકમાં જ આવું પ્રત્યક્ષ ફળ મળ્યું છે તો આગામી અવતારમાં જરૂર શિવસુખનું સાધન થશે. " એમ જાણી તે પ્રિયાને કહેવા લાગ્યો; " હે પ્રિયા ! કુદરતની કરામત શું બોછી છે ! સુપાત્રે વાવેલું ધન જલદી અને મોટા પ્રમાણમાં ઊગી નીકળે છે.

ત્યારપછી શ્રેષ્ઠીએ બનેલી બધી બીના પોતાની પત્નીને જણાવી. શુદ્ધાહારનો સુપાત્રે સદુપયોગ કરવાથી તે એટલો બધો ધનાઢય થયો કે તેનો મહિમા ઘરે ઘરે ગવાયો. તે આ લોકમાં અનુપમ આનંદ અનુભવી પરલોકે પણ સાદી અનંત શિવસુખ સંપાદન કરશે.

॥ ઇતિ જિનદત્ત કથા સમાપ્ત ॥

એ સાંભળી આણંદે અતિથિસંવિભાગ નામનું વ્રત ગ્રહણ કર્યું. પછી તે બોલ્યો. હે સ્વામિન્ ! ભવભયને ભાંગનાર આ બારે વ્રત આપની કૃપાથી જીવનપર્યંત થાઓ.

" વળી હે સ્વામિન્ ! આ જગતમાં રાગદ્વેષને જીતનાર તે જ મારા દેવ, પંચમહાવ્રતયુક્ત, અષ્ટપ્રવચન માતાને પાળનાર તથા દસ પ્રકારના યતિધર્મમાં આદર કરનાર એ જ મારા ગુરુ અને કેવળીભાષિત એ જ મારો ધર્મ છે. હું તીર્થંકરોની જ પૂજાદિ કરીશ. હરિહરાદિ અન્ય દેવતાઓને હું નમસ્કાર નહીં કરું, અન્ય દર્શનીઓએ ગ્રહણ કરેલી જિન પ્રતિમા પણ મારાથી નમસ્કાર કરવા યોગ્ય નથી. સામગ્રી હોવાથી અન્નપાન, વસ્ત્ર, પાત્ર, કામળી પાગા, ઊન, સંથારીઆ, અને ઔષધ આદિ કલ્પનીય વસ્તુ મુનિરાજોને વહોરાવીશ. " આવી રીતે ચિંતામણી રત્નને પામી અરેખરા આનંદને અનુભવતો આણંદ પ્રભુ પ્રતિ બોલ્યો, " હે પ્રભો ! આજ મારો જન્મ સફળ થયો, આજ મને ત્રણલોકનું રાજ્ય મળ્યું છે. દરિદ્રને સુવર્ણમણિથી ભરેલો ખજનો મળવાથી જે આનંદ ન થાય એવી ખુશી મને આપનું શાસન મળવાથી મળી છે; પૂર્વે કદી ન મળેલો ધર્મ આપ દ્વારા આજે મને મળ્યો," એમ બોલતો આણંદ પ્રભુને વારંવાર વંદન કરતો પોતાને ઘેર આવ્યો.

પોતાની પત્ની શિવાનંદાને કહેવા લાગ્યોઃ " હે ભદ્રે ! શું હું કહું તને ? આજ હું અપૂર્વ આનંદમાં છું." શિવાનંદા બોલી. " છે શું ? એ કહેશો કે એકલા જ આનંદ અનુભવશો ? શું આપની ખુશીમાં હું હકદાર નથી ?" આણંદ બોલ્યો, " હે

દેવી ! શ્રી **વર્ધમાનસ્વામી** દ્યુતિપલાસ ચૈત્યમાં સપરિવાર સમવસર્યા છે. તેમની પાસે મેં શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો છે. માટે તું પણ જલદી ત્યાં જઈ પોતાના જન્મને સફળ કર"– તે સાંભળી શિવાનંદાએ અત્યંત હર્ષપૂર્વક સમવસરણમાં આવી પ્રભુને વિધિપૂર્વક વાંદ્યા.

પછી તે બોલી, "હે નિરાધારના નાથ ! મને પણ શ્રાવક વ્રત ઉચ્ચરાવો કે જેથી હું સંસારની પેલે પાર નીકળી જાઉં." ત્યારપછી પ્રભુ પાસેથી શ્રાવક ધર્મ ગ્રહણ કરી શિવાનંદા પોતાને ઘરે આવી."

અહીં ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે. "હે સ્વામી ! આણંદ શ્રાવક યતિ ધર્મ લેશે કે નહિ ?" પ્રભુ બોલ્યા : "હે ગૌતમ !–તે આ ભવમાં યતિધર્મ નહીં લે."

શિવાનંદા સાથે આણંદ સાવધાનીપૂર્વક પ્રસન્ન મનથી જિનધર્મારાધન કરવા લાગ્યો. કહ્યું છે કેઃ—

भव सय सहस्स दुलहे जाइ जरा मरण सायरुत्तारे ॥
जिणवयणंमि गुणायरे, खणमवि मा काहिसिपमायं ॥१॥

અર્થઃ—હે ભવ્યજીવ ! લાખો જન્મથી પણ ન મેળવી શકાય એવા તેમજ જાતિ જરા–મરણ રૂપ વિકરાળ જળચરોથી વ્યાપ્ત સંસાર સમુદ્રને પાર ઊતારનારા એવા જિનરાજના વચન રૂપ ગુણોના સમૂહને વિષે ક્ષણમાત્ર પણ પ્રમાદ ન સેવ.

આમ આણંદને જિનધર્મ આરાધતા ચૌદ વર્ષ પસાર થઈ ગયાં. પંદરમા વર્ષની ધર્મ જાગરિકા કરતો આણંદ વિચારે છે : હજી સુધી મેં પરિવારના સ્વામિત્વપણાનું પાલન

કર્યું છે, હવે જો પડિમારૂપ ધર્મ કરું તો સારું થાય એમ વિચારી તેણે પોતાના સમસ્ત કુટુંબને આમંત્રણ આપી ઉત્સવપૂર્વક જમાડયા. ઉત્તમ પકવાન્નો તથા વસ્ત્ર સુગંધી દ્રવ્યમિશ્રિત–તાંબુલ વગેરેથી સંતુષ્ટ કરી આણંદ દીવાનખાનામાં પરિવાર સાથે બેસી બોલવા લાગ્યો. " હે સ્વજનો ! જે તમે સંમતિ આપો તો હું મારા મોટા પુત્રને વ્યવહાર ભાર સોંપી શ્રી વીરજિન કથિત પડિમા રૂપ ધર્મ આદરું." કુટુંબીઓની અનુજ્ઞાથી પોતાના જ્યેષ્ટ પુત્રને ઘરનો ભાર સોંપી તે કોલ્લાક સન્નિવેશમાં, કે જ્યાં તેના કુટુંબી લોકો વસતા હતા, ત્યાં આવ્યો. ત્યાં બધાને ભેટી પોતાની ચણાવેલી પૌષધશાળામાં આવી તેનું જયણાપૂર્વક પ્રમાર્જન કર્યું, ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિનું પ્રતિલેખણ કરી દર્ભાસને બેઠો, અને જિનેશ્વરોએ કહ્યા મુજબ પડિમા તપ કરવા લાગ્યો.

અગિયાર પડિમાની ગાથાઃ—

दंसण वय सामाइअ, पोसह पडिमा अबंभ सच्चित्ते ॥
आरंभ पेस उद्दिट्ठवज्जए समणभूए अ ॥ १ ॥

અર્થઃ—પહેલી દર્શન પડિમા તે એક માસસુધિ નિરતિચાર સમ્યક્ત્વનું પાલન કરવા રૂપ જાણવી એવી રીતે બીજી પડિમામાં પૂર્વ વિધિસહિત એક એક માસ વધારતા જવું.

બીજી વ્રત પડિમા ત્રીજી સામાયિક પડિમા ચોથી પૌષધ પડિમા, પાંચમી કાયોત્સર્ગ પડિમા છઠ્ઠી મૈથુન પડિમા, સાતમી સચ્ચિત ત્યાગ પડિમા આઠમી પોતે આરંભ કરવાના ત્યાગ રૂપ પડિમા, નવમી બીજા પાસે આરંભ કરાવવાના ત્યાગ રૂપ પડિમા, દસમી ઉદ્દેશીને કરેલા ભોજન વગેરે પદાર્થોનો ત્યાગ કરવા રૂપ પડિમા. અગિયારમી સાધુની પેઠે

લોચ કરી તથા સાધુનો વેષ પહેરી પરિમાણુ ધારી આહાર લાવવા રૂપ પડિમા એ પ્રમાણે અગિયાર પડિમાઓની સાડા પાંચ વર્ષ સુધી ઘોર તપસ્યા કરવાથી આણંદ શ્રાવક બહુ અશક્ત થઈ ગયો. તેના શરીરમાં હાડચામ સિવાય કાંઇ દેખાતું ન હતું. જેમ જેમ તેનું શરીર ક્ષીણ થતું ગયું તેમ તેમ તેનું આત્મબળ વધતું ગયું તે ધર્મમાં સાધિક દૃઢ થવા લાગ્યો. પોતાના શરીરની શક્તિ ક્ષીણ થયેલી જાણી તે ધૈર્યધારી પુરુષે સંલેખનાપૂર્વક અનશન ગ્રહણ કર્યું. વૈરાગ્યના રંગે રંગાયેલા આણંદને એ અરસામાં અલબેલું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું તેથી તે પૂર્વ પશ્ચિમ, અને દક્ષિણ દિશામાં પાંચસો જોજન સુધી લવણસમુદ્રમાં જોવા લાગ્યો. ઉત્તર દિશામાં લઘુ હિમવંત પર્વત સુધી જોવા લાગ્યો. અધો દિશામાં પ્રથમ નારક પૃથ્વીમાં લોલક નામનો નરકાવાસ અને ઊર્ધ્વ દિશામાં સૌધર્મ નામના દેવલોકને જોવા લાગ્યો. પછી તે મમતા મૂકી સમતાના રંગમાં રમવા લાગ્યો.

અહીં તેમની આગળ શરદના પૂર્ણચન્દ્રની આહ્લાદકતા કોઈ ચીજ નથી, જેમણે શરદ ઋતુનો પૂર્ણ કિરણોથી પ્રકાશતો સૂર્ય તેજ વગેરે ગુણોમાં પહોંચી શકતો નથી, જેમની આગળ ઇન્દ્રની સૌંદર્યતા ઝાંખી દેખાય છે, જેમની દૃઢતાથી મેરુ પણ કંપી ગયેલો, તેવા શ્રી **વર્ધમાનસ્વામી** અનેક દેવતાથી સેવાતા સપરિવાર વાણિજ્ય ગામમાં સમવસર્યા. દેવોએ રચેલા સમવસરણમાં બાર પર્ષદા બેઠી, પ્રભુ પાંત્રીસ ગુણયુક્ત વાણીએ દેશના આપવા લાગ્યા. દેશના બાદ સર્વ નગરજનો પોતપોતાનાં સ્થાને જવા લાગ્યા. અહીં મધ્યાહ્ન થવાથી વીરપ્રભુની અનુજ્ઞા લઈ સંપૂર્ણ શ્રુતજ્ઞાનવાળા, પ્રશાન્ત

ચિત્તવાળા, અને વિવિધ લબ્ધિઓથી વિભૂષિત થયેલા નિરંતર છઠ્ઠને પારણે છઠ્ઠ કરનારા પ્રથમ ગણધર ગૌતમસ્વામી ગોચરી અર્થે વાણિજ્ય ગામમાં આવ્યા. તેઓ ગોચરી વહોરી પાછા ફરતા હતા ત્યાં તેમણે કોલ્લાક સન્નિવેશે જતા લોકોના મુખથી સાંભળ્યું કે આણંદ શ્રાવકે અનશન લીધું છે. તે સાંભળી ગૌતમસ્વામી આણંદને વંદના કરાવવાના હેતુથી કોલ્લાક સન્નિવેશની પૌષધશાળામાં પધાર્યા, આણંદ ગૌતમસ્વામીને જોઈ અત્યંત હર્ષિત થઈ ઊઠવા ગયો, પણ અશક્તિને લીધે ન ઊઠી શકયો, ત્યારે ગૌતમસ્વામી તેની પાસે ગયા અને ઊઠવાની ના કહી. પછી આણંદે ગૌતમસ્વામીના ચરણમાં મસ્તક નમાવી નમસ્કાર કર્યા પછી તે પૂછવા લાગ્યો. "હે ભગવન્ ! શું શ્રાવકોને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થાય ? ગૌતમસ્વામી બોલ્યા. "હા, થાય." તે બોલ્યો. "હે પ્રભો ! મને પણ અવધિજ્ઞાન થયું છે તેથી ત્રણે દિશાઓમાં પાંચસો જોજન સુધી લવણ સમુદ્ર અને ઉત્તર દિશામાં લઘુ હિમવંત પર્વત જોવામાં આવે છે. તેમજ અધોમાં લોલક નારક અને અને ઊર્ધ્વમાં પ્રથમ દેવલોક દેખાય છે."

તે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું. "હે આણંદ ! ગ્રહસ્થ અવધિજ્ઞાનથી આટલું બધું જોઈ જાણી ન શકે, માટે તું મિથ્યાદુષ્કૃત દે." આણંદ બોલ્યોઃ "હે ભગવન્ ! વીરવચન વિરૂદ્ધ નિરૂપણ કરે તે મિથ્યાદુષ્કૃત આપે કે સત્યપ્રરૂપણ કરે તે આપે ?" ગૌતમ બોલ્યાઃ "હે શ્રમણોપાસક ! અસત્ય પ્રરૂપણ કરે તે જ મિથ્યાદુષ્કૃત આપે, બીજા નહિ." ત્યારે આણંદ બોલ્યો. "હે ભગવન્ ! ત્યારે તો આપ જ મિથ્યાદુષ્કૃત આપો. તે સાંભળી શંકાશીલ મનવાળા ગૌતમ-

સ્વામીએ પ્રભુ પાસે આવી ગોચરી આલોવી. પછી પ્રભુને વાંદીને પૂછ્યુંઃ "હે સર્વજ્ઞ ભગવન્ ! આણંદનું વચન સાચું છે કે મારું. પ્રભુ બોલ્યા હે ગૌતમ ! આણંદનું કહેવું સાચું છે." તે સાંભળી પ્રભુની આજ્ઞા લઈ ગૌતમસ્વામી ત્વરાથી ત્યાં ગયા અને આણંદને ખમાવી મિથ્યાદુષ્કૃત દીધું. અહો ! મોક્ષાર્થી પુરુષો કેવા સરલ પરિણામી હોય છે ! !

પછી ગૌતમસ્વામી આણંદને નિર્યાતના કરી પ્રભુ પાસે આવ્યા. એ પ્રકારે ચરમ જિનના પ્રથમ શ્રાવક આણંદે વીસ વર્ષ સુધી **જિનધર્મારાધન** કરી શ્રાવકની અગિયાર પડિમા વિધિપૂર્વક આરાધી. સંલેખણપૂર્વક એક માસનું અનશન લઈ શુભધ્યાનમાં પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં કાળ પામી તે સૌધર્મ દેવલોકના અરૂણાભ વિમાનમાં ચારપલ્યોપમના આયુષ્યવાળો મહાસમૃદ્ધિશાળી દેવતા થયો.

હવે ગૌતમસ્વામી પૂછે છેઃ "હે ભગવન્ ! આણંદ કાળ કરી કયાં ઉત્પન્ન થયો ?" પ્રભુ બોલ્યાઃ "હે ગૌતમ ! તે પહેલાં દેવલોકમાં અરૂણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો છે. ગૌતમસ્વામીએ ફરી પૂછ્યુંઃ "હે સ્વામિન્ ! ત્યાંથી ચ્યવી તે કયાં જન્મશે ?" પ્રભુ બોલ્યા; તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં ઉત્પન્ન થશે. ત્યાં પ્રવજ્યા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષને વરશે."

હે ભવ્યજીવો ! આણંદ શ્રાવકનું આવું ચરિત્ર સાંભળી જિનધર્મમાં પ્રમાદ વર્જી ઉદ્યમ કરો.

"ઇતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના શિષ્ય રાજ-કીર્તિગણીની રચેલી ગદ્યબંધ વર્ધમાન દેશનાનો આણંદ શ્રાવક પ્રતિબોધ નામક પ્રથમઃ ઉલ્લાસ સમાપ્ત ॥

ઉલ્લાસ બીજો




‘ કામદેવ ’ શ્રાવકનું ચરિત્ર

હવે શ્રી સુધર્માસ્વામી શ્રી જમ્બુસ્વામીના પૂછવાથી **કામદેવ** શ્રાવકનું ચરિત્ર કહે છે. આ ભરતક્ષેત્રમાં ધનધાન્યથી ભરપૂર **ચંપા** નામની નગરી છે. ત્યાં **પૂર્ણભદ્ર** નામનું એક ચૈત્ય છે તે નગરીનો અધિપતિ **જીતશત્રુ** રાજા હતો. તે પ્રજાનું પુત્રની માફક પાલન કરતો હતો. **કામદેવ** નામનો વણિક વસતો હતો. તેને પૂર્ણકળાએ ખીલેલા ચંદ્ર જેવા મુખવાળી **ભદ્રા** નામની ભાર્યા હતી. તે કામદેવ પાસે ઘણું દ્રવ્ય હતું. છ કરોડ મહોરો જેટલું દ્રવ્ય વાણિજ્યમાં, છ કરોડનું વ્યાજમાં રોકાયેલું, છ કરોડનું દ્રવ્ય ભૂમિમાં નિધાન રૂપે હતું. દસ દસ હજાર ધેનુની સંખ્યાવાળા છ ગોકુળ તે ભાગ્યશાળીને ત્યાં હતાં. બીજી પણ પુષ્કળ રિદ્ધિ તેને હતી. આમ અનેક પ્રકારે મનુષ્ય સંબંધી સુખ ભોગવતો કામદેવ કાળનિર્ગમન કરતો હતો.

અહીં એક દિવસ ચરમ તીર્થંકર શાસનાધિપતિ શ્રી વીર જિનેન્દ્ર પૂર્ણભદ્ર ચૈત્યે પોતાના પરિવાર સાથે સમવસર્યા,

તે વખતે દેવોએ સમવસરણ રચ્યું. વિશ્વવલ્લભ વિતરાગને વાંદવા નગરનિવાસી નરનારીઓ ઉત્સાહપૂર્વક જવા લાગ્યા આ દૃશ્ય જોઈ કામદેવે કોઈ પુરુષને પૂછ્યું, "હે ભાઈ ? આજે નગરમાં શાનો ઉત્સવ છે, આજે શું કોઈ તહેવાર છે ? આ લોકો નગર બહાર શા માટે જાય છે ? ત્યારે પૌરી પુરુષ બોલ્યો. "હે શ્રેષ્ઠી ! દેવાધિદેવ સર્વજ્ઞ શ્રી વર્ધમાન-સ્વામી આપણા પૂર્ણભદ્ર નામના ચૈત્યને વિષે સપરિવાર સમવસર્યા છે. તેમને વાંદવા માટે આ ભાગ્યશાળી જીવો જાય છે." તે પુરુષનાં વચન સાંભળી હર્ષભર્યા હૈયે મહાન સમૃદ્ધિ સાથે કામદેવ વિતરાગને વાંદવા ઊપડ્યો. પ્રભુ પાસે આવી ત્રણ પ્રદક્ષણાપૂર્વક પંચાંગપ્રણિપાત કરી બેઠો પ્રભુએ પણ કંદર્પના દર્પને ઉતારી નાખે એવી અતિશયયુક્ત વાણીથી દેશના આપી, પ્રભુ ભવ્યલોકોને સંબોધીને કહે છે. હે ભવ્ય-લોકો ! જે પુરુષો શુદ્ધ શ્રદ્ધાથી જિનધર્મ આદરે છે. તેઓ ઉભય લોકમાં **રત્નસાર**ની માફક સુખી થાય છે. ત્યારે પ્રથમ ગણધર ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે: હે જિનેન્દ્ર રત્નસાર તે કોણ હતો ? શી રીતે એણે જિનધર્મ આરાધ્યો ? તે શી રીતે સુખી થયો ? તે કૃપા કરી અમને કહો. ત્યારે પ્રભુ બોલ્યા, હે ગૌતમ, તું સાવધાન થઈ સાંભળ:—



‘ રત્નસાર ’ ની કથાઃ—

રત્નવિશાળા નામની નગરીમાં **સમરસિંહ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં **વસુકુમાર** વણિક વસતો હતો. તેને **રત્નસાર** નામે એકનો એક પુત્ર હતો. એક દિવસ તે મિત્રો સાથે ફરતો ફરતો એક વનમાં આવી પહોંચ્યો. ત્યાં **વિનયંધર** નામના આચાર્યને ત્રણ પ્રદક્ષિણા દઈ ભાવપૂર્વક વાંદી ત્યાં બેઠો. પછી અંજલિ જોડી વિનયપૂર્વક કહેવા લાગ્યો; “ હે ભગવન્ ! મનુષ્ય, સુખને શી રીતે મેળવે ? ” ગુરુ બોલ્યાઃ “ હે ભદ્ર ! સંતોષથી જીવ ઉભય લોકમાં આનંદ–મંગળ પ્રાપ્ત કરે છે. તે સંતોષ બે પ્રકારે છે. દેશથી અને સર્વથી તેમાં મુનિમહારાજોને સર્વથી અને ગૃહસ્થને દેશથી સંતોષ હોય છે તે પરિગ્રહના પ્રમાણ વડે, કહ્યું છે કેઃ—

असंतोषवतः सौख्यं, न शक्रस्य न चक्रिणः ॥
जन्तो सन्तोष भाजोः, यद् भव्यस्येव हि जायते ॥१॥

અર્થઃ—અસંતોષી એવા શક્ર અને ચક્રી જે આનંદ અનુભવતા નથી તે આનંદ સંતોષી ભવ્યજીવો આ સંસારમાં અનુભવે છે. માટે હે ભવ્યજીવો ! તમે પરિગ્રહનું પ્રમાણ

કરો. તે સાંભળી રત્નરૂપ શ્રેષ્ઠપુરુષ રત્નસારે સમ્યક્ત્વ સહિત પરિગ્રહનું પ્રમાણ કર્યું તે આ પ્રમાણે,:–હે ભગવન્! મારે એક લક્ષ રત્નો, દસ લાખ સુવર્ણ દ્રવ્ય, વૈડુર્ય રત્ન, તથા મુક્તાફળના આઠ આઠ ચરૂ, દસ દસ હજાર ગાયોની સંખ્યાવાળા છ ગોકુળો, જૂનું નાણું આઠ કરોડ, એકસો વાહનો, એક હજાર ઘોડાઓ, એકસો હાથીઓ, અને પાંચસો હવેલી, આટલું કલ્પે; આ સિવાય મારે બીજું દ્રવ્ય ન કલ્પે. બીજું, હે પ્રભો! હું રાજ્ય ગ્રહણ નહિ કરૂં અને પાંચે અતિચાર વર્જીને શુદ્ધ પંચમઅણુવ્રત ગ્રહણ કરૂં છું.” એ પ્રમાણે વ્રત લઈ ગુરુ ને વાંદી તે ઘેર આવ્યો. પછી તે સારી રીતે શ્રાવકધર્મ પાળવા લાગ્યો.

એક દિવસ મિત્રોથી પરિવરેલો રત્નસાર એક વનમાં આવી પહોંચ્યો, વનમાં પરિભ્રમણ કરતા એવા રત્નસારે કિન્નરનું એક જોડલું જોયું, કે જેનું મુખ ઘોડા જેવું હતું અને શરીર મનુષ્યનું હતું. અરે! આવું મેં કયાંય જોયું તો નથી, પણ સાંભળ્યું ય નથી. વિસ્મય પામેલો રત્નસાર મિત્રો પ્રતિ હસીને કહેવા લાગ્યો. જો આ મનુષ્ય હોય તો આમને ઘોડાનું મોઢું કયાંથી આવ્યું? તેથી તે મનુષ્ય નથી અને દેવ પણ નથી, પરન્તુ કોઈ દ્વીપાંતરથી આવેલું તિર્યંચનું જોડલું જણાય છે. અથવા કોઈ દેવતાનું વાહન હોય તો કાંઈ કહી ન શકાય! તે સાંભળી કિન્નર બોલ્યોઃ “હે રત્નસાર! તું જ તિર્યંચ તુલ્ય જણાય છે. તું અમને લેવા દેવા વગરનો શા માટે વિડંબના પમાડે છે? અમે તો સ્વેચ્છાચારી વિલાસવંત વ્યંતર છીએ, તું જ શિંગ–પૂંછડા

વગરનો જનાવર છે કે જેથી તારા પિતાથી છેતરાયો છે.” રત્નસાર બોલ્યો, “ હે કિન્નર ! શી રીતે મને મારા પિતાએ છેતર્યો ? ” તે કિન્નર બોલ્યો, સાંભળ !

તારા પિતાને દ્વીપાંતરનો એક અશ્વ મળ્યો છે તે વર્ણે શ્યામ, શરીરે કૃષ ટૂંકા કાનવાળો અતિ ચપળ સ્થૂલ સ્કંધવાળો અને પોતાના સ્વામીનો વિજય કરનાર છે કહ્યું છે કે :—

निर्मांसं मुखमंडले परिमितं, मध्ये लघुं कर्णयोः,
स्कंधे बंधुरमप्रमाणमुरसि, स्निग्धं च रोमोद्गमे ॥
पीनं पश्चिमपार्श्वयोः पृथुतरं पृष्ठं प्रधानंजये,
राजा वाजिनमारुरोह सकलैर्युक्तं प्रशस्तैर्गुणैः ॥१॥

અર્થ:—દુબળા મુખવાળા, દુબળી કમરવાળાં, ટૂંકા કાનવાળાં, સ્થૂલ સ્કંધવાળા, વિશાળ વક્ષઃ સ્થળવાળા, નિબિડ રૂંવાટીવાળા, બન્ને પડખાં અને પાછળનો ભાગ જેનો પુષ્ટ હોય તેવા અને વેગવાન ગતિવાળા વગેરે ઉત્તમ ગુણોથી અલંકૃત એવા અશ્વ પર રાજાએ બેસવું. તે પર આરુઢ થનાર પુરુષ પવનની માફક એક દિવસમાં ચારસો ગાઉની મંજલ કાપે છે. વળી સાત દિવસમાં સમગ્ર પૃથ્વીનું પરિભ્રમણ કરી ઘેર પાછો આવે છે.

“ અરે ! મૂઢ આવો અશ્વ તારા પિતાએ ઘરમાં એકાન્ત સ્થાને સંતાડી રાખ્યો છે. તે તું કયાંથી જાણે ? કૂટ વિકલ્પોથી શા માટે મને દુષિત કરે છે ? ? જ્યારે તું તે અશ્વને મેળવીશ ત્યારે જ હું તારી ધીરતા ને વીરતા જાણીશ.” એમ

કહી તે કિન્નર ગગન માર્ગે જતો રહ્યો. કિન્નરના આવાં વચનો સાંભળી વિચારવમળમાં અટવાયેલો રત્નસાર ઘેર આવી ચિંતવવા લાગ્યો. ખરેખર, મારા પિતાએ મારાથી છાનો અશ્વ સંતાડયો છે, તેમણે હજી સુધી મને શા માટે ન બતાવ્યો ? મારાથી સંતાડવાનું શું પ્રયોજન ? એમ વિચારી બારણાં બંધ કરી તે તૂટેલી ખાટ પર સૂતો. થોડી વારમાં તેના પિતા આવ્યા. પુત્રની આ પરિસ્થિતિ જોઈ કહેવા લાગ્યો, "હે પુત્ર, તને શું થયું છે ? કાંઈ મનની, શરીરની કે હૃદયની પીડા થઈ છે ? જે થયું તે કહે, કારણ કે વ્યાધિ જાણ્યા વગર ઈલાજ થતો નથી."

પિતાના વચનથી સંતુષ્ટ થયેલો રત્નસાર દ્વાર ઉઘાડી બહાર આવ્યો, તેના પિતાએ પણ બહાર આવી હઠનું કારણ પૂછયું. ત્યારે તેણે અશ્વ સંબંધી, સઘળી હકીકત કહી, તે સાંભળી શ્રેષ્ઠી બોલ્યો. "હે પુત્ર ! સાંભળ ! તું મારો એક જ પુત્ર છે. અગર તું અશ્વ પર આરૂઢ થઈ પૃથ્વી પર પરિભ્રમણ કરે અને તારા વિયોગનું દુઃખ થાય તે કારણથી મેં અશ્વ સંતાડી રાખ્યો છે, માટે તું રીસ છોડી દે. હું તને અશ્વ આપું છું તેને તું ફાવે તેમ કર. એમ કહી શ્રેષ્ઠીએ રત્નસારને ઘોડો સોંપ્યો. પછી જોઇએ શું ?

હર્ષઘેલો રત્નસાર અશ્વની પીઠ પર આરૂઢ થઈ મિત્રો સાથે નગર બહાર આવી, વેગપૂર્વક પૃથ્વી પર પરિભ્રમણ કરવા લાગ્યો.

અહીં રત્નસારને ઘેર પીંજરામાં રહેલા પોપટે વસુકુમાર શ્રેષ્ઠીને કહ્યું કે, "હે તાત, હું કુમારની શુદ્ધિ માટે તેમની

સાથે રહું, કોણ જાણે કયારે શું થાય, કદાચ દૈવયોગે કુમાર કોઈ વિષમ સ્થાને પહોંચી જાય તો હું તેનો મદદગાર થઈશ.” શ્રેષ્ઠી બોલ્યો, “ હે શુકરાજ ! તેં મને સાચું કહ્યું, માટે હે સ્વચ્છમતે ! તું શીઘ્ર જઈ કુમારનો સાથી બન. ત્યારે પોપટ પણ પોતાને કૃતાર્થ માનતો પીંજરામાંથી નીકળી વેગપૂર્વક ઊડ્યો અને કુમારને આવી મળ્યો, કુમારે પણ લઘુ બાંધવની જેમ પોતાના બોળામાં બેસાડ્યો. કુમારના મિત્રો પાછળ રહી ગયા. કુમારનો અશ્વ ન દેખાવાથી તેઓ પોતપોતાના ઘરે પાછાં આવ્યા.

અશ્વ પર આરૂઢ થઈ વેગપૂર્વક ગતિ કરતો કુમાર પોપટ સાથે એક ઘનઘોર અટવીમાં આવી પહોંચ્યો. ઘેરી ઘેરી વૃક્ષઘટાઓ, મનમોહક લતામંડપો, કલકલ કરતાં ઝરણાંઓ, નિર્દોષ પ્રાણીઓ અને વ્યોમવિહારી પશુઓ જોતો તે ચાલ્યો જતો હતો ત્યાં તેણે દેવ જેવા દિવ્ય શરીરવાળા તાપસકુમારને વૃક્ષની છાયામાં હિંડોળા પર હિંચકતાં જોયો, તેના ઘૂંઘરાળા કેશ, શશિસમવદન પુષ્ટબાંધો, કમળદળ જેવાં સ્નિગ્ધ નેત્ર, વિશાળ વક્ષઃસ્થળ અને સુડોળ ચહેરાને જોઈ કુમાર તેના પ્રત્યે સ્નેહભરી લાગણીથી પોતાના બાંધવની પેઠે જોવા લાગ્યો. ત્યારે તે તપાસકુમાર પણ રત્નસારને કંદર્પ જેવો જોઈ સ્નેહપૂર્વક વિચારવા લાગ્યો. અહો ! આ મારો મહેમાન આવ્યો છે. એમ વિચારી તે હિંડોળા પરથી ઊતરી કુમાર પાસે આવી બોલ્યો. “ હે સત્પુરુષ ! કયો તમારો દેશ ? કયુ નગર ? તમે કયા કુળના ? તમે જ્ઞાતે કોણ છો ? તમારા માતાપિતા કોણ ? તમારો સ્વજન વર્ગ તથા

તમારૂં શુભ નામ શું છે ??? તમે કયા કારણે પરિવાર મૂકી અહીં એકલા આવ્યા છો ? અહીં તમે શું શોધો છો ? આજે તમે મારા અણમોલા અતિથિ છો માટે અશ્વથી ઊતરી મારા પ્રશ્નના ઉત્તર આપો." તે સાંભળી અત્યંત ખુશ થયેલો કુમાર અશ્વથી ઊતરી જ્યાં જવાબ આપવા જાય છે ત્યાં વાચાળ પોપટ બોલ્યો. " હે તાપસકુમાર ! કુળજાતિ આદિ પૂછવાથી તારે શું કામ છે ? અમારે તારી સાથે કાંઈ વિવાહ નથી કરવો ? માટે તું યજમાન ઉચિત કૃત્ય કર; કારણ કે મુનિઓને પણ અતિથિ પૂજ્ય કહ્યો છે. કહ્યું છે કેઃ—

गुरुरग्निर्द्विजातीनां वर्णानां ब्राह्मणो गुरुः ॥
पतिरेव गुरुः स्त्रीणां, सर्वस्याभ्यागतोः गुरुः ॥ १ ॥

અર્થ :—બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના ગુરુ, અગ્નિ, સર્વે જાતોના બ્રાહ્મણ ગુરુ, સ્ત્રીઓનો ગુરુ પતિ હોય છે. અને તે બધાયનો ગુરુ અતિથિ હોય છે.

માટે હે તાપસકુમાર ! જો તને અમારા કુમાર પર સ્નેહ હોય તો આમને અતિથિ જાણી ઉચિત કાર્ય કર, બીજી પંચાત કરવાથી શો ફાયદો ?

પોપટનાં આવાં વચન સાંભળી તાપસકુમારને અત્યંત આનંદ થયો. તેથી તે પોપટના કંઠમાં તાજી પુષ્પમાળા આરોપી કહેવા લાગ્યો કે, " કુમાર, ખરેખર ! તમે વખાણવા લાયક પુરુષ છો કે આ અણમોલો પોપટ તમારો સાથી છે ! માટે હે કુમાર, તમે મારા મહેમાન થાઓ. હું રહ્યો તાપસ, તેથી હું આપની શી રીતે ભક્તિ કરી શકું ? તો પણ શક્તિ

પ્રમાણે ભક્તિ કરીશ. એમ કહી તે રત્નસારનો હાથ પકડી પ્રીતિવડે વનખંડ દેખાડવા લાગ્યો. નાના પ્રકારના ફળફૂલ વૃક્ષ અને લતાઓનાં નામ દઈ ઓળખાવવા લાગ્યો. પછી તે કુમારને તળાવમાં સ્નાન કરાવવા લઈ ગયો, સ્નાન બાદ તાપસકુમારે રત્નસારને ક્ષુધાથી મુક્ત કરવા પકવાન્ન કરતાં પણ સ્વાદિષ્ટ પાકાં અંગૂર, આમ્રફળ, નાળિયેર, ફણસ, ખજૂર, જાંબુ, નારંગી દાડમ, રાયણ અને અંજીર ઈત્યાદિ વિવિધ પ્રકારનાં ફળો કુમાર સામે મૂકયાં. કુમારે અને પોપટે મળી બધી વસ્તુઓને પ્રેમપૂર્વક આરોગી.

પછી મુખ શુદ્ધિ માટે એલચી, લવીંગ, જાયફળ અને કપુરયુક્ત નાગવલ્લીનાં પાન આપ્યાં. વનનાં તાજાં મીઠાં ફળ, અને ઝરણાંનાં સ્વચ્છ, ઠંડા અને મીઠા પાણીથી તૃપ્ત થઇ સર્વે સુખેથી બેસી ટાઢાપહોરનાં ગપ્પાં મારવા લાગ્યાં. પછી કુમારની સંજ્ઞાથી પોપટ તાપસકુમારને પૂછવા લાગ્યો : " હે મિત્ર ! તેં નવયૌવનની શરૂઆતમાં આવું ઘોર તપ શા માટે લીધું ? કયાં આ રૂપ લાવણ્યથી ભરપૂર કોમળ શરીર અને કયાં દુષ્કર વ્રત ! વળી હે મહાભાગ ! તારું ચાતુર્ય અને સૌજન્ય આ નિર્જિડ અટવીમાં માલતી કુસુમની માફક નિષ્ફળ જાય છે, આ તારું શરીર દિવ્ય વસ્ત્રાભૂષણથી વિભૂષિત થઈ શોભવું જોઈએ એને બદલે આ કર્કશ અને કઠિન વલ્કલ પહેરી શા માટે વ્યર્થ વેડફે છે ? આ બધું તારાથી સહન પણ કોણ જાણે કેમ થાય છે ? તારો શ્રાવણની ઘટાને શરમાવે તેવો શ્યામ અને કોમળ કેશપાસ જટાબંધથી નથી શોભતો. વિવિધ પ્રકારના ભોગોપભોગથી ન સેવાયેલું તારું

નવયૌવન અને લાવણ્ય નિરર્થક છે. તને આ વયમાં સંસારનો સુંવાળો માર્ગ મૂકી આ વ્રત–વૈરાગ્યનો માર્ગ કોણે બતાવ્યો ? તને વૈરાગ્ય ઉપજ્યો કે કોઈ મહા દુઃખથી કંટાળ્યો કે કોઇએ તેને ભોળવ્યો તો કોઇના વશ થવાથી આ વ્રત આદરી બેઠો છો, તે અમને જણાવ. ”

પોપટનાં વચન સાંભળી તાપસકુમારનાં ચક્ષુ અશ્રુથી ઊભરાઇ આવ્યાં તે ગુલાબી ગાલ પરથી સરી જમીનમાં અદૃશ્ય થઇ ગયા. ન વર્ણવી શકાય તેવી વ્યથાને અનુભવતો ગદ્‌ગદ્‌ કંઠે તે કહેવા લાગ્યો, હે કુમાર ! હે શુકરાજ ! ! તમારાં જેવા સજ્જન પુરુષો આ પૃથ્વીના પટાંગર પર કયાંય દેખાતા નથી. કે મને જોવા માત્રથી તમને મારા ઉપર કરુણા ઊપજી પોતાના દુઃખે તો દુનિયા દુઃખી દેખાય છે, પરન્તુ અન્યને દુઃખથી પીડા પામનાર પુરુષ વિરલો જ હોય છે. કહ્યું છે કે :—પ્રતિ પગલે હજારો શૂરવીરો હોય છે. ઘણાં શાસ્ત્રમાં પારંગત અનેક વિદ્વાનો હોય છે. કુબેર ભંડારીને શરમાવે તેવા ધનાઢય દાતારો હોય છે. પરન્તુ આ વિશ્વમાં પાંચ કે છ જ એવા પુરુષો હશે કે જેઓ અન્યના દુઃખે દુઃખી થાય.

માટે હે કુમાર ! યોગ્ય અવસરે હું મારું આખું ચરિત્ર યથાર્થ રીતે કહીશ. વિશ્વાસ પામેલા સત્પુરુષોથી શું સંતાડવાનું હોય ? આમ આપસમાં આલાપ કરતાં તાપસકુમાર, રત્નસાર અને પોપટ બેઠાં છે એવામાં અચાનક ધૂળ ઉડાડતો દશે દિશાઓને અંધકારમય કરતો અને ઘોર ગર્જના કરતો વંટોળિયો ઉત્પન્ન થયો, અને તે તાપસકુમારને ઊપાડી ચાલતો થયોઃ ત્યારે તે તાપસકુમાર પુકારવા લાગ્યો : “ હે સજ્જન

પુરુષ! મારું રક્ષણ કરો? મને બચાવો." તે સાંભળી કુમાર તેની પાછળ દોડ્યો, તેણે ક્રોધિત થઈ ગર્જના કરી કે "હે દુષ્ટ પવન તું મારા પ્રાણપ્રિયને ઉપાડી કયાં જાય છે? ઊભો રહે હું તને બતાવું છું," એમ બોલતો કુમાર વંટોળિયાની પાછળ કેટલેક દૂર દોડતો ગયો. ત્યારે પોપટ બોલ્યો; "હે રત્નસાર! હવે તે બાળતાપસ દેખાતો નથી. દુષ્ટ વાયુ તેને લાખ જોજન દૂર લઇ ગયો હશે. તે કયાં છે અને કયાં જશે તે આપણે શી રીતે જાણીએ. માટે તમે પાછા વળો. તે સાંભળી અત્યંત દુઃખી થયેલો રત્નસાર વિવિધ વિલાપ કરતો ભાંગેલા હૃદયે અને લથડીઆ ખાતા પગે પાછો વળ્યો. તેઓ ઘોડા પાસે આવ્યા ત્યારે વિસ્મય પામેલો પોપટ બોલ્યો. "હે કુમાર! નિશ્ચય એ તાપસકુમાર પુરુષ નહોતો પણ સ્ત્રી હોવી જોઇએ, કોઇપણ દેવે દાનવે કે વિદ્યાધરે પોતાની વિદ્યાના બળથી તેને પુરુષ રૂપે બનાવ્યો હોવો જોઈએ; તેથી જ તને વિડંબના પમાડે છે. તેની મુખાકૃતિથી, ચાલથી, વાચાથી અને હાવભાવથી તે કન્યા જ હોવી જોઇએ, એવું મારું અનુમાન છે. જ્યારે તે દુષ્ટના સકંજામાંથી છૂટશે. ત્યારે નિશ્ચય તે તમને વરશે. પોપટના વચન સાંભળી ઇષ્ટદેવની માફક તાપસકુમારનું સ્મરણ કરતો રત્નસાર ઘોડા પર બેસી પોપટ સાથે શીઘ્ર પ્રયાણ કરી ચાલતો થયો. રસ્તામાં નાના પ્રકારના વૃક્ષોથી સુશોભિત એક વનખંડ આવ્યું, ત્યાં ઊંચા તોરણ અને ધ્વજા પતાકાથી અલંકૃત **આદીશ્વરજીનું** એક ચૈત્ય હતું. તે જોઈ રત્નસાર ઘોડા પરથી ઊતરી, હર્ષભેર પુષ્પ ફળ આદિ લઈ પોપટ સાથે જિનાલયમાં ગયો. વિધિપૂર્વક પૂજા કરી, આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

सिरिनाभिणामकुलगरकुलकमल्लुल्लासणेगदिवसकर ? ॥
भवदुहलक्खविहडंण ? जयमंडण ? णाह ? तुझ्झ णमो ॥१॥

અર્થ :—શ્રી નાભિકુલધરના કુળરૂપ કમળને વિકસ્વર કરવામાં સૂર્યરૂપ, સંસારનાં દુઃખોનું દમન કરનાર અને વિજયના મંડાણ એવા હે પ્રભો ! હું આપને પ્રણમું છું. ”

આ પ્રમાણે જિનવરની સ્તુતિ કરી, સર્વ બાજુથી ચૈત્યની શોભા જોતો, તે એક વાતાયનમાં બેઠો; પછી પોપટને કહેવા લાગ્યો; “ હે શુકરાજ ! હજી પણ તે તાપસના કાંઇ બબર ન મળ્યા. ” પોપટ બોલ્યો; “ હે કુમાર ! તમે ખેદ ન કરો. આજે જ તમને તેનો સંગમ થશે. તે બન્ને ત્યાં વાર્તાલાપ કરી રહ્યા હતા, એટલામાં મયૂર પર બેઠેલી દેવાંગના જેવી એક કન્યા ત્યાં આવી, જિનેન્દ્રની પુષ્પચંદનાદિથી પૂજા કરી પ્રભુ સમક્ષ નૃત્ય કરવા લાગી. તે બાળાની નૃત્યકળાને જોતો રત્નસાર કેટલીકવાર ઊભો રહ્યો ત્યાં તે કન્યાની નજર કુમાર પર પડી. તે જોતાં જ તેણે નૃત્ય બંધ કર્યું. તે કુમારના અદ્‌ભુત રૂપથી વિસ્મય પામી; કુમાર પણ રૂપ લાવણ્યના કોષ જેવી પ્રમદાને જોઈ બોલ્યો; “ હે દેવી ! તને કાંઇ હરકત ન હોય તો જણાવ કે તું મોર પર સ્વેચ્છાએ વિચરનારી કોણ છે ? અને તું કયાંથી આવે છે ? હું ઇચ્છા રાખું છું કે તું તારું ચરિત્ર મને સંભળાવીશ. તે બોલી: “ હે કુમાર, હું મારી દુઃખપૂર્ણ કથા તમને શું કહું ? છતાં તમે સાવધાન થઇને સાંભળો :—

અહીંથી થોડેક દૂર **કનકપુરી** નામની નગરી છે. ત્યાં **કનકધ્વજ** નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને **કુસુમશ્રી**

નામે રાણી છે, તેણે એક રાત્રે સ્વપ્નમાં બે માળાઓ બોળામાં પડતી જોઈ. સ્વપ્ન જોઇ તે તુરત જાગી ગઈ અને રાજા પાસે આવી સ્વપ્નની વાત કહી, રાજા વિચાર કરીને બોલ્યો : "હે ભદ્રે ! આ સ્વપ્નથી એમ જણાય છે કે તું પુત્રીના જોડલાને જન્મ આપીશ. સ્વપ્નના આવા મધુર ફળને જાણી રાણી અત્યંત ખુશ થઈ, અને બાકીનો વખત ધર્મધ્યાનમાં ગાળ્યો.

અનુક્રમે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો, માસ પૂર્ણ થયે રાણીએ રૂપરૂપના અંબાર જેવી બે કન્યાને જન્મ આપ્યો. ઉત્સવ વગેરે કર્યા બાદ પહેલી કન્યાનું નામ **અશોકમંજરી** અને બીજી કન્યાનું નામ **તિલકમંજરી** એવું પાડ્યું. પાંચ ધાવમાતાઓથી પોષણ કરાતી બન્ને બહેનો શુકલ પક્ષના ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામવા લાગી, ક્રમે કરી તે બન્ને કન્યાઓ સર્વ કળામાં નિષ્ણાત થઇ. છલોછલ લાવણ્ય યુક્ત સુવર્ણમય શરીરવાળી અદ્‌ભુત સૌંદર્યવાન અને જોનારાનાં ચિત્તને હરનારી તે બન્ને બાળાઓ પૂર્ણ વિકસિત યૌવનના આંગણે આવી પહોંચી.

ત્રણે લોકની સ્ત્રીઓમાં અદ્‌ભૂત નમૂનારૂપ તે બન્ને બહેનોનો પરસ્પર ગાઢ સ્નેહ હતો, એટલે સુધી કે તેઓ પરસ્પર ક્ષણવારનો વિરહ પણ સહન કરવા સમર્થ નહોતી જેમકે.

सह जग्गिराण सह सोयराण सह हरिससोअवताणं ।
नयणाणं घन्नाणं आजम्मकत्तिम पिम्मं ॥ १ ॥

અર્થ :—સાથે જાગનારી, સાથે સૂનારી, સાથે ખુશ થનારી, સાથે શોક કરનારી હતી. બન્ને ચક્ષુઓની જેમ જન્મથી બંધાયેલો વિશુદ્ધ પ્રેમ અવર્ણનીય હોય છે.

હવે રાજા એક દિવસ ચિંતવે છે કે મારી બન્ને પુત્રીઓને એક જ પુરુષ જોડે પરણાવી હોય તો સારું, કેમકે અન્યથા એક બીજીના વિરહથી નિશ્ચય મૃત્યુ પામશે. માટે આ બન્નેના જેવા ગુણવાળો કોણ પુરુષ હશે? તેની રાજાના મનમાં આ ભારે ચિંતા હતી; કેમકે:—

કન્યા જન્મે ત્યારે પિતાને થાય કે કન્યા થઈ, પણ તે પારકી અનામત છે. એવી ચિંતા થાય. મોટી થાય, ત્યારે આ કન્યાને કોની સાથે પરણાવવી, એવી ચિંતા થાય, અને પરણાવ્યા પછી પણ એ ત્યાં સુખી થશે કે કેમ તેની ચિંતા થાય. માટે કન્યાએ ખરેખર, ચિંતાનો—આફતનો ભારો છે.

એવામાં ઋતુરાજ વસંત આવ્યા, વનો—ઉદ્યાનો નવપલ્લવિત થઈ ગયાં. વૃક્ષો ખીલી ઊઠ્યાં, આમ્રકુંજમા કોકિલાઓ ટહુકાર કરવા લાગી, તે વખતે બન્ને ભગિનીઓ વનમાં ક્રીડા કરવા ગઇ. ત્યાં વૃક્ષની શાખા સાથે મજબૂત દોરડાનો હિંચકો બનાવી અશોકમંજરીને તિલકમંજરી ઝુલાવતી હતી. ત્યાં ભેગા થયેલા નગરવાસી નાના પ્રકારના કૌતુકો જોવામાં મગ્ન હતાં, એટલામાં કોઈ એક વિદ્યાધરે અશોકમંજરીનું હરણ કર્યું, ત્યારે તે આર્તનાદ કરવા લાગી: "અરે! અરે! હે લોકો! મને હરણ કરીને આ દુષ્ટ લઈ જાય છે, માટે દોડો દોડો, મને બચાવો. મારું કોઈ રક્ષણ કરો. તે સાંભળી પાસે ઉભેલા સુભટો ઉઘાડી તલવારે દોડ્યા પણ જોતજોતામાં તે વિદ્યાધર બાળાને લઈ અદૃષ્ય થઈ ગયો.

આ વાતની ખબર પડવાથી રાજાને અત્યંત દુઃખ થયું. તે દુઃખી થઈ વિલાપ કરવા લાગ્યો. "હે પુત્રી! તું કયાં

જતી રહી ? હે બેટી તારું શું થયું ? હાય ! હાય ! હું શું કરું ? ”

અહીં તિલકમંજરી પણ મૂર્ચ્છા પામી પૃથ્વી પર ઢગલો થઈ ઢળી પડી. વાયુવારિ વગેરેના શીતોપચારથી તે શુદ્ધિ પામી અને છાતીફાટ રુદનથી વિલાપ કરવા લાગી, “ હે બહેન ! તારા વગર હું શી રીતે જીવીશ ? તું એકવાર તો તારું મોં બતાવ, મેં તારો શો અપરાધ કર્યો છે ? ઇત્યાદિ વિલાપ કરતાં સંધ્યા થઇ ગઇ. સહુ લોકો પોતપોતાના ઘરે પાછાં આવ્યા રાજા–રાણી અને તિલકમંજરી ન વર્ણવી શકાય તેવું દુઃખ અનુભવી રહ્યાં હતાં. નગરમાં ચારે તરફ અશોકમંજરીની જ ચર્ચા ચાલતી હતી. પ્રમદાઓ બીકની મારી ઘરમાં જ ભરાઈ ગયેલી હતી. નગર પર જાણે શોકના વાદળ છવાઇ ગયાં હતાં, અન્તે સૌ નિદ્રાધીન થયાં.

તિલકમંજરીથી નિદ્રાદેવી રિસાઈ અત્યંત દૂર જતી રહી હતી. તેની આંખો સામે બાલવયથી માંડીને અત્યાર સુધીના નિર્દોષ પ્રેમની મધુર સ્મૃતિઓ એક પછી એક સ્મૃતિપટ પર દૃષ્ટિગોચર થયા કરતી હતી. આખરે તેનાથી ન રહેવાયું. તે ઊઠી અને ચક્રેશ્વરી દેવીના મંદિરમાં આવી ભક્તિપૂર્વક પૂજા કરી બોલી, “ હે માત ! મારી બહેનની બબર મને ત્વરાથી આપો. નહિતર આ ભવમાં ચારે આહારનો ત્યાગ કરું છું. તે સાંભળી તેની ભક્તિથી સંતુષ્ટ થયેલી દેવી પ્રત્યક્ષ થઈ કહેવા લાગ્યાં. હે ભદ્રે ! તારી ભગિની આનંદમાં છે. તું તેની ચિંતા ન કર. તું ઘેર જઈ ભોજન કર. એક મહિના પછી તને અશોકમંજરીના સમાચાર મળશે.

ત્યારે દૈવયોગે તને તેનો સંગમ પણ થશે.' ત્યારે તિલકમંજરી બોલીઃ " હે માત ! મારી બહેન કયાં અને શી રીતે મળશે ?" ત્યારે દેવી બોલીઃ " હે બાળા ! આ નગરીના પશ્ચિમના ભાગમાં અહીંથી બહુ દૂર એક જંગલ છે, ત્યાં મણિરત્ન સુવર્ણમય આદિ જિનેશ્વરનું ચૈત્ય છે, ત્યાં સુવર્ણમય જિન પ્રતિમા છે તે અતિશયયુક્ત પ્રતિમાની વિધિપૂર્વક પૂજા કરવામાં તું તત્પર થા. ત્યાં તારી બહેનનો અવશ્ય મેળાપ થશે. મારો એક સેવક મયૂરનું રૂપ લઇ તને ત્યાં લઇ જશે. કારણકે મનુષ્યને માટે ત્યાં પહોંચવું બહુ મુશ્કેલ છે." એટલામાં એક મોર આકાશ માર્ગેથી આવી ત્યાં ઊતર્યો.

" ત્યારથી હે કુમાર ! દેવીની કૃપાથી હું આ મયૂર પર આરૂઢ થઈ દરરોજ અહીં આવું છું. આમ પ્રભુની નિરંતર પૂજાદિ કરતી મને સંપૂર્ણ એક માસ આજે થયો છે. આજના દિવસની આતુરતાથી પ્રતિક્ષા કરતી હું જીવતી રહી છું. જો આજ મને મારી બહેન નહિ મળે તો મને જીવવાની ઇચ્છા પણ નથી.

" વળી હે મહાભાગ ! તમે દેશાન્તરનાં ભ્રમણ કરો છો માટે તમોએ કોઈ જગ્યાએ મારા જેવી લાવણ્યવાળી મારી બહેનને જોઈ હોય તો કૃપા કરીને કહો, કારણ કે તેના વગર હું ઝૂરી ઝૂરીને જીવું છું. ત્યારે કુમાર બોલ્યોઃ " હે સુંદરી ! વિદેશમાં ભ્રમણ કરતાં એવા મેં તારા જેવી રૂપ લાવણ્યવાળી કન્યા કયાંય જોઈ નથી. પરન્તુ એક અટવીમાં દિવ્યકાન્તિયુક્ત તારી ઉંમરનો અને તારા જેવો જ રૂપ લાવણ્યથી ભરપૂર એક તાપસકુમારને

જોયો હતો. " એટલામાં પોપટ બોલ્યો : " હે સુંદરી ! નિશ્ચય તારી ભગિની આજે જ તને મળશે. " પોપટના અમૃત જેવા શબ્દો સાંભળી, કુંવરી બોલી. " હે શુકરાજ ! જો આજે મને મારી બહેન મળશે તો હું આપની પૂજા કરીશ. " આમ ત્રણે જણ પરસ્પર વાતો કરે છે ત્યાં એક હંસી આકાશ માર્ગેથી કુમારના ખોળામાં પડી. તેના અંગો કંપતાં હતાં, તે ભયથી વ્યાપ્ત હતી. કુમાર સામે જોઇ હંસલી મનુષ્ય વાણીમાં બોલી : "હે સત્પુરુષ ! હે વીર ! હે શરણાગત વત્સલ ! હે દયાનિધાન ? દીન-દુઃખી એવી આ બાળાનું તમે રક્ષણ કરો, રક્ષણ કરો; હું તમારા શરણમાં આવી છું. " કુમાર પણ તેને પંપાળી કહેવા લાગ્યો; " હે હંસી ! ભય મૂકી દે. મનુષ્યેન્દ્ર હોય, ખેચરેન્દ્ર હોય, દેવેન્દ્ર હોય, કે અસુરેન્દ્ર હોય, કોઈ પણ હોય, પણ મારા ખોળામાંથી તને લઈ જવા કોઇ શક્તિમાન નથી. " ઇત્યાદિ અનેક પ્રકારે સાંન્ત્વના આપી કુમારે તેને ઠંડું પાણી પિવડાવી નિર્ભય કરી.

ત્યારબાદ કુમારે પૂછ્યું કે, " હે હંસી ! તું કોણ છે? તું કયાંથી આવી છું ? તું મનુષ્ય ભાષા શી રીતે બોલે છે ? તને કોનો અને શો ભય છે તે નિઃસંકોચપણે મને કહે. " કુમારના પ્રશ્નનો જવાબ હંસલી આપે તે પહેલાં તો આકાશ-માર્ગથી કલરવ કરતાં સુભટોની એક શ્રેણી ભૂમંડળ પર ઊતરી. ત્યારે શંકાશીલ પોપટ ચૈત્યના દ્વાર પર આવીને ઊભો રહ્યો. પછી તીર્થના પ્રભાવથી કે કુમારના ભાગ્યોદયથી પોપટ પ્રચંડ રૂપ કરી ભ્રૂકુટી ચડાવી પહાડી અવાજમાં કહેવા લાગ્યો, " હે સુભટો ! તમે દોડીને કયાં જાઓ છો ?

દેવ અને દાનવને પણ ભારે પડે એવા રત્નસારને શું જોયા નથી? જો કુમારને તમારી ખબર પડી તો તમને ભોં ભારે થઇ પડશે; તમારા સ્વામીને ખબર આપવા પણ કોઇ નહીં જઈ શકો અને અહીં જ ધરાશાયી થઈ જશો. માટે જતા રહો, જતા રહો, નહીં તો હમણાં તમારો નાશ થઈ જશે." પોપટનાં વચન સાંભળી સુભટોની છાતીનાં પાટિયાં બેસી ગયાં, તેઓ ભયભીત થઇ પરસ્પર કહેવા લાગ્યા, નિશ્ચય આ પોપટ નથી, પણ કોઇ દેવ કે દાનવ છે. નહિતર આપણી તર્જના શી રીતે કરે. જે કુમારનો પોપટ આપણા જેવા વિદ્યાધરોને પણ ક્ષોભ પમાડે તેવો છે તો કોણ જાણે અંદર રહેલો કુમાર કેવોયે હશે? સામા પક્ષને જાણ્યા વગર યુદ્ધ કરવું યોગ્ય નથી; માટે ચાલો. મોત સામે કોણ બાથ ભીડે? એમ વિચારી વિદ્યાધર યોદ્ધાઓ પોતાના સ્વામી પાસે જઈ સર્વ હકીકત નિવેદન કરી. તે સાંભળી ખેચરાધિપતિ મેઘની જેમ ગર્જના કરતો ભૂમિ પર હાથ પછાડતો કપાળે ભ્રૂકુટી ચડાવી સિંહનાદે બોલ્યો. "અરે હે રંકો! તમને ધિક્કાર છે!! કોણ કુમાર અને કોનો પોપટ? હે! ડરપોક નપુંસકો? સુર કે અસુર, દેવ કે દાનવ, કોઇપણ મારી સામે ઊભા રહેવા સમર્થ નથી. જુઓ મારું પરાક્રમ તે પામરોની શું સ્થિતિ થાય છે." એમ કહી વિદ્યાધરે દશમુખ, વીશ ભૂજા વિકુર્વી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. એક હાથમાં ખડ્ગ, બીજામાં ખેટક, ત્રીજામાં ગદા અને ચોથામાં ધનુષ્યબાણ એમ વીસે ભૂજામાં જુદાં જુદાં શસ્ત્રો ધારણ કરી સિંહની ગર્જના કરતો વેગપૂર્વક દોડતો

આકાશથી ઊતરવા લાગ્યો. તે જોઈ પોપટ ભયથી કુમારના ખોળામાં સંતાઈ ગયો. વિદ્યાધર કુમાર પાસે આવી ગર્જના કરવા લાગ્યો, "અરે રંક! મારી નજરથી દૂર જા. નહિતર મરી જઈશ. મારા પ્રાણરૂપ આ હંસલીને ખોળામાં શું લઈ બેઠો છે? જો તને જીવવાની આશા હોય તો આ હંસીને મને જલદી પાછી આપ અને તું પોબારા ગણી જા. અન્યથા આ ખડ્ગથી તારું મસ્તક છેદી નાખીશ." તે સાંભળીને અને એની વિકરાળ મૂર્તિ જોઈ પોપટ, તિલકમંજરી, મોર અને હંસી ભયને લીધે કંપવા લાગ્યાં. પછી ધીર ગંભીર કુમાર હાસ્ય વેરતો બોલ્યો; "અરે મૂઢ! તું બાળકની માફક મને શા માટે ભય આપે છે? તારા ભસવાથી બીએ તે બીજા. અહીં તો અમે કોઈથી બીતા નથી—ડરવાની મને ટેવ જ નથી.

મારા શરણે આવેલી હંસીને લઈ જવા તું તો શું પણ ખુદ વિધાતા પણ અસમર્થ છે—શું તું વિકરાળ વિષધર પાસેથી મણિ લેવા ઇચ્છે છે? જતો રહે અહીંથી નહિ તો તારા દશે મસ્તકોનો ભોગ દશે દિશાઓને આપીશ. એટલામાં દેવરૂપે રહેલો મોર પોતાના સાચા સ્વરૂપમાં આવ્યો, વિવિધ પ્રકારનાં શસ્ત્રો વિકુર્વી બોલ્યો, "હે કુમાર! તમે નિઃશંક થઈ આ નાદાન સાથે યુદ્ધ કરો, હું તમારો સહાયક થઈ શસ્ત્રો પૂરાં પાડીશ, અને આ દુષ્ટનો ભુક્કો બોલાવીશ." તે સાંભળી કુમારને ઘણો ઉત્સાહ થયો. તિલકમંજરીને હંસી સોંપી પોતે અશ્વ પર આરૂઢ થયો અને દેવના દીધેલા દિવ્ય ધનુષ્યને હાથમાં લઈ ટંકાર કર્યો; તે સાંભળી, ખેચર સેના ચમત્કાર

પામી; પછી કુમારે વર્ષાધારાની માફક સુભટો પર બાણોનો વરસાદ વરસાવ્યો, દેવના પ્રભાવથી કુમારનો વાળ પણ વાંકો ન થયો. કુમારથી ભય પામેલા જીવવાની ઇચ્છાવાળા સુભટો પલાયન થઈ ગયા. આ પરિસ્થિતિ જોઈ તે દશમુખ દુરાત્મા પોતે કુમાર સાથે યુદ્ધ કરવા લાગ્યો. ઘણીવાર લડ્યા પછી કંટાળી તેણે હજાર ભૂજા વિકુર્વી કુમાર સાથે વીરતા પૂર્વક યુદ્ધ કરવા લાગ્યો. પછી કુમારે ક્ષરપ્ર નામક બાણ વડે વિદ્યાધરનાં સર્વે શસ્ત્રો છેદી નાખ્યાં.

વિદ્યાધરની છાતી બાણથી વિંધાઈ જવાથી નીતરતા લોહીએ તે ભૂમિ પર પડ્યો અને મૂર્ચ્છા પામ્યો. વળી થોડીવારે ચેતના આવવાથી ઊઠ્યો અને વિદ્યાના બળથી પોતાનાં અનેક રૂપ વિકુર્વ્યાં, જ્યાં નજર નાંખો ત્યાં તે વિદ્યાધર જ દેખાય. ચારે તરફ તે દુષ્ટ સિવાય કાંઈ ન દેખાતું, છતાં કુમારને લેશ માત્ર ભય ન લાગ્યો, કારણ કે ધીર ગંભીર પુરુષો કલ્પાંતે પણ કાયર નથી થતા.

અહીં તે વિદ્યાધર પોતાનાં અનેક રૂપો વડે ચારે બાજુથી કુમાર પ્રતિ શસ્ત્ર પ્રહાર કરવા લાગ્યો. કુમાર પર આવી પડેલી આફતને જોઈ દેવ પોતે મુગ્દળ લઈ ખેચરને મજા ચખાડવા દોડ્યો. વિકરાળ કાળ જેવા દેવને જોઈ ખેચરાધિપતિ ક્ષોભ પામ્યો. એટલામાં ક્રોધિત થયેલા દેવે વિદ્યાધરની છાતીમાં એક મુગ્દળ માર્યું. વજ્રથી દબાયેલા પર્વતની જેમ ખેચર ભૂમિ પર પડ્યો. મહામુશ્કેલીથી ખેચર ઊભો થયો, પણ તેની બહુરૂપિણી પ્રમુખ ઘણી વિદ્યાઓ નાશ પામી હતી.

કુમારનું અતુલ સામર્થ્ય જોઈ વિદ્યાધર એવો તો નાઠો

કે પાછું વળીને જોયું પણ નહીં, પ્રાણ કોને પ્યારાં ન હોય ? સુભટોએ વિદ્યાધરની પૂંઠ પકડી. ધર્મના માહાત્મ્યથી કુમાર વિજય પામ્યો. દેવતા સાથે કુમાર ચૈત્યમાં આવ્યો. કુમારનું અદ્‌ભૂત ચરિત્ર જોઈ હર્ષથી પુલકિત વદનવાળી તિલકમંજરી વિચારે છે કે નિશ્ચય આ યુવાન જગતના પુરુષોની મધ્યમાં રત્નરૂપ છે. શું તેની વીરતા, ધીરતા અને ગંભીરતા ! તથા તેની મુખમુદ્રા માનવીના મનને મોહ પમાડે તેવી નથી શું ? જો આ યુવાન મારો પતિ થાય અને મારી બહેન મને મળે તો હું પોતાને મહા પુણ્યવાન માનું. એટલામાં કુમાર ચૈત્યમાં આવ્યો. બધાંએ તેને ધન્યવાદ આપ્યા. ત્યારપછી કુમારે હંસીને તિલકમંજરીના ખોળામાંથી લઈ પોતાની પાસે બેસાડી અને પૂછ્યું, "હે હંસી ! ખરેખર કહે, તું કોણ છે ? વિદ્યાધરે શા માટે તારું હરણ કરેલું ? તારુ સર્વ વૃતાંત મને કહે." હંસી બોલી, "હે સ્વામિન્ ! હું મારું સઘળું ચરિત્ર કહું છું, આપ સાંભળો."

વૈતાઢ્ય પર્વત પર રથનુપુર નામનું નગર છે ત્યાં મદન નામનો ખેચરેન્દ્ર રાજ્ય કરે છે. એક દિવસ તે આકાશમાર્ગે ફરતો ફરતો કુનકુપુરના વન પરથી ચાલ્યો જતો હતો તેવામાં તેની દૃષ્ટિ વનમાં ઝુલતી રાજપુત્રી અશોકમંજરી પર પડી. વસંતઋતુના વાયુથી કાળાભમ્મર જેવા વાળ સાથે જેનું ઉત્તરીય પણ આમતેમ ઊડી રહ્યું હતું, એવી રૂપ લાવણ્યની પ્રતિમા જેવી અશોકમંજરીને જોઈ કામાતુર થયેલા વિદ્યાધરે તેનું હરણ કર્યું. તે જોઇ તે બાળા કરુણસ્વરથી ચીસો પાડતી રુદન કરવા લાગી.

ઉત્તરોત્તર તે બાળાને વિદ્યાધર બહુ દૂર આવેલા ઉદ્યાનમાં લાવ્યો. પછી પ્રિય વચનથી પૂછવા લાગ્યો, "હે સુંદરી! તું શા માટે વિલાપ કરે છે? હું કોઈ ચોર નથી, હું તને જરા પણ દુઃખ નહીં આપું, હું હરહમેશ તારો સેવક થઈને રહીશ, હું ખેચરોનો અધિપતિ છું, સર્વ વિદ્યાધરીની તને સ્વામિની બનાવીશ. તું આ નવયૌવનને શા માટે આમ વેડફે છે? તું મારા સાથે વિવાહ કરી તારા કૌમાર્યને નષ્ટ કર, તેથી તારું જીવન સફળ થશે."

તે નિર્લજ્જનાં આવાં વચન સાંભળી અશોકમંજરી ચિંતવવા લાગી, "ધિક્કાર છે કામાંધ પુરુષોને! ધિક્કાર છે કામાગ્નિથી બળેલો પુરુષ નિર્વિવેકી થઈ પોતાનાં જાતિ–કુળનો પણ વિચાર કરતો નથી! આ જગતમાં જે પુરુષ અંધ છે તે પોતાની પાસે રહેલી જોઈ શકાય તેવી વસ્તુને પણ નથી જોઈ શકતો, પરંતુ જે પુરુષ રાગથી અંધ થયેલો છે તે તો જે વસ્તુ વિદ્યમાન છે તેનો ત્યાગ કરી, જે વસ્તુ નથી તેને જુએ છે, કેમકે તે રાગાંધ પુરુષ અશુચિના સમૂહ રૂપ સ્ત્રીઓનાં અવયવોમાં કંદપુષ્પ, પૂર્ણચન્દ્ર, કળશ–કુંભ, કલ્પવલ્લી અને લતાનાં પલ્લવો–નવાંકુરોનો આરોપ કરી આનંદ અનુભવે છે. આમ ચિંતવતી તે બાળા મૌન ધરી મુખ છૂપાવી બેસી રહી.

ત્યારે તે દુષ્ટ વિદ્યાધર વિચારે છે કે અત્યારે આને નિશ્ચય તેના માતપિતાનો વિરહ સતાવે છે, પણ પછી હું જે કહીશ તે જ કરશે. એમ વિચારી તેણે વિદ્યાબળથી અશોકમંજરીને તાપસકુમાર બનાવી દીધો. પછી વિદ્યાધર તાપસ-

કુમારને સત્કારપૂર્વક પ્રિયવચનોથી સર્વદા સંતોષવા લાગ્યો, કિન્તુ પત્થર પર વાવેલા અનાજની માફક બધી મહેનત નિષ્ફળ થઈ, છતાં પણ તે વિરામ ન પામ્યો, કેમકે આશા અમર હોય છે. કામાંધ પુરુષોનો હઠાગ્રહ દુર્લંઘ્ય હોય છે.

એક દિવસ તે વિદ્યાધર તાપસકુમારને વનમાં મૂકી કાર્યનિમિત્તે પોતાના નગરે ગયો. એટલામાં તમે ત્યાં આવ્યા, તમને જ્યાં તે પોતાનું ચરિત્ર સંભળાવે છે, ત્યાં તે દુષ્ટ વંટોળિયાનું વિકરાળ રૂપ લઈ તાપસકુમારને પોતાના નગરમાં લઈ ગયો. ત્યાં મણિરત્ન સુવર્ણથી મંડિત દિવ્ય મહેલમાં લાવી, અશોકમંજરી પાસે વિષયભોગની માગણી કરવા લાગ્યો. પણ બાળાએ મૌન સાધી ઉત્તર આપ્યો નહીં ત્યારે ક્રોધિત થયેલો વિદ્યાધર બોલવા લાગ્યો, "તું મારું કહ્યું નહીં કરે તો તને આ તલવારથી હણી નાખીશ." એમ કહી ક્રોધથી તપેલા વિદ્યાધરે મ્યાનમાંથી તલવાર કાઢી.

હવે કુંવરીએ ધીરતા ધારણ કરીને કહ્યું: "હે સત્પુરુષ! બળથી કે છળવડે રાજ્યાદિક સમૃદ્ધિ મેળવી શકાય છે, પરન્તુ સંબંધ તો પ્રેમથી જ થાય, તે પણ ઉભય પક્ષની ઇચ્છાથી, સામાના પ્રેમ વિના જે મૂઢ પુરુષ કામની પ્રાર્થના કરે તેનાથી મૂર્ખ આ દુનિયામાં બીજો કોણ હોઈ શકે?"

તે સાંભળી અત્યંત ક્રોધિત થયેલો વિદ્યાધર બોલ્યો. "અરે દુષ્ટા! તું મને શિખામણ આપે છે? મારી સામે જ મારી નિંદા? ઊભી રહે હમણાં હું તેને તારી જીંદગીનો ચુકાદો આપું છું." એમ કહી તે તલવાર લઈ ધસ્યો, ત્યારે તે બાળા બોલી; અરે દુષ્ટ! અનિષ્ટ સંબંધથી મને મરણ

વધારે વહાલું છે. માટે મને જલદી મારી નાખ એમાં વિચાર કરવાની કાંઇ જરૂર નથી.” ત્યારે વિદ્યાધરે વિચાર્યું ધિક્કાર છે મને, મેં આ શું અનાચરણ કર્યું ? જગતમાં પ્રેમ, સરળતા અને મૃદુતાથી ઉત્પન્ન થાય છેઃ નહીં કે હઠથી. એમ વિચારી તેણે તલવાર મ્યાનમાં નાખી પછી અશોકમંજરીને વિદ્યાના બળથી હંસી બનાવી, સુવર્ણમય પાંજરામાં કેદ કરી. દુષ્ટ વિદ્યાધર હંસીને રોજ મૃદુ વચનોથી સંતોષવા લાગ્યો.

એક દિવસ પાંજરામાં રહેલી હંસીને પ્રિય વચનોથી પ્રાર્થના કરતા વિદ્યાધરને તેની ભાર્યા કમળસેનાએ જોયો. આ ઘટના જોઇ કમળસેના શંકાશીલ થઈ વિચારવા લાગી કે આ શું કહેવાય ? જરૂર દાળમાં કાળું જણાય છે. એમ વિચારી તેણે પોતાની વિદ્યાદેવી પાસે આવી સર્વ વૃતાન્ત જણાવ્યો. ત્યારે વિદ્યાદેવીએ અશોકમંજરીની સર્વ હકીકત જણાવી કમળ-સેનાએ તે હંસીને પાંજરામાંથી કાઢી આકાશમાં ઉછાળી, કારણ કે સ્ત્રીઓને શોકય ગમતી નથી હોતી.

હંસી પણ વિદ્યાધરના ભયથી અને મુકત થવાની ખુશીથી ઝડપભેર આકાશમાં ઊડવા લાગી. આ વાતની વિદ્યા-ધરને ખબર પડવાથી તે સૈન્ય સહિત પાછળ પડયો. પોતે થાકી જવાથી એક અટવીમાં વિશ્રામના હેતુથી રહ્યો. અને સુભટોને હંસીની પાછળ મોકલ્યા. માર્ગના શ્રમથી અને વિદ્યાધરોના ભયથી ત્રાસ પામેલી હંસી આ માર્ગથી જતી હતી તેવામાં તમને જોઇ તેણે તમારું શરણ લીધું. હે કુમાર ! હું જ તે હંસી છું. હે મહાભાગ ! મારા પુણ્યયોગે તે દુષ્ટને તમે હરાવ્યો. “ આ વાત સાભળતાં જ હજી સુધી મૌન

બેઠેલી તિલકમંજરી પણ વિલાપ કરવા લાગી: હે ભાગિની તું તાપસપણું પામી નિર્જન વનમાં એકાકી શી રીતે રહી ? અને હમણાં પણ તિર્યંચપણામાં શી રીતે રહી શકે છે? હે બહેન તે દુષ્ટે થોડા કાળમાં તને કેટલું બધું દુઃખ આપ્યું. અરેરે ! તેં પૂર્વભવમાં એવું કયું પાપ કર્યું હતું કે તું માનવમાંથી પક્ષિણી થઇ. હાય હાય ! હવે મારી બહેનનું તિર્યંચપણું કેવી રીતે દૂર થશે ? " તિલકમંજરીને આમ વિલાપ કરતી જોઇ દેવતાએ પોતાની શક્તિથી તે હંસીને સ્ત્રી રૂપે કરી ત્યારે બન્ને ભગિનીઓ પરસ્પર ભેટી પડી. પછી તિલકમંજરી પ્રતિ કુમાર બોલ્યોઃ " હે સુંદરી ! તમારા બન્નેનું પરસ્પર મિલન થયું માટે મને વધામણીમાં શું આપે છે તે જલદી કહે; કારણ કે શુભ કામમાં વિલંબ કરવો ઉચિત નથી. **શુભસ્ય શીઘ્રમ્** । " તે સાંભળી તિલકમંજરી બોલી, " હે સત્પુરુષ ! તમારા જેવા ઉપકારીને જો સર્વસ્વ આપવામાં આવે તો પણ થોડું છે." એમ કહી તેણે કુમારના કંઠમાં મોતીનો હાર આરોપણ કર્યો. કુમારે પણ અતિ આનંદપૂર્વક તે વધાવ્યો.

પછી તિલકમંજરીએ કમળ આદિ પુષ્પોથી પોપટની પૂજા કરી પછી તે દેવ બોલ્યો : " હે કુમાર ! પૂર્વે આ બે કન્યાઓ ચક્રેશ્વરી દેવીએ તમને જ આપેલી છે. તો પણ આજે હું તમને આપું છું. એમ કહી તેણે બન્ને કુમારી રત્નસારને સોંપી. કુમારે તેઓનું પાણિગ્રહણ કર્યું. રૂપાંતર કરી દેવે ચક્રેશ્વરી દેવી પાસે આવી. સર્વ હકીકત નિવેદન કરી. ચક્રેશ્વરી દેવી પરિવાર સાથે વિમાનમાં બેસી ત્યાં આવી,

નવપરિણીતોને આશિષ આપી. પછી પોતાના સેવકો પાસે વિવાહોચિત સામગ્રી મંગાવી મોટા ઉત્સાહ પૂર્વક બન્ને કન્યાના લગ્ન કુમાર સાથે કરાવ્યાં. દેવીએ અનેક ગવાક્ષોથી મંડિત મનને મોહનાર સાત માળનો પ્રાસાદ બનાવી કુમારને નિવાસ માટે સોંપ્યો. કુમાર પણ પોતાની બન્ને પત્ની સાથે વિવિધ વિષયનાં ભોગો ભોગવતો સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

હવે અહીં કનકપુરીનાં રાજારાણી બન્ને પુત્રીઓના વિયોગથી અવર્ણનીય વેદના અનુભવતા હતા. નગરનિવાસી પણ ચિંતાતુર હતા. ચૌટે અને ચોકે. બજારે અને ઘરે જ્યાં જુઓ ત્યાં આ જ વાતો થતી હતી. અરેરે ! કનકધ્વજ રાજાને ઘડપણના સહારા રૂપ આંખની કીકી જેવાં બન્ને રતનો હરાઇ ગયાં. દૈવે જન્મ ઉપર ફટકો માર્યો. રત્નમંજરીને લઈ જનાર પણ તે દુષ્ટ વિદ્યાધર જ હોવો જોઈએ. આમ આખું નગર શોકમય દેખાતું હતું, આપત્તિનાં આછાં વાદળાં તે નગરી પર જાણે છવાઇ ગયાં હોય એમ દેખાતું હતું. પશુ પક્ષીઓ પણ ઊંડી વ્યથા અનુભવતાં હોય તેવું લાગતું. ત્યાં અચાનક ડૂબતાને જેમ પાટિયું મળી આવે તેમ આખું નગર પ્રકાશમય થઇ ગયું. ચારે બાજુ આનંદના ફુવારા ઊડવા લાગ્યા, દશે દિશાઓમાં આનંદની છોળો છૂટવા લાગી. વાત એમ બની કે ચક્રેશ્વરી દેવીના આદેશથી દેવતાએ રાજાને તેની બન્ને કન્યાની વધામણી આપી પછી તો પૂછવું જ શું ? પ્રધાનો, સામંતો, સરદારો અને સબળ સૈનિકો સાથે રાજા પુત્રીને મળવા ઊપડ્યો.

શ્રીમંતો શ્રેષ્ઠીઓ અને કેટલાક નગરનિવાસી સાથે પુત્રીના

સ્નેહને વશ થયેલો નરેશ, દેવે બતાવેલી જગ્યાએ આવી પહોંચ્યો. કુમારે પણ પોપટ અને ભાર્યાઓ સાથે રાજાનો સત્કાર કરવા સામા આવી પ્રણામ કર્યા. રાજા પણ કુમારની છટા, રૂપ અને વીરતા જોઇ ખુશ થયો. પછી કુમારે દેવની સહાયથી રાજકુટુંબની ભોજનાદિથી વિવિધ પ્રકારની ભક્તિ કરી; ત્યારપછી બન્ને રાજકુંવરીઓએ અનુભવેલી પોત-પોતાની વિતક વાર્તા કહી. તે સાંભળી સર્વ પરિવારને ખેદ અને આનંદ થયો.

કેટલાક દિવસ પછી એક દિવસ રાજા બોલ્યો : "હે મહાભાગ ! તમે મારા નગરમાં આવી મને કૃતાર્થ કરો." કુમારના કબૂલવાથી પરિવારયુક્ત રાજા કુમારને નગર નજીક લાવ્યો. પછી રાજાએ પોતાના જમાઈને મોટા ઉત્સવો-ઉત્સાહ સહિત નગરમાં પ્રવેશ કરાવી, મનોહર મહેલમાં ઉતારો આપ્યો. કુમાર પોતાની સ્ત્રીઓ સાથે સુખપૂર્વક ત્યાં રહેવા લાગ્યો. પોપટ પણ મોજમાં દિવસો પસાર કરતો હતો.

એક વખત કુમાર રાતે સુખપૂર્વક સૂતો હતો, ત્યાં કોઇ દિવ્ય રૂપધારી, દિવ્ય વસ્ત્રાભૂષણથી વિભૂષિત શરીરવાળો ક્રોધથી લાલ નેત્રવાળો અને ઉઘાડી તલવાર હાથમાં ધારણ કરનારો પુરુષ કુમારને કહેવા લાગ્યો; "અરે મૂઢ ! આમ નિશ્ચિત શું સૂતો છે, જરા જાગ-સાવધાન થા. જો તું વીર હો તો મારી સાથે યુદ્ધ કર. ગમે તેમ તોય તું શિયાળ જેટલી તાકાતવાળો વણિક જ છે ને? સિંહ તુલ્ય મારા આગળ તું કયાં સુધી ટકવાનો ?" એમ કહી તે પાંજરા સાથે પોપટને લઇ શીઘ્ર મહેલથી નીચે ઊતરી ગયો. કુમારે

પણ શીઘ્રતાથી તલવાર લઇ તેનો પીછો પકડ્યો. તે પુરુષની પાછળ દોડતો કુમાર બહુ દૂર નીકળી ગયો, કુમાર તેની સાવ નજીક પહોંચ્યો ત્યાં તો તે આકાશમાં ઊડી અદૃશ્ય થઇ ગયો. ત્યારે અત્યંત વિસ્મય પામેલો કુમાર વિચારવા લાગ્યો. નિશ્ચય આ મારો કોઈ વૈરી વિદ્યાધર દેવ કે દાનવ દેખાય છે, જેથી તે મારા પ્રાણ જેવો પોપટ લઇ પલાયન થઈ ગયો. હે વીર ધીર ગંભીર શુકરાજ ! તારા વિના મારી શી ગતિ થશે ? તું પાછો મને ક્યારે અને ક્યાં મળીશ ? વળી ખેદ કરી મૂકી ધૈર્યને ધારણ કરી વિચારવા લાગ્યો, હે જીવ ! તું શોક શા માટે કરે છે ? શોક કરવાથી કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. માટે ઉદ્યમ કરી ક્યાંયથી પણ પોપટને મેળવીને જ પાછો વળીશ; અન્યથા નહિ.

પોપટની તપાસ કરતો કુમાર ફરતો ફરતો એક વનમાં આવી ધ્યાનપૂર્વક જોવા લાગ્યો, પણ પોપટની કશી ખબર ન જ મળી. આખો દિવસ તે વનમાં પોપટની તપાસ કરતો સંધ્યા સમયે એક ઘોર વનમાં આવી પહોંચ્યો. ત્યાં તેણે એક વિશાળ નગર જોયું, નગરને ફરતો સુંદર મજબૂત ગઢ હતો, ચિત્તને ચમત્કાર પમાડે એવા ચૈત્યો, મોટી મનોહર મહેલાતો અને ધજાપતાકાઆદિથી વિભૂષિત નગરને કુમાર વિસ્મયપૂર્વક જોવા લાગ્યો. પછી તે નગરમાં પ્રવેશ કરવા માટે દરવાજામાંથી જવા લાગ્યો. તેવામાં ગઢ પર બેઠેલી સારિકા (મેના) બોલી. " હે પુરુષ ! તું આ નગરમાં પ્રવેશ ન કર. વિસ્મય પામી કુમારે જોયું તો એક સારિકા બોલતી હતી તે જોઇ તે કુમાર બોલ્યો; " હે સારિકા ! તું

મને શા માટે રોકે છે ? સારિકા બોલી. " હે સત્પુરુષ ! જો તું સુખ સમાધિ ચાહતો હોય તો હઠ મૂકી પાછો વળ. હું તને તારા હિત ખાતર કહું છું, મારે તારાથી કાંઈ સ્વાર્થ નથી. કુમાર બોલ્યો, હે સારિકા ! હું શા માટે ન જાઉં ? અગર જઈશ તો શું થશે એનું કાંઈ કારણ હશે ને ? ? માટે તેનું કારણ કહે, પછી મને જે યોગ્ય લાગશે તે કરીશ. સારિકા બોલી, હે કુમાર ! તું જાણવા જ માગે છે તો સાંભળઃ—

આ નગરનું નામ **રત્નપુર** છે, ખરેખર તે રત્નોથી હાલ પણ પરિપૂર્ણ છે. અહિં પોતાની પ્રજાને પુત્રની પેઠે પાળનારો શચિપતિ જેવો **પુરંદર** નામનો રાજા રાજ્ય કરતો હતો. આ નગરમાં વિવિધ પ્રકારના વેશનું પરિવર્તન કરી ચોરી કરનાર એક ચોર કયાંયથી આવી ધનવંતોને ત્યાં ધાડ પાડતો હતો. રાજાએ નગરની ચારે તરફ ચોકીદારો બેસાડયા. તમામ માર્ગોમાં પણ સુભટો પહેરો ભરવા લાગ્યા, અને ધનવાનો પણ પોતાની મિલકત સાચવીને સંતાડતા, પણ તે રવલી-ચંપક લક્ષ્મી પાછળ દિવાનો થઈ, રોજ ધન ચોરતો. રાજ્યનો આવો કડક પ્રબંધ હોવા છતાં તે મિલકતનો ચોર, જુલ્મી, કાયદાની પરવા કર્યા વગર કુલાંગારની જેમ ધનાઢયોના ધન પર પંજો નાખી પલાયન થઈ જતો. તેને પકડવા ઘણા પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ નીવડયા.

એક દિવસ સર્વ નગરનિવાસીઓ રાજા પાસે આવી કહેવા લાગ્યા, હે રાજન્ ! હવે તો કાંઈ કરો ? તે કુકર્મીએ બધાને કંગાલ કરી નાખ્યા છે. હવે તો તે ચોરને આપ સિવાય કોઈ

પકડે તેમ લાગતું નથી. રાજાએ કોટવાલને બધી હકીકત પૂછી, ત્યાં કોટવાલ બોલ્યો : "હે સ્વામિન્ ! વિકરાળ વ્યાધિ જેવા આ ચોરને પકડવા માટે અમે બહુ ઉપાયો કર્યા, પણ તે કોઈપણ હિસાબે પકડાતો નથી. હવે અમારાથી પકડાય એવી લેશમાત્ર આશા નથી." તે સાંભળી રાજાને ઘણો ખેદ થયો. પછી તે નિત્ય રાત્રે વેશ બદલી ઉઘાડી તલવારે ચોરની તપાસમાં ફરતો. એક દિવસ ચોર કોઈ મોટા ધનાઢ્યનું ધન ચોરી પોટલું બાંધી ઝપાટાબંધ જતો હતો, રાજાએ ચોરને અને ચોરે રાજાને જોયો, તેથી આગળ ચોર અને પાછળ રાજા વેગપૂર્વક દોડવા લાગ્યા. એટલામાં ચોર એક મઠમાં ઘૂસ્યો, અને ત્યાં સુતેલા તાપસ પાસે પોટલું મૂકી પોતે પલાયન થઈ ગયો. રાજા પણ મઠમાં આવી વિચારે છે; નિશ્ચય આ તાપસ ચોર છે, તેણે જ મારી આખી નગરીના વૈભવનો નાશ કર્યો છે, અત્યારે અહીં વેશ બદલી કપટથી સૂતો છે, એમ વિચારી ક્રોધિત થયેલો રાજા તાપસને ઉઠાડી કહેવા લાગ્યો : "હે દુષ્ટ પાપિષ્ઠ ! તાપસ વેષે મારી આખી નગરીના ધન-વૈભવ લૂંટી અત્યારે ઢોંગ કરી સૂઈ ગયો છે ? ઊભો રહે, હું તને હમણાં હંમેશ માટે સુવરાવું છું." એમ કહી નિર્દયી રાજાએ તેને બાંધી નિષ્કારણ રક્ષકોને સોંપ્યો. તપસ્વીએ પોતાની ખરી હકીકત કહી, પણ લાંબો વિચાર નહીં કરનારા રાજાએ તે નિર્દોષને ફાંસીની સજા ફરમાવી. રક્ષકોએ તેનું મસ્તક મુંડાવી ગધેડા પર બેસાડયો, અને ગામમાં ફેરવી ફાંસી પર ચઢાવ્યો. તે તપસ્વી મરીને નગરીનો નાશ કરનાર નિશાચર થયો. તેને પૂર્વભવનું વૈર સાંભરવાથી-યાદ આવવાથી અહીં આવી તેણે રાજાના રામ રમાડયા. રાક્ષસના ભયથી નગરજનો ઘર મૂકી જતાં રહ્યાં તથા બાકી રહેલાને તેણે કાઢી મૂકયાં.

આ નગરમાં તે દુષ્ટ એકલો રહે છે, ભૂલેચૂકે કોઈ પશુ-પક્ષી પણ જો અંદર જાય તો તે દુષ્ટ તેને મારી નાખે છે. માટે હે સત્પુરુષ ! તને મોતના મુખમાં જતાં નિવારું છું.

સારિકાની વાક્‌છટા જોઈ ખુશ થયેલો કુમાર બોલ્યો, "હે સારિકા ! એવા રાક્ષસથી મને જરાય ભય નથી." એમ કહી તે કુમાર જાણે રાક્ષસના બળને જાણવા રણભૂમિમાં જતો ન હોય તેમ નગરમાં દાખલ થયો. નિરાધાર નગરમાં નિરંકુશપણે નિર્જન નિકેતો મૌન મહેલાતો, શૂન્ય રસ્તાઓ તેમજ ચંદનકાષ્ઠો, સુવર્ણ, કર્પૂર સોપારી નાળિયેર અને મહેકતાં કરિયાણાંથી ભરપૂર દુકાનો જોતો કુમાર અનુક્રમે રાજમાર્ગે થઈ રાજ્યમહેલના સાતમા માળ પર આવી પહોંચ્યો. ત્યાં મનને મોહ પમાડે તેવી મખમલની સુકોમળ શય્યા જોઈ માર્ગશ્રમથી થાકેલો કુમાર પોતાના ઘરની જેમ સૂતો અને નિદ્રાધીન થયો.

નગરમાં મનુષ્યની ગંધ અને પગલાં જોઈ ક્રોધિત થયેલો રાક્ષસ ધરતીને ધ્રુજાવતો કુમારની શય્યા પાસે આવી પહોંચ્યો. ખુબસુરત કુમારને સુતેલો જોઇ વિચારવા લાગ્યો, આ સ્થાનને મનમાં યાદ કરવા પણ કોઇ શક્તિમાન નથી ત્યારે આ કોઇ ધીર પુરુષ બાપાનો બગીચો સમજી સૂઈ ગયો લાગે છે ! આ ધીરને હું શી રીતે મારું ? શું ફળ તોડવાની જેમ આના અંગોપાંગ તોડી નાખું કે વનરાજની જેમ નખથી આને ફાડી નાખું ? અથવા તો ઘણુથી આના ભુક્કે ભુક્કા કરી નાંખું ? ચીભડાની માફક છરીથી ચીરી નાખું ? શું જાજવલ્યમાન અગ્નિમાં

નાખું, દડાની માફક આકાશમાં ઉછાળું — કે સમુદ્રમાં નાખી માછલીઓને ભોગ આપું.....આ હજી મારા બળને જાણતો નથી, વળી થોડીવારમાં વિચારે છે. અરે ! આ તો મારો મહેમાન છે, તેને હું મારું તેમાં મારી શી શોભા ? ઘેર આવેલા શત્રુને પણ ન મરાય. કેમકેઃ—શુક્ર ગુરુનો શત્રુ છે. ગુરુનો પોતાનો ગ્રહ મીન રાશી છે, છતાંપણ જ્યારે શુક્ર મીન રાશીમાં આવે છે. ત્યારે ગુરુ તેને ઉચ્ચ સ્થાન આપે છે. માટે જ્યાંસુધી આ પુરુષ જાગશે નહીં ત્યાંસુધી હું તેને કાંઈ નહિ કહું. પછી પાછળથી જે મને યોગ્ય લાગશે તે કરીશ. એમ વિચારી રાક્ષસ નગર બહાર ગયો અને બીજા કેટલાક રાક્ષસોને સાથે તેડતો આવ્યો, હજી પણ કુમાર સુતેલો છે એમ જાણી તેનો ક્રોધ વધી ગયો.

તે બોલ્યોઃ " અરે નિર્લજ્જ ! ચાલ, મારા ઘરમાંથી જલદી બહાર નીકળ, નહિંતો યુદ્ધ કરવા તૈયાર થઈ જા. " તે સાંભળી કુમાર બોલ્યો, " હે રાક્ષસેન્દ્ર ! મારી નિદ્રામાં તેં વિઘ્ન શા માટે નાખ્યું ? બીજાની ઊંઘ બગાડવાથી પોતાની પણ ઊંઘ કોઈ જરૂર બગાડે છે. કહ્યું છે કેઃ—

ધર્મની નિંદા કરનારો, પંક્તિનો ભેદ કરનારો, કારણ વગર નિદ્રાનો ભંગ કરનારો, કથાનો ભંગ કરનારો અને વગર કારણે પાપ કરનારો—આ પાંચ પુરુષો મહાપાપી કહેવાય છે. માટે તું ઘી મિશ્રિત અતિ શીતળ જળ વડે મારા પગનાં તળિયાં ઘસ અને તારા સેવકો પાસે પણ ઘસાવ જેથી મને ફરી નિદ્રા આવે.

તે સાંભળી રાક્ષસ તો અવાક્ જ થઈ ગયો. જીંદગીમાં

તેને આવાં વચન કહેનાર આ પહેલવહેલો મળેલો. તે વિચારવા લાગ્યો ખરોખર, આ કોઈ અસામાન્ય વ્યક્તિ લાગે છે. મૃગ સિંહને હુકમ કરે એમ આ મને પગનાં તળિયાં ઘસવાનું કહે છે. ઓહ! શું આની હિમ્મત? કેવો ધીર અને ગંભીર! આવા નિડર પુરુષોની સેવા કોણ ન કરે? એમ વિચારી રાક્ષસ સુગંધી મિશ્રિત જળ વડે સેવકો સાથે તેના પગનાં તળિયાં ઘસવા લાગ્યો. અહો! ધર્મના પ્રભાવથી મુશ્કેલ કાર્ય પણ શું આસાન નથી થતાં? ધર્મ તો સાક્ષાત્ કલ્પવૃક્ષ જ છે. તેથી સર્વ કામના પૂર્ણ થાય છે. રાક્ષસને નોકરની જેમ પોતાના પગ ઘસતો જોઈ કુમાર બોલ્યો; "હે દેવ! મનુષ્ય માત્ર એવા મેં તને આજ્ઞા આપી તે તું ઉદાર થઈ માફ કર! તારી સેવાથી હું ખુશ છું માટે માગ, માગ, તું જે માગે તે આપું, તારું જે કાંઈ દુઃસાધ્ય કામ હોય તે કહે, તે બધું હું તને કરી આપું."

અતિ વિસ્મયથી માથું ધુણાવતો રાક્ષસ વિચારે છે, અહો! આ તો બધું ઊંધું વળ્યું, કે મારા જેવા પર મનુષ્ય પ્રસન્ન થયો. વળી તે મારું દુઃસાધ્ય કાર્ય કરવાની તમન્ના રાખે છે. આ વાત તો કલ્પવૃક્ષ સેવક પાસે યાચના કરે એવી થઈ. આ મનુષ્ય મારા જેવા દેવતાને શું આપી શકશે? પણ તેની પરીક્ષા માટે કાંઈક તો માગવું જોઈએ, તેથી તે મધુર વચને બોલ્યો, "હે વીરવર! જે અન્યના મનોવાંછિત પૂરે તે પુરુષ ત્રણે ભવનમાં દુર્લભ છે, પરન્તુ મનુષ્યના ગુણો અને યશ, જ્યાં સુધી તેણે યાચના નથી કરી ત્યાં સુધી જ રહે છે. માટે જો તું મારી યાચનાનો ભંગ ન કરે તો હું તારી પાસે યાચના કરું, કારણ કેઃ—

तृणं लघु तृणा-तूलं तूलादपि हि याचकः ॥
वायुना किं न नीतोऽसौ, मामयं प्रार्थयिस्यति ॥१॥

અર્થઃ—તૃણ સૌથી હલકું છે, તેથી રૂ હલકું છે, પણ યાચક તો રૂ થી પણ લઘુ છે. ત્યારે રૂની જેમ વાયુ તેને કેમ ઉડાડતો નથી? તો કહે છે કે આને હું ઉડાડીશ તો તે મારી પાસે પણ યાચના કરશે. એમ ધારી વાયુ તેને ઉડાડતો નથી."

તે સાંભળી કુમાર બોલ્યો, હે રાક્ષસેન્દ્ર! મારી પાસેથી જે કાર્ય સિદ્ધ થાય એવું હોય તે ખુશીથી કહે. રાક્ષસ બોલ્યો; "ત્યારે તું આ નગરીનું રાજ્ય ગ્રહણ કર. હું યોગ્ય જાણી આ રાજ્ય તને સોંપું છું માટે તું સ્વેચ્છાએ રાજ્ય સુખ ભોગવ, તારે જે જોઈશે તે હું ત્વરાથી પૂરીશ. અને દાસની જેમ નિરંતર સેવા કરીશ. સર્વ રાજાઓ તારા સેવક થઈને રહેશે. કુમાર વિચારે છે. આ મને રાજ્ય ધૂરા આપે છે, નિશ્ચય તે પુણ્યથી મળે છે, પરન્તુ પૂર્વે મેં પરિગ્રહ પરિમાણ વ્રત સમયે રાજ્ય ગ્રહણનો નિયમ કર્યો છે. વળી આ રાક્ષસને પ્રાર્થના ભંગ ન કરવાનું વચન આપ્યું છે. હાલ વિકટ સંકટમાં પડેલો શું કરું? એક તરફ વચન અને બીજી તરફ વ્રત ભંગ થવા સંભવ છે."

વિચાર કર્યા બાદ કુમાર બોલ્યોઃ "હે રાક્ષસેન્દ્ર! તું બીજું કાંઈ માગ, કેમકે મેં રાજગ્રહણ કરવાનો નિયમ કર્યો છે, એવી દાક્ષિણ્યતા શા કામની, કે જેથી વ્રત ભંગ થાય—એવું સોનું શા કામનું કે જે પહેરવાથી કાન કપાય. તે સાંભળી રાક્ષસ બોલ્યો, હે સજ્જન! ઉત્તમ પુરુષો જે કબૂલ કરે છે તેને

કરવા માટે તેઓ પ્રાણની પણ પરવા નથી કરતા." તેથી કુમાર બોલ્યો; " હે રાક્ષસેન્દ્ર ! તું ખરૂં કહે છે, પણ મેં ગુરુ પાસે નિયમ લીધો છે માટે પાપના સ્થાન રૂપ અને અનર્થકારી એવા રાજ્યને હું શું કરું ? વ્રતની વિરાધના કરવાથી પ્રાણી ઉગ્ર દુઃખોને અનુભવે છે. માટે હે મહાભાગ ! બીજું કાંઈ માગ. તે ભલે દુષ્કર હોય, તેને હું પ્રાણની કુરબાની આપી પૂર્ણ કરીશ."

રાક્ષસ ક્રોધિત થઈ બોલ્યોઃ " અરે મૂઢ ! ડંફાસ તો મોટી મારે છે. અને મારી પહેલી માગણી ફોક કરી બીજું માગવાનું કહે છે. નિશ્ચય તું તારા આત્મા પર જ ક્રોધે ભરાયો જણાય છે. ક્રોધ પૂર્વક કોઈ યુદ્ધ કરી જીવ સંહાર કરે તો તેને પાપ લાગે, નહિ કે દેવદત્ત રાજ્ય લેવામાં. અરે મૂર્ખાધીશ ! સુગંધિત ઘી પીવાના અવસરે શા માટે કુત્કાર કરે છે ? તું મારા ઘરમાં નિઃશંકપણે આવી બાપાનો બગીચો સમજી સૂઈ ગયો, વળી મારા પાસે પગનાં તળિયાં પણ ઘસાવ્યાં, તો પણ મારું કહેવું કરતો નથી. લે બેટા, ચાખ એનું ફળ. એમ કહી રાક્ષસે તેના કેશ પકડી આકાશમાં ઉછાળ્યો; પણ કુમાર પડે તે પહેલાં તેને ઝીલી બોલ્યો, અરે ! મૂર્ખ શિરોમણિ વૃથા હઠાગ્રહ વડે શા માટે મરે છે ? મેં તારું કહેલું નિંદનીય કાર્ય પણ કર્યું, તો પણ હે મૂઢ ! તું મારું કહેલું હિતકારી વચન પણ નથી કરતો ?

" હજી સમજ અને રાજ્ય લે, નહિ તો હું તને વજ્રની જેમ મહાન શિલા પર પછાડી તારો બેડો પાર કરી દઈશ." એમ કહી તે કુમારને લઈ એક મહાન શિલા પાસે આવ્યો,

ફરી ગર્જના કરતો બોલ્યો, " હજી પણ મારું કહેવું માન, વ્યર્થ જિંદગી શા માટે ગુમાવે છે ? " કુમાર બોલ્યો, " હે રાક્ષસેન્દ્ર ! પરિણામની ચિંતા કરવાની ટેવ મારામાં મુદ્દલ નથી. માટે તારે જે કરવું હોય તે કર હું આ ઊભો. " તે સાંભળી બહુ ખુશ થયેલા રાક્ષસે પોતાનું રૂપ બદલી દિવ્યરૂપ ધારણ કર્યું, તે પુષ્પ-વૃષ્ટિ કરતો બોલ્યોઃ " હે કુમાર તું જય પામ, જય પામ વળી બોલવા લાગ્યો. " હે કુમાર ! સર્વ સત્ત્વ-શાળીઓમાં તું જ શ્રેષ્ઠ છે. તારા જેવા દૃઢધર્મી પુરુષોના લીધે જ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે, ધર્મ વિષયમાં તારી આવી દૃઢતા જોઈ હું બહુ આશ્ચર્ય પામ્યો છું. કુમાર બોલ્યો, તમે કહો છો તે બધું બરાબર છે પણ તમે છો કોણ-શા માટે આ પ્રપંચ રચ્યો છો ? " દેવતા બોલ્યો; સાંભળઃ—

એક વખત સૌધર્મ અને ઈશાન દેવલોકના ઇંદ્રો એક-સાથે ઉત્પન્ન થયાં, તેઓ પરસ્પર એક વિમાન માટે લડાઈ કરવા લાગ્યા, સૌધર્મ દેવલોકમાં બત્રીસ લાખ અને ઈશાન દેવલોકમાં અઠ્ઠાવીસ લાખ વિમાનો છે, તેમાંથી એક વિમાન માટે જ ઘોર યુદ્ધ જામ્યું. આ લોકમાં યુદ્ધ કરતાં માનવીને માનવી વારે, તથા દેવોને દેવ વારે, પરન્તુ દેવોના અધિપતિ ઇંદ્રોને વારવા ભલા કોઈ શક્તિમાન થઈ શકે ખરૂં કે ? લોભને થોભ ન હોય, આમ લડતાં ઘણો કાળ વ્યતીત થયો ત્યારે એક દેવે કહ્યું કે માણવક સ્થંભમાં જિનેશ્વરોની દાઢા છે, તેના અભિષેકથી મોટા વ્યાધિઓ મોટા વૈર આદિ દોષો ઉપશમે છે." તે સાંભળી મહત્તર દેવે દાઢાના પાણીથી બન્ને ઇંદ્રોનો અભિષેક કર્યો તેથી તેઓ પરસ્પર ગાઢ પ્રીતિવાળા થયા.

હવે અહીં **ચંદ્રશેખર** નામના દેવે **હરિણેગમેષી** દેવને પૂછ્યું: "હે મિત્ર! શું મનુષ્ય લોકમાં કોઈ નિર્લોભી પુરુષ હશે? ત્યારે હરિણેગમેષી દેવ તારી પ્રશંસા કરતો બોલ્યો, વસુસાર શ્રેષ્ઠીને રત્નસાર નામનો પુત્ર છે, તે મનુષ્ય લોકમાં નિર્લોભી છે, તે કોઇનું આપેલું રાજ્ય પણ નથી લેતો. તે સાંભળી મેં ચંદ્રશેખર નામના દેવે તારી પરીક્ષા કરવા રાક્ષસનું સ્વરૂપ કર્યું, તને મેં અનેક પ્રકારે હેરાન કર્યો, માટે તું મને ક્ષમા કર. હું તારા પર પ્રસન્ન છું. માગ! માગ! તું જે માગીશ તે આપીશ કારણ કે દેવદર્શન અમોઘ કહેવાય.

કુમાર બોલ્યોઃ "હે દેવ! જિનધર્મના પ્રસાદથી મને કાંઈ તોટો નથી છતાં હું વચન નાખું છું કે હમણાં તમારે નંદીશ્વરદ્વીપની યાત્રા કરવી. દેવે કબૂલ કર્યું, પછી કુમારને પોપટ સહિત પાંજરું આપી તેને કનકપુરી પહોંચાડ્યો. ત્યાં તેણે રાજાદિ સામે કુમારનું મહાત્મ્ય જાહેર કર્યું. પછી તે કુમારને બહુમાન આપી સ્વસ્થાને ગયો, અહીં રત્નસાર પણ રાજાની આજ્ઞા લઈ પોપટ યુક્ત બન્ને પત્નીઓ સાથે મહાસેન્યને લઈ પોતાના નગર તરફ ચાલ્યો, સ્થાને સ્થાને અનેક ભૂપતિઓથી સત્કારને પામતો ક્રમે કરીને તે વિશાળાનગરી પાસે આવી પહોંચ્યો.

રત્નસારની વિસ્તૃત સમૃદ્ધિ અને સબળ સેના જોઈ રાજા પણ તેની સામે આવ્યો, પછી વસુસાર સાથે સમરસિંહ રાજાએ મોટા ઉત્સવપૂર્વક તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. ત્યારપછી પોપટે કુમારનું સઘળું ચરિત્ર કહી સંભળાવ્યું, તે સાંભળી અતિ ચમત્કાર પામેલા લોકો તેની પ્રશંસા કરવા

લાગ્યા. એ પ્રકારે રત્નસાર પોતાની બન્ને સહચારિણી સાથે સંસારના સુખો સેવતો રહેવા લાગ્યોઃ

એક દિવસ તે નગરમાં **ધર્મસૂરિ** નામના આચાર્ય સપરિવાર પધાર્યા. તેમને વાંદવા રાજા રત્નસાર પ્રમુખ નગરલોકો ત્યાં ગયા. સૂરિજીને વિધિપૂર્વક વાંદી સૌ યથોચિત સ્થાને દેશના સાંભળવા બેઠા. દેશનાના અંતે રાજા પૂછવા લાગ્યો, કે હે ભગવન્! રત્નસારે પૂર્વ ભવમાં એવું તે શું પુણ્ય કર્યું છે કે જેથી તેને આવા પ્રકારની સમૃદ્ધિ મળી? તે સાંભળી ચાર જ્ઞાનના ધણી એવા ધર્મસૂરિ કહેવા લાગ્યા, હે રાજન! સાંભળઃ—

— રત્નસારનો પૂર્વભવ —

આ ભરતક્ષેત્રમાં જ **રાજપુર** નામનું નગર છે. ત્યાં **જીતશત્રુ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **શ્રીસાર** નામે મહાપરાક્રમી પુત્ર હતો. શ્રીસારને એક ક્ષત્રિયપુત્ર, બીજો અમાત્ય પુત્ર અને ત્રીજો શ્રેષ્ઠી પુત્ર એમ ત્રણ મિત્ર હતા. એ ચારેને પરસ્પર અત્યંત સ્નેહ હતો. એક દિવસ અંતઃપુરમાંથી ખાતર પાડી ધન લઈને જતાં કોઈ ચોરને કોટવાલે પકડ્યો. તેને બાંધી તે રાજા પાસે લઈ ગયો. રાજાએ તેને મોતની સજા આપી. શૂળીએ લઈ જવાતા એવા ચોરને શ્રીસાર કુમારે જોયો, કોટવાલને કુમાર પૂછવા લાગ્યો કે આ પુરુષ કોણ છે અને આને બાંધીને તમે ક્યાં લઈ જાવ છો? ત્યારે કોટવાલે સર્વ હકીકત જણાવી. કુમાર બોલ્યો, હે કોટવાલ! આ ચોરને મારે હવાલે કરો. મારી માતાના અવાસમાંથી દ્રવ્ય ચોરનાર આ પુરુષને હું બરાબર શિક્ષા કરીશ. એમ

કહી કુમાર ચોરને લઈ, ગામ બહાર આવ્યો. કુમાર બોલ્યો; "હે ભાગ્યશાળી! હું તને અભયદાન આપું છું, પરંતુ હે બુદ્ધિમાન! પરાયું ધન લેવાથી ઉત્પન્ન કરેલી કીર્તિ અને ધન બન્ને નાશ પામે છે. વળી સંપત્તિ વિપત્તિમાં બદલાઈ જાય છે. આ લોકમાં કારાગ્રહ અંગ છેદન વગેરેનો ભય અને અપર લોકમાં નરકની ઘોર યાતના વેઠવી પડે છે. માટે હે બુદ્ધિમાન, તું પ્રતિજ્ઞા કર કે આજથી તારે ચોરી ન કરવી. અહો! મહાપુરુષની ઉદારતા અને યુક્તિ જગતને આનંદ અને આશ્ચર્ય ઉપજાવનારી હોય છે. કુમારથી બોધ પામેલો ચોર ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લઈ તાપસ થયો.

હવે આ હકીકત કોઈ પુરુષ દ્વારા રાજાએ જાણી, ત્યારે તે કુમારના અકાર્યની નિર્ભર્ત્સના કરતો બોલ્યો; "હે કુપુત્ર! તેં મારી આજ્ઞાનો ભંગ શા માટે કર્યો? ચાલ, મારા નગરમાંથી જલદી જતો રહે? તારા જેવા નીચનું અહીં કાંઇ કામ નથી." એ શબ્દો સાંભળતાંની સાથે કુમાર તરત નગર છોડી ચાલી નીકળ્યો: કેમકે, માનવંતા માનવીઓને પોતાની પ્રતિષ્ઠા, ગૌરવ અને સન્માન પ્રાણથી પણ પ્રિય હોય છે, તેના ત્રણે મિત્રો પણ સ્નેહાધીન થઈ કુમારને જઈ મળ્યા, કહ્યું છે કે:—

जानीयात्प्रेक्षणे भृत्यान्, बांधवान् व्यसनागमे ॥
मित्रमापदि काले च, भार्यां च विभवक्षये ॥१॥

અર્થ:—કાંઈ કામ પડે ત્યારે નોકરોની, દુઃખ પડયે બંધુઓની, આપત્તિકાળમાં મિત્રની અને વૈભવનો નાશ થવાથી સ્ત્રીની પરીક્ષા થાય છે.

તે ચારે મિત્રો કોઈ સાર્થની સાથે નસીબ અજમાવવા ચાલી નીકળ્યા. માર્ગમાં ચાલતા સાર્થથી ભૂલા પડેલા ચારે વનમાં ભટકવા લાગ્યા, ક્ષુધા–તૃષાતુર એવા તેઓ ત્રણ દિવસના અંતે કોઈ એક નગરમાં આવી પહોંચ્યા. ત્યાં તેઓએ ભોજન સામગ્રી લાવી ભોજન બનાવ્યું, સ્નાન કર્યા બાદ જ્યાં તેઓ જમવા બેસે છે, ત્યાં એક જિનકલ્પી મુનિરાજ વહોરવા પધાર્યા. તેમને જોઈ ભદ્રિક પ્રકૃતિવાળો રાજપુત્ર ઊભો થઈ બોલ્યો; " હે પ્રભો ! પધારો, આજ અમારો જન્મ સફળ થયો કે આપ અમારે આંગણે આવ્યા. " એમ બોલતાં કુમારે ચડતા પરિણામે સુપાત્રદાન આપી વિપુલ ભોગકર્મ ઉપાર્જ્યું. તે જોઈ તેના બન્ને મિત્રોએ ભાવપૂર્વક તેનું અનુમોદન કર્યું; પણ સત્વહીન ક્ષત્રિય પુત્ર બોલ્યો, " હે મિત્ર ! મને બહુ ભૂખ લાગી છે માટે તું મારા માટે રાખીને વહોરાવજે. " તેથી તેણે દાનાંતરાય કર્મ બાંધ્યું.

અહીં જીતશત્રુ રાજાએ પ્રેમવશ પોતાના પુત્રનું પુણ્ય અને પરાક્રમ જોઈ તેને મિત્રો સાથે માનપૂર્વક તેડાવ્યો શ્રીસારને રાજ્ય આપી રાજા ધર્મારાધન કરવા લાગ્યો. હવે શ્રીસાર પોતાના મિત્રોને યોગ્ય પદવીઓ આપી ન્યાયપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. પ્રાંતે કાળકરી શ્રીસાર રાજા સુપાત્ર દાનના પ્રભાવથી આ રત્નસાર થયો, શ્રેષ્ઠીપુત્ર અને મંત્રીપુત્ર તે પૂર્વના સ્નેહને લીધે કુંવરની પત્ની રૂપે થઇ, અને ક્ષત્રિય પુત્ર દાનાંતરાયથી પોપટ થયો. વળી પેલો ચોર તાપસવ્રતથી ચન્દ્રચૂડ (મયૂર)દેવ થઈ રત્નસારનો સહાયક થયો.

તે સાંભળી ભૂપતિ પ્રમુખ નગરજનો સુપાત્રદાનને વિષે પ્રીતિ ધરાવતા જિનધર્મ આરાધવા લાગ્યા. રત્નસારે પણ

જિનધર્મમાં તત્પર થઈ રથયાત્રા, તીર્થયાત્રા, સુવર્ણ રૂપાના અનેક જિનબિંબ અને ચૈત્ય વગેરે વિધિપૂર્વક કરાવ્યાં. આમ શાસનની પ્રભાવના કરતા રત્નસારના સંસર્ગથી તેની બન્ને ભાર્યા પણ ભાવપૂર્વક ધર્મારાધન કરવા લાગી, બન્ને સ્ત્રીઓ સાથે સંસાર સુખને ભોગવતો રત્નસાર આયુષ્ય ક્ષય થયે મૃત્યુ પામી અચ્યુત દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જિન ધર્મ આરાધી મુક્તિ પામશે.

॥ ઇતિ રત્નસાર કથા સમાપ્ત ॥

એ પ્રમાણે મુનિદાન પ્રભાવને અને પરિગ્રહ પરિમાણ ઉપર રત્નસાર રાજાની કથાને સાંભળી, હે ભવ્યજીવો ! તમે ધર્માનુરાગી થઈ આત્માનું શ્રેય કરો. પ્રભુ મુખેથી આવો ઉપદેશ સાંભળી કામદેવે પણ આણંદની જેમ બારવ્રત રૂપ શ્રાવકધર્મ સ્વીકાર્યો. ઉત્તમ પ્રકારે જિનધર્મ આરાધતાં તેણે ચૌદ વર્ષ ગાળ્યાં

હવે એક દિવસ કામદેવ શ્રાવક ચિંતવે છેઃ આટલા વર્ષ સુધી હું કુટુંબ પાળવામાં રહ્યો, મારા પુત્રો પણ ઘરબાર સંભાળે તેવા થયા છે તો પછી શા માટે હું પ્રમાદ કરું, એમ વિચારી તેણે એકાદશ પડિમા આરાધવાનો નિશ્ચય કર્યો.

સ્વજન વર્ગને તેડાવી ચારે પ્રકારના આહારથી સંતોષી તે પૂછવા લાગ્યો, "હે સ્વજનો ! જો તમારી સંમતિ હોય તો હું જ્યેષ્ટ પુત્રને કુટુંબનો ભાર સોંપી અગિયાર પડિમાનું આરાધન કરું, સ્વજનોની સંમતિ લઈ કામદેવ પુત્રને ગૃહ-ભાર સોંપી નિવૃત્ત થયો, પૌષધશાળાને જયણાપૂર્વક પ્રમાર્જી દર્ભાસન કર્યું, તેના પર બેસી આણંદની જેમ જિનધ્યાનમાં

તત્પર થયો. ક્રમે કરી તેણે અગિયાર પડિમા વહન કરી. હવે એક વખત રાત્રિએ કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ પૌષધશાળામાં આવ્યો.

મદ ઝરતા હસ્તિકુંભ જેવું મોટું બહુ જ પાતળા પગ, બેડોળ મસ્તક, કાબરચીતરી જટા, સૂંપડા જેવા નખો, બીસકોલીની પૂંછડી જેવી ભ્રૂકુટી, અંગારા ઝરતી આંખો કોદાળા જેવા દાંતો, ચપટી નાસિકા, કાળા પર્વત જેવો પડછંડ દેહ, કોઠી જેવું વિચિત્ર પેટ અને સર્પ, વીંછી, નોળિયા વગેરેના આભૂષણ પહેરી ભયંકર રૂપ ધારી તે પિશાચ ખિલખિલ શબ્દ કરતો, મુખમાંથી જીભ કાઢી અટ્ટહાસ્ય કરવા લાગ્યો. કાયોત્સર્ગમાં રહેલા કામદેવ પ્રતિ ખડ્ગ ઉપાડી બોલ્યોઃ "હે કામદેવ ! તું પ્રત્યક્ષ મળેલા વિષયને મૂકી શ્રાવક વ્રતોને શા માટે આદરે છે ? શું સ્વર્ગને નરકની પાછળ મંડ્યો છે ? જે જોઈએ તે અહીં જ છે. તારા કામદેવ એવા નામને ભોગો ન ભોગવતાં કેમ લજાવે છે ? મારી આજ્ઞા છે કે તું શ્રાવક વ્રતોને ત્યજી ભોગ ભોગવ અને તારી જિંદગી સફળ કર, અન્યથા હું આ ખડ્ગ વડે તારું મસ્તક છેદી નાખીશ. તેથી અકાળે મરીને અનંત દુઃખ મેળવીશ.

તે સાંભળી કામદેવ ધ્યાનસ્થપણે મૌન બેસી રહ્યો, કામદેવનું સ્થિર ચિત્ત જાણી રાક્ષસે તેને બે ત્રણ વાર ઉપર પ્રમાણે કહ્યું, તો પણ ભીષણ ભ્રૂકુટી ચઢાવી કામદેવ પર ખડ્ગનો પ્રહાર કરવા લાગ્યો, પરંતુ કામદેવ અતિ તીવ્ર વેદનાને અનુભવતો સમભાવમાં રહ્યો. કેમકેઃ—

धीराण कायराण य, कसवट्टे संकडे समावडिअे ॥
नियम परिपालणेसु, सुत्था वत्था य सव्वोवि ॥ १ ॥

અર્થ:—ધીર પુરુષોની અને કાયર પુરુષોની સંકટ આવે ત્યારે જ કસોટી થાય છે, બાકી સારી સ્થિતિમાં તો સર્વ નિયમનું પાલન કરવામાં સમર્થ હોય છે:—

હવે દેવ પોતે ગિરિરાજ સમા ગજરાજનું રૂપ લઈ ગર્જના કરતો અને સૂંઢ ઉછાળતો કહેવા લાગ્યો; "હે કામદેવ! હજી પણ તું મારું કહેવું નહીં માને તો તને ગગનમાં ઉછાળી પગ વડે રગદોળી નાખીશ." તો પણ કામદેવ સ્થિર ચિત્તે ધર્મધ્યાનમાં લીન રહ્યો. ત્યારે તે દેવે કામદેવને સૂંઢથી પકડી આકાશમાં ઉછાળ્યો અને પડતાં પહેલા દંતૂશળ પર ઝીલી તેનું પગથી મર્દન કરવા લાગ્યો. આવી દુઃસહ વેદનાથી પણ તે ચલાયમાન ન થયો, ત્યારે તે મહાલંબકાય લાલચોળ રુધિર જેવાં નેત્ર અને ફૂંફાડા મારતા સર્પનું રૂપ લઈ તેની પાસે આવી બોલવા લાગ્યો: "હે અભાગી કામદેવ! હજુ ય કહું છું કે આ ધતિંગ મૂકી ઘર ભેગો થઈ જા, નહિ તો હું તને કરડી જરૂર તારું મોત નિપજાવીશ.

જ્યારે કામદેવે કાંઈ ન સાંભળ્યું ત્યારે તે કામદેવના ગળા પર વિંટળાઈ ડંખવા લાગ્યો. તે એવી નિર્દયતાથી ડંખવા લાગ્યો કે શરીરનાં તમામ અવયવોમાંથી લોહીની ધારા વહેવા લાગી, પરંતુ તે સાચો શ્રાવક સમતા રસમાં રમવા લાગ્યો, તેનું શરીર તપસ્યાથી ક્ષીણ થઈ ગયું છે, તેમાં અસંખ્ય છિદ્રો પડી જવાથી લોહીની નીકો વહી રહી છે, પરંતુ આત્માને ઓળખનાર શરીરને શું સમજે? દેવ હાર્યો પણ શ્રાવક નિશ્ચલ રહ્યો. એ પછી અતિ વિસ્મય પામેલા દેવે પોતાનું દિવ્ય અને મનોહર રૂપ પ્રકટ કર્યું, તે બોલવા લાગ્યો, હે કામદેવ! તું કામદેવ નહીં પણ પ્રતિકામદેવ છે, તું ધન્ય છે.

તારું જીવન સફળ છે, જિનધર્મમાં તારી આવી દૃઢતા જોઇ તારા પર બહુ પ્રસન્ન થયો છું, મેં તને ઘોર ઉપસર્ગોથી અતિ પીડા ઉપજાવી છે, હે દયાળુ ! તે સર્વ મારા પર કૃપા કરી ક્ષમા કર. સૌધર્મેન્દ્રે તારી પ્રશંસા સાચી જ કરેલી તે આ પ્રમાણે હે દેવો ! ભરતક્ષેત્રની ચંપાનગરીમાં જે કામદેવ નામક શ્રેષ્ઠી વસે છે તેને ધર્મથી ચલાયમાન કરનાર આ જગતમાં કોઇ નથી. તે સાંભળીને મેં **અમરસેન** નામના દેવે વિચાર્યું કે દેવો આગળ મનુષ્ય શી વિસાતમાં છે ? એમ વિચારી મેં અહીં આવી તને ઘોર ઉપસર્ગો કર્યા; કિન્તુ તારું મન મેરુશિખર સમ નિશ્ચલ રહ્યું." એમ કહી તે કામદેવને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદન કરી જિનધર્મની પ્રશંસા કરતો સ્વસ્થાને ગયો.


અહીં કામદેવે પોતાને નિરુપસર્ગ જોઇ કાયોત્સર્ગ પાળ્યો, તે પ્રાતઃકાળે પ્રભુને સમવસરેલા જાણી ત્યાં વંદનાર્થે ગયો, વિધિપૂર્વક વાંદી દેશના સાંભળવા બેઠો. દેશનાના અંતે દેવ મનુષ્યની વચમાં પ્રભુ બોલ્યા: " હે કામદેવ ! ગઇ રાત્રે દેવે પિશાચ, હસ્તિ અને સર્પાદિ રૂપો વિકુર્વી તને બહુ ઉપસર્ગો કર્યાં, પરંતુ તું ધર્મધ્યાનથી જરાએ ચલાયમાન ન થયો, માટે તું શ્રાવકવર્ય છે." પ્રભુ બોલ્યા, " હે સાધુ–સાધ્વીઓ ! આ પ્રમાણે શ્રમણોપાસકે પણ દુઃસહ પરિસહો સહન કર્યાં માટે તમારે તો વિશેષ પ્રકારે સહવાં જોઇએ. તે સાંભળી કામદેવે વીર પ્રભુને કેટલાક ધર્મ વિષયના પ્રશ્નો પૂછ્યા, પછી પ્રભુને વાંદી પોતાના ઘેર આવ્યો.

શ્રી વર્ધમાનસ્વામી પણ ભવ્ય જીવોના હૃદયમાં બોધી-

બીજ વાવતાં અન્યત્ર વિહાર કરી ગયા. એ પ્રકારે આણંદની જેમ કામદેવે અગિયાર પડિમા વહી, તેવીશ વર્ષ સુધી જિનધર્મ પાળી, સંલેખનાપૂર્વક એક માસનું અનશન લઈ વીર ભગવાનનું સ્મરણ કરતો કામદેવ મૃત્યુ પામ્યો.

ત્યારે ગૌતમસ્વામીએ પ્રભુને પૂછ્યું; "હે સ્વામિન્! કામદેવ શ્રાવક અહીંથી કાળ કરી કયાં ઉપન્યો?" પ્રભુ બોલ્યા; હે ગૌતમ તે પ્રથમ દેવલોકમા **અરુણાભ** વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો મહાસમૃદ્ધિશાળી દેવ થયો છે, ત્યાંથી ચ્યવી તે મહાવિદેહ ક્ષેત્રે ઉચ્ચ કુળમાં જન્મ લેશે. ત્યાં ચારિત્ર ગ્રહણ કરી શાશ્વત સુખને પામશે. એ પ્રમાણે કામદેવ ચરિત્રને સાંભળી હે ભવ્યલોકો! તમે ધર્મમાં આદર કરો.

॥ ઇતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભગણીના શિષ્ય રાજકીર્તિ-ગણીની રચેલી ગદ્યબંધ વર્ધમાન દેશનાનો કામદેવ પ્રતિબોધ-નામનો બીજો ઉલ્લાસ સમાપ્ત ॥



ઉલ્લાસ ત્રીજો



ચુલ્લણી પિતાનું ચરિત્ર

હવે શ્રી સુધર્માસ્વામી વીરપ્રભુએ કહેલું ચુલ્લણી પિતાનું ચરિત્ર જંબૂસ્વામીને કહે છેઃ—

આ ભરત ક્ષેત્રનાં અલંકાર જેવી વિવિધ રત્નોથી વ્યાપ્ત અને સુવર્ણ કળશોથી પૃથ્વીપીઠને શોભાવનાર વારાણુસી નામની નગરી છે. તેમાં **જિતશત્રુ** નામે રાજા પ્રજાનું સારી રીતે પાલન કરતો હતો. તે નગરમાં જ **ચુલ્લણીપિતા** નામે ગૃહસ્થ વાસ કરતો હતો. તેને અતિ સુંદર તેમજ પતિપરાયણ **શ્યામા** નામની પત્ની હતી. તે નગરમાં **કોષ્ટક** નામનું એક **યક્ષનું** મંદિર હતું.

તે શ્રેષ્ઠીનું આઠ આઠ ક્રોડ દ્રવ્ય વ્યાજમાં, વાણિજ્યમાં અને ભૂમિમાં નિધાન રૂપે રોકાયેલું હતું. વળી તેના ઘરમાં ગાયોના આઠ ગોકુળો હતાં. બીજું, આણંદની માફક તેની પાસે અઢળક દ્રવ્ય–લક્ષ્મીનો વિસ્તાર હતો. તે પોતાની ભાર્યા શ્યામા સાથે અનેક પ્રકારના સુખ સેવતો સમય વિતાવતો હતો.

એક વખત **શ્રી વર્દ્ધમાનસ્વામી** તે કોષ્ટકયક્ષના મંદિરમાં સમવસર્યા દેવોએ સમવસરણ રચ્યું. પર્ષદાઓ એકત્રિત થઈ. પ્રભુનું આગમન સાંભળી ચુલ્લણીપિતા પણ પરિવારથી પરિવરેલો પ્રભુને વાંદવા ત્યાં આવ્યો. વિધિપૂર્વક વાંદીને તે યોગ્ય સ્થાને બેઠો. પ્રભુએ મેઘનાદે દેશના આપી કે, "હે ભવ્યજીવો ! બાન્ધવ, ધન ભવન, યૌવન, પ્રમદા અને આ શરીર આદિ સર્વ પદાર્થને વિનશ્વર જાણી તમે જિનધર્મનું આરાધન કરો, તે સાધુધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારે છે. તે ધર્મ આલોકમાં અને પરલોકમાં સુખનું સાધન થાય છે. જે પ્રાણી જિનધર્મ રૂપ અમૃતથી સ્નાન કરે છે તે પાપરૂપી અત્યંત મેલથી ખરડાયેલો છતાં સહસ્રમલની માફક શુદ્ધ થાય છે." પછી ગૌતમ સ્વામી બોલ્યા; "હે જિનશ્રેષ્ઠ ! તે સહસ્રમલ કોણ હતો ? વળી પાપપંકથી મલિન હોવા છતાં શી રીતે શુદ્ધ થયો ?" તે સાંભળી જગબાંધવ બોલ્યા; "હે ગૌતમ સાંભળઃ—

'સહસ્રમલ'ની કથાઃ–

વત્સ દેશના ભૂષણ જેવી કૌશાંબી નગરી છે. પૂર્વે ત્યાં સહસ્રમલ નામનો વણિક વસતો હતો. તે દરેકને છેતરવામાં તત્પર રહેતો, તે સાતે વ્યસનોને સેવનારો, મિથ્યાવાદી, દુનિયાનું અહિત કરવાની આશાવાળો દુષ્ટાત્મા નિરંતર ચોરી કર્યા કરતો, વળી તે અનેક દેશની ભાષાઓ બોલવામાં તેમજ વેષ પરિવર્તનમાં નિપુણ હતો. અને મહા કપટી પણ હતો.

તે નગરમાં રત્નસાર નામનો એક રત્નોનો વેપારી

વસતો હતો. એક દિવસ તે માયાવી સહસ્રમલ વણિકનો વેષ પહેરી વેપારીની દુકાને આવી પૂછવા લાગ્યો; " હે શેઠ! તારી પાસે કયાં કયાં રત્નો છે ? " શેઠ બોલ્યો; " બેસો, હું આપને દેખાડું. અમારી દુકાને ઘણી જાતનાં રત્નો છે. " એમ કહી ઝવેરીએ તેને રત્નો લાવી દેખાડ્યાં. તે જોઈ સહસ્રમલ બોલ્યો; " શું આટલાં જ રત્નો છે ? " તે બોલ્યો, " બીજાં ઘણાંય છે. " શેઠે વિચાર્યું કે, આ કોઇ મોટો શેઠીઓ છે. માટે આજે સારો નફો મળશે. એમ વિચારી તે લોભવશથી ઘણાં રત્નો લઇ આવ્યો, તે બધાંને સારી રીતે ઊંચા નીચા કરી બરાબર તપાસી સહસ્રમલ બોલ્યો; " હે શેઠ ! આનું મૂલ્ય શું છે ? " શેઠે બતાવ્યા મૂલ્ય પ્રમાણે તેણે આંકડો કરાવ્યો. પછી બોલ્યો, " ઠીક ત્યારે, હું બધાં રત્નો ખરીદું છું, પણ આની કિંમત કાલે મળશે. " શેઠ બોલ્યો; " આજ નગદ કાલે ઉધાર, આપણી પાસે ઉધારનો ધંધો નથી. " એમ કહી તેણે પોતાનો માલ હતો ત્યાં પાછો મૂકયો. પછી સહસ્રમલ પણ તે દુકાનનું બારીકાઇથી નિરીક્ષણ કરી પોતાને રસ્તે પડ્યો. પછી રાતે તે વેષ બદલી પોતાના સાથીઓ સાથે ઝવેરીની દુકાને આવ્યો, અને બાતર પાડયું. બહાર સાથીઓને ઊભા રાખી તેણે ભીંતમાં કરેલા છિદ્ર વાટે પોતાના પગ અંદર નાંખ્યા. અહીં શ્રેષ્ઠીપુત્રોએ જાગી જવાથી તેના પગ પકડ્યા અને પરસ્પર ખેંચવા લાગ્યા. તેથી સહસ્રમલનું શરીર છોલાઈ ગયું. તેમાંથી રુધિરની ધારાઓ વહેવા લાગી. ચોરની આવી સ્થિતિ જોઈ દયાળુ શ્રેષ્ઠી–પુત્રોએ તેને છોડી મૂકયો.

તેણે ઘેર આવી સર્વ બીના પોતાની માતાને સંભળાવી. તે શય્યામાં પડ્યો પડ્યો વેદનાથી આક્રાંત થઈ પુકાર કરવા લાગ્યો. ત્યારે તેની માતા બોલીઃ "હે પુત્ર! જે પારકું ધન ચોરે તેને બધું સહન કરવું પડે છે રોજ માલ બાય તો કોઈવાર માર પણ બાવો જોઈએ ને?" વિચારા **સારણ ધૂતકારે** બોછું દુઃખ ભોગવ્યું છે?" પુત્રે પૂછયુંઃ "હે માતા! તે કોણ હતો? અને તેણે શી રીતે દુઃખો સહન કર્યાં હતાં?" તે બોલીઃ "સાંભળ, અવંતી નગરીમાં સારણ નામનો એક જુગારી વસતો હતો. એક દિવસ જુગારમાં તે પોતાનું બધું દ્રવ્ય હારી ગયો. એક સમય તે રાત્રિના વખતે ચોરી કરવાની ઇચ્છાથી ફરતો ફરતો કોઈ વણિકના ઘેર આવ્યો. તે ત્યાં સંતાઈ અંદર રહેલા પિતાપુત્રનો વાર્તાલાપ સાંભળવા લાગ્યો. શેઠ બોલ્યો, 'હે પુત્ર! ૧૦ હજાર સોના-મહોરો કોઈ જગ્યાએ દાટવી જોઈએ કે જેથી તે આપત્તિ-કાળમાં સહાય રૂપ થાય.' પુત્ર બોલ્યોઃ "હે પિતા! તમે આ ઉપાય બહુ સારો શોધ્યો. જો આ દ્રવ્ય સ્મશાનમાં દાટીએ તો બહુ સારું.' પિતા બોલ્યો. 'ચાલો ત્યારે, આપણે ત્યાં જઇએ. તું કપડાં પહેર.' તે સાંભળતાજ તે જુગારી સ્મ-શાન ભણી દોડ્યો. ત્યાં જઈ તે મહાયોગીની જેમ શ્વાસો-ચ્છવાસને રોકી મૃતકની માફક પડી રહ્યો. અહીં થોડીવારમાં તે પિતા–પુત્ર ધન લઇને ત્યાં આવ્યા. શેઠ બોલ્યોઃ 'હે પુત્ર! તું સ્મશાનમાં જઈ બરાબર જો, કેમકે અહીં જો કોઈ ધૂર્ત ગુપ્ત રીતે રહ્યો હશે તો આપણા બધા મનોરથો માટીમાં મળી જશે.' તે સાંભળી શ્રેષ્ઠીપુત્રે સ્મશાનમાં ફરી, સારી રીતે

તપાસ કરી. થોડીવારમાં તે એક મૃતકોના સમૂહ પાસે આવ્યો. ત્યાં સારણનું અક્ષત શરીર જોઈ તેને શંકા થઈ, તેથી તે સંપૂર્ણ શરીર તપાસવા લાગ્યો. તેના મુખ અને નાકને શ્વાસ રહિત જોઈ તેને ખાત્રી થઈ કે શરીર પ્રાણ વિહોણું છે. પછી તે તેના પિતા પાસે આવી કહેવા લાગ્યોઃ "હે તાત! મેં સ્મશાનમાં બધી જગ્યાએ બારીકાઈથી જોયું, પરંતુ કેટલાંક રાખ થયેલાં કેટલાક અર્ધ બળેલાં, કેટલાંક બળતાં અને કેટલાંક બિનવારસી થઈ પડેલાં, વિનષ્ટ શરીર જોયાં; પરંતુ કેટલાક મડદાની મધ્યમાં એક મૃતક અક્ષત જોયું છે. તેનો બાપ બોલ્યો, હે પુત્ર! નિશ્ચય તે મહાધૂર્ત હોવો જોઇએ માટે તું ફરી ત્યાં જઈ બરાબર તપાસ કર.' શ્રેષ્ઠી–પુત્ર ફરી ત્યાં આવ્યો. અને બહુ બારીકાઈથી તે શરીરનું નિરીક્ષણ કરવા લાગ્યો. કેટલાંક અડપલા કરી તેણે મૃતકને પગ પકડી બહાર ખેંચી કાઢયું, આમતેમ ઢંઢોળી અનેક જાતની ચેષ્ટાઓ કરી. ત્યાર પછી તેને અચેતન જાણી તેનું સ્વરૂપ પિતાને સંભળાવ્યું. તેના પિતાએ કહ્યું, 'હે પુત્ર! એમ નહીં. આ વખતે તું એનાં નાક–કાન કાપી લાવ, જેથી નિશ્ચય થાય કે તે પ્રાણ રહિત પિંજર છે.' પુત્રે પણ પિતાની આજ્ઞાનું પાલન કર્યું. અને મૃતકનાં નાક–કાન કાપી આપ્યાં. અહો! આવી રીતે અતિ તીવ્ર વેદના સહન કરતો તે ધૂર્ત ધન લોભથી કાંઈ ન બોલ્યો. પછી તે બન્ને ધનને ત્યાં જમીનમાં દાટી ઘેર આવ્યા. અહીં તે ધૂર્ત પણ ઊઠ્યો અને ધન લઇ રવાના થઇ ગયો.

એક દિવસ તે શ્રેષ્ઠી બોલ્યોઃ "હે પુત્ર! તું સ્મશાને

જઈ ધનની ખબર તો કાઢી આવ." તે સાંભળી શ્રેષ્ઠીપુત્ર ત્યાં ગયો, પણ ધન કયાંય દેખાયું નહી. તેણે આ વાત તેના પિતાને જણાવી. તે સાંભળી શેઠ સ્મશાનમાં ગયો. અને વધારે ઊંડો જોયું પણ ધન હોય તો મળે ને ! આથી ખેદ પામેલા શેઠે ઘેર આવી પુત્રને કહ્યું 'હે પુત્ર ! નિશ્ચય તે ધૂતારાઓ આપણને છેતર્યા છે. માટે સવારે તેની તપાસ કરશું. એમ વિચારી બન્ને સૂતા પણ ઊંઘ ન આવી સવારે બાપ–બેટો બન્ને જણા તે નાક–કાન વગરના પુરુષની તપાસમાં ફરવા લાગ્યા. આખરે તે એક દિવસ મળી જ ગયો. તેનાં નાક–કાન કપાયેલાં જોઈ શ્રેષ્ઠી તેનો હાથ પકડી એકાંતમાં લઇ ગયો. પછી કહેવા લાગ્યો; 'હે વીર ! તે અત્યંત દુષ્કર કાર્ય કર્યું છે, સર્વ પ્રાણીઓમાં તું ધૈર્યધારી છે.' તે બોલ્યો, 'હે શેઠ ! દુનિયામાં દોલત માટે મનુષ્ય શું શું નથી કરતો ?' શેઠ બોલ્યો; 'હે વીર ! જેટલું ધન બચ્યું હોય તેટલું તો મને આપ.' ધૂર્ત બોલ્યો; 'હે શેઠ ! વધેલા ધનને તું ખુશીથી લે, પરંતુ રાજાને ફરિયાદ ન કરતો.' એમ કહી તેણે વધેલું ધન શ્રેષ્ઠીને આપ્યું શ્રેષ્ઠીએ પણ તેને સંતોષી વિદાય કર્યો.

સહસ્રમલની માતા બોલી કે, " હે બેટા ! જે પારકાનું ધન લે છે તેને વિટંબણા પણ બહુ થાય છે. માટે તું પણ આ ચોરીનો ધંધો છોડ. ચોરીનો માલ ચોરીમાં જ જાય છે. ધન તુરત ચાલ્યું તો જાય છે; પણ હે બેટા ! આપત્તિની પરંપરાને નોતરતું જાય છે." માતાની વાત સત્ય માની તે ખુશ થયો. થોડા દિવસમાં તેનું શરીર સ્વસ્થ થયું અને તે ફરી ચોરી કરવા લાગ્યો.

એક દિવસ પુરોહિતના ઘેર બાતર પાડી અઢળક ધન ઉપાડી લાવ્યો અને પોતાની માતાને સોંપ્યું. તે બોલીઃ "હે પુત્ર! તું આટલું બધું ધન કયાંથી લાવ્યો?" "હે માત! તું આવી પંચાત અને ચિંતા શા માટે કરે છે? અરે, સવારના લોકમુખે બંદાની બહાદુરી સાંભળી મને સંભળાવજે." સવારે ચોરની મા નગરમાં ગઇ. ત્યાં તેણે એક સ્ત્રીઓનું ટોળું જોયું. તે ત્યાં ગઇ ત્યારે સ્ત્રીઓ આ પ્રમાણે બોલતી હતીઃ 'આજે પુરોહિતના ઘેર કોઇ ચોરે ચોરી કરી છે. બીજી બોલી કે તેનો કાંઇ પત્તો લાગ્યો કે નહીં!' તે બોલી, હા બાઇ! પુરોહિતે રાજાને જણાવ્યું ત્યારે રાજાએ આરક્ષકોને બોલાવી બહુ ઠપકો આપ્યો; એટલામાં **ધનસાર** શ્રેષ્ઠીએ કહ્યું, 'હે રાજન્! નિશ્ચય તે ચોર ધનથી સુંદર વસ્ત્રો ખરીદવા મારી દુકાને આવશે, ત્યારે હું તેને પકડી પાડીશ.' વળી એટલામાં એક હજામ બોલ્યો, 'અરે! હજામત કરાવવા અને નખ કપાવવા તે મારી દુકાને આવશે ત્યારે હું જ તેને પકડીને બાંધીશ. અને આપને હવાલે કરીશ,' સ્ત્રીની આવી વાતો સાંભળી ભય પામેલી ડોશીએ સર્વ બીના પુત્રને જણાવી. તે ચોર બોલ્યોઃ "ઓહ! સહસ્રમલ આવી બાબતોથી ગભરાતો નથી, કરના તો ડરના નહીં, ડરના તો કરના નહીં અરે! એવા તો કેટલાય ભસ્યા કરે છે."

પછી તે ચોર વણિકનો પોશાક પહેરી હજામને ત્યાં આવ્યો, હજામે તેને કોઈ મોટો શેઠ જાણી સુંદર આસન પર બેસાડ્યો. વાળ નખ કાપી તેને સ્નાન કરાવ્યું. સ્નાન પછી સહસ્રમલ બોલ્યોઃ "હે નાઇ! આ તારા પુત્રને મારી

સાથે મોકલ, હું તેને તારી મહેનતના પૈસા આપું. નાઇએ પુત્રને મોકલ્યો. પછી સહસ્રમલ નાઇના પુત્રને લઇ ધનસાર શ્રેષ્ઠીની દુકાને ગયો, ધનસારે તેના ઉત્તમ પોશાકથી અનુમાન કર્યું કે આ કોઇ મોટો વેપારી હશે. એમ વિચારી તેણે સહસ્રમલને આવતાં જોઈ કહ્યું, " પધારો, શેઠ, શો હુકમ છે." તે બોલ્યો; કોઈ ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો હોય તો બતાવો. તે સાંભળી શેઠે મહામૂલી વસ્ત્રો બતાવ્યાં. સહસ્રમલે કપડાંના મૂલ્ય નક્કી કરી કહ્યું કે " પૈસાનો વાટવો ઘેર રહી ગયો છે. હું ઘેર જઇ દ્રવ્ય લઇ આવું છું. ત્યાં સુધી તમે આ બાળકને સાચવજો.' બિચારા ભોળા શેઠે તેની વાત સાચી માની સ્વીકારી. સહસ્રમલ પણ કપડાં બગલમાં દબાવી ઘેર આવ્યો. અને તે માને સોંપી બોલ્યો; " હે માતા ! તું સાંજે પાછી નગરમાં જઇ ઊડતી અફવાને સાંભળજે અને મને જણાવજે.' ડોશી પણ ત્યાં જઈ જાણેલી નગર ચર્ચા પુત્રને કહેવા લાગીઃ " હે પુત્ર ! સાંભળ, હજામે અને શ્રેષ્ઠીએ આજ રાજા પાસે ફરિયાદ કરી છે કે આજે તો તે ચોર અમને પણ ઠગી ગયો છે." તે સાંભળી એક અશ્વનો વેપારી બોલ્યો, હે સ્વામિન્ ! ચોરોને ઘોડાનો બહુ શોખ હોય છે. માટે તે જરૂર મારે ત્યાં, અશ્વ ખરીદવા આવશે. હું તેને પકડી આપને હવાલે કરીશ.' વળી, એટલામાં **કામપતાકા** નામની એક વેશ્યા બોલી, ' હે રાજન્ ! તે ચોર મારું ઘર મૂકી બીજે કયાંય નહિ જાય, કેમકે તે મોટો ચોર જણાય છે તેથી તે મામૂલી વેશ્યાને ત્યાં ન જતાં મારા મુકામે અવશ્ય આવશે. હું તેને આ મારા નમણા બાહુપાશથી પકડીશ.' તે સાંભળી સહસ્રમલે સાર્થવાહનો શણગાર સજ્યો. તે ફરતો ફરતો ઘોડાના

વેપારી પાસે આવ્યો. તેને જોઇ અશ્વના વેપારીએ બહુમાન સાથે આસન આપ્યું. તેના પર બેસી સહસ્રમલ અનેક પ્રકારની વાતો કરતો બોલ્યોઃ 'હે વેપારી તમે નગર બહાર કેમ વસ્યા છો?' તે બોલ્યો; 'હે મહાભાગ! નગરમાં ઘર ન મળવાથી હું અહીં વસ્યો છું.' સહસ્રમલ બોલ્યો, 'ચાલો, તમે અમારા ઘેર રહો. તમારા જેવા વેપારી અમારા હોવા, છતાં નગર બહાર કેમ રહે?' શ્રેષ્ઠી બોલ્યો, 'બીજાને ઘેર વસવામાં જોખમ હોય છે.' ચોર બોલ્યો, સજ્જનના ઘેર વસવામાં સજ્જન પુરુષોએ શંકા ન કરવી જોઈએ, શંકા કરનાર સજ્જન પુરુષની સજ્જનતા કૃત્રિમ કહેવાય છે. જેની સાથે મન મળી ગયું હોય તેના ઘરને પોતાનું જ ઘર માનવું જોઇએ. ચોરની વાક્‌પટુતા સાંભળી વેપારી વિચારે છે. 'અહો શું આની સજ્જનતા અને અપૂર્વ વિવેક? નક્કી કોઇ સત્પુરુષ જણાય છે. માટે આનું આમંત્રણ પાછું ઠેલવું યોગ્ય નથી. એમ વિચારી તેણે ચોરનું આમંત્રણ મંજૂર કર્યું.

ત્યારપછી સહસ્રમલ આગળ ચાલી વેશ્યાના ઘેર આવી બોલ્યો, 'હે કામપતાકા! આજ અત્યંત ધનવાન એક વિદેશી અશ્વનો વેપારી તારા ઘેર રહેવા આવવાનો છે માટે તું જલદી એક ઓરડો આપ. તે સાંભળી ધનાભિલાષી ખુશી થઈ. સામે જઇ તે વેપારીને બહુમાન સહિત પ્રવેશ કરાવી સુંદર સ્થાનમાં અશ્વોને બાંધ્યા. વેપારીને આ સ્થાન બહુ ગમી ગયું. તે નિશ્ચિંત થઈ આરામ કરવા લાગ્યો. અહીં સહસ્રમલ વેશ્યા પાસે આવી સુખાસને બેઠો. વેશ્યા તેના પગ ધોવા લાગી. ત્યારે તે બોલ્યો; 'હે ભદ્રે! અત્યારે પગ ધોવાથી શું?

અત્યારે તો મારે રાજાને મળવાનું મુહૂર્ત છે. માટે તું તારાં આભૂષણો મને આપ. રાજાને મળી આવી તરત તને પાછા આપીશ.' દ્રવ્યની લાલસાવાળીએ વિચાર્યું કે આમનાં ઘણાં અશ્વો અને વેપારી અહીં છે, તો પછી આભૂષણો આપવામાં શો વાંધો. એમ વિચારી તેણે ઉત્તમ પ્રકારના રત્નજડિત ઘરેણા કુમારને પહેરવા માટે આપ્યાં. પછી તે ચોર વેપારી પાસે આવી બોલ્યો; 'હે બાંધવ! અત્યારે મારે રાજાને મળવા જવું છે, વખત બહુ ઓછો હોવાથી તમે એક સૌથી શ્રેષ્ઠ અશ્વ મને આપો. ત્યાંથી હું તુરત આવી તમને પાછો સોંપીશ.' વિશ્વાસુ એવા તે વેપારીએ તેને સર્વ અશ્વોમાંથી શ્રેષ્ઠ અશ્વ આપ્યો. આભૂષણથી વિભૂષિત સહસ્રમલ તે અશ્વ પર બેસી પોતાના ઘેર આવ્યો. અને આભૂષણો માતાને સોંપ્યાં.

અહીં બહુ વાર થયા છતાં સહસ્રમલ ન આવ્યો ત્યારે વેશ્યાને ફાળ પડી, તેણે રાજદ્વારે જઇ દ્વારપાળને પૂછયું કે "અહીં કોઇ અશ્વારૂઢ વેપારી આવ્યો છે અથવા આવ્યો હતો?" તે બોલ્યો, 'અહીં એવો કોઈ નથી આવ્યો.' તે સાંભળી વ્યાકુળ થયેલી વેશ્યા પોતાને સ્થાને આવી તે વેપારીને પૂછવા લાગી કે, 'અરે! તે તમારો સાથી હજી નથી આવ્યો?' તે બોલ્યો, 'કેમ શું કામ છે? તે રાજદ્વારે ગયો છે.' તે બોલીઃ 'અરે! હું ત્યાં જઈને આવી છું, તે ત્યાં નથી. અરે ભગવાન્! હવે મારું શું થશે?' તે શેઠ બોલ્યો, અરે બાઈ તું આમ કેમ નિઃશ્વાસ નાખે છે? વેશ્યા બોલી તે મારાં કિંમતી આભૂષણો લઈ ગયો છે. તે સાંભળી શેઠ બોલ્યો, 'શું આ તેનું ઘર નથી?' વેશ્યા બોલી; 'તેનું

ઘર કેવું, તે તો તમારી સાથે જ આજે આવ્યો હતો. હું તો વેશ્યા છું.' તે સાંભળતાં જ શેઠના છક્કા છૂટી ગયા. તે બોલ્યો 'મારો પણ ઉત્તમ અશ્વ તે દુષ્ટ લઇ ગયો છે. વેશ્યા બોલી: નિશ્ચય તે ચોર જ હોવો જોઈએ માટે ચાલો રાજાને ફરિયાદ કરીએ.

આ બન્નેની ફરિયાદ સાંભળી રાજાએ કોટવાલને આદેશ કર્યો કે, તમે આ ચોરને પાંચ દિવસમાં પકડી મને સોંપો. કોટવાલ તે સ્વીકારી પોતાના ઘેર આવ્યો. હવે ચોરની મા બોલી, 'બેટા ! આજે તો મોટી આફત આવી છે; કેમકે તને પકડવા ખુદ કોટવાલે કબૂલ કર્યું છે. માટે તું પોતાના આત્માનું યત્નથી રક્ષણ કર. સહસ્રમલ બોલ્યો, 'હે માત ! તારે ડરવાની કોઈ જરૂર નથી. હું તે કોટવાલને પણ માલ ચખાડીશ, હું કોટવાલને કંગાળ કરી તેનું બધું ધન અહીં લાવીશ.' પછી તે બ્રાહ્મણનો પોશાક પહેરી નગરમાં ગયો અને ફરતો ફરતો એક દેવકુલમાં આવી જુગાર રમવા લાગ્યો. અહીં કોટવાલ પણ ચોરની તપાસ કરતો ત્યાં આવી પહોંચ્યો. અને સહસ્રમલ સાથે જુગટું રમવા લાગ્યો. રમતાં રમતાં કોટવાલ પોતાની નામાંકિત મુદ્રા હારી ગયો. સહસ્રમલે તે મુદ્રા લીધી. એટલામાં રાજપુરુષે આવી કોટવાલને કહ્યું કે આપને રાજા શીઘ્ર બોલાવે છે. તે સાંભળતાં જ કોટવાલ રમત પડતી મૂકી રાજદ્વારે ગયો. હવે સહસ્રમલ કોટવાલના ઘરે પહોંચ્યો. ત્યાં જઇ કોટવાલની વહુને કહ્યું, 'હે ભદ્રે ! તું તારા ઘરની સાર વસ્તુ મને જલદી આપી દે.' તે બોલી; 'તમને અહીં કોને મોકલ્યાં છે? તે બોલ્યો, કોટવાલજીએ

તે બોલી: 'તે ક્યાં છે? તેમને તો રાજપુરુષો મજબૂત બાંધી પકડીને રાજા પાસે લઇ ગયા છે. તેમની આવી સ્થિતિ જોઈ હું તેમની પાસે ગયો. ત્યારે તેમને કહ્યું, હે મિત્ર! તું મારા ઘેર જઇ બધી મૂલ્યવાન વસ્તુ તારે ઘેર લઇ જા. આ વાત કોઈ ન જાણે તેમ કરજે, કેમકે રાજા મારા પર બહુ રોષે ભરાયેલો છે. અભિજ્ઞાન (ઓળખાણ) માટે આ નામાંકિત વીંટી તેમણે આપી છે. માટે હે સુંદરી! તું વિલંબ ન કર. કદાચ રાજસેવકો અહીં આવી પહોંચશે.' વીંટી જોઇ ભય પામેલી સ્ત્રીએ ઘરની બધી સાર સાર વસ્તુ તેને સોંપી. તે લઈ સહસ્રમલ મનમાં મલકાતો મુકામે આવ્યો.

હવે થોડીક વાર પછી કોટવાલ ઘરે આવ્યો. તેને જોઇ બહુ હર્ષ પામતી તેની પત્ની સામે જઈ પૂછવા લાગી, 'હે નાથ! તમે શી રીતે છૂટી ગયા! વિસ્મિત થયેલો કોટવાલ બોલ્યો, 'મને કોણે બાંધ્યો હતો? તે બોલી: 'કેમ, રાજાએ તમને બાંધ્યા ન હતા?' તે બોલ્યો, 'અરે ગાંડી! આવું તને કોણે કહ્યું, શું સ્વપ્નું આવ્યું હતું કે?' અરે, તમે તો વીંટી લઈને કોઇ માણસને મોકલ્યો હતો, તેણે જ મને કહ્યું કે તારા સ્વામીને રાજસેવકો બાંધીને લઇ ગયા છે. માટે તું મોંઘી–અમૂલી બધી વસ્તુ મને આપી દે. તે સાંભળી મેં બધું મણિ કંચન રત્ન મોતી વગેરે તેને આપી દીધું.' તે સાંભળી કોટવાલ દુઃખિત થઈ બોલ્યો, 'હે મુગ્ધે! મેં તો કોઈને નથી મોકલ્યો. નિશ્ચય તે ધુતારાએ મને પણ ધૂત્યો. પછી ભગ્ન હૃદયવાળા કોટવાલે રાજાને પોતાનો સર્વ વૃતાન્ત જણાવ્યો. તે સાંભળી રાજા બોલ્યો, 'અરે અક્કલના બારદાનો!

દૂર રહો, તે ચોરને હું પોતે જ જોઉં છું કે તે દુષ્ટ મારાથી બચીને કયાં જાય છે? હું પોતે જ તેને પકડીશ.' તે સાંભળી કોટવાલ બોલ્યો, 'હે સ્વામિન્! એમાં શો સંદેહ? કેમકે મેઘના વરસવાથી દુર્ભિક્ષ કયાં સુધી ટકી શકે.

આ વાતને જાણી સહસ્રમલની માતા તેને કહેવા લાગી; "હે પુત્ર! હવે આજ તારા જીવિતમાં મને સંશય છે, કેમકે ક્રોધિત થયેલા રાજાએ જ તને પકડવાની પ્રતિજ્ઞા કરી છે." તે સાંભળી ચોર બોલ્યો, 'હે અંબે! તારે જરા પણ ગભરાવાની જરૂર નથી. "રાજા બાજા મારે આંટા" એમ કહી તેણે અંગમર્દકનો વેષ તૈયાર કર્યો. રાતના તે રાજદ્વારે આવી દ્વારપાલને કહેવા લાગ્યો; 'હે પ્રતિહાર્ય! તું જઇ રાજાને ખબર આપ કે, "દેશાન્તરથી કોઇ કલા–કુશળ અંગમર્દક આવ્યો છે. તે દરવાજા પર આપને મળવાની ઇચ્છાથી ઊભો છે. જો આપની આજ્ઞા હોય તો અહીં આવે." તે સાંભળી દ્વારપાળે રાજાને નિવેદન કર્યું. રાજાએ કહ્યું એને આવવા દો. થોડીવારમાં સહસ્રમલ આવી બોલ્યો, "મહારાજા જય પામો! વિજય પામો!!" પછી તે સવિનય બોલ્યો, "હે રાજન્! આપ મારા કલા–કૌશલને જુઓ." તે સાંભળી રાજાએ પોતાનાં આભરણો ઉતારી એક બાજુ મૂકયાં, અને પોતે પલંગ પર સૂતો. પછી ચોરે રાજાને એવું માલિશ કર્યું કે તે તરત નિદ્રાને શરણ થયો. રાજાને ઘોર નિદ્રામાં ઘોરતો જોઈ ચોરે તેનાં સર્વ આભૂષણો ઉપાડયા ને નીચે ઊતરી દ્વારપાળને સલામ ભરી ઘેર આવ્યો. અને બધાં આભૂષણો માતાને આપી પોતે આરામથી સૂઇ ગયો.

અહીં પ્રાતઃકાળમાં જાગેલા રાજાએ આભૂષણો અને અંગમર્દક બન્નેને ગુમ થયેલા જોયા. વ્યથા અનુભવતો રાજા પ્રાતઃકૃત્ય કરી નિરુત્સાહિત વદને સભામાં આવી બેઠો. ત્યાં સામંતો, સુભટો તેમ જ મંત્રીવર્ગ પણ બેઠા હતા. રાજાની મુખાકૃતિ ખિન્ન જોઇ પ્રધાને પૂછ્યું: "હે પ્રભો! આજે આપ કાંઇ ચિંતામાં છો?" ત્યારે રાજાએ રાતની સર્વ બીના કહી સંભળાવી. મંત્રી બોલ્યો, "હે સ્વામિન્! આ ચોર કોઇ અજબનો દેખાય છે. માટે તેને પકડવા કોઈ ઉપાય કરવો જોઇએ." રાજા બોલ્યો, "હવે શું કરવું જોઇએ? મંત્રી બોલ્યો, "હે રાજન્! ધર્માચાર્યની પાસે જાપ કરાવી તેમના મંત્ર વિજ્ઞાન બળથી ચોરની શુદ્ધિ કરવી જોઇએ." રાજાને તે વાત ગમી.

એક દિવસ મંત્રીના નિમંત્રણથી **જિનચંદ્ર** નામક શ્વેતાંબર મુનિએ **જિનરક્ષિત** નામના શ્રાવક સાથે રાજસભામાં આવી ધર્મ લાભ આપ્યો. રાજા પણ તરત ઊભો થયો. અને તેમને આસન આપી વંદન કર્યું. પછી મંત્રી બોલ્યો; હે ભગવન્! કોઈ ચોર નિત્ય નગરમાં ચોરી કરે છે. અમે ઘણાં ઉપાયો કર્યા, પણ તે પકડાતો નથી, માટે આપ જ્ઞાનબળથી અમને તેનો ઉપાય જણાવો." તે સાંભળી મુનિ બોલ્યા, હે અમાત્ય! એ અમારો આચાર નથી. મંત્રી બોલ્યો, 'હે મુનિ! રાજાનું વચન ભંગ ન કરવું જોઇએ.' તે સાંભળી જિનરક્ષિત શ્રાવક બોલ્યો. કે 'મારી પાસે એક મંત્ર છે, તેનાથી હું ચોરનો પત્તો લગાવી જણાવીશ.' રાજવર્ગ તે સાંભળી બહુ ખુશ થયો. પછી મુનિ ધર્મલાભ દઇ પોતાના સ્થાનકે આવ્યા.

હવે અહીં આ વાતની ચોરને ખબર પડી તેથી તેણે શ્રાવકનો વેશ પહેર્યો. ઉત્તરીય બાજુએ નાખી, હાથમાં પુષ્પ ચંદન, ચોખા, બદામ વગેરે લઇ ચૈત્યવંદન કરવા વીર પ્રભુના મંદિરે આવ્યો. તે જોઇ જિનરક્ષિત શ્રાવકે સાધર્મિક ભાવથી પૂછયું, 'હે શ્રાદ્ધોત્તમ! તમે કયાંથી આવ્યા? અને કયાં જવાના છો?' તે બોલ્યો, ,હું **જિનદાસ** નામક શ્રાવક છું. ચંપા નગરીમાં વસું છું, મને ચારિત્ર લેવાની ઉત્કટ ભાવના છે. હું હમણાં તીર્થયાત્રા કરવા નીકળ્યો છું. શ્રી શત્રુંજય, રૈવતગીરી, સમ્મેતશિખર, મથુરા, અયોધ્યા, અને કલિકુંડાદિ સ્થાનોમાં તીર્થયાત્રા કરી હાલમાં હું અહીં આવેલ છું. તે સાંભળી જિનદત્ત શ્રાવક નમસ્કાર કરી તેની પ્રશંસા કરવા લાગ્યોઃ 'હે શ્રાવક! તમે ધન્ય તથા કૃતપુણ્ય છો, તમારું જીવન પણ સફળ છે; કેમકે જિનદર્શનમાં તમને અત્યંત અનુરાગ છે. વળી હે શ્રાવક! તમે ચાલો મારા ઘરે ત્યાં આપણે સાથે ચૈત્યવંદન કરીશું.' એમ કહી જિનરક્ષિત તેને પોતાના ઘેર લાવ્યો. ચૈત્યવંદન કરી, તે બોલ્યો, 'હે સાધર્મિક બાન્ધવ! આજે તમે અહીં જ જમજો....તે ધૂર્ત બોલ્યોઃ 'બીજાને ઘેર ભોજન કરવું હું ઉચિત નથી સમજતો.' જિનરક્ષિત બોલ્યો, 'હે બંધો! જિનધર્મથી વાસિત અંતઃકરણવાળાએ પોતાના અને સાધર્મિકના ઘરમાં ભેદ ન સમજવો જોઇએ.' જિનરક્ષિતના અતિ આગ્રહથી તેણે જમવાનું સ્વીકાર્યું જમ્યા પછી જિનરક્ષિતે ધૂર્તને કહ્યું 'હે શ્રાવકોત્તમ! જ્યાં સુધી તમારી અહીં સ્થિરતા હોય ત્યાં સુધી તમે મારા ઘેર જ રહો. જિનરક્ષિતના અતિ આગ્રહથી તે પણ તેણે સ્વીકાર્યું. ત્યારબાદ જિનદત્ત બોલ્યો, રાજાએ મને ચોરની

તપાસ કરવાનો આદેશ આપ્યો છે તે માટે હું પોતે મંત્રજાપ કરું છું. તમે અહીં પલંગ પર આરામ કરો—શયન કરો.' એમ કહી તે એકાન્તમાં બેસી મંત્ર જાપ કરવા લાગ્યો. આવો લાગ મળવાથી સહસ્રમલ તેની સારી સારી વસ્તુઓ લઈ રવાના થઇ ગયો. અહીં સવારમાં શ્રાવકે ચોરી થયેલી જાણી, રાજાને કહ્યું; 'હે પ્રભો ! મંત્ર જાપ કરતાં હું જ મુંડાઈ ગયો.' રાજા બોલ્યો 'શું થયું ?' પછી તેણે રાત્રિએ બનેલી બધી બીના કહી સંભળાવી.

એટલામાં રાજાના આદેશથી ગયેલો મંત્રી **વિમલકીર્તિ** નામક દિગમ્બરાચાર્યને લઈ આવ્યો. 'ધર્મ વૃદ્ધિ પામો' એમ કહી તે આચાર્ય રાજાએ આપેલા આસન પર બેઠા. પછી મંત્રી બોલ્યો; 'હે આચાર્ય ! આપ આપના જ્ઞાનથી ચોરના સ્વરૂપને પ્રગટ કરો.' તેઓ બોલ્યા, 'અત્યારે નહિ પણ રાત્રે જોઈને કહીશ.' રાજાથી બહુ માનપૂર્વક વિદાય લઈ તેઓ પોતાના સ્થાને આવ્યા. આ વાતની ખબર સહસ્રમલને પડી, તેથી તેણે મુનિ પાસે આવી મુનિને વંદન કર્યું. મુનિઓએ પણ ધર્મવૃદ્ધિ હો. એમ કહ્યું. પછી આચાર્યે પૂછ્યું; તું કોણ છું ? અને ક્યાંથી આવ્યો છું ?' તે બોલ્યો, 'હે પ્રભો ! હું શ્વેતાંબીથી આવું છું અને સંસારના ભયથી ઉદ્વેગ પામી આપની પાસે પ્રવજ્યા લેવાની ભાવના રાખું છું.' મુનિ બોલ્યા, 'તું આમ ઉતાવળ ન કર. થોડા દિવસ અમારી સાથે રહી અભ્યાસ કર. પછી બધાં સારાં વાનાં થશે.' અહીં રાતે આચાર્ય ચોરના સ્વરૂપને જાણવા એકાન્તમાં મંત્ર જાપ કરવા લાગ્યા. અને તેમના સર્વે શિષ્યો સૂઈ ગયા.

તે લાગ જોઈ સહસ્રમલ બધું ફેંદવા લાગ્યો, અને જે સારી વસ્તુઓ હતી તે લઈ પલાયમાન થઈ ગયો. અહીં પાછલી રાતમાં જાગેલા સાધુએ નવીન શિષ્યને ન જોયો એટલે તે વાત આચાર્યને જણાવી. ગુરુ બોલ્યા, 'અરે! જઈને જુઓ કે આપણાં ઉપકરણાદિ છે કે નહીં. થોડીવાર પછી જોઈને આવેલા શિષ્યોએ કહ્યું; 'હે ભગવન્! આપનું ઉપકરણાદિ કાંઇ નથી.' તે સાંભળી ગુરુ સહસા બોલી ગયા; 'હાય! હાય!! મને વારંવાર ધિક્કાર છે! તે ધૂર્તથી હું પણ છેતરાયો.'

"कट्ठं रे कट्ठं नट्ठं रे सव्वमपि नट्ठं।"

એટલું બોલતાં તે પૃથ્વી પર ઢળી પડ્યાં, ગુરુને મૂર્ચ્છિત જોઈ શિષ્યોએ તેમને શીતોપચારથી સચેતન કર્યા, પછી તેઓ અંજલિ જોડી સવિનય બોલ્યા; 'હે ભગવન્! આપ કૃપા કરી કહો કે તે ચોર આપની કઈ અણમોલ વસ્તુ ચોરી ગયો છે કે જેથી આપને મૂર્ચ્છા આવી ગઇ.' દ્વિગંબરાચાર્ય બોલ્યા, 'હે શિષ્યો! ઉપકરણમાં બાંધેલી વીસ સોનામહોરો હતી તે પણ ઊપડી ગઈ. એવી રીતે તે પાપિષ્ઠે ઉપકરણ સાથે મારા પ્રાણ પણ હર્યા. તે સાંભળી ગુરુને શોકરહિત કરવા એક વૃદ્ધ શિષ્ય બોલ્યો, 'હે ભગવન્! **ચંદ્રગૃહસ્થનું** વહાણ સમુદ્રમાં નષ્ટ થઈ જવાથી તેનું બધું ધન ડૂબી ગયું. તે વખતે દુઃખિત થયેલા ચંદ્રગૃહસ્થને તમે જે ઉપદેશ આપ્યો હતો તે ગાથા કૃપા કરી સંભળાવો. ગુરુ બોલ્યાઃ—

फलसंपत्तीए समोणयाइं, तुंगाइं फलविवत्तीए ॥
हिअयाइं सुपुरिसाणं, महातरुणं व सिहराइं ॥१॥

અર્થઃ—સત્પુરુષોનાં હૃદયો મોટા વૃક્ષના અગ્રભાગની જેમ–ફળ આવે ત્યારે વિનમ્ર અને ફળ જાય ત્યારે ઉચ્ચ હોય છે.

ગુરુ બોલ્યાઃ 'હે વત્સ! તેં મને ઠીક સ્મરણ કરાવ્યું' પછી વિષાદ મૂકી દિગંબરાચાર્ય શિષ્ય સહિત રાજદ્વારે ગયા રાજાએ પણ બહુમાનપૂર્વક આસન આપી નમસ્કાર કર્યા. પછી મંત્રી બોલ્યો, 'હે ભગવન્! આપ આજ ઉપકરણ વગર કેમ આવ્યા?' ગુરુ બોલ્યા; "અરે, તે ધૂતારે અમને પણ ધૂત્યા છે. તે અમારું સર્વસ્વ લઈ ગયો છે. એમ કહી દિગંબરાચાર્ય પોતાના સ્થાને આવ્યા.

ત્યારબાદ મંત્રીએ ચારે વેદમાં વિખ્યાત એવા **નારાયણ** નામના સંન્યાસીને બોલાવ્યો. રાજાને આશીર્વાદ આપી તે ઉચિત આસને બેઠો. મંત્રી બોલ્યો, 'હે સંન્યાસી! તમે તમારા જ્ઞાનબળથી ચોરનું સ્વરૂપ જણાવો.' તે બોલ્યો, 'હું મંત્રબળથી જોઈને કહીશ. પછી તે રાજાથી સન્માનિત થઈ સ્વસ્થાને ગયો. માતાના મુખથી આ વૃત્તાંત સાંભળી સહસ્રમલ બટુક બ્રાહ્મણનો વેષ લઈ નારાયણ પાસે આવ્યો. નારાયણે પૂછ્યું; 'તું કોણ છું અને ક્યાંથી આવે છે?' તે બોલ્યોઃ 'હું બ્રાહ્મણ છું. આપને વેદમાં પારંગત જાણી આપની પાસે ભણવા આવ્યો છું. શું આપ અભ્યાસ કરાવશો? સંન્યાસી બોલ્યો, 'તું સુખેથી અહીં રહે. અને વેદાભ્યાસ કર, પરંતુ તારે ક્યાંય ભટકવા ન જવું. પછી તેને ભોજન કરાવ્યું.

આખો દિવસ તે ધૂર્તે તેની એવી ભક્તિ કરી. વિનય બતાવ્યો કે, સંન્યાસી તેના પર સંતુષ્ટ થઇ ગયો. રાતે તે બોલ્યો, " હે વત્સ! તું આશ્રમમાં સૂઈ રહે, હું એકાંતમાં મંત્ર જાપ કરું છું. એમ કહી તે સંન્યાસી મંત્ર જાપ કરવા લાગ્યો. અને ચોર પોતાની સાધના સાધવા લાગ્યો. અહીં સવારે આશ્રમમાં ચોરી થયેલી જાણી સંન્યાસીએ રાજા પાસે જઇ સર્વ હકીકત જણાવી. પછી રાજાએ તેને આશ્વાસન આપી વિદાય કર્યો.

ત્યારપછી ચોરથી કંટાળેલા રાજાએ **શિવધર્મ** નામક શિવોપાસક બ્રાહ્મણને તેડાવ્યો. અને ચોરને શોધવા કહ્યું. તે બોલ્યો; ' હે રાજન્! કાલે આપને જ્ઞાનથી જાણી જણાવીશ.' પછી રાજાએ તેને સન્માન આપી વિસર્જન કર્યો. આ વૃત્તાંતને સાંભળી સહસ્રમલ નવો વેષ પહેરી શિવાચાર્ય પાસે આવીને " ૐ નમઃ શિવાય ' કહી હાથ જોડી બોલ્યો, ' હે ભગવન્! જો આપને હું યોગ્ય લાગતો હોઉં તો મને તમારી દીક્ષા આપો.' આચાર્યે પણ ॥ **धर्मस्य त्वरिता गतिः** " એ વાક્યને અનુસરી શીઘ્ર દીક્ષા આપી દીધી. રાતના શિવાચાર્યને જાપમાં મશગૂલ જોઇ ધૂર્ત મઠને તળિયા ઝાટક કરી ભાગી ગયો. સવારે શિવાચાર્યે પણ પોતાના સમાચાર રાજાને જણાવ્યા, તે સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો, જે જે પુરુષ તે ચોરને પકડવાની હામ ભીડે છે તેને જ તે ધૂર્ત નવરાવી નાખે છે.

હવે મંત્રી એક **બૌદ્ધાચાર્ય**ને બોલાવી લાવ્યો. તે ચોરની વાત સાંભળી બોલ્યો; " અરે! એમાં શું મોટી વાત છે? તેના સ્વરૂપને હું કાલસવારે જ કહીશ, એમ કહી તે

સ્વસ્થાનકે આવ્યો.” સહસ્રમલ પણ બૌદ્ધ શ્રાવક રૂપે ત્યાં આવી તેમને વંદન કરી બેઠો. બૌદ્ધાચાર્ય બોલ્યા; ‘હે શ્રાવક! તું કયાંથી આવે છે?’ તે બોલ્યો, “હું દક્ષિણ દેશથી આવ્યો છું. આજે મેં નિયમ કર્યો છે કે, “ભિક્ષુકોને ભોજન કરાવી પછી મારે ભોજન કરવું” તેની વિનતિ આચાર્યે સ્વીકારી એટલે તે ધૂર્ત કંદોઇની દુકાને જઇ મોદકાદિ સ્વાદિષ્ટ મિષ્ટાન્ન લઈ આવ્યો. અને બધા ભિક્ષુકોને ભોજન કરાવ્યું. તેથી બધા બૌદ્ધો તેના પર અત્યંત પ્રસન્ન થયા. તે ભિક્ષુકો જોડે ગપ્પાં મારવા લાગ્યો. એવામાં રાત પડી ગઇ. આચાર્ય મંત્ર જાપ કરવામાં તલ્લીન થઈ ગયા. બહુ વખત સુધી વાતો કર્યા પછી બૌદ્ધ સાધુઓ બોલ્યા; ‘હે ભક્તિશાળી શ્રાવક! આજ તું કયાં સૂઇશ?’ તે બોલ્યો, આજ તો હું અહીં આપના ચરણમાં જ સૂઇશ.’ પછી સાધુએ તેને સૂવા માટે જગ્યા બતાવી અને સહુ સહુની જગ્યાએ સૂતા. બધાને સૂઇ ગયેલા જાણી તે હળવેથી ઊઠ્યો અને બાંધાબોળા કરી અને વિહાર (મંદિર)નો સારો સારો સામાન ઉપાડી રસ્તે પડ્યો. સવારે તે બૌદ્ધાચાર્યે પણ રાજા પાસે જઇ પોતાનાં રોદણાં રોયા.

મંત્રીએ હવે કપિલ ભક્ત આચાર્ય **પરમહંસને** બોલાવી ચોર વિષે પૂછયું. ‘કાલે કહીશ’ એમ કહી તે પોતાને સ્થાને ગયો. સહસ્રમલ તૈયાર જ હતો. તે પણ કુલપુત્રનું રૂપ લઈ પરમહંસ પાસે આવ્યો, અને તેની સુવર્ણ પુષ્પોથી પૂજા કરી તેના પગમાં પડી બોલ્યો; ‘હે ભગવન્! હું આપ પાસે ધ્યાનનો અભ્યાસ કરવા ઇચ્છું છું.’ ગુરુ બોલ્યા, “હે ઉત્તમ! પહેલાં તું મારા **હંસ** નામના શિષ્ય પાસે ધ્યાનાભ્યાસ કર.’

તે સાંભળી ધૂર્ત હંસ પાસે ગયો. હંસે કહ્યું; ' ધ્યાનાભ્યાસ રાતે જ થશે. ' રાતે પરમહંસ મંત્ર જાપમાં લાગી ગયો. અહીં હંસ પાસે સહસ્રમલ અભ્યાસ કરવા બેઠો. રાતે જ્યારે બધા સૂઇ ગયા, ત્યારે તે બધો સામાન ચોરી ચાલતો થયો. સવાર થતાં પરમહંસ રાજદ્વારે પહોંચ્યો. અને કહ્યું કે ચોર આગળ અમારું કાંઈ ચાલે તેમ નથી. તે તો અમને પણ નવરાવી ગયો. ' એમ કહી તે પાછો ફર્યો.

વળી આ વખતે મંત્રી કોઈ **સુરપ્રિય** નામે પાખંડી ભૂતવાદીને બોલાવી લાવ્યો. રાજા બોલ્યો; ' હે ભૂતવાદી ! પહેલાં તું તારો મત જણાવ, ' તે બોલ્યો, ' હે રાજન્! આ જગતમાં પુણ્ય, પાપ, જીવ, પરલોક તેમજ મુક્તિ વગેરે કોઈ પદાર્થ છે જ નહીં. એ અમારો મત છે. ' પછી તે રાજાએ આપેલા આસન પર બેઠો. પછી મંત્રીએ તેને ચોર પ્રગટ કરવા કહ્યું. તે બોલ્યો, હું મંત્ર પ્રયોગો કરી કાલે જવાબ આપીશ. એમ કહી તે માનપૂર્વક પોતાના સ્થાને આવ્યો. સહસ્રમલ વાત જાણી એક નવયૌવના વેશ્યા પાસે આવ્યો. તેને કર્પૂર, પાન આપી બોલ્યો; ' જો તું મારું એક કામ કરે તો હું તને દશ સોનામહોરો તથા બહુ મૂલ્યવાળાં વસ્ત્રો પણ આપીશ. ' તે બોલી; ' મને મંજૂર છે. શું કામ છે તે કહો. તે બોલ્યોઃ ' તું મારી સાથે આવ, અને હું જે જે બોલું તે તું મૌન મુખે સ્વીકાર કરજે. ' પછી તે વેશ્યાને લઈ સુરપ્રિય પાસે આવ્યો અને તેને નમસ્કાર કરી તેમની આગળ બેસી બોલ્યો; ' હે ભગવન્ ! આ મારી બહેન આપની પાસે દીક્ષા લેવા ઇચ્છે છે. ' તેના રૂપ લાવણ્ય પર મોહ પામી. તેણે

જવાબ આપ્યો; 'તમે કહો છો તે યુક્ત છે; પરંતુ અમારી દીક્ષાનો એવો આચાર છે કે પ્રથમ એક પશુને મારવું. પછી અમારી સાથે એક પાત્રમાં જ મદ્યપાન કરવું અને અમને પોતાના પત્નિની દૃષ્ટિથી જ જોવું.' તે બોલ્યો; 'મારી બહેન બધું કરશે.' પછી વેશ્યાએ બધી વિધિ સાચવી. રાત્રે આચાર્ય સાથે શિષ્યોએ પણ વેશ્યા સાથે મદ્યપાન કર્યું. અત્યંત મદ્યપાન કરવાથી સર્વ વિકળતાને પામી વિવેકરહિત થયા. અને ઓલફેલ બબડતાં વસ્ત્રો કાઢી પૃથ્વી પર પડી ગયા. વેશ્યા પણ નશામાં ભાન ભૂલી ત્યાં જ પડી ગઈ એટલે સહસ્રમલ ત્યાંનો બધો સામાન ઉપાડી ઘર ભેગો થઈ ગયો. વહેલી સવારે રાત્રિની સાથે સુરપ્રિયનો નશો પણ જતો રહ્યો. ત્યારે તેણે જોયું કે તેના બધા શિષ્યો અચેતન થઈ પડયા છે. કોઈના અંગ પર વસ્ત્ર દેખાતું નથી. વેશ્યાના પણ બેહાલ થઇ ગયા છે. આવી સ્થિતિ જોઇ ગભરાયેલા સુરપ્રિયે બધાને જગાડયાં. પછી વેશ્યાને પૂછ્યું, 'તારો ભાઈ કયાં ગયો?' તે બોલી, 'અરેરે! મારી સોનામહોરો કોણ આપશે?' પાખંડી બોલ્યો, 'શાની સોનામહોરો' પછી તેણે પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો. તે સાંભળી વિસ્મય પામેલો સુરપ્રિય બોલ્યો, અરે! એ તો અમને પણ ધૂતી ગયો. વેશ્યાને કાઢી મુકી તેણે રાજદ્વારે આવી સર્વ વૃત્તાંત જણાવ્યું. મંત્રી બોલ્યો, 'જેટલા તેને જાણવાની કોશિશ કરે છે તે સર્વ સવારે રોતા આવે છે.' પછી રાજાએ તેને આશ્વાસન આપી વિદાય કર્યો.

આવી રીતે થોડા કાળમાં તેણે ચારે કોર હાહાકાર મચાવી

દીધો. રાજાએ અનેક ઉપાયો કર્યા પણ સર્વ મહેનત નિષ્ફળ ગઈ. રાજા બહુ ચિંતાવ્યગ્ર રહેવા લાગ્યો. મંત્રીમંડળની બુદ્ધિ પણ કામ કરતી નથી. ચોકે અને ચૌટે, ગલીએ અને બજારે ઘેરે અને દુકાને જ્યાં જુઓ ત્યાં ચોરની જ વાતો સંભળાવા લાગી. અહીં સહસ્રમલ તો શિકાર કરી હિંસા કરવા લાગ્યો. પરસ્ત્રીનો બેધડક ઉપભોગ કરવા લાગ્યો. અને પારકા પૈસે રોજ વિલાસ માણવા લાગ્યો; પરંતુ તે ગૂઢ માયાવીને કોઇ પકડી શકયું નહીં. એ પ્રમાણે નિત્ય નરક ગતિના પ્રયોગ રૂપ કર્મ કરવા લાગ્યો.

એક દિવસ તે નગરમાં **વિશુદ્ધ** નામના કેવળી ભગવંત સમોસર્યા. તેમનું આગમન સાંભળી રાજા આદિ બધાં પુરુષો આવ્યાં. સહસ્રમલ પણ વેશ બદલી ત્યાં આવ્યો. પછી કેવળી ભગવન્તે ગંભીર નાદે દેશના આપી, "હે ભવ્યલોકો! જે પુરુષ અન્ય જીવનો વધ કરે છે, અસત્ય બોલે છે, કોઇના આપ્યા વગર ધન ગ્રહણ કરે છે, પરસ્ત્રીનું સેવન કરે છે અને મહાન આરંભ કરે છે, તે પુરુષને નિશ્ચય મહાન નરકમાં જઇ અતિ તીવ્ર વેદના ભોગવવી પડે છે, તે સાંભળતાં જ લઘુકર્મી સહસ્રમલ ચિંતા કરવા લાગ્યો કે, મને વારંવાર ધિક્કાર છે! મેં એકે શાસ્ત્રકર્મ તો ન કર્યું પણ સતત દુષ્ટ કર્મ કરવામાં તત્પર રહ્યો. અરેરે! હવે મારું શું થશે? આવતા ભવે નિશ્ચય મારે નરકાવાસ ભોગવવો પડશે. અહો! હું દુર્ગતિનાપંથે કેટલો આગળ વધી ગયો, કયાંય થાક ખાવા પણ ઊભો ન રહ્યો. હવે ખરો માર્ગ શી રીતે હાથમાં આવશે? હવે મારો ઉદ્ધાર કોણ કરશે? હવે આ સાધુ જ મને તારશે, એમના સિવાય મારું

કોઈ શરણ નથી. નાગરિક લોકો દેશના બાદ પોતપોતાના ઘરે ગયાં ત્યારે સંસારથી ઉદ્વેગ પામેલો સહસ્રમલ ગુરુ પ્રત્યે બોલ્યો; " હે ભગવન્! આ સંસારમાં એવું કોઈ કુકર્મ નથી જેને મેં ન આચર્યું હોય, હે ભગવન્! હું આપની દેશનાથી બોધ પામી સંસારથી વિરક્ત થયો છું. માટે હે પ્રભો ! જો હું યોગ્ય હોઉં તો મને દીક્ષા આપો." કેવળી બોલ્યા; 'હે સુંદર પુરુષ ! તું શોક ન કર. યોગ શુદ્ધિ કરી આત્માને નિર્મળ બનાવ. ત્યારે તેણે કહ્યું: " હે ભગવન્! અહીંના ભૂપાલ મારા પર કોપાયમાન થયેલ છે માટે બીજે કયાંય જઈ મને દીક્ષા આપો." કેવળી બોલ્યા;

" હે ભદ્ર ! તું નિર્ભય થા. તું સવારે પાછો અહીં આવજે, રાજાના અહીં આવવાથી બધું સારું થઈ જશે." અહીં રાજા પણ સવારે ધામધૂમ પૂર્વક કેવળીને વાંદવા આવ્યો. સહસ્રમલ પણ કેળવી પાસે આવી બેઠો.

કેવળીએ દેશના આપી, નૃપાદિના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ સંબંધી સંદેહને દૂર કર્યાં. રાજાએ પૂછયું, " હે ભગવન્! તે ચોર કયાં છે કે જેણે અમારો આનંદ ઝૂંટવી લીધો છે." તે બોલ્યા, " હે રાજન્! હમણાં તે તારા જમણા ભાગમાં બેઠો છે. હવે તારે તેના પર ક્રોધાદિ ન કરવા જોઇએ, કેમકે તેનું મન હમણાં કુકર્મોથી પાછું વળ્યું છે. તે કરેલાં કર્મોને નષ્ટ કરવા ચારિત્ર ગ્રહણ કરવાની ઉચ્ચ ભાવના રાખે છે. માટે મોક્ષ માર્ગમાં ઉપસ્થિત એવા એને તું સહાય કર." રાજા તહત્તિ કરી બોલ્યો: " હે પ્રભો ! જેવી આપની આજ્ઞા હશે તેમ જ કરીશ." પછી સહસ્રમલ

રાજાને લઈ પોતાને ઘેર આવ્યો અને જેનું જેનું ધન ચોર્યું હતું તે સર્વ દરેકને પાછું સોંપી તેણે ધામધૂમ પૂર્વક માતા સાથે કેવળી પાસે આવી દીક્ષા લીધી. પછી ગુરુને કહ્યું; "હે ભગવન્! જો આપની આજ્ઞા હોય તો હું જીવનપર્યંત માસક્ષમણને પારણે માસક્ષમણને કરવાનો અભિગ્રહ લઉં." ગુરુએ તેને યોગ્ય જાણી તેમ કરવા આજ્ઞા આપી. એ પ્રકારે તે રાજાદિથી પ્રશંસાને પામતો બે પ્રકારની શિક્ષાને ગ્રહણ કરી જીતેન્દ્રિય થયો, ઘોર તપસ્યા કરી તે મુનિરાજે દુર્ગતિએ લઈ જનાર કર્મને છેદી નાખ્યાં, શુભધ્યાન રૂપ અગ્નિ વડે કર્મરૂપી ઇંધણોને ભસ્મીભૂત કરી તેમણે લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું. દેવોએ રચેલા કનક કમળ પર બેસી કેવળી ભગવંતે દયા પ્રધાન જિનધર્મ ભવ્ય જીવોને સંભળાવ્યો. પછી કેટલોક કાળ આ પૃથ્વીપીઠ પર વિચરી અનેક જીવોનો ઉદ્ધાર કરી યોગનો નિષેધ કરી, શૈલેષી કરણથી મુક્તિએ પહોંચ્યા.

એ પ્રકારે ઘનઘોર કર્મ કરનારો સહસ્રમલ પણ જિનધર્મના આદર વડે સંસારથી છૂટી પરમપદને પામ્યો.

ઈતિ સહસ્રમલ કથા સમાપ્ત.

પ્રભુ કહે છે; "હે ભવ્યો! સહસ્રમલના દૃષ્ટાંતને સાંભળી તમે ભાવપૂર્વક જિનધર્મ આરાધો." તે સાંભળી ચુલ્લણીપિતાએ સમ્યક્ત્વ સહિત શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પોતાને કૃતાર્થ તથા કૃતપુણ્ય માનતો વીરને વાંદી તે પોતાને ઘેર આવ્યો. અને પોતાની પત્નીને કહેવા લાગ્યોઃ "હે ભદ્રે! મને આજે પૂર્વે કદી ન મળેલો જિનધર્મ મળ્યો છે. માટે

તું પણ પ્રભુ પાસે જઈ જિનધર્મ પ્રાપ્ત કર.' તે સાંભળી પ્રમુદિત વદનવાળી શ્યામાએ પ્રભુ પાસે આવી શ્રાવક ધર્મ સ્વીકાર્યો. ઉત્તમ પ્રકારે જિનધર્મ આરાધતાં ચૌદ વર્ષ વીત્યે તે વિચારવા લાગ્યો કે હવે મારા પુત્રો મોટા થઈ ગયા છે. માટે જિન પડિમા આરાધવી જોઇએ કહ્યું છે કેઃ—

कालक्षेपो न कर्तव्यो, आयुर्याति दिने दिने ॥
न करोति यमः क्षांतिं, धर्मस्य त्वरिता गतिः ॥ १ ॥

અર્થઃ—આયુષ્ય દિવસે દિવસે ક્ષય પામે છે. તેથી ધર્મ વિષયમાં કાળક્ષેપ ન કરવો જોઇએ, કેમકે યમરાજ કોઈને ક્ષમા કરતો નથી અને ધર્મની ગતિ પણ અત્યંત વેગવંતી છે.

એમ વિચારી તેણે ઘરભારથી મુક્ત થઈ પૌષધશાળામાં જઈ ભાવપૂર્વક સર્વ પડિમા વહન કરી. એક સમયે રાત્રે કોઇ ખડ્ગધારી દેવ પ્રગટ થઈ બોલ્યો, "હે ચુલ્લણીપિતા! જો આજ તું શ્રાવકધર્મ અને પૌષધધર્મ નહિ મૂકે તો તારાં જ્યેષ્ઠ પુત્રની છાતીમાં શૂળ ભોંકી તારા સામે અગ્નિ તપ્ત કડાઈમાં તળીશ; વળી તેના શોણિત (રુધિર) થી તને નવરાવીશ, તેથી તું આર્તધ્યાને અકાળે મૃત્યુ પામી દુર્ગતિને પ્રાપ્ત કરીશ." એ પ્રમાણે દેવે ચુલ્લણીપિતાને બે ત્રણ વખત કહ્યું; પણ તે નિર્ભય થઇ ધર્મમાં વધુ દૃઢ થયો. તે જાણી ક્રોધાતુર દેવ તેના મોટા પુત્રને ઉપાડી લાવ્યો, અને તેને શૂળ પર ચઢાવી ઉકળતા તેલમાં તળવા સાથે તેના લોહી અને માંસ ચુલ્લણીપિતા પર છાંટવા લાગ્યો છતાં પણ ચુલ્લણીપિતા ધ્યાનથી વિચલિત ન થયો. ત્યારે દેવે

તેના ચારે પુત્રોને લાવી ક્રમશઃ કકડા કરી તળી નાખ્યા. તે જોઈ ચુલ્લણીપિતા વધારે ધ્યાનારૂઢ થયો. તે જોઈ અત્યંત કોપેલો દેવ બોલ્યો; "હે દુષ્ટ! હજી તું મારું કહેવું નહિ કરે તો તારી માતા ભદ્રાના પણ આવા જ હાલ કરીશ." તે સાંભળી ચુલ્લણીપિતા વિચારવા લાગ્યો; નિશ્ચય આ કોઈ દુષ્ટ અનાર્યપુરુષ જણાય છે. આણે મારા બધા પુત્રોને મારી તળી નાખ્યા અને તેમના લોહી માંસથી મને સીંચ્યો. હવે મારી માતાને પણ મારી નાખશે એમ ચિંતા કરતો હતો તેવામાં તે દુષ્ટ તેની માતાને લાવી મારવા તત્પર થયો. તે જોઈ ચુલ્લણીપિતા તેને દંડવા દોડ્યો. એટલામાં દેવ વીજળીની જેમ આકાશમાં ઊડી અદૃશ્ય થઈ ગયો. તે જોઇ ચુલ્લણી પિતા શોક કરવા લાગ્યો. અટલામાં તેની માતા આવી અને બોલી; "હે પુત્ર! બૂમ બરાડા કેમ પાડે છે?" ત્યારે તેણે બધો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. તે બોલી, "હે પુત્ર! કોઇ દેવ યા દાનવે તારા પર ઉપદ્રવ કર્યો છે. તારા ચારે પુત્રો ઘરમાં સુખે સૂતાં છે. તું દેવનો ઉપદ્રવ જાણી વ્રત-ભંગની આલોચના ગુરુ પાસે જઈ લે." પછી તે ગુરુ પાસે જઈ સમાલોચના અને પ્રતિક્રમણ કરી, ફરી તપસ્યામાં સાવ-ધાન થયો. એ પ્રકારે તેણે આણંદની જેમ અગિયાર પડિ-માનું આરાધન કર્યું. પ્રાંતે સંલેખણાપૂર્વક સર્વ જીવો સાથે ક્ષમાપના કરી. અનશન કરી, શુભધ્યાને કાળ કરી પ્રથમ દેવલોકના અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિવાળો દેવ થયો. તે સાંભળી ગૌતમ સ્વામી વર્ધમાન સ્વામીને પૂછે છે; "હે ભગવન્! ચુલ્લણીપિતા ત્યાંથી ચ્યવી ક્યાં

જન્મશે ? " પ્રભુ બોલ્યા; " હે ગૌતમ ! તે ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં કેવળજ્ઞાન ઉત્પન્ન કરી મુક્તિ પામશે. એ પ્રમાણે ચુલ્લણી પિતાનું ચરિત્ર સાંભળી સંવેગ પામેલા જમ્બૂસ્વામી સુધર્માસ્વામીને વંદન કરવા લાગ્યા અને નમસ્કાર કરવા લાગ્યા.

ઇતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના
શિષ્ય રાજકીર્તિ ગણીની રચેલી
ગદ્ય બંધ વર્ધમાન દેશનાનો
શ્રી ચુલ્લણી પિતા શ્રાવક
પ્રતિબોધ નામક
ત્રીજો ઉલ્લાસ
સમાપ્ત.



ઉલ્લાસ ચોથો

સુરાદેવ ચરિત્ર

હવે શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને **સુરાદેવ** શ્રાવકનું ચરિત્ર કહે છેઃ આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં સમસ્ત વસુંધરારૂપ રમણીના કર્ણકુંડળ સમાન, અને કુબેર રાજધાનીની ભ્રાંતિ પમાડનાર **વારાણસી** નામની નગરી છે. ત્યાં **જિતશત્રુ** નામક રાજા રાજ્ય કરતો હતો. ત્યાં એક **સુરાદેવ** નામનો શ્રેષ્ઠી વસતો હતો. તે અત્યંત ધનવાન હતો. તેને વ્યાપારમાં અને ભૂમિનિધાન રૂપે છ છ ક્રોડ સુવર્ણ દ્રવ્ય હતું અને ગાયોનાં છ ગોકુલો હતાં. તેને અતિ સૌભાગ્યશાલી **ધન્ના** નામની પત્ની હતી.

એક વખત તે ગામના **કોષ્ટક** નામક યક્ષ ચૈત્યમાં શ્રી **વર્ધમાનસ્વામી** સમોસર્યા. પ્રભુનું આગમન સાંભળી જિતશત્રુ રાજા સાથે નગરજનો અને સુરાદેવ આદિ તેમને વાંદવા ગયાં. બાર પર્ષદા એકત્રિત થઈ. પ્રભુ દેશના આપવા લાગ્યા કે, "હે ભવ્યલોકો! તમે બધા સાદર જિનધર્મ

આદરો, કેમકે ધર્મથી જ મનુષ્યને સંસારમાં સુખ મળે છે. માટે સુખના અભિલાષી પુરુષોએ ધર્મ વિષયમાં જરાયે પ્રમાદ ન કરવો જોઈએ. અફાટ વિઘ્નરૂપ સમુદ્રમાં પડેલાં પ્રાણીઓ પણ ધર્મથી ધિષ્ટની જેમ ઉદ્ધાર પામી સુખી થાય છે.”

તે સાંભળી સુરાદેવે પૂછ્યું, “હે ભગવન્! તે ધિષ્ટ કોણ હતો અને કેવી રીતે એ વિઘ્ન સમુદ્ર તરી સુખસ્થાનને પામ્યો?” પ્રભુ બોલ્યા, “હે સુરાદેવ! તું સાવધાન થઈ લોકમાં અત્યંત આશ્ચર્યકારી એવા તેના ચરિત્રને સાંભળઃ”

‘ધિષ્ટ’ની કથા

આ ભરતક્ષેત્રમાં જ **ચંપાપુર** નામની અતિ રમણીય નગરી છે. ત્યાં **સૂર** નામનો ધનિક રાજપુત્ર વસતો હતો. તેને **ચતુરા** નામની પત્ની હતી, પણ તે ક્રોધને લીધે સાક્ષાત્ ચંડિકા જેવી કટુ વચનો બોલનારી હતી તે હમેશાં કટુ વચનોથી પોતાના પતિને પીડિત કરતી હતી.

એક દિવસ સૂરે વિચાર્યું કે આવી પત્નીથી મારે શું પ્રયોજન? કેમકે પુરુષ માટે દુષ્ટ પત્ની અને વિઘ્ન કરનારી વિદ્યા એ બન્ને ત્યાજ્ય છે. એમ વિચારી તે બીજી સ્ત્રી કરવા ગામ–નગરમાં તપાસ કરવા લાગ્યો. એક દિવસ અવન્તી નગરીમાં એક ડોશી પોતાની નવયૌવના પુત્રી સાથે વસતી હતી, તેને ત્યાં જઈ સૂરે તે ડોશી પાસે તેની પુત્રીનું માગુ કર્યું. ડોશી બોલી; ‘બેટા! હું પણ આના સાથે તારે ત્યાં રહીશ, કેમકે મારે આના સિવાય બીજા કોઈનો આશરો–સહારો નથી.’ સૂરે કબૂલ કરી કન્યા સાથે લગ્ન કર્યું. અને

પત્નીયુક્ત સાસુ સાથે તે પોતાને ઘેર આવ્યો. ચતુરાને આ વાત ન ગમી; તેણે વિચાર્યું હું હોવા છતાં શોકય અહીં કેમ રહે ? તેથી તે સુંદરી (નવોઢા) સાથે કજિયા કરવા લાગી તે જોઈ સૂરે સુંદરી સાથે સાસુને જુદું ઘર લઈ આપ્યું. ચતુરાને તે પણ ન ગમ્યું. એક દિવસ ચતુરા ત્યાં જઈ શોકયને સતાવતી ભૂંડી ગાળો દેવા લાગી. તે શોકયો પરસ્પર નિત્ય ઘોર યુદ્ધ મચાવતી; જેમકે દન્તે દન્તથી, મુષ્ટે મુષ્ટથી, નખે નખથી ચોટલે ચોટલા પકડી ઘોર ધીંગાણું મચાવતી. લોકો જેમ જેમ ચતુરાને વારતા તેમ તેમ તે દુષ્ટા અધિકાધિક કલહ કરતી. આવું જોઈ સૂરે સુંદરીને તેની મા સાથે ચતુરાથી દસ ગાઉ દૂર બીજા ગામમાં રાખી અને પોતે ચતુરા સાથે રહ્યો.

એક દિવસ સૂરે ચતુરાને કહ્યું, "હું આજ સુંદરીના ઘેર જાઉં છું, તે બોલીઃ "હે સ્વામિન્! તમે ત્યાં જઈ તમારી પ્રિય પત્ની સુંદરીને દાન, માન, ભોગ અને ઉપભોગથી સંતોષી તુરત પાછા આવજો." એમ કહી તે દુષ્ટાએ મંત્રિત ચૂર્ણ મિશ્રિત મોદકો (લાડવા) બનાવી તેને રસ્તામાં ખાવા માટે આપ્યાં. સૂર પણ તે લઈ પ્રસન્ન વદને પત્નીને મળવા ઊપડયો. માર્ગની મધ્યમાં એક નદી આવી ત્યાં મુખશુદ્ધિ કરી મોદકોનું ભક્ષણ કર્યું. તેના પ્રભાવથી તુરત જ તે કૂતરો થઈ ગયો. અને દોડી ચતુરા પાસે આવ્યો. તે જોઈ ચતુરા તેને મજબૂત બંધને બાંધી અત્યંત માર મારતી બોલી; "રે દુષ્ટ! શું ફરી સુંદરીના ઘેર જવાનું નામ લઈશ ? હું નથી ગમતી કેમ ? લે, ખા. એમ કહી ખૂબ

માર્યો. જ્યારે તે મૃતઃપ્રાય થઈ ગયો ત્યારે તેને પુરુષરૂપે કરી છોડી મૂક્યો. પછી અનેક ઉપચારોથી તે પાછો સુંદર શરીરવાળો થઈ ગયો. એકાદ મહિના પછી તેણે ફરી કહ્યું, "હે ભદ્રે! હું સુંદરીના ઘેર જાઉં છું. ઘણા દિવસથી નથી ગયો, તે બિચારી ચિંતા કરતી હશે. માટે તું ભાથું કરી આપ." તે દુષ્ટાએ પણ તેને મંત્રિત કરેલો આપ્યો. તે લઈ સૂર ચાલ્યો. માર્ગ કાપી ફરી તે એજ નદીકિનારે આવ્યો અને ભોજન કરવા બેઠો. એટલામાં કોઈ વિશાળ જટાધારી સંન્યાસી ત્યાં આવી બોલ્યો, "હે સત્પુરુષ! હું બે દિવસનો ભૂખ્યો છું માટે મને ભોજન કરાવ. તેથી તેણે પણ દયાની લાગણીથી અધો કરેલો તેને આપી દીધો. સંન્યાસીએ તે આધો કે તરત જ તે ગધેડો બની ગયો. તે જોઈ સૂર તેના પર ચડી બેઠો. ગધેડો પણ સીધો ચતુરાના ઘેર આવી પહોંચ્યો. ત્યાં સૂર ગધેડા પરથી ઊતરી સ્ત્રીચરિત્ર જોવા એક ખાલી કોઠીમાં સંતાઈ ગયો.

ગધેડાને જોઈ કોપ પામેલી ચતુરાએ તેને બાંધ્યો અને ચામડાના ચાબૂક વડે મારવા લાગી. મારથી પિડાતો ગધેડો જોર જોરથી ભૂંકવા લાગ્યો. ચતુરા મારતી જતી અને સાથે આમ બોલતી હતી. "બાપડાને સુંદરી બહુ સુંદર લાગે છે, કેમ? હવે જઈશ ત્યાં? લઈશ સુંદરીનું નામ? કાં, લેને! ચાખ સુંદરીનો સ્વાદ.' અત્યંત માર પડવાથી ગધેડો મરવા જેવો થઈ ગયો. તે બોલીઃ "કાં, બાયલા! ધરાઈ ગયો? જો હવે, લેતો નહીં સુંદરીનું નામ, નહીં તો આ વખતે તને કોઈ છોડાવવા સમર્થ નહિ થાય." એમ કહી તેને

પુરુષરૂપે કર્યો. જટાજૂટથી વિભૂષિત ભસ્મથી વિલિપ્ત શરીર, એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ડમરૂ એવા સંન્યાસીને જોઇ ચતુરાના હોશકોશ ઉડી ગયા. તે ભયભ્રાંત થઈ સંન્યાસીના પગમાં પડી ક્ષમાની યાચના કરવા લાગી. સંન્યાસી બોલ્યો, "હે મુગ્ધે! આ કહેવત બરેબર સાચી નીકળી કે જે કરંબો (સાથવો) ખાય તેને તકલીફ પણ સહન કરવી પડે." પછી તે દુષ્ટાએ તેને કેટલુંક દ્રવ્ય આપી વિદાય કર્યો, પછી તે વિચારવા લાગીઃ "મારા પતિએ મારું ચરિત્ર જાણી લીધું છે. ભિન્ન હૃદયવાળા હવે અમારા બન્નેમાં સ્નેહ નહિ થાય. માટે એને મારી નાખવો ઉચિત છે. એમ વિચારી તેણે સ્નાન કરી સફેદ વસ્ત્ર ધારણ કર્યાં. પછી ગાયનું છાણ લાવી માંડલું બનાવ્યું–તેમાં નૈવેદ્ય મૂકી, ઘી, ધૂપ, ગૂગળ, સુગંધી વનસ્પતિ ઇત્યાદિનો હોમ કરી ધ્યાનારૂઢ થઇ. એવામાં કોઈ રાક્ષસ સર્પરૂપે આવી બોલ્યો; "હે મુગ્ધે! તેં મને શા માટે યાદ કર્યો છે? હું તારાથી સંતુષ્ટ છું, કહે શું કામ છે?" તે દુષ્ટાત્મા બોલીઃ "પરસ્ત્રીલંપટ એવા મારા પુરુષને મારી નાખ." સર્પ બોલ્યો, "તે છ માસ પછી મારાથી મરશે." એમ કહી તે અદૃશ્ય થઈ ગયો.

હવે કોઠીમાં સંતાયેલો સૂર વિચારવા લાગ્યોઃ અહો! સ્ત્રીઓનું ચરિત્ર કેવું ગૂઢ હોય છે. અરે! મને આ દુષ્ટાએ બહુ વિટંબણા પમાડી છે તેથી મારે આની કાંઇ જરૂર નથી એમ વિચારી તે લાગ જોઈ બહાર નીકળી સુંદરીના ઘેર આવી પહોંચ્યો. ત્યાં સુંદરી સાથે તે નિત્ય ભોગ ભોગવતો, પણ તેને કયાંય આનંદ ન મળતો. સુંદરી હમેશ ગીત, નૃત્ય, હાસ્ય, વાજિંત્ર, વિલાસ ઇત્યાદિથી તેને સંતોષવાની

ઇચ્છા કરતી, પરંતુ ચિંતાવ્યગ્ર સૂરને કયાંય ખુશી ન દેખાતી. સુંદરીએ આ વાત પોતાની માને જણાવી. સૂરની સાસુએ તેને એકાન્તમાં પૂછયું, 'હે બેટા! તને શી ચિંતા છે?' તે બોલ્યો, 'હે માત! અસમર્થની આગળ કહેવાથી શો ફાયદો?' તે બોલીઃ 'મારામાં બધું સામર્થ્ય છે, તું તારે કહેને! કેમકે વ્યાધિને જાણ્યા પછી જ તેનો પ્રતિકાર થઈ શકશે.' તે સાંભળી સૂર બોલ્યો; 'હે મા! હૈયાને મજબૂત કરી સાંભળ છ માસ પછી સર્પથી મારું મૃત્યુ થશે. તે બોલીઃ 'એ વળી કોણે કહ્યું? કોઈ ધૂતારો જ્યોતિષી મળી ગયો લાગે છે.' પછી સૂરે ચતુરાનું સઘળું કારસ્તાન સંભળાવ્યું. એ સાંભળી તે બોલીઃ 'હે પુત્ર! તું ભયને તિલાંજલી આપ. હું જેમ તને અને તારી પત્નીને સુખ ઊપજશે એમ કરીશ. માટે તું શંકા છોડી સતત ભોગોને ભોગવ.' તે સાંભળી કાંઇક સ્વસ્થ થયેલો સૂર ભોગો ભોગવે છે; કિન્તુ મરણના ભયથી તેના દિવસો શુષ્કતામાં વીતે છે.

અહીં સુંદરી અને તેની મા બન્નેએ મળી બારણાંની ભીંત પર બે મયૂર ચીતર્યા. તે ચિત્રમય હોવા છતાં અરેઅર સાચા-જીવતાં મોર જેવા દેખાતા, માતા અને પુત્રી નિત્ય પવિત્ર થઇ તેની પૂજા કરતી. એમ કરતાં છ માસનો અંતિમ દિવસ આવ્યો, ત્યારે સૂર સુંદરીને કહેવા લાગ્યો, "હે પ્રિયે! નિશ્ચય મારું આજે મૃત્યુ થશે." સુંદરી બોલીઃ "હે સ્વામી! આપ ભય ન પામો, અમારી શક્તિ જુઓ." એમ કહી તેણે છાણથી ખંડને લીપ્યો. એની મધ્ય ભાગમાં આસન મૂકી તેના પર સૂરને બેસાડ્યો અને મા-દીકરી પવિત્ર થઈ

પવિત્ર વસ્ત્રો પહેરી હાથમાં ચોખા લઇ આમતેમ જોતી ઊભી રહી. એવામાં લંબકાય, કૃષ્ણવર્ણો, નિરંતર જીભના લબકારા કરતો અને લાલ ચક્ષુવાળો એક સર્પ સુંદરીના ઘરમાં આવ્યો. તે જોઇ મા–બેટીએ મયૂરો પર અક્ષત ફેંકયા કે તરત જ મોરો ભીંત પરથી ઊતર્યા અને સર્પના બે કકડા કરી કલકલાટ શબ્દ કરતા એકેક કકડો લઇ બન્ને ઉપર આકાશમાં ઊડી ગયા. તે જોઇ વિસ્મિત સૂર વિચારવા લાગ્યોઃ અહો ! આ લોકોની મંત્રશક્તિ અદ્‌ભુત છે! પછી તે સ્નાન કરી પોતાના નૂતન જન્મને માનતો યાચકોને દાન આપતો અને સુખપૂર્વક ભોગ ભોગવતો કાળ નિર્ગમન કરવા લાગ્યો.

અહીં ચતુરાને ખબર પડી કે સૂર મર્યો નથી પણ વૈભવ–વિલાસમાં મગ્ન રહે છે. યાચકોને દાન આપે છે. અને સુખેથી કાળ નિર્ગમન કરે છે. તેથી તે શુકલબિલાડીનું રૂપ કરી સુંદરીના ભવનમાં આવી, કટુ શબ્દ બોલવા લાગી. તે જોઇ મા–બેટી બન્નેએ કૃષ્ણબિલાડીનું રૂપ લઇ પરસ્પર યુદ્ધ શરૂ કર્યું. પરસ્પર પંજાથી અને બચકાં ભરી લોહી વહાવતી ભયંકર ઘૂઘવાટા કરતી, કદી કાળી પર શ્વેત તો કદી શ્વેત પર કાળી બિલાડી ચઢી બેસતી. વળી કૂદકા મારી પંજા મારતી અને બટકાં ભરી લોહી વહાવતી. આ ત્રણ બિલાડીના જામેલા જંગને જોઈ સૂરને ન સૂઝયું કે હું શું કરું. તે તો એ દૃશ્ય જોઈ આભો જ બની ગયો. એટલું જ નહિ પણ ભયથી કંપવા પણ લાગ્યો. તે શ્વેત બિલાડી બહુ ચપળ હતી. પોતાની ચતુરાઈ અને મંત્ર બળથી બન્ને કૃષ્ણબિલાડીઓને શ્વેતબિલાડી જર્જરિત કરી આકાશમાં નાચતી

જતી રહી. ત્યારે ભયભીત સૂરે પૂછયું; "તમે બન્ને યુદ્ધ કેમ કરો છો? સુંદરી બોલીઃ "હે સ્વામી! એ તો મારી શોકય ચતુરા હતી. તે શોકયના વેરથી અમારી સાથે યુદ્ધ કરવા અહીં આવી હતી." તે બોલ્યો: તમને બન્નેને તે એકલી શી રીતે પહોંચી?" સુંદરી બોલી: "તેની મંત્ર શકિત અમારાથી વધુ શકિતશાળી છે." તે સાંભળી સૂર વિચારવા લાગ્યો, ધિક્કાર છે મને પ્રત્યક્ષ શાકિની તુલ્ય મહાક્રૂર એવી આ બલાઓના વશમાં હું કયાં પડયો? પણ હવે શું થાય? આનો શો ઇલાજ? આમ ચિંતાતુર સૂર નૂરહીન થઈ દિવસ ગુજારવા લાગ્યો.

અહીં એકાદ મહિનો વીત્યો હશે ત્યાં ફરી ચતુરા બિલાડી બની આવી તે જોઇ મા–બેટી પણ બિલાડી બની, પછી પૂછવું જ શું? ભારે લડાઇ અને કીકીઆરી થવા લાગી. લડતાં લડતાં ફરી ચતુરા જીતી અને મુખ મલકાવતી પોતાના મકાને ગઇ. સૂર બોલ્યો; "અરે સુંદરી! તમે મા–બેટી બે જણ હોવા છતાં તેનાથી કેમ હારી ગયાં?" સુંદરી બોલીઃ "હે સ્વામી! હું તમને એક ઉપાય બતાવું સાંભળો. હવે જ્યારે ચતુરા અમારા સાથે યુદ્ધ કરવા આવે ત્યારે તમે સાફ અક્ષરોમાં બોલજો કે, હે કૃષ્ણે! આ શ્વેત બિલાડીને માર." સૂર બોલ્યો. "એમ કરવાથી શું થશે?" તે બોલીઃ 'એમ કરવાથી અમારી શકિત વધશે અને ચતુરાના રામ રમશે.' 'એવામાં ફરી ચતુરા શ્વેતબિલાડી બની આવી: અને યુદ્ધ કરવા લાગી. જોરશોરમાં લડાઈ શરૂ થઈ. ત્યારે સૂર બોલ્યો; "હે કૃષ્ણબિલાડીઓ! આ ધોળી બિલાડીને

મારી નાખો." તે સાંભળતાં જ સફેદ બિલાડી ભૂમિ પર પડી ગઈ. તરત જ બન્ને બિલાડીએ તેની ગરદન પકડી. હવે સૂર વિચારવા લાગ્યો, મારા વચન માત્રથી એ શ્વેત બિલાડી મરશે. માટે આ બન્ને પણ મરી જાય તો સારું એમ વિચારી તે બોલ્યો.

"હે શ્વેત બિલાડી! તું આ બન્ને બિલાડીઓને માર." તે સાંભળતાં જ શ્વેત બિલાડી ઊછળીને ઊભી થઈ અને તે બન્નેએ મારવાની સાથે પોતે પણ મરણને શરણ થઈ. આ જોઈ પ્રસન્ન થયેલો સૂર વિચારવા લાગ્યો. આ બહુ સારું થયું. વગર ઔષધે મારો વ્યાધિ નાશ પામ્યો. પછી તે તેઓની ઊર્ધ્વ ક્રિયા કરી ઘેરથી ચાલી નીકળ્યો. ફરતો ફરતો તે તે જ ગામમાં આવ્યો કે જ્યાં એનો મોટો ભાઈ વસતો હતો. તેણે ભાઈના ઘેર જઈ ભોજાઈને પ્રણામ કર્યા, પછી પૂછયું કે મારા ભાઈ શીદ ગયા છે? તે બોલીઃ 'આવો, બેસો ઘણા દિવસે આવ્યા. તમારા ભાઈ તો બહારગામ ગયા છે. એમ કહી ભાભીએ દિયરની સારી રીતે ભક્તિ કરી.

એક દિવસ સૂરની ભાભીએ સૂરના માથામાં તેલ નાંખી તેનું માથું ઓળવા કાંસકી ભરાવી. તેવામાં ખેતરમાંથી આવેલ હળ હાંકનારે કહ્યું: 'હે ભાઈ! આપણો મીંઢ નામનો બળદ મરી ગયો છે. હળનો વખત નકામો જાય છે. માટે અત્યારે એક બળદનું પ્રયોજન છે.' એ સાંભળી તે દુષ્ટાએ સૂરના મસ્તકમાં મંત્રિત ચૂર્ણ ફેંકી તેને બળદ બનાવી દીધો- ત્યારે, બેડૂતે તેને ખેતરમાં લાવી હળમાં જોડી દીધો. એમ કરવાથી તે બિચારો અતિ હીન દુઃખી હળ વહન કરવા લાગ્યો.

એક દિવસ તેની નાથ તૂટી ગઈ. તેથી તરત જ તે પુરુષ થઈ ગયો તે જોઈ ખેડૂત તેને પકડવા દોડ્યો. પણ આગળ સૂર ને પાછળ ખેડૂત વેગપૂર્વક દોડ્યા જાય. સૂર શરીરની સર્વ શક્તિ સંમેલિત કરી એવો ભાગ્યો કે ખેડૂતને ખાલી હાથે પાછા ફરવું પડ્યું. અહીં સૂર આગળ ચાલ્યો જતો હતો. તેવામાં તેનો ભાઇ તેને સામો મળ્યો. તે સૂરને જોઇને બોલ્યો; "હે ભાઈ! તારું રૂપાળું શરીર છિદ્રાદિથી જર્જરિત કેવી રીતે થયું? તું આમ ભાગતો ક્યાં જાય છે? ચાલ, મારા ઘરે જઇએ, ત્યાં તું સુખે રહેજે." સૂર હોલ્યો.

"હે બાંધવ! તારું ઘર તને જ અર્પણ હો. તું ત્યાં જા, મારે નથી આવવું. તે બોલ્યો: 'આખર એ ઘર કાંઈ પારકું થોડું જ છે. ત્યાં આવવામાં તને શો વાંધો છે?' સૂર બોલ્યો. 'અરે! તારી પત્ની તો સાક્ષાત્ શાકિની છે. તેનાથી હું બળદના હળમાં જોડાયો હતો. મહામુશ્કેલીએ છૂટયો છું. દહાડો ઊઠયો હોય તે તારા ઘેર આવે. મારે તો આ જંગલ એ જ શરણ છે. ઘર ઘરમાં શાકિનીઓ વસે છે. આ જગતમાં સ્ત્રીઓનો તો વિશ્વાસ કરવો જ ન જોઇએ. એમ બબડતો સૂર એક મહાઅટવીમાં આવી પહોંચ્યો. ત્યાં તેણે માથા પર ઘાસના ભારા ઉપાડી હૃષ્ટ પુષ્ટ શરીરવાળા છ માણસોને જોયા. તેની પાસે જઈ સૂરે પૂછ્યું. 'હે ભાઈઓ! આ નિર્જન વનમાં મણિ માણિક્ય સુવર્ણાદિથી વિભૂષિત શરીરવાળા તમે કોણ છો? અને આટલી સંપત્તિ હોવા છતાં શા માટે તૃણભારને ઉપાડો છો?' તેઓ બોલ્યા; 'હે પુરુષ! સાંભળ—આ વનખંડમાં જરાના જોરથી

જર્જરિત શરીરવાળી એક વૃદ્ધા વસે છે. તે અમારા પાસે નિત્ય ઘાસના ભારા મંગાવે છે. તેના બદલામાં અમોને તે ડોશી અન્ન વસ્ત્ર આભરણ ઇત્યાદિ આપે છે. અરે ! તે તો સાક્ષાત્ કલ્પવલ્લી છે કલ્પવલ્લી ! સૂર બોલ્યો, શું હું તેમને જોઈ શકું છું ? તેઓ બોલ્યા ' તું પણ ઉપાડ ઘાસનો ભારો ને ચાલ અમારી સાથે તું પણ શું યાદ કરીશ. સૂર પણ ઘાસનો ભારો ઉપાડી તે ડોસી પાસે આવી પહોંચ્યો. નવીન પુરુષને જોઇ તે બોલી : ' અરે ! આ અત્યંત દુબળો માણસ કોણ છે ?' તેઓ બોલ્યા, ' હે માડી ! અમને આ પુરુષ વનમાં મલ્યો છે. આપણા ચરણારવિંદના દર્શનાર્થે અહીં આવ્યો છે. તે સાંભળી વૃદ્ધાએ તેને પાસે બોલાવી પૂછ્યું, ' હે પુરુષ ! તારું નામ શું છે ?' તે બોલ્યો, ' મારું ધિષ્ટક છે.' પછી સૂરની પીઠ પર હાથ ફેરવી ડોશી બોલી : ' હે વત્સ ! તું ભલે આવ્યો, તારું શરીર બહુ કૃશ છે માટે તું મારા ઘેર રહી નિઃશંકપણે રહે. ધિષ્ટ (સૂર) બોલ્યો, હે માત ! જનમથી દુઃખી છું હવે હું અહિં જ રહીશ. અને આપની સેવા કરીશ. હવે ધિષ્ટને સ્નાન કરાવી ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો પહેરાવી, ઉચ્ચ કોટીનું ભોજન કરાવ્યું–ભોજન કર્યા પછી સહુ સૌની પથારીમાં સૂઈ ગયાં. અહીં ધિષ્ટ વિચારવા લાગ્યો. અહીં ઘાસનું કાંઈ પ્રયોજન જણાતું નથી તેમ જ કોઈ પશુઓ પણ દેખાતા નતી. તો પછી રોજ આવતું ઘાસ કયાં જાય છે ? તે મારે જોવું જોઈએ એમ વિચારી તે ઢોંગ કરીને સૂઈ ગયો.

અહીં હવે અડધી રાતે તે ડોશી ઊઠીને બોલી: ' અરે ! તમારામાંથી કોઈ જાગે છે કે ?' પરંતુ ઉત્તર ન મળ્યો ત્યારે તે ડોશી કુમંત્રના પ્રભાવથી ઘોડી બની ઘાસ ખાવા લાગી.

અધું ઘાસ ખાઈ તે વસ્ત્રાભૂષણથી અલંકૃત દિવ્ય રૂપધારી કામિની રૂપે થઇ હંસલીની ચાલે ચાલતી ત્યાંથી નીકળી. તેની પછવાડે ચોર પગલે ધિષ્ટ ચાલવા લાગ્યો. ઘનઘોર રાત્રિમાં તે સૌન્દર્યની પ્રતિમા જેવી સાક્ષાત્ વનદેવી જેવી લાગતી તે સુંદરી ક્રમે કરી એક પર્વતની ગુફામાં ગઈ. તેની પાછળ ધિષ્ટ પણ ચૂપચાપ ગયો. અને ગુપ્તપણે સંતાઈ ગયો. તે ગુફામાં કેટલીક જોગણીઓ હતી. આ સુંદરી (વૃદ્ધા) ને જોઈ બધી જોગણીઓ ઊભી થઈ સવિનય બોલીઃ—'હે માતા! ભલે પધારો.' એમ કહી તેને ઊંચા આસન પર બેસાડી અને બધી જોગણીઓ તેની સેવા કરવા લાગી. પછી તે જોગણીઓ બોલી: 'હે માતા! હવે અમને તમારા પુત્રોનો ભોગ કયારે આપવો છે?' તે બોલી: 'હે પુત્રીઓ! તમે ધૈર્ય ધારણ કરો. હું તમને સાત પુત્રો મારી તેનુ બલિદાન આપીશ.' તેઓ બોલી: 'પણ કયારે?' તે બોલી: સાંભળો સાતમો પુત્ર જે મને આજે જ પ્રાપ્ત થયો છે, તે અત્યંત દુર્બળ છે. માટે ચૌદશ સુધી ધીરજ ધરો. ત્યાં સુધીમાં તે પણ પુષ્ટ થશે. એમ કહી જોગણીઓ સાથે માંસ આદિનું ભક્ષણ કરી તે પાછી ફરી. સ્થંભમાં સંતાઈને આ નાટક જોઈ ગભરાયેલો ધિષ્ટ પણ સાવધાનીપૂર્વક સુંદરીની પહેલાં ત્યાંથી નીકળી પાછો આવીને સૂઈ ગયો.

થોડીવાર પછી સુંદરી પણ વૃદ્ધાનું રૂપ લઈ ખાટલી પર સૂતી ધિષ્ટ વિચારે છેઃ નિશ્ચય આ દુષ્ટા અમને વિશ્વાસ પમાડી મારી નાખશે. હાય! હાય!! હું ફરી પાછો શાકિનીના સકંજામાં સપડાયો. હું જ્યાં જાઉં છું ત્યાં શાકિનીનો જ સંગમ થાય છે. શું આ સંસારમાં સર્વ સ્થળે સ્ત્રીઓ

શાકિની જ છે ! ઇત્યાદિ અનેક વિચારો કરતાં ધિષ્ટે પથારીમાં આમતેમ પાસા ફેરવવામાં જ રાત્રિ પસાર કરી. અરુણ ઉદયે સર્વ જાગ્યા, અને જંગલમાં ઘાસ લેવા ઊપડ્યાં. માર્ગમાં ધિષ્ટે રાત્રિના બનાવને બધા સમક્ષ જાહેર કર્યો. એક બોલ્યો, 'અરે ! એવું તે હોતું હશે ?' બીજો બોલ્યો : 'સ્વપ્ન આવ્યું હશે.' ત્રીજો બોલ્યો : 'આવું બને જ નહિ, માતા મહાપવિત્ર સ્ત્રી છે.' ચોથો બોલ્યો : 'અરે ! આવાને આવા બીકણ છે કેટલાં ! ડગળી ચસકી લાગે છે !' પાંચમો બોલ્યો : 'અરે ! આને તો સુખનું અજીર્ણ થયું છે.' છઠ્ઠો બોલ્યો : 'ભાઇ, અમે તો કોઈ દિવસ આવું જોયું નથી. તેં એક જ દિવસમાં કેવી રીતે જાણ્યું ?' ધિષ્ટ બોલ્યો : 'તમે લોકો નિરાંતે સૂઈ જાવ છો તેથી તમને શું ખબર પડે ? હું તો જઉં છું, તમે જ અહીં રહો. આવા રોટલા તો ભારે પડે.' તેઓ બોલ્યા : 'અરે ! આમ ઉતાવળ ના કર. આજનો દિવસ વિલંબ કર. તેનું ચારિત્ર તો અમને બતાવ.' ધિષ્ટે તે કબૂલ કર્યું. પછી તેઓ ઘાસના ભારા લઈ મુકામે આવ્યા. આખો દિવસ જેમ તેમ વ્યતીત કરી રાતે તેઓ ઊંઘવાનો ઢોંગ કરી જાગતા સૂઈ ગયા.

હવે અર્ધરાત્રિના સુમારે ધિષ્ટના કહ્યા પ્રમાણે ડોશીનું ચરિત્ર જોઈ બધાના હાંજા ગગડી ગયા. હવે શું કરવું એ એક મોટો પ્રશ્ન થઈ પડ્યો. ડોશીનું આવું ભયાનક દૃશ્ય જોઈ છએ પુરુષો ધિષ્ટ પર વિશ્વાસ લાવી બોલ્યા : હવે અમારે શું કરવું ? આ દુષ્ટા જરૂર અમને મારી નાખશે. ધિષ્ટ બોલ્યો શું કરવું શું ? આ શાકિનીના શીઘ્ર રામ રમાડવા જોઇએ. એટલામાં તે સુંદરી આવી અને વૃદ્ધા બની

સૂઈ ગઈ. અહીં આગળ તે સાતે જણ ત્વરાથી ઊઠી સંકેત મુજબ પોતપોતાનું કામ બજાવવા લાગ્યા. બે જણાએ તેના પગ પકડયા. બેએ હાથ પકડયા. બેએ તેનું મસ્તક પકડયું અને એક જણાએ મોટા ડંડાથી તેને કપડાની જેમ ધોઇ નાખી. એવી ઢીબી કે તે તત્કાળ મરણને શરણ થઈ.

હવે તે સાતે જણ નિર્ભય થઇ આગળ ચાલ્યા જતા હતા. એટલામાં તેમણે કોઇ ઘોર જંગલની મધ્યમાં ક્ષિપ્રા નામની નદીના કિનારે એક મહા નગરને જોયું. તે નગર સ્વર્ગ જેવું સુંદર, ઉત્તમ ગઢ દરવાજાથી દીપતું. શ્રેષ્ઠ રત્નો અને સુવર્ણ કળશોના સમુદાયયુક્ત પ્રાસાદોથી પૃથ્વી પીઠને શોભાવનાર–નારંગ–નાગ–પુન્નગ–જંબીર–હિંતાલ–તાલ–કેસર –કદલી આદિ વૃક્ષોથી સુશોભિત બગીચાઓ, વાવ, કૂવા, સરોવર આદિથી રમણીય, વિમાનશ્રેણી જેવી મનોહર ગૃહશ્રેણીઓથી વિરાજિત અને ગગનચુંબી જિનાલયો પણ સુવર્ણ કળશવિભૂષિત તેમજ અનેક ગવાક્ષોથી અભિરામ હતાં. અદ્‌ભૂત આનંદકારી એ નગર હોવા છતાં કોઇ મનુષ્ય તેઓને દૃષ્ટિપથ પર ન આવ્યો. સંપૂર્ણ નગરને મનુષ્યરહિત શૂન્ય જોઈ વિસ્મય પામેલા સાતે પુરુષો ચાલતાં ચાલતાં સહસ્ર શિખરથી શોભતાં, જોતાં જ આહ્‌લાદ ઊપજે એવા રાજભવને આવ્યા. તેના દ્વાર પર એક નકટી વૃદ્ધા બેઠી હતી. સ્થૂલ શરીરવાળી વૃદ્ધા તેમને જોઈ બોલી: 'હે પુરુષો! તમે ભલે પધાર્યા. હું ઘણા દિવસથી તમારી રાહ જોઉં છું. અહીં રહેલી દેવાંગનાઓને શરમાવે એવી આ સાત કન્યાઓને ભોગવી તમારું અને આ કુંવરીઓનું જીવિત સફળ કરો. તે સાંભળી આ ટુકડીના નાયક ધિષ્ટે પૂછયું કે: 'હે માતા! આ કન્યાઓ

કોણ છે? અને કયાંથી આવી છે?' તે બોલી: આ સાતે વિદ્યાધર–પુત્રીઓ છે. એક વખત વિદ્યાધરે કોઇ નૈમિત્તિકને પૂછયું, "મારી આ પુત્રીઓના પતિ કોણ થશે? તે બોલ્યો, 'હે ખેચર! કુંવરીઓ આ નાકકટ્ટીને આપી દે તેની પાસે આ કુંવરીઓના પતિ સ્વયં આવશે. માટે હે પુરુષો! તમારા વિવાહ માટે જ હજી સુધી મેં આ યથાવત સાચવી રાખી છે. આ મખમલી શય્યાથી શોભતા સુકોમળ પલંગો, આ ચિત્રશાળાઓ આ સુગંધી દ્રવ્યોથી પરિપૂર્ણ શયનગૃહ સાથે આ મહેલ પણ તમારા માટે જ છે. અહીંયા રહીને તમે આ કન્યાઓ સાથે વિષયસુખોનું સેવન કરો. આ સાતે પવનવેગી અશ્વો પર બેસી પૂર્વદિશા પ્રવર્જી બાકીની દિશાઓમાં સ્વેચ્છાએ વિહાર કરો. તે સાંભળી વિષયાનુરાગી સાતે પુરુષો તે સાતે કન્યારૂપી કુસુમોનું ભ્રમર થઈ ભાન ભૂલી પાન કરવા લાગ્યા. કદી તેઓ હિંડોળા પર ક્રીડા કરતા; કદી ઉપવનમાં જઈ પુષ્પો ચૂંટતા. અને કદી તેઓ જલક્રીડા કરતા સંતાકૂકડી આદિ રમત પણ તેઓ કદી રમતા.

હવે એક દિવસ સાતે પુરુષો એકઠા થઇ પરસ્પર વિચાર કરવા લાગ્યા કે, આ વૃદ્ધાએ અમને પૂર્વદિશામાં જવાની શા માટે ના કહી હશે? માટે ચાલો આપણે ત્યાં જ જઈએ. એમ વિચારી એક દિવસ સવારમાં સાતે અશ્વ પર સાંતે જણા સવાર થઇ પૂર્વ દિશામાં ચાલી નીકળ્યાં. થોડેક ચાલ્યા હશે–ત્યાં સમગ્ર ભૂવલય મનુષ્યોના મસ્તકોથી છવાયેલું જણાયું. જ્યાં જુઓ ત્યાં એકલાં મસ્તકો જ નજરે પડતાં. આ જોઇ તે સાતે ભયભ્રાંત થઇ એકબીજાનું મુખ જોવા લાગ્યા. ધિષ્ટ (સૂર) ને તો ખાતરી થઇ કે આપણે જરૂર કોઈ શાકિનીના

પંજામાં સપડાયા છીએ. એવામાં અચાનક ઘોડાની ખરી સાથે એક ખોપરી ભટકાઇ તેથી તે ખોપરી ખડખડાટ હાસ્ય કરતી બોલી: 'હે મૃત્યુના કોળિયાઓ! સાંભળો.—આ ઘોડાઓ તથા તમારી સ્ત્રીઓને અમે પણ ઘણીવાર ભોગવી છે. તે સાંભળી આશ્ચર્ય પામેલા ધિષ્ટે પૂછ્યું, 'આ અશ્વ તથા સ્ત્રીઓ કોણ છે? વળી આ ભૂમિ મનુષ્યના મસ્તકોથી કેમ વ્યાપ્ત છે?' ખોપરી બોલી: 'અરે ભોળા ભગતો! તમે આ આફતમાં કયાં સપડાયા? તે નાકકટ્ટી સિદ્ધશાકિની છે. તેણે જ અમારા આવા હાલ કર્યા છે. માટે તેને ખબર ન પડે તેમ ભાગી જઈ તમે તમારા પ્રાણની રક્ષા કરો. તે સાંભળતાં જ તે સાતે ઊભી પૂછડીએ નાઠા.

અહીં વિરહાતુર સાતે કન્યા તેઓની વાટ જોઈ થાકી, બપોર સુધી જ્યારે તેઓ ન આવ્યા ત્યારે તે સાતે કન્યાઓએ નાકકટ્ટીને કહ્યું કે "હે માતા! તે પુરુષો હજી સુધી નથી આવ્યા." તે સાંભળી નાકકટ્ટીએ હાથમાં ચંગ (વાદ્યવિશેષ) લઇ અગાસીમાં આવીને જોયું તો તે સાતે પુરુષો અશ્વ પર બેસી પૂરવેગે ભાગી રહ્યા હતા. તે જોઇ છિન્ન નાસિકા બોલીઃ 'હે ચંગ! આ ઘોડાઓને પાછા ફેરવ.' એમ કહી તેણે ચંગને પૃથ્વી પર પછાડ્યું. ચંગના પુકારથી બધા ઘોડાઓ પાછા ફર્યા. ધિષ્ટ પ્રમુખ સર્વે લગામોથી ઘોડાઓને પાછા વાળવા લાગ્યા. પણ તેઓ તો ચંગની દિશાએ વળી ઝડપભેર દોડવા લાગ્યા તે સાતે પુરુષો પ્રાણની પરવા કર્યા વગર અશ્વ પરથી ઊતરવા કોશિશ કરવા લાગ્યા; પરંતુ મંત્રદ્વારા બંધાયેલા તેઓ તલમાત્ર પણ ન ખસી શકયા. ત્યારે ભયથી ધ્રૂજતા શરીરવાળા સાતે ચિંતા કરવા લાગ્યા;

હાય ! હાય ! ! હવે અમારી કેવી ગતિ થશે ? નક્કી આજે અમારું મૃત્યુ થશે. ધિષ્ટ વિચારવા લાગ્યો, આજ સુધી તો પુણ્ય સંજોગે દરેક જગ્યાએથી હું બચ્યો છું પણ હવે તો પુણ્ય પરવાર્યાં છે; આ જગતમાં કોઈ કામિનીના મોહમાં ન પડશો—એમ બબડ્યો, એવામાં તો ઘોડાઓ નાકકટ્ટીના ભુવન પાસે આવીને ઊભા રહ્યા. તેઓને જોઈ નાકકટ્ટી બોલીઃ 'અરે પાપીઓ ! હવે તમે કયાં જશો ?' એમ કહી યમરાજની જીભ જેવી તલવાર કાઢી, અને ધિષ્ટને ઠોંસો મારી જમીન પર પાડ્યો અને પોતે તેની છાતી પર ચઢી બેઠી. પછી બોલીઃ— 'કેમરે દુષ્ટ ! ઘોડા પર બેસી આ તારા કાકાઓને લઇ કયાં ઊપડ્યો હતો ? શું અહીં કાંઇ પોલ ભાળી ગયો છે ? આ બિચારી કુંવરીઓનું કૌમાર્ય લૂંટી ભાગતા તને શરમ ન આવી ? ઊભો રહે, વિશ્વાસઘાતી, પાખંડી ! હમણાં હું તને યમના દ્વારે પહોંચાડું છું—માટે તું તારા ઈષ્ટદેવનું સ્મરણ કરી લે. ત્યારે ક્રોધમાં આવી જઇને ધિષ્ટે કહ્યું; 'અરે નાક વગરની નાકકટ્ટી ! મને મારતાં પહેલાં એ તો કહે કે "કયા વીર પુરુષે આ તારું નાક ગાયબ કર્યું—કાપી નાખ્યું ? મને મરવા કરતાં તારા નાકની વધારે ચિંતા થાય છે. તે સાંભળી ખુશ થયેલી નાકકટ્ટીએ તેને છોડી મૂક્યો. પછી તે બોલીઃ— હે પુત્ર ! સાંભળ. :—

આ ભરતક્ષેત્રમાં **મનોરમ** નામનું નગર છે. ત્યાં '**મનોરથ**' નામનો રાજા **મણિમાલા** નામની રાણી સાથે સુખપૂર્વક રાજ્ય કરતો હતો, સંસાર સુખના ફળરૂપ મણિમાલાએ ક્રમશઃ સાત પુત્રોને જન્મ આપ્યો, આઠમા ગર્ભથી હું પુત્રી રૂપે ઉત્પન્ન થઇ—પાંચ ધાવ માતાથી લાલન—પાલન પામતી હું સર્વ કળામાં

પ્રવીણ થઈ–અનેક પ્રકારના અનુભવ, જ્ઞાન અને કળાઓ સાથે મેં અત્યંત મોહક એવું યૌવન પણ પ્રાપ્ત કર્યું. મને તે વખતે મંત્ર–તંત્ર આદિ શીખવાની બહુ અભિલાષા હતી તેથી હું વશીકરણ, મોહનસ્થંભન, ઉચ્ચાટન રાક્ષસી વિદ્યા, શાકિની વિદ્યા, મારણવિદ્યા, બલિદાન વિધિ, સૂર્યચંદ્રગ્રહ આદિનું આકર્ષણ, પાતાલ પ્રવેશ અને સ્વર્ગગમન ઈત્યાદિ વિદ્યાઓના મહામંત્રોને જાણું છું. મૃતસંજીવની વિદ્યા પણ મેં શીખી છે. એક દિવસ મેં ઈન્દ્રના મહામંત્રનું સાધન કર્યું, તેમાં મને સફળતા મળી. તેથી હું ઇન્દ્રભવનમાં ગઈ ત્યારે ઇન્દ્ર આગળ **હાહા હૂહૂ તુંબર રંભા** આદિએ મહાનાટક આરંભ્યું હતું, મેં પણ તે નાટ્યવિધિ બારીકાઇથી શીખી.

એક વખત મેં પણ ઇન્દ્રની અનુજ્ઞા લઈ તેમની સભામાં નૃત્ય કર્યું. તે જોઇ પ્રસન્ન થયેલા ઇન્દ્રે મને કહ્યું, તું વર માગ, તે વારે મેં કહ્યું કે "હે પ્રભો ! જો આપ મુજ પર પ્રસન્ન છો તો મારું પાણિગ્રહણ કરો–સુરાધિપતિએ મને સ્વીકાર કરી. એવી રીતે મને ઇન્દ્રનો સંયોગ થયો. હું નિત્ય દેવલોક અને મારા ઘેર આવવાજવા લાગી. એક વખત અમારા માળીએ મને કહ્યું, 'હે ભદ્રે ! મારા ચિત્તમાં દેવ-લોક, ઇન્દ્ર, તથા–તારું નૃત્ય જોવાની બહુ લગની લાગી છે. માટે તું મને સાથે લઈ ચાલ.' મેં તેને ન આવવા બહુ કહ્યું પણ તેણે પોતાનો હઠાગ્રહ ન છોડ્યો. ત્યારે તેને ભ્રમર બનાવી મારા કેશપાશમાં સંતાડી હું સ્વર્ગમાં આવી, ત્યાં મેં નૃત્ય આરંભ કર્યું. ઘણીવાર નાચવાથી અને ભ્રમરના ભારથી ખિન્ન થઈ મેં મસ્તકે હાથ મૂકયો–તેમ કરવાથી નૃત્યનો તાલ બગડી ગયો. તે જોઈ મુજ પર કોપાયમાન થયેલ સુરાધિપ-

તિએ મારું નાક કાપી લીધું–એટલું જ નહીં પણ સાથે શ્રાપ આપ્યો કે "હે પાપિણી ! આજ પછી તું અહીં નહીં આવી શકે, મનુષ્યલોકમાં જ તારા પ્રમાદનું ફળ ભોગવ." તે સાંભળી બહુ આક્રંદ કરતી હું ઈન્દ્ર ચરણોમાં ઢગલાની જેમ ઢળી પડી–મારાં અમૂલ્ય આંસુઓથી એમના ચરણ પખાળી પૂછ્યું; 'હે નાથ ! આ શ્રાપનો અંત કયારે થશે ?' તે બોલ્યા, મનુષ્યના માંસનું ભક્ષણ કરતી એવી તને કોઈ પુરુષ એની મેળે પૂછે કે 'હે નાક વગરની નાકકટ્ટી ! કયા વીર પુરુષે તારું નાક કાપ્યું છે ?' ત્યારે જ આ શ્રાપનો અનુગ્રહ થશે. પછી મેં આ નગરના સર્વ મનુષ્યોને આ અશ્વો તથા કામિનીઓથી લલચાવી–ભોળવી તેમનું ભક્ષણ કર્યું, વળી અહીં આવેલા કેટલાક વિદેશી મુસાફરોને પણ મારીને હું ખાઈ ગઈ છું; પરંતુ એ વત્સ ! આજ સુધી કોઈએ પૂર્વોકત પ્રશ્ન ન પૂછ્યો. આજ તારા પૂછવાથી હું શ્રાપમુક્ત થઈ છું માટે તું આ કન્યાઓ તથા અશ્વયુક્ત આ રાજ્યને સુખપૂર્વક ભોગવ–એમ કહી તેણે સંજીવની વિદ્યાથી સર્વ નગરજનોને સજીવન કર્યા. અને ધિષ્ટને રાજ્ય સોંપી તે પોતાના સ્વર્ગ-સ્થાનમાં ગઈ. ધિષ્ટરાજા પોતાના છએ મિત્રોને માંડલિક પદ પર સ્થાપિત કરી પોતે નીતિપૂર્વક રાજ્યનું પરિપાલન કરવા લાગ્યો.....

અહીં એક દિવસ આચાર્ય ભગવંત સાધુ પરિવાર સાથે તે નગરના ઉદ્યાનમાં સમોસર્યા. વનપાલકની સુખદાયક વધામણી સાંભળી ધિષ્ટરાજા શુદ્ધ ભાવે સપરિવાર વંદના કરવા ગયો. ત્યાં આવી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વાંદી યોગ્ય સ્થાને બેઠો. ગુરુજીએ મધુર વાણીએ દેશના આપી : "હે પુણ્ય-

વાન્ ભવ્યો ! જે પ્રાણી મનુષ્યજન્મને પ્રાપ્ત કરી, ધર્મારાધના નથી કરતો તે પોતાના કરતલમાં આવેલા ચિંતામણી રત્નને ગુમાવી દે છે.” દેશના સાંભળી રાજાએ પૂછ્યું, ‘ હે ભગવન્ ! મેં પૂર્વે શું કર્મ કર્યા કે હું આ ભવમાં ડગલે ને પગલે શાકિનીના સંગ–સંકટમાં પડ્યો ?’ સૂરિજી બોલ્યા, હે રાજન્ ! સાંભળ—

પૂર્વે પ્રતિષ્ઠાનપુરમાં **હરિદત્ત** નામક એક બ્રાહ્મણ વસતો હતો. તે શાકિનીઓના આકર્ષણ માટે યંત્ર, મંત્ર, તંત્રાદિથી નિત્ય મંડલો માંડતો. તેના છ નોકરો ગાયન વગેરે ઉત્તર ક્રિયાથી તેની સાધનામાં મદદ કરતા એમ તેઓ શાકિનીઓનો નિગ્રહ કરી મનમાન્યા કામ કરાવતાં. એક દિવસ તે સાતે એક મુનિદ્વારા ધર્મોપદેશ સાંભળી દયા, દાનપૂર્વક જિનધર્મમાં સ્થાપિત થયા. જિનધર્મની આરાધના કરી અંતે સંલેખનાપૂર્વક શુભધ્યાનથી મૃત્યુ પામી તે હરદત્તનો જીવ તું સૂર (ધિષ્ટ) તરીકે જન્મ્યો. તારા છએ નોકરો તારા મંડલાધીશ થયા. પૂર્વે તમે શાકિનીઓને પીડા ઉપજાવી હતી તેથી આ ભવમાં તમે પણ શાકિનીઓના સંકટમાં પડ્યા. તે સાંભળી ઉહાપોહ કરતા સાતેને જાતિસ્મરણ જ્ઞાન થયું. સંસારની અસારતા જાણી સાતેએ સાથે સંયમ સ્વીકાર્યું. નિરતિચાર સંયમ પાળી તેઓ સ્વર્ગે ગયા.

॥ ઈતિ ધિષ્ટ કથા સમાપ્ત ॥

પ્રભુ કહે છે: હે ભવ્યો ! આ ધિષ્ટના દૃષ્ટાંતને સાંભળી તમે જિનધર્મને વિશેષ રૂપથી આદરો. તેના પ્રભાવથી તમને સ્વર્ગ તથા અપવર્ગનું સુખ પ્રાપ્ત થશે. ધર્મ પ્રભાવથી

પ્રાણીઓનાં પગલે પગલે અત્યંત લક્ષ્મી હોય છે. માટે પ્રમાદ પ્રવર્જી ધર્મ જ આરાધવો જોઈએ. ધર્મનું મૂળથી સમ્યક્ત્વ તે શ્રદ્ધારૂપ છે. તે શ્રદ્ધા બે પ્રકારે છે. એક ગુરુના ઉપદેશથી જીવાજીવાદિ નવતત્ત્વનો વિષય જાણવો. અને બીજી ગુરુના ઉપદેશ વગર મરુદેવા માતાની જેમ. કહ્યું છે કેઃ—

सव्वाइं जिणवर भासियाइं, वयणाइं नन्नहा हुंति ॥
इय बुद्धि जस्स मणे, सम्मत्तं निश्चलं तस्स ॥ १ ॥

અર્થઃ—શ્રી જિનેશ્વરે કહેલાં સર્વ વચનો, અસત્ય ન હોય (એટલે સર્વ વચનો સત્ય જ હોય છે) એવી બુદ્ધિ જેના હૃદયમાં હોય તેનું સમ્યક્ત્વ દૃઢ છે.

વળી કહ્યું છે કેઃ—

अंतो मुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहिं सम्मत्तं ॥
तेसिं अवड्ढ पुग्गल-परियट्टो चेव संसारो ॥ १ ॥

અર્થઃ—જે જીવોએ અન્તમુહૂર્ત માત્ર પણ સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય તે જીવોનો સંસાર કેવલ અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો જ બાકી રહે છે. આ પ્રમાણે શ્રી વર્દ્ધમાનસ્વામીના મુખથી ધર્મદેશના સાંભળી સંવેગથી રંગાયેલા હૃદયવાળા સૂરાદેવે શુદ્ધ ભાવે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પછી તે પોતાના આત્માને કૃતાર્થ માનતો, પરિવાર સાથે ઘેર આવી સમ્યક્ પ્રકારે જિનધર્મારાધન કરવા લાગ્યો. સંતોષપૂર્વક આરાધના કરતાં તેણે ચૌદ વર્ષ વ્યતીત કર્યા.

એક દિવસ અર્ધરાત્રિના સુમારે તે ધર્મધ્યાનમાં બેઠો હતો. તેવામાં કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ પ્રગટ થઈ બોલ્યો: હે

મૂઢ! તું આ લોકના સુખોને ત્યજી. તપ કલેશાદિયુક્ત શ્રાવક ધર્મને શા માટે લઇ બેઠો છે? જો તું તારું કલ્યાણ ઇચ્છતો હોય તો આ શ્રાવકવ્રતને મૂકી છાનોમાનો ચૂઈ જા. જો મારું કહેવું નહીં માને તો હું તારા મોટા પુત્રને અહીં લાવી મારીશ. તેનું રુધિર તારા શરીરે છાંટી તેને ઊકળતી કડા-ઇમાં તળીશ. તેથી તું આર્તધ્યાન વડે મરી દુર્ગતિને પામીશ. આ પ્રમાણે તે દેવે તેને બે ત્રણ વાર કહ્યું, પણ સૂરાદેવ પોતાના ધ્યાનમાં મગ્ન રહ્યો. તે જોઇ અતિશય ક્રોધ પામેલો, દેવ તેના પુત્રને ઉપાડી લાવ્યો. તેના કકડા કરી લોહી સૂરા-દેવ પર છાંટયું. પછી સૂરાદેવના સામે જ માંસના લોચા તળવા બેઠો. આવા જ હાલ તે દેવે તેના બીજા ત્રીજા અને ચોથાપુત્રના પણ કર્યા. પરંતુ તે શ્રમણોપાસક ધ્યાનથી જરાએ ચલિત ન થયો. ત્યારે તે દેવ બોલ્યો, હે સૂરાદેવ! હજી પણ જો તું વ્રતને નહીં છોડે તો હું તારા સમસ્ત શરીરને કોઢ આદિ સોળે રોગનું રહેઠાણ બનાવીશ. આ પ્રમાણે તે બે ત્રણ વખત બોલ્યો, ત્યારે સૂરાદેવ વિચારવા લાગ્યો. નિશ્ચય આ કોઈ ચાંડાળ દુષ્ટકર્મ કરનારો જણાય છે. મારા ચારે પુત્રોના હણનારને હમણાં પકડું છું. તે એમ વિચારી તેને દંડવા ઊઠયો, કે તરત દેવ વીજળીવેગે વ્યોમ વિહાર કરી ગયો. તે જોઈ સુરાદેવ બહાર આવી. બૂમો પાડવા લાગ્યો. તે સાંભળી તેની ધન્ના નામની સ્ત્રીએ આવી પૂછયું, 'હે આર્યપુત્ર! તમે શા માટે કોલાહલ કરો છો?' ત્યારે સૂરાદેવે સૂરનું સમસ્ત સ્વરૂપ સંભળાવ્યું, ધન્ના બોલી: 'હે નાથ! આપણા ચારે પુત્રો શયનગૃહની સુખ શય્યામાં સૂતા છે. તેમજ તમારા શરીરે પણ કોઇ રોગ જણાતો નથી.

આપને કોઇ દેવે ઉપદ્રવ કર્યો છે, માટે હે સ્વામી! સવારમાં તમે ગુરુજી પાસે જઇ આલોચના લઈ પ્રતિક્રમણ કરી મિથ્યાદુષ્કૃત આપજો.' પત્નીના પ્રિય વચન સાંભળી સૂરાદેવ સવારે સુગુરુ પાસે આલોચના લઈ શુદ્ધ થયો.

ઉત્તમ પ્રકારે વીસ વર્ષ સુધી જિનધર્મ પાળી. અગિયાર પડિમા વહન કરી. સર્વ જીવોની સાથે ક્ષમાપના કરી એક માસના અનશનપૂર્વક પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં તેણે પોતાનો દેહ મૂકયો. સૂરાદેવનો જીવ સૌધર્મ દેવલોકના અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો મહાસમૃદ્ધિશાળી દેવ થયો.

હવે શ્રી ગૌતમસ્વામી શ્રી વર્ધમાનસ્વામીને પૂછે છે, 'હે ભગવન્! સૂરાદેવ ત્યાંથી ચ્યવી કયાં ઉત્પન્ન થશે?' પ્રભુ બોલ્યા: 'હે ગૌતમ! ત્યાંથી ચ્યવી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મશે. ત્યાં ચારિત્ર લઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, મોક્ષ મેળવશે.

એ પ્રમાણે શ્રી સુધર્માસ્વામીએ શ્રી જમ્બૂસ્વામીને પ્રભુના ચોથા શ્રાવક સૂરાદેવનું ચરિત્ર કહ્યું.

ઈતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના
શિષ્ય રાજકીર્તિ ગણીની
રચેલી ગદ્યબંધ વર્ધમાન-
દેશનાનો શ્રી સૂરાદેવ
શ્રાવક નામક ચોથો
ઉલ્લાસ સમાપ્ત

ઉલ્લાસ પાંચમો

ચુલ્લગ શતક શ્રાવકનું ચરિત્ર

શ્રી સુધર્માસ્વામી ચરમ કેવળી શ્રી જબૂસ્વામીને ચુલ્લગ શતક શ્રાવકનું ચરિત્ર કહે છે:

આ ભારતના સર્વ મુલકોમાં મશહૂર **આલંભિકા** નામની નગરી છે, ત્યાં **જીતશત્રુ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં અત્યંત આહલાદકારી **શંખવન** નામનું ઉદ્યાન હતું. વળી **ચુલ્લગશતક** નામનો ગૃહપતિ તે નગરમાં ધનવાનોમાં અગ્રેસર કહેવાતો. તેને **બહૂલા** નામની સુંદર શિયળવાળી પતિપરાયણ તેમજ મૃદુભાષી ભાર્યા હતી. તે શ્રાવકનું છ ક્રોડ–દ્રવ્ય ભૂમિમાં નિધાન રૂપે, છ ક્રોડ દ્રવ્ય વ્યાજમાં અને છ ક્રોડ દ્રવ્ય વ્યાપારમાં રોકાયેલું હતું. વળી તેને ગાયના છ ગોકુળો હતાં.

ચુલ્લગ શતક એશઆરામમાં દિવસો પસાર કરતો હતો, એવામાં એક દિવસ ચરમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામી કનક

કમળ પર કોમળ પાદકમળને પધરાવતાં સુખે વિહાર કરી સપરિવાર શંખ વનમાં સમોસર્યા. સુરોએ સમવસરણ સર્જ્યું, બાર પર્ષદા એકત્રિત થઇ.

પ્રભુનું આગમન સાંભળી ચુલ્લગશતક પણ પરિવાર સાથે શ્રી વીરવર્ધમાનસ્વામીને વાંદવા ગયો. પ્રભુને વાંદી સૌ પોતપોતાના ઉચિત સ્થાને બેઠા. પ્રભુ દેશના આપવા લાગ્યા :—

હે ભવ્ય લોકો ! આ અસાર સંસારમાં ચક્રવર્તી પદ, દેવેન્દ્ર પદવી, સ્વર્ગનું સુખ, તીર્થંકરની સંપત્તિ અને મનુષ્યોચિત ભોગોપભોગ એ સર્વ ધર્મથી જ મેળવી શકાય છે. તે ધર્મ દાન, શિયળ, તપ અને ભાવના એમ ચાર પ્રકારે છે. એમાં દાનના અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન એમ પાંચ ભેદ છે. એમાં પણ સર્વશ્રેષ્ઠ દાન તે "અભયદાન" છે. અભયદાનને સર્વ પ્રકારે સાધુ જ આપી શકે છે, તેનાથી અનંત સાધુ મોક્ષે ગયા જાય છે અને અનંતા જશે. માટે સર્વ જીવોએ દરેક જીવોને અભયદાન આપવું જોઈએ.

સુગુરુને શુદ્ધ આહાર વસ્ત્રાદિ આપવું તે સુપાત્રદાન કહેવાય. જેઓ શુદ્ધ ભાવે સુપાત્રદાન આપે છે. તેઓ **ધનદેવ** તથા **ધનમિત્ર**ની જેમ સંસારસુખ ભોગવી શિવસુખ સંપાદન કરે છે. તે આ પ્રમાણે:—

'ધનદેવ' તથા 'ધનમિત્ર'ની કથા

આ જમ્બૂદ્વીપમાં **સિંહલ** નામનો એક દ્વીપ છે, ત્યાં **સિંહલેશ્વર** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **સિંહલા** નામની રાણી અને **સિંહલસિંહ** નામનો સિંહ જેવો બહાદુર પુત્ર હતો.

એક વખતે ઋતુરાજ વસંતે વનમાં આવી. પોતાનું સામ્રાજ્ય જમાવ્યું, પવન પુષ્પસુગંધને ચોરી પમરાટને ધારણ કરતો વાતો હતો. તરુશાખામાં કોડો નવાંકુરો આવ્યાં હતાં. કોયલો આમ્રકુંજમાં ટહૂકાથી ઉત્કંઠા ઉત્પન્ન કરનારી પ્રિયવાણી બોલવા લાગી હતી. અંબાની મંજરી મંદ સુગંધ દિશાઓમાં ફેલાવી રહી હતી અને લતામંડપ પ્રફુલ્લિત થયાં હતાં. તે વખતે **સિંહલસિંહ** કુમાર ક્રીડાર્થે વનમાં આવ્યો. ત્યાં હે તાત! 'મારી રક્ષા કરો, રક્ષા કરો' હે માતા! 'મારા પર દયા કરો' હે કુલદેવીઓ! આ વખતે તમે બધી કયાં સંતાઈ ગઈ! ઇત્યાદિ કરુણ શબ્દ સાંભળી કુમાર દોડ્યો. અને જ્યાંથી આ સ્વરો સંભળાતા હતા. ત્યાં આવી પહોંચ્યો.

ત્યાં એક મદમસ્ત હાથીએ કોઇ સુકુમારીને પોતાની સુદઢ સૂંઢમાં સંડોવી હતી. તે જોઇ કુમાર બોલ્યો, 'અરે ચંડાળ! મુક્ત કર આ માસુમ કન્યાને? અને આવી જ મુકદર અજમાવવા. તે સાંભળી ગજરાજ, કુંવરી મૂકી કુમાર પર ધસ્યો. તરત જ કુમારે પોતાનું ઉત્તરીય વસ્ત્ર હાથી તરફ નાખ્યું. હાથી વસ્ત્ર પર દંતૂશળના પ્રહાર કરવા લાગ્યો. એ જોઈ કુમાર ત્વરાથી દંતૂશળ પર પગ મૂકી તે ઉપર ચઢી

બેઠો. તે જોઇ કન્યા હર્ષમાં નાચી ઊઠી. અને નગરમાં આવી 'કુમારે હાથી વશ કર્યો, કુમારે હાથી વશ કર્યો.' એમ બોલવા લાગી.

તેનો પિતા ધનશ્રેષ્ઠી પૂછવા લાગ્યો. 'શું છે બેટી આજે આમ આનંદમાં કેમ ઊછળે છે? તે પ્રમદા બોલી. 'હે તાત! આજે તો મારા રામ જ રમી ગયા હોત, પરંતુ રાજપુત્રે મારા પ્રાણનું રક્ષણ કર્યું, શું તે કુમારની ચપળતા, શું હિમ્મત!! શું શૌર્ય, શું ગંભીરતા, અને શું એમની સૌમ્ય સૌન્દર્યતા એમ બોલતાં બોલતાં તે કન્યા શરમાઈને ઘરમાં ભરાઈ ગઈ.

અહીં આગળ કુમાર પણ પર્વતસમ કાયાવાળા હાથી પર સવાર થઇ નગરમાં આવી પહોંચ્યો, તે જોઈ લોકો કીડિયારાની જેમ ઊભરાવા લાગ્યાં; ઠેકઠેકાણે મદભર હસ્તીની મસ્તી ઉતારનાર કુમારની પ્રશંસા થવા લાગી. ભાટ–ચારણો પણ કુમારની બિરૂદાવલિ તેમજ યશઃ–ગાથા ગાવા લાગ્યાં. આમ કુમારની કીર્તિ સર્વત્ર ફેલાઇ ગઇ. રાજાની ખુશીનો પાર નહોતો. કયો રાજા કે પિતા–પુત્રનું પરાક્રમ પેખી પ્રસન્ન ન થાય ? તે **ધનવતીકુમારી** પણ કુંવર પ્રત્યે અત્યંત અનુરાગ ધરાવવા લાગી. કહ્યું છે કે :—

गुणाः कुर्वंति दूतत्वं दूरेऽपि वसतां सताम् ॥
केतकीगंधमाघ्रातुं, स्वयमायाति षट्पदाः ॥१॥

અર્થઃ–દૂર વસતાં છતાં, સજ્જનોનાં ગુણ–દૂતનું કામ કરે છે. જેમકે કેતકીની ગંધ લેવા ભ્રમર સ્વયં દૂરથી ખેંચાઇ આવે છે.

જે જીવ તન મન ધન અને વચનાદિથી બીજા ઉપર ઉપકાર કરે છે, તે આ જન્મમાં પણ સંપત્તિના અધિકારી થાય છે. શ્રેષ્ઠીએ પણ પુત્રીનો અભિપ્રાય જાણી તેને કુમાર જોડે પરણાવી, જ્યારે કુસુમાયુધ જેવો કુમાર નગરમાં ફરવા નીકળતો, ત્યારે તેના રૂપ લાવણ્ય પર મોહ પામેલી નગરનારીઓ તેના પાછળ ભાન ભૂલી ભમવા લાગતી. આવું આશ્ચર્ય જોઈ. ઘણાં પુરુષો એકત્રિત થઈ ભૂપાળ પાસે આવ્યાં.

તે જોઇ રાજા બોલ્યો, 'હે પુરુષો! કહો, કાંઇ દરખાસ્ત છે કે ફરિયાદ છે.' પૌરજનો બોલ્યા; 'હે પ્રભો! આપની કૃપાથી અમને કોઈ જાતનું દુઃખ, નથી; પરંતુ અમારા સર્વ કાર્યો શિથિલ થઇ ગયાં છે. રાજા બોલ્યો, 'અરે ભાઈઓ! આમ ગોળ ગોળ, બીતાં બીતાં શા માટે બોલો છો? જે હોય તે બેધડક જણાવો.'

તેઓ બોલ્યાઃ 'હે ક્ષિતીશ! આપણા યુવરાજ સિંહલસિંહ નગરમાં ક્રીડાર્થે ફરે છે, ત્યારે અમારી ભાર્યા, ભગિની અને પુત્રીઓ ગૃહકાર્યો સાથે સાનભાન મૂકી ગાંડાની જેમ તેમની પાછળ ફર્યા કરે છે,' સાંભળી રાજા બોલ્યો, 'હે નગરજનો! આ વાત પર હું ધ્યાન આપીશ.' એમ કહી તેઓને બહુમાન પૂર્વક વિસર્જન કર્યા.

કુમાર આ વાત જાણી બહુ ખેદ પામતો વિચારે છે કે જે નગરમાં મારા ફરવાથી લોકોને દુઃખ થાય તે નગરમાં મારે રહીને શું કરવું? માટે દેશાંતર જવું જોઈએ. પોતાનો વિચાર તેણે ધનવતીને જણાવ્યો. અને કહ્યું કે તું અહીં સુખે રહેજે હું બહુ જલદી પાછો આવીશ. તે બોલીઃ 'હે સ્વામિન્!

તમારા વગર હું એક ક્ષણ પણ જીવવા સમર્થ નથી. માટે આપ આ દાસીને સાથે જ લઈ જાવ.'

ત્યારપછી કુમાર ગુપ્તપણે ધનવતી સાથે રાતના પ્રવહણ પર સવાર થઈ જળમાર્ગ કાપવા લાગ્યો, કર્મયોગે મધ્યદરિયે વહાણ ભાંગ્યું, પરંતુ આયુષ્ય બળના યોગે ભાંગેલા વહાણનું એક બપાટિયું ધનવતીના હાથમાં આવ્યું તેના સહારે તે કુસુમપુર નગરે પહોંચી. ત્યાં લોકમુખથી **પ્રિયમેલક** નામના યક્ષ તીર્થનો પ્રભાવ જાણી યક્ષના મંદિરમાં ગઈ, ત્યાં જઈ તેણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી મારો પતિ મને નહિ મળે ત્યાં સુધી મૌન રહી તપસ્યા કરવી.

અહીં કુમાર પણ પાટિયાના સહારે કેટલાક દિવસો પછી **રત્નપુર** નગરે આવ્યો, તે નગરમાં **રત્નપ્રભ** નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને **રત્નસુંદરી** નામની રાણી હતી. તથા **રત્નવતી** નામની પુત્રી હતી. તેને અચાનક સર્પ કરડવાથી તે બેશુદ્ધ થઈ ગઈ. અનુક્રમે વપુ વિષથી વ્યાપવા લાગ્યું.

રાજદ્વારમાં આથી બળભળાટ મચી ગયો, અનેક જાતના વૈદ્યો હકીમો, અને મંત્રવાદીઓ જાતજાતના ઉપચારો અને પ્રયોગો કરવા લાગ્યા; પરંતુ પરિણામે કાંઈ ફાયદો ન થયો ત્યારે મજબૂર થઈ ભૂપતિએ ઢંઢેરો વગડાવ્યો કે રાજકુંવરી રત્નવતી સર્પ દંશથી અચેતન થઈ ગઈ છે તેથી જે પુરુષ તેને સજીવન કરશે, તેને રાજકન્યા સાથે અનર્ગલ લક્ષ્મી આપવામાં આવશે. તે સાંભળી સિંહલસિંહે પડહનો સ્પર્શ

કર્યો. રાજપુરુષો કુમારને માનપૂર્વક રાજા પાસે લાવ્યા.

રાજાની આજ્ઞાથી કુમારે પોતાના મંત્ર બળથી કુંવરીને સજીવન કરી, રાજકુંવરી પોતાના ઉત્તરીય વસ્ત્રને ઠીક કરતી આળસ મરડી બેઠી થઇ તે જોતાં જ ચારે બાજુ આનંદ આનંદ થઈ ગયો. બધાં કુમારની જય બોલવા લાગ્યાં. સંતુષ્ટ થયેલા રાજાએ શુભદિવસે પોતાની પુત્રીનો વિવાહ કુમાર સાથે કર્યો.

સૌભાગ્ય રાત્રિના દિવસે રાજકન્યા સાતમે માળે અત્યંત મનોહર પલંગ પર કોમળ શય્યામાં સૂતી, થોડીવારમાં કુમાર આવ્યો અને ભૂમિ પર જ સૂતો, કારણ કે કુમારે એવો અભિગ્રહ લીધો હતો, કે જ્યાં સુધી ધનવતી મને નહીં મળે ત્યાં સુધી હું શિયળ પાળીશ. અને ભૂમિ પર સૂઇશ. તે જોઇ રાજકન્યા રત્નવતી સાશ્ચર્ય વિચારે છે કે આ શું કહેવાય ? મારો પતિ જમીન પર શા માટે સૂતો ?

ઘરેઘેણુને લૂણો બાય, ઘેર ઘોડો ને પાળો જાય;
ઘરે પલ્યંકને ધરતી સૂએ, તેહની બૈરી જીવતાને રૂએ.

એમ વિચારી તેણે પૂછ્યું, હે સ્વામી ! પલંગ સાથે મને મૂકી તમે નીચે શા માટે સૂતા ? ત્યારે શોકઘ્નનું નામ સાંભળી તેને દુઃખ થશે એમ વિચારી તેણે કાલ્પનિક ઉત્તર આપ્યો; ‘ હે દેવી ! મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે જ્યાં સુધી ઘેર પહોંચી હું માતા–પિતાનાં દર્શન ન કરું ત્યાં સુધી મારે શિયળ પાળવું અને ધરતી પર સૂવું. તે સાંભળી રત્નવતીને તેના

પર બહુમાન ઊપજ્યું. 'તે બોલી, હે નાથ! તમે બરેબર ધન્ય છો, કૃતપુણ્ય છો કે' તમને માત–પિતા પ્રત્યે આટલી બધી ભક્તિ છે, પછી બન્ને સુખપૂર્વક સૂઈ ગયાં.'

એક દિવસ રાજાના પૂછવાથી કુમારે પોતાની સર્વ હકીકત જણાવી, તેને સિંહલદ્વીપનો યુવરાજ જાણી રાજા બહુ ખુશ થયો. રાજાની આજ્ઞા લઇ કુમાર રત્નવતી સાથે સુવર્ણ મણિથી ભરપૂર વહાણ પર ચઢ્યો. રાજ આજ્ઞાથી રુદ્ર નામનો મંત્રી પોતાની ટુકડી સાથે તેઓની સફર નિર્વિઘ્ન થાય તે માટે તેમજ માનસહિત વળાવવા કુમાર સાથે પ્રવહણ પર ચઢ્યો. સમુદ્રમાં વહાણ પૂરવેગે ચાલી રહ્યું છે. ચન્દ્રવદની રત્નવતીનું રૂપ, લાવણ્ય જ્યોત્સનાથી ઝળકી રહ્યું છે, તેને અમાત્ય અનિમેષ નયને નિહાળતો કોઈ ઊંડી ઘટના ઘડતો બેઠો છે, કામાંધ પ્રધાને નિશ્ચય કર્યો કે આ વિદેશીનો કોઇ પણ ઉપાયથી નાશ કરી રત્નવતી સાથે ભોગવિલાસ કરવો. હવે તે કુમારને મારવા માટે અનેક યુક્તિઓ અજમાવવા સાથે તેનાં છિદ્રો જોવા લાગ્યો.

એક દિવસ રાતે કુમાર કાયચિંતા માટે માંચી પર બેઠો હતો. ત્યારે દુષ્ટાત્મા મંત્રીએ માંચીની દોરડી કાપી નાખી જેથી કુમાર સમુદ્રમાં પડી ગયો. પછી પોતે નીચે આવી 'હાય, હાય, કુમાર સમુદ્રમાં પડી ગયો; હવે હું રાજાને શું જવાબ આપીશ? હવે તો મારે કયાંય મુખ બતાવવા જેવું ન રહ્યું.' આમ કપટયુક્ત કરુણ સ્વરથી અભિનય કરવા લાગ્યો. આ સાંભળી વિરહ વ્યાકુળ રત્નવતી વિલાપ કરવા

લાગી : 'હે નાથ ! હે સ્વામી ! આ અબળાને એકલી મૂકી આપ કયાં જતાં રહ્યાં ? મારી તમને જરા યે દયા ન આવી. હાય, હાય. હવે હું શું કરું ? કયાં જાઉં. કોને મારી ફરિયાદ સંભળાવું ? હવે મને જીવવાનું શું પ્રયોજન છે ? આમ રત્નાકરમાં શોકમગ્ના રત્નવતી ભવિતવ્યતાને ઉપાલંભ આપી રહી હતી. રાંકની જેમ રોતી રત્નવતીની આંખથી સરી ગાલ પર અને ગાલથી સરી ખોળામાં પડતાં આંસુથી અને પ્રસ્વેદથી ભીંજાએલું શરીર પણ તે પ્રધાનને અત્યંત સુંદર લાગતું હતું. **કામાંધ પુરુષોને સ્ત્રીઓની દરેક અવસ્થા પ્રિય લાગે છે.**

રુદ્રપ્રધાન રત્નવતી પાસે આવી મૃદુ ભાષામાં બોલ્યો : 'હે દેવી ! તું શોક શા માટે કરે છે ? હું હમેશાં તારો દાસ બનીને રહીશ. તું મને સ્વીકારી તારા જીવનને સફળ કર, કેમકે આ દુનિયામાં મરેલો માણસ જીવતો થઈ શકતો નથી. વળી કુમારની તો લાશ મળવી, અતિ દુર્લભ છે, માટે તું મને પરણી સૌભાગ્યવંતી થા.' તે સાંભળી રત્નવતીએ નક્કી કર્યું કે આ દુરાત્માએ જ મારા પતિને સમુદ્રમાં નાખ્યો છે. અરેરે ! આ દુરાત્મા મારું શિયળ ખંડવા ન કરવાનું કામ કરશે, માટે હવે કાંઈ બહાનું કાઢવું પડશે. એમ વિચારી તે બોલી, હે પ્રધાન ! હમણાં ધીરજ રાખો, કાંઠે જઈ પતિની અંત્ય ક્રિયા કરી તમે જેમ કહેશો તેમ કરીશ. તે સાંભળી ખુશીના આવેશમાં પ્રધાન બોલ્યો, 'હે પ્રિયે ! તું બહુ ડાહી છે, જેમ તું કહીશ તેમ કરીશ. એમ કહી તે અનેક પ્રકારના ચાળા કરવા લાગ્યો. એવામાં એકાએક તોફાન ઊપડ્યું. મોજાંઓએ પ્રચંડ સ્વરૂપ લીધું, ખળભળતો સમુદ્ર જાણે

વહાણને પોતાની છાતીમાં શમાવવા કોશિષ કરતો હતો. એવામાં જાણે ઉદધિના ઘૂઘવાટાથી જ ગભરાયું હોય એમ વહાણ ભાંગી સમુદ્રમાં સંતાઈ ગયું. કહ્યું છે કેઃ—

" વિશ્વાસઘાત કરનારને, કૃતઘ્નોને, મિત્રદ્રોહ કરનારને, પાપીઓને અને વંચકોને સ્વપ્નમાં પણ સુખ નથી મળતું."

પુણ્યયોગે રત્નવતી કાષ્ટના સહારે તણાતી ક્રમશઃ કુસુમપુર નગરે આવી, અને પ્રિયમેલક તીર્થમાં મૌનપણે તપસ્યા કરતી રહેવા લાગી. પ્રધાન પણ પાટિયાંના સહારે કુસુમપુરમાં જ આવ્યો, અને પૂર્વની ઓળખાણને લીધે ત્યાંના રાજાનો પ્રધાન થઈ રહેવા લાગ્યો.

હવે અહીં સિંહલસિંહ જ્યારે સમુદ્રમાં પડ્યો ત્યારે કોઈએ તેને ઉપાડી એક તાપસના આશ્રમમાં મૂક્યો. તાપસે તેના શરીરમાં રાજચિહ્નો જોઈ, ક્ષેમકુશળ પૂછી સાદર રાખ્યો. એક દિવસ તાપસ બોલ્યો, " હે કુમાર ! મને આ મારી પુત્રીની ઘણી ચિંતા છે, માટે આ મારી **રૂપવંતી** કન્યાને પરણી તું મને ચિંતામાંથી મુક્ત કર. તેથી હું નિશ્ચિત થઈ મારું શ્રેય સાધું. કુમારે તે કબૂલ કરી કન્યાનો કર ગ્રહણ કર્યો. તપસ્વીએ કરમોચનમાં પ્રતિદિન સો ટાંક સોનું આપે તેવી રજાઇ અને ગગનગામિની ખાટલી કુમારને આપ્યાં.

ત્યારબાદ કુમાર પત્નીસહિત કુલપતિને નમસ્કાર કરી ખાટલી પર બેઠો. અને બોલ્યો, ' હે ઊડનખાટલી ! જ્યાં ધનવંતી હોય ત્યાં ચાલ, તત્કાળ ખાટલી આકાશમાં ઊડી કુસુમપુરના ઉદ્યાનમાં આવી. ત્યારે તૃષાતુર થયેલી રૂપવંતી બોલી, ' હે નાથ ! મને બહુ તૃષા લાગી છે. ' એટલે કુમાર

તેને ખાટલી અને રજાઈ સોંપી કૂવે પાણી લેવા ગયો, તે પાણી ખેંચવા દોરી નાખે છે ત્યાં અંદરથી કોઈ બોલ્યું. 'હે પરદુઃખભંજન તું મને બહાર કાઢ.' કુમારે કૂવામાં માનુષ ભાષામાં બોલતાં કોઈ સર્પને જોઈ પોતાનું ઉત્તરીય તેમાં નાખી તેના વડે તેને બહાર કાઢ્યો. નીકળતાં જ સર્પ કુમારને ડસ્યો; તેથી કુમાર કુબ્જાવસ્થાને પામ્યો. કુમાર બોલ્યો, 'હે નાગરાજ! તેં પ્રત્યુપ્રકાર તો સુંદર કર્યો, પણ તને આ શું સૂઝયું, તે તો કહે.' તે બોલ્યો, 'હે કુમાર! મેં જે કર્યું છે તે બરાબર છે.' એમ કહી તે અદૃશ્ય થઇ ગયો. અરે, આ કેવો ગજબ! વિસ્મૃત કુમાર પાણી લઈ પત્ની પાસે આવી બોલ્યો; હે સુંદરી! લે આ શીતળ જળનું પાન કર. કુબ્જ પુરુષને જોઈ તેણે નિશ્ચય કર્યો કે આ મારો ભર્તા નથી; પણ કોઇ પર પુરુષ છે એમ વિચારી તેના સામું ન જોતાં તે પતિની તપાસમાં ચાલી નીકળી. કુમારે પણ વિચાર્યું કે અત્યારે બોલવામાં કાંઇ મઝા નથી, તે પણ પ્રારબ્ધના ભરોસે નગરમાં ચાલી નીકળ્યો. રૂપવતીએ સિંહલસિંહની બહુ તપાસ કરી પણ, જ્યારે તે કયાંય ન મળ્યો ત્યારે તે પણ પ્રિય પતિની યાદમાં દુઃખ અનુભવતી તે જ તીર્થે આવી પહોંચી કે જ્યાં ધનવતી અને રત્નવતી મૌન રહી તપસ્યા કરતી હતી, રૂપવતી પણ મૌન લઇ તીવ્ર તપસ્યા કરવા લાગી. આ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ.

એક દિવસ રાજાએ પણ સાંભળ્યું કે કોઈ ત્રણ સ્ત્રીઓએ **પ્રિયમેલક** તીર્થમાં આવી મૌનપૂર્વક ઘોર તપ આદર્યું છે, ઘણાં માણસોએ તેમ કરવાનું કારણ પૂછ્યું, પણ

ત્રણમાંથી એકે કાંઈ બોલતી નથી, તે સાંભળી આશ્ચર્ય પામેલો રાજા ત્યાં આવ્યો, અને વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવા લાગ્યો. પરંતુ સાંભળે કોણ? પ્રતિમા જેમ સ્થિર અને મૌન-યુક્ત તે ત્રણે સ્ત્રીઓને જોઇ ગભરાયેલા રાજાએ પડહ વગડાવ્યો કે જે પુરુષ આ ત્રણે સ્ત્રીઓનું મોનભંગ કરી તેઓને બોલાવશે તેને રાજપુત્રી કુસુમમતી જોડે પરણાવવામાં આવશે.

અહીં કુમારે પોતાની ત્રણે પત્નીઓને જોઈ; પણ હું કુબ્જ છું, મારા પર કોઈ ભરોસો નહીં કરે, વળી તેમને હું બોલાવીશ તો ચહેરો જોવા જેવો થઈ જશે. નગર મૂકી પોબાર થઈ જવું પડશે. એમ વિચારી તે પ્રારબ્ધને આધારે તે નગરમાં જ સમય ગુજારવા લાગ્યો. ભૂપતિની ઉદ્‌ઘોષણા સાંભળી પડહનો સ્પર્શ કરી તે એક અક્ષર વગરની (કોરી) પત્રાકાર પુસ્તક કિંમતી વસ્ત્રમાં લપેટી રાજદ્વારે આવી બોલ્યોઃ 'હે રાજન્! જે માણસ બે પુરુષથી ઉત્પન્ન થયો હશે તે જ મારા પુસ્તકના અક્ષર વાંચવા સમર્થ નહીં થાય, બાકીનાને આ અક્ષર દેખાશે.' તે જોઈ બધા બોલવા લાગ્યા. અહો! આમાં તો બહુ સારા અક્ષર દેખાય છે, રાજા પણ બોલ્યો કે આ અક્ષર બહુ સુંદર છે, કારણ કે "**જાણી જોઇને કોણ બે બાપનો થાય?**"

પછી તે કુબ્જ યક્ષ મંદીરમાં આવી. બહુ ઠાઠ સાથે વાંચવા લાગ્યો કે "સિંહલદ્વીપનો યુવરાજ સિંહલસિંહ કુમાર પોતાની પત્ની ધનવતી સાથે પ્રવહણ પર ચઢી, સમુદ્ર-માર્ગે સફર કરવા લાગ્યો. પરંતુ તે પ્રવહણ સમુદ્રની મધ્યમાં

જ ભાંગી ગયું તેથી તેઓ સમુદ્રમાં પડી ગયાં, બસ હવે આગળનું વૃત્તાંત કાલે કહીશ એમ કહી તે ચૂપ થઈ ગયો.

તે સાંભળતાં જ ધનવતી બોલી : 'હે કુબ્જ ! આગળ શું થયું તે કૃપા કરી જણાવો.' ત્યારે સાશ્ચર્ય નૃપાદિ બોલ્યા, 'હે ભદ્ર ! તું આનો મનોરથ પૂર્ણ કર.' તે બોલ્યો, 'હે રાજન્ ! પછી તે સિંહલકુમાર કાષ્ટના સહારે સમુદ્ર પાર કરી રત્નપુર નગરમાં આવ્યો. ત્યાં તેણે રત્નવતી સાથે લગ્ન કર્યું કેટલાક દિવસો પછી તે ફરી રત્નવતી સાથે પ્રવહણ પર ચઢયો. ભરદરિયે રુદ્રનામક અમાત્યે માંચીની દોરડી કાપી નાખી તેથી તે સમુદ્રમાં પડી ગયો.' એમ કહી તે ફરી પોતાનાં પોથી પાનાં લપેટવા લાગ્યો.

આ જોઈ રત્નવતી બોલી, 'હે સત્પુરુષ ! આગળ શું થયું તે કૃપા કરી કહો.' ભૂપ આદિના અત્યંત આગ્રહને લઈને કુબ્જ બોલ્યો કે, 'સમુદ્રમાં પડેલા કુમારને કોઈ એ ઉપાડી એક તાપસાશ્રમમાં મૂકયો. ત્યાં તેણે તાપસકન્યા રૂપવતી જોડે લગ્ન કર્યા, પછી તાપસ પાસેથી ખાટલી અને કંથા લઈ તે રૂપવતી સાથે અહીં આવ્યો. પછી તે રૂપવતીની યાચનાથી એક કૂવામાં પાણી લેવા ગયો, ત્યાં તેને એક સર્પ કરડ્યો....એટલું કહી જ્યાં તે ચૂપ રહ્યો ત્યાં તો રૂપવતી બોલી : 'હે કુબ્જ ! મુજ પર મહેર કરી આગળ શું થયું તે જણાવો.'

પરંતુ કુબ્જે કાંઈ પણ સાંભળ્યા વગર પોથી લપેટી, પછી રાજા પ્રત્યે બોલ્યો : 'હે રાજન્ ! મેં મારું કામ પૂર્ણ

કર્યું. હવે આપ આપનું વચન પૂર્ણ કરો.' તે સાંભળી સત્યવાન્ રાજાએ તે કુબ્જને પોતાની પુત્રી સોંપી. કુબ્જ અને રાજકન્યાનો લગ્નમહોત્સવ કાગડાની કંઠે રત્નમાળ જેમ અયુક્ત જાણી, રાજાના બાંધવ વર્ગમાંથી કોઇપણ ન આવ્યું. વિવાહના મંગળ ગીતો પણ તે ત્રણે સ્ત્રીઓએ જ ગાયાં; કરિયાવર વખતે કુબ્જે પોતાના સાળા પાસે કોઇ વસ્તુની યાચના કરી. ત્યારે ક્રોધિત થયેલા તેના સાળાએ ફૂંફાડા મારતો સર્પ આપ્યો. તરત જ સર્પ કુબ્જને કરડ્યો. અને તે સાથે જ કુબ્જ ધરણી પર ઢગલાની જેમ ઢળી પડ્યો.

કુબ્જની આવી અવસ્થા જોઈ ત્રણે સ્ત્રીઓ વિચારવા લાગી; "જો આ પુરુષ મૃત્યુ પામશે તો અમારા પ્રિયતમની ખબર કોણ આપશે ? આના સિવાય અમારા પતિને મેળવી આપનાર બીજું કોઈ નથી, કેમકે તે વિષયમાં કોઈ કાંઈ જાણતું જ નથી.'

કુબ્જને પ્રાણરહિત જોઈ ત્રણે સ્ત્રીઓ જ્યાં પોતાની છાતીમાં કટારી ભોંકી મરવા જાય છે ત્યાં જ તે કુબ્જ દિવ્ય સ્વરૂપવાળો થઇ ઊભો થયો. એ જોઈ તેની ત્રણે પત્નીઓ આવીને તેની આજુબાજુ ઊભી રહી. એટલામાં જ કોઈ દેવ પ્રકટ થઈ બધાંની સામે કહેવા લાગ્યો; 'હે ભાગ્યવાનો ! સાંભળો,:—હું આ કુમારનો પૂર્વભવ કહું છું:'

ધનપુર નગરમાં **ધનંજય** નામનો શ્રેષ્ઠી વસતો હતો. તેને **ધનવતી** નામે ભાર્યા હતી. તેને **ધનદેવ** અને **ધનમિત્ર** નામના બે પુત્રો હતા. તેમાંથી જ્યેષ્ટ પુત્ર ધનદેવે એક વખત

ગ્રીષ્મકાળમાં સાકરવાળું પ્રાસૂક જળ મુનિરાજને વહોરાવ્યું, તે પુણ્યના પ્રભાવમાંથી તે ધનદેવનો જીવ, તે હું, દેવ થયો છું, લઘુ બંધુ ધનમિત્રે પણ ઈક્ષુરસ મુનિને વહોરાવ્યો હતો તેના પ્રભાવથી મૃત્યુ પામી તું સિંહલકુમાર થયો. મુનિદાનના પ્રભાવથી તેં ચાર સ્ત્રીઓ સાથે ઘણી સંપત્તિ પ્રાપ્ત કરી છે, પરંતુ તેં ખંડિત ભાવે વહોરાવેલું તેથી તને વિરહ થયેલો; તું મહાસમુદ્રમાં પડ્યો ત્યારે મેં તને તાપસાશ્રમમાં પહોંચાડ્યો હતો. અને સર્પ રૂપે કરડી મેં જ તને કુબ્જ બનાવ્યો હતો. એમ કહી દેવ આકાશ માર્ગે જતો રહ્યો. તે સાંભળી કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું.

પછી પ્રમુદિત થયેલા રાજાએ મહોત્સવ પૂર્વક પોતાની પુત્રીનું કુમાર સાથે લગ્ન કર્યું, અને ક્રોધિત થઈને મંત્રીને દેશવટો આપ્યો. કેટલાક દિવસ આનંદમાં વ્યતીત કરી કુમાર રાજાની અનુજ્ઞા લઈ પોતાની ચારે પત્નીઓ સાથે ગગનગામિની ખાટલી પર બેઠો. તેને વિદાય આપવા રાજાદિ સાથે સૌ નગરનિવાસીઓ હર્ષભીની આંખે ભેગાં થયા હતાં. પછી સર્વેની સામે તે ખાટલી આકાશમાં ઊંચે ઊડી એ વખતે રંગબેરંગી વસ્ત્રાભૂષણોથી વિભૂષિત થયેલી ચારે કન્યા અપ્સરા જેવી દેખાતી હતી, વિમાન જેવી ખાટલી પર બેસી રાજકુંવર અનુક્રમે સિંહલદ્વીપે આવી પહોંચ્યો. ત્યાં કુમારના આગમનથી તેના માતપિતાને અત્યંત આનંદ થયો. ત્યારબાદ સિંહલેશ્વર રાજાએ મહોત્સવપૂર્વક સિંહલસિંહનો રાજ્યાભિષેક કર્યો.

હવે સિંહલસિંહ ભૂપાળ બળ, બુદ્ધિ અને ચાતુર્યથી રાજ્ય કરતો ગોદડીના પ્રભાવે પ્રજાનાં દારિદ્રયને ચૂરતો અને

અવિચ્છિન પ્રભાવ શાલિ જિનધર્મ આરાધતો સુખે રહેવા લાગ્યો, અંતકાળે સંલેખના પૂર્વક મૃત્યુ પામી છઠ્ઠા દેવલોકમાં દેવ થયો. માટે મુનિદાનનો અપૂર્વ મહિમા જાણી, હે ભવ્યજીવો ! દાન-ધર્મમાં રુચિ ધારણ કરો.

॥ ઈતિ ધનદેવ તથા ધનમિત્ર કથા સમાપ્ત ॥

પ્રભુ મુખેથી સિંહલસિંહની કથા સાંભળી, ચુલ્લગશતક આણંદની જેમ દ્વાદશ વ્રત સ્વીકારી પ્રભુને વાંદી સ્વસ્થાને આવ્યો. ઉત્તમ પ્રકારે જિનધર્મારાધન કરતાં તેને ચૌદ વર્ષ વીતી ગયાં; પંદરમા વર્ષે તે પોતાનો બધો ભાર જ્યેષ્ટ પુત્રને સોંપી પોતે એકાદશ પડિમા આરાધવા લાગ્યો.

એક રાતે તે શ્રાવક ધર્મધ્યાનમાં મગ્ન હતો તેવામાં કોઇ દેવ ઉઘાડી તલવાર ચમકાવતો બોલ્યો; 'હે શ્રાવક ! મૂક આ ધર્તિંગને અને થઇ જા ઘર ભેગો. તું શા માટે હેરાન થાય છે ?' પણ ચુલ્લગશતક મૌન રહ્યો.

તે દેવ બોલ્યો : 'કેમ સાંભળતો નથી ? જો તું વ્રત નહિ ખંડિત કરે તો તારા મોટા પુત્રને મારી તેના શોણિ-તથી તને નવરાવીશ. અને તેના માંસના કટકા કરી તેલની કડાઈમાં તળીશ. તે જોઈ તું મહાશોક સાગરમાં મગ્ન થઇ દુર્ધ્યાને મરી દુર્ગતિને પામીશ.' તે સાંભળીને પણ જ્યારે તે નિજ ધ્યાનથી ન ડગ્યો ત્યારે દેવે તેના મોટા પુત્રને ત્યાં લાવી ચુલ્લગશતકની સામે તલવારના એક ઝાટકે તેના બે કટકા કરી નાખ્યા અને તેના લોહીથી ચુલ્લગ શ્રાવકને ભીંજાવી

મૂકયેા. તે જોઈ ચુલ્લગશતક ધર્મધ્યાનમાં અધિક તલ્લીન થયેા, ત્યારે સાધિક ક્રોધ પામેલા દેવે તેના બીજા ત્રણ પુત્રને પણ સમારી નાખ્યાં. તેઓના રુધિર માંસથી ચુલ્લગશતકનું શરીર ખરડી મૂકયું. તેા પણ તે ધર્મમાંથી ચલાયમાન ન થયેા, તે જોઇ ક્રોધથી લાલચોળ ચક્ષુવાળેા દેવ બોલ્યેા; 'હે મીંઢ ચુલ્લગશતક ! હજી પણ મારું કહેવું નહિ કરે તેા તારું અઢાર ક્રોડ પરિમિત દ્રવ્ય આ નગરમાં શેરીઓ શેરીએ ઉડાડી મૂકીશ. તે સાંભળી ચુલ્લગશતકે વિચાર્યું. નિશ્ચય આ કોઈ દુષ્ટ જણાય છે, એણે મારા ચાર પુત્રોને મારી નાખ્યા. હવે તે મારા ધનનેા પણ નાશ કરશે. એમ વિચારી જ્યાં તે એને શિક્ષા કરવા ઊઠયેા તેટલામાં દેવ વીજળીની વેગે આકાશમાં ઊડી ગયેા. તે જોઇ ચુલ્લગશતકે બહાર આવી શેારબકેાર કર્યો, તે સાંભળી તેને બહૂલા નામની ભાર્યાએ પૂછયું, 'હે સ્વામિન્! તમે શા માટે શેાર કર્યો?' ત્યારે તે બોલ્યેા, 'હે ભદ્રે ! કોઇ દુષ્ટ દેવે આપણા ચાર પુત્રોને મારી નાખ્યા.' તે સાંભળી તે બોલી; 'હે સ્વામી ! તે દેવે તમને ઉપસર્ગ કર્યો છે, આપણા પુત્રો તેા સુખે સૂતા છે.' તે સાંભળી પ્રસન્ન થયેલેા શ્રાવક સવારે ગુરુ પાસે આલેાચના લઈ વિધિપૂર્વક શ્રાદ્ધ ધર્મ આરાધવા લાગ્યેા.

પ્રાંતે માસક્ષમણપૂર્વક કાળ કરી સૌધર્મ કલ્પના અરુણાભ વિમાનમાં ચાર પલ્યેાપમના આયુષ્યવાળેા દેવ થયેા.

તે સાંભળી ગૌતમસ્વામીએ પૂછયું: 'હે ભગવન્ ! તે શ્રાવક ત્યાંથી ચ્યવી કયાં જન્મ લેશે?' પ્રભુ બોલ્યા, તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી સંયમ લઈ મુક્તિ પામશે.

આવી રીતે ચુલ્લગશતક શ્રાવકનું ચરિત્ર શ્રી સુધર્મા-સ્વામીએ શ્રી જમ્બૂસ્વામીને કહ્યું.

ઈતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના
શિષ્ય રાજકીર્તિ ગણીની રચેલી
ગદ્ય બંધ વર્ધમાન દેશનાનો
ચુલ્લગશતક પ્રતિબોધ
નામક પંચમ ઉલ્લાસ
સમાપ્ત



ઉલ્લાસ છઠ્ઠો



કુંડકોલિક ચરિત્ર

હવે શ્રી સુધર્માસ્વામી શ્રી જમ્બૂસ્વામીને **કુંડકોલિક** શ્રાવકનું ચરિત્ર કહે છેઃ—

આ ભરતક્ષેત્રમાં પૃથ્વીના તિલક સમાન ચતુર્વર્ગની લક્ષ્મીથી યુક્ત નાગરિકોથી શોભાયમાન **કાંપિલ્યપુર** નામનું નગર છે તેમાં આમ્ર આદિ વૃક્ષોથી યુક્ત નંદનવન સમાન **શિલાવર્તન** નામનું એક ઉદ્યાન છે. ત્યાં પરાક્રમથી દિશાઓ જીતનાર, પૃથ્વી પર ઇન્દ્ર સમાન અને ક્ષત્રિય શિરોમણિ એવો **જિતશત્રુ** રાજા રાજ્ય કરતો હતો. વળી તે નગરમાં મહા સમૃદ્ધિશાળી **કુંડકોલિક** નામનો એક ગાથાપતિ પોતાની વલ્લભા **પૂષા** સાથે વસતો હતો. તેનું છ છ ક્રોડ સુવર્ણ દ્રવ્ય વ્યાજ, વ્યાપાર અને પૃથ્વીમાં રોકાયેલું હતું, અને છ ગોકુલ તેને ત્યાં હતાં.

એક દિવસ ગૌતમાદિ અગિયાર ગણધરો સહિત સુરાસુરથી સેવાતા શ્રી **વર્ધમાનસ્વામી** શિલાવર્તન ઉદ્યાનમાં સમોસર્યા. પ્રભુને સમવસરેલા જાણી, હર્ષ રોમાંચને ધારણ કરી કુંડકોલિક મોટી સમૃદ્ધિ સાથે પ્રભુને વાંદવા ઊપડ્યો.

પ્રભુને પ્રદક્ષિણાપૂર્વક વાંદી તે યથોચિત સ્થાને બેઠો. પછી પ્રભુ ભવ્યજીવોને સંબોધી બોલ્યા : હે ભવ્યલોકો ! ઘાસના અગ્રભાગ પર રહેલા જલબિન્દુ જેવું મનુષ્યજીવન ચંચલ છે, લક્ષ્મી સમુદ્રતરંગ જેવી ચપળ છે, અને સ્ત્રી પુત્રાદિનો સ્નેહ સ્વપ્ન સમાન છે.

સંસારના સ્વરૂપને આવું વિચિત્ર જાણી. તમે ધર્મમાં ઉદ્યમવંત બનો. ચારે પ્રકારના ધર્મમાં શિયળધર્મ પ્રધાન છે. સાધુ તેને સર્વથી બ્રહ્મચર્ય વ્રત પાળી આરાધે છે. અને શ્રાવકો પરસ્ત્રીનો ત્યાગ કરી પાળે છે. જે જે જીવ પરદારાનો ત્યાગ કરે છે તે બન્ને લોકમાં કલધ્વજની જેમ સુખી થાય છે. તેની કથા આ પ્રમાણે છે :—

કુલધ્વજની કથા:—

આ દક્ષિણ ભરતખંડમાં વસુધારૂપી વનિતાના કર્ણકુંડળ સમાન તેમજ મુક્તાફળની માળા જેવા આકારવાળા કિલ્લાના ઘેરાવાથી શોભતી '**અયોધ્યા**' નામની નગરી છે, ત્યાં **ધારિણી** નામની રાણી સાથે **શંખ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેમને **કુલધ્વજ** નામનો એક પુત્ર હતો, તે ઉત્તમ ગુણોથી યુક્ત હોવાને લીધે કુલરૂપ મંદિર પર ધ્વજા જેમ શોભતો હતો.

એક દિવસ ફરતો ફરતો તે વનખંડમાં આવી પહોંચ્યો. ત્યાં તેણે એક વિશાળ વડવૃક્ષ નીચે ઘણા સાધુઓથી પરિવરેલા **માનતુંગ** નામના આચાર્યને જોયા. તેમને જોઈ ખુશ થયેલો કુમાર તેમની પાસે આવ્યો. પછી પ્રણામ કરી ઉચિત સ્થાને બેઠો, ગુરુએ પણ તેને યોગ્ય જાણી ઉપદેશ આપ્યો.

ગુરુ બોલ્યા; 'હે કુમાર ! સંસાર સમુદ્રને તરવા માટે

પ્રવહણ સમાન, નરક અને તિર્યંચ ગતિના દુઃખોને છેદવામાં તલવાર સમાન અને સર્વ કલ્યાણોના મંદિર રૂપ શિયળને પોતાનું કલ્યાણ ઇચ્છનાર પુરુષે અવશ્ય આદરવું જોઈએ.' તે સાંભળી કુમાર બોલ્યો; 'હે ભગવન્! મારાથી સર્વ પ્રકારે શિયળ પળાય તેમ નથી. તેથી પરસ્ત્રીના ત્યાગરૂપ વ્રત ઉચ્ચરાવો.' એ પ્રકારે સ્વદારા સંતોષરૂપ ચતુર્થવ્રતને સ્વીકારી ગુરુને નમસ્કાર કરી તે ઘર ભણી ચાલ્યો, માર્ગમાં કલહ કરતી કોઇ બે સ્ત્રીઓને તેણે જોઈ, ત્યારે કુમારે તેમને તેમ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમાંથી એક સ્ત્રીએ જવાબ આપ્યો, કે 'હું લુહારની સ્ત્રી **સૌભાગ્યકંદલી** નામે છું. હું કૂવેથી ઘડો ભરી ઘડાના ભારથી પિડાતી ઘેર જતી હતી તેવામાં આ રથકારની ભાર્યા **કનકમંજરી** ખાલી ઘડો લઈ સામી આવતી હતી, તેણે મને માર્ગ ન આપ્યો. એ ઝગડાનું કારણ જાણવું. વળી ઝગડાનું બીજું કારણ પણ સાંભળો :—

'આ પૃથ્વીના પટાંબર પર જેટલું વિજ્ઞાન છે, તે બધું મારા સ્વામીમાં સમાયેલ છે. દુનિયામાં એવો વિજ્ઞાની મારા પતિ સિવાય કોઈ કયાંય દેખાતો નથી.' તે સાંભળી કૌતુકથી કુમારે પૂછ્યું, "હે ભદ્રે! તારા સ્વામીમાં એવું તે શું વિજ્ઞાન છે તે કહે." તે બોલી, 'હે સ્વામીન્! સાંભળોઃ—

'**વંદદેવ** નામનો લુહાર મારો ભરથાર છે. તે લોખંડમય મત્સ્ય બનાવે છે. તે મીન આકાશમાં ઊડી સમુદ્રમાં પ્રવેશ કરે છે. ત્યાંથી ઉત્તમ જાતનાં મુક્તાફળો ગ્રહણ કરી સ્વસ્થાને આવે છે. હવે રથકારની સ્ત્રી મુખ મરડી નાક

ચડાવી, હાથ પર હાથની તાળી દેતી હસતી હસતી બોલી, "હે કુમારેન્દ્ર! બહુ આવું વિજ્ઞાન! આવાથી શું વળે? હું તો વિજ્ઞાન તેને જ માનું કે જે મારા સ્વામીમાં છે." કુમાર બોલ્યો, 'હે સુલોચને! તારા સ્વામીમાં શું વિજ્ઞાન છે?' તે બોલી, 'આ નગરમાં **કંદર્પ** નામનો રથકાર મારો ભર્તા છે. તે કાષ્ઠનો ઘોડો એવો બનાવે છે કે તેના ઉપર ચડેલો મનુષ્ય છ માસ સુધી ગગનમાં પરિભ્રમણ કરે છે.' તે બન્નેના વચનો સાંભળી આશ્ચર્ય પામેલો કુમાર પોતાના પિતા પાસે આવ્યો અને સર્વ વૃત્તાંત પિતાને જાહેર કર્યું. તે સાંભળી રાજાએ લુહાર તથા રથકાર (સુતાર) ને બોલાવવા સેવકો મોકલ્યા. થોડીવારમાં બન્ને 'મહારાજા, વિજય પામો! વિજય પામો!!' એવી ઉદ્‌ઘોષણા કરતા, પ્રણામ કરી ઊભા રહ્યા.

પછી તે બોલ્યા, 'હે પ્રજાપતિ! આ સેવકોને યોગ્ય હુકમ ફરમાવો.' રાજાએ લુહારને લોખંડ આપી મત્સ્ય બનાવવાનો આદેશ કર્યો. તે સાંભળી, લુહારે વિદ્યાબળથી મીન બનાવ્યું તેની પીઠ પર એક નાનો ઓરડો બનાવ્યો, તેમાં બે લોખંડી ચાવી ગોઠવી પછી તે રાજા સાથે મીન પર આરૂઢ થઈ વિશાળ વ્યોમ પ્રદેશ પર પક્ષીની માફક વિચરવા લાગ્યો. એ પ્રમાણે રાજા વિદ્યાધરની જેમ આકાશમાંથી. ગ્રામ, બીણો, નગર, પર્વતો, સરિતાઓ અને ગગનચુંબી મહેલાતો જોતો અનુક્રમે સમુદ્ર પાસે આવ્યો, ત્યારે તેઓ બારણાં બંધ કરી ઓરડામાં ભરાઈ ગયાં. મત્સ્ય ત્વરાથી રત્નાકરના તળિયે ગયું, અને ત્યાં જઈને મૌક્તિકો ગળી ઝડપભેર પાછું વળી તે નગરમાં આવ્યું. રાજા સાથે

લુહાર તેમાંથી ઊતર્યો. લુહારે લોખંડી ચાવીઓને ફેરવી ત્યારે મોક્તિકોનો ઢગલો થયો.' અતિ આશ્ચર્ય પામેલો ભૂપાળ બોલ્યો, 'હે વંદદેવ! આ મત્સ્ય ગમનાગમન શી રીતે કરે છે?' તે બોલ્યો, "હે રાજન્! મેં પૂર્વે સિદ્ધાયિકા દેવીનું આરાધન કર્યું હતું. તેથી તેણે પ્રસન્ન થઈ. મને ગત્યાગતિ માટે આ બે લોખંડની ચાવીઓ આપી છે. તેના પ્રભાવથી હું આકાશમાં જાઉં છું. કેમકે દેવતાઓની શક્તિ અદ્‌ભૂત અને આશ્ચર્યકારી હોય છે." એટલામાં રથકાર કંદર્પ કાષ્ઠનો અશ્વ લઈ ત્યાં આવ્યો.

આ બન્નેના આલાપો સાંભળી તે બોલ્યો, "હે નરેશ! આમાં શું આશ્ચર્ય છે? આશ્ચર્ય તો મારી પાસે છે તેને તમે આ ઘોડા પર બેસી અથવા કુલધ્વજ કુમારને આરૂઢ કરી અનુભવો." તે સાંભળી કુમાર બોલ્યો, 'હે તાત! અગર આપની આજ્ઞા હોય તો હું પૃથ્વીના પટાંબર પર ચરિભ્રમણ કરી કુદરતની લીલાને નિહાળું.'

રાજા બોલ્યો, "હે પુત્ર! મેં જળચર અને બેચરની માફક સફર કરી, હવે તું આ સ્થળચર અશ્વ પર આરૂઢ થઈ, અવનિતલ પર સુખે સફર કર." તે સાંભળી રથકારે કુમારને ગમનાગમન માટે બે ચાવીઓ આપી. કુમારે તે લઈ યથાસ્થાને મૂકી. અને રાજાને નમસ્કાર કરી અશ્વ પર સવાર થયો. સર્વ લોકોના જોતાં તે ઘોડો ગગનમાં ઊછળ્યો અને જોતજોતામાં વાદળની ઘેરી ઘટામાં સંતાઇ ગયો. તે અશ્વ ફરતો ફરતો એક નગર સમીપ ઉદ્યાનમાં ઊતર્યો.

કુલધ્વજ કુમારે તેની બન્ને ચાવીઓ કાઢી, અશ્વના અંગોપાંગ છૂટાં કરી તેનો ભારો બાંધ્યો અને માથાં નીચે મૂકી તે વૃક્ષની શીતળ છાયામાં સૂતો, બપોરનો વખત હતો. નભમાં સૂર્ય અંગારા વરસાવતો આગળ ધપતો હતો. છતાં જે વૃક્ષની છાયામાં કુમાર રહ્યો હતો તેની છાયા જરાય ખસી નહતી. એ વખતે ત્યાંનો માળી વૃક્ષ પાસે આવ્યો. વૃક્ષની છાયા સ્થિર જોઈ વિસ્મિત થયેલા માળીએ નિશ્ચય કર્યો કે આ પ્રભાવ આ સૂતેલા પુરુષનો જ જણાય છે. એમ વિચારી તેણે કુમારના ચરણનો સ્પર્શ કર્યો. કુમારને જાગેલો જોઈ માળી બોલ્યો, 'હે સત્પુરુષ! તમે આજે મારા મહેમાન થઇ મને કૃતાર્થ કરો.' કુમારે તે કબૂલ કર્યું.

કુમારને લઇ તે પોતાને ઘરે આવ્યો. કુમારે પણ કાષ્ઠનો ભારો સાચવીને તેના ઘરના એક ખૂણામાં મૂકયો. પછી માળીએ સુંદર ભોજન બનાવી કુમારની ઉત્તમ પ્રકાર ભક્તિ કરી. સંધ્યા સમયે શહેરની શોભા જોવા કુમાર નગર મધ્યમાં આવ્યો. ત્યાં તેણે સર્વાંગ સુવર્ણની પૂતળીઓથી વિભૂષિત એક જિનાલય જોયું, તેની અંદર જઈ તે સુવર્ણ મણિમય મુનિસુવ્રતનાથની પ્રતિમાને નમસ્કાર કરી અત્યંત ભક્તિથી સ્તુતિ કરવા લાગ્યો. તેવામાં એક સ્ત્રીએ ત્યાં આવી મંદિરમાં રહેલા મનુષ્યોને બહાર જવા આજ્ઞા કરી. કુમાર વિચારવા લાગ્યો, આ કોણ છે અને પુરુષોને શા માટે બહાર કાઢે છે? એમ વિચારી તે મંદિરમાં ગુપ્ત રીતે સંતાઈ ગયો. એટલામાં દિવ્યરૂપધારી મૃગાક્ષી, હંસી જેવી ચાલે ચાલતી સખીઓથી વીંટળાયેલી કોઈ રાજકન્યા આવી. જિનપૂજા કરી સખીઓ સાથે નાટા-

રંભ કરી પોતાના ઘર તરફ જતી રહી. ત્યારબાદ ગુપ્ત રીતે બહાર નીકળીને કુમાર કોઈ પુરુષને પૂછવા લાગ્યો. 'હે ભદ્ર! અહીં આવેલી તે સુલોચના કોણ હતી?' તે બોલ્યો, 'હે સત્પુરુષ! સાંભળ આ **રત્નપુર** નામનું નગર છે. અહીં મુનિ-સુવ્રતસ્વામીનો પરમ ભક્ત **વિજય** નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજાએ સુવર્ણમણિ રત્ન ઈત્યાદિથી વિભૂષિત આ જિનાલયને બંધાવ્યું છે. તેની **જયમાલા** નામની રાણીના ઉદરથી ઉત્પન્ન થયેલી **સુંદરી** નામની તે કન્યા હતી. આ પ્રમદાને વિવાહ યોગ્ય જાણી રાજા નિરંતર ચિંતામાં રહેવા લાગ્યો. તે જોઈ કન્યાએ સખીઓ સામે પ્રતિજ્ઞા કરી કે 'જે પુરુષ ભૂચર અને ખેચર હશે તે જ મારા આ અણમોલ શરીરનો માલિક થશે, અન્યથા અગ્નિ જ મારું શરણ છે. સુંદરીની આવી પ્રતિજ્ઞા' સાંભળી, મનમાં મલકાતો કુમાર માળીના ઘરે આવ્યો. અર્ધ રાત્રિએ ઘોડો તૈયાર કરી, ચાવી-ઓના પ્રયોગથી તે બારી માર્ગે સુંદરીના ભવનમાં પહોંચી ગયો. મનહર પલંગ પર સુંદર સુકોમળ શય્યામાં સુંદરીને સૂતેલી સમજી તે તેના સૌંદર્યનું શાંતપણે આસ્વાદન કરતો સુંદર શયનનું સેવવા લાગ્યો. થોડીવાર પછી પલંગની ચારે બાજુ અર્ધચાવેલા પાનની પિચકારીઓ ફેંકી, તે એ જ માર્ગે પાછો ફરી માળીના ઘેર આવી સૂઈ ગયો.

પ્રાતઃકાલમાં જાગેલી રાજકુંવરી ચોતરફ પાનની પિચ-કારી જોઈ વિચારવા લાગી, નિશ્ચય કોઈ દેવ અથવા વિદ્યાધર રાતે અહીં આવેલો જણાય છે. આખો દિવસ બેચેનીમાં પસાર કરી, રાત્રે તે કપટ નિદ્રાથી સૂઈ ગઈ. અર્ધરાત્રીનો

લગભગ સુમાર થયો હશે તેવામાં કુલધ્વજકુમાર પૂર્વની પેઠે ત્યાં આવી પાન થૂંકી પાછો વળ્યો. એવામાં ચપળતાથી કુંવરીએ તેના વસ્ત્રનો છેડો પકડ્યો, પછી પૂછવા લાગી કે, 'હે સત્પુરુષ! ચારે તરફની ચોકીને ચુકાવી ચોરની જેમ ચૂપકીથી કઈ ચતુરાઈ વડે તમે અહીં આવ્યા?'

કુમાર બોલ્યો: 'હે મૃગલોચને! હું આ કાષ્ઠઅશ્વના પ્રયોગથી ભૂચર છતાં ખેચર થયો છું. તે સાંભળી કુંવરી બોલી. 'આજ મારા મનના મનોરથ ફળ્યાં.' એમ કહી તેણે પોતાનું સર્વ વૃત્તાંત નિવેદિત કર્યું. પછી પ્રદીપની સાક્ષીએ કુંવરી પોતાનું સર્વસ્વ કુલધ્વજ કુમારને સોંપી કુમારિકામાંથી સૌભાગ્યવતી નાર બની. હવે રોજ મધ્યરાતે કુમાર અશ્વના સહારે પોતાની નવોઢાને ભેટતો–વિષયસુખો ભોગવી પ્રાતઃકાલ પહેલાં પલાયન થઈ જતો. ક્રમે કરી કન્યાના પયોધરાદિ અંગોપાંગની વૃદ્ધિને જાણી ભયભીત થયેલી દાસીઓએ વિચાર્યું; 'અહો! અકાલે પણ આના અંગોપાંગ વૃદ્ધિ શી રીતે પામ્યાં? એમ વિચારી દાસીઓએ તે વૃત્તાંત જયમાળા રાણીને જણાવ્યું. રાણીએ પણ પુત્રીના અંગને પ્રત્યક્ષ જોઈ બીકના માર્યા રાજાને કહ્યું. તે સાંભળી અંગારા વરસાવતી આંખે ક્રોધ પામેલો રાજા બોલ્યો; 'હે દેવી! જે દુર્જન પુરુષે મારા ઘરમાં આવી આવું ખરાબ આચરણ કર્યું છે. તેને હું નિશ્ચય યમરાજાનો અતિથી બનાવીશ.' એમ કહી ક્રોધાતુર ભીષણ ભ્રૂકુટિયુક્ત કપાળવાળો રાજા રાજસભામાં આવી બેઠો, સભામાં બેઠેલી **વાગુરા** નામની નગરનાયિકાએ રાજાને ક્રોધાતુર જોઈ તેનું કારણ પૂછ્યું, ત્યારે રાજાએ ગુપ્ત

રીતે પોતાની કન્યાની કલંકકહાણી કહી સંભળાવી. વાગુરા બોલી, 'હે રાજન્! આપ નિશ્ચિત રહો, તે દુષ્ટ પુરુષને આંધી થોડા વખતમાં જ આપની સમક્ષ હાજર કરીશ.' એવી પ્રતિજ્ઞા કરી તે પોતાને ઘેર આવી.

હવે રાતના વેશ્યાએ ગુપ્ત રીતે કન્યાના શયનગૃહમાં સિંદૂર છાંટી દીધું, નિત્યના ક્રમ પ્રમાણે અર્ધરાત્રિએ કુમાર ત્યાં આવી રાજપુત્રી સાથે ક્રીડા કરી રાત્રીના પાછલા પહોરમાં માળીના ઘેર આવી સૂઈ ગયો. સવારે પેલી વેશ્યાએ સુંદરીના ઘરે આવી સિંદૂર પર પડેલાં પગલાં પરથી પારખ્યું કે આ પુરુષ પૃથ્વી પર પરિભ્રમણ કરનાર ભૂચર જ છે. પછી તે વેશ્યા પોતાના રક્ષકો સાથે તે પુરુષની તપાસ કરવા નીકળી. અનુક્રમે તેણે સિંદૂરથી રક્ત પાદતલવાળા કુમારને જોયો. ત્યારે તેણે નક્કી કર્યું કે રાજકન્યા સાથે ભોગ ભોગવનાર આ પુરુષ જ છે અને તેણે કુમારને રક્ષકો દ્વારા પકડાવી રાજા પાસે હાજર કર્યો.

તેને જોઈ ક્રોધાગ્નિથી બળતો રાજા બોલ્યો, 'હે કુલાંગાર! આવા કુકર્મો કરતા તને જરા પણ ભય ન થયો? હે મારાઓ લઈ જાવ આ પાખંડીને,—ચઢાવો શુળીએ.' તે સાંભળી મારાઓ તેને વધસ્થાને લઈ જવા લાગ્યા. રસ્તામાં સ્વરૂપવાન અને તેજસ્વી કુમારને જોઈ લોકો પરસ્પર બોલવા લાગ્યા. અહો! નિશ્ચય આ કાર્ય રાજાએ અનુચિત કર્યું છે. શું આ કુમાર રાજકન્યાને યોગ્ય નથી? સારસના વિયોગથી જેમ સારસી માથું પછાડી પછાડી મૃત્યુને ભેટે છે તેમ રાજ-

કુંવરી પણ નિશ્ચય મૃત્યુ પામશે. કદાચ સુંદરીએ બાળક બુદ્ધિથી આવું કર્મ કર્યું હોય તો પણ પોતાના ઘરનું દુષ્ટ ચારિત્ર રાજાએ લોકોને દેખાડવું ન જોઇએ. કહ્યું છે કેઃ—

आयुर्वित्तं गृहच्छिद्रं, मंत्रमैथुनमेषजं ॥
दानं मानापमानौ च, नव गोप्यानि कारयेत ॥१॥

અર્થઃ—આયુષ્ય, ધન, ઘરનું છિદ્ર, મંત્ર, મૈથુન, ઔષધિ, દાન, માન અને અપમાન એટલી વસ્તુઓ ગુપ્ત રાખવી જોઇએ.

ઇત્યાદિ અનેક લોકોના આલાપ વિલાપ સાંભળતો વીરોથી ઘેરાયેલો કુમાર ક્રમશઃ માળીના ઘર પાસે આવ્યો. ત્યારે કુમાર જલ્લાદોને કહેવા લાગ્યો કે આ માળીના ઘરમાં મારી કુલદેવી છે. જો તમારી આજ્ઞા હોય તો હું તેને નમસ્કાર કરી પાછો આવું. મારાઓ બોલ્યા; 'સુખે જા—કુલદેવીની પ્રાર્થના કર, પછી તે કુમાર ઝડપભેર માળીના ઘેર આવ્યો અને કાષ્ઠનો અશ્વ તૈયાર કર્યો. લોકોના દેખતાં દેખતાં તે અશ્વ પર બેસી આકાશમાં અદૃશ્ય થઈ ગયો. કોઈ ન જાણે તેવી રીતે કન્યાના ભવનમાં ઊતરી તેને સાથે લઈ સમુદ્રકિનારે આવી પહોંચ્યો. ત્યાં કુમારને ભૂખ લાગી, કુમારને ક્ષુધિત જાણી કન્યા બોલી; હે સ્વામિન્! હું મારા આવાસે જઇ મોદકો લઈ આવું. આપ ધીરતા રાખી આરામ લો, હું તુરત પાછી આવું છું, એમ કહી તે અશ્વ પર ચઢી નિજ ભવને આવી. અશ્વને ગવાક્ષમાં સ્થાપી તે મોદક લેવા ઉત્સુકતાપૂર્વક ઓર-

ડામાં ગઈ, એટલામાં પવનના ઝપાટાથી અશ્વ પૃથ્વી પર પડી ગયો તેથી તેનાં અંગોપાંગ વેર વિખેર થઈ ગયાં.

અહીં મોદકો લઈ રાજપુત્રી ગવાક્ષમાં આવી અશ્વને બેહાલ જોઈ ચિંતા કરવા લાગી: હાય! હાય! દૈવે દગો દીધો. પૂર્વે કરેલા અશુભ કર્મોએ મારા પર પ્રહાર કર્યો. મારા જીવનસાથી સમુદ્ર કિનારે છે અને અહીં અશ્વ ભાંગી ગયો. હવે મારા પર દુઃખનો સમૂહ આવી પડ્યો. હવે મારા પતિનું શું થશે? દુષ્ટ રાજપુરુષો જરૂર તેમને હેરાન કરશે. ઈત્યાદી અનેક સંકલ્પ વિકલ્પ કરતી આર્ત રૌદ્રધ્યાનના પ્રબળ પંજામાં સપડાયેલી તે બાળાએ એવી પ્રતિજ્ઞા કરી કે "જ્યાં સુધી મને મારા પ્રાણેશનું મુખારવિંદ જોવા નહિ મળે ત્યાં સુધી હું અન્નપાન નહીં કરું; દુનિયામાં પ્રેમ અને પતિવ્રત એક અમૂલ્ય વસ્તુ છે.

અહીં બહુ વાર થયાં છતા સુંદરી ન આવી તેથી કુમાર ચિંતા કરવા લાગ્યો. નિશ્ચય મારી પ્રિયાને કોઈ બેચરે હરણ કરી હોવી જોઈએ. આમ ચિંતામાં મગ્ન કુમારને જોઈ આકાશમાર્ગથી કોઇ વિદ્યાધરી ઊતરી બોલાવા લાગી: 'હે યુવાન! આવા નિર્જન સ્થાનમાં એકલો કેમ બેઠો છો?' કુમારે સામો પ્રશ્ન કર્યો; "હે ભદ્રે! તું કોણ છો? કયાંથી આવી અને કયાં જવાની છું.?" તે બોલી: હે શરીરધારી કામદેવ, સાંભળ:—

વૈતાઢ્ય પર્વત પર **મણિચૂડ** નામનો વિદ્યાધરોનો સ્વામી વસે છે, તેની હું **કનકમાલા** નામની પટ્ટરાણી છું. આજ મારો

ભર્તા શત્રુઓ દ્વારા પકડાઈ ગયો છે. હું કામવાસનાથી પીડિત ફરતી હતી. એવામાં કુસુમાયુધ જેવા તને અહીં જોયો. હે કુમાર! તારાં રૂપ લાવણ્યથી હું કામાગ્નિ વડે બળી રહી છું. માટે તું આલિંગન રૂપ જળથી મને શાંત કર. કામબાણથી પરાસ્ત થયેલી હું તારા શરણે આવી છું. તે સાંભળી કુમાર બોલ્યો, "હે સુંદરી! મેં પરદારાગમનનો નિયમ લીધો છે, તેને હું પ્રાણાંતે પણ નહીં ખંડું. તે સાંભળી ક્રોધે ભરાયેલી વિદ્યાધરીએ કુમાર પર મંત્રેલા પુષ્પો ફેંકયાં, તેથી કુમાર મૂર્ચ્છા પામ્યો.

પછી તે દુષ્ટ વિદ્યાધરીએ કુમારને ઉપાડી સમુદ્રમાં ફેંકી દીધો. ધિક્કાર છે! ધિક્કાર છે!! સ્ત્રીઓની કામાંધતાને અને નિર્દયતાને! અહીં પુણ્યયોગે કુમારને જળદેવીએ બહાર કાઢી સચેતન કર્યો. દેવીના પૂછવાથી કુમારે પોતાનો સર્વ વૃત્તાંત સવિસ્તાર વર્ણવ્યો. તે સાંભળી દેવી બોલી; 'હે પુત્ર! તું ધન્ય છે, કૃતપુણ્ય છે. તેં આવી વિષમ સ્થિતિમાં પણ વ્રતનું સારી રીતે પરિપાલન કર્યું. હું તારા પર પ્રસન્ન છું, માટે કહે કે હું તારું શું કલ્યાણ કરું?' કુમાર બોલ્યો; 'હે માત! મને મારી પ્રિયાનો મેળાપ થાય તેમ કરો.' તે સાંભળી દેવીએ તેને ઉપાડી કન્યાના આવાસમાં મૂકયો. કુમાર પોતાના ઘોડાને ભાંગેલો અને ભાર્યાને રોતી જોઈ દુઃખ પામ્યો. દેવી ફરી બોલી; 'હે સત્પુરુષ! હજી પણ તારે કાંઈ કામ હોય તો કહો.' કુમાર બોલ્યો, 'હે માત! આ મારા ભાંગેલા અશ્વને સાજો કરી આપો તો આપનો મોટો ઉપકાર થશે.' પછી દેવી પોતાના પ્રભાવથી અશ્વને સુસજ્જ કરી સ્વસ્થાને ગઈ.

અહીં કુમારને જોઈ દાસીઓએ ધૂમાધૂમ કરી મૂકી. કુમારનું આગમન સાંભળી ક્રોધિત થયેલા રાજાએ તેને મારવા મોટું લશ્કર મોકલ્યું. આકાશગામી અશ્વ પર બેઠેલા કુમારે પોતાના પુણ્ય પ્રભાવથી રાજાના આખા સૈન્યને મારી નાખ્યું. હવે રાજા મનમાં ચિંતવવા લાગ્યો, અરે! મેં આ શું આરંભ્યું છે, કોઈ દિવસે આ કન્યાનું દાન કોઈને તો કરવાનું હતું જ ને! આવો ધીર વીર ગુણશીલ પુરુષ મારી કન્યા માટે બીજે ક્યાં મળશે? એમ વિચારી રાજાએ બહુમાનપૂર્વક તેને તેડાવ્યો. અને મોટા ઉત્સવ સાથે તેની જોડે પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું. તેણે થોડાક દિવસ સુખપૂર્વક પસાર કરી રાજાને સ્વ નગર જવાની ઈચ્છા જણાવી. રાજાની આજ્ઞાથી પોતે ભાર્યા સાથે અશ્વ પર બેસી પોતાના નગરે આવ્યો.

અહીં શંખરાજાએ છ માસ સુધી પુત્રની રાહ જોઈ ચારે તરફ ખૂબ તપાસ કરી. પરંતુ પુત્રનો ક્યાંય પત્તો ન લાગવાથી તેણે રથકારને જીવતો બાળવાની આજ્ઞા આપી. "રોષે ભરાયેલો રાજા યમતુલ્ય અને તુષ્ટ થયેલો કુબેર જેવો થાય છે." હવે રાજાની આજ્ઞાથી રાજપુરુષો રથકારને બાંધી નગર બહાર જાજ્વલ્યમાન ચિતા પાસે લાવ્યા. જ્યાં કંદર્પને ચિતામાં ફેંકવા જાય છે ત્યાં કુમાર સ્ત્રીસહિત અશ્વ પર બેઠેલો આકાશમાર્ગથી નીચે ઊતર્યો. પુત્રના આગમનથી પ્રસન્ન થયેલા રાજાએ કુમાર સાથે કંદર્પ રથકારને પણ આડંબર પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. ક્રમે કરીને શંખ રાજા મૃત્યુ પામ્યો, કુલધ્વજ રાજા થયો અને સુંદરી પણ તેની પટ્ટરાણી

થઈ. એવી રીતે કુલધ્વજ કુમાર સુંદરી સાથે સ્વેચ્છાએ વિષયસુખો સેવતો સમય વિતાવવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનમાં પરિવાર સાથે કેવળી ભગવંત સમવસર્યા. તે સાંભળી કુલધ્વજ રાજા તેમને વાંદવા ગયો. તે કેવળીને વિધિપૂર્વક વાંદી યથાસ્થાને બેઠો. દેશના સાંભળી પ્રતિબોધ પામેલા રાજાએ પોતાના પુત્રને રાજ્ય આપી કેવળી પાસે વિધિપૂર્વક પ્રવજ્યા ગ્રહણ કરી. પછી તે રાજર્ષિ સંસારને કારાગૃહ માનતા અનિત્ય ભાવના ભાવવા લાગ્યા. તે આ પ્રમાણે :—

લક્ષ્મી ચંચળ છે, સુખ થોડું છે, શરીર વિનશ્વર છે, મૃત્યુ અવશ્ય છે, ફરી ફરી જન્મ જરા મૃત્યુ અનિવાર્ય છે. આવી રીતે અરઘટ્ટ (રેંટ)ના ન્યાયે જીવોની કલેશ પરંપરા રહ્યા કરે છે. આમ વિશુદ્ધ ભાવનાથી વાસિત અંતઃકરણવાળા ઋષિરાજને ક્રમે કરી શુકલધ્યાન ધ્યાતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. લાંબા કાળ સુધી પૃથ્વીને પાવન કરી. ભવ્યાત્માઓને પ્રતિબોધી તેઓ નિર્વાણ પામી મોક્ષ પામ્યા.

॥ ઈતિ કુલધ્વજ કથા સમાપ્ત ॥

માટે હે ભવ્યો ! કુલધ્વજ કુમારની જેમ શુદ્ધ શિયળ પાળવાથી, શીઘ્રથી કેવળ કમળા કરમાંજ ક્રીડા કરે છે. પ્રભુ મુખથી આવો ઉપદેશ સાંભળી કુંડકોલિકે બાર પ્રકારના શ્રાવક ધર્મને સ્વીકાર્યો. જીવાજીવાદિ નવતત્ત્વોને જાણી વર્ધમાનસ્વામીને વાંદી હર્ષિત થયેલો કુંડકોલિક સ્વસ્થાને આવ્યો. એ પ્રકારે તે માયાદિ શલ્યરહિત સમ્યક્ પ્રકારે જિનધર્મારાધન કરવા લાગ્યો.

એક દિવસ બપોરના તે અશોકવાટિકામાં આવ્યો. ત્યાં એક શિલાપટ્ટ પર પોતાના નામની મુદ્રા તથા ઉત્તરાસંગ મૂકી સામાયિક લઈ શુભધ્યાનારૂઢ થયો. તે વખતે ત્યાં કોઇ દેવ પ્રકટ થઈ તેની મુદ્રા તથા ઉત્તરાસંગ લઈ ગગનમાં ઊડ્યો. ત્યાંથી તે બોલવા લાગ્યો, હે શ્રાવક! મંખલી પુત્રનો ધર્મ સારો છે, કારણ કે તેમાં ઉત્થાન, કર્મ, વીર્ય અને પુરુષાકાર નથી. ઉત્થાન તે તપ, સંયમ આદિમાં, કર્મ તે ગમન ક્રિયા આદિમાં, વીર્ય તે જીવોનું શરીરબળ અને પોતાનું કાર્ય કરવાનું પરાક્રમ તેને પુરુષાકાર સમજવો જોઇએ. આના વગર જીવોને સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. માટે હે કુંડકોલિક! હવે પછી તારે આવું ન કહેવું જોઇએ. કે ઉત્થાન આદિથી જ કાર્ય સિદ્ધિ થાય છે. કહ્યું છે કેઃ—

प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः,
सोऽवश्यं भवति नृणां शुभोऽशुभोवाः, ॥

भूतानां महति कृतेऽपि हि प्रयत्ने,
ना भाव्यं भवति न भाविनोस्ति नाशः ॥१॥

અર્થઃ—પ્રારબ્ધબળના આશ્રયથી માણસને જે કાંઈ શુભ અથવા અશુભ થવાનું છે તે થાય જ છે, પણ જે નથી થવાનું ને ઘણા ઉદ્યમો કરતાં પણ થતું નથી. અને જે થવાનું છે, તે થયા વિના રહેતું નથી.

न हि भवति यन्न भाव्यं, भवति च भाव्यं विनापि यत्नेन ॥
करतलगतमपि नश्यति, यस्य तु भवितव्यता नास्ति ॥

અર્થઃ—જે થવાનું નથી તે કોઇપણ હિસાબે થતું નથી.

તથા જે થવાનું છે તે પ્રયત્ન વિના થઈ જાય છે. અને જેની ભવિતવ્યતા નથી રહેતી તે હાથમાં આવીને પણ નાશ પામે છે.

માટે મંખલીપુત્ર ગોશાળાનો ધર્મ સુંદર છે. અને શ્રી વર્ધમાનપ્રણિત ધર્મ સારો નથી. ઇત્યાદિ તે દેવતાએ વીર ધર્મની નિંદા અને ગોશાળા ધર્મની પ્રશંસા કરી.

ઇત્યાદિ દેવોના વચન સાંભળી જિનવચનમાં અપૂર્વ શ્રદ્ધા રાખનાર કુંડકોલિક બોલ્યો, "હે દેવ તારૂં કહેવું યુક્તિયુક્ત નથી, કેમકે ઉત્થાનાદિ વિના કાર્યસિદ્ધિ થતી નથી, જો પુરુષાકારાદિ વિના કાર્યસિદ્ધિ થતી હોય તો તેં દેવરિદ્ધિ શી રીતે પ્રાપ્ત કરી? જો સંયમાદિ રહિત લોકો દેવરિદ્ધિ પામે તો સંસારમાં રહેલા સર્વ જીવો દેવસમૃદ્ધિ યુક્ત થઇ જાય. અહીં એક જીવ સુખી ત્યારે બીજો અત્યંત દુઃખી જણાય છે તેનું શું કારણ છે? જો બધા ભાવો નિજ સ્વરૂપે થાય તો નિશ્ચય તેનું પર્યાયથી પરાવર્તન પણ થાય. તેં પણ ભવાંતરમાં ઉગ્ર તપ, સંયમ આદિ કર્યા હશે. તેથી જ તું દેવપણું પામ્યો છે. માટે તારું બધું કહેવું મિથ્યા છે. જિનપ્રણીત ધર્મ સત્ય તત્ત્વરૂપે છે. ગોશાળાનો ધર્મ અસત્યરૂપ જાણવો જોઇએ. વળી હે દેવ! તું બુદ્ધિમાન છે. માટે તું પોતાની બુદ્ધિથી જ ધર્મની સત્યતા અને અસત્યતાનો વિચાર કર કહ્યું છે કેઃ—

बुध्धेः फलं तत्त्वविचारणं च । देहस्य सारं व्रतधारणं च ॥
अर्थस्य सारं किल पात्रदानं, वाचः फलं प्रीतिकरं नराणाम् ॥१॥

અર્થ:—બુદ્ધિનું ફળ તત્ત્વની વિચારણા છે. શરીરની સાર્થકતા વ્રત ધારણ કરવામાં છે, ધનની શ્રેષ્ઠતા સુપાત્રદાનમાં છે. અને વાણીનું ફળ મનુષ્યો પર પ્રીતિ કરવી એ છે.

ઇત્યાદિ કુંડકૌલિકનાં વચનો સાંભળી નિરુત્તર થયેલો દેવ વિચારે છે. નિશ્ચય હું આને જીતવા અસમર્થ છું, હું તેનાથી હાર્યો. એમ વિચારી તે મુદ્રિકા અને ઉત્તરીય મૂકી પોતાના સ્થાને ગયો. અહીં શ્રી વર્ધમાનસ્વામી સમવસર્યા. દેવોએ સમવસરણ રચ્યું. કુંડકૌલિક પણ પ્રભુનું આગમન સાંભળી વાંદવા આવ્યો. વીતરાગને વિધિપૂર્વક વાંદી સ્તુતિ કરી દેશના સાંભળવા બેઠો. દેશનાના અંતે પ્રભુએ દેવદાનવોની વચમાં કુંડકૌલિકને સંબોધીને કહ્યું: "હે કુંડકૌલિક! તું બપોરના વખતે અશોકવાટિકામાં શિલા પર મુદ્રા અને ઉત્તરીય મૂકી સામાયિકમાં બેઠો હતો તેવામાં કોઈ દેવે પ્રગટ થઈ તે મુદ્રિકા તથા ઉત્તરીય લઈ જિનધર્મની નિંદા અને મંખલીપુત્ર ગોશાળાધર્મની પ્રશંસા કરી, પરંતુ તેં યુક્તિથી દેવતાને નિરુત્તર કરી નાખ્યો, તેના મતનું ખંડન કરી જિનધર્મનું મંડન કર્યું તેથી હે શ્રમણોપાસક! તું કૃતપુણ્ય થયો છે. તેં તારું જીવન સફળ કર્યું છે."

પછી પ્રભુ સાધુ–સાધ્વીને ઉદ્દેશીને બોલ્યા: હે મહાનુભાવો! કુંડકૌલિકે ગૃહસ્થ હોવા છતાં પોતાની યુક્તિથી મિથ્યાદૃષ્ટિ દેવને નિરુત્તર કર્યો; તો પછી દ્વાદશાંગના જાણકાર એવા તમોએ તો અન્ય દર્શનિકોને પરાસ્ત કરવામાં વિશેષ પ્રકારે સમર્થ થવું જોઇએ, તે સાંભળીને સાધુ–સાધ્વીનો

સમુદાય પ્રભુવચનને સ્વીકારી તપ–સંયમાદિમાં ઉદ્યત થયો. કુંડકૌલિક પણ કેટલાક અર્થનો વિચાર જિનમુખથી સાંભળી પ્રભુને વાંદી ઘેર આવ્યો.

પ્રભુ પરિવાર સાથે અહીંથી આગળ અન્યત્ર વિહાર કરી ગયા. કુંડકૌલિકે સમ્યક્ પ્રકારે જિનધર્મારાધન કરતાં ચૌદ વર્ષ વ્યતીત કર્યાં. પંદરમા વર્ષે સંવેગ ઉત્પન્ન થવાથી ગૃહભાર જ્યેષ્ટ પુત્રને સોંપી કુંડકૌલિકે આણંદવત્ અગિયાર પડિમાઓનું આરાધન કર્યું. અંતે સર્વ જીવોને ખમાવી, એક માસના અનશનપૂર્વક પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરતો કુંડકૌલિક કાળ પામ્યો. અને પ્રથમ દેવલોકના અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો સમૃદ્ધિશાળી દેવ થયો.

પછી ગૌતમસ્વામીએ પૂછ્યું; "હે ભગવન્! તે દેવ ત્યાંથી ચ્યવી ક્યાં ઉત્પન્ન થશે." પ્રભુ બોલ્યા : 'હે ગૌતમ! તે ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મુક્તિ પામશે.' કુંડકૌલિક શ્રાવકનું આવું ચરિત્ર સાંભળી જમ્બૂસ્વામીએ સુધર્માસ્વામીને વારંવાર નમસ્કાર કર્યા.

ઈતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના શિષ્ય
રાજકીર્તિ ગણીની રચેલી ગદ્યબંધ
વર્ધમાન દેશનાનો શ્રી કુંડકૌલિક
શ્રાવક પ્રતિબોધ નામક
છઠ્ઠો ઉલ્લાસ
સમાપ્ત

ઉલ્લાસ સાતમો

સદ્દાલપુત્ર ચરિત્ર

હવે શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને સદ્દાલપુત્રનું ચરિત્ર કહે છે:

આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં **પોલાસ** નામનું નગર છે. તેની આસપાસ પર્વતો, ખાઈઓ, નદીઓ, સરોવરો, આરામગૃહો, ઉદ્યાનો, પરબો, સભાસ્થાનો અને કૂવાઓ હોવાથી તે નગર અતિ રમણીય લાગે છે. તે નગરમાં પોતાના પરાક્રમથી પ્રસિદ્ધ **જિતશત્રુ** નામક રાજા રાજ્ય કરતો હતો. નગર બહાર **સહસ્સામ્રવન** નામનું એક વનખંડ છે. તે નગરીમાં નિત્ય વાસ કરનારો **સદ્દાલપુત્ર** નામનો કુંભાર વસતો હતો. તે પોતાની કુલપરંપરાથી ચાલતા આવતાં ક્રમ પ્રમાણે માટીનાં વાસણોનો વેપાર કરતો હતો.

તે મંખલીપુત્ર ગોશાળાનો શ્રાવક હતો. તેના મતમાં અતિ નિપુણ એવો સદ્દાલપુત્ર ગોશાળક પ્રણીત ધર્મારાધન કરતો હતો. તેને **અગ્નિમિત્રા** નામની એક ભાર્યા હતી. તે શુદ્ધ શિયળ અને પવિત્ર શરીરવાળી હતી. વળી તેને વ્યાજ, વ્યાપાર અને ભૂમિમાં એકેક કોડી સુવર્ણ દ્રવ્ય અને ગાયોનું

એક ગોકુળ હતું. એ ઉપરાંત એને બીજી પણ ઘણી સમૃદ્ધિ હતી. નગર બહાર તેના માટીના વાસણના પાંચસો હાટ હતાં. તે હાટો (બજાર)માં તેના પાંચસો માણસો વ્યાપારાર્થે બેસતા. તેના બીજા પણ કેટલાક માણસો રાજમાર્ગમાં બેસી વ્યાપાર કરતા હતા. એ પ્રકારે તેના નોકરો માટીનાં વાસણ બનાવતાં અને વેચતા.

એક દિવસ સદ્દાલપુત્ર અશોકવાટિકામાં બેઠો હતો. તેવામાં એક દેવ પ્રત્યક્ષ થઈ બોલ્યો; "હે સદ્દાલપુત્ર! સાંભળ, કાલ સવારે સમ્યક્ જ્ઞાન, દર્શનને ધારણ કરનારા સર્વજ્ઞ ત્રણે લોકમાં પૂજ્ય અને કર્મબંધનથી મુક્ત એવા જિનેશ્વર દેવ સહસ્સામ્રવનમાં પધારશે. તું તેમને વાંદવા જજે. અને પાત્ર, પાટ, વસ્ત્ર, સંથારા વગેરે આપી. એમની ઉત્તમ રીતે ભક્તિ કરજે." એટલું બોલી દેવ અદૃશ્ય થઈ ગયો. તે સાંભળી સદ્દાલપુત્રે નક્કી કર્યું કે નિશ્ચય દેવે કહેલા ગુણોને ધારણ કરનારા મારા ધર્માચાર્ય મંખલીપુત્ર ગોશાળક પધારશે. હું તેમને વાંદવા જરૂર જઈશ. અને સારી રીતે વૈયાવૃત્ય કરીશ. એમ વિચારી તે પોતાને ઘેર આવ્યો.

અહીં બીજે દિવસે પ્રાતઃકાળમાં શ્રી વર્ધમાનસ્વામી પધાર્યા. રાજાદિ નગરજનો પ્રભુને વાંદવા ગયા. સદ્દાલપુત્ર પણ વિધિપૂર્વક સ્નાન કરી શુદ્ધ વસ્ત્ર પહેરી મહાન રિદ્ધિ સાથે જિનેશ્વર પાસે આવ્યો. વીરને વિધિપૂર્વક વાંદી દેશના સાંભળવા બેઠો. પ્રભુ મધુર વાણીએ બોલ્યા, "હે ભવ્યો! ધર્મ પ્રત્યે પ્રેમ, વિષયમાં વૈરાગ્ય અને કષાયનો ત્યાગ; ગુણોમાં

અનુરાગ ધર્મકાર્યોમાં અપ્રમાદ એ બધાં સુંદરગતિ પ્રાપ્ત કરવાના ઉપાયો છે. દેશના પછી પ્રભુએ સદ્દાલપુત્રને કહ્યું, 'હે સદ્દાલપુત્ર! ગઈકાલે કોઈ દેવે પ્રગટ થઈ તને કહ્યું હતું કે કાલે સર્વદર્શી સર્વજ્ઞ જિનેશ્વર આવશે. તે સુરાસુરથી પણ વંદનીય છે. માટે તું પણ તેમને વાંદવા જજે. અને પીઠ, ફલક, શય્યા, સંથારાથી ભક્તિ કરજે. દેવના ગયા પછી તેં વિચાર્યું કે નિશ્ચય દેવે કહ્યા મુજબ લક્ષણોથી લક્ષિત મારા ધર્માચાર્ય ગોશાળક આવશે.' તે સાંભળી સદ્દાલપુત્ર વિચારવા લાગ્યો. ખરેખર દેવે કહ્યા મુજબ સર્વ ગુણો આમનામાં જ દેખાય છે. આ જ સર્વજ્ઞ જિન છે. માટે મોટા પુણ્યને ઉપાર્જન કરવા આમની ઉત્તમ પ્રકારે ભક્તિ કરવી જોઈએ. એમ વિચારી તે બોલ્યો, 'હે ભગવન્! પોલાસપુર નગરમાં મારા પાંચસો કુંભારો છે. હું વિનમ્ર વિનંતિ કરું છું કે આપ પાદ, પીઠ શય્યા, સંથારાદિ ગ્રહણ કરી મારો નિસ્તાર કરો.

પ્રભુ તેની વિનંતિ સ્વીકારી તેને પ્રતિબોધવા ત્યાં જ રહ્યા.

હવે એક દિવસ પ્રભુએ કહ્યું, 'હે સદ્દાલપુત્ર! તું માટીનાં વાસણો શી રીતે બનાવે છે?' તે બોલ્યો, 'હે પ્રભો! પહેલાં હું ખાણમાંથી માટી લાવું છું. તે પછી તેને પાણીમાં પલાળી ખૂબ મસળું છું. પછી તેનો પીંડ બનાવી ચાક પર મૂકું છું. અને પછી તેમાંથી ઘટાદિ વિવિધ પ્રકારનાં વાસણો તૈયાર કરું છું.

પ્રભુ બોલ્યા; 'તો શું વાસણો તેં વગર ઉદ્યમે બનાવ્યા?' તે સાંભળી ગોશાળાના મતમાં મગ્ન રહેનારો સદ્દાલપુત્ર બોલ્યો, 'હે ભગવન્! ઉદ્યમ આદિનો તો અભાવ જ છે. સંસારમાં સર્વ પદાર્થો નિયત છે જ,' ત્યારે પ્રભુ બોલ્યા; 'હે સદ્દાલપુત્ર! સાંભળ, કોઈ પુરુષ તારા પર કોપ કરી તારાં બધાં વાસણો ભાંગી ભૂકો કરે અને તારી પત્ની સાથે વિષય ક્રીડા કરે તો તું એને શું સજા કરે?' તે બોલ્યો, 'હે ભગવન્! તો હું તે પુરુષને તાડન કરું, બાંધું અને અનેક પ્રકારનું દુઃખ આપી મારું.'

પ્રભુ બોલ્યા, 'હે સદ્દાલપુત્ર! તારા મતથી સર્વ પદાર્થ નિયત જ છે. પણ જ્યારે પૂર્વ કથિત વસ્તુ નથી બનતી ત્યારે તું ક્રોધાદિ કેમ નથી કરતો? વળી તારા મત પ્રમાણે તારી સ્ત્રી સાથે પરપુરુષનો સંગમ અને વાસણનું ફુંટવું, તે પણ નિયત છે. જો એમ જ હોય તો તારે તો તેના પર ક્રોધાદિ પણ ન કરવાં જોઈએ. કેમકે તારા મત પ્રમાણે તો પ્રત્યેક વસ્તુ નિયત્ત જ છે; પરંતુ હે સદ્દાલપુત્ર! તારો ગુરુ ગોશાળક અસત્ય પ્રરૂપણ કરનારો છે.' ઇત્યાદિ વીર પ્રભુનાં વચનો સાંભળી સદ્દાલપુત્રનો મિથ્યાત્વરૂપ ઘોર અંધકાર નષ્ટ થયો: તેથી તે વિચારવા લાગ્યો: "ગોશાળાનો ધર્મ યુક્તિયુક્ત નથી. પરંતુ શ્રી વર્ધમાન પ્રણીત ધર્મ જ સત્ય છે." એમ વિચારી પ્રભુથી પ્રતિબોધ પામેલો સદ્દાલપુત્ર બોલ્યો, 'હે ભગવન્! હું આપના મુખેથી ધર્મદેશના સાંભળવાની ઇચ્છા રાખું છું.' ભગવન્ બોલ્યા સાંભળ:—

"ધર્મ, અર્થ અને કામ, તે ત્રણે પુરુષાર્થ છે. એમાં પણ અર્થ અને કામ ધર્મથી જ થાય છે તેથી ધર્મને પ્રધાન સમજવો જોઈએ. ધર્મથી જ પ્રાણીઓને સૌભાગ્ય તથા સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે. તેમજ ઉત્તમ કુળમાં જન્મ, પરોપકાર બુદ્ધિ, વિશુદ્ધમતિ, દિવ્ય સમૃદ્ધિ તથા પ્રધાન ભોગોપભોગ પ્રાપ્ત થાય છે, તે ધર્મ બે પ્રકારે છે. એક સાધુધર્મ અને બીજો શ્રાવકધર્મ, તપસ્યારૂપ ધનવાળા સાધુ માટે તે ધર્મ પંચમહાવ્રત રૂપ તથા શ્રાવકો માટે સમ્યક્ત્વમુલરૂપ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતોથી બાર પ્રકારનો છે. આઠ કર્મોના વિનાશ માટે બાહ્ય અને અભ્યંતર ભેદે બાર પ્રકારનો તપ તે તારકોએ જ કહ્યો છે. જે મનુષ્ય ભાવથી થોડી તપસ્યા કરે છે તે સર્વસંપત્તિઓનો પાત્ર થાય છે. અને દામન્નકની જેમ ઉભય લોકમાં આનંદ અનુભવી નામને અમર કરે છે. તેની કથા આ પ્રમાણે :—

'દામન્નક' ની કથાઃ—

આ ભરતક્ષેત્રમાં જ **રાજપુર** નામનું રળિયામણું નગર છે. ત્યાં એક **કુળપુત્ર** વસતો હતો. તેને **જિનદાસ** નામનો એક શ્રાવક મિત્ર હતો. એક દિવસ જિનદાસ કુળપુત્રને લઈ સાધુ મહારાજ પાસે આવ્યો, ત્યાં જિનપ્રણીત ધર્મ સાંભળી કુળપુત્રે મત્સ્ય અને માંસ ભક્ષણનો ગુરુ સમક્ષ ત્યાગ કર્યો. પછી તે ઘેર આવી શુદ્ધ ભાવે વ્રતને પાળતો સમય વ્યતીત કરવા લાગ્યો.

એક વખત તે દેશમાં મહાદુર્ભિક્ષ (દુકાળ) પડ્યો. ત્યાંના સર્વ લોકો ભૂખથી પીડાઈ મત્સ્ય અને માંસભક્ષણ કરવા લાગ્યા. ત્યારે કુળપુત્રની પત્નીએ તેને કહ્યું, 'હે સ્વામિન્! ભૂખથી પીડિત આપણા પુત્રો મરવાની અણી પર જીવી રહ્યા છે, તમે નિશ્ચિત કેમ છો?' તમે મત્સ્ય કે માંસ લાવો જેથી આ લોકોને જીવવાનો સહારો મળે.' કુળપુત્ર બોલ્યો, 'તેઓ મરે કે જીવે, પરંતુ હું માછલાં નહીં પકડું.' એક દિવસ તેનો સાળો તેને પકડીને નદી કાંઠે લઈ ગયો. અને તેના હાથમાં જાળ આપી બોલ્યો, મૂઢની માફક સામું શું જુએ છે? આ જાળને સરિતાના જળમાં નાંખ અને માછલાં પકડી તારા કુટુંબનું પોષણ કર. આવી રીતે પરાધીનતાની બેડીમાં જકડાયેલા કુળપુત્રે પાણીમાં જાળ ફેંકી, થોડીવાર પછી ખેંચી તો તેમાં અસંખ્ય માછલાં તરફડતા દેખાયા, તે જોઈ તેણે તેઓને પાણીમાં મુક્ત કર્યા. એ પ્રમાણે તેણે ત્રણવાર માછલા કાઢ્યા અને ત્રણવાર તેમને મુક્ત કર્યા. તે વિચારવા લાગ્યો કે કુટુંબ માટે પણ કરેલું પાપ નરકની અતિ તીવ્ર વેદનાના કૂવામાં ફેંકાવે છે. અરે, મળમૂત્રથી દૂષિત આ શરીરના પોષણ માટે આ નિર્દોષ જળચરોના પ્રાણનું શોષણ શા માટે કરૂં. જેમ મારા પ્રાણ મને પ્યારા છે તેમ સર્વ જીવોને પોતાનો જીવ પ્રિય છે. એમ વિચારી તે પુણ્યાત્માએ ઘરે આવી આરાધનાપૂર્વક અનશન ગ્રહણ કર્યું. સર્વ જીવોને ખમાવી પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરતાં મૃત્યુ પામી **રાજગૃહી** નગરીમાં **મણિકાર** શ્રેષ્ઠીના ઘરે પુત્રપણે ઉત્પન્ન થયો. કુળક્રમના રિવાજ મુજબ બારમા દિવસે મહો-

ત્સવપૂર્વક તેનું ‘**દામન્નક**’ એવું નામ રાખ્યું. લાલનપાલન કરાતો તે ક્રમશઃ આઠ વર્ષનો થયો.

એવામાં અચાનક તે શ્રેષ્ઠીના ઘરમાં મહામારી (મરકી) રોગ ફેલાયો. તેના સબળ સકંજામાં સપડાયેલા સર્વે ક્રમશઃ મૃત્યુને ભેટ્યાં. કેવળ ‘**દામન્નક**’ પુણ્યપસાયે જીવતો રહ્યો. નિરાધાર તે બાળક પોતાના ઘરેથી નીકળી સાગરપોત શ્રેષ્ઠીના ઘરે ગયો. તે શેઠે તેને પુત્રની પેઠે રાખ્યો. ‘**દામન્નક**’ પણ ત્યાં સુખે રહેવા લાગ્યો.

એક વખત તે શ્રેષ્ઠીના ઘરે બે જિનકલ્પી મુનિમહારાજ ભિક્ષા માટે પધાર્યા, તેમાંથી એક વૃદ્ધ સાધુએ તે બાળકને જોઈ લઘુ સાધુને કહ્યું કે ચોક્કસ આ ઘરનો અધિપતિ આ બાળક થશે. મુનિના આવાં વચન સાંભળી ખેદ પામેલો શ્રેષ્ઠી ચિંતા કરવા લાગ્યો. અરે, ગુણવાન અને વિદ્યાવાન મારા પુત્રના હોવા છતાં અપર કુળમાં જન્મેલો આ **દામન્નક** ઘરનો માલિક શી રીતે થશે? જો આ મારા ઘરનો માલિક થાય તો મારું આ વિશાળ કુળ નાશ જ પામેને? માટે કોઇપણ ઉપાયથી આ બાળકનું મૃત્યુ નિપજાવવું જોઈએ, એમ વિચારી શેઠે બાળકને કોઈ ચાંડાલને સોંપ્યો.

ચાંડાલ પણ તે બાળકને દૂર લઈ જઈ સુલક્ષણો અને પ્રસન્ન સ્વરૂપવાળો જાણી દયાથી ચિંતવવા લાગ્યો: ‘અહો! આ સુંદર બાળકે તે શેઠનો શો અપરાધ કર્યો હશે કે જેથી તે આને મારવા તૈયાર થયો છે. ધિક્કાર છે તે નિર્દય શેઠને આ નિરાધાર બાળકની હું કોઈ પણ રીતે હત્યા નહીં કરું.

એમ વિચારી દામન્નકની ટચલી આંગળી છેદી બોલ્યો. 'હે બાળ! તું આ નગરને છોડીને અન્યત્ર જલદી જતો રહે; જો પાછો આવીશ તો હું તને જનથી મારી નાખીશ. તે સાંભળી ભય પામેલો બાળક દોડીને ભાગી ગયો. વનમધ્યમાં ભાગતા એવા બાળકને જોઇ એક ગોવાળે તેને પોતાની પાસે બોલાવ્યો. પછી તે બોલ્યો, 'હે બાળક! "તું ડર મા" એમ આશ્વાસન આપી તેણે પોતાની પાસે રાખ્યો. તે બાળક પણ સુખે રહી ગાયો ચારતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. ક્રમે કરી તે યુવાવસ્થાને પામ્યો. તેના પ્રસન્ન વદન, મીઠી ભાષા અને અનેક ગુણોથી તે સકલ ગોકુલવાસી લોકોનો માનીતો થયો.

એક દિવસ સાગરપોત શેઠ ગોકુલ જોવા માટે ત્યાં આવ્યો. દામન્નકને જોઈ સાશ્ચર્ય વિચારવા લાગ્યો કે, "દેવ જેવા રૂપને ધારણ કરનારો આ કોણ છે?" પછી તે શેઠે ગોકુલવાસી લોકોને પૂછ્યું કે, 'આ બાળક કોણ અને કોનો પુત્ર છે?' તેઓ બોલ્યા, "હે શ્રેષ્ઠીવર્ય! આ નિરાધાર બાળક એકલો અહીં આવ્યો છે." ગોવાળે આને પુત્રતુલ્ય ગણી–માની રાખ્યો છે.

તે સાંભળી સાર્થવાહ ચિંતવવા લાગ્યો કે "નક્કી આ તે જ બાળક છે કે જેને મેં ચાંડાલને સોંપ્યો હતો." પછી વિચાર કરી એક લેખ દામન્નકને આપી બોલ્યો, 'હે ભદ્ર! આ ચિઠ્ઠી મારા ઘેર જઈ મારા પુત્રને પહોંચાડ. તે લઈ દામન્નક ચાલતો ચાલતો રાજગૃહી નગરી પાસે આવી પહોં-

ચ્યો. ત્યાં એક દેવળ જોઈ માર્ગશ્રમથી થાકેલો દામન્નક આરામ લેવા તેમાં સૂઈ ગયો. એટલામાં પૂજા કરવા સાગરપોત શેઠની પુત્રી ત્યાં આવી, તે જ્યાં પૂજા કરી પાછી ફરી ત્યાં તેણે દામન્નકને સૂતેલો જોયો. તે તેના રૂપને જોતી ઊભી હતી તેવામાં તેને એક કાગળ દેખાયો. તેના મસ્તકેથી કાગળ કાઢી વાંચ્યો તે આ પ્રમાણે "હે પુત્ર! આ પત્રને વાંચી લાંબો વિચાર કર્યા વગર આ કુમારને વિષ આપજે." તે વિષા નામની કન્યા વિચારવા લાગીઃ હાય! હાય!! મારા પિતાએ આ શું ચાંડાલ કર્મ આદર્યું છે? આ સ્વરૂપવાન કુમારને વિષ નહીં પણ વિદ્યાનું દાન આપવું યુક્ત છે. કુમાર પર મોહ પામેલી વિષાએ સ્નેહાધીન થઈ. વિષની આગળ કાજળથી (ા) કાનો કર્યો એટલે કે **વિદ્યા** આપજે. એવો શબ્દ થઈ ગયો. પછી તે ચિઠ્ઠીની ઘડી કરી પાછી કુમારના મસ્તકે મૂકી પોતાના ઘરે આવી.

અહીં થોડીવાર પછી જાગેલો દામન્નક સાગરપોત-શેઠના ઘરે ગયો, અને શેઠના પુત્રને પત્ર આપ્યો. લેખ વાંચી ખુશ થયેલા શેઠના પુત્રે તે દિવસ શુભ લગ્ન હોવાથી પોતાની બહેન વિષા સાથે કુમારનો ધામધૂમપૂર્વક વિવાહ કર્યો. અહીં દામન્નકને જમાઈ બનેલો જોઈ શેઠને વજ્રઘાત જેવું થયું. તે ચિંતા કરતો બબડવા લાગ્યો, હાય! હાય!! મેં કાંઈ બીજું જ વિચાર્યું અને વિધાતાએ કાંઈ બીજું જ કર્યું, પણ આવી બાબતોથી ગભરાય તે બીજા. મારી પુત્રી રંડાય તો ભલે, રંડાય પણ આને તો જીવતો નહિ જ મૂકું. એમ વિચારી તેણે પોતાના અંગત સેવકોને કહ્યું કે, "હે વીરો! આ મારો

જમાઈ મારી નાખવા યોગ્ય છે. માટે તમો આને છળથી મારી નાખો. હું તેનો યોગ્ય બદલો તમને આપીશ." વીરો તે વાતને સ્વીકારી તેને મારવા માટે અવસર શોધવા લાગ્યા; પણ કુમારના પુણ્યબળથી તેઓ સફળ ન થયા.

એક દિવસ રાત્રે શ્રેષ્ઠીપુત્ર અને દામન્નક કોઈ મિત્રને ત્યાં નાટક જોવા ગયા. અર્ધરાત્રિએ બહુ નિદ્રા આવવાથી દામન્નક એકલો ઘેર પાછો આવ્યો, પરંતુ ઘર બંધ હોવાથી તે આંગણામાં પડેલા ખાટલા પર સૂઈ ગયો. દામન્નકને સૂતેલો જોઇ વીરોએ વિચાર્યું કે આ સારો લાગ મળ્યો છે. એમ વિચારી તે શેઠને પૂછવા ગયા. અહીં દામન્નકને માંકડ ચટકા ભરવા લાગ્યા; કેમકે જેનું ભાગ્ય જાગતું હોય તેને શા માટે કોઇ સુવરાવે ?

માંકડોના ચટકાથી ત્રાસેલો દામન્નક મિત્રના ઘરે જઈ સૂઈ ગયો, પરંતુ યમદૂતોએ જ જાણે આમંત્રણ આપ્યું હોય એમ હીન ભાગ્ય શ્રેષ્ઠીપુત્ર તે જ ખાટલામાં આવીને સૂતો. અહીં શ્રેષ્ઠીને પૂછી મારાઓ ખાટલા પાસે આવ્યા અને શ્રેષ્ઠીપુત્રને દામન્નક જાણી મારી નાખ્યો. પ્રાતઃકાળમાં પોતાના પુત્રને જ મરેલો જાણી સાગરપોત શ્રેષ્ઠીનું હૃદય ચિરાઈ ગયું. તેથી તે પણ તત્કાલ મૃત્યુ પામ્યો. અહિં રાજાએ દામન્નકને શ્રેષ્ઠીના ઘરનો સ્વામી બનાવ્યો. એવી રીતે પૂર્વે કરેલા દયા-ધર્મના પ્રતાપથી તેને વગર મહેનતે સર્વ ભોગોપભોગની સામગ્રી મળી.

એક દિવસ સોનાના સિંહાસને બેઠેલા દામન્નક આગળ

કોઈ નૃત્યકારોએ આવી નાટક કર્યું. એમાંથી એકે આ પ્રમાણે ગાથા કહી :—

अणुपुंखमावहंतावि, अणत्था तस्स बहुगुणा हुंति ॥
सुए दुक्ख कत्थ पडए जस्स कयंतो वहइ पक्खं ॥१॥

અર્થ:—જેનો યમરાજાએ પક્ષ લીધેલો છે. તે પુરુષને એક પછી એક આવી પડતી આફતો પણ ગુણકારી થાય છે. ત્યારે એવા પુરુષને દુઃખ અને સુખ હોય જ કયાંથી— અર્થાત્ તેને દુઃખ અને સુખનો ભેદ જ ન હોય.

આ ગાથા સાંભળી ખુશ થયેલા દામન્નકે તેને એક લક્ષ સુવર્ણદ્રવ્ય આપ્યું. પછી તે જિનવચનને અનુસરી સમ્યક્ પ્રકારે જિનધર્મ આરાધન કરી આયુષ્ય ક્ષય થયે દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ પામી કેવળજ્ઞાન ઉપાર્જી મુક્તિ પ્રાપ્ત કરશે. એ પ્રમાણે પ્રાણીઓ થોડું તપ કરીને પણ દામન્નક જેમ ભોગો ભોગવી થોડાક કાળમાં મોક્ષસુખ મેળવે છે.

॥ ઈતિ દામન્નક કથા સમાપ્ત ॥

જિનેશ્વરના મુખથી દ્વિવિધ ધર્મને સાંભળી સદ્દાલપુત્રે કહ્યું : "હે ભગવન્! હું પંચ મહાવ્રતના ભારનું વહન કરવા અસમર્થ છું. માટે સમ્યક્ત્વયુક્ત શ્રાવકધર્મ ઉચ્ચરાવો." આણંદની જેમ સદ્દાલપુત્રે પણ શ્રાવકધર્મ સ્વીકારી પરિગ્રહાદિનું પ્રમાણ કર્યું. વીર પ્રભુને વાંદી ઘેર આવી તેણે સ્વભાર્યા અગ્નિમિત્રાને કહ્યું; 'હે ભદ્રે! મેં

આજે ગોશાળકના ધર્મને મૂકી સર્વજ્ઞ સર્વદર્શી શ્રી વીર ભાષિત ધર્મ સ્વીકાર્યો છે. માટે તું પણ પ્રભુ પાસે જઈ સત્ય ધર્મ સ્વીકાર અને તારા જીવનને સાર્થક કર. પતિનાં પ્રિયંકર વચનો સાંભળી અત્યંત ખુશ થયેલી, અગ્નિમિત્રાએ સેવકોને આદેશ આપ્યો. "હે સેવકો! રથ તૈયાર કરો." એમ કહી તે સ્નાન કરી ઉત્તમ વસ્ત્રાભૂષણોથી અલંકૃત થઇ દાસીગણથી વેષ્ટિત થઈ રથ પર ચઢી તે પ્રભુ પાસે આવી. પ્રભુને વિધિપૂર્વક વાંદી ધર્મ સાંભળવા બેઠી. ધર્મ સાંભળી રોમાંચિત થયેલી તે બોલી; 'હે ભગવન્! હું પંચ મહાવ્રત ગ્રહણ કરવા અસમર્થ છું, માટે સમ્યક્ત્વ પ્રધાન બાર વ્રતો ઉચ્ચરાવો, પ્રભુમુખથી બાર વ્રતોને ગ્રહી પ્રભુને હર્ષિત હૈયે વાંદી ઘરે આવી. પ્રભુ પણ ભવ્યજીવોને પ્રતિબોધતા સુવર્ણકમળો પર પાદપદ્મને મૂકતા અન્યત્ર વિહાર કરી ગયા. સદ્દાલપુત્ર પણ શ્રી જિનથી ઉપદિષ્ટ જિનધર્મને ભાવપૂર્વક આરાધતો ચઢતા પરિણામે સાધુ–સાધ્વીની ભક્તિ કરતો સુખપૂર્વક રહેવા લાગ્યો.

અહીં ગોશાળકે સાંભળ્યું કે સદ્દાલપુત્ર મારા ધર્મને મૂકી વર્ધમાન પ્રાણીત ધર્મને સ્વીકારી અત્યંત ખુશ થઇ તેમના સાધુ–સાધ્વીની ભક્તિ કરે છે. તે વિચારવા લાગ્યો: હાય! હાય!! મારા મહાન ભક્તને પણ વીરે પ્રતિબોધી પોતાના મતમાં સ્થાપિત કર્યો. મને મોટી બોટ પડી હું હમણાં પોલાસપુર જઈ યુક્તિયુક્ત દૃષ્ટાંત હેતુઓથી તે સદ્દાલપુત્રને પ્રતિબોધી મારા મતમાં સ્થાપિત કરું છું. એમ વિચારી તે પોતાના શિષ્યો સાથે પોલાસપુર આવ્યો. પોતાના ઉપાસ

કોની વિશાળ શાળામાં મુકામ કર્યો. ત્યાં પોતાના ઉપકરણો મૂકી અનેક પ્રકારના ઉપાયો ગોઠવતો તે સદ્દાલપુત્રના ઘેર આવ્યો શિષ્યાદિ સહિત ગોશાળકને પોતાના ઘેર આવેલા જાણી સદ્દાલપુત્રે તેમની સામે જોયું પણ નહીં તો પછી નમસ્કાર ભક્તિ આદિની શી વાત કરવી ?

સદ્દાલપુત્રનું વર્તન જાણી પાટવસ્ત્ર સંથારાદિ લેવા માટે ગોશાળક શ્રી મહાવીરના સત્યગુણનું કીર્તન કરવા લાગ્યો. તે બોલ્યો; 'હે સદ્દાલપુત્ર ! શું અહીં મહામાહણ આવ્યા હતા ?' તે બોલ્યો, 'કોણ મહામાહણ ?' ગોશાળક બોલ્યો, 'તે મહાવીર સંસારમાં મહામાહણ કહેવાય છે' તે બોલ્યો, 'તે મહામાહણ કેવી રીતે ?' ગોશાળક બોલ્યો, તે ઉત્પન્ન જ્ઞાનવાળા–ત્રૈલોકયને પૂજનીય છે માટે તે મહામાહણ કહેવાય છે. તેમજ મહાગોપાલ પણ કહેવાય છે.

સદ્દાલપુત્રે પૂછ્યું; 'મહાગોપાલ શી રીતે ?' તે બોલ્યોઃ 'જેમ ગોપાલ ગાય સમૂહને વનમાં ચરાવે છે, આમતેમ જતી ગાયોને સન્માર્ગે લાવે છે. સિંહ આદિ ક્રૂર જાનવરોથી તેનું રક્ષણ કરે છે. અને સંધ્યા સમયે ગાયો ને વાડામાં પ્રવેશ કરાવી ભયરહિત કરે છે. તેવી જ રીતે વીર જિનેન્દ્ર પણ સંસાર-રૂપી મહાવનમાં શુભ ધ્યાનથી પરિભ્રષ્ટ ભવ્યજીવોને શીઘ્ર શીવ–મુકિત રૂપી વાડામાં પ્રવેશ કરાવે છે એવી રીતે શુદ્ધ ધર્મપ્રદાનથી તે ગોપાલ કહેવાય છે. અને મહા સાર્થવાહ પણ કહેવાય છે. સદ્દાલપુત્રે પૂછ્યું; 'હે ગોશાળક ! તેઓ મહા-સાર્થવાહ શી રીતે કહેવાય ?' તે બોલ્યો, જેવી રીતે સાર્થ-

વાહ સર્વ જનસમૂહને પોતાના સાર્થમાં સામેલ કરે છે.—ચોર આદિના ભયને દૂર કરે છે. તેમજ માર્ગ દેખાડી અભિષ્ટ નગરે પહોંચાડે છે. એમ જ શ્રી વીર લોકોના મિથ્યાત્વને દૂર કરી—સમ્યક્ત્વ રત્ન આપી શુદ્ધ સંયમ માર્ગ બતાવી મોક્ષ નગરે પહોંચાડે છે. તેથી જ તેઓ મહાસાર્થવાહ કહેવાય છે.'

વળી, 'હે ભદ્ર! તેઓ નિર્યામક (સુકાની) પણ છે.' સદ્દાલપુત્રે પૂછ્યું, 'તે શી રીતે? ગોશાળકે કહ્યું, જેવી રીતે નિર્યામક લોકોને પ્રવહણ પર ચઢાવી મગર, મત્સ્ય આદિથી રક્ષણ કરતો સમુદ્રને કિનારે પહોંચાડે. તેવી જ રીતે. શ્રી વર્ધમાન પણ જન્મ જરા મરણ રૂપ ભયંકર મોજાંથી વ્યાપ્ત સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા ભવ્યોના સમૂહને ધર્મરૂપી પ્રવહણદ્વારા શિવપુરીએ પહોંચાડે છે, માટે તેઓ નિર્યામક કહેવાય છે. વળી તેઓ મહાધર્મકથક પણ કહેવાય છે.' સદ્દાલપુત્ર બોલ્યો; 'તે કેવી રીતે?' ગોશાળક બોલ્યો, 'મહાપાપમાં અનુરક્ત એવા સર્વ જીવોની આગળ જીવોના નિસ્તરણ માટે તેઓ ધર્મકથા કહે છે તેથી તેઓ મહા ધર્મકથક પણ કહેવાય છે.'

સદ્દાલપુત્ર ગોશાળકના મુખથી ત્રિશલાનંદન શ્રી મહાવીર સ્વામીનું કીર્તન સાંભળી તેના પર પ્રસન્ન ચિત્તવાળો થઈ બોલ્યો; 'હે ગોશાળક! તું સર્વશાસ્ત્રનો જાણકાર છે. સર્વકળામાં કુશળ છે—વિચક્ષણ છે. પંડિત છે લક્ષ્યને પ્રાપ્ત કરનારો છે. ઉપદેશ વિષયમાં ચતુર છે. તેમ જ તું આ

સંસારમાં પ્રસિદ્ધ છે. માટે હે ગોશાળક ! તું મારા ધર્માચાર્ય જોડે વિવાદ કરી તેમને નિરૂત્તર કર. જો વિવાદમાં તું જીતીશ તો હું તારા મતને અનુસરીશ.' ગોશાળક બોલ્યો, 'તે જિનેન્દ્ર અનંત શક્તિશાળી છે. હું અલ્પશક્તિ ધરાવનાર તે વીર જોડે શું વાદ કરવાનો હતો અર્થાત્ હું અસમર્થ છું, શ્રી વીર સર્વજ્ઞ છે.—હું અલ્પજ્ઞ મૂર્ખ છું. તેમના પ્રશ્નોના ઉત્તર હું શી રીતે આપી શકું ? કેમકે બગલું પોતાની સર્વશક્તિ એકઠી કરીને ચાલે તો પણ હંસની ગતિને પ્રાપ્ત કરી શકતું નથી. અરે ! સૂર્યની સામે દીપક શું કરી શકે ?' તે સાંભળી સદ્દાલપુત્રે કહ્યું, 'ગોશાળક ! તું શ્રી વીર પ્રભુના સત્ય ગુણોનું કીર્તન કરે છે માટે હું તને સંથારા શય્યાદિ માટે નિમંત્રિત કરું છું.' એમ કહી સદ્દાલપુત્રે એક શાળામાં ઉતારો આપી સંથારા, પીઠફલક, શય્યા ઇત્યાદિ ઉપયોગી વસ્તુઓ આપી.

શાળામાં રહી ગોશાળક યુક્તિ—હેતુ આદિથી પોતાના મતનો પ્રચાર કરવા લાગ્યો. પરંતુ તે સદ્દાલપુત્રના ચિત્તને જિનધર્મથી જરાયે ચલાવી શકયો નહીં. તેને જિનપ્રણીત ધર્મમાં અત્યંત અનુરક્ત જાણી ગોશાળક ત્યાંથી અન્ય સ્થાને જતો રહ્યો. ઉત્તમ પ્રકારે જિનધર્મ આરાધતાં સદ્દાલપુત્રે ચૌદ વર્ષ વ્યતીત કર્યા. પંદરમા વર્ષની અડધી રાતે તે વિચારવા લાગ્યો કે; હવે હું મોટા પુત્રને ગૃહભાર સોંપી અગિયાર પડિમા આરાધું. આયુષ્યનો ભરોસો નથી. શી ખબર કયારે કાળ કોળિયો કરી જાય. એમ વિચારી તેણે સવારમાં પોતાના આખા કુટુંબને તેડાવી ભોજન વગેરેથી ભક્તિ કરી અને તેઓના

સામે ઘરનો બધો ભાર મોટા પુત્રને સોંપી પોતે પૌષધશાળામાં આવ્યો. જયણાપૂર્વક પ્રમાર્જના કરી, દર્ભના સંથારા પર બેઠો અને ભાવપૂર્વક સર્વ વ્રતોનું સમ્યક્ સ્મરણકરી વિધિપૂર્વક શ્રાવક પડિમા આરાધવા લાગ્યો. એક દિવસ તે નાકના અગ્રભાગ પર નેત્રને સ્થાપી ધ્યાનમાં બેઠો હતો. એવામાં હાથમાં ઉઘાડી તલવાર ધારણ કરતો કોઈ દેવ બોલ્યો, 'હે સદ્દાલપુત્ર! જો તું સ્વર્ગ થતાં અપવર્ગનાં સુખો ઇચ્છતો હો તો આ તપસ્યા કાયોત્સર્ગ આદિ કષ્ટ ન કર. વ્રતોને પડતા મૂક અને ઘેર જઈ ભોગોને ભોગવ. જો મારું કહેવું નહિ માને તો તારા પુત્રોને મારી તેના લોહીથી તને નવરાવીશ, આમ કરવાથી આર્તધ્યાનમાં પડી અકાળે મરી દુર્ગતિમાં જઈશ.' કાનમાં તપ્ત ધાતુ રેડાવા જેવા આ શબ્દો સાંભળવા છતાં સદ્દાલપુત્ર મેરુ જેમ નિશ્ચય થઈ ધર્મ ધ્યાનથી ચલિત ન થયો, તે જોઈ ક્રોધ પામેલો દેવ સદ્દાલપુત્રના મોટા પુત્રને ઉપાડી લાવ્યો, અને તેને ચીરી તેના રુધિર વડે સદ્દાલપુત્રને સ્નાન કરાવ્યું. સદ્દાલપુત્રને નિશ્ચલ જાણી. તેણે ક્રમે કરી તેના બીજા, ત્રીજા અને ચોથા એમ ચારે પુત્રોને ચીરી નાખી તેનું રુધિર સદ્દાલપુત્ર પર ચઢાવ્યું. હજી પણ આ ચલિત થયો નથી એમ જાણી દેવ બોલ્યો: 'હે મૂઢ! મારું કહ્યું માન, નહીં તો હું તો તારી સ્ત્રીને પણ અહીં લાવી આવા જ હાલ કરીશ. જ્યારે દેવ આમ બે ત્રણ વખત બોલ્યો ત્યારે સુદ્દાલપુત્ર વિચારવા લાગ્યો; 'અરે! આને પહેલાં તો મારા પુત્રોને મારી નાખ્યા. હવે ધર્મમાં સહાયક એવી મારી ભાર્યાને પણ મારવા ઇચ્છે છે. માટે આ પાપી દુષ્ટાત્માને હું બતાવું છું. એમ વિચારી તેને પકડવા દોડ્યો.

તે જોઈ દેવ વીજળી વેગે ગગન માર્ગે ગમન કરી ગયો. આ કોલાહલ સાંભળી સદ્દાલપુત્રની પત્ની ત્યાં આવી પૂછવા લાગી; 'હે સ્વામિન્! તમે શા માટે કોલાહલ કરો છો?' સદ્દાલપુત્રે જે બન્યું હતું તે જણાવ્યું. તે બોલી, 'હે આર્યપુત્ર! કોઈ દેવે તમને ઉપસર્ગ કર્યો જણાય છે. આપણા બધા પુત્રો સુખેથી સૂતા છે. હવે ખંડિત વ્રતવાળા તમે ગુરુ પાસે જઈ આલોચના લ્યો.' પછી સવારે તે ગુરુ પાસેથી આલોચના લઈ શુદ્ધ થયો.

વીશ વર્ષ સુધી, વીર પ્રણીત ધર્મને આરાધી અનશન પૂર્વક કાળ કરી પ્રથમ દેવલોકે અરુણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો મહા સમૃદ્ધિશાળી દેવ થયો.

હવે શ્રી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછયું. 'હે ભગવંત! તે સદ્દાલપુત્ર ત્યાંથી ચ્યવી કયાં જશે?' પ્રભુ બોલ્યા, હે ગૌતમ! તે ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં મુક્ત થશે. આવી રીતે સદ્દાલપુત્રના ચરિત્રને સાંભળી જમ્બૂસ્વામીએ પરમ સંવેગને પ્રાપ્ત કર્યું.

ઈતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના
શિષ્ય રાજકીર્તિ ગણીની રચેલી ગદ્યબંધ
વર્ધમાન દેશનાનો શ્રી સદ્દાલપુત્ર
શ્રાવક પ્રતિબોધક નામક
સાતમો ઉલ્લાસ
સમાપ્ત

ઉલ્લાસ આઠમો



મહાશતકનું ચરિત્ર

શ્રી સુધર્માસ્વામી શ્રી જમ્બૂસ્વામીને મહાશતક શ્રાવકનું ચરિત્ર કહે છેઃ આ ભરતક્ષેત્રમાં મગધ દેશનું પાટનગર, **રાજગૃહી** નામે નગરી છે. મગધની મહિમાવંતી ગાદી પર **જિનભક્ત** મહારાજા **શ્રેણિક** રાજ્ય કરતા હતા. તેમને **સુનંદા** પટ્ટરાણી સિવાય બીજી પણ અનેક દેવાંગનાઓને હસી કાઢે તેવી રાણીઓ હતી. ત્યાં અતિ રમણીય **ગુણશીલ** નામનું એક ચૈત્ય છે. ત્યાં જ અત્યંત ધનાઢ્ય **મહાશતક** નામનો **ગૃહપતિ** વસતો હતો તેને સૌભાગ્યવંતી રૂપલક્ષ્મીથી દેવાંગનાને જીતનારી **રેવતી** આદી તેર સ્ત્રીઓ હતી. વળી તેને આઠ–આઠ ક્રોડ સુવર્ણ દ્રવ્ય વ્યાજ–વ્યાપાર અને ભૂમિમાં નિધાન રૂપે રોકાયેલું હતું, અને આઠ ગોકુળ પણ તેને હતા. ઈત્યાદિ ઘણી સમૃદ્ધિ તે પુણ્યાત્માને હતી.

રેવતી એના પિયરથી આઠક્રોડ સુવર્ણદ્રવ્ય અને આઠ ગોકુળ લાવી હતી, બાકીની બારે સ્ત્રીઓ એકેક ક્રોડ સોનામહોરો અને એકેક ગોકુળ લાવી હતી. મહાશતક

પોતાની તેર સ્ત્રીઓ સાથે અનેક પ્રકારના સંસાર સુખો સેવતો, આયુષ્ય ટુંકાવતો હતો. એક અવસરે સુરાસુરથી સેવિત પદ્મપંકજવાળા અષ્ટ મહાપ્રાતિહાર્યોથી શોભિત ઉત્તમ શ્વેત ચામરયુગ્મથી વીંઝાતા, જેમના મસ્તકે સુવર્ણ મણિમય ત્રણ છત્ર વિરાજે છે અને જેઓની આગળ ધર્મચક્ર ચાલે છે એવા શ્રી **વીરજિનેન્દ્ર** રાજગૃહીના ગુણશીલ ચૈત્યમાં સમોસર્યા. તે વખતે દેવો, સેંકડો શ્રેષ્ઠ વિમાન, દિવ્ય મનોહર સુવર્ણમય રથો, અને સેંકડો ઘોડાઓનો સમૂહ સાથે આકાશ પ્રદેશથી ઊતરવા લાગ્યા. ત્વરાથી ઊતરવાને લીધે જેઓના કર્ણ કુંડલ–બાજુબંધ અને મુકુટો ચંચલ બન્યા છે. જેઓના અંગો ઉત્તમ જાતિના સુવર્ણ–રત્નથી બનેલા પ્રકાશિત અલંકારો વડે દેદિપ્યમાન છે. જેઓના ગાત્ર ભક્તિભાવથી નમેલાં છે, જેઓ બે હસ્ત જોડી અંજલિપૂર્વક પ્રણામ કરી રહેલા છે. જેઓ પરસ્પર વૈર વૃત્તિથી મુક્ત અને ખૂબ ભક્તિવાળા છે. તેવા સુરાસુરોના સમુદાયથી તેમજ ગગનગામિની મનોહર હંસલી જેવી સુંદર ગતિએ ચાલનારી પુષ્ટનિતંબ અને ભરાવદાર સ્તનો વડે શોભતી કળાયુક્ત–ખીલેલા કમળ પત્ર જેવાં નયનો વાળી, રત્ન અને સુવર્ણમય ઝૂલતી, કટિમેખલાઓથી શોભાયમાન નિતંબ–પ્રદેશવાળી, ઉત્તમ પ્રકારના ઝાંઝરિયાળા નૂપુરો. અને ટીપકીવાળાં કંકણ પ્રમુખ આભૂષણોને ધારણ કરનારી, ચતુર પુરુષોના મનને મોહ પમાડનારી, કાજળ આંજેલા નયનોવાળી, ભાલપ્રદેશ પર તિલક વગેરે શૃંગારથી પ્રીતિ ઉપજાવનારી. પ્રમાણોપેત અંગોપાંગવાળી દેવાંગનાઓ આકાશ પ્રદેશથી ઉતરી, પ્રભુને ફરી ફરી વાંદી પોતાના ભવનમાં પાછી ફરવા લાગી.

વનપાલકના મુખથી આનંદદાયક વધામણી સાંભળી પ્રસન્ન ચિત્તવાળા શ્રેણિકરાજા ચારે પ્રકારના સૈન્ય યુક્ત અનેક પ્રકારના વાજિંત્રોના નાદ સાથે મસ્તક પર પવિત્ર છત્ર ધારણ કરતા જિન શાસનની શોભાને વધારતા ઉત્સવોત્સાહ શ્રી વીરને વાંદવા ઊપડ્યા. સાથે નગર નિવાસી નર નારીઓ પણ હર્ષાવેશમાં સર્વ કાર્ય પડતું મૂકી પ્રભુ પાસે આવ્યાં. શ્રેણિક પ્રમુખ સર્વ નરનારીઓ પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક પંચાંગ પ્રણિપાત કરી યથોચિત સ્થાને બેઠાં. મહાશતક પણ પ્રભુવંદન માટે ત્યાં આવી વિધિપૂર્વક વાંદી યોગ્ય જગ્યાએ બેઠો.

તે સમયે ત્રિભુવનનાથ શ્રી વીર વીતરાગે અભિલાષાને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ તુલ્ય અમૃત વાણીથી ભવ્યોને સંબોધી ધર્મ દેશના આપી. હે ભવ્ય જીવો ! આ સંસારમાં સંયોગ વિયોગ, આપત્-સંપત્, ભોગ-રોગ, ધન, સુખ-દુઃખ, યૌવન-જરા જન્મ-મૃત્યુથી સર્વ જીવોને વ્યાપ્ત જાણી નિત્ય સુખ પ્રાપ્ત કરવા માટે તમે ધર્મ આરાધો, તે પણ શુભ ભાવે લુખો નહીં. શુભ ભાવના તે શિવનિલયના સોપાન તુલ્ય છે. ભાવના યુક્ત ધર્મને જે જીવ આરાધે છે. તે **અસમંતકની** જેમ મુક્તિ પુરીમાં જઈ વસે છે. તે સાંભળી શ્રેણિક રાજાએ પૂછ્યું; હે સ્વામિન્ ! તે અસમંતક કોણ હતો ? શી રીતે તેણે ભાવના ભાવી અને કેવી રીતે નિબિડ કર્મથી છૂટી મુક્તિને પામ્યો ?

પ્રભુ બોલ્યા, હે શ્રેણિક ! સાંભળઃ—

અસમંતકની કથા

રત્નપુર નામના નગરમાં **અરિમર્દન** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **લલિતાંગ** નામનો પુત્ર હતો. તે જિનશાસ્ત્રના તત્ત્વનો જાણકાર હતો. એક વખત તે વસંત કાળમાં ક્રીડા કરવા સંચર્યો. ત્યાં તેણે ક્રીડનકાજે આવેલી મંત્રીભાર્યાને જોઈ. પરસ્પર એકબીજાને જોઈ તે બન્ને મદનબાણે વીંધાયા. "કામબાણના જખ્મને દુનિયાના કોઈ ઉપચાર કામ નથી આવતા, તેઓ પરસ્પર જ એક બીજાના વૈદ્ય અને ઔષધ છે."

કુમારે પોતાના મિત્રને પ્રધાનપત્ની પાસે મોકલી સંદેશો પાઠવ્યો કે, "હે મૃગલોચને! હે કૃષોદરી અને પુષ્ટ પયોધરી! હું તારા વગર એક ક્ષણ પણ જીવિત રહી શકું તેમ નથી. માટે હે સુભગે! આપણા બન્નેનો સંગમ શી રીતે થશે?" તે સાંભળી હર્ષથી પુલકિત વદનવાળી, અસીમ આનંદ અનુભવતી અમાત્યઅંગના બોલી; હે સુંદર! મારા ઘેરથી હું એક ક્ષણ પણ બહાર નીકળી શકું તેમ નથી, કારણ કે અત્યંત ઈર્ષ્યાળું અને અવિશ્વાસુ એવો મારો પતિ મને જરાયે છૂટી નથી મુકતો. ઘર બહાર પણ નીકળવા દેતો નથી; પરંતુ આપણા સંગમનો એક દુઃસાધ્ય ઉપાય છે, તે એ કે "મારા ઘર પાસે એક કૂવો છે, ત્યાંથી તમે તમારા આવાસ પર્યંતની સુરંગ કરાવી આપના સેવકો તેમાં ગોઠવજો, ત્યારબાદ હું કુટુંબ સાથે કલેશ કરી કૂવામાં ઝંપલાવીશ. તે સમયે તમારાથી સંકેત પામેલા સેવકો મને

ઝીલી લેશે, અને સેવકો દ્વારા સુરંગમાર્ગથી હું તમારા ભવને આવીશ.” એ, મારા પ્રાણેશ ! એમ થવાથી આપણો સંગમ થશે.....

મિત્ર મુખથી મંત્રીભાર્યાનો સંદેશો સાંભળી કુમારે સુરંગ બોદાવી, પોતાના માણસો તેમા ગોઠવી દીધા. અહીં મંત્રી પત્ની પણ કુટુંબ જોડે કૃત્રિમ કલેશ કરી કોઈ ન દેખે તેમ કૂવામાં પડી. ત્યાં રહેલા કુમારના માણસોએ તેને ઝીલી અને કુમારને સમર્પિત કરી. અહીં મંત્રીએ અનેક તરનારાઓને કૂવામાં ઉતારી પત્નીની તલાશ કરાવી, પણ કયાંય પત્તો ન લાગ્યો. આ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ, ક્રમશ : તે વૃત્તાન્તને રાજાએ પણ જાણ્યું, તેથી રાજાએ સેવકોને આદેશ કર્યો કે, “ હે સેવકો ! આ દુષ્ટાત્મા મંત્રીએ સ્ત્રીહત્યા કરી છે, માટે તેનું સર્વસ્વ લૂંટી કારાગૃહમાં કેદ કરો. ” સેવકોએ પણ એ પ્રમાણે કર્યું. તેથી તે બહુ વિટંબણા પામ્યો. મંત્રીની આવી દુર્દશાને જાણી કુમાર વિચારવા લાગ્યો. ઓહો, મને ધિક્કાર છે ! વારંવાર ધિક્કાર છે ! ! આ બધા કાર્યનું કારણ હું જ છું. મારા લીધે જ બિચારા મંત્રીની દુર્દશા થઈ છે. અહો ! મેં આ કાર્ય બહુ અનુચિત કર્યું. આ સંસારમાં સ્ત્રીઓનો શો વિશ્વાસ ! જેમ મંત્રીને મૂકી મારી પાસે આવી તેમ મને મૂકી બીજાને નહીં ગ્રહે એની શી ખાત્રી. શું સબૂત ? કદાચ, મને મૂકી ન જાય છો તો પણ મારે આ ઘરનું, આ સંસારનું કાંઈ પ્રયોજન નથી. સ્ત્રી જાળમાં સપડાયેલો માનવી કરોળિયાની જાળમાં માખીની જેમ ફસી જાય છે. “ સ્ત્રીના ગાઢ ચરિત્રનો પાર બ્રહ્મા પણ પામી

શકતો નથી.” એમ વિચારી કુમાર કોઇને કાંઈ પૂછ્યા વગર યુવરાજ પદને મૂકી તરત નગરમાંથી નીકળી ગયો.

હવે તે એકલો વનમાર્ગે આગળ જતો હતો, તેવામાં એક વૃક્ષ નીચે કોઈ મુનિરાજને જોયા, તેમને નમસ્કાર કરી તેમની સામે બેસી વૈરાગ્યવાસિત હૃદયવાળો કુમાર બોલ્યો; “ હે ભગવન્ ! ભવમહોદધિમાં ડૂબતા એવા મને પરમાર્થોપદેશ આપી તારો. ” મુનિએ પણ તેને યોગ્ય જાણી મુનિ ધર્મનો ઉપદેશ આપ્યો. તે સાંભળી પ્રતિબોધ પામેલા કુમારે પ્રવજ્યા લીધી. વિશુદ્ધ ક્રિયાથી યુક્ત ઘોરતપસ્યા કરતા અને અપ્રતિબદ્ધપણે વિચરતા તેઓ **ક્ષેમપુર** નગરના ઉદ્યાનમાં નદીકાંઠે કાયોત્સર્ગે રહ્યા.

અહીં તે નગરમાં જ અસમંતક નામનો નાસ્તિક વસતો હતો. તે માતાપિતા, ભાઈ, ગુરુ, દેવ, જીવ, પુણ્ય, પાપ, નરક, મુક્તિ આદિ કાંઈ પણ માનતો નહોતો. તે અત્યંત વાચાળ હોવાને લીધે દેવ–ગુરુનું ઉત્થાપન કરી હૃદયમાં ગર્વ ધારણ કરતો.

જે દિવસે લલિતાંગમુનિ નદીતટ પર કાઉસગ્ગધ્યાને રહ્યા, તે જ દિવસે પૂર આવ્યું,–જળવૃદ્ધિ થઈ. તે અગાધ જળમાં વૃક્ષ આદિ બધું ડૂબી ગયું, ચારે બાજુ પાણી પાણી જ્યાં જુઓ ત્યાં જળ બંબાકાર: પરંતુ તપપ્રભાવથી તે મુનિ જેમ જળમાં કમળ ન ડૂબે તેમ ન ડૂબ્યા. મુનિવરનો આવો પ્રભાવ જાણી નગરજનો પરસ્પર આ પ્રમાણે બોલવા લાગ્યા, અહો ! અદ્‌ભુત આશ્ચર્ય ! મુનિ આ જળમાં તણાયા

તો નહિ, પણ ડૂબ્યા યે નહીં. નિશ્ચય, આ પ્રભાવ તેમની તપશ્ચર્યાનો જણાય છે. એમ વિચારી નાગરિકો મુનિના વંદના, પૂજા, સત્કાર–સન્માન આદિ કરવા લાગ્યાં, તેમના પર અપૂર્વ શ્રદ્ધા હોવાને લીધે મુનિની ચરણરજને શરીરે ચોળવાથી રોગીઓ નિરોગી થયાં. એવી રીતે મુનિનો મહિમા આખા નગરમાં વ્યાપી ગયો. મુનિપ્રભાવના માહાત્મ્યને જાણી તે નાસ્તિક શિરોમણિ અસમંતક ઇર્ષ્યાથી વિચારવા લાગ્યો, આ લોકોનુ માનવું અસત્ય છે, આવું તે હોતું હશે? એમ વિચારી તે દુષ્ટાત્માએ રાત્રિ સમયે નદીકાંઠે આવી કાયોત્સર્ગમાં રહેલા મુનિના પગ સાંકળ વડે બાંધી, તેમની આજુબાજુ સૂકા કાષ્ઠ ગોઠવી દીધાં, અને તેમાં અગ્નિ ચાંપી પોતે દૂર જતો રહ્યો. થોડીવારે ચિતાએ ચંડીનું રૂપ લીધું. તડ–ફડ એવા અવાજ કરતાં લાકડા બળવા લાગ્યાં. આજુબાજુનું ઘાસ વૃક્ષ આદિ બધું બળી ગયું, પરંતુ જેમ અગ્નિમાંથી સુવર્ણ વધારે કાંતિને પ્રાપ્ત કરીને નીકળે તેમ તપ પ્રભાવથી મુનિરાજનું એક રૂવાડું સરખું પણ ન બળ્યું. તેમની નિર્મળ કાયા શાંત મુદ્રાએ શોભવા લાગી. આશ્ચર્યપૂર્ણ ઘટના જોઈ અસમંતક વિચારવા લાગ્યો; અહો! અદ્‌ભુત આશ્ચર્ય! અગ્નિ પણ આમને કાંઈ ન કરી શકી. નિશ્ચય, આ પ્રભાવ તપસ્યાનો છે એમ વિચારી તે મુનિ પાસે આવી તેમના પગ છોડી ક્ષમા યાચવા લાગ્યો. મુનિચરણમાં પડેલો અસમંતક વિચારવા લાગ્યો ખરેખર, દરેક વિઘ્નોને દૂર કરવા માટે કોઈ પણ રસાયણ હોય તો તે તપસ્યા છે. આ જગતમાં જેટલા સુખકારી પદાર્થ છે તે સર્વે તપસ્યા–તપ કરવાથી જ મળે છે. જે જીવો પૂર્વ ભવમાં તપ નથી કરતા તેઓ પર-

ભવમાં દુઃખી અને જે તપસ્યા કરે તેઓ સુખી થાય છે. પુણ્યથી જીવ સ્વર્ગમાં જાય છે. ત્યાં દેવના સુખો ભોગવી ફરી મનુષ્યપણું પામી ધર્મારાધન કરી મુક્ત થાય છે. આમ તત્ત્વવિચાર કરતો તે શુકલધ્યાનારૂઢ થયો. શુભ ધ્યાનરૂપ અગ્નિ વડે તેણે ઘાતીકર્મરૂપ કાષ્ઠને ભસ્મીભૂત કર્યા. તેથી અપ્રતિપાતિ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તુરત દેવોએ મુનિવેશ આપ્યો. દેવરચિત સુવર્ણ–કમળ પર બેસી અસમંતક કેવળીએ ભવ્યજીવોને દેશના આપી, અને ભવ્યજીવોને ધર્મ માર્ગમાં દૃઢ બનાવ્યા. આવી રીતે જે મનુષ્ય શુભ ભાવના ભાવે છે. તે ભવસાગરને પાર કરી કેવળ કમળા પ્રાપ્ત કરી મુક્તિનિલયમાં વાસ કરે છે.

॥ ઈતિ અસમંતક કથા સમાપ્ત ॥

પ્રભુ મુખથી ધર્મ દેશના સાંભળી સંવેગ પામેલા મહાશતકે બાર પ્રકારનો શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પરિગ્રહ પ્રમાણ આદિ નિયમ કરી પ્રભુને વાંદી શ્રેણિકરાજા સાથે મહાશતક નગરમાં પાછો ફર્યો. શાસન નાયક પણ ભવ્યજીવોના હૃદયમાં બોધિ બીજનું આરોપણ કરી અન્યત્ર વિહાર કરી ગયા.

હવે એક દિવસ મહાશતકની મોટી સ્ત્રી રેવતી વિચારે છે કે "મારું આ નવયૌવન વનકુસુમની જેમ નિરર્થક જાય છે. મારી બાર શૌકયોને લીધે મને તેરમા દિવસે જ વિષય-સુખ ભોગવવા મળે છે. જો તેમને કોઈ ઉપાયે મારી નાખી હોય તો નિરંતર પતિનો સહવાસ મળે અને રોજ વિષય ક્રીડા કરાય. આવી રીતે વિષયવિલાસમાં મારું યૌવન સફળ થાય," એમ વિચારી કામાતુર દુષ્ટાએ ક્રમે કરી છ શૌકયોને

વિષપ્રયોગે અને છ શૌકયોને અગ્નિ–શસ્ત્રપ્રયોગે મારી નાખી. તેમની સંપત્તિ પણ તે દુષ્ટાએ કબ્જે કરી. "આ વિશાળ વિશ્વમાં એવું કોઈ અકૃત્ય નથી. જેને કામાતુર સ્ત્રીઓ ન કરતી હોય!" કહ્યું છે કેઃ––

अनृतं साहसं माया, मूखत्वमतिलोभता ॥
अशुचित्वं छलं सप्त, स्त्रीणां दोषाः स्वभावजाः ॥ १ ॥

અર્થઃ—અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા, અત્યંત લોલુપતા અશુચિતા અને કપટ આ સાતે દોષ સ્ત્રીઓને સ્વાભાવિક જ હોય છે.

હવે તે રેવતી મહાશતકની સાથે હૃષ્ટ થઈ, યથેચ્છ વિષય સુખોને સેવતી રહેવા લાગી. પાપાચારની બુદ્ધિવાળી તે દિવસ–રાત મદ્ય–માંસનું ભક્ષણ કરતી. જિનભક્તિમાં તત્પર એવા મહારાજા શ્રેણિકે **'અમારી'** પડહ વગડાવ્યો હતો કે, "હે લોકો! જે પુરુષ યા સ્ત્રી જીવ વધ કરશે તેને મહારાજા શ્રેણિક મોટો દંડ કરશે." તે જાણતી હોવા છતાં માંસમાં લોલુપ રેવતી ગુપ્ત રીતે ગોકુળમાંથી બે વાછરડાને પ્રતિદિન મારી મંગાવતી. તેના માંસને ઉગ્ર ઔષધી–મસાલાથી પકાવતી અને પ્રીતિ પૂર્વક ખાતી. માંસ મદિરાના ભક્ષણથી તેની વિષયવાસના વધારે પ્રદીપ્ત થવા લાગી. તે અકાળે પણ વિષય સેવતી સમય વિતાવવા લાગી.

અહીં મહાશતકે સમ્યક્ પ્રકારે ધર્મારાધન કરતાં ચૌદ વર્ષ વ્યતીત કર્યાં. પંદરમા વર્ષની રાત્રે ધર્મ જાગરણ કરતો મહાશતક વિચારવા લાગ્યો. હજી સુધી મેં બહુ ધન

ઉપાર્જ્યુ, મારા બાંધવોને સંતોષ્યા. સતત પાંચ પ્રકારના વિષય સુખોનો ઉપભોગ કર્યો. સુપાત્રે દાન દીધું અને દીન દુઃખીઓનો ઉદ્ધાર કર્યો. હવે મારા પુત્રો પણ ગૃહભાર વહાવાને સમર્થ થયા છે. માટે મારે શ્રાવક પડિમા આરાધવી જોઈએ. એમ વિચારી તે પોતાના જ્યેષ્ઠપુત્રને કુટુંબનો ભાર સમર્પિત કરી પૌષધ શાળાએ આવ્યો. ત્યાં રૂડી રીતે પ્રમાર્જન કરી દર્ભસંથારા પર બેસી તેણે પડિમાતપ આરંભ્યું.

હવે અતિ મદ્યપાન કરવાથી મદોન્મત થઈ કામાતુર થયેલી રેવતી વિખરાયેલા વાળે વ્યાકુળ થતી મહાશતક પાસે આવી અને શૃંગારમય કામોત્પાદક વચનો બોલવા માગી, "હે પ્રાણેશ! તમે પ્રાપ્ત થયેલા વિષય સુખોને છોડી મૂર્ખની જેમ વ્યર્થ શા માટે કાયકલેશ કરો છો? તમે દેવાદ્રિ સુખને પ્રાપ્ત કરવા જે ઘોર તપસ્યા કરો છો તે તો કુદરતે તમને અહીં જ આપ્યું છે. જે મોક્ષ સુખની તમે ઇચ્છા રાખો છો, પરંતુ સુવર્ણ વર્ણ શરીરવાળી, ઉચ્ચ અને કઠણ સ્તનવાળી, પુષ્ટ નિતંબબિંબથી વિભૂષિત અને કેળના થડ જેવી સુદૃઢ જાંઘવાળી કોઈ કામિની ત્યાં નથી. મૃદંગ વીણા વેણુ આદ્રિથી ઉપલક્ષિત નાટક પણ ત્યાં નથી. ઘી સાકરથી ભરપૂર મોદક પ્રમુખ ખાદ્ય પદાર્થ પણ ત્યાં નથી. વળી જોવા લાયક પદાર્થોમાં મૃગનયની સ્ત્રીઓનું પ્રેમ પ્રસન્ન મુખ એ જ ઉત્તમ કહ્યું છે. આવી કોઈ વસ્તુ મોક્ષમાં તો છે જ નહીં, તો પછી શા માટે ઉપાધિ લઈ બેઠા છો? હે નાથ! જ્યાં પ્રિયંગુના વર્ણવાળી સ્ત્રીઓ નથી અને તેમનું

બંધન નથી. તે મોક્ષ જ ન કહેવાય. વળી સોળ વર્ષની સુંદરી અને પચ્ચીસ વર્ષનો પુરુષ આ બન્નેની જે ગાઢ પ્રીતિ તે જ સ્વર્ગ કહેવાય. માટે આ વ્રતોને પડતાં મૂકી મારી સાથે સર્વ પ્રધાન એવા વિષય સુખ સેવો, કેમકે લોકોમાં આપણા જેવો સંયોગ મુશ્કેલ છે." આવી રીતે બોલતી હાવભાવ દેખાડતી, દીર્ઘ કટાક્ષો ફેંકતી રેવતી મહાશતક પાસે આવી ઊભી રહી. સ્ત્રીના વિકારી વચનો સાંભળ્યા છતાં મહાશતક શ્રાવક નિશ્ચળ થઈ એકાગ્ર ચિત્તે ધ્યાનમાં મગ્ન થયો. તે જોઈ રેવતીએ ફરી બે ત્રણ વખત કહ્યું તો પણ મહાશતકનું મન વિકારમાર્ગે ન ગયું, કેમકે જિન વચનને પામેલા પુરુષનું હૃદય ઉત્તમ રૂપવાળી કોઈ સ્ત્રી પણ હરણ કરી શકતી નથી. પોતાના વચનથી મહાશતકને કાંઈ અસર થઈ નથી એમ જાણી કંટાળેલી રેવતી પોતાના ઘરે પાછી આવી.

ક્રમે કરી મહાશતક પણ વિધિપૂર્વક પડિમાઓને આરાધતો ક્ષીણ શરીરવાળો થયો. શરીરને અત્યંત દુર્બળ જાણી મહાશતકે સંલેખણા પૂર્વક અનશન સ્વીકાર્યું. અશુભ ધ્યાન મૂકી શુભ ધ્યાન ધ્યાતાં તેને આણંદની જેમ અવધિજ્ઞાન થયું.

એવામાં ફરી મદ્યપાન કરી મદોન્મત થયેલી રેવતી આવી અને મહાશતક પ્રતિ કામને ઉદ્દીપન કરનારા વચન બોલવા લાગી, હે પ્રાણનાથ ! આપના વિનયવાન પુત્રો હજી લઘુ વયના છે, તેમજ હું પણ યૌવનવંતી છું.

કામદેવ હજી મને મૂકતો નથી. આ અંગનાને હજી અનંગ બહુ સતાવે છે. તમે જ કહો શું પ્રમદાસ્ત્રીઓ પતિ વગર શોભે? મારો અત્યંત વર્તુળ એવો આ સ્તનભાર, ચંચળ નેત્રો, ચલાયમાન ભ્રૂકુટી, જેમાં અધરામૃતનો વાસ છે એવું, સોળે કળાએ ઉગેલા ચંદ્રની કાંતિને પણ ઝાંખી પાડે એવું અને સરલ આકૃતિવાળું મારું મુખકમળ, કામિની રૂપી વનના પર્વત જેવા માંસળ નિતંબ, પુષ્ટ જંઘા અને ખણુખણાટ કરી રહેલાં મારા વલયોના અને મેખનાના ઝમકારથી તથા નૂપુરના શબ્દથી તમને ભલે કાંઈ થતું ન હોય, પણ ઉપર જુઓ તો મેઘનો ઘાટો સમુદાય છે. આડું જુઓ તો જેમાં મયૂરો નાચે છે તેવા પર્વતો છે, અને પૃથ્વી પણ નવાંકુરોથી ધોળી છે. તે વખતે મારે શું કરવું? મારાથી કામપીડા સહન થતી નથી. માટે મારા પર કૃપા કરી અનશન ત્યજી મને ભોગવો. જેથી મને શાંતિ મળે. સ્વર્ગ અને અપવર્ગનું સુખ કોણે જોયું છે? નિશ્ચય, તમને કોઈ ધૂતારાએ ધૂત્યા છે. હું છતાં નાથે અનાથ છું, મારું યૌવન વનકુસુમની જેમ ઉપભોગ વગર સુકાય છે. તમે મારી પાસે જ છો છતાં ઘણા છેટાં છો. માટે હે નાથ! કામાગ્નિથી બળતી એવી મને આપના સંગમરૂપી જળથી સીંચો. ઇત્યાદિ રેવતીએ ઘણી પ્રાર્થના સાથે કામોત્તેજિત શૃંગારમય શબ્દો કહ્યા. તે સાંભળતા છતાં મહાશતક ધર્મધ્યાનથી ચલિત ન થયો. જ્યારે રેવતી ફરી બે ત્રણ વાર શૃંગારથી અલંકૃત કઠોર શબ્દો બોલી ત્યારે ક્રોધ પામેલો મહાશતક અવધિજ્ઞાનથી તેનું સ્વરૂપ જાણી આ પ્રમાણે બોલ્યો, "અરે દુષ્ટા! પાપિષ્ઠા! તારા પાપકર્મો તને આજથી સાતમે દિવસે

વિસૂચિકા (ઝાડા)ના રોગના નિમિત્તથી નરકમાં ઘસડી જશે. તું રત્નપ્રભા પૃથ્વીના લોલક નામક નરકાવાસમાં નારકીપણે ઉત્પન્ન થઈ બહુ વેદના વેદીશ. નિજ વલ્લભના આવા વચનો સાંભળી ભય પામેલી રેવતી પોતાના ઘેર આવી વિચારવા લાગી, હાય! હાય!! મારા પતિ મહાશતક ધર્મ-ધ્યાનથી ચલાયમાન ન થયા. મારા પર ક્રોધ પામેલા તે મને કોઈ પણ ઉપાયે મારશે. હવે હું કોઈ ઉપાયે બચી શકું તેમ નથી. એ પ્રમાણે આર્તધ્યાનમાં પડેલી તે સાતમા દિવસે વિસૂચિકા રોગથી મરી પ્રથમ (રત્નપ્રભા) નારકીમાં ગઈ.

અહીં શ્રી વર્ધમાન જિનેન્દ્ર પણ વિહાર કરી, રાજ-ગૃહી નગરીના ગુણશીલ ચૈત્યમાં સમોસર્યા. શ્રેણિકરાય પ્રમુખ નગરનિવાસી પ્રભુને વાંદી યોગ્ય સ્થાને બેઠા. પ્રભુએ પણ મધુર વાણીએ દેશના આપી. દેશનાના અંતે સૌ પર્ષદા પોતપોતાના સ્થાને ગઈ. પ્રભુ ગૌતમસ્વામીને કહે છે, "હે ગૌતમ! આ નગરમાં મહાશતક નામનો શ્રાવકવર્ય વસે છે. ઉપાસક પડિમા આરાધતાં, અને મને સ્મરતા એવા એ ધન્યાત્માએ અનશન લીધું છે. તેની ભાર્યાના કામોદ્દીપક–શૃંગારમય વચનો તેને કાંઈ અસર કરી ન શકયા. તે ધ્યાનમાં મગ્ન રહ્યો, પરંતુ તેણે ક્રોધાવેશે એમ કહ્યું કે, "હે દુષ્ટા! પાપિષ્ઠા! તું આજથી સાતમે દિવસે વિસૂચિકાના રોગથી મૃત્યુ પામી પ્રથમ નારકના વિષે ઉત્પન્ન થઈશ. કિન્તુ હે ગૌતમ! આવા વચન બોલવા તેને યુકત ન હતાં, કેમકે સર્વ જીવ રાશી ખમાવીને અનશન લીધેલા પુરુષે સત્ય હોવા છતાં પણ પરને પીડા ઉપજાવનાર

વચન ન વદવા જોઇએ. તે સત્ય છતાં અસત્ય કહેવાય કહ્યું છે કેઃ—

प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतव्रतमुच्यते ॥
तत्तथ्यमपि नो तथ्य-मप्रियं चाहितं च यत् ॥ १ ॥

અર્થઃ—જે વચન પ્રિય હિતકારી અને સત્ય હોય તે જ સત્યવ્રત કહેવાય, પરંતુ જે અપ્રિય અને અહિતકારી 'સત્ય' હોવા છતાં તે અસત્ય જાણવું. જે વચનથી બીજા જીવો દુઃખ પામે તેવું વચન ધર્માર્થી પુરુષોએ ન બોલવું જોઇએ.

વળી કહ્યું છે કેઃ—

जेण परो दुहिज्जइ, पाणिवहो होइ जेण वयणेण ॥
अप्पा पडइ किलेसे तं णहु जंपंति गीयत्था ॥ २ ॥

અર્થઃ—જે વચનથી પર ને દુઃખ થાય. જે વચનથી પ્રાણીનો વધ થાય, અને આત્મા કલેશ પામે તેવું વચન ગીતાર્થ પુરુષો કદી પણ બોલતાં નથી.

માટે હે ગૌતમ ! તું ત્યાં જઈ તે શ્રમણોપાસક મહાશતકને કહે કે, "તું આ પાપની આલોચના લઇ મિથ્યા-દુષ્કૃત આપ." પ્રભુના વચન અંગીકાર કરી ગૌતમસ્વામી રાજગૃહીની પૌષધશાળામાં આવ્યા. પ્રથમ ગણધરને આવતાં જોઈ હર્ષિત હૈયાવાળા મહાશતકે સામા આવી વંદના કરી આસન વિગેરે આપી ભક્તિ કરી. શાંત અને તેજસ્વી મુદ્રા-વાળા ગૌતમસ્વામીએ મહાશતકને કહ્યું.—"હે શ્રાવકોત્તમ ! વીરજિનેન્દ્ર મારા મુખે તને કહે છે કે, "અણુસણુધારી પુરુષો પારકાને પીડા ઉપજે એવા વાકયો બોલતા નથી. તેં

રેવતીને સત્ય કહ્યું; પણ તે વચન અપ્રિય–પીડાકારી હતું. માટે તું તેને આલોચી મિથ્યાદુષ્કૃત આપ, કેમકે ગુરુ સમક્ષ સર્વ પાપની આલોચના લેનારો પુરુષ સાધુપદને પામે છે. અને આલોચના નહિ લેનારની ગુણપંક્તિ વૃદ્ધિ પામતી નથી. ભગવાન ગૌતમે કહ્યા મુજબ મહાશતકે આલોચના લઈ, ખમાવી, તે નિમિત્તે પ્રાયશ્ચિત કરવા લાગ્યો. અને પાપની શુદ્ધિ કરી.

અહીં ગૌતમસ્વામી પ્રભુ પાસે આવ્યા, એટલે પ્રભુ આ ભવ્યનો ઉદ્ધાર જાણી દેવદાનવોથી પરિવરી અન્યત્ર વિહાર કરી ગયા. તે મહાશતક શ્રાવક વીશ વર્ષ પર્યંત શ્રાવક ધર્મ પાળી, એક માસનું અનશન લઈ શુભધ્યાનપૂર્વક પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતો મૃત્યુ પામ્યો. અને પહેલા દેવલોકના અરુણાવતંસક નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો સમૃદ્ધિશાળી દેવ થયો. ત્યાં તે દિવ્ય નાટક જોતો દેવાંગનાઓ સાથે વિવિધ ક્રીડા કરતો સ્વેચ્છાએ વિહાર કરતો અનેક પ્રકારના સુખો અનુભવતો રહેવા લાગ્યો. કહ્યું છે કે :—

देवाण देवलोए जं सुख्खं तं नरो सुभणिओवि ॥
न भणइ वाससएणंवि, जस्सवि जीहासयं हुज्जा ॥१॥

અર્થ:—દેવલોકમાં રહેલા દેવોને જે સુખ મળે છે, તે સુખને સો જીભવાળો મનુષ્ય સો વર્ષ સુધી કહે તો પણ યથાર્થ વર્ણવી શકે નહીં.


ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે "હે ભગવન્! તે

મહાશતક ત્યાંથી ચ્યવી કયાં જન્મશે ?" પ્રભુ બોલ્યા,— "હે ગૌતમ ! ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે જન્મશે. ત્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવશે." એ પ્રમાણે મહાશતક શ્રાવકનું ચરિત્ર સાંભળી જમ્બૂસ્વામી પરમ સંવેગને પામ્યા.

ઈતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના
શિષ્ય શ્રી રાજકીર્તિ ગણીની રચેલી
ગદ્યબંધ વર્ધમાન દેશનાનો
' મહાશતક શ્રાવક ' પ્રતિબોધ
નામક આઠમો ઉલ્લાસ
સમાપ્ત.



ઉલ્લાસ નવમો



નંદિનીપ્રિય શ્રાવકનું ચરિત્ર

હવે સમગ્ર સિદ્ધાંત પારગામી સુધર્માસ્વામી શ્રી જમ્બૂસ્વામી અગ્રે **નંદિનીપ્રિય** શ્રાવકનું ચરિત્ર કહે છેઃ—

આ ભરતક્ષેત્રમાં જ **શ્રાવસ્તી** નામની નગરી છે, ત્યાં **કોષ્ટક** નામનું અતિ રળિયામણું એક ચૈત્ય છે. ત્યાં પૂર્વે **જિતશત્રુ** નામનો રાજા ન્યાય પૂર્વક રાજ્ય કરતો હતો. તે નગરીમાં સમૃદ્ધિશાળીમાં અગ્રેસર અને જગતમાં વિખ્યાત એવો **નંદિનીપ્રિય** નામક શ્રેષ્ઠી વસતો હતો. તેનું ચાર ચાર કોડ સુવર્ણદ્રવ્ય વ્યાપારમાં, વ્યાજમાં અને ભૂમિમાં નિધાનરૂપે રોકાયેલું હતું. ગાયોના ચાર ગોકુળ સાથે બીજી પણ ઘણી સમૃદ્ધિ એ શ્રેષ્ઠીના ઘેર હતી. નંદિનીપ્રિયને અતિ પ્રિય રૂપ લાવણ્યોપેત અને શિયળ ગુણથી અલંકૃત **અશ્વિની** નામની ભાર્યા હતી. કુટુંબના નાયક એવા એ દંપતી પાંચે વિષયના સુખો ભોગવતાં કાળ સંક્ષેપ કરતા હતા.

એક દિવસ ચરમજિન શ્રી **વર્ધમાનસ્વામી** શ્રાવસ્તી નગરીના કોષ્ટક ચૈત્યમાં સમોસર્યા. જિતશત્રુ નરેશ પ્રમુખ નગર નિવાસી તેમને વંદનાર્થે ગયાં. નંદિનીપ્રિય પણ જિનાગમન સાંભળી પ્રસન્ન ચિત્તે મોટા આડંબર પૂર્વક ત્યાં જઈ શ્રી વીરને વંદન કરી યોગ્ય સ્થાને બેઠો.

પ્રભુ ગંભીર નાદે દેશના આપવા લાગ્યા : હે ભવ્ય લોકો ! ચારે ગતિમાં મનુષ્ય ગતિ ઉત્તમ છે. દેવો સતત–નિરંતર વિષયમાં આશક્ત હોય છે. તિર્યંચોને કોઈ પ્રકારનો વિવેક હોતો નથી. અને નારકી તો અતિ તીવ્ર વેદના નિરંતર અનુભવે છે. માટે હે ભવ્યજીવો ! ત્રણે લોકમાં—ચૌદે રાજભુવનમાં અતિ દુર્લભ એવા મનુષ્યપણાને પામી તમે ધર્મ કરો. ધર્મથી દેવની સમૃદ્ધિ અને આ લોકોમાં ભોગોપભોગ સાથે નિર્મળ કીર્તિ મળે છે. તે ધર્મનો મૂળ પાયો જીવદયા–અહિંસા છે. તે અહિંસા સમ્યક્ પ્રકારે પાળી અનંતા જીવો મુક્તિને પામ્યા, ભવિષ્યમાં પામશે અને વર્તમાન કાળમાં પણ પામે છે. રમ્ય સુખો, દિવ્ય સમૃદ્ધિ અને મનુષ્ય પણું પામવા માટે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. જો જન્મ જરા મરણથી બચવું હોય તો અહિંસા પાળો. જે જીવ પરજીવો પર કરુણા કરે છે તે **ભીમકુમાર** વત્ દેવોને પણ માનનીય થાય છે. તે સાંભળી નંદિનીપ્રિયે પૂછયું; હે ભગવન્ ! તે ભીમકુમારે શી રીતે જીવદયા પાળી અને શી રીતે તે દેવોને માનનીય થયો ? સ્વામી બોલ્યા; સાંભળઃ—

ભીમકુમારની કથાઃ—

આ ભરત ક્ષેત્રમાં પૃથ્વી રૂપી સરોવરમાં કમળ જેવું **કમળપુર** નામે નગર છે. ત્યાં **નરવાહન** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **મદનતી** નામની રાણી હતી. તેઓને મહાસત્વશાળી **ભીમકુમાર** નામનો એક પુત્ર હતો. એક દિવસ તે ક્રીડા કરવા વનમાં ગયો. ત્યાં એક વૃક્ષ નીચે કોઈ મુનિરાજને જોઇ તેમની પાસે ગયો. વંદન કરી તેમની સામે બેઠો. તેમની દેશના સાંભળી પ્રતિબોધ પામેલા ભીમકુમારે સમ્યક્ત્વમૂલ શ્રાવક ધર્મ સ્વીકાર્યો. પછી તે ઘેર આવી જિનભાષિત ધર્મને ઉત્તમ પ્રકારે આરાધવા લાગ્યો.

એક દિવસ કોઈ **કાપાલિક** ભીમકુમાર પાસે આવી પુષ્પ ફૂલ વિગેરે તેની સામે મૂકી બોલ્યો; હે કુમાર ! સત્પુરુષો કપરા સંયોગમાં પણ પર પ્રાર્થનાનો ભંગ કરતા નથી. મેં પૂર્વે બાર વર્ષ સુધી વિદ્યાની સેવા કરી છે. આ ચતુર્દશીએ વિદ્યા સાધવાની મારી ઇચ્છા છે તેથી મહોપકારી એવા તને હું પ્રાર્થના કરું છું કે તું મારો ઉત્તર-સાધક બન. તે સાંભળી પરોપકારમાં પ્રવિણ એવા કુમારે તેની વિનંતિ સ્વીકારી.

ચૌદસનો દિવસ પણ આવી પહોંચ્યો. પ્રધાન પુત્રના વારવા છતાં કુમાર કાપાલિક પાસે જવા એકાકી ઊપડ્યો. અને હાથમાં ઉઘાડી તલવારે સ્મશાનમાં આવી પહોંચ્યો. ત્યાં કાપાલિક મોટું માંડલું માંડી તેની મધ્યમાં બેસી પૂજન કરતો હતો. કુમારને જોઈ તે બહાર આવ્યો. અને કુમારની

કેશ–શિખા બાંધવા લાગ્યો. તેના દુષ્ટ ભાવ જાણી કુમાર બોલ્યો, હે કાપાલિક ! મારું બધું સત્ત્વ આ કેશશિખામાં જ છે. તું ચિંતા મૂકી તને જેમ ઠીક લાગે તેમ ત્વરાથી કર. મારી સમક્ષ દુષ્ટ વ્યંતર યક્ષ આદિ ઊભા રહેવા પણ સમર્થ નથી. તે સાંભળી કાપાલિક ચિંતવવા લાગ્યો, આ કુમાર મહા બલિષ્ઠ જણાય છે. આનું મસ્તક હું શી રીતે કાપીશ ? તેના વગર મારી કાર્ય સિદ્ધિ પણ અસંભવિત છે. ગમે તેમ હોય હું બલાત્કારે પણ તેનું મસ્તક ગ્રહણ કરીશ એમ વિચારી તે પોતાનું વિકરાળ સ્વરૂપ કરી હાથમાં છરી લઈ બોલ્યો, હે નાદાન ! અત્યારે તું તારા ઈષ્ટ દેવનું સ્મરણ કરી લે, કેમકે હમણાં હું તારું મસ્તક છેદી મારી વિદ્યા સાધવાનો છું. તે સાંભળી કુમાર હસીને બોલ્યો, હે મૂઢ કાપાલિક ! શિયાળ–જેવો તું સિંહ જેવા મારું મસ્તક શી રીતે ગ્રહણ કરીશ ? તે સાંભળી કોપેલો કાપાલિક કુમાર પર ધસ્યો, પરસ્પર ઘોર યુદ્ધ જામ્યું. કુમારે પોતાનું સઘળું બળ એકત્રિત કરી કાપાલિકના હૃદયમાં એક મુષ્ટિકા મારી તેથી તે પૃથ્વી પર પડ્યો. અને કુમાર તેની છાતી પર ચઢી બેઠો. કુમારે કાપાલિકને કણિકની જેમ ચુંદી નાખ્યો; પરંતુ કેવલ કરુણા આવવાથી જ તેનું મસ્તક કાપ્યું નહીં મારથી પીડાયેલો તે બરાડા પાડતો ઉછળ્યો અને કુમારને પકડી દડાની જેમ આકાશમાં ઉછાળ્યો. તે વખતે આકાશ માર્ગેથી જતી કોઈ દેવી તેના રૂપ લાવણ્ય પર આશક્ત થઈ તેને પોતાના આવાસમાં ઉપાડી લાવી અને આ પ્રમાણે બોલવા લાગી, હે સુંદર ! આ **વિંધ્યાચલ** નામનો પર્વત છે. આ અનેક પ્રકારના મણિ–માણિક્ય–રત્નથી વિભૂષિત મારો મહેલ છે. હું

કમળ જેવી નાજુક **કમળા** નામની **યક્ષિણી** છું, તારા મદભર યૌવન, રૂપ અને લાવણ્યથી મોહ પામી હું તને અહીં લાવી છું. તારા વિશાળ વક્ષસ્થળમાં મને તારી સુદૃઢ ભુજાઓ વડે સંતાડી તું મને ભોગવ. વિલંબ ન કર. ઓ મારા પ્રાણેશ ! હું મારી વ્યથા શી રીતે કહું ? હું કુસુમાયુધના બાણે વિંધાણી છું. તું મારા પર કૃપા કરી મારી વિનંતિ સ્વીકાર. મને આલિંગન કર.....

તે સાંભળતા કાને હાથ મૂકી કુમાર ચિંતવવા લાગ્યો, હું પ્રાણાંતે પણ વ્રત નહિ ખંડું. ભલે આ મારા પર રુષ્ટ થાય કે તુષ્ટ થાય, પણ ઘણા દિવસથી પાળીને પુષ્ટ કરેલા મારા વ્રતને હું પ્રાણાંતે પણ નહિ ખંડુ. એમ વિચારી તે બોલ્યો; હે સુંદરી ! સાંભળઃ—

વ્રત ભંગથી પ્રાણી સંસારમાં બહુ પરિભ્રમણ કરે છે, કામભોગ તો અનર્થની ખાણ જેવા છે, વળી તે મુક્તિસુખના શત્રુરૂપ છે. કહ્યું છે કેઃ—

न जातु कामः कामाना-मुपभोगेन शाम्यति ॥
हविषा कृष्णवर्त्मेव, भूया एव विवर्द्धते ॥ १ ॥

અર્થઃ—કામ ભોગવવાથી ઇચ્છા પૂર્ણ નથી થતી, પરંતુ અગ્નિમાં ઘીની પેઠે જેમ જેમ ભોગ ભોગવીએ તેમ તેમ વૃદ્ધિ જ પામે છે. વળી કહ્યું છે કેઃ—

सल्लं कामा विसं कामा कामा आसिविसोवमा ॥
कामेय पत्थमाणा य, अकामा जंति दुग्गइं ॥२॥

અર્થઃ—કામો શલ્યરૂપ છે, કામો વિષરૂપ છે અને કામો

સર્પના ઝેર જેવા છે. વળી કામની પ્રાર્થના કરનારા અને બહુ કામવાળા માનવો દુર્ગતિને પામે છે.

વળી હે દેવી! પતિવ્રતા સ્ત્રી પોતાના ચરિત્રોથી ગંગા નદીની જેમ પૃથ્વીને પાવન કરે છે, એટલું જ નહિ પણ અનુપમ ગુણવાળા પૃથ્વીના ભૂષણરૂપ પુત્રને ઉત્પન્ન કરે છે. કે જે પવિત્ર ચરિત્રવાળો પુત્ર આખા જગતનું રક્ષણ કરે છે. આવી સાધ્વી સ્ત્રી કોઈ પણ રીતે નિંદા કરવા યોગ્ય નથી; કિંતુ મહાપુરુષોને પણ વંદનીય છે. તે સાંભળી દેવી બોલી, હે કુમાર! અત્યારે મારો બધો વિવેક નાશ પામ્યો છે. અત્યારે તું મને સાક્ષાત્ કુસુમાયુધ કામદેવ દેખાય છે. તે સિવાય બીજું કાંઈ મને દેખાતું નથી. મારા સામું જો. મારું કમળ જેવું મુખારવિંદ, હસ્તિરાજની સ્પર્ધા કરે એવી મારી જાંઘો, ભરાઉ ઉન્નત અને ઘડાના જેવા ગોળાકૃતિના સ્તન યુગ્મ, સુડોળ અને કનક વરણું શરીર, વિશાળ અને અણીયાળ લોચનો મુક્તાની પંક્તિ જેવા સ્વચ્છ દાંત, અત્યંત કૃષ કટિભાગ, વળી શિયાળામાં ઉષ્ણ અને ઉનાળામાં શીતળ અંગો ધરાવનારી એવી હું, ભોગ વગર આ બધું નિરર્થક ગુમાવી બેસીશ, તને મારી જરાએ દયા નથી આવતી? આમ તે અનેક પ્રકારના ચેનચાળા અને અભિનયપૂર્વક અંગોપાગનું દિગ્દર્શન કરાવતી બોલી.

પછી કુમાર બોલ્યો, હે દેવી! સ્તનો જે માંસની ગાંઠો છે. તેને તું કનક કળશની ઉપમા આપે છે. મુખ જે શ્લેષ્મ લાળ વિગેરેનું મથક છે. તેને તું કમળ ચંદ્રાદિ સાથે સરખાવે છે. સ્રવતામૂત્રથી ભીની જાંઘોને હસ્તિરાજની સૂંઢની

સ્પર્ધા કરાવે છે, પણ હે કામિની! આ બધું વિનશ્વર છે. બધાની પછવાડે એકેક ભય પડ્યો છે. જો ભોગમાં રોગનો ભય, કુળમાં કુળભ્રષ્ટ થવાનો ભય, કુલીનતામાં લાંછનનો ભય ધનને રાજાનો ભય મૌનમાં દૈન્યનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં ઘડપણનો ભય, શાસ્ત્ર ભણવામાં વાદનો ભય, ગુણમાં ખલ પુરૂષોનો ભય અને શરીરને કાળનો ભય, એમ દુનિયાની દરેકે વસ્તુઓ માટે ભય રાખવો પડે છે. માત્ર વૈરાગ્ય જ નિર્ભય છે. માટે હે ભદ્રે! નિરંતર દુઃખ દેનારા ઇન્દ્રિયોના આ ગહન વિષયોથી તું પાછી ફરી શ્રેયના માર્ગ રૂપ અને અશેષ દુઃખને શાંતિ કરવામાં કુશળ એવા શાંત ભાવને એક ક્ષણવાર અંગીકાર કર અને જલતરંગ જેવી ચંચળ એવી તારી બુદ્ધિનો ત્યાગ કર. કુમારના આ વચનોએ તેના પર અજબ અસર કરી.

આ વચનો સાંભળી અત્યંત ખુશ થયેલી તે દેવી બોલી, હે કુમાર! તું ધન્ય છે. કૃતપુણ્ય છે. કેમકે નવયૌવનાવસ્થામાં પણ તેં તારા મનને જીત્યું છે. વશ કર્યું છે. હવેથી તું મારો ભાઈ છે, તેં મારું અવિવેક રૂપ અંધારું નષ્ટ કર્યું. એમ આલાપો ચાલે છે. એવામાં કયાંયથી મધુર ધ્વની સંભળાઈ. તે સાંભળી કુમાર બોલ્યો, હે દેવી! આ ધ્વની કયાંથી સંભળાય છે? દેવી બોલી: આ પર્વત પર કેટલાક જિનકલ્પી મુનિરાજો ચતુર્માસ રહ્યાં છે. આ ધ્વની તેઓનાં સ્વાધ્યાયની છે. તે સાંભળી કુમાર ત્યાં જઈ મુનિઓને વાંદી પૂછવા લાગ્યો, હે મુનિરાજ! તમે આ અટવીમાં શા માટે રહ્યા છો? મુનિ તેનો ઉત્તર આપે તે પહેલાં એક ભુજા ત્યાં આવી અને કુમારની તલવારને લઈ જવા લાગી. તે જોઈ કુમાર ત્વરાપૂર્વક તે ભુજા પર ચઢી બેઠો. ભુજા પણ કુમાર

સહિત આકાશ માર્ગે ઉડી. ક્રમે કરી તે કાલિકાદેવીના મંદિરે આવી. તે જોઈ કુમાર તે પરથી કૂદી એકાંતમાં સંતાઈ ગયો. ચૈત્યમાં સ્મશાનવાળા કાપાલિકને જોઈ કુમાર વિસ્મય પામ્યો. તે ભુજા યોગીના શરીરમાં પ્રવેશ કરી ગઈ. કુમાર વધારે સાવધાન થઈ સંતાઈ ગયો.

અહીં કાપાલિકે પહેલાં કોઈ સુંદર આકૃતિના પુરુષને પકડી રાખ્યો હતો. તેની શિખા પકડી કાપાલિક બોલ્યો, હે પુરુષ! અત્યારે તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી કોઈનું શરણ લે, હમણા હું આ શમશેરથી તારું મસ્તક છેદીશ. તે સાંભળી કુમાર બોલ્યો, મને દેવાધિદેવ વીતરાગનું અને ભીમકુમારનું પણ શરણ હોજો. કાપાલિક બોલ્યો, રે મૂર્ખ! તે કાયર ભીમકુમારનું શરણ તું શા માટે લે છે? તે તો મારાથી માર ખાઈ ક્યાંક ભાગી ગયો છે. તેણે પોતાના "ભીમ" એવા નામને પણ લજાડ્યું. તે સાંભળી ભીમકુમાર પ્રગટ થઈ બોલ્યો, અરે અધમયોગી! તું આને શા માટે મારે છે? તે સાંભળતાં જ કાપાલિક તે પુરુષને મૂકી ભીમકુમાર પર ધસ્યો, અને બન્નેનું પરસ્પર ઘોર જંગ જામ્યું. કુમાર યોગીનું ગળું પકડી તેને પૃથ્વી પર પછાડી તેની છાતી પર ચઢી બેઠો. પછી બોલ્યો, અરે અધમ! ચાંડાલ!! અત્યારે તો તું જ તારા ઇષ્ટ દેવને સ્મરી લે. કુમારની બહાદુરીથી ખુશ થયેલી કાલિકા પ્રત્યક્ષ થઈ બોલીઃ હે કુમાર! મારા ભક્ત એવા આ યોગીને મુક્ત કર. હું તારા પર પ્રસન્ન છું માટે વરદાન માંગ. ભીમ બોલ્યો, હે દેવી! જો તું મારા પર તુષ્ટ છે. તો તું પણ જીવદયા પાળ. કેમકે સર્વ જીવોને

પોતપોતાના પ્રાણ વહાલા હોય છે. જીવહિંસા મહાદુઃખદાયી છે. કહ્યું છે કેઃ—

सुखार्थे दुःख संघातं, मंगलार्थेऽप्यिमंगलं ॥
जीवितार्थे ध्रुवं मृत्युं, कृता हिंसा प्रयच्छति ॥ १ ॥

અર્થાઃ—સુખને અર્થે કરેલી હિંસા દુઃખનો સમૂહ આપે છે મંગળ માટે કરેલી હિંસા અપમંગળ આપે છે અને જીવિતને માટે કરેલી હિંસા નિશ્ચય મૃત્યુ આપે છે.

વળી "તું મરી જા" એમ કહ્યાથી પણ પ્રાણીને દુઃખ થાય છે તો પછી દારુણ પ્રહાર વડે પ્રાણી કેમ દુઃખી ન થાય? કુમારના વચન સાંભળી દેવી બોલી: હે કુમાર! હું આજથી જીવ વધ નહીં કરું, એવી પ્રતિજ્ઞા લઉં છું. એમ કહી દેવી અદૃશ્ય થઈ ગઈ.

અહીં કાપાલિકે મારવા આણેલા પુરુષને પોતાનો પ્રિય મિત્ર મંત્રીપુત્ર જાણી હર્ષિત થયેલો કુમાર તેને ભેટી પડ્યો, પછી પૂછવા લાગ્યો હે મિત્ર! જાણતા છતાં તું આ દુષ્ટના વશ શી રીતે આવ્યો? તે સાંભળી મંત્રીપુત્ર બોલ્યો, હે યુવરાજ! તમોને એકાએક ગુમ થયેલા જાણી રાજા રાણી પ્રમુખ સર્વ નગર નરનારી બહુ શોકાતુર થયા, પછી રાજાએ **કુળદેવી**નું આરાધન કર્યું. તેથી કુળ દેવી પ્રગટ થઈ બોલીઃ હે રાજન્! તું ચિંતા ન કર. થોડા દિવસમાં જ તારો પુત્ર મોટી સમૃદ્ધિ સાથે તને મળશે. જ્યારે હું લોકવાયકા સાંભળવા ઘર બહાર આવ્યો, ત્યારે આ દુષ્ટાત્મા મને ઉપાડી અહીં લાવ્યો છે. યોગી પણ કુમાર વચનથી બોધ પામ્યો,

તેણે અહિંસા સ્વીકારી. એવામાં ત્યાં કોઈ મહાગજેન્દ્ર આવ્યો અને કુમાર સાથે મંત્રીપુત્રને પણ સૂંઢથી ઉપાડી પીઠ પર બેસાડ્યો અને ઉંચે આકાશમાં ઉડ્યો. એક શૂન્ય નગરના દરવાજે બન્નેને મૂકી હાથી અદૃશ્ય થઈ ગયો.

મંત્રીપુત્રને નગર બહાર મૂકી કુમાર પોતે એકલો નગરમાં ગયો. ત્યાં તેણે એક વિચિત્ર પુરુષને જોયો. જેનું મસ્તક સિંહનું અને ધડ મનુષ્યનું હતું. તેણે કોઈ સુંદર આકૃતિના મનુષ્યને પોતાના મુખમાં ગ્રહ્યો હતો. તેના મુખમાં ફસાયેલો પુરુષ આક્રંદ કરતો તરફડતો હતો. તે જોઇ કરુણાળુ કુમાર બોલ્યો, હે નરસિંહ ! તું આ દીન મનુષ્યને મૂકી દે. નરસિંહ બોલ્યો, હે કુમાર ! હું બહુ વખતથી ભૂખ્યો છું, બહુ મુશ્કેલીથી મને આ ખોરાક મલ્યો છે. હું શી રીતે આને મૂકું ? કુમાર બોલ્યો, તું તો વૈક્રિય શરીર ધારી દેખાય છે. તો પછી શી રીતે આને ખાઈશ ? તે બોલ્યો, હે કુમાર ! તારું કહેવું સત્ય છે, પરંતુ આ મારો પૂર્વ ભવનો વૈરી છે. તેથી હું આને કોઈ હિસાબે જીવતો નહીં મૂકું. આને મારવાથી જ મારો કોપ શાંત થશે. ભીમ બોલ્યો, હે નરસિંહ ! આ જગતમાં કોઈ કોઇનો વૈરી નથી. પ્રાણીઓને સુખ દુઃખ નિજ કર્મથી જ પ્રાપ્ત થાય છે. આ વિશ્વમાં કોઈ પ્રાણી કોઇને સુખ યા દુઃખ આપવા સમર્થ નથી. માટે દીનહિન એવા આ પુરુષને તું મુક્ત કર. એમ કુમારે નરસિંહને અનેક પ્રકારે સમજાવ્યો પણ તે ન સમજ્યો. ત્યારે બળાત્કારે તે પુરુષને નરસિંહના મુખમાંથી ખેંચી કાઢ્યો. તે જોઈ નરસિંહનો પિત્તો ખસ્યો. તે લાલ આંખો કરી.

કુમાર પર ધસ્યો, પરસ્પર તેઓનું ઘોર યુદ્ધ જામ્યું. કુમારના પ્રહારથી પીડાયેલો નરસિંહ અદૃશ્ય થઈ ગયો. તે જોઈ પેલો સુંદર પુરુષ હર્ષમાં આવી તાળીઓ પાડવા લાગ્યો. તે પુરુષ સાથે કુમાર નિર્ભય થઈ આગળ ચાલ્યો. નિર્જન નગરને કૌતુક પૂર્વક નીહાળતા બન્ને રાજમંદિરે આવી પહોંચ્યા. કુમાર સુવર્ણ મણિ માણિક્યઆદિથી વિભૂષિત તે મહેલમાં ગયો. ત્યાં પુતળીઓએ તેના સ્વાગત સાથે ભક્તિ કરી એક જળ ભરેલો કળશ લાવી, બીજીએ તેના ચરણ પખાળ્યા, ત્રીજીએ કહ્યું, હે કુમાર ! તમે વિધિપૂર્વક સ્નાન કરો. ચોથીએ કહ્યું, હે કુમાર ! આ પુષ્પ ચંદનાદિ ગ્રહણ કરી જિનપૂજા કરો. પાંચમીએ કહ્યું, હે ભાગ્યશાળી ! તમે આ વસ્ત્રાભૂષણથી તમારા દિવ્ય શરીરને શણગારો. છઠ્ઠીએ કહ્યું, હે સાહસિક શિરોમણી ! તમે આ દિવ્ય ભોજનને ભોગવો. કુમારે તેઓના કહ્યા મુજબ બધું કર્યું. દિવ્ય વસ્ત્રાલંકારથી અલંકૃત ભીમકુમાર વિસ્મય પૂર્વક સર્વ નીહાળતો ઊભો રહ્યો. એવામાં કોઈ દેવ તેની સમક્ષ પ્રત્યક્ષ થઈ બોલ્યો, હે ભીમકુમાર ! હું તારા પર પ્રસન્ન છું. માટે તું વરદાન માગ. કુમાર બોલ્યો, હે દેવ ! મારે કાંઈ જોઈતું નથી પણ તું એ તો બતાવ કે આ નગર નિર્જન કેમ છે ? વળી; આ જડ પુતળીઓ સચેતન જેવી થઈ આ મહેલમાં કેમ રહે છે ? દેવ બોલ્યો, હે કુમાર ! સાંભળઃ—

આ નગરનું નામ **કનકપુર** છે. અહીંનો રાજા **કનકરથ** છે. તેને **સુદત્ત** નામનો પુરોહિત હતો. તે પરસ્ત્રી લંપટ અને નગર નિવાસીઓને ઉદ્વેગ કરનારો હતો. તે

દરરોજ નવનવી સ્ત્રીઓને ભોગવતો. એમ કરતાં એક દિવસ તેની સર્વ પોલ પકડાઈ–જાહેર થઇ. એક દિવસ કોઇ પુરુષે આ વાત રાજાને જણાવી, કે હે રાજન્ ! આપના પુરોહિત નિત્ય–નિરંતર પરસ્ત્રી ગમન કરે છે. રાજાએ આ વાતની પૂરતી તપાસ કરી. તેમાં પુરોહિતનો દોષ સાબિત થયો. તેથી રાજાએ તેને બહુ વિડંબના પમાડી મારી નાખ્યો. તે પુરોહિત મરી હું રાક્ષસ થયો. મેં જ નરસિંહ રૂપે આ નગરના રાજાને ભોઢામાં પકડ્યો હતો. મારા મુખમાંથી તારા વડે મુક્ત થયેલો આ પુરુષ અહીંનો અધિપતિ છે. તારી વીરતાથી તુષ્ટ થયેલા મેં જ આ પુતળીઓ પાસે તારી ભક્તિ કરાવી છે. વળી આ નગરીના સર્વ લોકોને પણ મેં જ અદૃશ્ય કર્યા છે.

પછી ભીમકુમારના કહેવાથી રાક્ષસે અદૃશ્ય કરેલા મનુષ્યોને પ્રત્યક્ષ કર્યા અને રાજાને સિંહાસનારૂઢ કર્યા. રાક્ષસ બોલ્યો, હે કુમાર ! અહીંના ઉદ્યાનમાં કેવળી ભગવંત સમોસર્યા છે. તે સાંભળી કુમાર, મંત્રીપુત્ર, કનકરથ અને રાક્ષસ એ ચારે કેવળીને વાંદવા ગયાં,–વિધિપૂર્વક વાંદી દેશના સાંભળવા બેઠા. એવામાં કોઇ ગજરાજ સૂઢ ઉછાળતો અને ગર્જના કરતો આવ્યો. તે જોઈ સર્વ સભા ક્ષોભ પામી, કેવળી બોલ્યા; હે મહાનુભવો ! શાંત ચિત્તે બેસો, ડરવાનું કાંઈ પ્રયોજન નથી. એવામાં તે ગજેન્દ્ર ભીમકુમાર પાસે આવી, પ્રસન્ન ચિત્તે ઊભો રહ્યો. કેવળી બોલ્યા, હે લોકો ! આ ગજેન્દ્ર રૂપધારી યક્ષ આ રાજાના પિતામહ (દાદા)નો જીવ છે. નિજ પૌત્રની રક્ષા માટે આ ભીમકુમારને તે અહીં ઉપાડી લાવ્યો હતો. રાક્ષસના મુખમાં સપડાયેલા આ રાજાને

ભીમકુમારે બહાદુરીથી બચાવ્યો. તેની બહાદુરીથી આ રાક્ષસ પણ બોધ પામ્યો છે. તે સાંભળી યક્ષ પોતાના મૂળરૂપમાં આવી બોલ્યો; ખરેખર, કેવળી પ્રભુનું કહેવું સત્ય છે. એવામાં મોટા આડંબરપૂર્વક કાલિકાદેવી ત્યાં આવી પ્રથમ ભીમકુમારને નમી. પછી કેવળી ભગવંતને વાંદ્યા. તે જોઈ વિસ્મય પામેલા રાજાએ કેવળીને પૂછ્યું; હે ભગવન્! આ દેવીએ પ્રથમ ભીમકુમારને શા માટે નમસ્કાર કર્યા! કેવળી બોલ્યા, હે રાજન્! આ ભીમકુમારે તેને યુક્તિથી પ્રતિબોધી જિનધર્માનુરાગી બનાવી છે. તેથી તે આ દેવીનો ધર્મગુરુ છે. માટે તેણે પહેલાં કુમારને પછી મને વંદન કર્યું. ત્યારબાદ યક્ષ બોલ્યો, હે કુમાર! તારા વિરહથી તારા માતપિતા અતિ દુઃખિત છે. માટે તું તારા નગરમાં ચાલ. એમ કહી યક્ષે એક દિવ્ય મહાવિમાન બનાવ્યું. પછી કુમાર, યક્ષ, દેવી, વિગેરે કેવળી ભગવંતને વાંદી વિમાન પર ચઢ્યા, અને દેવીએ કરેલા મોટા ઉત્સવપૂર્વક તેઓ કમલપુર નગરે આવી પહોંચ્યા. કુમાર માતપિતાને પગે લાગ્યો, નગરમાં ચોતરફ આનંદ આનંદ છવાઈ ગયો. શુભ મુહૂર્તે અને શુભ વાસરે નરવાહન રાજાએ ભીમકુમારને રાજ આપી ચારિત્ર ગ્રહણ કર્યું. અને ઘોર તપ કરી કર્મ ક્ષયે મોક્ષ પામ્યા.

ભીમકુમાર પણ લાંબાકાળ સુધી પુત્રની પેઠે પ્રજાને પાળી પુત્રને પોતાના પદે સ્થાપી પ્રવજ્યા પ્રાપ્ત કરી પૂર્વોપાર્જિત કર્મને બાળી અજરામર સ્થાનને પામ્યા.

॥ ઇતિ ભીમકુમાર કથા સમાપ્ત ॥

પ્રભુથી પ્રતિબોધ પામેલા નંદિનીપ્રિય શ્રાવકે પણ આનંદની જેમ ગૃહસ્થ વ્રત સ્વીકાર્યું. પોતાના જીવિતને સફળ ગણતો તે પ્રભુને વાંદી પોતાના ઘરે આવ્યો. પ્રભુ પણ અન્યત્ર વિહાર કરી ગયા. પોતાની ભાર્યા સાથે નંદિનીપ્રિયે ચૌદ વર્ષ સુધી સમ્યક્ પ્રકારે જિનધર્મ આરાધ્યો, પંદરમા વર્ષે તે ચિંતવવા લાગ્યો કે હજીસુધી મેં કુટુંબ ચિંતા જ કરી, માટે હવે મારે શ્રાવક પડિમા વહવી જોઈએ એમ વિચારી સ્વજન વર્ગને સંતોષી જ્યેષ્ઠ પુત્રને કુટુંબ ભાર સોંપી, પૌષધશાળામાં આવ્યો. જ્યણાપૂર્વક પ્રમાર્જી દર્ભનું આસન કરી તેણે વિધિપૂર્વક શ્રાદ્ધ પડિમા આરાધી. ઉપસર્ગ રહિત એવા નંદિનીપ્રિયે અનશનપૂર્વક વીર સ્મરણ કરતા શાંત કષાયે દેહ છોડયો. અને સૌધર્મકલ્પના અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો મહાસમૃદ્ધિશાળી દેવ થયો.

અહીં ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે "હે ભગવન્! ત્યાંથી ચ્યવી નંદિનીપ્રિય કયાં ઉત્પન્ન થશે?" પ્રભુ બોલ્યા, હે ગૌતમ! ત્યાંથી ચ્યવી તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે. એ પ્રમાણે સુધર્માસ્વામીએ નંદિનીપ્રિયનું ચરિત્ર કહ્યું.

ઈતિ વાચનાચાર્ય શ્રી રત્નલાભ ગણીના શિષ્ય
શ્રી રાજકીર્તિ ગણીની રચેલી
ગદ્યબંધ વર્ધમાન દેશનાનો
નંદિનીપ્રિય શ્રાવક પ્રતિબોધ
નામક નવમો ઉલ્લાસ
સમાપ્ત

ઉલ્લાસ દસમો

તેતલી પુત્રનું ચરિત્ર

હવે સમગ્ર સાધુ ગચ્છાધિપતિ શ્રી સુધર્માસ્વામી ચરમ કેવળી શ્રી જમ્બૂસ્વામીને ભવ્યજીવોના ઉદ્ધાર માટે **તેતલી-પુત્ર** શ્રાવકનું ચરિત્ર કહે છે :—

આ ભરતક્ષેત્રમાં **શ્રાવસ્તી** નામની નગરી છે. તે નગરમાં નિત્ય મહોત્સવો પ્રવર્તી રહ્યા હોવાથી સત્ યુગ અવતર્યો હોય એમ લાગતું. તે નગરનું નામ માત્ર પણ પ્રવાસીજનોને સંતોષ પમાડે છે, કેમકે ઉદાર એવા તે નગર નિવાસી અતિથિ–અભ્યાગતોની આગતા સ્વાગતામાં નિત્ય તત્પર રહે છે. તે નગરમાં જાણે મોટા મોટા પર્વતો ન હોય તેમ વિશેષ પ્રકારના ઉત્તુંગ દેવમંદિરો છે, જાણે સ્વર્ગનાં વિમાનોની હાર ન લાગી હોય! એવી મનોહર મહાલયોની પરંપરા લાગી છે. તે નગરમાં સ્ત્રી પુરુષો કેમ જાણે બૃહસ્પતિની જોડી ન હોય! એવા બુદ્ધિવાળા છે. તે નગરનાં સરોવરો કમળ, કલ્હાર અને કુમુદના પરાગથી તેમ સુવાસિત સ્વચ્છ જળથી છલોછલ છે. તે સરોવરો જાણે માન સરોવરની અપેક્ષા કરતા હોય તેમ જણાય છે! વળી તે નગરમાં **જિતશત્રુ** રાજા

રાજ્ય કરતો હતો. તે રાજાએ પોતાના પ્રચંડ બાહુદંડથી ઊભા કરેલા માંડવામાં રાજલક્ષ્મીને આણી રાખી હતી. રાજાનું મુખ દેદીપ્યમાન હતું, કેમકે " રાજલક્ષ્મી રાજાના મુખ સામે નિરંતર નેત્રકટાક્ષો ફેંકતી. **"યથા નામા તથા ગુણા :"** વાળો રાજા ઈન્દ્ર જેવો શોભતો હતો. વળી ત્યાં **તેતલીપુત્ર** નામનો સુપ્રસિદ્ધ ગાથાપતિ વસતો હતો. તેને **ફાલ્ગુના** નામની ભાર્યા હતી. તેના રૂપમાં સમસ્ત સ્ત્રીઓના રૂપની હદ આવી ગઈ હતી. તેનું વ્યવસાયમાં, વ્યાજમાં. અને ધરણીમાં નિધાનરૂપે ચાર ચાર ક્રોડ સુવર્ણ દ્રવ્ય હતું, ચાર ગોકુલ પણ તેને હતાં બીજી પણ તેને ઘણી ઋદ્ધિ હતી.

એક દિવસ અહિંસા અને પ્રેમના મહાદીપકથી વસુંધરાને પ્રકાશમય કરનાર વિશ્વવંદ્ય પરમાત્મા ચરમ શાસનાધિપતિ **શ્રી વર્ધમાનસ્વામી** સુખપૂર્વક વિચારતાં કનકકમલ પર કોમળ ચરણારવિંદને મૂકતા શ્રાવસ્તિ નગરના **કોષ્ટક** ચૈત્યમાં સમોસર્યા.

જિતશત્રુ રાજા–પ્રમુખ નગરજનો સમોસરણમાં ગયા. તેતલીપુત્ર પણ જિનાગમન સાંભળી હર્ષભર્યા હૈયે પ્રભુ પાસે આવ્યો, અને વિધિપૂર્વક વાંદી તેમની આગળ બેઠો. પ્રભુએ ભવ્ય જીવોને સંબોધીને, સર્વ પ્રાણીઓને સાધારણ એવી ભાષામાં દેશના આપી : ભો, ભો, ભવ્યલોકાઃ ! મનુષ્ય-ભવને મહા દુર્લભ જાણી દુર્ગતિ દાયક પ્રમાદને ત્યજો. આ લોકમાં અલૌકિક સુખ સુલભ છે, સ્વર્ગ આદિની સંપત્તિ સુલભ છે. પરંતુ એકાંત સુખદાયક જિન પ્રણિત ધર્મ અતિ દુર્લભ છે. ધર્મથી ઉત્તમકુળ, દિવ્ય રૂપ, સંપત્તિ કીર્તિનો

વિસ્તાર ઇત્યાદિ અનેક દિવ્ય સામગ્રી આવી મળે છે. માટે પ્રમાદ પ્રવર્જી પ્રયત્ન વડે ધર્મ આરાધો.

ધર્મનું મુખ્ય કારણ જ્ઞાન જાણી તેમાં આદર કરો. જ્ઞાનથી પુણ્ય, પાપ, ખાવા યોગ્ય, નહીં ખાવા યોગ્ય, પીવા યોગ્ય, નહીં પીવા યોગ્ય તેમજ આલોક, પરલોક, સ્વર્ગ અને મોક્ષ આદિ જાણી શકાય છે. જ્ઞાન જ દુર્ગતિના દુઃખનું દલન કરે છે, અને શિવસુખ મેળવી આપે છે. એવી રીતે જ્ઞાન એ સર્વ ગુણોનું સ્થાન છે. જ્ઞાન વડે પ્રાણીઓ **સાગરચંદ્ર**ની જેમ સર્વ સંપદા પામે છે. તે સાંભળી તેતલી પુત્રે પૂછ્યું, હે ભગવન્! તે સાગરચંદ્ર કોણ? જ્ઞાનવડે તેને શી સંપદા મળી? તે કૃપા કરી જણાવશો. પ્રભુ બોલ્યા, હે તેતલીપુત્ર! તું **સાગરચંદ્ર**ના મહા આશ્ચર્યકારી ચરિત્રને સાવધાન થઈ સાંભળઃ—

સાગરચંદ્રની કથા

આ ભરતક્ષેત્રના **મલયપુર**માં **અમિતચંદ્ર** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને બહુ સુંદર **ચંદ્રકળા** નામની પટ્ટરાણી હતી. તેમને **સાગરચંદ્ર** નામનો એક પુત્ર હતો. તે કુમારમાં જે ભુજબળ, બુદ્ધિ, વિદ્યા, સૌભાગ્ય આદિ ગુણો હતાં તે અન્યત્ર કોઇનામાં દેખાતા ન હતાં. તે કુમાર લીલા માત્રમાં મોટા ગજરાજોને વશ કરતો, મહાબળવાન પુરુષોને આકાશમાં ઉછાળી જમીન પર પછાડતો અને ભૂત પિશાચ આદિ વ્યંતરોને પણ ગુલામ બનાવતો.

એક દિવસ તે કુમાર નગરમાં લીલાપૂર્વક ફરતો હતો. તેવામાં તેણે કોઈ પુરુષને વાંસના અગ્ર ભાગ પર એક લેખ

લાઈ બેઠેલો જોયો. કુમાર તેની પાસે જઈ વિસ્મય પૂર્વક પૂછવા લાગ્યો, "હે પુરુષ! આ લેખમાં શું છે?" તે બોલ્યો, હે કુમાર! આ લેખમાં એક અપૂર્વ પ્રાકૃતશ્લોક છે. તેની કિંમત પાંચસો દિનાર (સોનામહોર) છે. કુમારે વિચાર્યું, "જરૂર આમાં કાંઈ જાણવા જેવું જણાય છે." એમ વિચારી કુમારે તેને પાંચસો દિનારો ગણી આપી; અને પ્રસન્ન થઈ ગાથા વાંચવા લાગ્યો. તે આ પ્રમાણે:—

अप्पच्छियं चिय होयइ दुहं तह सुहंपि जीवाणं ॥
तं चिय उवसमिउ धम्मे चिय कुणह पडिबंधं ॥ १ ॥

અર્થ:—નહીં ઈચ્છવા છતાં જીવોને સુખ અને દુઃખ શું નથી આવી મળતું? અર્થાત્ જીવની ઈચ્છા ન હોય તો પણ સુખદુઃખ અણબોલાવ્યા આવી મળે છે. માટે મોહને મૂકી ધર્મને વિષે પ્રતિબંધ કરો.

તે ગાથાનો અર્થ મનમાં ચિંતવતો સાગરચંદ્રકુમાર ક્રીડાર્થે ઉદ્યાનમાં જઈ વિવિધ ક્રીડા કરવા લાગ્યો, ક્રીડા કરતા એવા કુમારને કોઇ પુરુષે ઉપાડી સમુદ્રમાં નાખી દીધો, પરંતુ પૂર્વકૃત પુણ્યના યોગે તેને એક પાટિયું મળી ગયું. અનુક્રમે તણાતો કુમાર **અમરદ્વીપે** આવ્યો. શ્રીફળના જળથી શરીરનું મર્દન કરી તંદુરસ્ત થયો. ગાથાર્થની વિચારણામાં તે દુઃખને પણ નહીં ગણકારતો, પ્રાણાધારરૂપ ફળફૂલાદિનું ભક્ષણ કરી આગળ ચાલ્યો, દ્વીપમાં ભમતો કુમાર એક વનખંડમાં આવ્યો. ત્યાં તેણે કોઈ કન્યાનું રુદન સાંભળ્યું, તેથી કરુણાળુ કુમાર તે દિશાએ ચાલ્યો, કે જ્યાંથી રુદન સંભળાતું

હતું. બિલકુલ નજીક ગયા પછી તેણે જોયું કે, "કોઈ બાળા ગળામાં ફાંસો બાંધી મરવાની અણીએ આમ બોલતી હતી." કે આ ભવ-પરભવ બન્ને જન્મોએ મારો પતિ સાગરચંદ્ર જ થાઓ, તે સિવાય અન્ય પુરુષ મારે પિતા-ભ્રાતા તુલ્ય છે. તેના પ્રાણ પિંજર મૂકી ઊડવાની તૈયારી કરતા હતા. ત્યાં સાગરકુમાર તેનો પાશ છેદી તેને આશ્વાસન આપવા લાગ્યો. એવામાં કોઈ વિદ્યાધર ત્યાં આવી કુમારને કહેવા લાગ્યો, કે, "હે સત્પુરુષ! તમે આ કન્યાના જીવિતવ્યનું રક્ષણ કર્યું તેથી તમે અમારા મહાઉપકારી છો કુમારે પૂછયું, "હે વિદ્યાધિપતિ! આ કન્યા કોણ છે? આને આમ કરવાની ફરજ શા માટે પડી? ખેચર બોલ્યો કે "આ અમરદ્વીપમાં **અમરપુર** નામનું નગર છે. ત્યાં **ભુવનભાનુ** રાજા રાજ્ય કરે છે. તેને **ચંદ્રનંદના** નામની પટ્ટરાણી છે. તેની કુક્ષીથી ઉત્પન્ન થયેલી સકલ કલા કળાપમાં કુશળ કમળનયની **કમળમાળા** નામની આ રાજપુત્રી છે. એક દિવસ સાગરચંદ્રના બળ, બુદ્ધિ, વિદ્યા, ચાતુર્ય અને કળા કૌશલ્ય આદિ ગુણો સાંભળી આ કુંવરી તેના પર અનુરાગી થઈ. તે વખતે આ કુંવરીએ એવી પ્રતિજ્ઞા કરી કે, "આ ભવમાં મારો પતિ સાગરચંદ્ર થાઓ, અન્યથા હું કાષ્ઠ ભક્ષણ કરીશ.

આજે **સુરસેન** નામનો વિદ્યાધર આના રૂપલાવણ્યથી મોહ પામી આ કુંવરીનું હરણ કરી અહીં આવ્યો. હું આ કુંવરીનો **અમિતતેજ** નામનો મામો છું. કુંવરીનો વિલાપ સાંભળી હું અહીં આવ્યો. આ બનાવ જોઈ મને બહુ ક્રોધ ચઢયો, અને અમારા બન્નેનું પરસ્પર યુદ્ધ જામ્યું. હું તે

વિદ્યાધરને ખૂબ માર મારી ચોજનો દૂર મૂકી આવ્યો છું. આ કમળમાળા મારી ભાણેજ છે. આ વાત ચાલે છે એવામાં અમિતતેજ વિદ્યાધરની માતા **વિદ્યુત્લતા** પણ ત્યાં આવી પહોંચી. તે સાગરચંદ્રને જોઈ ઓળખી બોલી, હે પુત્ર! કહ્યું છે કેઃ—

कः कल्पपादपोरत्न-निधिः को वा सुधारसः ॥
अनंत फलदो लब्धो, योगः सत्पुरुषैर्यदि ॥ १ ॥

અર્થઃ યદિ અનંત ફળ આપનારા સત્પુરુષનો ચોગ થયો છે. તો પછી કલ્પવૃક્ષ, રત્નનિધિ એને સુધારસ શું ચીજ છે? અર્થાત્ સત્પુરુષનો ચોગ તે સર્વથી ઉત્તમ છે.

વળી, હે અમિતતેજ બેટા! નિશ્ચય આ મલયપુરનો યુવરાજ, અને ચંદ્રકળા રાણીનો લાડલો સાગરચંદ્ર છે. મેં આને નંદીશ્વરદ્વીપે જતાં જોયો હતો. તે સાંભળી કમળમાળાની રોમાવલી વિકસિત થઈ. તે પ્રમુદિત થઈ વિચારવા લાગી. અહો! આ જગતમાં પુણ્યનો પરિપાક કેવો છે? ક્યાં આ કુમાર અને ક્યાં હું? નિશ્ચય વિધિએ અનુકુળ સંચોગ કર્યો. અમિતતેજ રાજાએ મોટા આડંબરપૂર્વક કમળમાળાનું કુમાર સાથે લગ્ન કર્યું. રાજકુંવરી, કુંવરી મટી સૌભાગ્યવંતી બની, તેને બ્રાહ્મણો "અખંડ સૌભાગ્યવતી ભવ" એમ આશીર્વાદ આપવા લાગ્યા.

ત્યારપછી કુમાર ઉત્સવપૂર્વક અમરનગરે આવ્યો તેના શ્વસુરે પણ તેનો આડંબરપૂર્વક પ્રવેશ મહોત્સવ કર્યો. ત્યાં રહી કુમાર કમળમાળા સાથે સ્વેચ્છાએ વિષયસુખ સેવવા

લાગ્યો. એક દિવસ રાત્રિ સમયે સાગરચંદ્રકુમાર પોતાની પત્ની સાથે આરામથી સૂતો. પણ પ્રભાતે પોતાને એક મહાપર્વતના શિખર પર જોઈ વિસ્મય પામ્યો. તે વિચારવા લાગ્યો અહો ! કયાં મારો આવાસ ! કયાં મને નિરંતર રાજી રાખનારી કમળમાળા ! અને કયાં આ ભયંકર ગિરિશિખર ! ! ખરેખર, હું વિષમ વિપત્તિમાં આવી પડયો છું, એમ વિચારી તે ગાથાર્થ વિચારવા લાગ્યો. તેથી તેને ક્ષુધાપિપાસાનું દુઃખ પણ ન જણાયું.

ભયંકર અટવીમાં સિંહ જેમ નિર્ભય થઈ કુમાર ફરતો ફરતો અશોક વૃક્ષ નીચે કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા મુનિરાજ પાસે આવ્યો. વિવેકવંત કુમાર મુનિને વાંદી તેમની સામે બેઠો. મુનિએ પણ " ધર્મલાભ " આપ્યો. તેણે પૂછયું હે ભગવન્ ! પ્રાણીઓને સુખ શાથી મળે ? મુનિએ તેને યોગ્ય જાણી તેના હિતાર્થે જ ઉપદેશ આપ્યો કે " જિનધર્મ આદરવાથી પ્રાણીને સર્વ પ્રકારના સુખો વગર આમંત્રણે આવી મળે છે. ધર્મ વિના જીવને અર્થ અને કામ મળતા નથી. ધર્મરૂપી કલ્પવૃક્ષનું જે મૂળ તે સમ્યકત્વ કહેવાય. સમ્યકત્વ વિના આરાધેલો ધર્મ નિષ્ફળ થાય છે. જે જીવ દેવગુરુધર્મરૂપ ત્રણતત્ત્વોને સમ્યક્ પ્રકારે સદ્દહે, તેઓને ત્રિલોકનાથે સમકિત કહ્યું છે. રાગદ્વેષથી રહિત અઢાર દોષ રહિત યથાર્થ પદાર્થને સત્ય સમજાવનાર–કહેનાર ત્રૈલોકય પૂજનીય, અને સર્વજ્ઞ એવા દેવ જાણવા. પંચમહાવ્રત યુક્ત આઠ પ્રવચન માતાને પાળનાર, સર્વદા સમભાવવાળા, નિર્ગ્રંથ, ધર્મોપદેશમાં હરહંમેશ તત્પર, અને કષાયથી મુક્ત એવા ગુરુ જાણવા,

અને જે દુર્ગતિમાં પડતા જીવોનું રક્ષણ કરે–ઉદ્ધારે તે ધર્મ જાણવો. તે ધર્મ સુયમાદિ દશ ભેદે છે. એમ શ્રી સર્વજ્ઞોએ કહ્યું છે તે સાંભળી પ્રતિબોધ પામેલા કુમારે સભક્તિ ધારણ કર્યું. ન્યાં તે ફરી પ્રશ્ન પૂછવા જાય છે પણ.....અરે! આ શું મારા ધર્માચાર્ય કયાં ગયા! રાજાની વાત છે હમણાં તો મારી સામે જ બેઠા હતા. હશે... મહાપુરુષોનું ચરિત્ર આશ્ચર્યકારી હોય! તેને મારા જેવા મૂઢ કયાંથી જાણે? પરંતુ તેમનો મારા પર પરમ ઉપકાર છે એમ મનમાં ધર્મગુરુનો ઉપકાર માનતો કુમાર ઉભો થયો. ત્યાં અચાનક સમરવિજય કુમારે સેના સહિત તેના પર આક્રમણ કર્યું.

ચારે તરફથી સાગરચંદ્રકુમારને ઘેરી સેનાના નાયકે પોતાના સુભટોને કઠોર વચને કહ્યું; "હે, સુભટો! આ પાપીષ્ઠ કુમારને શીઘ્ર મારો. ખબરદાર, નાસવા ન પામે." તે સાંભળતાં છતાં કુમાર નિર્ભય થઈ ગાથાર્થ વિચારવા લાગ્યો, અને કોઈ સુભટનું શસ્ત્ર ઝૂંટવી તેઓની સાથે બહાદુરીથી સંગ્રામ કરવા લાગ્યો. ક્ષણમાત્રમાં તેણે કેટલાક યોદ્ધાઓને ધરણી પર હરહંમેશને માટે સૂવાડી દીધા, કેટલાક તો તેની પાસે પણ ન આવતાં, દૂરથી જ લડવાનો અભિનય કરતા. કુમાર એક કદમ વધતો તો તેઓ ચાર કદમ પાછા ખસી જતાં. વળી કેટલાક મરણીયા થઈ ઝઝૂમતાં પણ કુમારની શમશેરના ભોગ બની જતા. એકલા હાથે કુમારે કેટલાકને મારી નાખ્યા, કેટલાકને જખ્મી કર્યા. બાકી રહેલા બધા એવા ઊભી પૂછડીએ ભાગ્યા કે પાછું વાળી જોયું પણ નહીં. સમરવિજય

બોલ્યો; હે બહાદુરો! ઊભા રહો. કાયર ન બનો. રણભૂમિથી ભાગવું એ આપણા જેવા સિંહોનું નહિ પણ કાયરોનું કામ છે, પણ સાંભળો એ બીજા, એ તો જાય મા.....ર..... મા.....ર. તે જોઈ ક્રોધ પામેલો સમરવિજય સ્વયં યુદ્ધમાં ઊતર્યો, બન્ને કુમારો મદોન્મત ગજેન્દ્રની જેમ યુદ્ધ કરવા લાગ્યા. ક્ષણવાર તો જયશ્રી (વિજય–લક્ષ્મી)ને પણ સંશય ઉત્પન્ન થયો કે "હું કોને વરું?" ઘણ વાર લડ્યા પછી કુમારે સમરવિજય ને છળથી બાંધી લીધો. પાશથી બંધાયેલો સમરકુમાર રાંકની જેમ સાગરચંદ્રકુમારના પગે પડી ક્ષમા યાચવા લાગ્યો. સાગરચંદ્રને સમરવિજય પર દયા આવી તેથી તેને છોડી મૂક્યો.

એવામાં ત્યાં કોઈ અંગના આવી બોલી, હે કુમાર! સાંભળ કુશળવર્દ્ધન નગરમાં શ્રી કમળચંદ્ર નામનો રાજા રાજ્ય કરે છે. તેને અમરકાંતા નામની પત્ની સાથે સુખ ભોગવવાના ફળરૂપ જોનારના મનને તરત હરી લે એવી, મૃગનયની, ભુવનકાંતા નામની પુત્રી છે. તે જેમ રૂપ લાવણ્યથી ભરપૂર યૌવનથી અલમસ્ત છે. તેમ જિનધર્મના રંગે રંગાયેલી છે. કોઇના મુખથી તારા ગુણગાન સાંભળી તે સુકુમારીએ એવી પ્રતિજ્ઞા કરી છે. કે આ ભવમાં મારા પતિ સાગરચંદ્ર જ થાય. અન્ય સર્વ પુરુષો મારા સહોદર છે. એવી દૃઢ પ્રતિજ્ઞા કરી તે સુલોચની તારી રાહ જોતી રહેલી છે.

હવે સોલાપુર નગરમાં સુદર્શન નામનો રાજા રાજ્ય કરે છે જે તારાથી પરાજય પામ્યો, તે સમરવિજય નામે

તેનો પુત્ર છે, અને તારો શત્રુ છે. એક દિવસ સુદર્શન ભૂપતિએ સમરવિજય માટે કમલચંદ્ર પાસે ભુવનકાંતાની માગણી કરી, પરંતુ પુત્રીના જીવનની ચિંતા કરનાર કમલચંદ્ર નૃપતિએ ચોખ્ખી ના પાડી. તેથી તે સેના સહિત ગુપ્તપણે આવ્યો, અને મારી આંખની રોશની જેવી ભુવનકાંતાને ઉપાડી ચાલ્યો ગયો. હું તેની ધાવ મા છું. મોહવશથી હું તેની પછવાડે દોડતી દોડતી અહીં આવી, મારા પુણ્યયોગે તમને અહીં જોઈને ઓળખ્યાં. માટે કૃપા કરી આપ ભુવનકાંતાને તે મૂઢ પાસેથી છોડાવી આપની કાન્તા બનાવો. તે સાંભળી ભયભીત થયેલા સમરવિજયકુમારે તે કન્યા સાગરચંદ્રકુમારને સોંપી. અરે! સોંપીશું, પણ સોંપવી પડી.....

સાગરચંદ્રકુમારે પણ ભુવનકાંતાનું પાણિગ્રહણ કર્યું. અને પોતાના સસરાને મળવા માટે કુશલવર્દ્ધનપુર તરફ પ્રયાણ કર્યું, રસ્તામાં વીણા વેણુ મૃદંગાદિયુક્ત ગીતગાન સાંભળી કુમાર વિસ્મય પામ્યો. એટલું જ નહિ; પણ કન્યા યુગ્મ યુક્ત રથને મૂકી તે સંગીતની દિશાએ ચાલ્યો, આ નિર્જન વનમાં આવો સુરીલો સાદ અને મસ્ત મૃદંગાદિનો નાદ આવે છે કયાંથી ? એમ વિચારતો તે બહુ દૂર નીકળી ગયો. ત્યાં એક ગહન કાનન (વન) માં પહોંચેલા કુમારને સાત માળનો મનોહર મહેલ દેખાયો. તેણે નિશ્ચય કર્યો કે ગીત ધ્વની આ મહેલમાંથી જ આવે છે. આરસ પત્થરના પગથીયાં ચઢતો, મહેલની ચિતરામણ કોરામણ જોતો, ઓરડામાં રહેલી ભોગોપભોગની દિવ્ય સામગ્રી જોતો, અને અનેક પ્રકારના તર્ક વિતર્ક કરતો કુમાર મહેલના સાતમે માળે આવી પહોંચ્યો.

સંગેમરમરમય એ ભવ્ય ઓરડામાં મખમલી ઉંચા

અને મુલાયમ ગાલીચો પાથરેલો હતો, તેના ઉપર અતિ કોમળ તકીયાઓ ગોઠવેલા હતા. એક બાજુ લાઈન બંધ પાંચ પલંગ ઉત્તમ શય્યાથી શોભતાં પડ્યા હતાં. ચોતરફ ફૂલદાની મહેકી રહી હતી. દિવાલો પર અનેક પ્રકારના ચિત્રો ચીતરેલા હતાં. ધૂપદાનીમાં બળતા ધૂપથી આખો ઓરડો સુવાસથી છવાઈ ગયો હતો. તે શાનદાર ગાલીચા પર નવ-યૌવનથી નીતરતી નાજુક નમણી અને નાગ કન્યા જેવી પાંચ નારીઓ નાટારંભ કરતી હતી. તેમાંથી ચાર જણી બેસીને વીણા વેણુ મૃદંગ પ્રમુખ વાજિંત્ર તાલબંધ વગાડતી હતી. અને એક કમલાક્ષી કામિની કમળ મુદ્રાએ અભિનય પૂર્વક નૃત્ય કરતી હતી. તેના નૂપૂર ઠમકા સાથે ઝમઝમી રહ્યાં હતા. તેનો નિતંબ પ્રદેશ સુધી લંબાયેલો કેશકલાપ નાગ પુષ્પની વેણીથી દીપતો સજીવ સર્પ જેવો શોભતો હતો. સુવર્ણ મણિમય કટિમેખલા ઝણઝણી રહી હતી. વક્ષસ્થળ પર કસેલી નાની ચોળીમાં ન સમાયેલું તેનું નાભિ કમળ રોચક લાગતું હતું. બહુ ઝીણી અને ટપકાવાળી ઓઢણીમાંથી તેનું દિવ્ય શરીર ઝળકી રહ્યું હતું. તે મૃદુ સ્વરે ગાતી હતી. કન્યાને કોમળ અંગોપાંગ વાળવા પૂર્વક નૃત્ય કરતી અને નેત્રકટાક્ષ યુક્ત અભિનય કરતી જોતો કુમાર ઊભો હતો, તેવામાં તે કન્યાએ એ કુમારને જોઈ લીધો. જોતાની સાથે જ કન્યાઓ પોતપોતાનું કામ પડતું મૂકી કુમાર પાસે દોડી આવી. "ભલે પધાર્યા" એમ કહેતી તે સુંદરાંગનાઓ તેની આજુબાજુ ફરી વળી એકે કુમારનો હાથ પકડી ઉત્તમ આસન પર બેસાડ્યો અને પાંચે તેના પગ પાસે બેસી ગઈ. મૌનને ભાંગતો કુમાર બોલ્યો, હે પ્રમદાઓ !

તમે કોણ છો? અહીં એકલી કેમ રહો છો. તેઓ બોલી: હે સુંદર! તમે અમારું સ્વરૂપ સાંભળો.

વૈતાઢ્ય પર્વત ઉપર સર્વ ખેચરોના અધિપતિ સિંહનાદ નામે વિદ્યાધર રાજા રાજ્ય કરે છે. અમે પાંચે તેની કમલા, શ્રી, રંભા, વિમલા અને તારા નામની પુત્રીઓ છીએ. એક દિવસ અમારા જનકે કોઈ નૈમિત્તિકને પૂછ્યું કે "મારી આ પાંચે પુત્રીઓનો પતિ કોણ થશે? તે બોલ્યો, હે રાજન્! રંભા રામા અને તિલોત્તમા આદિ અપ્સરાઓના રૂપનો તિરસ્કાર કરે એવી રૂપ લક્ષ્મીવાળી આ કન્યાઓનો ભરથાર મલયપુર નરેશ અમિતચંદ્રનો પુત્ર સાગરચંદ્ર થશે. જો કે આપ ખેચર અને તે ભૂચર છે છતાં સંયોગ યોગ્ય જ છે. વળી આ કન્યાઓને સાગરચંદ્રકુમારનો સંગમ ઘોરઅંધકાર નામના વનખંડમાં થશે. તે સાંભળી સિંહનાદ રાજાએ તેને સંતોષી વિસર્જન કર્યો.

પછી અમારા પિતાએ ઘોરઅંધકાર નામના વનમાં આ સાત ભૂમિવાળો મહેલ તૈયાર કરાવ્યો. એમાં અમે સુખપૂર્વક સમય વીતાવતા તમારી રાહ જોતી રહી હતી. એવામાં તમોએ આવી અમારો જન્મ સફળ અને નૈમિત્તિકનું વચન સત્ય કર્યું. હવે હે નાથ! તમે અમારા પર કૃપા કરી અમારું પાણિગ્રહણ કરો, તે સાંભળી અતિ વિસ્મય પામેલા કુમારે ગાથાર્થ સ્મરી તેમનું પાણિગ્રહણ કર્યું. એવામાં તરત જ કન્યા સાથે ભુવન પણ અદૃશ્ય થઈ ગયું. અહો! આ શું કહેવાય! તે કામિનીઓ અને મહેલ એ બધું ક્યાં ગયું? શું મને મોહ કે ચિત્તભ્રમ થયું છે અથવા તો એ પ્રભાવ

કોઈ દેવનો દેખાય છે? પછી તે ગાથાર્થ વિચારતો ત્યાં આવ્યો, કે જ્યાં રથ સાથે ભુવનકાંતાને મૂકી હતી. ત્યાં પોતાની પત્નીને રથ સાથે ગુમ થયેલી જાણી તે બહુ વિષાદ-ખેદ પામ્યો. પણ ગાથાર્થના સહારે તે આગળ ચાલ્યો, માર્ગમાં તેણે ઉંચુ ભવ્ય અને ધ્વજપતાકા તોરણાદિથી મંડિત એક જિનાલય જોયું, બહાર સરોવરમાં સ્નાન કરી તેણે કમળ પુષ્પ તોડી રત્નમય જિનબિંબની પૂજા કરી-સ્તુતિ કરી.

જિનાલયની શોભા જોતો તે ઊભો હતો તેવામાં મંગલપુરીનો રાજા સુધર્મસેન આવ્યો. તે કુમારના પિતાનો પરમ મિત્ર હતો. જિનરાજને પૂજી પાછા વળતાં રાજાએ સાગરચંદ્રને જોઈ ઓળખ્યો પછી અતિ પ્રસન્ન થયેલા તેણે કુમારના ક્ષેમકુશળ પૂછ્યા. સુધર્મસેન સાથે તેની સ્વરૂપશાળી **સુંદરી** નામની કન્યા પણ જિનનમનાર્થે આવી હતી. તે કુમારને જોઇ ખૂબ ખુશ થઈ, કેમકે, "પૂર્વે તેને કોઈ નૈમિત્તિકે કહ્યું કે, "તારો પતિ સાગરચંદ્રકુમાર થશે." આ લોકો અહીં ઊભા છે એવામાં સિંહનાદ વિદ્યાધર પણ ત્યાં આવી પહોંચ્યો જિનપ્રતિમાને નમન કરી તેણે કુમારને સ્નેહપૂર્વક કહ્યું, હે વત્સ! બહુ સારું થયું કે મારા પુણ્યે તું અહીં સકુશળ આવી પહોંચ્યો, કુમારે પૂછ્યું, હે સ્વામિન્! તમે કોણ છો? હે વત્સ! હું સિંહનાદ નામે વિદ્યાધરાધિપતિ છું. મારી પાંચે કન્યાનું તેં પાણિગ્રહણ કર્યું છે તેથી હું તારો શ્વસુર છું. કુમાર બોલ્યો, કે મેં પરણેલી તે કન્યાઓ અને આવાસ એકાએક કેમ ગુમ થઈ ગયો? તે બોલ્યો હે વત્સ! સાંભળઃ- સમુદ્ર કિનારે અમિતતેજ

નામનો એક રાજા છે તેને કનકમાળા નામની રાણી છે તેના ઉદરથી જન્મેલા કમલ અને ઉત્પલાક્ષ નામે બે બળવાન કુંવરો છે. તેમાંથી કમલકુમાર તારી ભુવનકાંતા નામની સ્ત્રીનું રથસહિત હરણ હરી વૈતાઢય પર્વત પર ગયો છે. તે કન્યા પોતાના દૃઢ શિયળ યુક્ત ત્યાં રહેલી છે. વળી તે ઉત્પલાક્ષ કુમારે તે પાંચે કન્યાનું હરણ કરી મહેલને અદૃશ્ય કર્યો અને તને પૃથ્વી પર મૂકયો. મેં વિદ્યા બળથી તેનું સ્વરૂપ જાણી દુષ્ટ ઉત્પલાક્ષને મારી નાંખ્યો, અને મારી પાંચે કન્યાને હું મારા રાજ્યમાં મૂકી અહીં આવ્યો છું. તે સાંભળી ક્રોધ પામેલો કુમાર બોલ્યો, હે તાત ! તમે બહુ ઉત્તમ કાર્ય કર્યું, હવે મને જલદી વૈતાઢયે પહોંચાડો. તેથી હું દુષ્ટ કમળને મારી, મારી પ્રિયાને સ્વાધિન કરું. સુધર્મસેન રાજા બોલ્યો, અરે કુમાર ! તું જાય તો ભલે જા, પણ મને તો ચિંતાથી મુક્ત કરતો જા એમ કહી કુમારને સુંદરીનું ત્યાં જ પાણિગ્રહણ કરાવ્યું. સિંહનાદવિદ્યાધરેન્દ્ર સુંદરી યુક્ત સાગરચંદ્રકુમારને પોતાના નગરમાં લાવ્યો અને પાંચે પુત્રીઓ **મહતાડમ્બર** પૂર્વક પરણાવી અને કુમારને બહુ રૂપ કારિણી પ્રમુખ ઘણી વિદ્યિઓ આપી–શીખવાડી. એવી રીતે વિદ્યા અને બળથી યુક્ત કુમાર પોતાની પ્રિયા ભુવનકાન્તાને લેવા ઉપડયો.

કમલકુમારના પિતા અમિતતેજ–વિદ્યાધરને આ વાતની ખબર પડવાથી તે ભુવનકાંતાને લઈ સાગરચંદ્રકુમારના સામે આવ્યો. સાગરચંદ્રકુમારને ભુવનકાંતા સોંપી તેણે પોતાના પુત્રે કરેલા અપરાધની ક્ષમા યાચી. ઉદાર દીલ કુમારે તેને ક્ષમા આપી. વળી અમિત તેજ વિદ્યાધરે અમર દ્વીપના અમરપુરમાં

રહેલી કુમારિની પ્રથમ પત્ની કમલમાળાને ત્યાં લાવી આપી. પછી કુમાર પોતાની બન્ને પત્ની સાથે વૈતાઢ્ય પર્વત ઉપરનુ આવેલા વિમલપુરમાં આવ્યો. ત્યાં તેની છએ પત્નીઓ રાહ જોતી બેઠી હતી. પોતાના પતિ સાથે પત્નીઓને જોઈ તેઓને બહુ આનંદ થયો. આઠે દિશાઓમાં રહેલી સ્ત્રીઓના રૂપ સૌંદર્યની પ્રતિમા જેવી આઠ પત્નીઓ સાથે અનેક પ્રકારની ક્રીડા સાથે સ્વેચ્છાએ ભોગો ભોગવતા કુમારે એક દિવસ વિદ્યાધર પાસેથી જવાની રજા લીધી વિદ્યાધરે તુરત એક મોટું વિમાન બનાવી આપ્યું. મહા સમૃદ્ધિથી ભરપૂર દિવ્ય વિમાનમાં રંગ બેરંગી વસ્ત્રાભૂષણથી સોળે શણગાર સજેલી પોતાની આઠે પત્નીઓ સાથે કુમાર અનેક બેચરોથી વિંટળાઈને બેઠો. ઉંચે આકાશમાં ઉડતું વિમાન અનુક્રમે મલયપુર નગરના ઉદ્યાનમાં આવી ઊતર્યું. એવી રીતે મહાસમૃદ્ધિ યુક્ત પોતાના પુત્રને આવેલો જાણી અત્યંત ખુશ થયેલા અમિતચંદ્ર નૃપતિએ મહોત્સવોત્સાહ પૂર્વક સાગરચંદ્રનો પ્રવેશ કરાવ્યો. પ્રથમ માતા પિતાને પગે પડી સાગરચંદ્ર પોતાના આવાસમાં ગયો. ગુમ થયેલા યુવરાજ મોટી સમૃદ્ધિ સાથે પાછા આવ્યા, એ ખુશીમાં કેટલાક દિવસ તો નગરમાં ઉત્સવો ચાલ્યા જ કર્યા. અહીં સાગરચંદ્રકુમાર પોતાના આવાસમાં આઠે સ્ત્રીઓને સંતોષતો તેઓની સાથે અનેક પ્રકારે વિષયસુખ ભોગવતો રહેવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનમાં **ભુવનાનંદ** નામના કેવળી ભગવંત સમોસર્યા. તે સાંભળી રાજાએ પુત્ર પરિવાર સાથે ત્યાં આવી વિધિપૂર્વક વંદના કરી યોગ્યસ્થાને બેઠો.

દેશના સાંભળ્યા પછી રાજાએ પૂછયું, હે ભગવન્! આ મારા પુત્ર સાગરચંદ્રને કોણે હર્યો હતો? કેવળી બોલ્યા; હે રાજન્! તું તારા આ પુત્રનું ચરિત્ર સાંભળઃ—

મહાવિદેહ ક્ષેત્રમાં બે વણિકપુત્ર વસતા હતા. તે બન્ને ભાઈ જેમ ધનવાન, ગુણવાન અને વિવેકવાન હતા તેમ વિષયમાં પ્રીતિવાળા પણ હતા. તેમાં મોટાભાઈની વહુ પોતાના પતિ પર બહુ સ્નેહ રાખતી હતી. તે વ્રત–નિયમ ધર્મકર્મ આદિ પણ કરતી હતી.

એક દિવસ મોટોભાઈ પરદેશ ગયો અહીં નાનો ભાઈ પોતાની ભોજાઈને મશ્કરીમાં કહેવા લાગ્યો, હે ભાભી! મારા ભાઈને રસ્તામાં ચોરોએ મારી નાંખ્યો. હાય! હાય!! મારો સહારો છૂટી ગયો. હવે મને કોનો સહારો એમ બોલતો તે દુઃખિના અભિનય કરવા લાગ્યો. તે સાંભળી અતિ શોકાતુર તેની ભાભી તત્કાળ મૃત્યુ પામી. લઘુ ભાઈને બહુ પશ્ચાતાપ થયો. દુઃખના દરિયામાં ડૂબેલો તે વિચારવા લાગ્યો, અરેરે! મેં આ અનુચિત કાર્ય કર્યું. "હસવામાંથી ખસવું થઈ ગયું." પછી ભાભીની મૃત્યુક્રિયા કરી તે દુઃખમાં દિવસો કાઢવા લાગ્યો. એવામાં એક દિવસ તેનો મોટોભાઈ પરદેશથી પાછો આવ્યો. પોતાની પ્રિયાનું વૃત્તાંત જાણી તે નાનાભાઈ પર ક્રોધે ભરાયો. નાનાભાઈએ ક્ષમા માગી છતાં તેનો ક્રોધરૂપી અગ્નિ મંદ ન પડ્યો. સંસાર પર વૈરાગ્ય આવવાથી તેણે તાપસી દીક્ષા લીધી અને ઘોર અજ્ઞાનતપ કરી મૃત્યુ પામી તે ક્રોધકલુષિતાત્મા અસુરકુમાર નિકાયમાં દેવ થયો. અહીં લઘુભાઈએ પણ જિનપ્રણિત ધર્મ સાંભળી વૈરાગ્ય વાસિત

હૃદયે સુગુરુ પાસે દીક્ષા લીધી. શુદ્ધ ભાવપૂર્વક પ્રવજ્યા પાળતા એવા તે મુનિને તેના મોટાભાઈ (જે અજ્ઞાન તપ કરી અસુરકુમારમાં દેવ થયો હતો) એ પૂર્વ ભવનું વૃત્તાંત જાણી શિલા પર પછાડી મારી નાખ્યા. તે મુનિ શુભભાવે મરીને પ્રાણતકલ્પમાં દેવ થયા. તે અસુરકુમાર પણ ત્યાંથી ચ્યવી કેટલા ભવ કરી ફરી અસુરકુમાર થયો. હે રાજન્! લઘુભાઈ પ્રાણતકલ્પથી ચ્યવી તારો પુત્ર સાગરચંદ્ર થયો. પૂર્વભવનું વેર જાણી અસુરકુમારે તારા પુત્રને સમુદ્રમાં ફેંકયો. પૂર્વકૃત પુણ્યવશાત્ તે કાષ્ઠના સહારે તણાતો કિનારે પહોંચ્યો અને ઘણી સમૃદ્ધિ સાથે તારા રાજ્યમાં પાછો આવ્યો. હે રાજન્! તે અસુરકુમાર તારા પુત્રને હજી ઉપસર્ગ કરશે અને તે આનાથી પ્રતિબોધ પણ પામશે. પોતાનો પૂર્વભવ સાંભળી સાગરચંદ્ર કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. વૈરાગ્ય પામવાથી તેણે પોતાના પુત્રને રાજ્યાસનારૂઢ કરી મોટા આડંબર પૂર્વક માતાપિતા સાથે દીક્ષા લીધી. હવે તે સાગરચંદ્ર મુનિ વિચારવા લાગ્યા, અહો! એક જ ગાથાના ચિંતનથી તે મને આટલી બધી સુખાકારી થઈ માટે મારે આદરપૂર્વક સર્વશાસ્ત્રાભ્યાસ કરવો જોઈએ.....કરવો જોઈએ શું? કરીશ. એમ વિચારી તેઓ પ્રમાદ રહિતપણે શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા, અને અનુક્રમે ચૌદ પૂર્વધર થયા. તેમના ગુરુએ તેમને યોગ્ય જાણી આચાર્ય પદે સ્થાપ્યા. અનેક જીવોને પ્રતિબોધી અંત સમયે તેઓએ અનશન લીધું.

અહીં અસુરકુમારે પૂર્વનું વેર સંભાળી ભયંકર પક્ષીનું રૂપ લીધું, અને ચાંચ તેમજ પંજાથી તેણે મુનિનું શરીર છિદ્રમય કરી નાખ્યું. મુનિરાજને સ્થિર જોઈ તેણે સિંહ હાથી વિગેરેનું રૂપ લઈ બહુ કદર્થના કરી, પરંતુ તે મહાત્મા

મનમાં પણ ક્ષોભ ન પામ્યા. મુનિવેશમાં રહેલા એ મહાત્માનું શાંત મુખારવિંદ જોઈ તે અસુરકુમાર પ્રતિબોધ પામ્યો અને પોતાના અપરાધની ક્ષમા યાચી. તેણે ત્યાં જ મહોત્સવ કર્યો. પછી પોતાના સ્થાનકે ગયો. અહીં સાગરચંદ્ર મુનિ કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન ઉપાર્જી શાશ્વત સ્થાન મોક્ષને પામ્યા અને શ્રી અમિતચંદ્ર પ્રમુખ સર્વ સાધુ સાધ્વી સમુદાય સુર લોકમાં ગયા.

પ્રભુ ભવ્યોને સંબોધી બોલે છે, હે ભવ્યલોકો ! જેમ સાગરચંદ્ર કુમારે જ્ઞાનથી દુઃખરૂપ સમુદ્રનો પાર પામી દિવ્ય સમૃદ્ધિ મેળવી તેમ તમે પણ સર્વ સંપત્તિનું કારણ જ્ઞાન જાણી તે વિષયમાં આદર કરો.

॥ ઇતિ સાગરચંદ્રની કથા સમાપ્ત ॥

પ્રભુથી પ્રતિબોધ પામેલા તેતલીપુત્ર શ્રાવકે આણંદની જેમ શ્રાવકધર્મ સ્વીકાર્યો. પ્રભુને કેટલાક પ્રશ્નો પૂછી નવતત્ત્વોને જાણી પ્રભુને વાંદી તે પોતાને ધન્ય માનતો ઘેર આવ્યો. અને કુટુંબ સહિત વિશુદ્ધ ભાવે જિનધર્મ આરાધવા લાગ્યો.

પંદરમા વર્ષે વિચારવા લાગ્યો કે મેં દીનહિન અને દુઃખી માણસોનો ઉદ્ધાર કર્યો. કુટુંબ અને બાંધવોનું પોષણ કર્યું. માટે હવે મારે શ્રાવક પડિમા આરાધી મારું શ્રેય સાધવું જોઇએ. એમ વિચારી મોટા પુત્રને કુટુંબ ભાર સોંપી પોતે પૌષધશાળામાં આવ્યો. રૂડી પેઠે પ્રમાર્જના કરી દર્ભાસને બેઠો અને આણંદની જેમ અગિયાર પડિમા આરાધવા લાગ્યો. અતિ તીવ્ર તપસ્યાથી ક્ષીણ શરીરવાળા તેતલીપુત્રે સંલેખના કરી અનશન લીધું. સર્વ જીવ રાશિને ખમાવી. શુભ ધ્યાન ધ્યાતા અને પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતાં તે

સુશ્રાવકના આત્માએ સ્થાન ગ્રહણ્યું. તે સૌધર્મ દેવલોકના અરુણાભ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. તે સાંભળી ગૌતમ સ્વામીએ પૂછ્યું, હે ભગવન્ ! ત્યાંથી ચ્યવી તે કયાં જન્મશે ? ભદંત બોલ્યા, હે ગૌતમ ! તે ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પ્રાપ્ત કરી કર્મની ગાંઠડીને છેદી અજરામર મોક્ષ પદને પામશે.

આ આણંદ આદિ દશ શ્રાવકો શ્રી વીર જિનેંદ્રના શાસનમાં કહ્યા છે. તેઓ સુરાસુર નર તિર્યંચોના અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગોથી પણ ક્ષોભ પામ્યા નથી. તેમજ સમ્યક્ત્વમાં દૃઢ રહ્યા છે. વીસ વર્ષ સુધી જિનધર્મ પાળી સર્વે પ્રથમ દેવલોકમાં દેવ થયા છે. ત્યાંથી ચ્યવી મનુષ્યપણે જન્મી કર્મ બંધનો છેદ કરી અજરામર પદ મોક્ષને પામશે.

સુધર્માસ્વામીના મુખથી દસે શ્રાવકોના ચરિત્રને સાંભળી સમભાવભાવી આત્મા ચરમ કેવળી શ્રી જમ્બૂસ્વામી ધર્મ પરાયણ થયા.

ઈતિ શ્રી બૃહત્ ખરતર ગચ્છના આચાર્ય શ્રીમદ્ જિનભદ્રસૂરિના અંતેવાસી વાચનાચાર્ય શ્રી પદ્મમેરુ ગણી– તેમના શિષ્ય શ્રીમતિવર્દ્ધન ગણી તેમના શિષ્ય શ્રી મેરુતિલક ગણી તેમના શિષ્ય શ્રી દયાકુશળ ગણી તેમના શિષ્ય શ્રી અમરમાણિક્ય ગણી, તેમના શિષ્ય શ્રી ક્ષમારંગ ગણી, તેમના શિષ્ય શ્રી રત્નલાભ ગણી તેમના શિષ્ય શ્રી રાજકીર્તિ ગણીએ રચેલી ગદ્યબંધ વર્ધમાન દેશનાનો તેતલીપુત્ર શ્રાવક પ્રતિબોધ નામક દસમો ઉલ્લાસ સમાપ્ત.

શ્રી વર્ધમાન દેશના ભાષાંતર સમાપ્ત

લાયબ્રેરીમાં શોભે તેવાં પ્રકાશનો

વેરનો વિપાક	૨–૮	શીલની આદર્શ કથા	૪–૦
વસ્તુપાલનું વિદ્યામંડળ	૨–૦	મેવાડના અણમોલ જવાહિર	૬–૦
વ્યાપાર કૌશલ્ય	૨–૮	અભયકુમાર	૩–૦
ક્ષમાશ્રમણ	૧–૮	આર્દ્રકુમાર	૩–૦
પ્રતાપી પૂર્વજો	૨–૦	બહેાત ગઈ થેાડી રહી ભા. ૧–૨	૬–૦
વિક્રમચરિત્ર	૫–૦	માનવપૂજા	૩–૦
સોળ સતી	૨–૦	મયણાસુંદરી	૩–૦
અવંતીપતિ વિક્રમાદિત્ય	૦–૧૦	જીવનપ્રવાહ	૩–૦
ભગવાન આદિનાથ	૨–૮	કયવન્ના શેઠનું સૌભાગ્ય	૩–૪
જયવિજયકથા સચિત્ર	૦–૮	જગડુશાહ	૩–૦
હરિબલકથા સચિત્ર	૦–૮	મહિયારણ	૩–૦
હંસરાજાની કથા	૦–૬	ચંદનબાળા	૩–૦
પાટમદે	૪–૦	એકદંડિયેા મહેલ	૩–૪
આબૂની ભીતરમાં	૩–૦	કુમારપાળ ભા. ૧	૩–૦
મહામંત્રી શકટાલ	૪–૮	કુમારપાળ ભા. ૨	૩–૮
દેવકુમાર	૩–૦	કુશવધ	૩–૦
પુરુષાર્થ	૪–૦	શાલિભદ્ર	૪–૦
ડગમગતું સિંહાસન	૪–૦	ગરીબનું ગૌરવ	૪–૦
સુભદ્રાદેવી	૪–૦	સતીરત્ન કથાસંગ્રહ	૪–૦
પવિત્રતામાં પ્રભુતા	૫–૦		

ઉપરનાં પુસ્તકોમાંથી રૂા. ૫૦) નાં પુસ્તકો મંગાવનારને ૨૫ ટકા કમીશન મળશે. અન્ય માટે મોટું સૂચિપત્ર મંગાવો.

લખો

જસવંતલાલ ગીરધરલાલ શાહ

૧૨૩૮ · ફૂલ્યા સુરચંદની પોળ · અમદાવાદ

પ્રભુ · દીપક પ્રિન્ટરી · અમદાવાદ